Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વિવિધ ગ્રંથમાળા" વર્ષ ૩૦ મું, સં. ૧૯૯૭ અંક ૩૪૫ થી ૩૪૬

आयुर्वेद निबंधमाळा

भाग २ जो–(चालु)

લેખક–સ્વ૦ શાહ તિલકચંદ તારાચંદ વૈદ્ય–સુરત

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशकः भिक्षु अखंडानंद
अमदावाद अने मुंबई–२

आवृत्ति चोथी, पृष्ठ ४१६, संवत १९९७, प्रत ५५००
मूल्य रुपियो सवा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *

पुस्तक-संख्या ५५ग/१९ख

पंजिका-संख्या १८६४९

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिए पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CHECKED 1973 Initial

पुस्तकालय
गुरुकुल कांगड़ी

श्री

"विविध ग्रंथमाळा" वर्ष ३० मुं, सं. १९९७ अंक ३४५ थी ३४६

आयुर्वेद निबंधमाळा

भाग २ जो–(चालु)

लेखक–स्व० शाह तिलकचंद तारायंद वैद्य–सुरत

२२ ग/१७(व)

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशकः भिक्षु अखंडानंद
अमदावाद अने मुंबई–२

१८६४
१९.७.५

आवृत्ति चोथी, पृष्ठ ४१६, संवत १९९७, प्रत ५५००
मूल्य रूपियो सवा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नो वैद्यो मनुजस्य सौख्यमथवा दुःखं च दातुं क्षमो।
जन्तोः कर्मविपाक एव भुवने सौख्याय दुःखाय च॥
तस्मान्मानव दुःखकारण रुजां नाशस्य चात्र क्षमो।
वैद्यो बुद्धि निदान धाम चतुरोनाम्नैव वैद्योऽपरः॥

અર્થાત્ વૈદ્ય કંઈ માણસને સુખ કે દુઃખ આપી શકતો નથી. એ તો પ્રાણીના કર્મફળ પ્રમાણે જ આ લોકમાં સુખ અને દુઃખ મળે છે. આથી મનુષ્ય જ દુઃખનું કારણ છે અને તે જ રોગને નાશ કરી શકે છે. વૈદ્ય, બુદ્ધિ, નિદાન અને ધામ એ ચાર મળીને જ ખરો વૈદ્ય કહેવાય છે.

અગત્યની સૂચના

આ ગ્રંથનાં કુલ પૃષ્ઠ ૧૧૫૨ હોઈ તે એક પુસ્તકરૂપે બાંધવાથી મોટો દળદાર ગ્રંથ થઈ જાય. તેથી શરૂનાં પૃષ્ઠ ૭૦૪ નો "આયુર્વેદ નિબંધમાળા ભાગ ૧ લો તથા ૨ જો" એ ગ્રંથરૂપે અપાઇ, બાકીનાં પૃષ્ઠ આમાં અપાયાં છે. અને બંને ગ્રંથો એકસાથે લેનારને તેના છૂટક મૂલ્ય પ્રમાણે થતા રૂપિયા સાડાત્રણને બદલે **માત્ર રૂપિયા ત્રણમાં** મળશે.

"સરતુ સાહિત્ય મુદ્રણાલય" રાયખડ–અમદાવાદમાં
–ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



प्रकाशकनुं निवेदन

" विविध ग्रंथमाळा " संवत १९९७ना त्रीसमा वर्षना सळंग अंक ३४४ थी ३४७ रूपे आ " आयुर्वेद निबंधमाळा भाग २ जो– (चालु) " प्रसिद्ध थाय छे.

आ ग्रंथना लेखक स्वर्गस्थ शाह तिलकचंद ताराचंद तरफथी " आयुर्वेद निबंधमाळा भाग १ लो तथा भाग २ जो " बन्ने भागो जुदा जुदा पुस्तकरूपे प्रसिद्ध थयेला. तेमनी हयाती पछी पण तेनी बे आवृत्तिओ सुरतमांथी बे रीते प्रसिद्ध थयेली छे.

अत्र तरफथी तेनी आ चोथी आवृत्ति प्रसिद्ध थाय छे. तेना बंने भागो एक पुस्तकरूपे प्रसिद्ध करवाना विचारथी छापवा शरू करेला; परंतु एथी ग्रंथनुं कद घणुं वधी जतुं हतुं अने बीजी बाजु भाग १ ला नुं कद बहु नानुं थतुं हतुं, तेथी बीजा भागमांना शरूना १४ निबंधो भाग १लानी साथे उमेरी लेवाया अने ते ग्रंथ " आयुर्वेद निबंधमाळा भाग १ लो तथा २ जो " रूपे प्रसिद्ध थयो छे. ते पछी बीजा भागमांना बाकी रहेला १६ निबंधो तथा परिशिष्ट आ ग्रंथमां अपायां छे. आ बंने ग्रंथो एक साथे लेनारने तेना छूटक मूल्य प्रमाणे थता रूपिया ७॥ ने बदले मात्र ७) मां अपाशे.

आमां शूळरोग, गुल्मरोगने उदावर्तरोग, मूत्रकृच्छ, मूत्रघात, अशमरी, प्रमेहरोग, उदररोग, शोचरोग, अंडवृद्धि, गलगंड, गंडमाळ, ग्रंथि, अर्बुद, भगंदर, शितपित्त, शुक्रदोष, उपदंश नेत्ररोग,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખરોગ, સ્ત્રીરોગો ઇત્યાદિની સમજૂત તથા તેના ઉપાયો અને ધાતુ ઉપધાતુઓનું શોધન ઇત્યાદિ આપ્યું છે. તે સર્વ રોગો ઉપર સ્વર્ગસ્થ લેખકે જાતે અજમાવેલા, અનુભવેલા, આયુર્વેદમાં લખેલા તથા તેમણે નવા શોધેલા અને ગુરુપરંપરાથી મળેલા ઉપાયો પણ આપ્યા છે. એ સિવાય રોગોની ચિકિત્સા, દવાઓની બનાવટ ઇત્યાદિ બાબતો પણ બહુ જ સરળ રીતે અપાઈ છે. એટલે આશા છે કે, વાચકબંધુઓને આ ગ્રંથ ઉપયોગી થઇ પડશે.

ચાલુ વર્ષમાં "વિવિધ ગ્રંથમાળામાં" મનુસ્મૃતિ, આયુર્વેદ નિબંધમાળા ભાગ ૧લો તથા ૨જો અને આ આયુર્વેદ નિબંધમાળા ભાગ ૨ જો–(ચાલુ) મળીને કુલ પૃષ્ઠ ૧૭૯૨ અપાયાં છે. એટલે બાકી રહેલાં શુમારે ૩૦૮ પાનનું પુસ્તક હંમેશની જેમ ગ્રાહકોને નવા વરસના લવાજમ માટે વી. પી. થી મોકલી અપાશે. એ વિષેની સૂચના અહીં નીચે "વિવિધ ગ્રંથમાળાના ગ્રાહકો પ્રત્યે" એ મથાળા નીચે અપાઇ છે, તે તરફ ગ્રાહકબંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે.

આ ગ્રંથ લખવાનો ઉદ્દેશ તથા બંને ભાગનાં લેખકનાં નિવેદનો "આયુર્વેદ નિબંધમાળા ભાગ ૧ લો તથા ૨ જા"માં આપેલાં છે; તો તે વાંચી જવા વાચકબંધુઓને વિનતિ છે.

આ પછીનાં પૃષ્ઠોમાં અનુક્રમણિકા અને તે પછી શુદ્ધિપત્ર પાન ૧૨ ઉપર છપાયું છે, તે તરફ વાચક બંધુઓનું ધ્યાન દોરી **હરિઃ ૐ તત્સત્**।

સંવત ૧૯૯૭,
ભાદરવા વદિ ૧૪

—ખરાખ્ભ ભિક્ષુ અખંડાનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વિવિધ ગ્રંથમાળા"ના ગ્રાહકો પ્રત્યે

હવેનું પુસ્તક વી. પી. થી મોકલાશે.

૧–"વિવિધ ગ્રંથમાળા"નું સંવત ૧૯૯૭ નું છેલ્લું પુસ્તક એકેક માસમાં પ્રકટ થશે; અને તે સંવત ૧૯૯૮ના માગશર માસમાં વી. પી. થી મોકલાઇને તે વર્ષનું મૂલ્ય રૂા. ૫) મંગાવી લેવાશે. એટલે જેમને નીચલામાંનું કે એવું કાંઇ લખવું હોય, તેમને **સંવત ૧૯૯૮ના કારતક સુદિ ૧૫ સુધીમાં** લખી મોકલવા વિનતિ છે.

(ક)–જેમને ગ્રાહકમાંથી નીકળી જવું હોય;
(ખ)–જેમને પોતાના સરનામામાં ફેરફાર કરાવવો હોય;
(ગ)–પુસ્તકો રજિસ્ટરથી મેળવવા માટે વાર્ષિક મૂલ્ય-ના રૂપિયા ૫) ઉપરાત રૂા. ૦।।। વધુ ભરવો હોય;

૨–આમ પ્રથમથી સૂચના અપાયા છતાં, એ વિષે જે સવેળા નહિ લખે અને વી. પી. પાછું વાળશે, તે એ છેલ્લા પુસ્તક ઉપરનો હક્ક ગુમાવશે.

૩–જે ગ્રાહકો વાર્ષિકમૂલ્ય **સંવત ૧૯૯૭ ના કારતક સુદિ ૧૫ સુધીમાં** ગ્રાહક નંબર સાથે મનિઓર્ડરથી અથવા બીજી રીતે અમદાવાદ કે મુંબઇના કાર્યાલયમાં ભરીને પાવતી મેળવશે, તેમને એ છેલ્લું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે.

૪–જેમણે નવા વર્ષથી ગ્રાહકમાં રહેવાની સવેળા ના લખી હશે, તેમજ જે લાયબ્રેરીઓ વગેરે વડોદરાના "પુસ્તકાલય સહાયક સહકારી મંડળ" દ્વારા પૈસા ભરે છે, તેમને તથા હિંદ બહાર જ્યાં જ્યાં વી. પી. જઇ શકતાં નથી, ત્યાં ત્યાં ઉપલું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે; તો તે તે સજ્જનોને નવા વરસનું લવાજમ પુસ્તક મળે કે તરત મોકલી આપવા વિનતિ છે. લવાજમ મળ્યેથી નવા વર્ષનાં પુસ્તક મોકલવાં જરી થશે.

૫–આફ્રિકા તેમજ બીજા પરદેશના ગ્રાહકોને દરેક પુસ્તક, ત્રણ આનાના વધુ ખર્ચે રજિસ્ટર કરાવીને મોકલાતાં હોવાથી તથા ત્યાં માટેનું ટપાલખર્ચ પણ વધારે આવતું હોવાથી તે સજ્જનોએ પાકાં પૂઠાં સાથેના વાર્ષિક રૂા. ૮) અથવા અહીં શિલિંગ દીઠ દશથી સાડા દશ આના મળતા હોવાથી શિલિંગ ૧૨ મોકલવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनुक्रमणिका

વિષય	પૃષ્ઠાંક
૧૫–શૂળરોગ, ગુલ્મરોગ અને ઉદાવર્ત રોગ	૭૦૫
ગંધકવટી	૭૦૭
સમીરગજકેશરી રસ	૭૦૮
બૃહત્ ક્વ્યાદ રસ	૭૦૯
ત્રિંગાષ્ટકચૂર્ણ	૭૧૦
ગુલ્મરોગ	૭૧૦
સ્તુહીક્ષીર ગુટિકા	૭૧૫
ઝાડવાંની માત્રા	૭૧૭
ઉદાવર્ત રોગ	૭૧૭
ક્ષારામૃત ચૂર્ણ	૭૨૧
સંચળપાક ગુટિકા	૭૨૨
શંખાદિ વટી	૭૨૨
શૂળગજકેશરી	૭૨૩
ગુલ્મહર ગુટિકા	૭૨૬
મહાકાલ ચૂર્ણ	૭૨૭
સંખદ્રવની સહેલી કૃતિ	૭૨૮
૧૬–હૃદયરોગ	૭૨૯
અર્જુનાસવ	૭૩૧
અર્જુનઘૃત	૭૩૨
૧૭–મૂત્રકૃચ્છ્ર, મૂત્રઘાત ને અશ્મરી–પ્રમેહરોગ	૭૩૩
મૂત્રઘાતરોગ	૭૩૪
અશ્મરી (પથરી)	૭૩૫
પ્રમેહરોગ	૭૩૬
પ્રમેહની ગોળી	૭૪૨
ચંદ્રપ્રભા ગુટિકા	૬૪૨
વિલાસિનીવલ્લભ રસ	૭૪૪
ગર્ભવિલાસ રસ	૭૪૪
ઇંદ્રિય જુલાબ	૭૪૫
મૂત્રકૃચ્છ્રના ઉપાય	૭૪૬
મૂત્રઘાતના ઉપાય	૭૪૭
અશ્મરી (પથરી)ના ઉપાય	૭૫૨
પ્રમેહના ઉપાય	૭૫૫
૧૮–પ્રમેહપિટિકા	૭૬૫
૧૯–ઉદરરોગ, શોથરોગ અને અંડવૃદ્ધિ	૭૬૯
શોથરોગ	૭૭૪
અંડવૃદ્ધિ	૭૭૭
સાદો મલમ	૭૮૦
ઉદરરોગના ઉપાય	૭૮૨
અમૃત ગુટિકા	૭૮૨
ભસ્માર્ક	૭૮૩
નારાયણ ચૂર્ણ	૭૮૪
શોથરોગના ઉપાય	૭૮૭
ભૈરવ ગુટિકા	૭૮૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષય	પૃષ્ઠાંક
અંડવૃદ્ધિના ઉપાય	૭૯૧
સ્વાંગી ગુટિકા	૭૯૨
૨૦–ગલગંડ, ગંડમાળ, ગ્રંથિ, અર્બુદ ને વિદ્રધિરોગ	૭૯૩
ગંડમાળ અપચીરોગ	૭૯૫
ગ્રંથિરોગ	૭૯૫
અર્બુદરાગ	૭૯૬
વિદ્રધિરોગ	૭૯૭
મોરથૂથાનો મલમ	૭૯૯
તડકાનો મલમ	૭૯૯
દરદને ફોડવાનો લેપ	૭૯૯
કંઠમાળના ઉપાય	૮૦૪
ચમત્કારિક મલમ	૮૦૪
૨૧–વ્રણ તથા નાડીવ્રણ	૮૦૬
લીમડાનું તેલ	૮૦૮
પ્લેગની ગાંઠ	૮૧૪
ગૂમડાનો મલમ	૮૧૪
રૂઝનો મલમ	૮૧૬
ઘાનો મલમ	૮૧૮
૨૨–ભગંદર, શુક્રદોષ, શીતપિત્ત, વિસર્પ તથા વિસ્ફોટક	૮૧૯
શુક્રરોગના ઉપાય	૮૩૦
કસ્તૂરીવટી	૮૩૩
કામદેવ રસ	૮૩૩
ઈશ્વર ચૂર્ણ	૮૩૪
અમૃતાર્ણવ રસ	૮૩૪
કામિની વિદ્રાવણ રસ	૮૩૪
હેમ રસાયન	૮૩૫
શિલાજતુ પ્રયોગ	૮૩૫
વિલાસિની વલ્લભ રસ	૮૩૫
સપ્તામૃત લોહ	૮૩૫
વાજીકરણ	૮૩૭
વીર્યસ્થંભન પ્રયોગ	૮૩૮
કામસેચન ગુટિકા	૮૩૯
કામ્ય સિંદૂર	૮૪૦
અરુણોદય રસ	૮૪૦
અંબર કસ્તૂરીની ગોળી	૮૪૨
૨૩–ઉપદંશ, ફિરંગરોગ અને તેના ઉપદ્રવો	૮૫૦
કાળું પાણી	૮૫૧
ફિરંગરોગ	૮૫૨
નીલકંઠ રસ	૮૫૭
૨૪–ક્ષુદ્રરોગ	૮૬૯
૨૫–મુખરોગ, કર્ણરોગ નાસારોગ, મસ્તકરોગ અને નેત્રરોગ	૮૯૫
મુખરોગ	૮૯૫
કર્ણરોગ	૮૯૭
નાસારોગ	૮૯૮
મસ્તકરોગ	૮૯૯
નેત્રરોગ	૯૦૧
વાસાદિ ક્વાથ	૯૧૬
પથ્યાદિ ક્વાથ	૯૧૬
કાળો સુરમો	૯૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષય	પૃષ્ઠાંક
આંખનું કાજળ	૯૧૭
સાદું કાજળ	૯૧૮
મુખરોગના ઉપાય	૯૧૯
દંતમંજન	૯૨૧
કાનના રોગના ઉપાય	૯૩૦
નાકના રોગના ઉપાય	૯૩૩
માથાના રોગના ઉપાય	૯૩૫
આંખના રોગના ઉપાય	૯૪૦
૨૬–સ્ત્રીરોગના ઉપાય	૯૫૩
૨૭–બાળકના રોગોના ઉ.	૯૭૩
૨૮–ધાતુ, ઉપધાતુ, શોધ-ન અને મારણ	૯૮૪
ચાંદીમારણ	૯૮૪
સોમલમારણ	૯૮૪
હિંગળોક મારણ	૯૮૫
ત્રાંબાનો ઢબુ મારણ	૯૮૫
મોતીભસ્મ	૯૮૬
શંખભસ્મ	૯૮૭
કલઈભસ્મ	૯૮૭
સીસું અને જસત મારણ	૯૮૮
પ્રવાલમારણ	૯૮૮
સાબરશિંગાની ભસ્મ	૯૮૯
હરતાલ ભસ્મ	૯૮૯
સુવર્ણભસ્મ	૯૮૯
સુવર્ણશોધન	૯૮૯
રૌપ્યભસ્મ	૯૮૯
સોમલ તેલ	૧૦૦૪
સોમલશોધન	૧૦૦૪

વિષય	પૃષ્ઠાંક
સુવર્ણમાક્ષિક ભસ્મ	૧૦૦૫
અભ્રકભસ્મ	૧૦૦૫
સુવર્ણરસાયન	૧૦૦૬
રૌપ્યરસાયન	૧૦૦૬
પોલાદ	૧૦૦૭
બંગભસ્મ	૧૦૦૭
પારદ ષડ્ગુણ ગંધક જારણ	૧૦૦૭
રસકપૂર	૧૦૦૮
હિંગળોક	૧૦૦૮
સોમલ	૧૦૦૮
હરતાલ	૧૦૦૯
પ્રવાલભસ્મ	૧૦૦૯
સાબરશિંગુ	૧૦૦૯
ઝેરકચૂરા	૧૦૧૦
સોમલભસ્મ	૧૦૧૦
પ્રવાલભસ્મ	૧૦૧૧
તામ્રભસ્મ	૧૦૧૧
પારદભસ્મ	૧૦૧૧
સોમલપ્રયોગ	૧૦૧૨
હિંગુલપ્રયોગ	૧૦૧૨
લોહભસ્મ	૧૦૧૨
તામ્રભસ્મ	૧૦૧૩
હરતાલભસ્મ	૧૦૧૩
અભ્રકભસ્મ	૧૦૧૩
રૌપ્યભસ્મ	૧૦૧૩
૨૯–રસવિદ્યા–વિજ્ઞાન	
રસ, પારદ, રસેન્દ્ર	૧૦૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષય	પૃષ્ઠાંક
રસસિંદૂર	૧૦૨૩
સ્વલ્પપચંદ્રોદય	૧૦૨૪
અનુભવી સૂચના	૧૦૨૪
મલ્લસિંદૂર	૧૦૨૮
મલ્લસિંદૂર ગુટિકા	૧૦૨૮
તાલસિંદૂર	૧૦૩૦
લવિંગાદિ તાલસિંદૂર	૧૦૩૦
મંજીષ્ઠાદિ તાલસિંદૂર	૧૦૩૧
શિલાસિંદૂર	૧૦૩૩
સંધાતસિંદૂર	૧૦૩૪
પૂર્ણચંદ્રોદય સિદ્ધ-મકરધ્વજ	૧૦૩૭
૩૦–પરચૂરણ રોગોના ઉપાયો	૧૦૪૨
વાળો, નારુના ઉપાય	૧૦૪૩
દાઝવાના ઉપાય	૧૦૪૫
ચોટ વાગવાના ઉપાય	૧૦૪૬
ભિલામા સ્વરસ	૧૦૪૬
કોઢ અને આમવાયુના ઉપાય	૧૦૪૭
હરિદ્રાદિ ગુટિકા	૧૦૪૭
કુષ્ઠનો ઉપાય	૧૦૪૮
ગળતકુષ્ઠ	૧૦૪૮
અપસ્માર (ફેફરું–મૃગી) ના ઉપાય	૧૦૪૯
અપસ્મારની ગોળી	૧૦૪૯
ઝેરી જનાવરના ડંખના ઉપાય	૧૦૫૦
દાહરોગના ઉપાય	૧૦૫૩
ઉન્માદના ઉપાય	૧૦૫૩
પરિશિષ્ટ	૧૦૫૫
સુવાવડની પડી	૧૦૫૬
ભિલામાની ગોળી	૧૦૫૭
દાઢી	૧૦૫૮
અતિવિષની કળી	૧૦૫૯
સૌરાષ્ટી	૧૦૬૧
ઝેરકચૂરાં	૧૦૬૨
શેરીલોબાન	૧૦૬૪
ધૂપ	૧૦૬૪
મકાઇ	૧૦૬૪
ઓળિયો	૧૦૬૪
સરસિયું તેલ	૧૦૬૫
હરડે પાક	૧૦૬૫
મરીકંથાર	૧૦૬૫
કાળિયો સરેસ	૧૦૬૬
દરદમ	૧૦૬૭
વાસાદિ ચૂર્ણ	૧૦૬૭
જાયફળ	૧૦૬૮
લઘુનારાયણ ચૂર્ણ	૧૦૬૮
ભૂતભૈરવ રસ	૧૦૬૮
વારાહી ચૂર્ણ	૧૦૬૮
બાળાગોળી	૧૦૬૮
આરસપહાણ	૧૦૬૯
કાળો સુરમો	૧૦૬૯
મુખનું મંજન	૧૦૭૦
તબાસીર	૧૦૭૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષય	પૃષ્ઠાંક
ટાંકીનો મલમ	૧૦૭૦
દરાજની ગોળી	૧૦૭૧
મરડાની ગોળી	૧૦૭૧
ભોંયરીંગણીનો અર્ક	૧૦૭૧
મરદાર્ઈની ગોળી	૧૦૭૧
ધાતુપૌષ્ટિક ચૂર્ણ	૧૦૭૨
બાળકો માટે સોગઠી	૧૦૭૨
હરસનો મલમ	૧૦૭૩
ષડ્કચૂરાનો મલમ	૧૦૭૩
કસિલાદિ ગુટિકા	૧૦૭૪
ખરજવાનું ઓસડ	૧૦૭૪
લોહી સુધારવાની પડી	૧૦૭૪
ઉપદંશ–વિરફોટકનો ઉપાય	૧૦૭૫
આનંદભૈરવ રસ	૧૦૭૬
શક્તિની ગોળી	૧૦૭૬
માણસનાં હાડકાં	૧૦૭૬
માર્કંન્ડ્યાદિ ચૂર્ણ	૧૦૭૭
કર્ચૂરાદિ ગુટિકા	૧૦૭૭
શક્તિનો પાક	૧૦૭૮
બ્રહદ્ કર્ચૂરાદિ ગુટિકા	૧૦૭૮
પ્લેગના તાવની ગોળી	૧૦૭૯
મલ્લસિંદૂર ગુટિકા	૧૦૮૦
લાહીચૂર્ણ કસ્તૂરી ગુટિકા	૧૦૮૧
મેધાવી ગુટિકા	૧૦૮૧
આમલીનો સ્વરસ	૧૦૮૧
ધર્મપત્તન	૧૦૮૨
નાગરાદિ ગુટિકા	૧૦૮૨
રાતો મલમ	૧૦૮૨

વિષય	પૃષ્ઠાંક
લીલો મલમ	૧૦૮૩
નશાવલ્લભ ગુટિકા	૧૦૮૩
જુલાબની ગોળી	૧૦૮૩
હંમેશાં પીવાની ચા	૧૦૮૪
દેશી પેઇનકિલર	૧૦૮૪
બંધાણીને અફીણ છોડવા માટે	૧૦૮૪
જુલાબની ગોળી	૧૦૮૫
નાગકન્યાદિકશાય	૧૦૮૫
ઘનસત્ત્વ બનાવવાની કૃતિ	૧૦૮૬
જુલાબની ગોળી	૧૦૮૬
નિદ્રાનાશ માટે	૧૦૮૭
શક્તિનો પાક	૧૦૮૭
ચાટણ	૧૦૮૮
બ્રાહ્મીઘૃત	૧૦૮૮
પિત્તાંતક	૧૦૮૯
લેપ	૧૦૮૯
વહેતું લોહી બંધ થવા માટે	૧૦૮૯
ટંકણ ચૂર્ણ	૧૦૮૯
વચાચૂર્ણ	૧૦૮૯
કફુભર્જિત ચૂર્ણ	૧૦૮૯
મંડૂરભસ્મ	૧૦૯૦
નવાયસ ચૂર્ણ	૧૦૯૦
શૃંગ્યાદિ ચૂર્ણ	૧૦૯૦
નાગરાદિ કવાથ	૧૦૯૦
ગુડુચ્યાદિ કવાથ	૧૦૯૦
કુટકી ચૂર્ણ	૧૦૯૦
વિકળાનું ઘી	૧૦૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષય	પૃષ્ઠાંક
શિવાક્ષાર પાચન	૧૦૯૧
રાજવટી	૧૦૯૧
લાંપડીનાં બીજ	૧૦૯૧
જાયફળનું તેલ	૧૦૯૨
પ્રદરારિ ચૂર્ણ	૧૦૯૨
બાળકોને થતી આંચકી	૧૦૯૨
બાળકોને યકૃતનું દરદ	૧૩૦૯
કમળો	૧૦૯૩
કોલેરા	૧૦૯૪
મૂત્રકૃચ્છ્ર	૧૦૯૬
સ્ત્રીઓનો રક્તપ્રદર (લોહીવા)	૧૦૯૬
સૂતિકા રોગ	૧૦૯૬
અશ્વચોળી	૧૦૯૭
સોનામુખીના પ્રયોગો	૧૦૯૭
સાર્સાપરિલા	૧૦૯૯
પ્લેગ	૧૦૯૯
ઉપદંશ–પ્રમેહ	૧૧૦૦
હિક્કા	૧૧૦૧
કાંટાસરિયાનું મૂળ	૧૧૦૧
એકાંતરિયો તાવ	૧૧૦૧
ભગંદર	૧૧૦૨
ગરમી કાઢવાનો જુલાબ	૧૧૦૨
બેશુદ્ધિ માટે	૧૧૦૨
સરળ જુલાબ	૧૧૦૨
ઘી ઘસો	૧૧૦૨
ઝેર	૧૧૦૩
માથાનો દુખાવો	૧૧૦૩
બળતરા	૧૧૦૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭૧૬	૧૩	સ્નુહીર	સ્નુહી
૭૬૮	૧૯	પ્રભાવિક	પ્રાભાવિક
૭૭૪	૧૫	સંશ્લેશણ	સંશ્લેષણ
૭૭૫	૧૦	મિશ્રત	મિશ્રિત
૭૮૨	૨	રાગી	રાખી
૭૯૫	૨૪	સાધુના	ધાતુના
૮૪૦	૧૫	સિયાય	સિવાય
૮૫૬	૧૩	ખડાવેલી	ખવડાવેલી
૮૬૨	૪	દિવમાં	દિવસમાં
૮૬૩	૧૩	પાળાવળી	પળાવવી
૯૮૩	૨	બંગબસ્મ	બંગભસ્મ
૧૦૧૬	૨૨	અતિપયોક્તિ	અતિશયોક્તિ
૧૦૩૫	૨૫	પાદરને	પારદને
૧૦૫૭	૧૯	સુવાવડ	સુવાવડી
૧૦૯૫	૯	છો	તો
૧૧૦૧	૯	નિરોગી	નીરોગી
૧૧૧૪	૧૯	**नतु**	**न तु**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદક સંબંધી અન્ય ગ્રંથો

આર્યભિષક્ અથવા હિંદુસ્થાનનો વૈદરાજ

આવૃત્તિ ૯ મી, કદ ૬।।।×૧૦, પૃષ્ઠ ૮૨૪, મૂલ્ય રૂપિયા ૩)

આ ગ્રંથમાં નાનાં ગામડાંઓમાં પણ પોતાની મેળે બની શકે એવા સેંકડો સામાન્ય ઘરગથ્થુ ઉપાયો આપેલા છે. નિત્યના ઉપયોગની તથા બીજી મળી શુમારે ૬૦૦ વસ્તુઓના ગુણદોષ તથા જુદા જુદા વ્યાધિઓ પર તેને વાપરવાની વિધિઓ આપેલી છે. શુમારે સો ધાતુ–ઉપધાતુઓનું શોધન, મારણ, ગુણદોષ તથા તેને જુદાં જુદાં દર્દો પર વાપરવાનાં અનુપાનો આપેલાં છે. જુદા જુદા શુમારે ૧૨૫ વ્યાધિઓના પ્રકાર, નિદાન, લક્ષણ, તથા ઉપાયો આપેલા છે. જુદી જુદી જાતના પાક, ચૂર્ણ, ગુટિકા, અવલેહ ઇત્યાદિની સેંકડો બનાવટો ઉપરાંત ગ્રંથકર્તા સ્વર્ગસ્થ શંકર દાજી પદેનું ચિત્ર, ટૂંક જીવનચરિત્ર તથા બીજી ઉપયોગી બાબતોનાં નવીન ચાલીસ પૃષ્ઠ આમાં વધેલાં છે.

વૈદકસંબંધી વિચારો અથવા આર્યભિષક્ના ઉમેરા

ગ્રંથ ૧ લો } આવૃત્તિ ૨ જી કદ ૫×૭નાં પૃષ્ઠ ૬૭૨, પાકાં પૂંઠાં સાથે ૧।। રૂપિયો. આ પુસ્તક આર્યભિષકના ઉમેરારૂપ હોઇ એમાં આરોગ્ય, વૈદક અને આહારવિહાર તથા કુદરતી અને બીજા ઉપચારો સંબંધી ઉત્તમ ૧૬૫ લેખોનો સંગ્રહ છે. રોગજ થાય નહિ અને થાય તો તો સહેલાઇથી ટાળી શકાય એવી પુષ્કળ હકીકતો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથ ૨ જો } ૫૪૯નાં પૃષ્ઠ ૪૩૨, મૂલ્ય રૂપિયા ૧।=
આ પુસ્તક આર્યભિષકના ઉમેરાના બીજા ભાગરૂપ હોઇ તેમાં આરોગ્ય, વૈદ્યક અને આહારવિહાર તથા કુદરતી અને બીજા ઉપચારો સંબંધી લેખોનો સંગ્રહ છે.

આર્યભિષક તથા આ બંને ઉમેરા એક સાથે ખરીદનારને કુલ થતા રૂપિયા ૫।=ને બદલે માત્ર ૪।।માં મળશે.

આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન

લેખક–મહાત્મા ગાંધીજી, આવૃત્તિ ૫ મી, પૃષ્ઠ ૧૪૮, મૂલ્ય ચાર આના

રોગોથી દૂર રહી શકાય તથા થયેલા રોગને સાદા, વગર ખર્ચના અને કુદરતી ઉપાયોથી ટાળી શકાય એવી અનેક રીતો આમાં છે.

આયુર્વેદ નિબંધમાળા

ભાગ ૧ લો તથા ૨ જો } આવૃત્તિ ૪ થી, પૃષ્ઠ ૭૩૬, કદ ૫×૭।।, મૂલ્ય રૂ. ૨।

આ ગ્રંથમાં દસ નિબંધો આપવામાં આવ્યા છે. શરૂમાં આયુર્વેદ અને તેની અગત્ય, આયુર્વેદ અને વર્તમાન 'પથી' ઓ તથા આયુર્વેદનું વનસ્પતિશાસ્ત્ર આ ત્રણ નિબંધો આપેલા છે. ત્યારપછી પ્રાણીમાત્રની ઉત્પત્તિ અને મનુષ્યશરીરની રચના, ગર્ભોત્પત્તિ ને શરીરરચનાનો ક્રમ, માતાની કુચેષ્ટાથી ગર્ભમાં થતી વિકિયા, ઉત્તમ ગુણકર્મવાળી સંતતિના ઉપાયો, ગર્ભિણીના રોગોની ચિકિત્સા, પ્રસવ અને પ્રસૂતાની સારવાર, બાળક અને તેના રોગોની ચિકિત્સા તથા સારવાર ઇત્યાદિ ઘણા ઉપયોગી વિષયોની તલસ્પર્શી છણાવટ કરવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પછી શરૂ થતા બીજા ભાગમાં પીયૂષપાણિ, ષડ્ઋતુદર્પણ અને ત્રિદોષસિદ્ધાંત એ નિબંધો આપેલા છે. ઋતુઓના હીન, મિથ્યા અને અતિયોગથી શરીરરચનામાં, દેહના વિકાસમાં અને આયુષ્યમાં કઇ રીતે વિકૃતિ પોતાનાં મૂળ ઊંડાં નાખે છે, તે ચરક, સુશ્રુત, આદિ ગ્રંથોના આધારે સરળ ભાષામાં રજૂ કરાયું છે.

તે પછી અતિસાર, સંગ્રહણી, અર્શરોગ, અજીર્ણ, કોલેરા, પાંડુરોગ, કમળો, રક્તપિત્ત, ક્ષયરોગ, શ્વાસ, કાસ અને વાયુરોગ એ રોગ થવાનાં કારણ તથા તે દૂર કરવાના અનુભૂત ઉપચારો આપેલા છે.

ભાગ ૨ જો–(ચાલુ) } આવૃત્તિ ૪ થી, પૃષ્ઠ ૪૧૬, કદ ૫×૭ા, મૂલ્ય રૂપિયો ૧।

આ ગ્રંથ પોતે જ. ભાગ બીજામાંના બાકી રહેલા ૧૬ નિબંધો તથા પરિશિષ્ટ આ ગ્રંથમાં આપવામાં આવ્યાં છે. તેમાં પણ શૂળરોગ, ગુલ્મરોગ, અસ્મરી, પ્રમેહરોગ, ઉદરરોગ, શોથરોગ, અંડવૃદ્ધિ, ભગંદર, શુક્રદોષ, શીતપિત્ત, વિસર્પ તથા વિસ્ફોટક, ઉપદંશ–ફિરંગ રોગ અને તેના ઉપદ્રવો, સ્ત્રી રોગના ઉપાય, ધાતુ, ઉપધાતુ, શોધન ને મારણ અને રસવિદ્યા–વિજ્ઞાન–કલ્પાદિ રોગો તથા તેના ઉપચારો તો તે વિષયના ઊંડાણે પહોંચીને ચર્ચાયાં છે.

ઉપરાંત આ ગ્રંથની એક વિશિષ્ટતા એ છે કે, જુદા જુદા વૈદ્યરાજોના જુદા જુદા રોગો પર અજમાવેલા સફળ પ્રયોગો પણ તે તે રોગોના નિબંધને અંતે અપાયા છે.

ટૂંકમાં પૂર્વાચાર્યોએ જીવનમાં નિરામય આયુષ્ય ભોગવવાને માટે આયુર્વેદમાં જે સંકલના કરી છે, તેને જ આધારભૂત ગણી, લેખકે પોતાના જાતઅનુભવને આધારે આ પુસ્તકમાં ઘણી ઉપયોગી અને પ્રમાણભૂત સામગ્રી આપી છે.

આયુર્વેદ નિબંધમાળાના ઉપરના બંને ગ્રંથો એક સાથે લેનારને કુલ રૂપિયા ૩।। ને બદલે માત્ર રૂપિયા ત્રણમાં મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उत्तम वैद्योनी अने स्वदेशनी औषधिओनी महत्ता

स्मृतिमान् युक्तिहेतुज्ञो जितात्मा प्रतिपत्तिमान्।
भिषगौषधसंयोगैश्चिकित्सां कर्तुमर्हति ॥

અર્થાત્ સ્મરણશક્તિવાળો, યુક્તિ તથા હેતુને જાણનારો, જિતાત્મા અને સારી પરીક્ષા કરી જાણનારો વૈદ્યજ ઔષધ વડે રોગીની ચિકિત્સા કરે. —શ્રી. ચરકાચાર્ય

वरमाशीविषविषं क्वथितं ताम्रमेव वा।
पीतमत्यग्नि संतप्ता भक्षिता वाष्पयो गुडाः ॥
न तु श्रुतवतां वेशं बिभ्रता शरणागतात्।
गृहीतमन्नपानं वा वित्तं वा रोगपीडितात् ॥ चरकः।

અર્થાત્ સર્પનું ઝેર પીવું, ગરમ કરેલ તાંબાનો રસ પીવો, અથવા અગ્નિમાં લાલ કરેલ લોઢાના ગોળાને ગળી જવો, એ સારું પરંતુ વિદ્વાન વૈદ્યના વેષવાળા મનુષ્યે શરણે આવેલા રોગપીડિત મનુષ્યનું અન્નપાણી અથવા ધન લેવું એ અતિ ખરાબ છે. —શ્રી. ચરકાચાર્ય

यस्य देशस्य यो जन्तुस्तज्जन्तस्यौषधं हितम्।
देशादन्यत्र वसतस्तत्तुल्यं गुणमौषधम् ॥

અર્થાત્ જે દેશમાં જે મનુષ્યનો જન્મ થયેલો છે, તેને માટે તેજ દેશની ઔષધિ હિતકારક છે. બહારથી આવેલી ઔષધિ પૂરો લાભ કરતી નથી. વળી દેશથી બહાર રહેલાને પણ તેની જન્મભૂમિની જ ઔષધિ વિશેષ લાભદાયક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

१८६४५ ५५ग/१५ख
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
पुस्तकालय
गुरुकुल कांगड़ी

१५-शूळरोग, गुल्मरोग ने उदावर्तरोग

વાયુને ઉત્પન્ન કરનારાં એટલે પિત્તનો હીનયોગ કરનારાં અને કફનો મિથ્યાયોગ કરનારાં ખાનપાન અને વિહારથી તથા પિત્તનો અતિયોગ કરનારાં, વાયુનો હીનયોગ કરનારાં અને કફનો મિથ્યાયોગ કરનારાં ખાનપાન અને વિહારથી તથા કફનો અતિયોગ કરનારાં અને પિત્તનો હીનયોગ કરનારાં તથા વાયુનો મિથ્યાયોગ કરનારાં ખાનપાન અને વિહારથી, વાયુનાં, પિત્તનાં, કફનાં, સન્નિપાતનાં અને આમનાં, બબ્બે દોષ મળીને આઠ પ્રકારનાં શૂળ થાય છે. તેવી રીતે જે શૂળમાં ખોરાક ખાધા પછી તે ખોરાક પચી જાય અને શૂળનો વધારો કરે, તેવી જાતનાં ઉપર લખ્યા પ્રમાણેનાં આઠ જાતનાં બીજાં શૂળો થાય છે, જેને **પરિણામશૂળ** અથવા **પંક્તિશૂળ** કહે છે. તે ઉપરાંત જે માણસ અત્યંત શોક કરે છે, જેથી યકૃતમાં રહેલો વાયુ યકૃતમાંના પિત્તને સૂકવી જરત્પિત્ત નામનું શૂળ ઉત્પન્ન કરે છે, જેને અંગ્રેજીમાં **'ગૉલ્સ બ્લૅડર સ્ટોન'** કહે છે; એ જરત્પિત્તની જે પથરી બંધાય છે તેના ઉપાય નથી. પરંતુ શસ્ત્રક્રિયાને જાણનારા શસ્ત્રવૈદ્યો એ પથરી ચીરીને કાઢી શકે છે. જો એ પથરીમાં વાયુએ પિત્તને સૂકવી પથરી બનાવી હોય, તો તે પથરી કેટલેક અંશે કાઢી શકાય છે; પરંતુ વાયુએ લોહીને તથા કફને સૂકવી એટલે રંજકપિત્તને સૂકવી જે શૂળ ઉત્પન્ન કર્યું હોય, તેમાં કાળા રંગનો ચીકણો પદાર્થ બને છે, જેની પથરી બંધાતી નથી. જો કોઇ ચિકિત્સક તેને પથરી ધારીને શસ્ત્રક્રિયા કરે છે અને પછીથી આવો કાળો પદાર્થ જોવામાં આવે છે, ત્યારે તેને એમ ને એમ રહેવા દઇ, પાછો જખમને તે સીવી લે છે. કહેવાની મતલબ એવી છે કે, જરત્પિત્ત થયા પછી જો તે રોગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોકનો તથા મરણના ભયનો ત્યાગ કરી આનંદવૃત્તિમાં આવી, પિત્તને પીગળાવનારાં અને કફને શોષન કરનારાં ખાનપાન તથા વિહારનું સેવન કરે, તો તે બેઉ જાતનાં જરત્પિત્ત મટી જાય છે; આકી એની ચિકિત્સા કરવી એ નિષ્ફળ છે. ઉપર લખેલા આઠ પ્રકારના શૂળરોગ પૈકી જે શૂળ વાયુથી ઉત્પન્ન થયેલું હોય તે અસ્તિમાં થાય છે. પિત્તનું શૂળ નાભિમાં થાય છે. કફનું શૂળ હૃદય, પાંસળાં અને પેઢામાં થાય છે. સન્નિપાતનું શૂળ ઉપર કહેલા ઠેકાણે થાય છે. તે પ્રમાણે દ્વંદ્વજશૂળ બબ્બે ઠેકાણે થાય છે. શૂળમાં શરીરમાં ખીલા માર્યા જેવી પીડા થાય છે, તરસ લાગે છે, મૂર્છા આવે છે, ઝાડો, પેશાબ અને અધોવાયુ રોકાય છે, શરીર જડ-ભારે થઇ અન્ન પર અભાવો થાય છે.

સ્વકારણોથી કુપિત થયેલો વાયુ, કફ-પિત્તની પાસે જઇ તેને દબાવી પોતે પ્રબળ થાય છે; જેથી અન્ન પચતાં અથવા અન્ન પચ્યા પછી જે શૂળ ઉત્પન્ન થાય છે તેને પરિણામશૂળ કહે છે. એ શૂળ પણ આઠ પ્રકારનું હોય છે અને ઉપર કહેલા શૂળના ઉપદ્રવોવાળું થાય છે.

જે શૂળને અન્નદ્રવ અથવા જરત્પિત્ત કહેવામાં આવે છે, તેમાં અન્નનું પાચન થયા પછી કિંવા તે પચતાં અથવા અજીર્ણ થતાં શૂળ હંમેશાં એક સરખાં રહે છે; તેમજ પથ્યસેવનથી કિંવા જમ્યાથી કે ન જમ્યાથી શમતું નથી. એવાં લક્ષણોવાળાં શૂળને જરત્પિત્ત કહે છે.

ભલે શૂળ કોઇ પણ જાતનું હોય, પરંતુ જ્યારે રોગીના શરીરનું માંસ સુકાઇ જાય, પવનથી કોઠો પૂરાઇ જાય, પેશાબ બંધ થઇ જાય અને ચામડી ઉપર રાતી ચુંદડી પડી જાય અથવા હાથે-પગે સોજા આવી જાય અને આંખો પીળી થઇ જાય, ત્યારે જાણવું કે રોગીનું મરણ પાસે આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર પ્રમાણે વાયુના, પિત્તના અને કફના હીન, મિથ્યા અને અતિયોગથી તેમાં ખાસ કરીને અપાનવાયુ, સમાનવાયુ અને પાનવાયુના અતિયોગથી તમામ જાતનાં શૂળો ઉત્પન્ન થાય છે. જો પિત્તનો મિથ્યાયોગ થયો હોય તો બળતરા વગેરે પીડા થાય છે અને કફનો મિથ્યાયોગ થયો હોય તો આધ્માન, અનાહ વગેરે ઉપદ્રવો ઉત્પન્ન થાય છે.

શૂળ કે પરિણામશૂળની ચિકિત્સામાં વાયુનું અનુલોમન, કરનારા, પાચકપિત્તને વધારનારા અને કલેદન, અવલંબન અને રસન કફને સુધારનારા યોગ્ય ઔષધોપચાર તથા યોગ્ય ખાન-પાનની યોજના કરવાની જરૂર છે.

જો પેટમાં બહુ દુખતું હોય, તો સાગના ઝાડનાં નવાં બીજનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઊના પાણી સાથે ફાકે અથવા ગોળમાં ગોળી કરી આશરે બે આનીભાર ખાય, તો શૂળ તરત નરમ પડી જાય છે. જો પેટમાં દુખવા સાથે છાતીમાં ગભરામણ પણ થતી હોય, ઊબકા આવતા હોય અથવા ઊલટી થતી હોય, તો સાગના ઝાડનું બીજ નંગ એક પાણીમાં ઘસી પાઇ દેવાથી તરત શાંતિ થાય છે. જો પેટમાં બહુ દુખતું હોય અને પેઢામાં શૂળ મારતું હોય, તો દારૂડીનાં બીજ બે આનીભાર તથા શ્રીફળક્ષાર એક વાલ સાથે વાટી ઠંડા પાણી સાથે ફાકવાથી ઝાડો સાફ આવી શૂળને બેસાડી દે છે. કાચકાની શેકેલી મીંજ, અજમો, સાજીખાર, આંબાહળદર અને શેકેલી હિંગ એ સર્વ સમભાગે લઈ વાટી વસ્ત્રગાળ કરી, દિવસમાં ત્રણ વાર વાયુના શૂળમાં ગરમ પાણી સાથે, પિત્તના શૂળમાં છાશની સાથે અને કફના શૂળમાં ગોળ ની સાથે આપ્યું હોય, તો શૂળ તથા પરિણામશૂળને મટાડે છે.

ગંધકવટી: સાંઠ, મરી, પીપર, હરડાં, બહેડાં, આમળાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંચળ અને અજમો એ એકેક તોલો તથા ગંધક ચાર તોલા વાટી ચૂર્ણ કરી બબ્બે વાલનાં પડીકાંમાં અધો વાલ **શ્રીફળક્ષાર** મેળવી દિવસમાં ત્રણ વાર આપવાથી શૂળ મટે છે. અથવા **શંખાવટીની** ગોળી બબ્બે અથવા **ક્ષુધાસાગરરસની** ગોળી ત્રણ ત્રણ અથવા **શીતલંજીરસની** ગોળી બબ્બે, દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવાથી પેટનો દુખાવો મટે છે. અથવા ઉપર લખેલી ગંધકવટીના ચૂર્ણને લીંબુના રસનો એક પટ આપી તેની વટાણા જેવડી ગોળી બનાવી, બે અથવા ત્રણ ગોળી આપવાથી શૂળ મટે છે. અથવા **સમીરગજકેશરી રસ** એટલે કાચા ઝેરકચૂરાનો ભૂકો, અફીણ અને કાળાં મરી સમભાગે લઈ, પાનના રસમાં ત્રણ દિવસ ઘૂંટી, મગ જેવડી ગોળી વાળવી અને તે ગોળી ઝાડા-ઊલટી સાથે પેટમાં દુઃખાવો થતો હોય, તો એકેક અથવા બબ્બે આપવાથી દુઃખાવો વગેરે બંધ થાય છે. અથવા **વિશાળાક્ષાર** તોલો ૦ા ગરમ પાણી સાથે ફાકવાથી શૂળ મટે છે. અથવા **કાળીજીરીનો ક્ષાર** આપવાથી શૂળ મટે છે. અથવા કુંવારપાઠાંને લાવી તેના કટકા કરી એક વાસણને તળિયે છિદ્ર કરી તેમાં બત્તી ઘાલી, તેમાં કુંવારના કટકા ભરી, ઉપરથી મોઢું બંધ કરી કપડમટ્ટી કરી, જમીનમાં પિત્તળની અથવા કાચની તપેલી બંધબેસતી આવે એવડો એક ખાડો ખોદી, તપેલી ઉપર કુંવાર ભરેલું વાસણ મૂકી, તેના સાંધાએ માટીનો લેપ કરી, તે વાસણ ઉપર આસપાસ છાણાં સિંચી, અગ્નિ આપવો. એમ બે વાર અગ્નિ આપવાથી કુંવારમાંનો રસ રાતા રંગનો અર્ક જેવો તપેલીમાં પડશે, તેને શીશીમાં ભરી મૂકવો. જ્યારે કોઇ રોગીના પેટમાં બહુજ શૂળ મારતું હોય, ત્યારે આ અર્કમાંથી બે તોલાને આશરે પાવાથી તરત દુઃખાવો બંધ થાય છે. આ અર્કમાં થોડો સાજીખાર મેળવી મૂકયો હોય તો વધારે જલદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ કરે છે. અથવા લોંયરીંગણીનું લીલું પંચાંગ લાવી, તેને ખાંડી, છિદ્રવાળા માટલામાં ભરી, કુંવારના અર્કની પેઠે તેનો અર્ક કાઢી શીશીમાં ભરી રાખવો. એ અર્ક અર્ધો અર્ધો તોલો દિવસમાં ત્રણ વાર આપવાથી પેટનાં અને છાતીનાં શૂળને મટાડે છે. પરંતુ વિશેષ કરીને શરીરના સાંધાઓમાં મારતા શૂળ ઉપર આ ખાસ અકસીર ઈલાજ છે.

બૃહદ્ કવ્યાદરસઃ—ગંધક તોલા આઠ, પારો તોલા ચાર, તામ્રભસ્મ તોલા ચાર અને લોહભસ્મ તોલા ચાર લઇ, પ્રથમ પારો, તાંબું અને લોહ એ ત્રણને લોગાં વાટી, ગંધકને લોખંડના પાત્રમાં પીગળાવી, તેમાં પારો, તામ્ર અને લોહ નાખી, અગ્નિ ઉપર એકરસ કર્યા પછી, છાણ ઉપર કેળનું પાતરું મૂકી તેના ઉપર લોહપાત્રમાંનો મસાલો નાખી, ઉપર બીજું પાતરું ઢાંકી તે ઉપર છાણ ઢાંકી દેવું, એટલે પર્પટી તૈયાર થશે. તે પર્પટીને બારીક વાટી ફરીથી લોહપાત્રમાં નાખી, પીગળી જાય એટલે કેળનાં પાતરાંની પેઠે એરંડાનાં પાતરાંમાં ઠારી ફરી ચૂર્ણ કરવું. તે પછી તેને લોહપાત્રમાં નાખી જરા પાણી થાય એટલે તેમાં વીશ તોલા એરંડાનાં પાતરાંનો રસ નાખી પકાવવું. તે રસ સુકાઈ જાય એટલે ચાર તોલા લીંબુનો રસ, ચાર તોલા સૂંઠ, મરી, પીપર, પીપળીમૂળ, ચવ્વકનો ઉકાળો અને ચાર તોલા અમ્લવેતનો રસ લેવો. અમ્લવેતનો રસ જો ન મળે તો ખાટાં લીંબુનો રસ નાખી, સુકાતાં સુધી અગ્નિ પર રાખી, લોખંડના તવેથાથી હલાવતા રહેવું. જ્યારે એ ત્રણે વસ્તુનો રસ સુકાઈ જાય, ત્યારે ફરી એજ વસ્તુનો રસ અને એજ ઉકાળો મેળવીને ફરી પચાવવું. એવી રીતે લીંબુનો રસ, ઉકાળો અને અમ્લવેતના રસની ઉપર પ્રમાણે પચાશ ભાવના આપવી, ત્યાર પછી ઉપરનાં ઔષધો એટલે પારો, ગંધક આદિનું જેટલું વજન હોય તેટલા વજન જેટલું શેકેલા ટંકણખારનું ચૂર્ણ મેળવવું. તે પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટંકણખારથી અર્ધા વજને સંચળ મેળવવો અને સઘળા ચૂર્ણની બરાબર મરીનું ચૂર્ણ મેળવવું. તે પછી ચણાના ક્ષારના પાણીની સાત ભાવના આપવી અને સુકાયા પછી તેની વટાણા જેવડી ગોળીઓ વાળવી. એ ગોળી પૈકી એક અથવા બે ગોળી છાશ સાથે આપવાથી કોઇ પણ પ્રકારના પેટમાં મારતા શૂળને અર્ધા કલાકમાં નરમ પાડે છે. આ કબ્યાદરસથી અજીર્ણ, પેટનું ચડવું, મળનો અવરોધ અને પેટનો દુખાવો જરૂર મટે છે. જો કે શાસ્ત્રમાં સેંકડો રોગ પર ચાલવાનું લખ્યું છે, પરંતુ અજીર્ણ અને શૂળ ઉપર તો આબાદ કામ કરે છે.

હિંગાષ્ટકચૂર્ણઃ-સૂંઠ, મરી, પીપર, અજમો, સિંધવ, સંચળ, શાહજીરું અને કુલાવેલી હિંગ એ આઠ વસ્તુ સમભાગે લઇ વાટી વસ્ત્રગાળ કરી, પાણી સાથે ફકાવવાથી અજીર્ણ તથા પેટના દુખાવાને મટાડે છે. એ હિંગાષ્ટકચૂર્ણને જમતાં પહેલાં એક કોળિયા ભાતમાં બે આનીભાર મેળવી તેમાં બે આનીભાર ઘી નાખી તે ભાત પહેલેથીજ ખાઇ, ઉપરથી બીજો ખોરાક ખાય તો લાંબા દિવસના સેવનથી આઠ પ્રકારના પરિણામશૂળને મટાડે છે. અથવા હિંગાષ્ટકચૂર્ણ વાલ બે, શંખભસ્મ વાલ એક તથા ઝેરકચૂરાનું શુદ્ધ કરેલું ચૂર્ણ (દિવેલમાં બનાવેલું) વાલ બે મેળવીને ઊના પાણી સાથે આપવાથી વાયુનું અને કફનું શૂળ તરત મટે છે. તથા પિત્તના શૂળમાં છાશ સાથે આપવાથી ફાયદો થાય છે.

ગુલ્મરોગઃ-મિથ્યા આહાર અને મિથ્યા વિહારથી આમાશયમાં રહેલો કલેદન કફ અને અગ્ન્યાશયમાં રહેલા પાચક પિત્તને વાયુ પોતાના અતિયોગથી સૂકવીને તેને પેટનાં આંતરડાંમાં ફેરવે છે. આથી ગોળાકાર અથવા લંબગોળાકાર જેવી એક અથવા વધારે ગાંઠો પેટમાં ફરતી જણાય છે અને તે સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યંત દુખાવો થાય છે તેને ગુલ્મરોગ કહે છે. જો કે વાતગુલ્મ પિત્તગુલ્મ, કફગુલ્મ, ત્રિદોષગુલ્મ અને રક્તગુલ્મ એ રીતે ગુલ્મ-રોગ પાંચ પ્રકારના નક્કી કરેલા છે; તે પ્રમાણે બે બાજુનાં પાંસળાં, હૃદય, નાભિ અને બસ્તિ એ પાંચ સ્થાનો ગુલ્મનાં સ્થાન તરીકે નક્કી કરવામાં આવ્યાં છે. જો કે ગુલ્મની ગાંઠ ગમે તે દોષથી ઉત્પન્ન થયેલી હોય, તો પણ તેમાં વાયુનો અતિયોગ અને જે દોષનું નામ આપવામાં આવે તેનો મિથ્યાયોગ અને બીજાનો હીનયોગ થાય છે. એટલે પિત્તગુલ્મમાં પિત્તનો મિથ્યાયોગ અને કફગુલ્મમાં કફનો મિથ્યાયોગ થાય છે. તે પ્રમાણે કૂખ, નાભિ અને બસ્તિમાં થયેલો ગુલ્મ ચલ છે અને હૃદયમાં થયેલો ગુલ્મ અચલ છે. એટલે ગુલ્મનો ચલાચલ ભાવ તેને ફરવાના અવકાશ ઉપર રહેલો છે. પાંચમા પ્રકારનો રક્તગુલ્મ છે, તે સ્ત્રીઓનેજ થાય છે. તેનું કારણ એવું છે કે રજોદર્શનના રુધિરમાં વાયુનો અતિયોગ થવાથી અને પિત્તનો હીનયોગ તથા કફનો મિથ્યા-યોગ થવાથી વાયુ તેને સૂકવે છે; તેથી પડવાળો ગોળો (ગાંઠ) ઉત્પન્ન થાય છે અને જેમ જેમ માસ વધતો જાય, તેમ તેમ રજ કફ સાથે મળીને વાયુથી બનેલા પડને ફુલાવતું જાય. એટલે જેમ માસે માસે ગર્ભ વૃદ્ધિ પામતો જાય છે, તેમ માસે માસે આ ગોળો વૃદ્ધિ પામતો જાય છે. આ રક્તગુલ્મમાં કફનો મિથ્યા-યોગ થવાથી તે સ્ત્રીનું શરીર, નિતંબ અને સ્તન ભારે થતાં જાય છે અને મુખમાં રસન કફના મિથ્યાયોગથી અરુચિ, મોળ અને ઊબકા શરૂ થાય છે; એટલે સામાન્ય રીતે ગર્ભને લગતાં તમામ લક્ષણો દેખાય છે. એટલા માટે આયુર્વેદાચાર્યોએ રક્તગુલ્મની ચિકિત્સા નવ માસ પૂરા થયા પછી કરવાની આજ્ઞા આપી છે. નિદાનશાસ્ત્ર જોતાં રક્તગુલ્મ છે કે ગર્ભ છે, તે જાણવાનું ચોક્કસ સ્ફુટ પ્રમાણ જણાતું નથી. પરંતુ રક્તગુલ્મ પારખવાની એવી રીત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે, જો પાંચ મહિનાનો અથવા સાત મહિનાનો ગર્ભ હશે, તો તો તે ગર્ભની ગાંઠને ખસેડવા જઇશું તો તે પોતાના સ્થાન પરથી ખસશે નહિ, પરંતુ રક્તગુલ્મની ગાંઠ હશે તો પેઢા પરથી દાબતાં ડાબા પાંસળામાં અથવા જમણા પાંસળામાં જેમ દબાવીશું તેમ ચાલી જશે. તે સ્ત્રીને સુવાડીને આપણે તે ગાંઠને દબાવીને ડાબા કિંવા જમણા પડખામાં અથવા પેટમાં લાવીને રોકી શકીશું, પણ તે સ્ત્રી બેઠી થઇ કે પાંસળામાંથી નીકળીને તે ગાંઠ ગર્ભસ્થાનમાં આવીને ગર્ભના જેવી દેખાશે. બીજી પરીક્ષા એવી છે કે, આઠ આઠ આંગળ લાંબાપહોળા સફેદ ધોળા રંગના કપડાના કટકા લઇ, તે બેઉ કટકાને ગેરુના પાણીમાં બોળી, સરખા નિચોવી, એક કટકો પેઢાની ગાંઠ ઉપર અને બીજો પેટ ઉપર મૂકવો. જો ગર્ભની ગાંઠ હશે તો બેઉ કટકા એકીવખતે સુકાઇ જશે, પણ રક્તગુલ્મ હશે તો ગુલ્મની ગાંઠવાળો કટકો મોડો સુકાશે. એટલે આંવી રીતની પરીક્ષા કરવાથી આપણા મનમાંથી શંકા નીકળી જશે. રક્તગુલ્મની ચિકિત્સા જે નવ મહિના પછી કરવાની કહેલી છે, તેનું એક કારણ એવું પણ છે કે, નવ માસ પછી એ ગાંઠ પરિપક્વ-પણાને પામે છે તેથી જો કોઇ ચિકિત્સકને શસ્ત્રક્રિયા કરવી હોય તો સહેલાઇથી કરી શકાય છે અને ગાંઠ પરિપક્વ ન થઇ હોય છતાં શસ્ત્રક્રિયા કરવામાં આવે છે, તો તે સ્ત્રીના જાનનું જોખમ થવાનો સંભવ છે. સ્ત્રીના પેટમાં ગાંઠ થયા પછી જો તે સ્ત્રી સધવા હોય તો તો ગર્ભના રૂપમાં ગણાયા પછી કોઇ જાતનો ભય રહેતો નથી. પરંતુ જો તે સ્ત્રી વિધવા હોય તો રક્તગુલ્મ થયા પછી તે રોગ છે કે ગર્ભ છે એવો નિશ્ચય નહિ થવાથી તેની આસપાસનાં કુટુંબીજનોમાં ગર્ભની શંકા ઉત્પન્ન થવાથી, તે સ્ત્રી ભારે વિપત્તિમાં આવી પડે છે. એટલા માટે રક્તગુલ્મની ખાતરી થયા પછી ભલે કોઇ ચિકિત્સક મુલતવી રાખે તો અડચણ નથી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ ચિકિત્સા કરવાથી રક્તગુલ્મ સુખસાધ્ય રીતે મટી શકે છે.

૧. વાતગુલ્મઃ–જે પદાર્થોથી વાયુનો હીન, મિથ્યા કે અતિયોગ થાય તેવા પદાર્થોનું સેવન કરવાથી અપાનવાયુમાં અતિયોગ થઈ તે સમાનવાયુમાં મિથ્યાયોગ કરી પાચકપિત્તનો હીનયોગ કરે છે. આથી વાયુના અતિયોગને લીધે અન્નને પચાવનારાં આંતરડાં સુકાય છે, એટલે ખાધેલું અન્ન તથા વાયુને ફરવાના માર્ગોનો સંકોચ થવાથી તેમાં શૂળ ઉત્પન્ન થાય છે અને તે શૂળને ઉત્પન્ન કરતો વાયુ આંતરડાંમાં ગાંઠનું રૂપ ધારણ કરી ગોળ અથવા લંબગોળ આકારમાં વખતે નાની અને વખતે મોટી ગાંઠના આકારમાં જણાય છે. આમ જે શૂળમાં સોયો ઘોંચવા જેવી પીડા થાય છે તેને વાતગુલ્મ કહે છે. વાતગુલ્મમાં અપાનવાયુનો અતિયોગ થઇ સમાનવાયુનો મિથ્યાયોગ થવાથી, અધોવાયુ છૂટતો નથી અને સમાનવાયુ પાનવાયુમાં અતિયોગ કરે જેથી રોગીનું ગળું અને મુખ સુકાય છે. વ્યાનવાયુના અતિયોગને લીધે જો રસધાતુ સુકાય તો રોગીની ચામડી આસમાની રંગની અને જો રક્તધાતુ સુકાય તો ચામડીનો રંગ રતાશ પડતો દેખાય છે. વાયુનાં પાંચે સ્થાનોમાં અતિયોગ થવાથી જેમ હવામાં વંટોળિયો થાય છે, તેમ શરીરના દરેક ભાગમાં વાયુ આવર્તન કરે છે; તેથી હૃદય, કૂખ, પાંસળાં બ્રમા અને આંખો દુખે છે. ખાધેલું અન્ન પાચન થયા પછી ગાંઠ વધારે ઊપસી આવે છે, એટલે વાયુનો સંપૂર્ણ ઉપદ્રવ જણાય છે.

૨. પિત્તગુલ્મઃ–તીખું, ખાટું, તીક્ષ્ણ, ઉષ્ણ, બળતરા કરવાવાળું તથા લૂખું અન્ન ખાવાથી, ક્રોધથી, અત્યંત મદિરાપાન કરવાથી, અત્યંત તડકામાં ફરવાથી, અત્યંત અગ્નિ પાસે બેસવાથી અને ખાધેલા અન્નનો રસ વિદગ્ધ થવાથી તે રોગીને વિદગ્ધાજીર્ણ થાય છે. એ અજીર્ણથી પિત્ત દગ્ધ થઈ ગુલ્મના રૂપમાં ગોળો બંધાઇ, પાચકપિત્તના તથા રંજકપિત્તના સ્થાનમાં ગાંઠનું રૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધારણ કરે છે; જેથી પિત્તનાં પાંચે સ્થાનોમાં પિત્તનો મિથ્યાયોગ થાય છે, એટલે વાયુથી પિત્તના રસને આવર્ત થવું પડે છે. આથી ભ્રાજકપિત્ત તાવ લાવે છે, સાધકપિત્ત તરસ લગાડે છે, આલોચકપિત્ત મુખનો રંગ લાલ બનાવે છે અને પાચકપિત્તની સાથે રહેલો વાયુ અન્નને પાચન કરતાં શૂળ ઉત્પન્ન કરે છે. સાધકપિત્ત દગ્ધ થવાથી શરીરની ભીતર બળતરા થાય છે અને પાકેલ ગૂમડાની પેઠે ગુલ્મની ગાંઠ હાથનો સ્પર્શ સહન કરી શકતી નથી. એવાં લક્ષણોવાળા ગુલ્મને પિત્તગુલ્મ કહે છે.

૩. કફગુલ્મઃ–ઠંડા, ટાઢા, જડ તથા ચીકણા પદાર્થોનું સેવન કરવાથી, જમ્યા ઉપર જમવાથી કે દિવસે ઊંઘવાથી, કફનો અતિયોગ થઈ વાયુ સાથે આવર્ત થઇ ગાંઠનું રૂપ ધારણ કરી હૃદયમાં, કૂખમાં તેમજ બરોળમાં પીડા ઉત્પન્ન કરે છે. અને કફના અતિયોગને લીધે શરીર ભીનું લાગે છે, સુસ્તી આવે છે, ગ્લાનિ થાય છે, ખાંસી તથા શ્વાસ થાય છે, પીડા થોડી થાય છે પણ ગુલ્મની ગાંઠ ઊપસેલી હોય છે તેને કફગુલ્મ કહે છે.

એવી રીતે એકેક દોષનાં અથવા બબ્બે દોષનાં અને ત્રિદોષનાં મિશ્ર લક્ષણો અને મિશ્ર ઉપદ્રવો જણાય તે તે પ્રમાણે ચિકિત્સકે તેનું નિદાન કરવું.

જે ગુલ્મમાં ક્રમથી ધીરે ધીરે વૃદ્ધિ પામતી ગુલ્મની ગાંઠ જ્યારે આખા પેટમાં છવાઇ જાય છે અને જેને લીધે દોષો ધાતુઓને ઉત્પન્ન કરતા અટકી જાય છે, ત્યારે ગુલ્મની ઉપર નાડીઓનાં જાળાં વીંટાઈ વળે છે અને ગુલ્મની ગાંઠ કાચબાની પીઠ માફક ઊપસેલી જણાય છે ત્યારે તેને અસાધ્ય જાણવું. એટલી સ્થિતિએ ગાંઠ આવી એટલે રોગી અશક્ત બને છે, અન્નનો અભાવ થાય છે, ગભરાટ અને સંતાપ થાય છે, ઉધરસ અને ઊલટી થાય છે, તાવ, તરસ અને ઊંઘથી આખો દિવસ ધૂંધ બની રહે છે; તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગીના રોગને અસાધ્ય જાણવો. ઊલટી અને પાતળા દસ્તથી જે ઘણો હેરાન થાય છે, તેવા ગુલ્મરોગીના હાથ, પગ, હૃદય અને નાભિ ઉપર સોજો ચડી આવે છે અને પછી તરત તેને તાવ અને દમ થઇ આવે છે. આવી સ્થિતિએ પહોંચતાં રોગી પ્રાણમુક્ત થાય છે. વળી દમ, શૂળ, તરત અન્નદ્વેષ અને ગુલ્મની ગાંઠ એકદમ મટતાં એટલે સમાઇ જતાં રોગી તદ્દન અશક્ત થઇ જાય તો સમજવું કે રોગીનું મોત આવ્યું નથી.

જો રોગીને રક્તગુલ્મ થયું હોય અને તેની ગાંઠ પરિપકવપણાને પામી હોય, એટલે નવ મહિના વીતી ગયા હોય તો તે રોગીને નીચેની દવા આપવીઃ—

સ્નુહીક્ષીર ગુટિકાઃ—એક શીશીમાં શેકેલી ચણાની દાળ ભરવી. પછી તેમાં કંટાળા (ભૂંગળી) થોરનું દૂધ ભરવું. તેને બૂચ મારી તે શીશીને ચૂલાની અંગારમાં દાટવી. જો સગવડ ન હોય તો શીશી સમાય એવડો આડો ખોદી તે આડામાં શીશી મૂકી, ઉપર છ આંગળ માટોડું દાબી, દરરોજ પાંચ દિવસ સુધી પાંચ પાંચ શેર છાણાંનો અગ્નિ બાળવો. પાંચમે દહાડે તે શીશી કાઢી લઇ તેનું પાસું બદલી પાછી તે આડામાં દાટી, ઉપર પ્રમાણે અગ્નિ આપવો. એવી રીતે દશમે દહાડે તે શીશીને કાઢીશું તો શીશીના બે કટકા થયેલા નીકળશે; તેથી સંભાળીને કાઢી લઇ, તે દૂધવાળી દાળને બારીક વાટી, વટાણા જેવડી ગોળી વાળી, તડકે સુકાયા પછી ભરી મૂકવી. રક્તગુલ્મના રોગીને દિવસમાં બબ્બે ગોળી ત્રણ વખત પાણી સાથે ગળાવી, તે ઉપર આખા દિવસમાં એક પપૈયાનું પાકું ફળ વગર બાફેલું બવડાવવું અને તે રોગીને મીઠાશ જરા પણ બાવા દેવી નહિ. એવી રીતે ચારથી છ મહિના સુધી મીઠાશની પરેજી કરાવી, પપૈયાનાં ફળ બવડાવી, આ ગોળીનું સેવન કરાવવાથી કોઇ પણ જાતની સ્વેદન, છેદન કે ભેદનક્રિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યા સિવાય યોનિમાર્ગથી લોહી કે પરુ પડ્યા સિવાય રક્તગુલ્મની ગાંઠ પીગળીને મટી જાય છે અને રોગી તંદુરસ્ત બને છે. રોગીને ઘણો અટકાવ આવતો હોય તો તે નિયમિત થાય છે અને ગુલ્મને લીધે બંધ થઇ ગયો હોય તો પાછો શરૂ થાય છે. આ ગોળીથી જુલાબ, ઊલટી, ગભરામણ કે પેટમાં દુખાવો થતો નથી.

જો વાયુનું ગુલ્મ હોય તો દિવેલીનો ખોળ, સૂકી, હળદર અને મીઠું, લસણ બાંડી, થોડું પાણી નાખી ગરમ કરી, પેટ પર તેના પાટા બાંધવા. અથવા કાળા તલ બાંડી તેમાં કાળી રેતી મેળવી પોણીમાં ગરમ કરી તેની પોટલી બાંધી તે વડે શેક કરવાથી ઘણો ફાયદો થાય છે. તે ઉપરાંત **બૃહદ્કુબ્યાદરસની** બબ્બે ગોળી બાટી છાશ સાથે આપવાથી ગુલ્મને વેરી નાખે છે. અથવા **શંખાવટી, સ્તનહીરક્ષીરગુટિકા કે શીતલંજીરસની** બબ્બે ગોળી આપવાથી પણ વાતગુલ્મ મટે છે. જો **પિત્તગુલ્મ હોય** તો જ્યારે પુષ્કળ શૂળ મારતું હોય ત્યારે ડૂંટી ઉપર ધાતુનું પાત્ર મૂકી તે પાત્રમાં થોડો બરફ (આઇસ) નાખી રહેવા દેવું; એટલે પિત્તનું શૂળ અને પિત્તગુલ્મનો દુખાવો નરમ પડે છે. પિત્તગુલ્મમાં પિત્તને શાંત કરે અને વાયુનું અનુલોમન કરે એવા ઉપચારો કરવાથી વિશેષ ફાયદો થાય છે. પરંતુ અમારા વિચાર પ્રમાણે **અમૃતહરીતકી** પિત્તગુલ્મને લાંબા દિવસના સેવનથી જરૂર મટાડે છે. જો **કફગુલ્મ થયું હોય તો** મીઠું અને રેતીમાં તલનો ખોળ મેળવી, બાંડી, થોડું પાણી નાખી, ગરમ કરી તેના પાટા બાંધવા. અથવા મીઠું, હળદર, અજમો, હિંગ અને સુવા સમભાગે મેળવીને ગરમ કરી પોટલી બાંધી તેનો શેક કરવો; અને કફગુલ્મના રોગીને રસસિંદૂર કે શિલાસિંદૂર આપી, ઉપર સ્નેહપાન કરવાથી ફાયદો થાય છે. અથવા આગળ બતાવેલો **કુંવારનો અર્ક** અગર **ભોંયરીંગણીનો અર્ક** દિવસમાં ત્રણ વાર બબ્બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોલા આપવાથી કફગુલ્મ મટે છે. અથવા સાગનાં બીજની ગોળી આપવાથી વાત-કફ-ગુલ્મમાં વધારે ફાયદો થાય છે.

ઝાડવાંની માત્રાઃ—અરણીનાં લાકડાં, મરીકંથારનાં લાકડાં, દિવેલાનાં લાકડાં, તલનાં તલસરાં, બરસાણીની ડીરી, કંટાળા-થોરનાં લાકડાં, આકડાનાં લાકડાં, કેળનો થોથો, તુલસી અને આમલીનાં ફળ ઉપરનાં છોડાં; એ પ્રમાણેના ઝાડોનાં લાકડાં એટલે ડાંખળાં, મળે તો ફળ, ફૂલ અને પાતરાં સાથે એકઠાં કરી, સૂકવી એક ખાડો ખોદી તે ખાડામાં અર્ધાં લાકડાં ભરી બાળી મૂકવાં. તેનો પાકો દેવતા થાય એટલે અજમો, અજમોદ, સૂંઠ, સૂકી હળ-દર, આંબાહળદર, સાજીખાર, સંચળ, સિંધવ, બંગડીખાર તથા પાપડિયો ખાર એ બધાં વસાણાં એકેક શેર લઈ, ખાંડી પેલા ખાડામાં નાખવાં. પછી બાકીનાં લાકડાં તે ઉપર બાળવાં. બળીને તેની ભસ્મ થઈ જાય તેવી રીતે ઠંડાં પડ્યા પછી તે તમામ ઝાડ-વાંની રાખોડી અંદર નાખેલા ક્ષાર સાથે કાઢી લઈ, એક મોટા તપેલામાં નાખી, તેમાં રાખોડીના વજન કરતાં ત્રીસગણું પાણી નાખી, રહેવા દેવું. દરરોજ દિવસમાં બેત્રણ વાર લાકડીથી તેને હલાવવું. હાથ ઘાલીને હલાવશો તો વખતે હાથે છાલાં પડશે. ચોથે દિવસે તે પાણી નીતરતું ગાળી લઈ, ચૂલા પર ચડાવી બાળતાં બાળતાં દૂધપાક જેવો ક્ષારનો રગડો થાય ત્યારે ઉતારી લઈ, તે ક્ષારને તડકે સૂકવી, વાટી શીશીમાં ભરી લેવો. જો હવા લાગશે તો ક્ષારનું પાણી થઈ જશે. એ ક્ષારમાંથી ત્રણે પ્રકારના ગુલ્મના રોગીને પેટના દુખાવાના રોગીને અથવા બરોળ કે યકૃતમાં સોજો આવ્યો હોય તેવા રોગીને એકેક વાલ, દિવસમાં ત્રણ વાર છાશ સાથે અથવા ગરમ પાણી સાથે આપવાથી ગુલ્મરોગ સારા થાય છે.

ઉદાવર્ત રોગઃ—જે માણસ ભયથી, શોકથી લજ્જાથી અને આળસથી પોતાના શરીરમાં ઉત્પન્ન થતા તેર પ્રકારના વેગો પૈકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે પ્રકારના વેગને રોકે છે, તે પ્રકારના પોતાના સ્થાનથી ચલિત થયેલા દોષોને તે તે સ્થાનમાં રહેલો અપાનવાયુ બહાર કાઢવા દે નહિ, અથવા તે તે સ્થાનોમાં રહેલા પિત્ત તથા કફને જોઇતું પોષણ મળે નહિ; બલ્કે ઊલટા તેને સૂકવી નાખે. આથી શરીરમાં જે જે સ્થાનના વેગોને રોકવામાં આવે, તે તે સ્થાનના દોષોમાં હીન, મિથ્યા અને અતિયોગ થવાથી જે પીડા શરીરમાં ઉત્પન્ન થાય તેને ઉદાવર્ત રોગ કહે છે. કેટલાક દેશોમાં એવો રિવાજ છે કે, સભામાં બેઠેલો અથવા વડીલની પાસે બેઠેલો કોઈ પણ માણસ અધોવાયુને અવાજ સાથે જવા દે, તો તેની આબરૂ જાય. બલ્કે ભોગજોગે આધોવાયુ છૂટી ગયો તો તે માણસને એટલી બધી શરમ આવે, કે ઘણા દિવસ સુધી કોઇને તે મોં પણ બતાવી શકે નહિ ! એવીજ રીતે **અધોવાયુના** વેગને, **વિષ્ટાના** વેગને, **મૂત્રના** વેગને, **બગાસાંના** વેગને, **આંસુના** વેગને, **છીંકના** વેગને, **ઓડકારના** વેગને, **ઊલટી, શુક્ર, ક્ષુધા, તૃષા, શ્વાસ** અને **નિદ્રાના** વેગને રોકવાથી જુદી જુદી જાતના તેર પ્રકારના ઉદાવર્ત રોગ થાય છે. બીજા રોગોમાં મિથ્યા આહાર અને વિહાર અથવા કોઈ આગંતુક કારણથી રોગ ઉત્પન્ન થાય છે અથવા માનસિક વિચારથી રોગ ઉત્પન્ન થાય છે; પરંતુ આ ઉદાવર્તમાં લજ્જાથી અધોવાયુ, આળસથી મળમૂત્ર, ભયથી બગાસાં, છીંક, ઓડકાર, શુક્ર, ક્ષુધા, તૃષા, નિદ્રા અને શોકથી આંસુ, ઊલટી તથા શ્વાસના વેગને રોકવા પડતા હોવાથી કાંઈ આંગતુક કારણ કહેવાય નહિ. એટલે ઉદાવર્તમાં જે જે વેગને રોકવાથી જે જે ઉપદ્રવો શરીરમાં વ્યાધિરૂપે જણાય છે, તેનું નિદાન કરવામાં ચિકિત્સકો મિથ્યા આહાર અને મિથ્યા વિહારથી ઉત્પન્ન થયેલા ઉપદ્રવો માનીને તેની ચિકિત્સા કરવા જાય તો તેમાં તે નિષ્ફળ નીવડે છે. કારણ કે મિથ્યા આહાર–વિહારથી દોષમાં તેનો હીન, મિથ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અતિયોગ થઈને દોષોના આશયને તથા અગ્નિની કળાને બગાડી ઉપદ્રવરૂપે દેખાય છે. આ ઉદાવર્તમાં ભયથી, શોકથી અથવા આળસ કે લજ્જાથી શરીરના ચાલતા પ્રવાહને ઊલટી દિશામાં વહેવડાવવાથી મળમાં બગાડ થઈ, પછીથી દોષો, ધાતુઓ, આશયો અને કળાઓમાં બગાડ થાય છે. માટે રોગીએ કયા વેગને રોકેલો છે તે શોધી કાઢવામાં ન આવે ત્યાં સુધી તે રોગી ઉપર કોઇ પણ જાતની ચિકિત્સા ફળીભૂત થઈ શકતી નથી.

ઉદાવર્ત રોગમાં મુખ્યત્વે વાયુ પ્રાધાન્ય ભોગવે છે, એટલે અધોવાયુ, મળ અને મૂત્ર રોકવાથી અપાનવાયુનો હીન, મિથ્યા કે અતિયોગ થાય છે. ક્ષુધા કે તૃષા રોકવાથી સમાનવાયુનો, બગાસાં, ઓડકાર, ઊલટી અને શ્વાસ રોકવાથી પ્રાનવાયુનો, નિદ્રા, આંસુ અને છીંક રોકવાથી ઉદાનવાયુનો તથા શુક્ર એટલે કામના વેગને રોકવાથી પાંચે વાયુનો હીન, મિથ્યા અને અતિયોગ થાય છે.

અધોવાયુ રોકવાથી વાયુ, મળ અને મૂત્રકબજ થાય છે, પેટ ચડે છે, પેટમાં દુઃખાવો થાય છે અને વખતે રોગી બેહોશ થાય છે. **ઝાડો રોકવાથી** પેટમાં ગુડગુડ શબ્દ થાય છે, ચૂંક આવે છે, ગુદામાં સોયા ભોંકાય એવી પીડા થાય છે, મળ કઠણ થઈ જાય છે અને વખતે મળની ગંધવાળા ઓડકાર આવે છે. **મૂત્ર રોકવાથી** મૂત્રાશય અને લિંગમાં શૂળ મારે છે; મૂત્રકૃચ્છ્ર થાય છે, માથામાં શૂળ મારે છે, ગાત્રો શિથિલ થઈ જાય છે, અંડકોશમાં પીડા થાય છે અને વખતે અંડની સંધિ ખેંચાઇ જાય છે. **બગાસું રોકવાથી** ડોકની નસો અને ગળું તણાય છે, મસ્તકમાં વાયુની પીડા થાય છે અને તેમાંથી આંખના, નાકના, મુખના અને કાનના રોગો લાગુ પડે છે. **આંસુ રોકવાથી** નેત્રના રોગો અને માથા ઉપર બોજો મૂકયો હોય એવું થાય છે તથા વખતે પીનસરોગ થઈ જાય છે. **છીંક રોકવાથી** ડોકી ખેંચાય છે, કપાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુખે છે, અધું મુખ વાંકું થાય છે, આદાશીશી થાય છે અને બધી ઇંદ્રિયો દુર્બળ બને છે. **ઓડકાર રોકવાથી** કંઠ અને મોઢું ભર્યા જેવું લાગે છે અને તેમાં સોયો ભોંકાયા જેવી પીડા થાય છે, તોતડું બોલાય છે; શ્વાસ અને પ્રશ્વાસ લેવાતા અટકી જાય છે અને વખતે હેડકી જેવા વાયુમાંથી ઉત્પન્ન થનારા ભયંકર વિકાર ઉત્પન્ન થાય છે. **ઊલટીના વેગને** રોકવાથી શરીરે ખૂજલી થાય છે, મોટાં મોટાં ઢીમાં થાય છે, અન્ન પર અભાવો થાય છે, મુખ પર કાળા ડાઘ પડે છે, સોજા અને પાંડુરોગ થાય છે, તાવ આવે છે અને વખતે કોઢનો અને વિસર્પનો ભયંકર વ્યાધિ થાય છે. **કામના વેગને** તથા **શુક્રના વેગને** રોકવાથી મૂત્રાશયમાં સોજો ચડે છે અને તેમાં અસહ્ય, તીવ્ર અને તીક્ષ્ણ વેદના થાય છે; પેશાબ કબજ થાય છે, શુક્રાશ્મરી (પથરી) બંધાય છે, વીર્ય ગળે છે અને વખતે ઇંદ્રિયના સોજાથી મનુષ્યનું મરણ થાય છે. **ભૂખના વેગને** રોકવાથી આંખે અંધારાં આવે છે, શરીર કળે છે, અરુચિ થાય છે અને આંખોમાં ખાડા પડી જાય છે. **તરસના વેગને** રોકવાથી ગળું તથા મોઢું સુકાય છે, કાન બહેરા થાય છે, હૃદયમાં પીડા થાય છે અને શરીરની રસધાતુ સુકાય છે. **શ્વાસોશ્વાસના વેગને** રોકવાથી હૃદયરોગ, મૂર્છા અને ગુલ્મની ગાંઠ થાય છે. **નિદ્રાના વેગને** રોકવાથી બગાસાં પર બગાસાં આવે છે ને આખું અંગ કળે છે, નેત્ર અને માથું અત્યંત ભારે થઇ જાય છે અને ઝોકાં પર ઝોકાં આવે છે.

ઉપર પ્રમાણેનાં તેર જાતનાં ઉદાવર્તનાં લક્ષણો ઉપરથી રોગનું સ્વરૂપ સમજાયા પછી જે જે કારણથી રોગ ઉત્પન્ન થયો હોય તે તે કારણોનો ત્યાગ કરવાથી અથવા જે જે વેગો રોકાયલા છે, તે તે વેગની પ્રવૃત્તિ કરાવવાથી, તે તે ઉપદ્રવોની શાંતિ થાય છે. પરંતુ ઉદાવર્તમાં ભયંકર રૂપો ધારણ કરનારા અધોવાયુ, મળ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂત્ર, કામ અને શ્વાસના વેગને રોકવાથી જે રોગ થાય છે, તેની ચિકિત્સા દીપન, પાચન, અનુલોમન, શમન અને ભેદન ઔષધોથી કરવી. સામાન્ય રીતે એ ચાર ઉદાવર્તમાં અમૃતહરીતકી, ક્ષુધાસાગરરસ, શ્રીફળક્ષાર, વિશાળાક્ષાર, સ્નુહીક્ષીર ગુટિકા અને હિંગાષ્ટકચૂર્ણ વધારે કામ કરે છે. અથવા કામના વેગને રોકવાથી થતા ઉપદ્રવમાં ચંદ્રપ્રભા ગુટિકા કે જે પ્રમેહના નિબંધમાં લખવામાં આવશે, તેનું સેવન કરવાથી ઘણો ફાયદો થાય છે. તેવી રીતે ભૂખને રોકવાના ઉદાવર્તમાં તર્પણક્રિયા એટલે પેયા, યવાગુ, વિલેપી વગેરે પકવાન્નો, દીપન પાચન એટલે હિંગાષ્ટક જેવાં ચૂર્ણો મેળવીને પાવાથી ઘણો ફાયદો થાય છે. મળને રોકવાથી મળની ગાંઠ બંધાઈ ગઇ હોય તો તેના ગુદાદ્વારમાં સ્નેહબસ્તિ (પિચકારી) નો ઉપયોગ કરવો. અને તે પછી તેને સારક, અનુલોમન, અથવા ભેદન ઔષધો એટલે હરડે, હિંગ અને કડુ જેવા પદાર્થો જેમાં આવ્યા હોય, એવાં ઔષધોની યોજના કરવી; એટલે ઉદાવર્ત રોગ મટી જશે. ઉદાવર્ત રોગમાંથી ઘણી વાર અનાહવાયુ જેને અંગ્રેજીમાં 'ડિસ્પેપ્સિયા' કહે છે, તે થાય છે. એટલે તે રોગીથી ખવાતું નથી, ખાય તો હજમ થતું નથી અને પેટ ભારેનું ભારે જણાયા કરે છે. આથી દિન પર દિન પેટ વધતું જાય છે અને શક્તિ ઘટતી જાય છે. આવા રોગમાં પથ્યાગૂગળ, અમૃતહરીતકી અને કૃમિશત્રુ તથા શંખાવટીની બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર બેત્રણ મહિના લાગટ આપવાથી અનાહવાયુ મટી જાય છે.

શૂળ, ગુલ્મ અને ઉદાવર્તરોગના કેટલાક ઉપાયો

૧–વૈદ્ય ધીરજરામ દલપતરામ–સુરત

૧. ક્ષારામૃત ચૂર્ણ:–સંચળ તોલો ૧, સિંધવ તોલો ૧, સાજી તોલો ૧, વડાગરું મીઠું તોલો ૧, ટંકણખાર તોલો ૧,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવસાર તોલો ૧, બંગડીખાર તોલો ૧, ખડિયોખાર તોલો ૧, જવખાર તોલો ૧, મરી તોલા ૨, હરડે તોલા ૨, આમળાં તોલા ૨, સુવા તોલા ૨, સૂંઠ તોલા ૨, પીપર તોલા ૨, બહેડાં તોલા ૨, અજમો તોલા ૨ અને લસણની કળી તોલા ૫, લઇ પ્રથમ લસણ સિવાયની બધી વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કર્યા, પછી લસણને જુદું ઘૂંટી તેમાં ત્રણચાર લીંબુનો રસ નાખી ઘૂંટતા જવું અને થોડું થોડું પેલું ચૂર્ણ નાખતા જવું. સઘળું ચૂર્ણ તેમાં મળી જાય એટલે તેને છાયામાં સૂકવી બાટલીમાં ભરી રાખવું. આ ચૂર્ણમાંથી બે આનીભાર ફાકી ઉપર આદુ–કુદીનાનો ઉકાળો પીવાથી શૂળ મટે છે. આ ચૂર્ણ ગર્ભિણી સ્ત્રી અને નાનાં બાળકોને આપવું નહિ.

૨. સંચળપાક ગુટિકાઃ–સંચળ તોલા ૧૫, પીપર તોલા ૬, મરી તોલા ૬, ટંકણખાર તોલા ૩, શાહજીરું તોલા ૨, જીરું તોલા ૨, જવખાર તોલા ૫, ચિત્રો તોલા ૨, અક્કલગરો તોલા ૬, સૂંઠ તોલા ૫ અને સિંધવ તોલા ૫ એ સર્વને ખાંડી તેમાં લીંબુનો રસ શેર ૨॥ નાખી તેને ચૂલે ચઢાવી સારી પેઠે પકાવી પછી ખરલમાં નાખી બે દિવસ ઘૂંટીને વટાણા જેવડી ગોળી કરવી, એ ગોળી ૧ થી ૪ સુધી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવાથી પરિણામશૂળ, ઉદરરોગ, મંદાગ્નિ અને પેટના વાયુને મટાડે છે.

૩. શંખાદિવટીઃ–શંખભસ્મ તોલા ૫, સંચળ તોલા ૫, સિંધવ તોલા ૫, અજમો તોલા ૫, સૂંઠ તોલા ૫, મરી તોલા ૫, શેકેલી હિંગ તોલા ૨॥, પીપર તોલા ૨॥, લવિંગ તોલો ૧ અને તજ તોલો ૧ એ સઘળાંને લીંબુના રસમાં ઘૂંટી ચણા જેવડી ગોળી વાળવી. એકથી બે ગોળી પાણી સાથે દિવસમાં બેથી ત્રણ વખત આપવાથી શૂળ મટે છે.

૪. લેપઃ–ઘોડાવજ, સેકટાનું મૂળ, સામરશિંગુ, આંબા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હળદર અને વછનાગ એ સર્વને લીલી હળદરના રસમાં ઘસીને તેમાં જરા ચોખ્ખી હિંગ નાખીને ગરમ કરીને ચોપડવાથી વાંસા તથા પાંસળાનું શૂળ મટે છે.

૨–વૈદ્ય રુઘનાથસિંગ ગયાદીન–સુરત

શૂળગજકેશરીઃ–શેકેલા ઝેરકચૂરા તોલા, ૨, શેકેલાં કાચકાં તોલા ૨, હિંગ તોલો ૦॥, ટંકણ તોલો ૦॥, અજમો તોલો ૦॥, પીપર તોલો ૦, પીપળીમૂળ, ચવ્વક, કાળાં મરી, સૂંઠ, હરડે સાજી, સિંધવ, જવખાર, સંચળ, ગંધક અને પારો એ ૦ ૦ તોલો લઇ વાટી લીંબુના રસમાં બે થી ત્રણ વાર એકેકી ગોળી પાણી સાથે આપવાથી શૂળ મટે છે.

૩–વૈદ્ય અંબારામ શંકરજી–વાગડ

૧. **શૂળઃ**–સૂંઠ, જીરું, વછનાગ, મરી, વજ, હિંગ અને સિંધવ સમભાગે લઇ ગોળમાં ચણા જેવડી ગોળી કરી એકેકી આપવાથી શૂળ મટે છે.

૨. સાજીખાર, સૂંઠ અને હિંગની ફાકી ગરમ પાણી સાથે આપવાથી શૂળ મટે છે.

૩. ઘોડાની લાદનો રસ કાઢી તેમાં હિંગ નાખી પાવાથી શૂળ મટે છે.

૪. કળશીના કાઢામાં હિંગ, સૂંઠ અને સિંધવ નાખી પીવાથી શૂળ મટે છે.

૫. બહેડાં, સૂંઠ, હિંગ અને હીમજ એકેક ભાગ અને કાચકાના ગોટા ત્રણ ભાગ લઇ એનું ચૂર્ણ કરી એરંડિયા તેલમાં કરમોવી આપવાથી શૂળ મટે છે.

૬. ત્રિકટુ, પીપરીમૂળ, વજ, હિંગ, જીરું, શાહજીરું અને વછ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગ; સમભાગે લઇ લીંબુ તથા આદુના રસમાં બ્રહી મરી જેવડી ગોળીવાળી, ઊના પાણી સાથે આપવાથી આઠ પ્રકારનાં શૂળ મટે છે.

૭. શેકેલા ઝેરકચૂરા, ગંધક, સૂંઠ, મરી, પીપર, સિંધવ, હરડેદળ અને કુલાવેલી હિંગ; એ બધાંનું ચૂર્ણ કરી વાલ ૧, ઊના પાણી સાથે આપવાથી શૂળ મટીને ભૂખ લાગે છે.

૮. સાબરશિંગાની ભસ્મ તોલો ૦।। અને હિંગ તોલો ૦।। એ બેને એકત્ર કરી ૦।। તોલા ઘી સાથે ચાટવાથી શૂળ મટી જાય છે.

૯. રાજગરીનાં બીજ ૧ વાલને આશરે પાવાથી વાઢ મટી જાય છે.

૪-માસ્તર નરભેરામ હરજીવન-નવાગામ

૧. સૂંઠ, સાજી અને હિંગ સમભાગે લઈ બારીક ચૂર્ણ કરી ગરમ પાણી સાથે આપવાથી શૂળ મટી જાય છે.

૨. આમળાંનું ચૂર્ણ ઘીસાકરમાં આપવાથી મસ્તકશૂળ મટે છે.

૫-વૈદ્ય બાળાશંકર પ્રભાશંકર-નાંદોદ

આસન રૂા. ૨ ભાર. સૂંઠ રૂા. ૨ ભાર, હીમજી હરડે રૂા. ૪ ભાર અને સંચળ રૂા. ૪ ભાર લઈ એને વાટી વસ્ત્રગાળ કરી ૦।। રૂપિયા ભાર વજને પાણી સાથે આપવાથી બે વખતમાં ગમે તેવી ચૂંક, હશે તો મટશે.

૬-વૈદ્ય નંદરામ પ્રાગજી વકીલ-નાગેશ્રી

૧. કડુ તોલો ૧, ગરમાળાનો ગોળ તોલો ૧, ઇંદ્રવરણાં તોલો ૧, લસણ તોલો ૧, કેરડાનાં કુમળાં ફળ તોલો ૧, કાચકાની બીજ તોલો ૧, રાઈ તોલો ૦।।, પીપર તોલો ૦।।, હિંગ તોલો ૦।। અને ગૂગળ તોલો ૧, એ સર્વને વાટી કુંવારના રસમાં ચણીબોર જેવડી ગોળીઓ કરવી. પછી કુંવારના રસમાં અગર ગરમ પાણીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગર ઘોડાની તાજી લાદના રસમાં ગોળી ૨ થી ૩ આપવી. એ ગોળી શૂળ, ગુલ્મ, અનાહ, પેટપીડા અને બંધકોશ માટે ઉત્તમ છે.

૨. ઊંચી હિંગ ૧ ભાગ, તેનાથી ત્રણગણેા સિંધવ, તેનાથી ચારગણું એરંડિયું અને તેથી બમણેા લસણનેા રસ મેળવીને અવલેહ બનાવવેા. એ ચાટવાથી શૂળ, ગુલ્મ, પેટપીડા, અનાહ, ટાઢિયેા તાવ, પેટનેા વાયુ, સંધિવા, ઇત્યાદિ વાયુ તથા શરદીના રેાગેા ઉપર એક અદ્‌ભુત ઇલાજ છે.

૩. સૂંઠ તેાલેા ૧, બેાળ તેાલા ૨, કાળા તલ તેાલા ૪, લસણ તેાલા ૪, હિંગ તેાલેા ૦॥, ભિલામાંનેા મગજ તેાલેા ૧ લઇ વાટી ચૂર્ણ કરી રેાગીને ૦॥ તેાલા સુધી આપી ઉપર ગરમ દૂધ પાવાથી હૃદયરેાગ, ગુલ્મ, શૂળ, અનાહ, અર્શ, ચેાનિશૂળ, આડાની કબ્જિયાત અને વાયુ ટળી જાય છે. એ સિદ્ધેાપચાર છે.

૭–વૈદ્ય ભેાળાનાથ નર્મદાશંકર સ્માર્ત–સુરત

૧. લીંબુનેા રસ શેર ૧, સિંધવ તેાલા ૬ અને નવસાર તેાલા ૬ લઇ બાંડી એકઠું કરી જ્યારે ક્ષાર ગળી જાય એટલે ગાળીને શીશીમાં ભરી લેવેા. તેમાંથી તેાલેા ૦॥ થી ૦॥ સુધી કાચની ચલાણી અથવા હાથની હથેલીમાં લઇને ચાટી જવાથી પેટનેા ગમે તેવેા દુખાવેા હેાય તેને તરત બંધ કરે છે. અજીર્ણ તથા ગુલ્મ ઉપર પણ વપરાય છે.

૨. નેપાળેા તેાલેા ૦॥, હીમજ તેાલેા ૧, નસેાતર તેાલેા ૧, સેાનામકઇ તેાલેા ૧, એળિયેા તેાલેા ૧, સર્વનું ચૂર્ણ બનાવી ૦॥ તેાલેા ગરમ પાણી સાથે સવારસાંજ આપવું. ખેારાકમાં ફક્ત દૂધ–ભાત કે દૂધ ને રેાટલેાજ આપવેા. ખેારાક ઊનેા ઊનેા ખાવેા. હાથ-પગ પણ ગરમ પાણીએ ધેાવા. આ પ્રયેાગથી કાળા કીચડ જેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દસ્ત લાગે છે, પાણી બધું નીકળી જાય છે, પેટ બેસી જાય છે અને સોજા ઊતરી જાય છે. જો પરેજી સખત રાખે તો નાળકોટ, ગળંદર, કઠોદર વગેરે રોગો પણ સારા થાય છે.

૮-વૈદ્ય નૂરમહમદ હમીર-રાજકોટ

રાઇ, સરગવો, ગોળ, મીઠું અને હળદર, એને કુંવારના રસમાં ઘૂંટી તૈયાર રાખવું. (એ દવા બગડતી નથી.) પછી શૂળ નીકળતું હોય તથા સાંધાનો સોજો, ઉધરસ અને દમમાં છાતી પર, ઊલટીમાં લીવર પર અને બરોળ પર એનો લેપ મારવાથી ટિન્ચર આયોડિન જેટલું કામ કરે છે.

૯-વૈદ્ય મણિશંકર જદવજી જોશી-કાનપર

ઘોડીનાં લીંડાંના રસમાં હિંગ નાખી પાવાથી સખત શૂળ તરત બંધ થાય છે.

૧૦-એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. કાચકાનાં બીજ ૩ ભાગ, સંચળ ૧ ભાગ, હરડેદળ ૧ ભાગ, એળિયો ૧ ભાગ, ટંકણ ૧ ભાગ અને દિકામાલી ૧ ભાગ, લઈ તેનું ચૂર્ણ કરી પાણીમાં વાટી ગરમ કરી પેટે ચોપડવાથી બાળકોના પેટમાં રહેલો ભાર, કૃમિ, શૂળ વગેરે પેટના વ્યાધિ મટે છે.

૨. ગળો, સૂંઠ, દેવદાર, બપાટનાં મૂળ અને એરંડમૂળ, સમભાગે લઈ ઉકાળો કરી બાવાથી હૃદયશૂળ મટે છે.

૧૧-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

૧. ગુલ્મહરગુટિકાઃ-મોટી એરંડીનો મગજ શેર ૦॥, સંચળ શેર ૦, સિંધવ નવટાંક, સાજીખાર તોલા ૨॥, સૂંઠ તોલો ૧, કાળાં મરી તોલો ૧, પીપર તોલો ૧, તજ તોલો ૧, ગૂગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોલા ૫, લસણ તોલા ૫, કડુ તોલા ૫, લવિંગ તોલા ૨॥, આકડાનાં ફૂલની કળી તોલા ૫ અને ગોમૂત્ર શેર ૩૦, એ સર્વ વસ્તુ ખાંડી ગોમૂત્રમાં મેળવી કઢાઈમાં ચૂલે ચડાવવી. નીચે ધીમો તાપ કરવો અને ખડપાથી હલાવતા જવું. જ્યારે ગોળ જેવો પાક થાય ત્યારે નીચે ઉતારી ઠંડું પડવા દેવું. પછી તેમાંથી અગ્નિબળ પ્રમાણે વધુમાં વધુ ૦॥ તોલા સુધી દિવસમાં બે વાર કુંવારના રસ સાથે આપવું. ખટાશ અને વાયડી ચીજ ખાવા દેવી નહિ. જો આ ઉપાય બરાબર ૨૧ દિવસ કરવામાં આવે, તો જૂનામાં જૂનું ગુલ્મ મટે છે. ૨૧ દિવસથી વધારે ખાત્રામાં હરકત નથી.

૨. સાગનાં બીજ તોલા ૨॥, વાંસની ગાંઠ તોલા ૨॥, લવિંગ તોલો ૦॥ અને સંચળ તોલો ૦॥ લઈ એ સર્વને ખાંડી ઉકાળો કરી દિવસમાં એક વાર પાવાથી ગુલ્મ મટે છે.

૧૨–વૈદ્ય બાળકૃષ્ણ રત્નેશ્વર–સુરત

મહાકાલચૂર્ણઃ–મીઠું, સંચળ અને સિંધવ એ વીશ વીશ તોલા, મરી, સંચોરો, ગંગડીખાર, સમુદ્રફીણ, જવખાર, સૂંઠ, સૂરોખાર, અજમો અને અકલગરો, એ સર્વ બબ્બે તોલા લેવાં; પીપર, હરડેદળ, બહેડાંદળ, આમળાં, લવિંગ, જાયફળ, જાવંત્રી, ચિત્રો, હિંગ, વરિયાળી અને અજમોદ એ સર્વ એક એક તોલો લેવાં; સોનામુખી તોલા ૪, બિલામાં નંગ ૧૫, આકડાનાં પાકાં પાન નંગ ૨૫ અને ધંતૂરાનાં પાન નંગ ૨૫, એ સર્વને વાટીને એક માટીના વાસણમાં ભરીને મુખે મુદ્રા દઈને ગજપુટ અગ્નિ આપવો. સ્વાંગશીતળ થયે તેને વાટીને આદુના રસની તથા લીંબુના રસની એક એક ભાવના આપીને સૂકવીને રાખી મૂકવું. પછી અગ્નિબળ જોઈને આપવાથી યકૃત, પ્લીહા, ગુલ્મ પેટનું શૂળ, વગેરે રોગોને માડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩-વૈદ્ય રાધવજી માધવજી-ગોંડલ

૧. ગુલ્મ માટેઃ-આકડાના દૂધમાં કે રસમાં સાજીખારને ખરલ કરી ગોળી વાળી સુકાવી ગજપુટનો અગ્નિ આપવો જેથી સફેદ ભસ્મ થાય છે. એ ભસ્મને વાવડિંગના અનુપાનમાં આપવાથી ગુલ્મ મટે છે.

૨. ફટકડી, નવસાર, ટંકણખાર અને સૂરોખાર, એ સર્વ સમભાગે લઇ વાટી ગોળ સાથે આપવાથી ગુલ્મ મટે છે.

૧૪-વૈદ્ય લક્ષ્મીશંકર જાદવજી-ધંધુકા

કુલાવેલ ફટકડી, ટંકણખાર, કાચલવણ, એળિયો, હરડેદળ, લીંડીપીપર, આમળાં, અજમોદ, સાજીખાર, રાઇ, કાળીજીરી અને ગોળ, એ સર્વે વાટી વસ્ત્રગાળ કરી અડધા રૂપિયાભારને આશરે ગરમ પાણીમાં આપવાથી ગુલ્મ મટે છે.

૧૫-વૈદ્ય છગનલાલ આત્મારામ-સુરત

વાયુકફ ચૂર્ણઃ-કેલમ તોલા ૫, કાળાં મરી તોલા ૫, સૂંઠ તોલા ૫ અને બુંદ શેકેલા તોલા ૨૫ એ ચારે વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, બે વાલ ચૂર્ણ અને એક વાલ સિંધવ અથવા સાજીખાર મેળવી આદુના રસ સાથે ખાવાથી શૂળ ને ગુલ્મ મટે છે.

૧૬-વૈદ્ય નંદરામ પ્રાગજી-નાગેશ્રી

શંખદાવની સહેલી કૃતિઃ-નવસાર, સૂરોખાર, ફટકડી, અને જવખાર, એ ચારેને સમભાગે લઈ ચૂર્ણ કરી, લીંબુના રસમાં કાલવી પછી રોટલા બે ઘઉંના બનાવી, વચ્ચે ખાડો કરી, તેમાં આ ક્ષાર કાલવેલ નાખી, ઉપર બીજો રોટલો ઢાંકી બંને રોટલાનો સાંધો બીડી રોટલાને પાણી લગાવી આ લેપ કરી ફાટ પૂરી દઈ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બાટાને બંને બાજુ તવીમાં બદામી રંગનો થતાં સુધી પકાવી, કપડેથી ઉઠાવી હલાવી જોવો. અંદર રસનો જમાવ થયો જણાય ત્યારે એક શીશીના અગર પ્યાલાના મુખ પર મૂકી વચ્ચે સલાકાથી કાણું પાડવું, એટલે શંખદ્રાવ તેમાં દ્રવી પડશે. આ ક્ષાર અઢીથી પાંચ તોલા પાણીમાં ૫ થી ૧૦ ટીપાં નાખી પાવાથી ગુલ્મ, અનાહ, શૂળ, યકૃત, બરોળ, વિદ્રધિ અને અશ્મરી એ રોગોને હણવામાં ઘણોજ સારો છે. અશ્મરી (પથરી) ને કોડીની પેઠે ઓગાળી તોડી નાખે છે.

૧૭–વૈદ્ય મણિશંકર જાદવજી જોશી–કાનપુર

ગુલ્મ માટે:–ઘી ગરમ કરી નવટાંકથી ૦।। શેર સુધી શક્તિ પ્રમાણે પાવાથી ગોળા તુરત બેસી જાય છે.

૧૬–હૃદયરોગ

અતિ ઉષ્ણ, અતિ ભારે, અતિ ખાટા, અતિ તૂરા અને અતિ કડવા પદાર્થો ખાવાથી, બહુ થાક લાગવાથી, ટેવ વિના ડુંગર પર કે ઝાડ પર ચડવાથી, જમ્યા પર ફરી જમવાથી, અતિ ચિંતાથી કે મળમૂત્રાદિકના વેગને અટકાવવાથી વિકારયુક્ત થયેલા દોષો હૃદયમાં રહેલા રસને દુષ્ટ કરી હૃદયમાં ઘણી જાતની પીડા ઉત્પન્ન કરે છે, તેને **હૃદયરોગ** કહે છે. તે હૃદયરોગ વાતજ, પિત્તજ કફજ, સન્નિપાતજ અને કૃમિજન્ય એ રીતે પાંચ પ્રકારના છે. આ ઠેકાણે કોઇ શંકા કરે કે, શરીરમાં રસ ઉત્પન્ન થાય છે તે કોઠામાં થાય છે અને જ્યારે કોઠામાંથી પ્લીહા તથા યકૃતમાં આવીને રંજકપિત્ત સાથે મળે છે, ત્યારે રુધિર કહેવાય છે અને તે રુધિર હૃદયમાં જઇ સ્વચ્છ થઈ શરીરને પોષણ આપવા રક્તવાહિની શિરાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વારા શરીરમાં ફરવા જાય છે; તો પછી હૃદયમાં રહેલા રસને દુષ્ટ કરવાનો સંભવ કયાંથી હોય ? આના ખુલાસામાં જણાવવાનું કે, રસની ઉપર રંજકપિત્તે રંગ ચડાવ્યો હોય છતાં જ્યાં સુધી રક્ત દ્રવરૂપમાં રહે છે ત્યાં સુધી તે રસ ગણાય છે. બીજી રીતે લઇએ તો આખા શરીરમાં જે જે સ્થળે પસીનો થાય ત્યાં ત્યાં રસધાતુ રહેલી છે. એટલા માટે નિદાનશાસ્ત્રે હૃદયમાં રહેલા રસને દુષ્ટ કરવાનું લખેલું છે. વાયુ, પિત્ત, કફ, ત્રિદોષ તથા કૃમિથી ઉત્પન્ન થતા પાંચ પ્રકારના હૃદયરોગનાં વિસ્તારપૂર્વક લક્ષણો જાણવા માટે માધવનિદાન જોવું. પરંતુ ત્રિદોષસિદ્ધાંતના નિયમ પ્રમાણે જ્યારે સમાનવાયુમાં ક્લેદન કફનો મિથ્યાયોગ થાય છે અને પાચકપિત્તનો હીનયોગ થાય છે, તેથી હૃદયમાં પાનવાયુનો અતિયોગ અને અવલંબન કફનો મિથ્યાયોગ થઇ સાધકપિત્તનો હીનયોગ થાય છે. તેથી જો વાયુનો વિકાર વધારે હોય તો હૃદયમાં સોયો ખોસ્યા જેવી પીડા અને શૂળ થાય છે. જો કફનો મિથ્યાયોગ હોય તો ઊબકા, વારંવાર થૂંકવું વગેરે ઉપદ્રવો થાય છે અને પિત્તનો વિકાર હોય તો આંખે અંધારાં આવે છે. પરંતુ ત્રણે દોષનો છૂટા ન પડે એવો હીન, મિથ્યા કે અતિયોગ થયો હોય, તો ઉપર બતાવેલા ત્રણે જાતના ઉપદ્રવો જણાય છે. પરંતુ જ્યારે પાનવાયુનો હીનયોગ, સાધકપિત્તનો અતિયોગ અને અવલંબન કફનો મિથ્યાયોગ થયો હોય, તો અવલંબન કફમાં ચાર જાતનાં કૃમિ એટલે જંતુ ઉત્પન્ન થાય છે. આથી હૃદયમાં તીવ્ર પીડા સાથે ટાંકણીઓ ખોસ્યા જેવું દુઃખ થાય છે અને તે સાથે ચળ આવે છે. એવી રીતે પાંચ પ્રકારના હૃદયરોગ પૈકી કોઇ પણ પ્રકારનો હૃદયરોગ થયો હોય, છતાં દુષ્ટ અંતઃકરણવાળો અને જેની ઇંદ્રિયો વશ નથી એવો પુરુષ, તલ, દૂધ, ગોળ ઇત્યાદિ કફને ઉત્પન્ન કરનારા પદાર્થનું સેવન કરે, તો તે રોગીને હૃદયમાં ગાંઠ ઉત્પન્ન થાય છે અને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંઠને અંતરવિદ્રધિના નામથી ઓળખવી પડે છે; કારણ કે શરીરમાં રહેલાં એકસો ને સાત મર્મસ્થાનો પૈકી સાંધાઓમાં અથવા ગળું, ખભા, હૃદય, વાંસો, ડોક, હાથ, ગુદા, હાથપગના સાંધાઓ તથા વૃષણ ઇત્યાદિકમાં તેમાંના એકાદ ભાગમાં કલેદન કફને લીધે શરીરના કોમળ ભાગમાં રસધાતુ મિશ્ર થઈ, વાયુના અતિયોગથી ગાંઠ (વિદ્રધિ) બનાવે છે. આથી શરીરના કોમળ ભાગ એટલે મર્મસ્થાન ભેદાયાથી તે સ્થાનનો આત્મા તે સ્થાનને છોડી દે છે; અને ત્યાં જંતુ ઉત્પન્ન થાય છે એટલે તે રોગી હરતાંફરતાં, ખાતાંપીતાં તુરત મરણ પામે છે. પાંચે પ્રકારના હૃદયરોગ પૈકી કોઇ પણ પ્રકારના હૃદયરોગમાં હૃદયમાં જો ગાંઠ બંધાઇ હોય તો તેની ચિકિત્સા કરવી નહિ; પરંતુ હૃદયમાં અસહ્ય શૂળ મારતું હોય તો મૃગશૃંગ પુટપાક એક વાલ ઘી સાથે ચટાડવો તેથી શૂળ તરત બેસી જાય છે. એકંદરે હૃદયરોગ ઉપર અર્જુનાસવ ઘણું સરસ કામ કરે છે. એ અર્જુનાસવ નીચે પ્રમાણે બનાવવો.

અર્જુનાસવઃ–અર્જુનસાદડાની છાલ દશ રતલ, કાળી દ્રાક્ષ પાંચ રતલ અને મહુડાં બે રતલ એ ત્રણેને આઠ મણ પાણી મૂકી ઉકાળવાં. જ્યારે એક મણ પાણી બાકી રહે ત્યારે ધાવડીનાં ફૂલ બે રતલ તથા ગોળ દશ રતલ નાખીને મેળવીને વાસણમાં ભરીને એક મહિના સુધી રહેવા દેવું; એટલે અર્જુનાસવ અથવા અર્જુનારિષ્ટ તૈયાર થાય છે. એ આસવ દિવસમાં બે વાર રોગીને અનુકૂળ પડતો ખોરાક ખવડાવ્યા પછી ઓછામાં ઓછો એક તોલો અને વધુમાં વધુ ચાર તોલા સુધી આપવાથી, હૃદયના તમામ રોગો તથા ફેફસાંમાં આવેલા સોજા વગેરેને મટાડે છે. આ આસવ બનાવતાં સાવધાની એટલી રાખવાની છે કે, દર અઠવાડિયે એને તપાસતા રહેવું. એટલે એની અંદરના પદાર્થો જે છારીના રૂપમાં ઉપર આવી થર બંધાયો હોય તે કાઢી નાખવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી રીતે જ્યારે કૂંગ કે થર આવતો બંધ થાય ત્યારે તે ઉપયોગમાં લેવો.

અર્જુનઘૃતઃ–અર્જુનસાદડાની છાલ શેર પાંચ લઇ તેને ખાંડી પાંચ શેર દૂધમાં ચટણી બનાવી, તેમાં ગાયનું ઘી શેર એક નાખી ઉકાળતાં ઘી માત્ર બાકી રહે તે ઘી પાવાથી અથવા બવડાવવાથી હૃદયરોગના રોગીને ઘણો ફાયદો કરે છે. પરંતુ એ જાતનું ઘી બનાવતાં પ્રથમ સાદડાની છાલને સોળગણા પાણીમાં ઉકાળી, ચોથો ભાગ પાણી રહે ત્યારે તેને ગાળી, તેમાં એક શેર ઘી તથા પાંચ શેર દૂધ નાખી ઉકાળવું. પછી ઘીનો મૃદુપાક થાય એટલે બળતાં દૂધનો માવો થઇ ઘીમાં પાકી કોમળ દાણો પડે, ત્યારે તેમાં થોડું પાણી નાખી બે ઊભરા આવવા દઇ, નીચે ઉતારી મૂકી રાખવું. એટલે બીજે દિવસે તમામ ઘી ઉપર તરી આવશે અને ઘીનો બગાડ થશે નહિ. તે ઘીને કકડાવી પાણીનો ભાગ બળી જાય ત્યાર પછી એકથી ચાર તોલા સુધી રોગીને આપવું. અમારા વિચાર પ્રમાણે રોગીને ખાનપાનમાં આ અર્જુનઘૃત આપવાથી અને ઔષધ તરીકે અર્જુનાસવ આપવાથી ઘણો ફાયદો થાય છે એવો ખાસ અનુભવ છે. પણ એટલી વાત યાદ રાખવી કે, રોગીના હૃદય ઉપર ફલાલીનનું કપડું જરા પણ રહેવા દેવું નહિ અને જેમ બને તેમ છાતી તદ્દન ખુલ્લી રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭–મૂત્રકૃચ્છ્ર, મૂત્રઘાત અને અશ્મરી–પ્રમેહ રોગ

શક્તિ ઉપરાંત કસરત કરવાથી, તીક્ષ્ણ ઔષધ ખાવાથી, લૂખાસૂકા પદાર્થો ખાવાથી, દરરોજ મદિરાપાન કરવાથી, હંમેશાં ઘોડા પર બેસી ફરવાથી, જળસમીપ ઊડનારાં પક્ષીઓનું માંસ ખાવાથી, માછલાંનો આહાર કરવાથી અને જમ્યા પર ફરી જમવાથી તથા કાચા પદાર્થોનું સેવન કરવાથી–આ પ્રત્યેક દોષથી ત્રણ, સન્નિપાતથી એક, શલ્યથી એક, મળથી એક, વીર્યથી એક અને પથરીથી એક મળી આઠ પ્રકારનાં મૂત્રકૃચ્છ્ર થાય છે. ઉપર બતાવેલા આહાર અને વિહારથી અપાનવાયુ, ક્લેદન કફ અને પાચકપિત્તનો હીન, મિથ્યા અને અતિયોગ થવાથી, વાયુ મૂત્રાશયમાં જઈ મૂત્રને વહેનારા, ધારણ કરનારા અને માર્ગ આપનારા સ્નાયુઓના સ્રોતોને સૂકવી મૂત્રના માર્ગને રોકે છે. આથી પીડાસહિત રહી રહીને થોડો થોડો પેશાબ થાય છે, જેને **મૂત્રકૃચ્છ્ર** કહે છે. જ્યારે અપાનવાયુનો અતિયોગ થઇ ક્લેદન કફનો હીનયોગ થાય છે, તેથી અંડસંધિ, મૂત્રાશય અને ઉપસ્થ ઇન્દ્રિયમાં તીવ્ર વેદના થઇ મૂત્ર ટીપે ટીપે ઊતરે છે, તેને **વાતિક મૂત્રકૃચ્છ્ર** કહે છે. જ્યારે અપાનવાયુમાં પિત્તનો અતિયોગ થાય છે અને કફનો મિથ્યાયોગ થવાથી મૂત્રના માર્ગમાં દાહ ઉત્પન્ન કરે છે, ત્યારે વેદનાસહિત જે પીળું, કિંચિત લાલ અને થોડું થોડું પરાણે મૂત્ર છૂટે છે, તેને **પૈત્તિક મૂત્રકૃચ્છ્ર** કહે છે. જ્યારે અપાનવાયુના હીનયોગથી ક્લેદન કફનો અતિયોગ થાય છે અને પાચકપિત્તનો મિથ્યાયોગ થાય છે, ત્યારે બસ્તિ ભારે થઈ તેના પર સોજો ચડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આથી મૂત્રનો રંગ તેલિયો તથા ચીકણો જણાય છે, તેને **કફજ મૂત્રકૃચ્છ્ર** કહે છે. જ્યારે ત્રણે પ્રકારનાં લક્ષણો ત્રણે પ્રકારની પીડાવાળાં જણાય છે, ત્યારે **સન્નિપાતજ મૂત્રકૃચ્છ્ર** કહેવાય છે.

જ્યારે મૂત્રને વહેનારી નળીઓમાં પેટમાં રહેલા ગર્ભથી સંકોચ થાય છે, અથવા હોજરીમાંથી કોઈ પદાર્થ બસ્તિમાં ઊતરી પડી મૂત્રનળીઓને વીંધી નાખી અપાનવાયુને કોપાવે છે, ત્યારે ભયંકર મૂત્રકૃચ્છ્ર થાય છે, તેને **શલ્યજ મૂત્રકૃચ્છ્ર** કહે છે. જ્યારે અપાનવાયુનો અતિયોગ, પાચકપિત્તનો હીનયોગ ને કલેદન કફનો મિથ્યાયોગ થાય છે, ત્યારે વાયુ મળને અત્યંત સૂકવી આધમાન, શૂળ સાથે પેશાબને બંધ કરે છે, જેને **મળથી ઉત્પન્ન થયેલો મૂત્રકૃચ્છ્ર** કહે છે. અપાનવાયુ મૂત્રાશયમાં રહેલા કફને સૂકવીને તેની પથરી બનાવે છે. આ પથરી વાયુથી પ્રેરાઇને મૂત્રનળીની સામે આવવાથી પીડાસહિત થોડો થોડો પેશાબ થાય છે, તેને **અશ્મરીજન્ય મૂત્રકૃચ્છ્ર** કહે છે. જ્યારે વાયુ, પિત્ત અને કફનો પરસ્પર હીન, મિથ્યા અને અતિયોગ થવાથી વીર્યવાહિની શિરાઓમાં વીર્ય સુકાઈ જવાથી વીર્યની સાથે થોડો થોડો પેશાબ ઊતરી મળદ્વાર તથા ઉપસ્થ ઇન્દ્રિયમાં તીવ્ર વેદના થાય છે, તેને **શુક્રજ મૂત્રકૃચ્છ્ર** કહે છે. એવી રીતે આઠ પ્રકારના મૂત્રકૃચ્છ્ર રોગો ગણેલા છે. પરંતુ એકંદરે જોતાં વાયુનો અતિયોગ થવાથી પિત્તનો હીનયોગ થાય છે, અને કફનો મિથ્યાયોગ થાય છે એટલે મળ અને ધાતુઓ વિકારને પામી સુકાય છે. આથી મૂત્ર વેદનાસહિત થોડું થોડું ટપકે છે તેને મૂત્રકૃચ્છ્ર કહેવાય છે.

મૂત્રઘાત રોગઃ–પેશાબનું અટકી અટકીને આવવું અથવા પેશાબ તદ્દન બંધ થઇ જવો એને **મૂત્રઘાત રોગ** કહે છે. અપાનવાયુના અતિયોગથી અને કલેદન કફના હીનયોગથી તથા પાચકપિત્તના મિથ્યાયોગથી, જુદાં જુદાં લક્ષણોવાળો અને જુદાં જુદાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામોવાળો તેર પ્રકારનો થાય છે. જેમકે (૧) વાતકુંડલિકા,(૨) અષ્ટિલા,(૩) વાતબસ્તિ,(૪) મૂત્રાતીત,(૫) મૂત્રજઠર,(૬) મૂત્રોત્સંગ,(૭) મૂત્રક્ષય,(૮) મૂત્રગ્રંથિ,(૯) મૂત્રશુક્ર,(૧૦) ઉષ્ણુવાત, (૧૧) મૂત્રશાદ, (૧૨) વિડવિઘાત અને (૧૩) બસ્તિકુંડળ. એ પ્રમાણે વાયુ, પિત્ત ને કફના હીન, મિથ્યા અને અતિયોગથી પેશાબ કષ્ટથી આવે છે, પેશાબ બળતરા સાથે આવે છે, પેશાબમાં ગાંઠ બંધાઇ જય છે અને પેશાળ વીર્ય સાથે આવે છે. તે તે લક્ષણોવાળા રોગનાં નામો ઉપરથી તેના ગુણદોષ જાણી શકાય છે. માટે અત્રે જુદા લખ્યા નથી. પરંતુ જુદાં જુદાં લક્ષણો જાણવાં હોય તેણે માધવનિદાનમાં જોઈ લેવાં. મૂત્રઘાતનો રોગ પેશાબ રોકવાથી, પેશાબની હાજત થઇ હોય તેવી અવસ્થામાં મૈથુન કરવાથી, વીર્યને રોકવાથી તથા મળને રોકવાથી થાય છે. તેમાં વાતકુંડલિકા, મૂત્રજઠર, મૂત્રગ્રંથિ, મૂત્રશુક્ર તથા વિડવિઘાત અને બસ્તિકુંડળ એટલા અસાધ્ય છે તથા બાકીના કષ્ટસાધ્ય છે.

અશ્મરી (પથરી):-જે વખતે અપાનવાયુ મૂત્રને રોકવાથી અથવા વીર્યને રોકવાથી અથવા પેટ સુધી પાણીમાં ઊતર્યા પછી પાણીમાં ઊભા રહી પેશાબ કરવાથી બસ્તિ એટલે મૂત્રાશયમાં આવી વીર્યને અથવા પિત્તને અથવા કફને પોતાના રૂક્ષ ગુણથી સૂકવે છે, ત્યારે તેની પથરી ઉત્પન્ન થાય છે, તે અશ્મરી રોગ વાયુથી, પિત્તથી, કફથી અને વીર્યથી એ પ્રમાણે ચાર પ્રકારથી થાય છે. પરંતુ ઉપરનાં કારણો સિવાય ઘણીખરી પથરી બાળકોને થાય છે; કે જેમાં ઉપર લખેલાં કારણોનો સંભવ નથી. પરંતુ ભારે, મીઠા, ઠંડા અને ચીકણા પદાર્થો અતિશય પ્રમાણમાં બાળકોના અથવા બાળકોની માતાના આવામાં આવે છે, જેથી તેની ઇંદ્રિય નાની અને કોમળ હોવાથી તેમાં પથરી બંધાઇ જાય છે. તેવી રીતે શુક્રાશ્મરી ઘણું કરીને પુખ્ત વયના પુરુષોનેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે. કારણ કે સ્ત્રીસંગ કરતાં સ્થાનમાંથી છૂટેલા શુક્રને કામતૃપ્તિ સંપૂર્ણપણે ન કરતાં જો પરાણે ધરી રાખવામાં આવે, તો અપાનવાયુ તેવા સ્થાનભ્રષ્ટ થયેલા શુક્રને ઇંદ્રિય અને અંડકોષની વચ્ચે લાવીને સૂકવે છે. તે સુકાયલા વીર્યની પથરી બને છે. એ અશ્મરી રોગમાંથી શર્કરા રોગ અને સિક્તા રોગ જન્મ પામે છે. તેમાં સાકર જેવી પથરી બંધાઈ પેશાબ દ્વારા એ સાકર પડે છે અને સિક્તા એટલે પેશાબ દ્વારા રેતી પડે છે તે જાણવી.

પથરીના જે રોગીની નાભિ અને અંડકોષ પર સોજો ચઢ્યો હોય છે તે, જેમાં પેશાબ બંધ થયો હોય છે તે, જે અશ્મરીમાં અસહ્ય તીવ્ર વેદના થતી હોય તે અથવા જેમાં શર્કરા અને સિક્તા બન્ને મળેલાં હોય તે અશ્મરીનો રોગી પરિણામે મરણ પામે છે.

પ્રમેહરોગઃ-બેસી રહીને, અત્યંત આસાએશ કે સુખ ભોગવવાથી, ઘણું ઊંઘવાથી, ઘણું દહીં ખાવાથી, ગ્રામચર અને જળચર પ્રાણીઓના માંસરસથી, નવું અન્ન અને નવું ઉદક ખાવા-પીવાથી, સાકર, ગોળ વગેરેથી બનતા મિષ્ટ પદાર્થો અત્યંત ખાવાથી તથા કફકારક પદાર્થોના સેવનથી મૂત્રાશયમાં રહેલા ક્લેદન કફનો અતિયોગ, પાચકચિત્તનો મિથ્યાયોગ અને અપાનવાયુનો હીનયોગ થવાથી, અંડસંધિ અને મૂત્રમાર્ગમાં દાહયુક્ત ક્ષત પડે છે. પરિણામે બળતરા સાથે કિંવા બળતરા વિના થોડી થોડી વારે મહાકષ્ટે પેશાબ સાથે અટકી અટકીને બબ્બે ટીપાં લોહી અથવા પરુનાં પડે છે, તેને પ્રમેહ કહે છે. તે પ્રમેહમાં જો કફનો અતિયોગ, પિત્તનો હીનયોગ અને વાયુનો મિથ્યાયોગ થયો હોય, તો બળતરા વિનાના કફ સંબંધી દશ પ્રકારના પ્રમેહ થાય છે અને તે સાધ્ય છે. જો બસ્તિ-સ્થાનમાં પિત્તનો અતિયોગ, વાયુનો હીનયોગ અને કફનો મિથ્યાયોગ થયો હોય, તો બળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરાવાળાં પરુ અને લોહી કષ્ટથી ઊતરે એવા છ પ્રકારના પિત્ત-પ્રમેહ થાય છે અને તે કષ્ટસાધ્ય છે. જે પ્રમેહમાં વાયુનો અતિ-યોગ, કફનો હીનયોગ અને પિત્તનો મિથ્યાયોગ થવાથી મજ્જા, વસા વગેરે ગંભીર ધાતુનું આકર્ષણ થઈને ઘણી પીડા થાય છે અને પ્રતિકૂળ ક્રિયા આ જગ્યાએ હોવાથી ચાર પ્રકારના વાત-પ્રમેહ થાય છે તે અસાધ્ય છે. દોષોના હીન, મિથ્યા અને અતિયો-ગના ભેદ નહિ ઓળખાય તેવા સંજોગોમાં પેશાબના રંગમાં જે તફાવત જોવામાં આવે તે પરથી જુદી જુદી જાતના પ્રમેહને ઓળ-ખવા. જેમ ધોળો, કાળો, પીળો, રાતો અને આસમાની એવા પૃથક્ રંગોને એકત્ર કરતાં તેમાંથી બદામી, તપખીરિયો તથા ગુલાબી રંગ ઉત્પન્ન થાય છે. તેમ ઘણી જાતના પ્રમેહો પણ દોષોના હીન,મિથ્યા અને અતિયોગથી થાય છે. જે પ્રમેહમાં સ્વચ્છ, પુષ્કળ, ધોળું, ઠંડું, ગંધરહિત, પાણી જેવું, લગાર મેલું અને તેલિયું મૂત્ર થાય છે તેને ૧. **ઉદકમેહ** કહેવો. પ્રમેહમાં શેરડીના રસ પ્રમાણે અત્યંત મીઠો પેશાબ થાય છે તેને ૨. **ઇક્ષુમેહ** કહેવો. જે પ્રમેહમાં રોગીનો પેશાબ વાસી થયા પછી ઠરી કે જામી જાય છે, તેને ૩. **સાન્દ્રમેહ** કહેવો. જે પ્રમેહમાં પેશાબ આવે છે, તે કોઈ વાસણમાં ભરેલું પાણી ઉપરથી સ્વચ્છ તથા નીચેથી મલિન તથા જાડું રહે છે, તેવો હોય તેને ૪. **શુરામેહ** કહેવો. જે પ્રમેહમાં પેશાબ પલાળેલા લોટ પ્રમાણે જાડો, ધોળો હોય છે, તેને ૫. **પિષ્ટમેહ** કહેવો. જે પ્રમેહમાં વીર્યના જેવો કિંવા વીર્યમિશ્રિત પેશાબ થાય છે તેને ૬. **શુક્રમેહ** કહેવો. જે પ્રમેહમાં પેશાબમાં રેતીના કણ જેવા મળના રજકણો દૃષ્ટિએ પડે છે, તેને ૭. **સિક્તામેહ** કહેવો. જે પ્રમેહમાં ધીમે ધીમે પેશાબ થાય છે તેને ૮. **સનૈમેહ** કહેવો. જે પ્રમેહમાં પેશાબ લાળ પ્રમાણે તંતુયુક્ત અને તેલ જેવો હોય છે, તેને ૯. **લાલામેહ** કહેવો અને અત્યંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીતળ અને મધુર મૂત્ર હોય તેને ૧૦.**શીતમેહ** જાણવો. એ પ્રમાણે કફથી થયેલા દશ પ્રકારના પ્રમેહ ઓળખવા. તેવી રીતે જે પેશાબ સ્પર્શ, ગંધ, વર્ણ અને રસમાં ક્ષારોદકના જેવો હોય, તેને ૧. **ક્ષારમેહ** કહેવો. જેના પેશાબનો રંગ ચાષપક્ષીના જેવો આસમાની હોય છે તેને ૨. **નીલમેહ** કહેવો. જે પેશાબનો રંગ કાળો શાહી જેવો હોય તેને ૩. **કાળમેહ** કહેવો. જે પેશાબનો રંગ હળદરના જેવો તથા સ્વાદે તીખો અને ગુણે ઉષ્ણ હોય તેને ૪. **હારિદ્રમેહ** કહેવો. જેનો પેશાબ મજીઠના ઉકાળા જેવો અને આમની ગંધ જેવો હોય છે તેને ૫. **મંજીષ્ઠમેહ** કહેવો. જેનો પેશાબ અત્યંત લાલ, ખારો, ઉષ્ણ અને દુર્ગંધયુક્ત હોય છે તેને ૬. **રક્તમેહ** કહેવો. એ પ્રકારે પિત્તના અતિયોગથી અને વાયુ તથા કફના હીન-મિથ્યાયોગથી છ પ્રકારના પિત્તપ્રમેહ કષ્ટસાધ્ય જાણવા. વાયુના અતિયોગથી વાયુ ધાતુઓને ખેંચી લાવી પેશાબને માર્ગે બહાર કાઢે છે. તેમાં ચરબી સાથે જે પેશાબ આવે છે તેને ૧. **વસામેહ**, મજ્જા સાથે જે પેશાબ આવે છે તેને ૨. **મજ્જામેહ**, જે પેશાબ તૂરો, મીઠો અને ચીકણો હોય છે તે ૩. **ઔદ્રમેહ** અને જે પેશાબ મદોન્મત્ત હાથીની પેઠે વેગરહિત અને ખમચાતો હોય તેને ૪. **હસ્તિમેહ** જાણવો. કફજમેહમાં અન્ન પાચન થતું નથી, અરુચિ થાય છે; ઊલટી, તાવ, ઉધરસ અને સળેખમ થાય છે. પિત્તજમેહમાં મળદ્વાર અને ઉપસ્થ ઇંદ્રિયમાં સોયો ભોંકાય તેવી પીડા થાય છે; અંડકોશ પરની ચામડી પાકીને ફાટે છે, તાવ, તૃષા, ખાટા ઓડકાર, મૂર્છા અને ઝાડો પાતળો થાય છે. વાયુના મેહમાં ઉદાવર્ત થાય છે, ગળું અને હૃદય રોકાય છે, સર્વે રસ ખાવાની રોગીને ઇચ્છા થાય છે, શૂળ મારે છે, ઊંઘ ઊડી જાય છે, પાણીનો શોષ પડે છે, સૂકી ઉધરસ અને શ્વાસ ચડે છે.

જે પ્રમેહ રોગીને અન્ન પચે નહિ તે, જે ઉપદ્રવયુક્ત હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે, જેમાં મૂત્રસ્રાવ અતિશય થાય તે, જે મેહ સરાવિકાદિ ફોલ્લી-ઓથી યુક્ત હોય તે, જે જડ થઇ શરીરમાં ઘર કરી બેઠો હોય છે તે, મેહવ્યાધિઓ રોગીના પ્રાણઘાતક છે. જે મેહી પિતાથી ઉત્પન્ન થયેલા પુત્રને મેહવ્યાધિ લાગુ પડે છે, તે બીજાના દોષને લીધે સાધ્ય થતો નથી.

જો તમામ જાતના મેહવ્યાધિઓ ઉપર સત્વર ઔષધ કરવા-માં આવતું નથી, કિંવા વિરુદ્ધ ઔષધ કરવામાં આવે છે, તો ઉપર કહેલા વીશ પ્રકારના પ્રમેહ, **મધુમેહની** અવસ્થા પામી અસા-ધ્યત્વ ધારણ કરે છે. મધુમેહમાં મૂત્રનો રંગ મધ જેવો થાય છે. મધુમેહ ધાતુક્ષયથી થાય છે તથા અન્ય દોષો વાયુનો માર્ગ ઘેરી લે છે ત્યારે મધુમેહ થાય છે. વાયુની ગતિ રોકવાથી થતા મધુ-મેહમાં જો પિત્તનું બળ વિશેષ હોય તો તેના અંડકોશ અણધાર્યા ક્ષણમાં ક્ષીણ અને ક્ષણમાં પૂર્ણ થાય છે. મેહવ્યાધિમાં રોગીને ઘણું કરી મધના રંગનો પેશાબ થાય છે તથા તેના આખા શરીર-માં મધુરપણું આવે છે, તેથી બધી જાતના મેહને મધુમેહની એક સાધારણ સંજ્ઞાથી ઓળખવામાં આવે છે.

વર્તમાનકાળમાં ઘણા લોકો મીઠા પેશાબના રોગથી પીડાતા માલૂમ પડે છે. હાલના ચિકિત્સકો તેના મૂત્રને રાસાયનિક રીતે તપાવી અથવા ચાખી, મૂત્રમાં ક્ષાર, ખટાશ કે મીઠાશ અથવા રેતી જાય છે કે નહિ તે નક્કી કરે છે; પરંતુ વીશ પ્રકારના પ્રમે-હમાં ઇક્ષુમેહ, શર્કરામેહ, વસામેહ અને મજ્જામેહ એનો પે-શાબ મીઠો હોય છે. એ મીઠા પેશાબને પારખવા માટે અમારો અનુભવ એવો છે કે,જે રોગીના પેશાબમાં મીઠાશ એટલે મધુરપણું ઉત્પન્ન થાય છે, તે રોગી જ્યાં પેશાબ કરે છે ત્યાં આગળ કીડી-ઓ અથવા મંકોડા આવીને વળગે છે. જો પેશાબમાં ઇક્ષુમેહની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા શર્કરામેહની મીઠાશ હશે, તો તે પેશાબ ઉપર મંકોડા આવીને વળગશે અને જે પેશાબમાં મજ્જા, અસ્થિ કે વસા સાથે મીઠાશ જતી હશે, (મજ્જા, અસ્થિ અને વસાનો સ્વાદ મધુર હોવાથી તેનો પેશાબ પણ ગળ્યો આવશે.) તે પેશાબ ઉપર મંકોડા નહિ વળગતાં કીડીઓ વળગશે. તેનું કારણ એવું છે કે, મંકોડા માંસાહારી નથી અને કીડી માંસાહારી છે. જો કે કીડી ગળપણને માટે ગોળ, મધ કે ખાંડમાં ચડે છે, પરંતુ તેને જ્યાં માંસની ગંધ મળે ત્યાં અસંખ્ય કીડીઓનો જમાવ થઇ જાય છે. આ તેનો પ્રત્યક્ષ દાખલો જોવામાં આવ્યો છે કે, કોઇ રોગી વ્રણના રોગથી પીડાતો હોય અને તે રોગીનું મોત જ્યારે પાસે આવે છે, ત્યારે તેની ચામડી મરી જાય છે. આથી તે રોગીની પથારીમાં અને તેના વ્રણમાં લાખો કીડી ભરાઇ મોટાં મોટાં કોતર પાડે છે, પણ દરદીને તેની કશી ખબર પડતી નથી. એટલા માટે વસા, મજ્જા અને અસ્થિમેહે મીઠા પેશાબનું રૂપ પકડયું હોય તો તે અસાધ્ય છે, પણ ઇક્ષુમેહ કે શર્કરામેહને લીધે મીઠો પેશાબ થઇ થયો હોય, તો તે રોગી સુખસાધ્ય છે એમ જાણી તેની ચિકિત્સા કરવી. પ્રમેહનો રોગ જ્યારથી ઉત્પન્ન થાય છે ત્યારથીજ કષ્ટસાધ્ય છે અને જો તેની ઉપેક્ષા કરવામાં આવે તો તે અસાધ્ય છે. માટે પ્રમેહના રોગીએ જેમ બને તેમ તાકીદે ઇલાજ લેવાની કાળજી રાખવી જોઇએ. પ્રમેહનો રોગ વારસામાં ઊતરી આવે છે અને તે વારસો જેમ જેમ પેઢીઓ વધતી જાય છે તેમ તેમ વધારે વધારે પ્રમાણમાં વધતો જાય છે. તે જ્યારે મધુમેહના રૂપમાં ફેરવાઈ કુદરત તેને સંતતિ ઉત્પન્ન કરવાની શક્તિમાંથી અટકાવે, ત્યારેજ તેનો વંશ ફેલાતો અટકે છે. પરંતુ મેહ થયા પછી જેમ જેમ તે પેઢીઉતાર વિસ્તાર પામતો જાય છે, તેમ તેમ તેના વારસોનું વીર્ય વધારે ને વધારે નાશ થતું જાય છે અને પરિણામે છેલ્લા

CC-0. Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષને વાતરક્ત (પત)નો રોગ થાય છે. એટલા માટે ઈશ્વરી સૃષ્ટિમાં રોગની વૃદ્ધિ નહિ કરવા માટે, જે પુરુષને પ્રમેહ થયો હોય તે પુરુષે પ્રમેહ થયા પછી સંતતિ ઉત્પન્ન કરવી નહિ, એવું અમારું માનવું છે. ઘણાં બાળકોને પેશાબ કરતાં જમીન પર ધોળા ડાઘ પડે છે અથવા કપડા ઉપર ડાઘ પડે છે, તે ઉપરથી તેના બાપને પ્રમેહ થયેલો અને તે પછી સંતતિ ઉત્પન્ન થયેલી એમ ગણાય છે. હવે તે સંતતિ જ્યારે પુખ્ત વયે આવે છે ત્યારે તેને પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, પથરી અને મૂત્રઘાતના રોગો જોવામાં આવે છે. તેવીજ રીતે જે પુરુષને ફિરંગરોગ (ચાંદી) થયો હોય અને તે મટ્યા પછી જો સંતતિ ઉત્પન્ન થાય, તો તેને આગરુ, બદ, અંડમાં સોજો, મોઢામાં મધુરાના ફોલ્લા, ગળામાં રોહણી નામનો રોગ, કંઠમાળ, અર્બુદ, અપચી, ગળગંડ અને ગળતુંડી જેવા મહાન વ્યાધિઓ થાય છે. એટલુંજ નહિ પણ આંખના અને માથાના અસાધ્ય રોગો થાય છે. તેમાં પાંગળાપણું, લૂલાપણું, ફાંગાપણું અને કંપવા પણ થાય છે. એટલા માટેજ ધર્મશાસ્ત્રે તથા વૈદકશાસ્ત્રે બ્રહ્મચર્ય પાળવાને સખત ફરમાન કરેલું છે. હાલમાં ચાલતા રિવાજ પ્રમાણે તનખિયો અને મીઠો પરમિયો એવી બે જાત ઘણા લોકોના જાણવા તથા માનવામાં છે. બીજી જાતના પ્રમેહ ઉપર રોગીઓનું તેમ વૈદ્યોનું ઘણું લક્ષ હોય એમ જણાતું નથી. અમારા વિચાર પ્રમાણે મૂત્રકચ્છ્ર, મૂત્રઘાત, અશ્મરી (પથરી) અને પ્રમેહ એ ચારે રોગ એક ગોત્રમાં ઉત્પન્ન થયેલા, પાસે પાસેના પિત્રાઇઓ હોય એમ જણાય છે. તેથી એ રોગોના અમારા અનુભવેલા ઉપાયો સામાન્ય રીતે નીચે પ્રમાણે લખીએ છીએ.

નિદાનશાસ્ત્રમાં મધુમેહના ટીકાકારે મધુમેહીનો પેશાબ મધ જેવો લખેલો છે, પરંતુ અમારા વિચાર પ્રમાણે મધુનો અર્થ મધ નહિ કરતાં મદિરા કરવો વધારે બંધબેસતો છે. કારણ કે મદિરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડહોળાયલી, રતાશ પડતી અને ગંધ મારતી હોય છે, તેમ સર્વે પ્રમેહીના પેશાબો તેવાજ ગંધ મારતા હોય છે, એમ અમારું માનવું છે. પછી જે ચિકિત્સકોને મધુનો અર્થ મધ કરીને તેના જેવો ઘટ, રાતો અને મધની ગંધ જેવો પેશાબ માનવો હોય તેમાં અમને કાંઇ પણ બાધ નથી.

પ્રમેહની ગોળીઃ-વાંસકપૂર, શિલાજિત, રુમીમસ્તકી, શેરી લોબાન (ઇસેસ) રાળ, ચિનીકબાલા, એલચી અને હળદર એ સર્વને બારીક વાટી સુખડના તેલમાં વટાણા જેવડી ગોળી વાળવી. તેમાંથી એક અથવા બે ગોળી પાણી સાથે દિવસમાં ત્રણ વાર ગળાવવાથી તનખિયો પ્રમેહ મટે છે.

ચંદ્રપ્રભા ગુટિકાઃ-ષડ્કચૂરો, વજ, મોથ, કરિયાતું, ગળો, દેવદાર, હળદર, અતિવિષ, દારૂહળદર, પીપળીમૂળ, ચીતરો, ધાણા હરડાં, બહેડાં, આમળાં, ચવ્વક, વાયવડિંગ, ગજપીપર, સૂંઠ, મરી, પીપર, સુવર્ણમાક્ષિક ભસ્મ, જવખાર, સાજીખાર, સિંધવ, સંચળ અને ખડિયોખાર એ સત્તાવીશ વસાણાં એકેક તોલો લેવાં; નસોતર, દંતીમૂળ, તમાલપત્ર, તજ, એલચી અને વંસલોચન એ છ ઓસડ ચાર ચાર તોલા લેવાં અને લોહભસ્મ આઠ તોલા, સાકર સોળ તોલા, શિલાજિત બત્રીશ તોલા અને ગૂગળ બત્રીશ તોલા લઇ, ભેગાં વાટી તેની એકએક તોલા પ્રમાણેની ગોળી વાળવાનું શારંગધરે લખ્યું છે. પણ એ વિધિથી એની ગોળી બરાબર બનતી નથી. એટલા માટે જો બરાબર ગુણ કરે એવી (**ચંદ્રપ્રભા**) બનાવવી હોય, તો ઉપર લખેલાં કાષ્ઠિક વસાણાં ચારગણા પ્રમાણમાં લેવાં અને તેને અધકચરાં ખાંડીને સોળગણા પાણીમાં પલાળવાં. બત્રીસ તોલા ગૂગળને બદલે બે રતલ ગૂગળ લેવો અને તેને આગલે દિવસે પાણીમાં પલાળી મૂકવો. પછી બીજે દિવસે વસાણાંનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉકાળો કરી ગાળી લેવો. ગૂગળનો ઉકાળો કરી ગાળી તેમાં મેળવવો. શિલાજિતનું પાણી ઉકાળ્યા વિનાનું તેમાં મેળવવું. પછી એ ત્રણેને ચૂલા ઉપર ચડાવી ઉકાળવું. ઊકળતાં ઘન જેવો પદાર્થ થાય ત્યારે લોહભસ્મ, માક્ષિકભસ્મ, વાંસકપૂર અને સાકર મેળવીને ચાસણી કરી તેને સુકાવા દેવી. પછી તેને ઘીનો હાથ દઈ ખૂબ ખાંડી, ઘીના ચીકણા હાથથી અરીઠાની બીજ જેવડી ગોળીઓ વાળવી. તે ગોળીમાંથી દરરોજ એકેકી અથવા બબ્બે દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવાથી મૂત્રકૃચ્છ, મૂત્રઘાત, શર્કરાશ્મરી અને સર્વ જાતના પ્રમેહ ઉપર ઘણું સારું કામ કરે છે. આ દવાનું જો કોઈ રોગી એક વરસ સેવન કરે, તો તેના મધુમેહને એટલે મીઠા પેશાબના રોગને જડમૂળથી કાઢી નાખે છે. પરંતુ તે રોગીએ ખાંડ, દહીં, હિંગ, દારૂ, મરઘી તથા તેનાં ઈંડાં અને માંછલાંનો જીવતાં સુધી ત્યાગ કરવો આવશ્યક છે. સામાન્ય પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર અને મૂત્રઘાતમાં ખાંડ, હિંગ તથા દારૂનો ત્યાગ કરવો જોઇએ. આ ચંદ્રપ્રભા ગોળીથી સ્ત્રીઓ તથા પુરુષોના મૂત્રાશયના અને પેશાબના તમામ રોગો મટે છે. જો મૂત્રકૃચ્છ્ર કે મૂત્રઘાત થયો હોય તો દર્ભનાં મૂળ, શેરડીનાં મૂળ, ડાંગર (ભાત) નાં મૂળ, કાસનાં મૂળ અને દરોઈનાં મૂળ સમભાગે લઈને તેનો ઉકાળો કરી, વાંસકપૂરનું ચૂર્ણ મેળવીને પાવામાં આવે, તો પેશાબની છૂટ સુખરૂપ થાય છે. અથવા લોંયપાતરીની ભાજી અને લીલી હળદરનો રસ કાઢી, તે બે તોલા રસમાં એક વાલ આગળ લખેલો **સૂર્યાવર્તરસ** મેળવી પાવાથી મૂત્રઘાત તથા મૂત્રકૃચ્છ્રને મટાડે છે. અથવા નેતરનો કટકો આઠ આંગળનો લઈ તેનો એક છેડો સળગાવી, બીજે છેડેથી બીડીની માફક તેનો ધુમાડો પીવામાં આવે તો મૂત્રઘાતથી બંધ થયેલો પેશાબ તરત છૂટે છે. જે માણસ ધુમાડો ન પી શકે તેને ચોખાના ધોવણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેતરની ગાંઠને ઘસી પાવાથી પેશાબ છૂટે છે. અથવા કપૂરનો ભૂક્કો લઈ રૂમાં લપેટી તેની બત્તી બનાવી પેશાબના છિદ્રમાં મૂકવાથી પેશાબ તુરત છૂટે છે. અથવા આઠ તોલા આંબાહળદર અને એક તોલો કુલાવેલી ફટકડી વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી તલના તેલમાં મેળવી ચટાડવાથી તનખિયો પ્રમેહ મટે છે. અથવા માલતિચૂર્ણ, સર્જરસ, રૂપરસ અને સૂર્યાવર્ત મેળવીને બબ્બે વાલનાં પડીકાં દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવાથી પ્રમેહ મટે છે અથવા રેવંચીની બટાઇ તોલા સોળ તથા સૂકાં શિંગોડાં તોલા આઠનું ચૂર્ણ કરી, સાકરની ભૂકી સાથે ૦।૦ તોલાને આશરે ફકાવવાથી પ્રમેહ મટે છે. રેવંચીની બટાઈ તોલા સોળ, શંખજીરું, તોલા સોળ અને સોનાગેરુ તોલા બે એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી બે બે વાલ દિવસમાં ત્રણ વખત આપવાથી પ્રમેહ મટે છે. શેરી લોબાન (ઇસેસ) તોલા આઠ તથા સોનાગેરુ તોલો એક વાટી વસ્ત્રગાળ કરી એકેક વાલનું પડીકું તલના તેલ સાથે ચટાડવાથી પ્રમેહ મટે છે.

વિલાસિની વલ્લભ રસઃ–પારો, ગંધક ને ધંતૂરાનાં બીજ સરખે ભાગે લઈ તેની ધંતૂરાના તેલમાં ગોળી વાળવી એવું વૈદ્યજીવને લખેલું છે. પણ ધંતૂરાના તેલથી ગોળી બનવી અસંભવિત હોવાથી પારો, ગંધક તથા છાશમાં બાફેલાં ધંતૂરાનાં બીજ લઇને તેની કાજળી કરી તે કાજળીને ચૌદ દિવસ સુધી બલ કરી, તેમાંથી અર્ધો વાલનું પડીકું દિવસમાં ત્રણ વખત સાકરના પાણી સાથે આપવાથી જૂના પ્રમેહ ઉપર ઘણી સારી અસર કરે છે.

ગર્ભવિલાસ રસઃ–પારો, ગંધક અને મોરથૂથુ એ ત્રણેને સમભાગે લઈ વાટી કાજળી કરવી. એ રસ ગર્ભિણી સ્ત્રીને આપવા માટે નિઘંટુ રત્નાકરે ફરમાવ્યું છે. પરંતુ ગર્ભિણી સ્ત્રીને આપવાથી તેમાં વાન્તિ અને ભ્રાન્તિ થવાનો સંભવ હોવાથી અમે આપી શક્યા નથી; પરંતુ જે પ્રમેહમાં તીવ્ર વેદના સાથે માત્ર પેશાબને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તે લોહી પડતું હોય અને રોગી જળ વિનાની માછલી પ્રમાણે તરફડતો હોય, તે વખતે એક વાલ આ ગર્ભવિલાસ રસ, બે તોલા તલના તેલમાં મેળવીને પાવો અને ઉપરથી ચારથી આઠ તોલા તાજું તલનું તેલ પાવું; એટલે બે કલાકમાં તુરત રોગીને શાંતિ થશે. એ પ્રમાણે ત્રણ દિવસ, દિવસમાં બેત્રણ વાર પડીકાં આપવાથી લોહી પડતું બંધ થઈ જાય છે અને પેશાબ સાફ ઊતરે છે. આ રસ આપ્યા પછી જો રોગીનો જીવ કચવાય અને ઊબકા આવે તો વધારે તેલ પાવું, એટલે ઊબકા તથા કચવાટ બંધ થઈ જશે. આ ગર્ભવિલાસ રસ ચાલતો હોય તેવા રોગીને ખાંડ, દૂધ, ઘી, હિંગ તથા ચણાની પરેજી રખાવવી.

ઇંદ્રિયજુલાબઃ-સૂરોખાર, કુલાવેલી ફટકડી, રેવંચીની ખટાઈ, પાષાણભેદ, ચિનીકબાલા, એલચી, સાકર અને સોનાગેરુ એ સર્વ સમભાગે લઈ ચૂર્ણ કરી, તેમાંથી અર્ધો તોલો ચૂર્ણ લઇ, અર્ધો શેર પાણી તથા અર્ધો શેર દૂધ ભેગું કરી, તેમાં આ ચૂર્ણ મેળવી તેને કાંસાના કે કાચના પાત્રમાં નાખી, એક પાત્રમાંથી બીજા પાત્રમાં ધાર પાડી, એવી રીતે એકસો વાર ધાર પાડ્યા પછી, તમામ દૂધ અને પાણી પાવું. આથી પેશાબ પુષ્કળ આવીને પેશાબમાં બળતી અગન મટી જાય છે. અથવા દહીંની છાશ બનાવી તેમાં કુલાવેલ ટંકણખારનું એક વાલનું પડીકું મેળવીને પાવાથી ઇંદ્રિયજુલાબ થાય છે અને બંધ થયેલો પેશાબ છૂટે છે. અથવા **મૃગાંકરસ** મધમાં આપવાથી પ્રમેહ ઉપર સારું કામ કરે છે. અથવા **હજરતીહાઉ** નામનો અર્બસ્તાનથી બારેકી બોર જેવો પથ્થર આવે છે, તેને ચોખાના ધોવણમાં ઘસીને પાવાથી પેશાબ છૂટે છે. નાનાં બાળકોનો પેશાબ બંધ હોય તો હજરતીહાઉ ઘસીને પેઢા ઉપર ચોપડવાથી પેશાબ છૂટે છે. પણ હજરતીહાઉ વારેવારે ઘસીને પાવાથી રોગીના સાથા રહી જાય છે, માટે જરૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલોજ પાવો. અથવા સુરત જિલ્લાની છેડે દમ્મણ ગામમાં આફ્રિકાથી **પેદ્રુબજાર** નામની લીલા રંગની પથરી આવે છે, જેને સુરતમાં **પાઉઝર** એ નામથી ઓળખે છે; તેને ચોખાના ધોવણમાં ઘસીને પાવાથી પેશાબ છૂટે છે અને મધમાં ઘસીને ચટાડવાથી છાતીએથી પડતું લોહી મટે છે.

मूत्रकृच्छ्र, मूत्रघात अने अश्मरीना केटलाक उपायो

૧-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

૧. આમળાં તોલો ૧, લીંબુમાં મારેલાં પરવાળાં તોલો ૧, મોથ તોલો ૧ અને સાકર તોલો ૧, એ સર્વને ઝીણાં વાટી ૨ થી ૩ વખત એક વાલની માત્રા દૂધ સાથે આપવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

૨. ગોખરુ તોલો ૧, ખાખર (પલાશ)નાં ફૂલ તોલો ૧, ત્રિફળા તોલા ૩, વડની કુમળી મૂળી તોલો ૧, દારૂહળદર તોલો ૧, મોથ તોલો ૧ અને સૂંઠ તોલો ૧ એ સર્વનો ઉકાળો કરી દિવસમાં બે વાર આપવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

૩. **ધાત્રી ગુટિકા:**-આમળાં તોલા ૨, એલચી તોલો ૧, જેઠીમધ તોલો ૧ તથા પ્રવાલભસ્મ તોલો ૧ એ ચાર વસ્તુને વસ્ત્રગાળ કરી વરિયાળીના ઉકાળામાં ત્રણ દિવસ ઘૂંટ્યા પછી તેની ચણાપૂરની ગોળી વાળવી. પછી દિવસમાં ત્રણ વાર એક અથવા બે ગોળી દૂધ અથવા પાણી સાથે આપવાથી મૂત્રઘાત મટે છે.

૨-વૈદ્ય બાલકૃષ્ણ રત્નેશ્વર-સુરત

૧. હીમજીહરડે, ગોખરુ, ગરમાળાનો ગૉળ, પાષાણભેદ અને જવાસો એ સર્વે ચાર ચાર તોલા લઇ બશેર પાણીમાં ઉકાળી ૦ા શેર પાણી રહે ત્યારે પીવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

૨. ગોખરુ, જવખાર અને કાથો એ સરખે ભાખે લઇ વાટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્ત્રગાળ કરી દિવસમાં એક વાર ૦॥ તોલાની ફાકી ટાઢા પાણી સાથે મરાવે તો મૂત્રકૃચ્છ્ર મટે છે.

૩-ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી-સુરત

૧. તડબૂચનો મગજ, ચીભડાંનો મગજ અને કાકડીનો મગજ એને સમભાગે લઈ વાટીને પાવાથી પેશાબ ખુલાસે આવે છે.

૨. કેસૂડીનાં ફૂલને બાફી પેઢા ઉપર બાંધવાથી પેશાબ છૂટે છે.

૩. દરરોજ રાત્રે સૂતી વખતે તલ તોલો ૧ ખૂબ ચાવીને ખાવાથી વીસ-પચ્ચીસ દિવસમાં ઊંઘમાં પથારીમાં પેશાબ થઈ જતો હોય તે એકદમ અટકી જાય છે.

૪-વૈદ્ય નૂરમહમદ હમીર-રાજકોટ

મૂત્રઘાત માટે:-કેળના થડનો રસ શેર ૦॥ અને ચારપાંચ આનીભાર સૂરોખાર મેળવી પાવાથી દશ મિનિટમાં પેશાબ છૂટે છે, કોઇને ઝાડો પણ સાફ આવે છે. ઇંદ્રિયમાં નળી રાખવાનો વખત આવતો નથી. એ પીવાથી દવા સાથે બાહ્યોપચાર તરીકે કપૂર વાટી ડૂંટી પર અને ઇંદ્રિયના મુખ પર લગાડવું એટલે તુરત-જ પેશાબ ખુલાસે ઊતરે છે.

૫-બ્રહ્મચારી આત્મારામ ત્રિવેદી

૧. ચમત્કારી ભસ્મ:-સારો નવસાર શેર ૧ લઈ તેને ચોખા જેટલો બારીક ખાંડી પછી તેને એક માટીના માટલામાં નાખી તેના મોઢા ઉપર કપડમટ્ટી કરવી, કે જેથી અંદરનો ધુમાડો બહાર જાય નહિ. પછી તે વાસણને ચૂલા ઉપર મૂકી ધીમી આંચથી ત્રણ કલાક તાપ આપવો. ત્યાર બાદ દેવતા બહાર કાઢી નાખવો અને વાસ-ણને બેત્રણ કલાક ચૂલા ઉપરજ ઠંડું થવા દેવું. જ્યારે ઠંડું પડી જાય, ત્યારે ખોલી તેની અંદરથી ધુમાડા બાઝેલો

CC-0. In Public Domain. Panini Kanya Maha Vidyalaya Collection. Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તે (બ્રશથી અગર આંગળીથી) ઉખેડી લેવો. તે આશરે એક ૦॥ શેર નીકળશે. તેને તરતજ એક બાટલીમાં ભરી દઇ સખત બૂચ મારી દેવો. એને હવા લાગવાથી પાણી થઈ જશે. તે ભસ્મમાંથી મોટા માણસને વાલ ૫, નાના બાળકને વાલ ૨ તથા છેક નાનાને વાલ ૧ પાણી સાથે પાવાથી ગમે તે દરદથી પેશાબ બંધ થયો હશે તો પણ દશ મિનિટમાંજ છૂટથી પેશાબ થશે.

૨. ઝાડો તથા પેશાબ બંધ થયેલો છૂટેઃ-ઝરખની અધારને પાણીમાં વાટી ડૂંટીની આસપાસ ચોપડવાથી ઝાડો થાય છે અને ઇન્દ્રિય ઉપર ચોપડવાથી પેશાબ છૂટે છે.

૬-વૈદ્ય પુરુષોત્તમદાસ બહેચરદાસ યાજ્ઞિક

૧. એલચીદાણા, પાષાણભેદ, શુદ્ધ શિલાજિત, માળવી ગોખરુ, સિંધવ તથા કેશર એ સર્વનું સમભાગે ચૂર્ણ કરી, અડધાથી પોણા તોલાની માત્રા ચોખાના ધોવણમાં પીવાથી તત્કાળ મૂત્રકૃચ્છ્રનો ભયંકર વ્યાધિ મટી જાય છે. તેમજ પેશાબ બંધ થઈ ગયો હોય તો પણ આ દવા આપતાંની સાથેજ પેશાબ છૂટે છે. મરકી (પ્લેગ) કોલેરા વગેરે દરદોમાં જ્યારે દરદીનો પેશાબ બંધ થઇ જાય છે, ત્યારે આ દવા અલૌકિક સાધનરૂપ થઇ પડે છે. એ અનુભવસિદ્ધ છે.

૨. મૂત્રઘાત માટેઃ-ચોમાસાનાં દિવસોમાં કૂતરી નામે એક જાતનું ઘાસ થાય છે, તેનાં બીજ કાંગ જેવાં આવે છે. તે બીજ અડધો તોલો લઇ વસ્ત્રગાળ કરી, એકી વખતે નવટાંક છાશ સાથે આપવાથી તુરતજ પેશાબ છૂટે છે.

૩. ચોમાસાના દિવસોમાં વીંછુડા નામની વનસ્પતિ થાય છે; તેનાં પાનનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી એ ચૂર્ણ એકથી બે વાલ છાશની સાથે આપવાથી તરતજ પેશાબ છૂટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. લીંબુનાં બીજનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, ૦॥ તોલો લઈ પાણી સાથે પીવાથી તરતજ પેશાબ છૂટી જાય છે.

૫. કેળનો રસ તોલા ચાર કાઢી તેમાં સૂરોખાર એક રૂપિયા-ભાર નાખી, ગરમ કરી મિશ્ર કરી આપવાથી બંધ થયેલો પેશાબ છૂટી જાય છે. પુરુષવર્ગ કરતાં સ્ત્રીઓને તરતજ ફાયદો જણાયો છે.

૭–ડૉક્ટર પ્રભાકર કૃષ્ણ પંગે

મૂત્રઘાત માટેઃ–મકાઈના રેષા એક તોલો લઈ તેને એક શેર પાણી મૂકી ઉકાળી પાશેર પાણી અવશેષ રાખી, બબ્બે કલાકે એકેક ચમચી (મોટી) આપવી. જ્યાં સુધી છૂટથી પેશાબ લાવવો હોય અથવા અસાધારણ રીતે વધારવો હોય ત્યાં સુધી આપવું. વાત–શ્લેષ્મ–જ્વરમાં આપવાથી પેશાબ વધે છે, પેટ હલકું લાગે છે અને તાવ ઊતરી જાય છે. આ દવા જળોદરમાં બહુ ઉપયોગી છે. પાણી કઢાવવાની જરૂર રહેતી નથી અને જો શરૂઆતમાં આપવા-માં આવે તો તદ્દન મટાડી શકાય છે. મૂત્રપિંડ, મૂત્રાશય અને મૂત્ર-માર્ગનાં દરદો તથા દાહને તરતજ નરમ પાડે છે. પથરીમાં તથા વાતપ્રમેહમાં પેશાબ વધારીને સારો ફાયદો આપે છે. વૈદકમાં આ એક ફતેહમંદ, સારી અને ચમત્કારી વસ્તુ છે.

૮–વૈદ્ય નારશંકર હરગોવિંદ અધ્વર્યુ–બારડોલી

મૂત્રઘાત માટેઃ–એંજિનમાં જ્યાં સ્ટીમ તૈયાર થાય છે ત્યાં પાણીનો ક્ષાર બાઝે છે, તે ક્ષારમાંથી એક ચોખાપૂરથી ચણોઠીપૂર સુધી રોગીનું બળાબળ જોઈ આપવાથી પેશાબ વગરઇન્દ્રિએ છૂટે છે અને સળી મૂકવાની જરૂર રહેતી નથી. આ ક્ષાર ઘણોજ ઉત્તમ છે.

૯–વૈદ્ય બાળકૃષ્ણ હરિકૃષ્ણ શાસ્ત્રી–ભુવાલડી

૧. **મૂત્રકૃચ્છ્રનો ઉપાયઃ**–એલચી, પાષાણભેદ, શિલાજિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પીપર એ સર્વ સમભાગે લઇ, વસ્ત્રગાળ ચૂર્ણ કરી ગોળમાં વાલ વાલની ગોળી વાળી, દિવસમાં બે વખત તે ગોળી ગળી જઇ ઉપર દૂધ શેર ૦॥ પીવું. પરેજીઃ-તેલ, મરચું, ખટાશ, હિંગ વગેરે ન ખાવાં જેથી મૂત્રકૃચ્છ્રનો વ્યાધિ મટે છે. આ દવા અનુભવસિદ્ધ છે.

૨. મૂત્રઘાત માટેઃ-પેશાબ બંધ થઇ ગયો હોય તો ગાયનું દૂધ શેર ૦॥ તથા પાણી શેર ૦॥ મેળવી, તેમાં સિંધવ તોલો દોઢ નાખી પીવાથી પેશાબ તરત છૂટો થાય છે.

૧૦-ડૉક્ટર ચંદુલાલ મુકુંદરાય-પાટણ

૧. મૂત્રકૃચ્છ્ર માટેઃ-મોટાં ઇંદ્રામણાંનાં મૂળ તોલો ૦॥ અને હીમજ તોલો ૦॥ એને બશેર પાણી મૂકી ઉકાળવું. નવટાંક પાણી રહે ત્યારે પીવું, જેથી ઇંદ્રિયજુલાબ લાગે છે અને મૂત્રકૃચ્છ્ર મટે છે.

૨. મૂત્રકૃચ્છ્ર માટેઃ-એલચી તોલો ૦॥, પાષાણભેદ તોલો ૦॥, રેવંચીની તોલો ૦॥, સૂરોખાર તોલો ૦॥, જેઠીમધ તોલો ૦॥ તથા સાકર તોલો ૧, એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી સવારે તોલો ૦॥ બકરીના દૂધ અને પાણી સાથે ફાકવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

૧૧-વૈદ્ય બાળાશંકર પ્રભાશંકર-નાંદોદ

મૂત્રઘાત માટેઃ-બડિયેખાર કુલાવેલો તથા ફટકડી કુલાવેલી સરખે વજને લઇ, વાટી પેશાબને રસ્તે મૂકે તો પેશાબ તરત છૂટે છે. પુરુષને સળી ઉપર લગાડી મૂકે તો જલદીથી પેશાબ છૂટે છે તથા સ્ત્રીઓને આંગળી ઉપર લગાવી મૂકવાથી પેશાબ થાય છે. આ દવા ઉત્તમ છે તેમ મારી ખાસ અનુભવસિદ્ધ છે.

૧૨-વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા-વાગડ

૧. મૂત્રકૃચ્છ્રઃ-બરાસકપૂર ઇન્દ્રિયમાં મૂકવું જેથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. કેસૂડા અથવા લીલ (શેવાળ) પેઢા ઉપર બાંધવાથી તેમજ સોપરો પલાળી ડૂંટીમાં મૂકવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

૩. જખાદ ઇન્દ્રિયમાં મૂકવાથી પેશાબ છૂટે છે.

૪. જખાદ, સૂરોખાર અને કેસૂડાં પાવાથી મૂત્રકૃચ્છ્ર, તણખા અને દાહ મટે છે.

૫. પાષાણભેદ, એલચી, શિલાજિત, વડવાઈની કૂંપળો અને સૂરોખાર વાટી વસ્ત્રગાળ કરી, ચોખાના ધોવણમાં પાવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

૬. હજરતબોર ઘસીને પાવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

૭. કપૂર ટાંક ૧ અને સમુદ્રફળ રતી ૪, ઝીણું વાટી એ ચૂર્ણને ઇન્દ્રિયમાં સંચારવું. પછી પાણીની કૂંડીમાં બેસાડી પેશાબ કરાવવો, જેથી તુરતજ પેશાબ થાય છે.

૮. મૂળાના રસમાં સૂરોખાર નાખી પાવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

૯. ઇંદ્રામણનું મૂળ ઘસીને પાવાથી પેશાબ તથા ઝાડો થાય છે.

૧૦. પાષાણભેદ તોલો ૧, રેવંચીની ખટાઈ તોલા ૨, સાકર તોલા ૬, ચિનીકબાલા તોલો ૦॥ તથા સૂરોખાર તોલો ૦॥॥ એને બાંડી ૦॥॥શેર પાણી મૂકી ઉકાળતાં ચતુર્થાંશ પાણી અવશેષ રાખી ગાળી પાવાથી પેશાબ છૂટે છે.

૧૩-વૈદ્ય ચૂનીલાલ હરગોવિંદ શુક્લ-પાટડી

૧. **મૂત્રઘાત માટે:**-કલમી સૂરોખાર શેર ૧, નવસાર ૩ ભાર તથા બડિયોખાર ૩ ભાર લેવો. પ્રથમ નવસારને જરા બોખરો કરી, તે ત્રણે એક પિત્તળની કઢાઇમાં નાખી, તે ઉપર એક પિત્તળની થાળી ઢાંકી ચૂલે ચડાવી નીચે ખૂબ આંચ કરવી. એ ત્રણે દ્રવ્યો બરાબર ગળીને રસ થઈ જાય, એટલે તેને પિત્તળની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાળીમાં ઠારી પોપડી બંધાયા પછી તે પોપડી ઉંમર તથા રોગની ત્વરા મુજબ એક આનીભાર અગર તેથી વધતી–ઓછી ઠંડા પાણીમાં આપવાથી પેશાબ છૂટે છે.

૨. મુંજની દોરી તથા મોરપિચ્છની રાખ કરી, એક વાલ ગરમ પાણી સાથે આપવાથી પેશાબ બંધ થયેા હેાય તેા છૂટે છે.

૧૪–વૈદ્ય ગિરિજાશંકર આશારામ ત્રિવેદી–ઝરિયા

મૂત્રઘાત માટેઃ–એલચી, ખેરસાર, નવસાર તથા સૂરેાખાર એ બબ્બે તેાલા લઈ એલચી તથા ખેરસારને ખાંડી એક માટીની ઠીબમાં મૂકી (પાથરી) ઉપર નવસાર તથા સૂરેાખાર પાથરી, ધીમી આંચે પકાવવાં. જ્યારે નવસાર તથા સૂરેાખાર ફૂલી રહે ત્યારે બધી વસ્તુઓને પાણીમાં નાખી મેળવી, પાણી ઠરી જાય ત્યારે ઉપરથી નીતર્યું પાણી ગાળી શીશીમાં ભરી લેવું. આ પાણી એક રૂપિયાભાર પાવાથી પેશાબ છૂટી દરદીને આરામ થાય છે.

૧૫–વૈદ્ય નંદરામ પ્રાગજી–નાગેશ્રી

ગેારખગાંજો તેાલેા ૧, વડનાં મૂળની છાલ તેાલેા ૦॥, અરેર તેાલેા ૧, સૂરેાખાર તેાલેા ૦ા અને રેવંચીની ખટાઈ તેાલેા ૦॥, એખરાં કરી કવાથ કરી પાવાં. આ દવા ઊનવા, મૂત્રકૃચ્છ્ર તથા પ્રમેહ માટે અત્યુત્તમ હેાઇ પેશાબની અતિ છૂટ કરનાર છે.

૧૬–વૈદ્ય ધીરજરામ દલપતરામ–સુરત

૧. અશ્મરી–પથરી માટેઃ–રાતું પાકટ કેાળું લઇ તેનેા બે રૂપિયાભાર રસ કાઢવેા તેને કુષ્માંડરસ કહે છે. તે રસમાં પાવલીભાર મીઠું નાખીને દિવસમાં બે વાર પાવેા. એટલે જેને પથરી થઇ પેશાબ ઊતરતાં અડચણ પડતી હશે અથવા ટીપે ટીપે પેશાબ ઊતરતેા હશે, તેની પથરી ઓગળી જઇ પેશાબ સાફ ઊત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રશે. પરંતુ આ ઉપાય બરાબર ચૌદ દિવસ કરવો. જો પથરી મોટી બંધાઇ ગઈ હોય તો ગળતાં વાર લાગે છે, તો આ ઉપાય બરાબર કાળજીપૂર્વક એકવીસ દિવસ સુધી કરવો.

૨. કેળનું પાણી તોલા ૨૫, સૂરોખાર તોલા ૨૫ અને દૂધ તોલા ૧૮ એ બધાંને એકત્ર કરી દિવસમાં બે વાર પાવાથી પથરી ગળી જાય છે. તેમજ જેનો પેશાબ બંધ થઇ ગયો હોય, તેને આ દવા એક વાર પાવાથી તરત પેશાબ ઊતરે છે.

૩. પ્રવાલભસ્મ વાલ ૧ તથા એલચીનો ભૂકો વાલ ૧ મેળવી દૂધ સાથે ખાવાથી મૂત્રઘાત મટે છે.

૧૭-યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

પથરી:-સરપંખાનાં પાતરાં અને સાકર વાટીને પાવાથી પથરી ઓગળી જઇ પેશાબ સાફ ઊતરે છે.

૧૮-વૈદ્ય જમનાદાસ મદનજી વૈષ્ણવ-વેરાવળ

અશ્મરી માટે:-જાંબુડાનીઅંતરછાલ તથા જાંબુના ઠળિયાનું ચૂર્ણ કરી ખાવાથી પેશાબની અંદરની પથરી નીકળી જાય છે.

૧૯-વૈદ્ય શ્યામચંદ ગોવર્ધનરામ-ખાખરેચી

સફેદ રાળ તોલા ૫, જેઠીમધ તોલા ૨, નાની એલચી તોલા ૧, શુદ્ધ કપૂર માસા ૨ અને સાકર તોલા ૯ એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ૬ માસાપૂર ઠંડા પાણી સાથે ખાવાથી અશ્મરી મટે છે. પરેજીમાં ગરમ પદાર્થો ખાવા નહિ.

૨૦-વૈદ્ય રાધવજી માધવજી-ગોંડલ

અશ્મરી માટે:-લીમડાનાં પાનને બાળી ભસ્મ કરી તેનો ક્ષાર કાઢી રતીઅર ક્ષાર ગોળ તથા માખણ સાથે સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવાથી પથરી (પાણવી) રોગ મટે છે. આ દવાથી પેશાબ વાટે પથરી નીકળી જાય છે એ અનુભવસિદ્ધ છે.

૨૧-બ્રહ્મચારી આત્માનંદ ત્રિવેદી

મીઠો પેશાબ-રેતી-પથરીની હકીમી દવાઃ-સરફોદાનાં પાન તોલો ૧, વરિયાળી તોલો ૦॥, બહેડાંની છાલ તોલો ૦॥, લીમડાની ગળો તોલો ૦॥, કાળી દ્રાક્ષ તોલો ૦॥, ઉસતેખુદુસ તોલો ૦॥, દારૂહળદર તોલો ૦॥, શાહજીરું તોલો ૦॥, ઉનાબદાણા નંગ ૧૨, ધાણા તોલો ૦॥, આમલીની છાલ તોલો ૦॥, સીપીસ્તાન દાણા નંગ ૧૨, ચિનીકબાલા તોલો ૦॥, બનફસા તોલો ૦॥, જુફો તોલો ૦॥, કરિયાતું તોલો ૦॥, જેઠીમધ તોલો ૦॥, રાજન તોલો ૦॥, સુરીજન તોલો ૦॥, મકો તોલો ૦॥, કાસની તોલો ૧, ચોપચીની તોલો ૦॥ અને મોટી હરડેની છાલ તોલો ૦॥ લઇ, એ સર્વને અધકચરાં ખાંડી એક માટીના અગર કલાઈવાળા વાસણમાં ચાર શેર પાણીમાં ઉકાળી અર્ધો શેર પાણી રહે ત્યારે ઉતારી, ઠંડું પાણી ગાળી લઇ તેના બે ભાગ કરી સવારસાંજ પીવો. તથા બીજે દિવસે પાછો ઉકાળી પીવો તથા ત્રીજે દિવસે નવો ઉકાળો લાવી પીવો. એ પ્રમાણે કરવાથી મીઠો પેશાબ મટશે. જો પથરીનું દરદ હોય તો આ કવાથ પીવાથી તુરત રેતી અથવા પથરી બંધાઈ હશે તે પેશાબ વાટે નીકળી જશે. આ ઇલાજ સર્વોત્તમ માલૂમ પડ્યો છે.

૨૨-વૈદ્ય અંબારામ શંકરજી-વાગડ

અશ્મરીભેદક રસઃ-પારદ તોલા ૮ અને ગંધક તોલા ૧૬ ની કાજળી કરી તેને સુતિષણક, પાષાણભેદ, આંશોદ અને સાટોડી એ દરેકના રસની અકેકી ભાવના આપી ગોળી વાળી આઠ છાણાંના અગ્નિમાં તેનો સરાવસંપુટ મૂકી પકાવી બે વાલ માત્રા મોંમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખી પાષાણભેદનો કવાથ ઉપરથી પીવો જેથી અશ્મરી મટે છે.

૨૩–વૈદ્ય ધીરજરામ દલપતરામ–સુરત

૧. **પ્રમેહખંડન ગુટિકાઃ**–રુમીમસ્તકી તોલા ૫, માયુંફળ તોલા ૨॥, એલચી તોલા ૨॥, વાંસકપૂર તોલા ૨॥, કાથો તોલા ૨॥, ચિનીકબાલા તોલા ૨॥, કુલાવેલી ફટકડી તોલા ૨॥, પાષાણભેદ તોલા ૨॥, સુખડનો વહેર તોલા ૨॥, ગોખરુ તોલા ૨॥, ત્રિફળા તોલા ૨॥ અને બરાસ તોલા ૨॥, એ સઘળાંને ખાંડી વસ્ત્રગાળ કરી, સુખડના તેલમાં ચણા જેવડી ગોળી વાળી, દિવસમાં ૧ થી ૨ વાર, ગોળી ૧ થી ૨ ગોખરુના ઉકાળામાં સાકર નાખીને આપવાથી સઘળી જાતના પ્રમેહ મટે છે.

૨. **એલાદિ ચૂર્ણઃ**–ચિનીકબાલા ભાગ ૮, એલચી, જેઠીમધ ૩, આંબાહળદર ૩, સોનાગેરુ ૩ અને ગોખરુ ૩ ભાગ લઇ ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, વાલ બે, સુખડ અને સાકરના ઘસારા સાથે દિવસમાં ત્રણ વાર આપવાથી પ્રમેહ મટે છે.

૩. રુમીમસ્તકી તોલા ૫, એલચી તોલા ૫, કુલાવેલી ફટકડી તોલા ૫ તથા સાકર તોલા ૧૫ લઈ એ સર્વને વાટી વસ્ત્રગાળ કરી, દિવસમાં બે વાર દૂધ સાથે બે આનીભાર આપવાથી પ્રમેહ મટે છે.

૨૪–યતિશ્રી રવિહંસજી દીપહંસજી–સુરત

પ્રમેહગુટિકાઃ–વાંસકપૂર, શિલાજિત, રુમીમસ્તકી, રાળ, આંબાહળદર ગળોસત્ત્વ, એલચીદાણા, ચિનીકબાલા અને પાષાણભેદ તમામ ચીજો સમભાગે લઈ, જુદી જુદી ખાંડી, કપડછાણ કરી, તેમાં સુખડનું તેલ (યોગ્ય પ્રમાણમાં ગોળી વળે તેટલું) મેળવી, તેને એકરસ બનાવી તુવેર જેવડી ગોળીઓ વાળવી. એટલું ધ્યાનમાં રાખવું કે, તેલ વધતું ઓછું પડે નહિ. વધુ પડશે તો તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોળીજ વળશે નહિ. કોઈ પણ જાતનો પ્રમેહ હશે તે મટશે. જૂનો પ્રમેહ હશે તો પણ લાંબો વખત સેવન કરવાથી મટશે. ટંકે ૨ થી ૫ ગોળી સુખડના પાણીમાં, તલના તેલમાં અથવા એકલા પાણીમાં દિવસમાં ત્રણ વાર ગળાવવી.

૨૫-વૈદ્ય બાળકૃષ્ણ રત્નેશ્વર-સુરત

૧. સુખડનું તેલ તોલા ૫, વાંસકપૂર તોલા ૫, ચિનીકબાલા તોલા ૫, એલચી દાણા તોલા ૫ અને સાકર તોલા ૫, એ સર્વે વસાણાં વાટી ઝીણું ચૂર્ણ કરી સુખડના તેલમાં મેળવી એના દસ ભાગ કરવા. સવારસાંજ એકેક ભાગ પાણી સાથે પાંચ દિવસ આપવો. ફક્ત દૂધ-ભાત સિવાય બીજું કાંઇ ખાવા આપવું નહિ. સાત દિવસમાં પ્રમેહના રોગીને આરામ થાય છે.

૨. બેરજી તોલા ૨, શેરી લોબાન તોલા ૨, મસ્તકી તોલા ૨ અને ગૂગળ તોલા ૨ લઈ પાણીમાં વાટી ચણા જેવડી ગોળી કરવી. એ ગોળીમાંથી બબ્બે ગોળી દિવસમાં ત્રણ વખત પાણી સાથે લેવાથી પ્રમેહ મટે છે.

૩. શિલાજિત તોલા ૭, પાષાણભેદ તોલા ૭, ગોખરુ તોલા ૭, આમળાં તોલા ૭ અને સાકર એ ભાગ લઈ એકત્ર કરી તેમાંથી ૦।૦। તોલો દિવસમાં ત્રણ વાર પાણી સાથે ફાકવાથી ચૌદ દિવસમાં અગન બળતો પ્રમેહ મટે છે.

૨૬-વૈદ્ય નૂરમહમદ હમીર-રાજકોટ

અગનવાળો પ્રમેહ:-ભેંસનું છાણ પાણીમાં ચોળી લૂગડે ગાળી, તેમાં જરા સાકર મેળવી છ છ તોલા પાવાથી એકજ દિવસમાં પ્રમેહની ગરમી મટી જાય છે. અગન બંધ થયા પછી રાત્રે પાંચ તોલા બહુફળીને એક શેર પાણીમાં ચોવીસ કલાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પલાળી ગાળી લઈ, તે લુઆબમાં સાકર મેળવી પાવાથી આઠ દિવસમાં પ્રમેહ મટી જાય છે. ચીકણો લુઆબ પેટમાં જવાથી બાદી જેવું જણાય તો દર ટંકે કાળાં મરી ત્રણ ખાઈ જવાં તથા વરિયાળી પાન સાથે ખાવી. ઝાડો કબજ થાય તો રાત્રે ત્રિફળાની ફાકી આપવી એટલે મટી જશે.

૨૭–વૈદ્ય જમનાદાસ મદનજી વૈષ્ણવ–વેરાવળ

જવનું પાણી કરી પીવા આપવું. જવખાર પાણી સાથે પીવા. થી, તકમરિયાં પાણીમાં નાખી હલાવીને (પલાળીને) સાકર નાખી પાવાથી, દિવસમાં ત્રણ વખત ત્રિફળાની ફાકી મારવાથી, સુખડનું તેલ આ દરદ માટે ઘણુંજ અકસીર છે, માટે તેનાં બે ત્રણ ટીપાં સાકરમાં અગર પતાસામાં આપવાથી, બળદાણા, શતાવરી, ગોખરુ અને એખરો, એની ફાકી દૂધમાં અથવા પાણીમાં આપવાથી અથવા ભંગભસ્મ આપવાથી પ્રમેહ મટે છે.

૨૮–વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

૧. પ્રમેહઃ–બહુફળી પલાળી તેને ચોળી તે પાણીમાં થોડી સાકર તથા સુવર્ણમાક્ષિક ભસ્મ નાખી પીવાથી પ્રમેહ મટી જાય છે. જો ઇન્દ્રિય ઉપર સોજો હોય તો વડ, પીપર, પીપળો, પારસ, ઉંબરો (ગુલ્લર) એ દરેકની છાલ લાવી પાણીમાં ઉકાળો કરી, એ પાણીમાં બારીક કપડું બોળી ઇન્દ્રિય ઉપર લપેટી આખો દિવસ તે પાણી રેડ્યા કરવું, જેથી સોજો ઊતરી જશે. અંદર પીડા હોય તો આમળાં ઉકાળી તે પાણીથી પિચકારી લેવી; પછી બહુફળી-વાળો પ્રયોગ કરવાથી ગમે તેવો પ્રમેહ મટી જાય છે.

૨. દાડમીનાં મૂળની છાલ તોલો ૦॥ અને સાકર તોલો ૧॥ મેળવી ત્રણ ભાગ કરી દિવસમાં ત્રણ વખત આપવાથી પ્રમેહ મટે છે.

૩. ગાયનું દૂધ શેર ૦॥ લઈ તેમાં કુંવારનો રસ તોલા ૨॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખી પીવું. એ પ્રમાણે સાત દિવસ કરવું. ત્યારબાદ લોહભસ્મ, હરડાં, બહેડાં, આમળાં અને ગળો એ સર્વ સરખે વજને લઈ મધમાં ચાટવાથી પ્રમેહને જડમૂળથી નાબૂદ કરે છે.

૨૯-વૈદ્ય પ્રભાશંકર રવિશંકર ત્રવાડી-અષ્ટગામ

પ્રમેહ માટેઃ-ફટકડી ફુલાવેલી લઈ તેને બકરીના દૂધમાં નાખી ગરમ કરવી તથા આવળની પાલીનો રસ તથા બેરસાલ પતાસું નાખી પીવાથી પ્રમેહ તથા લોહીવા મટે છે.

૩૦-વૈદ્ય મણિશંકર ભાનુશંકર-વલસાડ

પ્રમેહાંતકઃ-એલચી લોતો ૧, ફુલાવેલ મોરથૂથુ તોલો ૦॥, શુદ્ધ નેપાળાની દાળ નંગ ૭, સૂંઠ તોલો ૦।, પીપર તોલો ૦।, પીપરીમૂળ તોલો ૦।, ધોળાં મરી તોલો ૦।, કાળાં મરી તોલો ૦।, ધોળી મૂસળી તોલો ૧, કાળી મૂસળી તોલો ૧, જાયફળ નંગ ૨, જાવંત્રી તોલો ૦।, ગોખરુ તોલા ૨, તજ તોલો ૦॥, વરિયાળી તોલો ૦।, કમળકાકડી તોલો ૧, બાદિયાં તોલો ૦। અને ફુલાવેલ ટંકણ તોલો ૦। એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી આદુનો રસ શેર ૦। લઈ, પ્રથમ મોરથૂથુ, નેપાળો અને એલચીને ઘૂંટી પછી બધી વસ્તુઓ મેળવી ખૂબ ખલી મગના દાણા જેવડી ગોળીઓ કરી દિવસમાં ત્રણ વખત બબ્બે ગોળી પાણી સાથે આપવી. જો દસ્ત વધારે થાય તો ગોળી કમી કરવી જેથી દસ્ત ઓછા થશે. ખોરાકમાં પૂરી, રોટલી, કાંદા, મરચાંનાં ભજિયાં વગેરે ગરમ પદાર્થો આપવા. આખા દિવસમાં તેલ પાશેર આવું. ઠંડા પદાર્થો દૂધ, ખાંડ, ભાત વગેરે બંધ કરવાં. સાત દિવસમાં દરેક જાતના પ્રમેહને મટાડે છે.

૩૧-કુમારશ્રી દેવીસિંહજી ભૂપતસિંહજી-કોટાસણ

પ્રમેહ માટેઃ-લાલ મરચાંનાં બી ઝીણાં ખાંડી વસ્ત્રગાળ કરી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાંથી તોલો ૦॥ દિવસમાં ત્રણ વખત ઠંડા પાણીમાં પીવાથી પ્રમેહ એકદમ મટી જાય છે. પરંતુ આ ઈલાજ અમુક દિવસ સુધી કાજીપૂર્વક જારી રાખવો.

૩૨–વૈદ્ય બાલાશંકર પ્રભાશંકર–નાંદોદ

પ્રમેહ માટે:–લીમડાની અંતરછાલને પાણી શેર પાંચમાં પલાળી તેમાંથી ૦॥ શેર પાણી તથા પાંચ રૂપિયાભાર ખાંડ નાખી પીવાથી ઇંદ્રિયમાંથી પડતું પરુ બંધ થઈ જાય છે. જો ઊનવા બળતો હોય તો કાથાની દોરીને બાળી રાખ કરી, ૦॥ રૂપિયાભાર રાખ એક રૂપિયાભાર ખાંડ નાખી પીવાથી ઊનવા મટે છે.

૩૩–ડૉક્ટર મંગુભાઈ શામળદાસ–અમદાવાદ

નીરવીસી તોલો ૧॥, શુદ્ધ કરેલ સફેદ કાથો તોલા ૨, એલચી દાણા તોલો ૧, રુમીમસ્તકી તોલા ૨, ચિનીકબાલા તોલા ૨, સોનાગેરુ તોલો ૧, માયુંફળ તોલા ૨, વાંસકપૂર તોલો ૧, મુગલાઇ બેદાણા તોલા ૨, નાગકેસર તોલો ૧, રાળ તોલા ૨, ભિરચકંકોકળનાં બી તોલો ૧, બાલસમકોપેળા ૨ રૂપિયાભાર અને સુખડનું તેલ તોલા ૨ લઇ, તેલ સિવાયની ચીજોને વસ્ત્રગાળ કરી તેલ મેળવી ઘૂંટી ઘૂંટી બધું તેલ સમાવી દેવું. જ્યારે બધું તેલ મસાલામાં પચી જાય, ત્યારે વાલ વાલની ગોળીઓ વાળી દિવસમાં બે વખત બબ્બે આપવાથી જૂના પ્રમેહમાંથી મૂત્રકૃચ્છ્ર થયો હોય તો પણ મટી જાય છે, ખાટું તથા તીખું ખાવું નહિ.

૩૪–જોશી રામકૃષ્ણ રેવાશંકર–જદર

કાળી કસોદીની છાલ ગરમ પાણીમાં ભીંજવી રાખી લેવાથી પેશાબમાં સાકર જતી હોય તે મટે છે.

૩૫–વલ્લભદાસ નરોત્તમદાસ શાહ–ભરુચ

૧. પ્રમેહ તથા મુત્રકૃચ્છ્ર:–એલચી તોલો ૧, રેવંચીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બટાઈ તોલો ૧, કબાબચીની તોલો ૧, શંખજીરું તોલો ૧, સૂરો-ખાર તોલો ૧ એ સર્વને બાંડી ત્રણ પડી કરી, દૂધ શેર ત્રણ તથા પાણી શેર ત્રણમાં નાખી પીએ તો તનખિયો પ્રમેહ મટે છે. તેમજ સુજાક (મૂત્રકૃચ્છ્ર) નું દરદ પણ મટે છે.

૨. ફટકડી તોલો ૧ લઇ કુલાવી ત્રણ પડી કરી, પછી એક પડી ગાયની છાશ શેર એકમાં નાખી પીવી. ઉપર દાળિયા અને મમરા ખાવા તથા છાશ પીવી. સાંજે ભાત અને છાશ ખાવાં; એ પ્રમાણે ત્રણ દિવસ કરવાથી અવશ્ય પ્રમેહ મટે છે.

૩. **પ્રમેહ માટેઃ**-જેઠીમધનું મૂળ તોલો ૧ અને શિલા-જિત એ બન્ને ઝીણાં વાટી ગુલહજારાનાં પાનના રસમાં ગોળી ચણા પ્રમાણે વાળી, દિવસમાં બે વખત ગોળી એકેક ખાવાથી અગનિયો, રસીવાળો વગેરે પ્રકારના પ્રમેહ મટે છે.

૩૬-વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઈ-સુરત

બિંબાદિ ઘૃતઃ-બિલામાં નંગ બે લઈ, એક લોખંડની કડ-છીમાં ઘી એક રૂપિયાભાર લઇ તેમાં બિલામાં નાખી અગ્નિ ઉપર મૂકી, બિલામાં બળી જાય ત્યારે નીચે ઉતારી ઘી શીશીમાં ભરી રાખવું. પછી એક મોટું ચેવલી પાન લઈ, તેના ઉપર વટાણા જેટલું ચોપડી ચાવી જવું. દિવસમાં બે વખત આપવું, જેથી પ્રમેહમાં આરામ થાય છે. આ ઉપાય મોટી ઉંમરનાને માટે છે. આ દવા માટે પરેજી કાંઈ પણ નથી.

૩૭-વૈદ્ય ધીરજલાલ માણેકલાલ-વડોદરા

મેહાન્તક રસઃ-કોડીભસ્મ તોલા ૫, સૂર્યપુટી પ્રવાલભસ્મ તોલા ૨, ગળોસત્ત્વ તોલા ૨, એ સર્વને એકત્ર કરી ઘી-સાકરમાં સવાર, બપોર અને સાંજે એકેક ઘોલ [illegible] પ્રમેહનો ૪૩૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાશ કરે છે. આ સાથે રાત્રે સૂતી વખતે ત્રિફળા, સાકર અને હળદરનું ચૂર્ણ તોલો ૦।।, ઘી તથા મધ સાથે આપવાથી દુસ્તર પ્રમેહનો જલદીથી જરૂર નાશ થાય છે. (અમારી બનાવટ છે).

૩૮–ડૉક્ટર મગનલાલ વ્રજભૂખણદાસ–સુરત

મૂત્રાશયનો તીક્ષ્ણ વરમઃ–મુગલાઈ બેદાણા તોલો ૦।, તુખમ બતમી તોલો ૦।।, ઈસબગુલ તોલો ૦। એને અડધો કલાક રાા તોલા પાણીમાં ભીંજવી, ગાળી સાકર નાખી પીવું. બે–ચાર દિવસ બે વખત પીવાથી મૂત્રાશયનો વરમ, દાહ તથા મૂત્રઘાત મટે છે, એવો મારો અનુભવ છે.

૩૯–વૈદ્ય ઉમિયાશંકર મહાસુખરામ–ઉમરેઠ

ઊનવા માટેઃ–વરિયાળીનું ચૂર્ણ ૦।। થી ૨ તોલા સુધી એક શેર પાણીમાં સાકર તોલા ૨ સાથે પીવાથી ઊનવા મટે છે. દિવસમાં બે વખત પીવું.

૪૦–વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

૧. બંગેશ્વર રસઃ–શુદ્ધ કથીર તથા પારાને એકત્ર ગરમ કરી મેળવી બરલમાં કુંવારના રસમાં ખૂબ વાટી તેની ગોળીઓ કરી કાચના વાસણમાં પકવવી; જેથી સફેદ ભસ્મ થાય તે બંગેશ્વર રસ કહેવાય છે. તે પાંડુ, પ્રમેહ તથા નિર્બળપણાને મટાડે છે; તેમજ કમળાને પણ મટાડે છે.

૨. મેહનાશન રસઃ–લોહભસ્મ, રસસિંદૂર, સુવર્ણમાક્ષિક-ભસ્મ અને ગંધક એ સર્વ સમભાગે લેવાં અને ઇંદ્રજવના કવાથમાં ઘૂંટી એક વાલ મગ સાથે ચાટવાથી પ્રમેહ મટે છે.

૩. મેહાંકુશ રસઃ–બંગભસ્મ, પારદભસ્મ અને ગંધક સમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગે લઈ ધાવડીના રસમાં ઘૂંટી મધ સાથે બે વાલ આપવાથી પ્રમેહ મટે છે, તેમજ ઝાડો ઘણુ મટે છે.

૪. બધ્મ (બદ) કળીચૂનો તથા સંચોરો એકેક ટાંક મિશ્ર કરી પાટો બાંધે તો બદ ગળી જઇ પાણી થઈ જાય છે.

૫. સાટોડીને વાટી ગાંઠ પર બાંધવાથી બદ ઓગળી જાય છે.

૬. નળિયાંનો શેક કરવો તથા કુંવારનાં લાબાં બાંધવાં જેથી ગાંઠ ઓગળી જાય છે.

૭. **ઊનવા માટેઃ**-વેવડીનો રસ સાકર નાખી પીવાથી ઊનવા મટી જાય છે. અથવા ગળજીભીનો રસ સાકર નાખી પીવાથી ઊનવા મટે છે.

૪૧-વૈદ્ય પ્રાણલાલ દોલતરામ-કપડવણજ

૧. પ્રથમ દાહ થતો હોય તે વખતે ત્રિફળાના ક્વાથમાં શુદ્ધ ચંદનનું તેલ ટીપાં ૪૦ નાખી બે વખત પીવા આપવું. જેથી દાહ શાંત થાય છે. પછી ચંદ્રપ્રભા આપવાથી પ્રમેહ મટે છે.

૨. સુવર્ણમાક્ષિક ભસ્મ એક ભાગ, ગળોસત્ત્વ બે ભાગ, ખેરી-ગુંદ આઠ ભાગ અને સાકર અગિયાર ભાગ, મિશ્ર કરી રોજ બે વખત ૦। ૦। તોલો આપવાથી પ્રમેહ મટે છે.

૩. વસંતકુસુમાકર રસથી પણ પ્રમેહ મટે છે.

૪૨-વૈદ્ય છગનલાલ આત્મારામ-સુરત

પ્રમેહાવટીઃ-ચિનીકબાલા તોલો ૧, મોટી એલચીના દાણા તોલો ૧, સોનાગેરુ તોલા ૨, એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં સુખ-ડનું તેલ તોલા ૨ મેળવી વાટી તેમાં સમાય તેટલું મધ મેળવી વટાણા જેવડી ગોળી વાળી, દિવસમાં ત્રણ વખત પાણી સાથે એક એક ગોળી આપવાથી પ્રમેહ મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૩-વૈદ્ય નારશંકર હરગોવિંદ અધ્વર્યુ-બારડોલી

પ્રમેહ માટેઃ-આંબાહળદરનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી એકથી બે વાલ સુધી દિવસમાં ત્રણ વાર આપવું. ઉપર કાચું તલનું તેલ નવટાંકથી ૦।। શેર સુધી પાવાથી પ્રમેહ મટે છે. વીસ પ્રકારના પ્રમેહ પૈકી માત્ર ચાર વાતજન્ય પ્રમેહમાં ફાયદો કરતું નથી, પણ બાકીના પ્રમેહ મટશે. દરદીને જાણ ન પડે તે માટે ધાપહાણનું પડીકું પણ સાથે આપવું.

૪૪-ડૉક્ટર ચંદુલાલ મુકુંદરાય-પાટણ

પ્રમેહ માટેઃ-સફેદ જીરું તોલો ૧, કલમી સૂરો માસા ૬, રેવંચીની ખટાઇ માસા ૮, ચિનીકબાલા માસા ૬ અને ખડબૂચના બીનો ગર્ભ તોલો ૧, એ સર્વને ૦।। શેર પાણીમાં વાટી કપડેગાળી, તેમાં ત્રણ તોલા સાકર નાખી બે ત્રણ વાર પીવાથી પ્રમેહ મટે છે.

૪૫-વૈદ્ય નંદરામ પ્રાગજી-નાગેશ્રી

સાકરિયા (મધુપ્રમેહ) નો ઉપાયઃ-કરાળ જમીનમાં ઊગેલ આવળનાં મૂળની છાલ અને રસાયણી ગંધક, એ એકેક તોલો તથા અફીણ તોલો ૦।, શિલાજિત તોલો ૦।।, એનું બારીક ચૂર્ણ કરી ૩ થી ૬ રતી નીચે લખેલા કોઇ પણ અનુપાન સાથે લેવાથી મધુપ્રમેહ અવશ્ય મટે છે.

અનુપાનઃ-કાચા ઉંબરાના રસમાં, બાવળની છાલના ક્વાથમાં જાંબુના ઠળિયાના ક્વાથમાં, ગોરખગાંજાના રસમાં આમાંથી કોઇ પણ અનુપાન સાથે આપવું. પથ્ય-જવ, દાળ, ભાત અને દૂધ, તથા કુપથ્ય-મિષ્ટાન્ન છે.

૪૬-સાધુ ગંગાદાસ સેવાદાસ-સુરત

શિલાજિત એક આનીભાર લઈ ગરમ દૂધ સાથે પાવાથી પ્રમેહની અગન બળતી હોય તો મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૭-વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ-સુરત

પ્રમેહ માટે:-ચિનીકબાલા તોલા ૦।, વડના અંકુર તોલા ૦।। અને સાંવરની છાલ તોલા ૦। એને અધકચરાં ખાંડી ૦।। શેર પાણીમાં ઉકાળી નવટાંક પાણી અવશેષ રાખી તેમાં મધ તોલા ૦।। તથા સૂરોખાર વાલ ૧ નાખી પીવાથી પ્રમેહની અગન તથા સોજો મટી જાય છે; પરુ આવતું બંધ થઈ જાય છે. અગન નહિ હોય અને પ્રમેહ જૂનો થઈ ગયો તો તેમાં સુખડનું તેલ ટીપાં ૫ થી ૧૫ અને કુલાવેલી ફટકડી વાલ ૦। નાખી પીવું. દિવસમાં એકથી બે વખત આ પ્રયોગ કરવો જેથી પ્રમેહ દૂર થશે.

૪૮-વૈદ્ય મણિશંકર જાદવજી જોશી-કાનપર

૧. પ્રમેહ માટે:-આવળના કુમળા અંકુરો એક તોલો સવા-રસાંજ સાકર સાથે ખાવાં.

૨. વાંસકપૂર, કંકોલ, નાગકેસર અને એલચીદાણા સમભાગે ખાંડી તેમાં ચંદનનું તેલ પલળે તેટલું નાખી નાની સોપારી જેવડી ગોળીઓ કરી, હંમેશાં સવારસાંજ એકેક ગોળી ચાર તોલા પાણી-માં ચોળી ૦।। તોલો સાકર નાખી પીવાથી પ્રમેહની બળતરા તરતજ શાંત થાય છે.

૩. મૂળાનાં પાનનો રસ તોલો ૧ અને ગાયનું ઘી તોલો ૧ સાથે મેળવી પીવાથી પ્રમેહ મટે છે.

૪. મૂળાના કંદ ઘીમાં તળીને સાકર સાથે ખાવાથી પ્રમેહ મટે છે.

૪૯-ડૉકટર દામોદર ગોપાળ રણદીવે-સુરત

પ્રમેહ માટે:-દગડી, પાષાણભેદ અને સાકર સમભાગે લઈ વાટી સવારસાંજ અર્ધો અર્ધો તોલો લઈ દૂધ અથવા પાણીના ઘૂંટડા સાથે સાત દિવસ ફાકવાથી ભયંકર પ્રમેહ અને અગન મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૦–વૈદ્ય લક્ષ્મણ માર્તંડ સાસવડકર–પૂના

૧. ઉપસર્ગિક પ્રમેહઃ–ચિનીકબાલા તોલા ૧૦, એલચી તોલા ૫, સુખડનું તેલ તોલો ૧, ચિનીકબાલાનું તેલ તોલો ૧, શુદ્ધ શિલાજિત તેલા ૨॥, ગૂગળ તોલા ૧૦, એ સર્વને ગોખરુના ગરમ ઉકાળા સાથે વાટીને એકેક વાલની ગોળી વાળવી. આખા દિવસમાં ત્રણ અથવા ચાર વખત દરેક વખતે ૧॥ ગોળી દૂધ અને સાકર સાથે ગળાવવી. તેલવાળા તીખા, ખાટા અને વિદાહી પદાર્થો તથા સ્ત્રીસંગ વર્જ્ય કરવો.

૨. મધુપ્રમેહઃ–કોડીવ સલ્ફેટ તોલો ૦।, બંગભસ્મ તોલો ૦॥, સુવર્ણમાક્ષિક ભસ્મ તોલો ૦॥, જાંબુના ઠળિયાની મીજ તોલો ૧॥ અને શિલાજિત તોલો ૧ એ સર્વનો એક દિવસ બલ કરી સાઠ ગોળી બનાવવી. દર વખતે બબ્બે ગોળી દિવસમાં બે વાર ગાયના દૂધ સાથે આપવી. એ ગોળી બે માસ સુધી આપવાની છે. તે એવી રીતે કે, સાત દિવસ આ ગોળી આપ્યા પછી ત્રણ દિવસ બંધ રાખવી અને તે પછી બીજા સાત દિવસ આપવી. એ પ્રમાણે નવ અઠવાડિયાં આપવી.

૧૮–પ્રમેહપિટિકા

પ્રમેહનો રોગ થયા પછી તે રોગીની બરાબર ચિકિત્સા કરવામાં આવે નહિ અને રોગી ઘણી ઉતાવળ કરે, જેથી વૈદ્યો તે પ્રમેહને રીતસરની ચિકિત્સા નહિ કરતાં રસકપૂર, મોરથૂથુ જેવા પદાર્થો બવડાવી પ્રમેહને સૂકવી નાખે છે. પરંતુ પ્રમેહનું ઝેર શરીરમાં રહી જવાથી અને રાસાયણિક ગરમીથી ધીમે ધીમે તે વિકારયુક્ત લોહી માંસમાં જઈને મેદને દૂષિત કરે છે. આથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરનાં એકસો ને સાત મર્મસ્થાનો પૈકી સંધિમર્મ, શિરામર્મ અને માંસમર્મ એટલે સાંધાઓમાં, શિરાઓમાં અને માંસવાળા ભાગોનાં કોમળ સ્થાનોંમાં પિટિકા એટલે ગાંઠ સાથેની ઝીણી ફોલ્લી-ઓ દશ પ્રકારની થાય છે. તેનાં નામ તથા લક્ષણો નીચે પ્રમાણે છેઃ-

જે પિટિકા પાછળના ભાગ અને આગળના ભાગથી ઊંચી અને અંદરથી ઊંડી હોય છે તેને (૧) **સરવિકા** કહે છે. જે ફોલ્લી કાચણાની પીઠ જેવી ઊપસેલી તથા કિંચિંત્ દાહવાળી હોય છે તેને (૨) **કચ્છપિકા** કહે છે. જે પિટિકા તીક્ષ્ણ, દાહયુક્ત અને માંસના તંતુઓથી વીંટળાયલી હોય છે તેને (૩) **જાલિની** કહે છે. જે પિટિકા બરડા કે પેટ પર થાય છે અને તેની પીડા ઊંડી એટલે શરીરની અંદર રહે છે તથા તે ભીની, મોટી, રંગે આસા-માની હોય છે તે (૪) **વિનતા** કહેવાય છે. જે પિટિકા રંગે રાતી, કાળી તથા ઝીણી ફોલ્લીઓથી વ્યાપ્ત, ઘણી ભયંકર, હોય છે તેને (૫) **અલજી** કહે છે. જે પિટિકા મસૂરની દાળ જેવા રંગની તથા કદ અને આકારની હોય છે તે (૬) **મસૂરિકા** કહેવાય છે. જે પિટિકા ધોળા સરસવ જેવી અને તેવડીજ હોય છે તેને (૭) **સર્ષપિકા** કહે છે. જે પિટિકામાં એક મોટી ફોલ્લી થઈ તેની આસપાસ નાની ફોલ્લીઓ થાય છે તે (૮) **પુત્રિણી** કહેવાય છે. જે પિટિકા વિદારીકંદના જેવી ગોળ અને કઠણ હોય છે તે (૯) **વિદારિકા** કહેવાય છે. જે પિટિકામાં પરુથી ભરેલો ફોલ્લો થાય છે. તથા જેમાં વિદ્રધિ રોગનાં લક્ષણો મળતાં આવે છે તેને (૧૦) **વિદ્રાધ** કહે છે. એ પ્રમાણે પ્રમેહના વ્યાધિ પછી દશ જાતની પ્રમેહપિટિકા પ્રમેહમાંથી ઉત્પન્ન થાય છે. પ્રમેહ રોગ, વાતપિત્તાદિ દોષ પર આધાર રાખે છે, તેજ દોષના આશરાથી ઉપર જણાવેલી પિટિકાઓ થાય છે, એટલે વાયુના અતિયોગથી વાતપ્રમેહને લીધે જે પિટિકા થાય છે, તો કાંઈ ઘણા વધુ પ્રમાણમાં વાયુને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધે કઠણાશ અને ચળ હોય છે. પિત્તપ્રમેહની પાછળ જે પિટિકા ઉત્પન્ન થાય છે તે જલદી પાકે એવી દાહયુક્ત હોય છે. કફપ્રમેહ પછી થનારી પિટિકા પીડા વિનાની, પોચી, ઊંચી તથા ઘણે કાળે પાકે એવી હોય છે. એ પ્રમાણે ત્રણે દોષપ્રધાન જે પિટિકા મળદ્વાર, હૃદય, ગર્દન, ખભા, બરડો તેમજ બીજાં મર્મસ્થાનો ઉપર થાય છે તે અને જે વેદનાયુક્ત હોય છે તથા મંદ જઠરાગ્નિવાળાને થાય છે, તે પિટિકાઓ મટાડવાની આશા રાખવી નહિ. જો પિટિકા તરસ, ઉધરસ, માંસનો સંકોચ, મોહ, હેડકી, મદ, જ્વર, વિસર્પ અને સાંધાઓનું જકડાવું એ ઉપદ્રવો સહિત હોય તો અથવા એમાંના કોઈ પણ ઉપદ્રવ સાથે હોય તો, તે રોગી બચતો નથી.

આ પિટિકાઓ પૈકી કોઇ પણ પિટિકા થઇ હોય તો તે પિટિકાને જે મલમમાં ઘી અથવા તેલ આવ્યું હોય તેવા મલમની પટ્ટી મારવી નહિ. કોઇ પણ પિટિકા ઉપર પોટીસ મૂકી શેક કરવો નહિ, તેમ શસ્ત્રક્રિયા પણ કરવી નહિ. પરંતુ પિટિકાનું મૂળસ્થાન મેદગત હોવાથી શરીરની ચરબીમાંથી આવે છે, એટલા માટે એ રોગીને વમન, વિરેચનની ક્રિયા કરવી અને ગુગ્ગુલ, સોનાગેરુ અથવા ખડીને અને તે નહિ મળે તો ગોરમટી (પીળી માટી) નું પાણી કરી તેમાં ગુલાબજળ મેળવી અને ગુલાબજળ નહિ મળે તો સાદું પાણી મેળવી પિટિકા પર ચોપડ્યા કરવું ને સુકાવા દેવું નહિ. અથવા એમાં કપડું ભીંજવી તેનાં પોતાં ભીનાં ને ભીનાં રહે તેવી રીતે કાયમ મૂક્યા કરવાં. પિટિકા રોગમાં વમનવિરેચનના બીજા પ્રયોગો કરતાં **નાઇકંદ** નામની એક વનસ્પતિ થાય છે, જેના વેલાનાં પાતરાં આબેહુબ ઘિલોડીના વેલાનાં પાતરાં જેવાં થાય છે, પણ તેનાં ફળ નાનાં મરચાં જેવાં લીલાં થાય છે અને તે પાકે ત્યારે રાતો રંગ પકડે છે. તે વખતે તેનાં બિયાં મરચાંના બીજ જેવાં દેખાય છે. જો નાનું મરચું અને આ નાઇકંદનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરચું કાચું અથવા પાકું, રંગે લીલું અથવા લાલ, સાથે મૂકયું હોય તો આંખે જોઇને પારખવું મુશ્કેલ થઈ પડે છે. પણ ફેર એટલો છે કે ઘિલોડી કડવી કે મીઠી ગમે તે જાતની હોય પણ તેનાં પાતરાં કડવાં હોતાં નથી અને આ નાઈકંદનાં પાતરાં, ઘિલોડીનાં પાતરાંમાંથી જુદાં પાડી શકાતાં નથી, પણ સ્વાદે કડવાં હોય છે અને ફળ પણ કડવું હોય છે. તે નાઇકંદને લાવી તેમાંથી બે વાલ કરતાં વધારે નહિ એટલો કંદ લઈ તેને વાટી ગોળમાં ગોળી કરી રોગીને ઠંડા પાણી સાથે ગળાવવી. એ ગોળી ગળ્યા પછી અર્ધા કલાકમાં તે રોગીને ઝાડા અને ઊલટી શરૂ થશે જેથી તમામ ઝેર નીકળી જશે. જે પિટિકાની ગાંઠ હોય તે ગાંઠ ઉપર એજ નાઇકંદને ઘસી ચોપડવો. એટલે ત્રણ દિવસમાં સારાવિકા, કચ્છપિકા, વિદ્રધિ વગેરે ભયંકર પિટિકાઓ ઓગળી જશે. આ કંદથી મેદવાયુ તથા શ્લીપદ એટલે એક પગ જાડો થઈ જાય છે; તે તથા અંડવૃદ્ધિ કે જેમાં ચરબી અથવા પાણી ઊતર્યું હોય તે પણ ત્રણ દિવસમાં મટી જાય છે. પરંતુ મટી ગયા પછી એક અઠવાડિયામાં પાછું ભરાઇ આવે છે તેથી એ ઉપાય નકામો થઇ પડે છે. પણ જો કોઇ ચિકિત્સક બીજા પ્રયોગથી ચરબીને વધવા નહિ દે, તો આ ઉપાય ઘણોજ પ્રભાવિક છે. આ નાઇકંદની ગોળી ખવડાવ્યા પછી તે રોગીને તેલ, મરચું અને હિંગ બિલકુલ આપવાં નહિ. બલકે જે ઘરમાં રોગીને સુવાડ્યો હોય તે ઘરમાં તેલ મરચાંનો વઘાર પણ કરવો નહિ. જો તે ખાધામાં આવશે અથવા વઘારની ગંધ તેને લાગશે તો રોગીનું ગળું બંધ થઇ જશે એટલે તેનાથી બિલકુલ બોલાશે નહિ. માટે તેવી ભૂલ થાય અથવા ઝાડા અને ઊલટીથી રોગી ગભરાય અથવા અશક્ત બની જાય, તો તે રોગીને ઘી રૂપિયા બેભાર તથા એલચીના દાણા દશ વાટીને ઘીમાં ગરમ કરી પાવા; જેથી ઊલટીઝાડો તરત બંધ થશે અને ગળું ઊઘડશે. જેટલા દિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાઈકંદનો ઉપયોગ કરવામાં આવે તેટલા દિવસ તેલ, મરચું, હિંગ, ખટાશ, ચણા, ગોળ અને ખાંડ બિલકુલ ખાવા દેવાં નહિ. આ પ્રમેહપિટિકાઓ પૈકી સરાવિકા, કચ્છપિકા અને વિદ્રધિ નામની પિટિકાઓ પાઠાના નામથી ઓળખાય છે અને જાલિની નામની પિટિકા રાંફીના નામથી ઓળખાય છે. સર્ષપિકા, મસૂરિકા અને પુત્રિણી એ ત્રણ પિટિકા વિસર્પ એટલે ચેપિયા રતવાના નામથી ઓળખાય છે; અને વિનતા નામની પિટિકા પહાડિયા રતવાના નામથી ઓળખાય છે; પણ જે પિટિકાની ગાંઠ ચામડીની નીચે હોય અને ઉપર એક ફોલ્લી થઇ હોય તે ફોલ્લીની આસપાસ જો રાતી ચામડી હોય, તો તે ચિકિત્સા કરવાથી મટે છે; પણ જો તેમ ન હોય તો તે પિટિકા બે ચાર કલાકમાં અથવા એક બે દિવસમાં રોગીનો પ્રાણ લે છે. માટે પ્રમેહ કરતાં પણ પ્રમેહપિટિકાની ચિકિત્સા ઘણીજ બુદ્ધિપૂર્વક કરવાની છે.

૧૯–ઉદરરોગ, શોથરોગ ને અંડવૃદ્ધિ

ઉદરરોગ વાયુથી, પિત્તથી, કફથી, સન્નિપાતથી, પ્લીહાથી, મળથી, ક્ષતથી અને પાણીથી એટલે વાતોદર, પિત્તોદર, કફોદર, સન્નિપાતોદર, પ્લીહોદર, બદ્ધોદર, ક્ષતોદર અને જળોદર મળીને આઠ પ્રકારના ગણવામાં આવ્યા છે. ઉદરરોગમાં અજીર્ણ પ્રાધાન્ય ભોગવે છે. જ્યારે અજીર્ણની ચિકિત્સા બરાબર થાય નહિ અને રોગી શ્રદ્ધાપૂર્વક ઉપચાર કરાવતાં કુપથ્યનું સેવન કરતો જાય, ત્યારે તે તે અજીર્ણના વિકાર પામેલા ભાગો કોઠાને બગાડી જુદી જુદી જાતના પોતાના ગુણધર્મ પ્રમાણેના ઉદરરોગને ઉત્પન્ન કરે છે. જે માણસને સામાન્ય અજીર્ણ થાય અને તેમાંથી મંદાગ્નિ ઉત્પન્ન થઇ તેની ઉપેક્ષા કરવામાં આવે, ત્યારે મળાશયમાં રહેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપાનવાયુ મળને સૂકવી સમાનવાયુમાં કલેદનકફનો મિથ્યાયોગ કરે, જેથી પાચકપિત્તનો હીનયોગ થાય એટલે તે રોગીના ખાન અને પાનના પદાર્થોના પાક નહિ થતાં આંતરડાંને બગાડે છે, જેથી તેને વાતોદર થાય છે. જો પાચકપિત્તનો અતિયોગ થઈ કલેદન કફનો હીનયોગ અને સમાનવાયુનો મિથ્યાયોગ થવાથી વિદગ્ધાજીર્ણ થાય છે; તો તે અજીર્ણ શરીરની ધાતુઓને દગ્ધ કરી પોતે પોતાના ગુણધર્મ પ્રમાણે **પિત્તોદર** ઉત્પન્ન કરે છે. જ્યારે અપાનવાયુ કલેદન કફને સૂકવે છે, ત્યારે પાચકપિત્તનો હીનયોગ થાય છે અને અપાનવાયુ તથા સમાનવાયુનો અતિયોગ થઇ આમાજીર્ણને ઉત્પન્ન કરે છે. તે આમ કોઠામાં રહી વાયુથી સુકાતાં સુકાતાં પોતાના ગુણધર્મ પ્રમાણે **કફોદર** જેને લોકભાષામાં **શીહોદર** અથવા **કઠોદર** કહે છે તેને ઉત્પન્ન કરે છે. જ્યારે પાચકપિત્ત, કલેદન કફ અને સમાનવાયુનો પરસ્પર હીન, મિથ્યા અને અતિયોગ થાય છે ત્યારે પાકેલા અન્નનો રસ રક્ત, માંસ આદિ બીજી ધાતુઓને ઉત્પન્ન નહિ કરતાં પોતે સ્થિર થઇ રહે છે, જેથી મનુષ્યને રસશેષ અજીર્ણ શરીરમાં રહેલી ત્રણે ધાતુઓને દૂષિત કરી **સન્નિપાતોદર** ઉત્પન્ન કરે છે. જ્યારે કોઇ માણસને નવજ્વર આવે છે અને તે મટ્યા પછી તે માણસ કુપથ્યનું સેવન કરે તો તેને જીર્ણજ્વર ઉત્પન્ન થાય છે. તેને લીધે શરીરમાં રહેલાં પાંચે પ્રકારના પિત્તો હીનયોગને પામીને કફનો અતિયોગ અને વાયુનો મિથ્યાયોગ કરે છે, જેથી અન્નના રસને રંજકપિત્ત રંગ આપવા માટે યકૃતમાં ખેંચી શકતું નથી. એટલે તે પ્લીહામાં (બરોળમાં) એકઠો થઇ, બરોળને વધારે છે, જેથી રોગીને ભસ્માજીર્ણની પેઠે અન્ન ખાવાને વધારે જોઇએ છે. પરંતુ તે અન્નનું લોહી નહિ બનતાં તેનો રસ પ્લીહામાં એકઠો થાય છે, આથી પેટનાં આંતરડાં દૂષિત થઇ **પ્લીહોદર** ઉત્પન્ન કરે છે. કોઇ માણસને અશુદ્ધ આહાર કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેવ પડેલી હોય, જેમાં કાંકરી, વાળ અને એવાજ બીજા પદાર્થો જેને હોજરી પાચન કરી શકે નહિ તેવા પદાર્થો તે અશુદ્ધ અન્ન સાથે ખાવામાં આવે, જેથી પાચકપિત્ત તેને પચાવી નહિ શકવા-થી તેઓ આંતરડાંમાં વીંટળાઇ જાય અથવા ઠરી જઈ આંતરડાંમાં ક્ષત એટલે ચાંદી ઉત્પન્ન કરે છે. આથી કોઠામાં પાકતા અન્નના રસનું પાચકપિત્ત પાચન કરી શકે નહિ, જેથી ત્રણે દોષનો હીન, મિથ્યા કે અતિયોગ થઈ ઉદરને કુલાવી, આખા શરીરને ગાળી નાખે છે તેને ક્ષતોદર કહેવામાં આવે છે. જે માણસ ભૂખ લાગ્યા પછી પાણી પીએ છે અને તરસ લાગ્યા પછી અન્ન જમે છે; જે માણસ મળમૂત્રાદિના વેગને રોકી રાખે છે, તથા જે માણસ અત્યંત શોક કરે છે; જે માણસ સૂર્યના તાપથી, સડેલી વન-સ્પતિથી કે સ્નેહવાળી માટીના સંસર્ગથી દૂષિત થયેલું પાણી પીએ છે, તેના કોઠામાં રહેલું પાચકપિત્ત બિલકુલ મંદ પડી જાય છે. એટલે અન્નની સાથે પીધેલું પાણી પચતું નથી, જેથી તે પાણી સાથે અન્નનો રસ અને અપાનવાયુ મળીને પેટને કુલાવે છે અને જેમ જેમ વખત જતો જાય, પાણી પિવાતું જાય, તેમ તેમ પેટ વધતું જાય છે તેને જળોદર અથવા જલંદર કહે છે. એ પ્રમાણે પાંચ જાતનાં અજીર્ણોમાંથી પાંચ પ્રકારના ઉદરરોગ અને ત્રણ પ્રકારના વિકારોથી ત્રણ પ્રકારના ઉદરરોગ મળીને આઠ પ્રકારના ઉદરરોગ ગણાવેલા છે. આ આઠ પ્રકારના ઉદરરોગ જ્યારથી થાય છે ત્યારથી તે કષ્ટસાધ્ય ગણાય છે અને ભાગ્યેજ તેમાંથી કોઇ રોગી બચવા પામે છે. તેનું કારણ એવું છે કે ઉદરરોગમાં ખાસ કરીને વાયુનું પ્રાધાન્ય છે, તેથી અગ્નિ મંદ પડી જાય છે અને કફ સુકાય છે. એટલે અન્નને પાચન કરવા માટે અર્થાત્ સમાનવાયુને તથા અપાનવાયુને શુદ્ધ કરવા માટે લંઘન કરવાની અથવા થોડો ખોરાક ખાવાની જરૂર હોવા છતાં, વાયુનો અતિયોગ ખોટી ભૂખ લગાડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, જેથી રોગી તે ભૂખને સહન કરી શકતો નથી. એટલે કફને સુકાવાથી અને પિત્તનો હીનયોગ થવાથી, પ્રકૃતિ પિત્ત ઉત્પન્ન કરનારા તથા કફ ઉત્પન્ન કરનારા પદાર્થોની માગણી કરે છે. આથી રોગી ગળાતકારે પણ તેને તાબે થતો જાય છે, એટલે જીભમાં રુચિ થવાથી ખોરાક ખાઇ શકે છે. પાનવાયુ શુદ્ધ હોવાથી ખોરાકને હોજરીમાં પહોંચાડે છે પણ સમાન તથા અપાનવાયુ તે અન્નને સૂકવી નાખી પેટમાં સંચકી રાખે છે. એટલે દિન પર દિન રોગી અસાધ્યપણાને પામતો જાય છે. જ્યારે કોઇ પણ પ્રકારના ઉદર-રોગમાં ભ્રાજકપિત્તનો હીનયોગ થઇ તેની ચામડી પીળી થાય અને સોજા આવે, રોગીનો ખોરાક બંધ થાય અને શ્વાસ જણાય તથા જીભ પીળી કે સફેદ થાય ત્યારે તે રોગી સંપૂર્ણ અસાધ્ય થયો છે એમ જાણવું. આઠ પ્રકારના ઉદરરોગનાં જુદાં જુદાં લક્ષણો જાણવાની ઇચ્છા રાખનારાઓએ તે નિદાનશાસ્ત્રમાંથી જોઈ લેવાં.

ઉદરરોગમાં એટલું તો સાબિત થઈ ચૂકયું છે કે એ રોગ ખાસ કરીને અજીર્ણમાંથી ઉત્પન્ન થાય છે, એટલે અજીર્ણ વધીને ઉદર-રોગનું સ્વરૂપ પકડે, ત્યાં સુધીમાં એના ઇલાજ ફતેહમંદીથી થઈ શકે છે. પણ જ્યારે ઉદરરોગ સંપૂર્ણરૂપમાં દેખાય અને કોઇ કોઇ જાતના ઉપદ્રવ જણાય ત્યાર પછી તે રોગી ભાગ્યેજ સારો થાય છે. એટલા માટે પેટ મોટું થઈ પેટની ચામડી ચળકતી થવા માંડે કે તુરત ઉદરરોગના ઉપાય શરૂ કરવા અને તે પછી જો તાવ, ખાંસી, શ્વાસ, અરુચિ અને સોજા જણાય તો તેની વ્યર્થ ચિકિત્સા કરવી નહિ.

વાતોદરની શરૂઆતમાં અમૃત હરીતકી, વિશાળાક્ષાર અને શ્રીફળક્ષારની ૦।૦। તોલાની માત્રા છાશ સાથે આપવાથી એ રોગ મટી જાય છે. જો પિત્તોદરની શરૂઆત હોય તો અમૃત-હરીતકીની માત્રા ૦। તોલો છાશમાં સિંધવ, હિંગ અને રાઇનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૂર્ણ નાખી પાવામાં આવે તો પિત્તોદર મટી જાય છે. જો કફોદરની શરૂઆત દેખાય તો સ્નુહીક્ષિરગુટિકા અથવા પુનર્નવાદિ ગૂગળની બબ્બે ગોળી મોળી છાશ સાથે આપવામાં આવે તો તે મટી જાય છે. સન્નિપાતોદર અસાધ્ય છે. જો પ્લીહોદરની શરૂઆત જણાય, તો કૃમિશત્રુ એટલે વાયવડિંગ શેર ૦ા તથા ઇંદ્રજવ શેર ૦ા એ બેને ઝીણાં વાટી તેની મધમાં ચણા જેવડી ગોળીઓ વાળી, બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર આપવાથી એ રોગ મટી જાય છે. જો ક્ષતોદરની શરૂઆત જણાય તો વાંસકપૂર, એલચી, વાયવડિંગ, ઇંદ્રજવ, અજમોદ અને કરમાણી અજમાનું ચૂર્ણ તોલો ૦ા મોળી છાશમાં થોડી સાકર નાખી ફકાવવાથી એ રોગ સારો થાય છે. જો બદ્ધોદરની શરૂઆત હોય તો અમૃતહરીતકી, રજનીચૂર્ણ, એટલે આંબાહળદર, સાજીખાર અને વાંસકપૂર સમભાગે લઇ તેનું ચૂર્ણ કરી ગરમ પાણી સાથે ૦ા ૦ા તોલો આપવાથી એ રોગ મટી જાય છે. જો જળોદરની શરૂઆત જણાય તો સ્નુહીક્ષિરગુટિકાની ત્રણ ગોળી દિવસમાં ત્રણ વાર આપવી. અથવા પુનર્નવાદિગૂગળની દિવસમાં ત્રણ વાર બબ્બે ગોળી આપવી અથવા અમૃતાદિગૂગળ દિવસમાં ત્રણ વાર બબ્બે ગોળી આપવી. અથવા ઝાડવાંની માત્રા, કાળીજીરીનો ક્ષાર, વિશાળાક્ષાર અને દરેક ૦ા તોલો લઈ છાશ સાથે આપવા. અથવા ખરસાણી થોરના દૂધમાં ચણાની દાળ પલાળી, સૂંકવી તેને શેકીને તેનું ચૂર્ણ બનાવી તેમાં સૂંઠ, મરી, પીપર, પારો, ગંધક વછનાગ, હરડાં, બહેડાં, સિંધવ, સંચળ ને સાજીખાર એ તમામને ચણાની દાળ જેટલા વજને લેવાં. તેને ભેગાં મેળવી ભાંગરાના રસમાં વાટી, એક એક વાલની ગોળી કરી, એકેક ગોળી દિવસમાં બે અથવા ત્રણ વાર ગરમ પાણી સાથે આપવાથી જલોદર મટે છે. આઠે પ્રકારના ઉદરરોગમાં ગોમૂત્ર અને છાશનું સેવન અતિ ઉપયોગી છે. સોજો આવ્યા પછી કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઉદરરોગમાં સાટોડીનાં મૂળના કવાથ સાથે ઉપર લખેલી કોઇ પણ દવા આપવાથી સોજા ઊતરી જાય છે. કોઈ પણ ઉદરરોગમાં ઘી, તેલ, ગળપણના પદાર્થો અને વિદાહી એટલે તેલમાં તળેલા પદાર્થો બિલકુલ આપવા નહિ. કોઇ પણ ઉદરરોગીને જેમ બને તેમ અન્ન ઓછું આપવું; પરંતુ છાશ અથવા ચોખાની કાંજી તથા બીજા હલકા પદાર્થો આપવાને હરકત નથી. ઉદરરોગમાં સોજા ચઢ્યા હોય અને રોગી અકળાતો હોય તેવી અવસ્થામાં પૂર્ણચંદ્રોદય, સ્વલ્પચંદ્રોદય, પંચામૃતપર્પટી, લોહપર્પટી, સુવર્ણપર્પટી યોગ્ય અનુપાન સાથે અથવા સાટોડીના ઉકાળા સાથે અગર એકલી મધમાં આપવાથી ઘણું સારું કામ કરે છે; તેમાં જળોદરના રોગીને પુનર્નવાદિ ગૂગળ, સ્વલ્પ ચંદ્રોદય અને પંચામૃત પર્પટી ઘણો ફાયદો કરે છે.

શોથરોગ (સોજા):–જ્યારે વ્યાનવાયુનો હીનયોગ, ભ્રાજકપિત્તનો મિથ્યાયોગ અને સંશ્લેશણ કફનો અતિયોગ થાય છે; ત્યારે પાનવાયુ રક્તને અને સમાનવાયુ રસને સાથે લઇ ચામડીમાં વહેતી ત્રણ ધાતુની શિરાઓમાં ખેંચી લાવે છે અને તે શિરાઓમાં તેનું રુંધન કરે છે. તેથી વાયુ, પિત્ત અને કફ ત્વચા અને માંસનો આશ્રય કરી સોજાને ઉત્પન્ન કરે છે. તે સોજો કારણભેદથી કાર્યભેદ થઈને નવ પ્રકારનો થાય છે. એટલે ત્રણ દોષથી ત્રણ, દ્વંદ્વજ દોષથી ત્રણ, સન્નિપાતથી એક, અભિઘાતથી એક અને વિષથી એક મળી નવ પ્રકાર થાય છે. જે માણસ ઊલટી તથા જુલાબનાં ઓસડ લેવાથી લાંબા દિવસના તાવથી, લાંઘણો ખેંચવાથી, શરીર સુકાઇ દુર્બળ થવાથી; ખારા, ખાટા, તીખા, ઊના અને વિશેષ જડ પદાર્થોનું સેવન કરવાથી, દહીં, કાચું અન્ન, માટી, શાકભાજી, દૂધ અને મચ્છી જેવાં વિરુદ્ધ ભોજન ખાવાથી, વિષના સ્પર્શથી, હરસના રોગથી, કસરત નહિ કરવાથી, જુલાબની અગત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં નહિ લેવાથી, હૃદય આદિ લઈને મર્મસ્થાનોમાં દોષોએ ઉત્પન્ન કરેલા રોગોથી, ગર્ભ અથવા ગર્ભપાતથી અને વમનાદિક ક્રિયાથી, શરીર શુદ્ધ કરવા માટે ખોટા પ્રયોગોથી, એવાં કારણોથી અપાન અને સમાનવાયુ બગડે છે. આથી વ્યાનવાયુનો હીનયોગ થાય છે. તેથી ઉપર કહ્યા પ્રમાણે સોજાનું મૂળ ઉત્પન્ન થાય છે. વાયુપ્રધાન સોજો ચંચળ, પાતળી ત્વચાવાળો, બરબચડો, રાતા-કાળા મિશ્રિત રંગનો અને બહેર મારી ગયેલો હોય છે. પિત્તપ્રધાન સોજો નરમ, થોડી વાસવાળો અને કાળો, પીળો તથા રાતા રંગથી મિશ્રત હોય છે. રોગીને તાવ આવે છે, પસીનો વળે છે, તરસ લાગે છે અને ખાસ કરીને એ સોજામાં દાહ વિશેષ હોય છે. કફપ્રધાન સોજામાં અન્ન ભાવતું નથી, લાળ ગળે છે, ઊંઘ આવે છે, અગ્નિ મંદ પડે છે અને તે જડ, સ્થિર અને સફેદ રંગનો હોય છે. એ સોજો મટતાં ઘણી વાર લાગે છે. બે બે દોષથી અને ત્રિદોષથી થયેલા સોજામાં બે બે દોષનાં લક્ષણ જોવામાં આવે છે. જે રોગીને શરીર પર માર પડવાથી, શસ્ત્ર વાગવાથી કોઈ અંગ ચિરાવા તથા ફાટવાથી તથા રસી નીકળતા ગડગૂમડાથી, શીતળવાયુના સ્પર્શથી, સમુદ્રકિનારાના પવનના ઝપાટાથી, જે સોજા ઉત્પન્ન થાય તે આખા શરીરે ફરી વળે છે અને તેમાં તીવ્ર બળતરા હોય છે. જે સોજાનો રંગ રાતો હોય છે, તે સોજો અભિઘાતથી થયો છે એમ જાણવું. જો સોજો કોઇ ઝેરી જીવ શરીર પરથી ચાલી જવાથી કે તેના મૂત્રનો સ્પર્શ થવાથી, કોઈ પ્રાણીના દાંત કે નખો શરીર પર લાગવાથી, વિષવાળા જીવનાં મળમૂત્ર તથા શુક્રથી, બરડાયેલું વસ્ત્ર અંગ પર પરિધાન કરવાથી, કોઇ ઝેરી ઝાડ તરફથી આવતા વાયુનો અંગને સ્પર્શ થવાથી, શરીર પર સંયોગિક વિષને ભાર દઇ ચોળવાથી, ભિલામાં જેવા ફળનું તેલ લાગવાથી, બરસાણી જેવા ઝાડનું દૂધ ઊડવાથી, કામળિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા સાપના ફૂંકારથી જે સોજા આવે છે તેને વિષજશોથ કહે છે. જે સોજા છાતી ઉપર દેખાય છે તે આમાશયમાંથી આવે છે. જે સોજો પેટ અને પેટના સાંધામાં આવે છે તે પક્વાશયમાં થયેલા દોષને લીધે આવે છે. જે સોજો પગ પર આવે છે તે મળાશયમાં થયેલા દોષથી આવે છે અને તે તે દોષો ફેલાતાં સર્વાંગે સોજો આવે છે. જે સોજો કટિ-પ્રદેશમાં ચઢ્યો હોય છે તે અને જે સર્વાંગ પર પસરી વળ્યો હોય છે તે, પરાણે મટે છે. પણ જે સોજો નીચેના અંગ પર આવી પછી ઉપર ચઢે છે તે મોતની નિશાની છે. જે સોજાના રોગીને શ્વાસ, તરસ, ઊલટી, નબળાઇ અને તાવના ઉપદ્રવો થયા હોય તથા જેને અન્ન દીઠું પણ ગમતું નથી, તેના જીવ્યાની આશા છોડવી. પુરુષને પગ પરથી આવી ઉપર ચઢતો સોજો અસાધ્ય છે અને જે સોજો મુખ પરથી આવી નીચે ઊતરતો જાય છે તે સ્ત્રીના સંબંધમાં જીવઘાતક છે. પણ જે સોજો સ્ત્રીપુરુષની ગુહ્યેન્દ્રિય પર આવે છે, તે સ્ત્રીપુરુષ બન્નેને ઘાતક છે. સોજાના રોગમાં જે રોગની પાછળ સોજા આવ્યા હોય તે રોગની ચિકિત્સા કરવાથી તે સોજા મટે છે, પરંતુ સ્વતંત્ર કારણથી સોજા આવ્યા હોય તો સૂંઠ, સાટોડી, એરંડમૂળ, પટોળ, હરડાં, બહેડાં, આમળાં, લીંબછાલ, દારુ-હળદર, પીપળીમૂળ અને કાયફળનો **નાગરાદિક્વાથ** પાવાથી મટી જાય છે. અથવા **પુનર્નવાદિ-ગૂગળ** દિવસમાં ત્રણ વાર એકેક અથવા બબ્બે ગોળી આપવાથી સોજા ઊતરી જાય છે. અથવા **અપક્વસૌરાષ્ટિ** ગોમૂત્ર સાથે આપવાથી સોજા ઊતરી જાય છે. અથવા સાટોડીના ઉકાળા સાથે સૌરાષ્ટિ આપવાથી સોજા ઉપર ઘણો ફાયદો કરે છે. અભિઘાતથી ઉત્પન્ન થયેલા સોજામાં **સોજાની ગોળી** પાણીમાં ઘસી ચોપડવાથી સોજાને ઉતારે છે. અથવા ઘઉંના લોટને તલના તેલનું મોણ દઈ તેમાં હળદર ને સાજીખાર નાખી, કઢી જેવું પાતળું કરી બદબદતાં લાહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવું જાડુ થાય ત્યારે અભિઘાતના સોજા ઉપર ચોપડવાથી સોજો ઊતરી જાય છે અને લોહી બંધાયુ હોય તો વેરાઈ જાય છે. કોઇ જનાવરના સ્પર્શથી સોજો આવ્યો હોય અથવા કીડી કરડવાથી, કાનખજૂરો કરડવાથી કે એવાંજ બીજાં ઝેરી જંતુના કારણથી સોજો આવ્યો હોય, તો તેના ઉપર સોજાની ગોળી પાણીમાં ઘસી ઠંડી ને ઠંડી ચોપડવાથી આણાદ ફાયદો કરે છે. જો કોઈ ગડગૂમડને લીધે અથવા વિદ્રધિને લીધે અથવા ગાંઠને લીધે અથવા પિત્તપ્રકોપથી સોજો આવ્યો હોય તો ગુલાબરમાની ગુલાબજળમાં મેળવી વારંવાર ચોપડવાથી તો સોજા ઊતરી જાય છે. જો કફનો સોજો હોય તો સાટોડીનું મૂળ, સુરીજન, કુલાવેલી ફટકડી અને જરા અફીણ મેળવી લેપ કરવામાં આવે તે સોજો ઊતરી જાય છે. જો વાયુનો તથા કફનો સોજો હોય તો સોનાગેરુ પાણીમાં મેળવી વારેવારે ચોપડવાથી મટી જાય છે. જો ભિલામાં જેવા ફળના તેલથી સોજો આવ્યો હોય તો કોપરાનું તેલ અથવા માલકાંકણીનું તેલ ચોપડવાથી તે સોજો મટી જાય છે. જો ખરસાણી જેવા ઝાડનું દૂધ લાગવાથી સોજો આવ્યો હોય તો તે સોજા ઉપર ઘી ચોપડવાથી તે મટે છે. એ પ્રમાણે સોજાની ચિકિત્સા ઉપરાંત જો સહેજ વાગવાથી સોજો આવ્યો હોય તો દારુડીનાં પાતરાંનો રસ, હળદર અને મીઠું નાખી ગરમ કરી ચોપડવાથી તે સોજો મટી જાય છે. તેજ પ્રમાણે દારૂડીનાં મૂળ, કંબોઈનાં મૂળ, મરીકંથારનું મૂળ, કાળિયા સરસવનું મૂળ, સાટોડીનું મૂળ, એ દરેક મૂળ જુદાં જુદાં ચોપડવાથી ગાંઠ જેવા કઠણ સોજા ઊતરી જાય છે.

અંડવૃદ્ધિઃ–જ્યારે અપાનવાયુનો કોપ થઇ તેનો અતિયોગ થાય છે, ત્યારે તે ગુદામાર્ગથી બહાર નહિ નીકળતાં બસ્તિના સ્થાનમાં આવી પોતાની નીચે જવાની ગતિ પ્રમાણે, જે પુરુષના અંડકોષની વીર્યવાહિની અને જળવાહિની નસો કે જે મિથ્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિહારથી નબળી પડી ગયેલી હોય છે, તેમાં પોતાની સાથે રહેલા દોષોને લાવીને અંડસંધિને રસ્તે વૃષણમાં ઊતરે છે, જેથી વૃષણો સાત પ્રકારે મોટા થાય છે, તેને અંડવૃદ્ધિરોગ કહે છે. તે ત્રણ દોષથી ઉત્પન્ન થતા ત્રણ રક્તથી એક, મેદ (ચરબી) થી એક મૂત્ર-(પાણી) થી એક, આંતરડાંથી એક મળીને સાત પ્રકાર થાય છે. જો કે અંડવૃદ્ધિ રોગમાં વાયુનું પ્રાધાન્ય છે તો પણ જે જે દોષો સાથે સંયોગ થવાથી તે તે દોષને અંડકોષમાં લાવે છે, તેથી તેનાં જુદાં જુદાં નામ પાડવામાં આવ્યાં છે. જો વાયુ પ્રધાનપણે અંડકોષમાં ઊતર્યો હોય તો અંડકોષ રબરના કુક્કા જેવો હાથને લાગે છે. અને તે કારણ વિના દુઃખે છે. જો વાયુ સાથે પિત્ત ઊતર્યું હોય તો તે અંડકોષ રંગે રતાશ પડતો, દાહયુક્ત, જલદી પાકી જાય એવો, અત્યંત વેદનાવાળો અને ઝીણી ફોલ્લીઓથી વ્યાપ્ત હોય છે; અને રક્તનું પ્રાધાન્ય હોય તો પણ પિત્તપ્રધાન જેવાંજ લક્ષણ બતાવે છે. માત્ર ફેર એટલો છે કે તેમાં ફોલ્લીઓ થતી નથી અને રંગ વધારે લાલ હોય છે. જે અંડવૃદ્ધિમાં કફ પ્રાધાન્ય ભોગવતો હોય અથવા પ્રાધાન્ય પામે કે ચરબી ઊતરી હોય તો તે અંડવૃદ્ધિ પોચી, સુંવાળી અને આકારમાં ગોળ હોય છે. જે અંડવૃદ્ધિમાં પેશાબ એટલે પાણી ઊતર્યું હોય તે અંડવૃદ્ધિ પાણીની પખાલની પેઠે હાલે છે ને આકારમાં વેંગણ (વંતાક) જેવી લાંબી હોય છે. તેમાં દુઃખાવો ઓછો હોય છે અને સ્પર્શ કરતાં સુંવાળી લાગે છે. જે માણસને વાયુ કોપે એવા આહાર કરવાથી, શીતળ પાણીમાં ડૂબકી મારવાથી, સંપૂર્ણ ગતિવાળા પ્રાણી કે પદાર્થને પરાણે રોકાવાથી, ઊંચકી નહિ શકાય એવી વસ્તુને ઊંચકવા-થી, હોઠ પીસી બળ અજમાવવાથી, પોતાની શક્તિ કરતાં ભારે બોજો ઊંચકી લઈ જવાથી, ઘણી મજલ કરવાથી, આવાં વિચિ-ત્ર કારણોથી કોપાયમાન થયેલો વાયુ નાનાં આંતરડાંનો એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ લઈ, તે આંતરડાંનો સંકોચ કરી અથવા બેવડાં વાળી પોતાના સ્થાનમાંથી જ્યારે નીચે ખેંચી લાવે છે, ત્યારે તેઓ અંડસંધિમાં (જ્યાં ગદ્દ થાય છે ત્યાં) રહીને ગાંઠના જેવો સોજો ઉત્પન્ન કરે છે, તેને અંડવૃદ્ધિ અથવા તો સારણગાંઠ કહે છે.

આજ સુધીમાં અંડવૃદ્ધિના રોગને માટે જો કે શાસ્ત્રમાં ઘણા ઉપાયો લખવામાં આવ્યા છે તથાપિ અંડવૃદ્ધિ એક વાર વૃદ્ધિ પામી એક રતલ કરતાં વધારે વજનની થઇ કે પછી તેનો ઈલાજ કરી સારી કરી હોય તેવા દાખલા કવચિત્ જોવામાં આવે છે. મોટી મોટી ચરબી ભરેલી અંડવૃદ્ધિને સારી કરનારા ચિકિત્સકો જોવામાં આવ્યો છે, પણ તેઓ મોટા મોટા શેઠિયાઓ પાસે બે હજારથી દશ હજાર રૂપિયા લેવાની પદ્ધતિવાળા છે, એટલે સામાન્ય લોકોને તે પોતાના લાભ આપી શકતા નથી. એ રોગને માટે પશ્ચિમના વિદ્વાનો છિદ્ર કરી પાણી કાઢી નાખે છે પણ કાઢેલું પાણી થોડા દિવસ પછી ઘણાને પાછું ઊતરતું જોવામાં આવ્યું છે. તેમ ચરબીપ્રધાન અંડવૃદ્ધિને વાઢકાપ કરી ચરબી કાઢી નાખે છે તેથી જો કે ઘણાને સારું થયેલું જણાયું છે, તેમ કેટલાકના જીવ ગયેલાનું પણ સાંભળાયેલું છે. અમારા અનુભવ પ્રમાણે જે અંડકોષમાં વાયુ ભરાયેલો હોય છે તે તો મટતાજ નથી. માત્ર વાયુનું અનુલોમન થાય એવા પદાર્થોનું જિંદગી પર્યંત સેવન કરે તો એ રોગ વધતો અટકી જાય છે. તેમ દરેક અંડવૃદ્ધિમાં વાયુને અનુલોમન કરનારા પદાર્થોનું સેવન અને કફને ઉત્પન્ન કરનારા પદાર્થોનો ત્યાગ કરવાથી વિશેષ ફાયદો થાય છે. જો પિત્તપ્રધાન અંડવૃદ્ધિ હોય તો તેના ઉપર ગુલેઅરમાની અને ગુલાબજળ ઉપરાછાપરી લગાડવાથી દાહની શાંતિ થઈ અંડવૃદ્ધિ મટી જાય છે. પરંતુ એ ગુલેઅરમાની અને ગુલાબજળ જો કે ઠંડક આપનારાં છે તોપણ ઉદાવર્તવાળો છતો પણ દાનો બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેંચી લાવનારાં હોવાથી એજ ઉપચારથી તે અંડવૃદ્ધિ એની મેળે પાકીને ફૂટી જાય છે અને ફૂટ્યા બાદ એજ ઉપચાર ચાલુ રાખવાથી રુઝાઇને મટી પણ જાય છે. પિત્તપ્રધાન અંડવૃદ્ધિમાં એવું પણ જોવામાં આવ્યું છે કે પિત્તને લીધે અંડ વધે છે, દાહ અને બળતરા થાય છે, તે ઉપરાંત અંડકોષના ઉપર એક અથવા બે ગાંઠ નીકળે છે; તેવી અવસ્થામાં ગાંઠને પકવી જલદી ફોડવા માટે કાળી દ્રાક્ષને બિયાં કાઢી ઝીણી વાટી પટ્ટી મારવાથી ગાંઠ જલદી ફૂટી તમામ પરુ નીકળી જાય છે અને પછી તે ઉપર સાદા મલમની પટ્ટી મારવાથી તે રુઝાઇને મટી જાય છે.

સાદો મલમઃ-તલનું ચોખ્ખું તેલ શેર એક, પાંચ શેર ચોખા ચઢે એવડા તપેલામાં મૂકી, ધીમી આંચથી તેલ ગરમ થઈ તેમાંનો પાણીનો કકડાટ બોલતો બંધ થાય અને જરા ધુમાડો નીકળવા માંડે ત્યારે ઊંચી જાતનું, જેમાં કોઈ પણ જાતનો ભેળ નહિ હોય એવું સિંદૂર શેર અર્ધો નાખી હલાવવું, જેથી પાંચ મિનિટમાં ઊભરો આવી તેનો રંગ કાળો બની જશે. તે વખતે તેમાંથી બે ચાર ટીપાં પાણીમાં નાખીને તેની ચાસણી તપાસવી. જો મલમ જેવી થાય તો નીચે ઉતારી તેનું ઝીણુ ભાંગતાં સુધી હલાવ્યા કરવું. તે પછી તે મલમની પટ્ટી મરજી પડે ત્યાં મારવી. જો એ મલમ બનાવતાં ચાસણી ખરી થઇ જાય અને પટ્ટી બને નહિ તો તે મલમને પાછો તપાવી પાતળો થાય એટલે ચારથી છ તોલા મીણ મેળવી, તે ઓગળી જાય ત્યારે ઉતારી લેવો, તેથી બરાબર પટ્ટી બનાવવાના કામમાં આવશે.

સાધારણ અંડવૃદ્ધિમાં શેરીલોબાન, રેવંચીનો શીરો, ગુજ્જર, એળિયો અને બોળ સમભાગે લઇ તેને આંડી પાણીમાં બદબદાવી જરા ઠંડુ પાડી પછી એપટી, ઉપર ચોળાની [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લંગોટ કસવાથી તે રસ ઊતરી જાય છે. શરૂઆતમાં પાણી ઊલરતું હોય કે ચરબી ઊતરતી હોય તો આ ખરડ અથવા નાઇકંદ ઘસીને ચોપડવાથી બહુ ફાયદો કરે છે. વધારે પાણી ઊતર્યું હોય અથવા ચરબી હોય તો તેના પર ગુલેઅરમાની અને ગુલાબજળ સતત લગાડવાથી અને તે સાથે સવારસાંજ બે વખત એકેક તોલો નારાયણ તેલ ગરમ પાણીમાં નાખી લાંબા વખત સુધી પાવાથી અંડવૃદ્ધિ મટી જાય છે, તે ફરી થતી નથી. અથવા નીચે બતાવ્યા પ્રમાણે વૃદ્ધિરસના ઉપચારથી પણ તે મટે છે.

વૃદ્ધિરસઃ—શુદ્ધ પારો ૧૦ તોલા, શુદ્ધ ગંધક ૧૦ તોલા, સુવર્ણમાક્ષિક ભસ્મ તોલા ૨૦ અને હીમજી હરડે ૪૦ તોલા લઈ પારાગંધકની કાજળી કરી, તેમાં માક્ષિક તથા હીમજી હરડેને મેળવી એરંડાનાં પાતરાંના રસની ત્રણ ભાવના આપી તેની ચણા ચણા જેવડી ગોળી વાળી, અંડવૃદ્ધિના રોગીને દિવસમાં બે અથવા ત્રણ વાર એક થી બે ગોળી પાણી સાથે આપવાથી લાંબે દિવસે અંડવૃદ્ધિ મટી જાય છે, તે પાછી થતી નથી. પરંતુ આ ગોળી ખાતાં જુલાબ સારૂ નહિ આવે તો ગોળીની સાથે થોડો હીમજનો ભૂકો મેળવીને ખવડાવવો એટલે વૃદ્ધિ મટે છે. એટલું યાદ રાખવું કે પિત્તપ્રધાન અંડવૃદ્ધિમાં કોઈ પણ જાતનો ચીકણો અને સુકાયા પછી ચામડીને ખેંચે એવો ખરડ કે લેપ લગાડવો નહિ, તેમ નારાયણ તેલ કે વૃદ્ધિરસ પણ આપવો નહિ. જે રોગીને આંતરડું ઊતરતું હોય તેનો ઉપાય પશ્ચિમના વિદ્વાનોએ શોધી કાઢેલા પટ્ટા સિવાય બીજો જાણવામાં આવ્યો નથી; પરંતુ તેની શરૂઆતમાં સવારસાંજ અર્ધો અર્ધો રૂપિયાભાર મેથીના દાણા એકલા પાણી સાથે ફાકી મારી આખા ને આખા ગળી જવાથી બે ત્રણ માસમાં આંતરડું ઊતરતું બંધ થઈ જાય છે. જે વખતમાં આંતરડું ઊતર્યું હોય છે અને રોગી બૂમેબૂમ પાડતો હોય છે તેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવસ્થામાં જો વૈદ્ય સાવધાની રાખી કાળજીપૂર્વક બે આનીભાર અફીણને બે તોલા પાણીમાં પીગળાવી તેનો કસૂંબો બધો એકજ વખતમાં પાઈ દે તો તેજ ક્ષણે આંતરડું પોતાને સ્થાને બેસી જાય છે તે ફરી ઊતરતુંજ નથી. પણ કસૂંબો પાયા પછી અફીણના ઝેરની કંઇક અસર દેખાય તો થોડું હિંગનું પાણી કરી પાઈ દેવાથી અફીણનું વિષ તરત ઊતરી જશે. પરંતુ આ અફીણ પાવાનો ઉપચાર વિદ્વાન અને બુદ્ધિમાન વૈદ્યની હાજરી સિવાય કોઇએ કદી અજમાવવો નહિ, એવી અમારી ખાસ આગ્રહપૂર્વક ભલામણ છે.

ઉદરરોગ, શોથરોગ અને અંડવૃદ્ધિના ઉપાયો

૧-વૈદ્ય ધીરજલાલ દલપતરામ-સુરત

૧. અમૃતગુટિકાઃ-ગળોસત્ત્વ, સૂરોખાર, નવસાર, એળિયો, હીરાકસી, કોલમ, કરિયાતું, મરી, સૂઠ અને સંચળ એકેક ભાગ લેવાં; કડુ ૧૦ ભાગ લઇને બાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી ગોળી વળાય એટલે કુંવારનો રસ નાખી, એક દિવસ બલ કરી ચણા જેવડી ગોળી વાળી, દિવસમાં ત્રણ વખત વરિયાળીના ઉકાળા સાથે આપવાથી તમામ જાતના ઉદરરોગ મટે છે.

૨. કપડવંજી સાબુ, સૂંઠ, તજ, સંચળ, સાજી, અને કુલાવેલી ફટકડી બબ્બે તોલા, એળિયો, બોળ, દિકામાલી ચાર ચાર તોલા લેવી. એનું ચૂર્ણ કરી તેમાં કુંવારનો રસ શેર ૨।। તથા ગોળ શેર ૨।। નાખી બરણીમાં ભરી ૧૫ દિવસ એકાંતમાં રાખી મૂકવું. પછી તેમાંથી ગાળીને સવારસાંજ રૂપિયા કે અડધાભાર, મધ મેળવી પીવાથી ઉદરરોગ નાશ પામે છે.

૨-વૈદ્ય બાલકૃષ્ણ રત્નેશ્વર-સુરત

૧. નગોડનો રસ તોલા ૨, ગોમૂત્ર તોલા ૪માં મેળવી પાવાથી સાત દિવસમાં પ્લીહોદર મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. રગતરોહિડો અને મોટી હરડે ગોમૂત્રમાં ઘસીને પાવાથી યકૃતોદર મટે છે.

૩–વૈદ્ય અંબારામ શંકરજી–વાગડ

૧. ભસ્મ માટેઃ–પાકું બિજોરુ નંગ ૧, મૂળા નંગ ૧૦, રીંગણાં નંગ ૧૦, એરંડાની મીંજ શેર ૧, સંચળ શેર ૦।, સિંધવ શેર ૦।, સાજીખાર શેર ૦।, ધંતૂરાનાં પાન નંગ ૫૦, આકડાનાં પાન નંગ ૬૪, સરસીનું તેલ શેર ૦।, થોરના કટકા નંગ ૪, કુંવારનાં લાણાં નંગ ૪, ભોંયરીંગણીનાં ફળ નંગ ૬૪ તમામ ભેગાં કરી વાસણમાં નાખી મોઢા પર મુદ્રા કરી ગજપુટમાં પકાવી વાટી ચૂર્ણ કરવું. તે ચૂર્ણ ફા. ૦। થી ૦॥ ભાર છાશ સાથે અથવા ગરમ પાણીમાં આપવું. આથી તમામ ઉદરરોગ, ભગંદર, જળંદર, પાંડુ, અજીર્ણ, શૂળ, સંગ્રહણી, અશ્મરી મૂત્રકૃચ્છ્ર, શ્વાસ, કાસ અને હૃદયરોગ મટે. આ દવા મધ સાથે પણ આપી શકાય છે.

૨. એક પાણી ભરેલું નાળિયેર લઇ તેની છાલ ઉતારી આખો ગોળો કાઢવો. પછી તેમાં બાકું પાડી તેમાં માય તેટલું મીઠું ભરવું. પછી ડાગળી બંધ કરી તેને પાણીમાં ડૂબતો રાખવો. (અંદર પાણી ન જાય તેની ખાસ સાવચેતી રાખવી.) આઠમે દિવસે તે નાળિયેર ફોડી તેના સાત ભાગ કરી એક ભાગ ગોળ સાથે ખાવા આપવો. પછી બીજો ભાગ બીજે દિવસે આપવો. એ પ્રમાણે સાત દિવસમાં ખવડાવવું. એવાં ત્રણ નાળિયેર ૨૧ દિવસ ખવડાવવાથી તમામ ઉદરરોગ તથા બરોળના રોગ મટી જાય છે.

૩. ઉદરગ્રંથિ માટેઃ–બીડલવણ, કાચલવણ, સંચળ, સિંધવ, જવખાર, ટંકણ, એ સર્વ સમભાગે લેવાં તથા તેના વજન જેટલો વાજિયા ઘઉંનો લોટ લેવો. તમામને આકડાના દૂધમાં કાલવી ગજપુટમાં ભસ્મ કરી, તે ભસ્મમાં સૂંઠ, મરી, પીપર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીરું, શાહજીરું, સિંધવ, અજમો અને શેકેલી હિંગ મેળવવી. પછી તેમાંથી બેઆની ભારથી ૦ા તોલા સુધી ગોમૂત્ર સાથે ફાકવાથી સર્વ પ્રકારના ઉદરરોગ મટે છે.

૪. **નારાયણ ચૂર્ણ**:–અજમો, પલાસી, કાળીજીરી, ત્રિફળાં, ત્રિકટુ, વરિયાળી, અજમોદ, ધાણા, સુવા, પીપરીમૂળ, ષડ્ઢકચૂરો, દારુડિનાં મૂળ, ચિત્રો, વાવડિંગ, એરંડમૂળ, લીંડીપીપર, સાજીખાર, જવખાર, ઉપલેટ, બંગડીખાર, વડાગરું મીઠું, ખારું મીઠું, સિંધવ અને સંચળ, એ એકેક તોલો લેવાં; દંતીમૂળ ત્રણ તોલા લેવાં, ખરસાણીથોરનાં મૂળ ચાર તોલા લઈ સર્વે ખાંડી ચૂર્ણ કરી પ્રથમ દરદીને બે ચાર દિવસ ઘી પાઇ કોઠો ચીકણો કરી, પછી રોગ તથા રોગીનું બળ જોઈ યોગ્ય માત્રા તથા યોગ્ય અનુપાનથી આપવામાં આવે તો તમામ જાતના ઉદરરોગને મટાડે છે.

૫. **બરોળ માટે**:–રાઇ, સિંધવ, સરગવાનાં મૂળની છાલ અને કરેણનાં મૂળની છાલ લઈ પ્રથમ કરેણનાં મૂળ શુદ્ધ કરી સર્વની સાથે વાટી વાલ ૦ા થી ૧ દહીંમાં આપવાથી બરોળ મટે છે. આ દવા ખાઈને તરતજ સાકરનો શીરો ખાવો.

૬. **બરોળ તથા ઉદરરોગ માટે**:-અડાયાંની રાખ તોલો ૧, લોહભસ્મ તોલો ૧ તથા ગાડાની મળી મેળવી ચણા પ્રમાણે ગોળી વાળી દિવસમાં ત્રણ વાર એકેક ગોળી ગળી જવી જેથી બરોળ મટે છે.

૭. શંખભસ્મ તથા પ્રવાલભસ્મ તોલા ૫, લોહભસ્મ તોલા ૨, સાજીખાર, સંચળ, જવખાર, મીઠું ને બંગડીખાર એ બબ્બે તોલા લઇ વાટી બિલ્વેરાના રસની ત્રણ ભાવના આપવી, કુંવારના રસની ત્રણ ભાવના આપવી, લીંબુના રસની ત્રણ ભાવના આપવી અને કેરડાની છાલના કવાથની ત્રણ ભાવના આપવી. તેમાંથી તોલો ૧ સવારમાં ખાવાથી બરોળ, પેટની ગાંઠ તથા ઉદરરોગ મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪–વૈદ્ય શ્યામચંદ ગોવર્ધનરામ–ખાખરેચી

ઉદરરોગ માટેઃ–સરપંખાની જડ તથા મરીના સાત દાણા પાણીમાં એકત્ર કરી બે મહિના પીવાથી પ્લીહા તથા ઉદરરોગ મટી જાય છે. પથ્ય–બરાબર પાળવું.

૫–વૈદ્ય વિશ્વનાથ અમૃત મંજૂરે–કઠોર

જળોદર માટેઃ–સોનામુખી તોલા ૪, શુદ્ધ નેપાળો તોલો ૦॥, મરકીનાં બી તોલા ૨, વરિયાળી તોલા ૨, નસોતર તોલા ૨ અને ઝેરકચૂરો તોલો ૧ એ સર્વને વાટી ચાર આનીભાર બે વખત આપવાથી જળોદર, નાળકોટ, મળારણી વગેરે તથા શોથરોગ તથા ઉદરરોગ મટે છે.

૬–વૈદ્ય ગોવર્ધનરાવ–પાટણ

૧. પેટમાં ગાંઠ અગર બરોળ હોય તેનો ઉપાયઃ– મહુડાં શેર ૧૦ અને છાશ મણ એક તેને એક મોટી કે તાંબાની ગોળીમાં ભરી તેની અંદર લોખંડની સાંકળો ગરમ લાલચોળ કરી ત્રણચાર વખત છમકારવી. પછી તે મહુડાં તથા છાશ એકથઈ જાડો પાક થાય ત્યાં સુધી બાળવી. પછી તેને એક નાના માટલામાં ભરી મુદ્રા કરી, એક બાતર નાખેલી જમીનમાં અથવા ઉકરડા જેવી જમીનમાં બેત્રણ હાથ ઊંડો ખાડો કરી, તેમાં દાટી તેને સાત દિવસ પછી કાઢી, દિવસમાં એક વખત બે તોલા આપવાથી ગાંઠ અગર બરોળ મટી જાય છે, એવો અમારો ખાસ અનુભવ છે.

૨. સવારમાં સૂર્યોદય પહેલાં રોગીને જગાડીને જે વાડીની અંદર વંતાક (વેંગણ) વાવેલાં હોય તે વાડીની અંદર લઈ જઈ વંતાક તોડી (સૂર્યનું કિરણ ન પડે તેટલું જલદી) તરતજ ખવડાવી દેવું. આથી સાત દિવસમાં તે ગાંઠને અવશ્ય મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭–વૈદ્ય આણંદજી અને સવજી પીતાંબર–ઉના

જળોદર માટેઃ–નારસિંહ ચૂર્ણ અને આરોગ્યવર્ધક રસ બે વખત દૂધમાં બબ્બે વાલ આપવો. દરદીને ફક્ત દૂધ પર રાખવો, જેથી જળોદર મટે છે.

૮–વૈદ્ય નંદલાલ પ્રાગજી–નાગેશ્રી

અષ્ટ ઉદરરોગઃ–પ્રથમ મળનું પાચન કરનાર કવાથ બેત્રણ વખત આપી પછી ઘીનું સ્નેહપાન બેચાર દિવસ કરાવી, કોઠો સ્નિગ્ધ થયે દેશ, કાળ, વય તથા બળાબળનો વિચાર કરી, નારાયણચૂર્ણ તોલો ૦।, ૦।। અને છેવટે ૧ તોલા સુધી યોગ્ય અનુપાન સાથે આપવું. આ નારાયણચૂર્ણ વિરેચક છે, માટે માફકસર આપવું. પ્રથમ ૦। તોલો આપવું અને પછી વધારતાં સહન કરે તેટલું આપવું. છાતીના રોગ, પાંડુ, શ્વાસ, ખાંસી, ભગંદર, અગ્નિમાંદ્ય, તાવ, કુષ્ણ, ગ્રહણી, ગલગંડ, ગુલ્મ, પ્લીહોદર, યકૃદોદર, કઠોદર, જળોદર, સોકૃોદર અને નીલકંઠ એ ઉદરના અષ્ટરોગ, તથા શૂળ, સોજા આદિ ઉદરના હરકોઇ રોગ ટાળવામાં રામબાણ સિદ્ધોપચાર છે. આ ચૂર્ણ મહાપ્રતાપી હોવાથી દરેક શાસ્ત્રકારે પસંદ કરેલ છે.

૯–બ્રહ્મચારી આત્માનંદ ત્રિવેદી

ઉદરરોગઃ–સાજીખાર ટાંક ૭, પાપડિયોખાર ટાંક ૭, બીડલવણ ટાંક ૭, ફટકડી ટાંક ૭, ટંકણ ટાંક ૭, વડાગરું ટાંક ૭, રાઇ ટાંક ૭ એ સર્વને વાટી કાંટાળા થોરમાં ભરીને માટીના હાંડલામાં ભરી મુદ્રા કરી ગજપુટ આપવો. તેની ભસ્મ થાય ત્યારે પછી તેમાંથી ટાંક ૦।। પાણી સાથે ખવરાવવાથી બરોળ, ગુલ્મ, લોહીની ગાંઠ, સારણુગાંઠ તથા અંડવૃદ્ધિ મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦–વૈદ્ય ચંદુલાલ મુકુંદરાય–પાટણ

૧. પ્લીહાનાશક અનુભવસિદ્ધ પ્રયોગઃ–ખડમૂચાની છાલનો ક્ષાર કાઢીને તે ક્ષાર અધીંરતીની માત્રાથી દરરોજ ઊંટડીના મૂત્ર અથવા ગરમ પાણીમાં જમ્યા પછી, ખોરાક પચી ગયા પછી અથવા સવારમાં લેવાથી ગમે તેટલી જૂની બરોળ હોય તો પણ સાત દિવસમાં મટી જાય છે. માત્રા ઉંમરના પ્રમાણમાં અધીંરતીથી બે રતી સુધી લેવી.

૨. પેટ વાયુથી ફૂલી જંતુ હોય તો લીંડીપીપર તોલા ૪, નસોતર તોલા ૪ અને સાકર તોલા ૪, એનું ચૂર્ણ કરી માસા ૩ મધમાં આપવાથી પેટનો આફરો, વાયુ વગેરે તરત મટે છે.

૩. શોથરોગના ઉપાયઃ–પુનર્નવા (સાટોડી) બે પ્રકારની થાય છે. એક સફેદ ફૂલવાળી તથા બીજી લાલ ફૂલવાળી. એ બન્નેમાં સોજા ઉતારવાનો ખાસ ગુણ છે; પરંતુ સફેદ ફૂલવાળી વધારે ગુણવાળી છે. શ્વેતપુનર્નવા (ધોળી સાટોડી) નો સ્વરસ તોલા ૨ તથા મધ માસો એક મેળવી; દિવસમાં બે અથવા ત્રણ વખત પીવાથી સોજા ઊતરી જાય છે. તેમજ તેનો સ્વરસ તાવ વગેરેની ઔષધિઓમાં મેળવીને ઉપયોગ કરવામાં આવે તો વધારે ફાયદો કરે છે.

૪. સફેદ ફૂલવાળી તથા તાજી પુનર્નવાનું પંચાંગ શેર ૦॥ લઈ પથ્થર પર વાટી ચાર શેર પાણીમાં ઉકાળી, એક શેર પાણી અવશેષ રાખી, ગાળી તેમાં સાકર શેર ૧, સૂરોખાર તોલા ૫, નાખી એકરસ થયા પછી કપડે ગાળી, સવારસાંજ બબ્બે તોલા પીવાથી જ્વરસહિત સોજા તથા જ્વરરહિત સોજા નિશ્ચય દૂર થાય છે. તે પીવાથી પેશાબ ઓછો થાય છે. કોઇ પણ કારણથી આવેલા સોજાને મટાડે છે અને સોજામાં એ ઔષધથી ઘણા ગુણ કરે છે. પથ્ય અટાઇ, મરચાં વગેરે ગરમ વસ્તુ બંધ કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. પુનર્નવાષ્ટક ક્વાથઃ-શ્વેતપુનર્નવા (તાજી અને લીલી) લીમડાની અંતરછાલ, પટોળ (પરવળ) નાં લીલાં પાન, સૂંઠ, કડુ, જાડી લીલી ગળો, દેવદાર અને હરડે એ દરેક ત્રણ ત્રણ માસા લેવાં અને તેને છ તોલા પાણીમાં ઉકાળી ચતુર્થાંશ અવશેષ રાખી કપડે ગાળી, છ માસા મધ મેળવી, હંમેશાં સવારમાં પીએ તો સોજાને માટે આ એક રામબાણ ઔષધિ છે.

૧૨-વૈદ્ય આણંદજી અને પીતાંબર સવજી-ઉના

સોજા માટેઃ-પુનર્નવાષ્ટક કવાથ તેમજ મંડૂરભસ્મ ગળ્યે વાલ સવારસાંજ આપવાથી મટે છે. દર્દીને ફક્ત દૂધ પરજ રાખવો.

૧૩-વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા-વાગડ

૧. શોથરોગ માટેઃ-સાટોડી, દેવદાર, સૂંઠ, સરસવ અને સરગવાની છાલ સર્વ સરખે ભાગે લઇ વાટી, કાંજીમાં અથવા ખાટી છાશમાં મેળવી લેપ કરવાથી સર્વ પ્રકારના સોજા મટી જાય છે.

૨. વછનાગ, ઝેરકોચલાં, મીંઢળ, એળિયો અને આકડાનાં પાનનો રસ કાઢી તેમાં સર્વ વાટી ચોપડવાથી સોજા મટી જાય છે.

૩. ધંતૂરાનાં પાનનો રસ ગૂગળ મેળવી લગાડવાથી પણ સોજા મટે છે.

૪. કાંસકીનાં પાન, આકડાનાં પાન તથા એરંડાનાં પાન વાટી ગરમ કરી સોજા ઉપર ચોપડવાથી સોજો ઊતરી જાય છે.

૫. ઉપલેટ ટાંક ૧ અને હીરાકસી ટાંક ૧ વાટી ચૌદ પડીકાં કરી દરરોજ એક પડીકું ખવડાવવું. ચૌદ દિવસ ખવડાવવાથી સોજા ઊતરે છે તેમજ પેટનો વાયુ મટે છે.

૬. એખરાનો રસ શેર ૭, સરગવાનો રસ શેર ૨ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરણીનો રસ શેર ૩ આખે શરીરે ચોળી તડકે બેસવું. આથી તમામ જાતના સોજા મટે છે.

૭. **સોજા માટે કવાથઃ**–સાટોડીનાં મૂળ, હળદર, દારુ-હળદર, દેવદાર, સૂંઠ, હરડે, ગળો, ચિત્રો અને ભારંગ એનો વિધિ-પૂર્વક કવાથ કરી પીવાથી પગ, મોં તથા પેટના સોજા ઊતરી જાય છે.

૮. અગથિયાનાં મૂળ અને કાળા ધંતૂરાનાં મૂળ બેને વાટી ગોમૂત્રમાં લૂગદી જેવું કરી ઊના પાણીમાં બદબદાવી શરીરે ચોપ-ડવાથી સોજા ઊતરી જાય છે. હરકોઈ પ્રકારના સોજાને મટાડે છે.

૯. અરડૂસીનાં પાન તથા લીમડાનાં પાન વાટી આકી બાંધ-વાથી સોજા ઊતરી જાય છે.

૧૪–વૈદ્ય ત્રિકમલાલ કાળીદાસ શાહ–બાનપુર

બહારના તથા અંદરના સોજાઃ–નવસાર બબ્બે વાલ પાણી સાથે દિવસમાં ત્રણ વાર પીવાથી એક અથવા બે સપ્તા-હમાં સોજા મટે છે.

૧૫–બ્રહ્મચારી આત્માનંદ ત્રિવેદી

ભૈરવ ગુટિકાઃ–કરિયાતું તોલા ૪, ચિત્રક, પીપરીમૂળ, પાપડખાર, અજમો, પહાડમૂળ, ઇંદ્રજવ, વડાગરું, પીપર, જવ-ખાર, આમળાં, સૂરણ, અરડૂસાનાં પાન, બંગડીખાર, સાજીખાર, બહેડાં, અજમોદ, સિંધવ, શાહજીરું, સૂંઠ, લસણ, હરડાં, કોષ્ટ, સંચળ, રેવંચીની બટાઇ અને લીંડીપીપર એ બબ્બે તોલા લેવાં. સર્વને ભેગાં કરી વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી ગોળ મેળવી ત્રણ દિવસ સુધી ખૂબ બરલ કરવું અને તેની ચણીબોર જેવડી ગોળી વાળી દરરોજ પ્રાતઃકાળે ફક્ત એક ગોળી ગરમ પાણી સાથે આપવી. પરેજીમાં તેલ, મરચું બટાશ તથા વાયડી ચીજો બાવી નહિ. જેથી સોજો અંગ ઉપર નબળાઇથી આવ્યો હોય, કમળાથી થયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, શરીરના સાંધામાં કળતર થતી હોય, પાતળા ઝાડા થતા હોય, આંખમાં તમ્મર આવતાં હોય, ઊલટી થતી હોય, તેને મટાડે છે તથા વીશ પ્રકારના પ્રમેહને, કેડના સાંધાને, પેશાબ ઘણી વખત થતો હોય તેને, ગોળી મોટી થઇ હોય તેને, અજીર્ણથી છાતીમાં દાહ થયો હોય, તેને ખાધું પચતું ન હોય તેને, કોઈ પણ પ્રકારનો તાવ હોય તેને અને પેટમાં કૃમિ થયા હોય તેને આ ગોળી આપવાથી સર્વ શાંત થાય છે.

૧૬-વૈદ્ય સન્મુખલાલ લલ્લુભાઈ-સુરત

વિશ્વાદિ લેપઃ-સૂંઠ, બટાકાનું મૂળ, સાટોડીનું મૂળ, દારૂહળદર, આંબાહળદર, તેલિયો દેવદાર, ઘોડાવજ, સરપંખાનો રસ અથવા મૂળ એ દરેક વસ્તુને સરપંખાના રસમાં અથવા તેલ ન મળે તો પાણીમાં ઘસી બદબદાવી ચોપડવાથી સોજા મટે છે.

૧૭-વૈદ્ય છગનલાલ આત્મારામ-સુરત

૧. રક્તશુદ્ધિ ચૂર્ણઃ-મજીઠ, ત્રિફળા, આંબાહળદર, સોનામુખી કૂંવાડિયાનાં બી, લિંબોળીની મીંજ, કેવડાના દોડા, દાડમનાં ફૂલ, સિંધવ અને સંચળ એ સર્વ સમભાગે લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી, દિવસમાં ત્રણ વખત ગરમ પાણી સાથે ખાવાથી સોજા મટે છે.

૨. મંજીષ્ઠાદિ ચૂર્ણઃ-મજીઠ, ત્રિફળા, સોનામુખી અને ગુલાબનાં ફૂલ સર્વે સમભાગે લઇ ખાંડી સાકરના ચૂર્ણ સાથે દિવસમાં ત્રણ વખત ખાવાથી રક્તશુદ્ધિ થઇ સોજા મટે છે.

૧૮-વૈદ્ય નૂરમહમદ હમીર-રાજકોટ

સોજા માટેઃ-કડવી નાઈનું ચૂર્ણ દોઢ આનીભાર દિવસમાં બે વખત આપવું, પછી ત્રણ વખત આપવું, તે પછી બે આનીભાર માત્રા આપવી. પરંતુ પ્રથમ નસોતરતું છ આનીભાર ચૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોળના પાણીમાં આપવું જેથી સારો રેચ થશે. ત્યાર બાદ નાઇનો પ્રયોગ કરવાથી સોજા મટી જશે.

૧૯–એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

સર્વાંગશોફ માટેઃ–ઊભી રીંગણીનાં મૂળ, ભોંયરીંગણીનાં મૂળ, ગળો, સાટોડીનાં મૂળ, અરડૂસો, હીમજ અને ઇંદ્રામણાનાં મૂળ, એનો ક્વાથ કરી પીવાથી સર્વાંગશોફ મટે છે. તાવ, ઊલટી, ઉદરરોગ, શૂળ, ઉધરસ તથા પેટનાં દરદો માટે અકસીર છે.

૨૦–વૈદ્ય અંબારામ શંકરજી–વાગડ

૧. મેદરોગ (શરીરનું જાડાપણું)ઃ–લોખંડનો ગોળો લાલ-ચોળ તપાવી સાત વખત પાણીમાં ઠારવો. તે પાણી પીવું તથા તેજ પાણીથી રસોઈ બનાવવી એવો રિવાજ હંમેશ રાખવાથી મેદરોગ મટે છે.

૨. ગળો, એલચી, કડાછાલ, હરડેદળ, બહેડાંદળ અને આમળાં તે તમામ રકમો એક એકથી ચડતે ભાગે લેવી. તેનું બારીક ચૂર્ણ કરી તે સર્વની બરાબર યોગરાજ ગૂગળ લેવો. તેને મિશ્ર કરી તેમાંથી ટાંક ૧॥ મધ સાથે લેવાથી મેદરોગ મટે છે. હંમેશાં મધ–પાણી પીવાથી પણ મેદરોગ મટે છે.

૨૧–વૈદ્ય વીરજરામ દલપતરામ–સુરત

૧. અંડવૃદ્ધિના ઉપાયઃ–સોનાગેરુ, આમળાં, રેવંચીનો શીરો, આંબાહળદર અને લોધર એને લીલી હળદરના રસમાં વાટી લેપ કરવાથી અંડવૃદ્ધિ મટે છે.

૨. પટ્ટીઃ–ગૂગળ, એળિયો અને સેલારસ એ ત્રણેને એરંડા-નાં પાતરાનાં રસમાં ઘૂંટી પટ્ટી મારવાથી અંડવૃદ્ધિ મટે છે.

૩. પટ્ટોઃ–ગંદો એરંજો લાવી તેમાં થોડું સિંદૂર મેળવી ખૂબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘૂંટવું. જ્યારે બરાબર એકરસ થાય, ત્યારે જાડા કપડા પર ચોપડીને પટ્ટો મારવો, આથી અંડવૃદ્ધિ મટે છે. પણ આ પટ્ટો મારતાં પહેલાં બાલ સાફ કરવા, નહિ તો પટ્ટો ઉખેડતાં વાળ તૂટીને નવી ઈજા થશે. ગરમ પાણીથી પટ્ટો ઉખેડવો.

૪. તેલઃ-એરંડિયા તેલમાં તેલની બરોબર એરંડીનાં પાતરાંનો રસ નાખી પકાવવું. પાણી બળી જાય ને તેલજ બાકી રહે, ત્યારે તે તેલ અંડવૃદ્ધિ પર ઘસીને બમાય તેવું ઊનું પાણી ઉપર રેડવું જેથી ઘણાં જૂનાં દરદો લાંબી મુદતે મટી જાય છે.

૨૨-એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

અંડવૃદ્ધિ માટેઃ-હાથલો થોર લાવી તેની ઉપરથી કાંટા કાઢી ચીરી, તેની ઉપર હળદર તથા મીઠું ભભરાવી ભેગાં કરી, એક લૂગડામાં વીંટી કપડમટ્ટી કરી, અગ્નિમાં સહેજ ગરમ કરી કપડમટ્ટી કાઢી નાખી છૂંદી બાંધવાથી અંડવૃદ્ધિ મટે છે.

૨૩-વૈદ્ય નૂરમહમદ હમીર-રાજકોટ

અંડવૃદ્ધિ માટેઃ-આકડાનાં લીલાં પાન લાવી તેને ધોઈ, જાડી નસો કાઢી નાખી, થોડો સિંધવ મેળવી વાટી ગરમ કરી, રાત્રે સૂતી વખતે વધરાવળ પર લગાડવું. આના બેત્રણ લેપથી તદ્દન મટી જાય છે. આ લેપથી પ્લાસ્ટર ઊઠે છે, માટે સવારે ગોળમાં થોડું પાણી મેળવી જાડો લેપ અડધો કલાક રાખવાથી ઊઠેલો ભાગ શાન્ત થાય છે; એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. તેમજ આ પ્રયોગ કરતી વખતે એરંડિયા તેલનો રેચ પણ સાથે સાથે આપવો, જેથી અંડવૃદ્ધિ અવશ્ય મટી જાય છે.

૨૪-વૈદ્ય સન્મુખલાલ લલ્લુભાઈ-સુરત

સ્વાંગી ગુટિકાઃ-પાટણી ટંકણખારનું વસ્ત્રગાળ ચૂર્ણ કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને તમાકુના રસની ત્રણ ભાવના આપી, બોર જેવડી ગોળી વાળી પાણીમાં અથવા તમાકુના રસની અંદર ઘસી લેપ કરી, અડાયાંનો એક કલાક શેક કરવો. એ પ્રમાણે ત્રણ દિવસ કરવાથી રોગીને આરામ થાય છે.

૨૫–સાધુ ગંગાદાસજી સેવાદાસજી–સુરત

સરસિયું તેલ તોલા ૧૦ અને અફીણ તોલો ૧ એ બન્નેને કકડાવી કપડે ગાળી લેવાં. પછી જેની ફોતરીએ રસ ઊતર્યો હોય તે ઉપર ચોપડીને તેના પર પાકાં ચેવલી પાન બાંધી, તે ઉપર ગોફણના આકાર જેવો લંગોટ બનાવી બાંધવો. જો દસ્ત સાફ ન આવતો હોય તો ચા સાથે દિવેલ પાવું. જો કળતર થતું હોય તો પોસદોડાનો શેક કરવો.

૨૬–વૈદ્ય ધીરજલાલ માણેકલાલ–વડોદરા

હીરાકસી અને સિંધવ સમભાગે લઇ એરંડિયા તેલમાં મેળવી અંડ ઉપર લેપ કરી રૂ બાંધી લંગોટ પહેરી સૂઇ રહેવાથી થતી અંડવૃદ્ધિ તરત મટે છે.

૨૦–ગલગંડ, ગંડમાળ, ગ્રંથિ, અર્બુદ અને વિદ્રધિરોગ

માણસના શરીરના બંધારણ તરફ જોતાં રસનું રક્ત અને રક્તનું માંસ બને છે. તે માંસને પકવ કરનારું પિત્ત અને તેને કઠણ કરનાર વાયુ જે પ્રકારે બરાબર પાકેલા સ્નાયુઓના ભાગ પાડે છે, તે પ્રકારે તે વાયુ માંસમાં પ્રવેશ કરીને માંસની પેશી (કટકા) રૂપ ભાગ પાડે છે, તેને માંસપેશી કહે છે. એવી માંસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેશીઓ પુરુષના શરીરમાં પાંચસો છે અને સ્ત્રીના શરીરમાં પાંચસો વીશ છે. તે પૈકી ગળાના ઉપલા ભાગમાં એટલે ગરદનમાં ચાર, દાઢીની નીચે આઠ, ગળાના સાંધામાં એક, ગળામાં એક, એ રીતે ચૌદ પેશીઓ ગળામાં ગણાય છે. એ પેશીઓમાં જ્યારે ઉદાનવાયુનો અતિયોગ થઈ રસન કફનો હીનયોગ થાય છે, ત્યારે સાધકપિત્તથી તપીને તે પેશીઓ ફૂલે છે; એટલે આપણે તેને ગાંઠના નામથી ઓળખીએ છીએ. તેવી રીતે જે પુરુષના ગળા પર એટલે કાનની નીચે ચામડીના રંગની થોડા સોજા સાથેની વેદનાવાળી જે ગાંઠ થાય છે, તેને **ગલગંડ** કહેવામાં આવે છે. અથવા ગળામાં દુષ્ટ થયેલો ઉદાનવાયુ રસન કફ, મેદ સાથે મળીને ગળાની પાછલી નસોમાં રહીને વાયુ, પિત્ત અને કફ પોતાના મિશ્રપણાથી પોતાના ગુણધર્મયુક્ત જે ગાંઠ ઉત્પન્ન કરે છે, તેને ગલગંડ કહેવામાં આવે છે. જે ગલગંડમાં વાયુનું પ્રાધાન્ય હોય તેમાં સોયો ભોંકાયા જેવી પીડા થાય છે અને તે ઘણી લાંબી મુદતે વધે છે તથા તે કોઈ પણ ઉપાયે પાકતી નથી. જો પિત્તનું પ્રાધાન્ય હોય તો રોગીને તાવ આવે છે, બળતરા થાય છે અને તે ગાંઠ જલદી પાકી જાય છે. જો કફનું પ્રાધાન્ય હોય તો તે ગાંઠો સ્થિર તથા જડ માલૂમ પડે છે અને તેમાં અત્યંત ચળ આવે છે. તેનો રંગ ચામડીના જેવો હોય છે અને તે બહુ દિવસે વધે છે તથા ઘણા કાળે પાકે છે. તેવી રીતે ત્રણે દોષો બગડીને ગળામાંના મેદ સુધી પહોંચે છે તેથી જે ગાંઠ થાય છે તે ચીકણી, જડ, ધોળા રંગની, બદબો મારતી, પીડાયુક્ત અને હાલતી તથા રોગીનું શરીર જેમ ફૂલતું કે કરમાતું જાય છે, તેમ તે ગાંઠ પણ નાનીમોટી થતી જાય છે. જે ગલગંડનો રોગી શ્વાસ મૂકે છે તે, જેનું શરીર પોચું થઈ ગયું હોય તે, જે ગલગંડને એક વર્ષ થઈ ગયું હોય છે તે, જે રોગીને અરુચિ અથવા સ્વરભંગ થયો હોય છે તે અને જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગી સુકાઇને હાડપિંજર જેવો થયો હોય, તેના ગલગંડ મટતા નથી, પણ તેમાંજ રોગી આખરે મરે છે.

ગંડમાળ–અપચિરોગઃ–મેદ અને કફથી બગલ, બલા, ગરદન અથવા ડોક અને ગળું એ ઠેકાણેનો ઉદાનવાયુ મેદ અને કફને વ્યવસ્થિત નહિ રાખી, માંસપેશીઓની પાસે રહેલા બીજા માંસના કટકા કરી, તેને સાધકપિત્તના તાપથી તપાવી, કફ અને મેદમાં વીંટાળી, મોટા બોર જેવડી અથવા આમળા જેવડી ઘણી ગાંઠોને ઉત્પન્ન કરે છે અને તે બહુ દિવસે ધીરે ધીરે પાકે છે. તે ગાંઠની હારને **ગંડમાળ** અથવા **કંઠમાળ** કહે છે. આ કંઠમાળામાં એવું જોવામાં આવ્યું છે કે, પ્રથમ ત્રણ ગાંઠ જણાય, તેમાંથી એક પાકે, બીજી ફૂલે, ત્રીજી નીકળતી હોય એટલે પાકેલી રુઝાય, વધતી હોય તે પાકે અને નવી નીકળે. એમ કરતાં કરતાં હાંસડીની ઉપરના બાડામાં અને હાંસડીની બહાર ગળાની સાથેથી બેઉ બાજુ ઉપર ગાંઠોની હાર બંધાઈ જાય છે, તેને કંઠમાળ કહે છે. એજ પ્રમાણે અંડ સુધી એટલે બદ થવાને ઠેકાણે, બગલમાં, બલામાં, ગરદનમાં, ડોકમાં નાનાં ચણીબોર જેવડી કિંવા તેથી મોટી એકેકી ગાંઠ નીકળે છે. અને જો તે વાયુપ્રધાન હોય તો પાકતી નથી, પિત્તપ્રધાન હોય તો પાકચા વિના રહેતી નથી અને કફપ્રધાન હોય તો ઘણે કાળે પાકે છે. તે ગાંઠોને **અપચિના** નામથી ઓળખવામાં આવે છે.

ગ્રંથિરોગઃ–જ્યારે શરીરમાં વાયુ,પિત્ત અને કફ પરસ્પર હીન, મિથ્યા અને અતિયોગને પામી, માંસ, રક્ત, મેદ અને રસો અથવા નસોને દૂષિત કરી, સાતે સાધુના વહનને અટકાવી, તે સ્થાને વહેતી ધાતુઓને રોકી, વાયુ તેને સૂકવી, પિત્ત, કફ તથા વાયુ પોતાના ગુણધર્મ પ્રમાણે બળતરા, સ્થિરતા અને જડતાની પીડાવાળી ગોળ, ઊંચી અને કઠણ એવી જે ગાંઠ ઉત્પન્ન કરે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું નામ ગ્રંથિરોગ કહેવામાં આવે છે. તે ગ્રંથિ રક્તમાં, માંસમાં મેદમાં, શિરાઓમાં અને હાડકાંઓ સાથે સંબંધ ધરાવતી હોય છે. તેમાં શિરાગ્રંથિ અને હાડકાં સુધી પહોંચેલી ગ્રંથિ તથા શરીરમાંના એકાદા મર્મસ્થાન પર થઈ હોય તે અસાધ્ય જાણવી. જો એ ગ્રંથિ મર્મસ્થાન પર થઇ હોય અને હાડકાં સુધી પહોંચી હોય, તો તે રોગી એકબે દિવસમાં મરણ પામે છે. જો મેદ સુધી પહોંચી હોય તો વખતે બચી જાય છે અને જો માંસ સુધી પહોંચી હોય તો તે રોગી સારો થાય છે.

અર્બુદરોગઃ—શરીરના કોઇ પણ ભાગ ઉપર બગડેલો દોષ, માંસ અને લોહીને બગાડી પછી તે ગોળ, સ્થિર, મંદ, પીડાયુક્ત મોટી અને જેનાં મૂળ ઊંડાં ગયેલાં હોય એવી લાંબી મુદતે વધનારી તથા પાકનારી ગોળીઓ અંગ ઉપર ઊપસેલી ઉત્પન્ન કરે છે, તેને **અર્બુદરોગ** કહે છે. તે અર્બુદ વાયુથી, પિત્તથી, કફથી, રક્તથી, માંસથી અને મેદથી એ પ્રમાણે છ પ્રકારના થાય છે. તેનાં લક્ષણો ગ્રંથિરોગ જેવાં જણાય છે. અર્બુદરોગ અને ગ્રંથિમાં અમારા વિચાર પ્રમાણે એવો ભેદ છે કે, પ્રથમ એક ગાંઠ દેખાય, તે વધે એટલે તેની નીચે બાજુમાં બીજી ગાંઠ દેખાય. એ પ્રમાણે ઉપર કહેલા છ પ્રકારના અર્બુદની છ ગાંઠો, આબુના પહાડના શિખરની માફક એક એકની પાછળ દેખાય છે, તેને અર્બુદરોગ કહેવો. આ રોગમાં કફનું તથા મેદનું પ્રાધાન્ય હોવાથી તે પાકતો નથી. અને કદાચ પાકે છે અથવા ફાટે છે, તો તેમાંથી પરુ નહિ નીકળતાં રાતું તથા કાળું લોહી અને કાળા તથા ગંધાતા માંસના કટકા નીકળે છે. જેમ જેમ દિવસો જતા જાય તેમ તેમ અર્બુદ પાકીને ધંતૂરાના ફૂલની માફક તેની ચામડીની કોર વળી જાય છે. અથવા બિડાયેલાં કરેણનાં ફૂલની માફક ચામડી અંદરથી વળી જાય છે અને તેમાં ભીતર કોતર પડતું જાય છે અને લોહી તથા સડેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંસ બહાર નીકળતું જાય છે. આખરે એ સડો હાડકાં સુધી પહોંચે છે એટલે રોગી મરણ પામે છે. ઉપર કહેલા છયે પ્રકારના અર્બુદરોગનાં જુદાં જુદાં લક્ષણો માધવનિદાનમાંથી જોઈ લેવાં.

વિદ્રધિરોગઃ–અત્યંત વૃદ્ધિ પામેલા તથા હાડકાંનો આશ્રય કરીને રહેલા વાતાદિ દોષો ત્વચા, લોહી, માંસ અને મેદને બગાડી, ધીમે ધીમે ભયંકર સોજો ઉત્પન્ન કરે છે અને આ સોજાનું મૂળ હાડકાં સુધી પહોંચેલું હોય છે. આ સોજો ઘણો તીવ્ર પીડાકારક થાય છે. આ વિદ્રધિરોગ વાયુ, પિત્ત, કફ, સન્નિપાત, ક્ષત અને રક્ત મળી છ પ્રકારના થાય છે. એ વિદ્રધિના છયે પ્રકારના દોષો પ્રમાણે તેનાં લક્ષણો થાય છે. પરંતુ જેમ ક્ષયરોગમાં લોમ-પ્રતિલોમની રીતે તેના ઘણા ભેદ છતાં બેજ ભેદ પાડી શકાય છે; તેમ આ વિદ્રધિરોગમાં આંતરવિદ્રધિ અને બહિરવિદ્રધિ એવા બે ભેદ પાડી શકાય છે. આંતરવિદ્રધિનું લક્ષણ એવું છે કે, તેની શરૂઆત હાડકાંની પાસેથી થઇને સ્નાયુ, ચરબી, માંસ, લોહી અને છેલ્લે રસને બગાડી ઉપર આવે છે અને બહિરવિદ્રધિ લોહીમાંથી ઉત્પન્ન થઈ કોઈવાર ચિકિત્સકની મૂર્ખતાને લીધે માંસમાં, મેદમાં અને છેલ્લે હાડકાંમાં પહોંચે છે. એ વિદ્રધિ રોગનાં જુદાં જુદાં લક્ષણો જાણવા ઇચ્છનારે માધવનિદાનમાંથી જાણી લેવાં.

જે વિદ્રધિ હાડકાંમાંથી આવે છે તે ઘણું કરીને અસાધ્ય નીવડે છે. તેમ બહિરવિદ્રધિ જેમ જેમ ઉપરથી નીચે જાય છે, તેમ તેમ અસાધ્ય થાય છે. જો કે ગંડમાળા અપચિ, ગ્રંથિ અર્બુદ અને વિદ્રધિ એ બધા એક વંશમાંથી ઉત્પન્ન થયેલા પિત્રાઇઓ જેવા છે; અને ઘણું કરીને તમામ વ્યાધિની ચિકિત્સા પણ એકસરખી રીતે કરવામાં આવે છે; તો પણ ગલગંડથી માંડીને વિદ્રધિ સુધીના વ્યાધિઓ ઉત્તરોત્તર વધવામાં ઉતાવળિયા, પાકવામાં મોડા અને પ્રાણ લેવામાં તાકીદ કરનારા હોય છે. તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્રધિને તથા ગલગંડને બહુ સાચવવા પડે છે. એકંદરે જોતાં જે ગાંઠને રોગી પોતાની આંખે જોઈ શકતો નથી, તે ઘણું કરીને સારી થતી નથી. ગલગંડથી અર્બુદ સુધીના રોગોમાં જે ગાંઠો થાય છે, તેના ઉપર શેક-બફારા નહિ કરતાં માત્ર મલમપટ્ટા કરવાથી ફાયદો થાય છે; પણ વિદ્રધિમાં મલમપટ્ટા કારગત થતા નથી. તમામ જાતની ગાંઠો જે કષ્ટસાધ્ય કે અસાધ્ય ગણાય છે, તે તમામની મૂળ ઉત્પત્તિ પ્રમેહમાંથી અથવા ટાંકી (સિફિલિસ)-માંથી ઘણું કરીને થયેલી હોય છે. આ પ્રમેહ અથવા ટાંકીનો રોગ માબાપ તરફથી જેમ જેમ ઘણી પેઢીથી ઊતરતો આવ્યો હોય, તેમ તેમ વધારે અસાધ્ય થતો જાય છે. એટલા માટે ગલગંડથી માંડીને અર્બુદ સુધીના રોગીને હાથમાં લેતાં પહેલાં ચોખ્ખી શરત કરવી કે, એક જાતની ગોળી બાર માસ સુધી આવી પડશે અને એકજ જાતના મલમલની પટ્ટી બાર માસ સુધી લગાડવી પડશે. અને તે રોગીને હિંગ, ચણા અથવા ચણાના પદાર્થો, બાંડ અને આહુની પરેજી પળાવવી પડશે. એવી શરત કર્યા પછી જો પ્રમેહમાંથી વારસો મળી ગાંઠ થઈ હોય તો તેને "ચંદ્રપ્રભા ગુટિકા" ની બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવી. અને જો વારસામાં ટાંકીના રોગથી અથવા પોતે ઉપજાવેલી ટાંકીમાંથી ગાંઠ થઇ હોય, તો પથ્યાગૂગળ, કિશોર ગૂગળ અથવા અમૃતાદિ ગૂગળની બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવી.

તડકાનો મલમઃ-પારો તોલા ૩, ગંધક તોલા ૩, શેરી લોબાન તોલા ૩, ગુજ્જર તોલા ૩, ગૂગળ તોલા ૩, કોડિયો લોબાન તોલા ૩ અને દેશી કપૂર તોલા ૧૮ લઇ પ્રથમ પારા ગંધકની કાજળી કરવી. બાકીનાં વસાણાં જુદાં જુદાં વાટવાં. પછી કપૂરને બરલમાં નાખી તે બરલને ચૈત્ર-વૈશાખના સખ્ત તાપમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તડકે મૂકવો અને કપૂરને વાટવાનું શરૂ કરવું. થોડી વારે શેરી-લોબાન નાખવો અને ઘૂંટવું. શેરી લોબાન તેમાં મળી જાય તે પછી ગુજ્જર, તે પછી ગૂગળ, તે પછી લોબાન અને છેલ્લે પારા-ગંધકની કાજળી મેળવીને ખૂબ ઘૂંટવું. વાટતાં વાટતાં મલમ જેવો નરમ થાય ત્યારે તેને રાખી મૂકવો. એ મલમથી ગાંઠો પીગળે છે, પાકે છે અને પાકેલી હોય તો રુઝાય છે તથા નાસૂર પણ સારા થાય છે.

મોરથૂથાનો મલમઃ–બે તોલા કાળો મલમ લઈ તેને પીગ-ળાવવો. પછી તેમાં મોરથૂથુ તોલો ૦॥, સોમલ તોલો ૦॥, સં-ચોરો તોલો ૦ા અને કળીચૂનો તોલો ૦॥, વાટીને મેળવવો. તે મલમને એક ડબ્બીમાં રાખી મૂકવો. જ્યારે કોઈ દરદ પાકીને તૈયાર થયું હોય ત્યારે આ મલમનું એક ટપકું જ્યાં દરદનું મોં જણાતું હોય ત્યાં આગળ કરી તેના ઉપર ચાલુ મલમની પટ્ટી મારવી, એટલે ત્યાંથી તે દરદ ફૂટી જશે તેથી નસ્તર મારવાની જરૂર પડશે નહિ.

દરદને ફોડવાનો લેપઃ–બાજરીનો લોટ તોલા ૨, પાપ-ડિયો સંચોરો તોલો ૦, મીઠું તોલો ૦ા અને હળદર તોલો ૦ા એને લોટ સાથે મેળવી પાણીમાં કઢી જેવું પાતળું કરી, તાપ પર બદબદાવતાં ઘેંસ જેવું જાડું થાય એટલે જરા ગરમ ગરમ, દરદ ઉપર ચોપડવાથી કલાક અર્ધા કલાકમાં દરદને ફોડી નાખે છે.

ગલગંડ આદિ તમામ ગાંઠો ઉપર બેરજાના મલમની અથવા સાદા મલમની અથવા તડકાના મલમની પટ્ટી મારવી. અને જે ગાંઠ પાકીને ફૂટી જાય તેમાં રેષા કે બત્તી મૂકવી નહિ; પણ જે મલમથી ગાંઠ પાકીને ફૂટી હોય તેજ મલમ તેના ઉપર ચાલુ રાખવો, એટલે તેનું નાસૂર બનશે નહિ પણ તેમાંનો કાચો ભાગ બધો નીકળી જશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગાંઠ રુઝાઇ જશે. રોગીને તમામ પાકતી, સડતી ને પરુ વહેતી અથવા શરૂઆતમાં થતી ગાંઠમાં જે પરેજી લખેલી છે, તેમાં જો તે રોગી હિંગ ખાશે તો ગાંઠ મસઇ જશે એટલે કઠણ થઇ જશે. જો દરદમાંથી પરુ વહેતું હશે તો તે દરદના મુખ ઉપર ચણા જેવડી ગાંઠ બંધાઈ જશે, તે વખતે દરદ સારું થાય તો પણ પેલી બંધાયેલી ગાંઠરૂપી ગોળી મટતી નથી. જો ચણા ખાવામાં આવશે તો ગાંઠની અંદરનું માંસ ફૂલશે. જો આદુ ખાવામાં આવશે તો ગાંઠ સડી જશે અને તેની અંદરથી પુષ્કળ દુર્ગંધ નીકળશે. જો ખાંડ ખાવામાં આવશે તો દરદમાં રસી થશે અને તે દરદ પાકયા પછી રુઝાવવું મુશ્કેલ થઇ પડશે.

જ્યારે કોઇ રોગીને વિદ્રધિ થતી દેખાય ત્યારે ભૂલેચૂકે પણ તેના ઉપર જળો લગાડવી નહિ, અથવા તેની ઉપર ખેંચાય તેવા લેપ તથા કોઈ પણ જાતના મલમની પટ્ટી મારવી નહિ. અથવા કોઇ પણ સંજોગોમાં તેને નસ્તરથી ચિરાવવી નહિ. પણ જ્યારે બહિરવિદ્રધિનું સ્વરૂપ જણાય, ત્યારે તેના ઉપર ગુલેઅરમાની ગુલાબજળમાં મેળવી ઉપરાછાપરી એવી રીતે ચોપડવી કે, તે સુકાય નહિ તેમ તેના પોપડા પણ બાઝે નહિ. આ પ્રયોગની સાથે તેને પથ્યાગૂગળની બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપતા જવી. એ ગોળી ખાવાથી વિદ્રધિ અંદરના ભાગમાં ઊતરી જશે નહિ, કારણ કે જો વિદ્રધિ અંદરના ભાગમાં ઊતરી ગઇ, તો તેજ ક્ષણે રોગીનું મરણ થાય છે. એટલા માટે ગોળી ખવડાવવી અને ગુલેઅરમાની તથા ગુલાબજળ ચોપડ્યાજ કરવું. એ ગુલેઅરમાની ને ગુલાબજળ ચોપડવાથી વિદ્રધિની આસપાસનો સોજો વેરાઇ જાય છે અને વિદ્રધિની ગાંઠ, ઉપર તરી આવી એની મેળે ફૂટી જાય છે. આમ તે ફૂટી ગયા પછી પણ એજ ચોપડ્યા કરવાથી અંદરનું તમામ પરુ નીકળી જઈ, એની મેળે રુઝાઇ જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; પણ આવી વિદ્રધિ ઉપર મલમની પટી તો મારવીજ નહિ. જો આંતરવિદ્રધિ હોય તો તેના ઉપર કાળિયા સરસનાં પાતરાં, વિલાયતી આમલીનાં પાતરાં, કંબોઈનાં પાતરાં અથવા ગુલ્લરનાં પાતરાં લાવીને તેમાં જરા મીઠું નાખી ખાંડીને, થોડુંક પાણી છાંટી તે પાતરાં ગરમ કરી તેની પોટલી બાંધી એક કલાક શેક કરી, પછી તેજ પાતરાંનો પાટો વિદ્રધિ પર બાંધી દેવો. દિવસનો બાંધેલો પાટો રાતના છોડી નાખી, તાજો પાલો લઇ, ખાંડી ઉપર પ્રમાણે એક કલાક શેક કરી પાછો પાટો બાંધી દેવો ને સવારે છોડી પાછો શેક શરૂ કરવો. આવી રીતે આ શેક કરવાથી અને પાટા બાંધવાથી ગમે તેવા મર્મસ્થાન ઉપર વિદ્રધિ થઇ હશે, તો પણ તે નીચે નહિ ઊતરતાં બેત્રણ દિવસમાં ઉપર તરી આવશે અને તેની વેદના નરમ પડી જશે. જ્યારે વિદ્રધિ ઉપર તરી આવે અને રોગીથી શેક ખમાય નહિ, ત્યારે કાળી દ્રાક્ષના ઠળિયા કાઢી દ્રાક્ષને ખૂબ ઝીણી વાટી તેની પટ્ટી બનાવી, તે પટ્ટી ઉપર કંકુ ભભરાવી પટ્ટી મારવી. એટલે બાકીની વિદ્રધિ બહાર તરી આવશે અને એની મેળે ફૂટી જશે. ફૂટી ગયા પછી પણ દ્રાક્ષની પટ્ટી ચાલુ રાખવાથી તમામ જખમ, પુરાઇ જશે અને દરદ જરા પણ દેખાશે નહિ. તેવી અવસ્થામાં જો જખમ બાકી રહે તો સાદા મલમની પટ્ટી મારવાથી રુઝાઇ જશે. આંતરવિદ્રધિના રોગીને દિવેલાનાં મૂળ તોલા બે લઈ અર્ધા શેર પાણીમાં ઉકાળી, ચાર તોલા પાણી બાકી રહે ત્યારે દિવસમાં ત્રણ વખત, દરેક વખતે ઉકાળી, ચાર તોલા પાણી સાથે બબ્બે ગોળી પથ્યાગૂગળની આપવાથી વિદ્રધિ ઘણી ઝડપથી ઉપર તરી આવે છે. એ પ્રમાણે જુદાં જુદાં નામથી ઓળખાતી ગાંઠો, પછી તે પાકે તેવી હોય અથવા નહિ પાકે તેવી હોય, તો પણ તેના ઈલાજ કરવાની જે વૈદ્યને ઇચ્છા હોય અને જેને મલમપટ્ટા, લેપ, બફારાનો ધંધો કરી રોગીને સારા કરવાની ઇચ્છા હોય, તેણે અમારું બના-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેલું 'ત્વકદોષનિરૂપણ' નામનું પુસ્તક વાંચવું. તેમાં તમામ વનસ્પતિઓનાં પાતરાં, છાલ, મૂળના લેપ, શેક, બફારા અને મલમપટ્ટાથીજ મોટાં મોટાં ભયંકર દરદો મટાડવાની ચિકિત્સા વિગતવાર લખવામાં આવેલી છે; તેમાં કોઈ પણ જાતની શસ્ત્રક્રિયા કરવાની જરૂર પડતી નથી.

गलगंड, गंडमाळ, ग्रंथि, अर्बुद अने विद्रधि-रोगना केटलाक अनुभवसिद्ध उपायो

१-वैद्य धीरजराम दलपतराम-सुरत

१. लेप:-आमળાં, સુખડ તથા રતાંજળી એ ત્રણે વસ્તુને ગુલાબજળમાં સરખે ભાગે ઘસીને તેમાં થોડે ભાગે ગુલેઅરમાની નાખી ચોપડવાથી ગલગંડ મટે છે.

૨. ચોલાઇની ભાજીનો રસ કાઢી તેમાં મુલતાની માટી મેળવી ગરમ કરી ચોપડવાથી ગલગંડ મટે છે.

૩. મરીકંથારનું મૂળ, રતાંજળી અને લોધર સમભાગે ઘસી તેમાં થોડી રસવંતી નાખી ચોપડવાથી ગલગંડ મટે છે.

૪. પહાડમૂળ તાજું લાવી તેનો રસ કાઢી, તે રસમાં દારૂહળદર ઘસી ચોપડવાથી ગંડમાળ મટી જાય છે. જો પહાડમૂળ તાજું ન મળે તો તેના ઉકાળામાં દારૂહળદર ઘસીને ચોપડવી.

૫. નાઇકંદ નામનો સફેદ રંગનો એક કંદ થાય છે, તેને ભાંગે ત્યારે અંદરથી પીળો નીકળે છે, તે લાવી તેનો રસ તથા સોનાગેરુ ચોપડવાથી ગંડમાળ વેરાઇ જાય છે.

૬. જો ગંડમાળ પાકી હોય તો કુક્કરની ચરબી તોલા ૮ અને સિંદૂર તોલા ૨, મેળવીને ધીમા તાપે પકાવવું. એકરસ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે દરરોજ ગંડમાળ ઉપર એ મલમની પટ્ટી મારવાથી પાકેલી ગંડમાળ રુઝાઇ જાય છે.

૭. કલાઇ સફેતાને ગુલાબજળમાં ઘૂંટી છાંયામાં સૂકવી, ડુક્કરની ચરબી સાથે મેળવીને, ઝીણા કપડા પર ચોપડીને પટ્ટી મારવાથી પાકેલી ગંડમાળ રુઝાઇ જાય છે.

૮. લેપઃ–ગૂગળ તોલા ૪, સોનાગેરુ તોલા ૨ અને સોમલ તોલો ૧ લઈ એને પાણીમાં ઘૂંટી મલમ જેવું થાય, ત્યારે ગાંઠ ઉપર જાડો લેપ કરી ઉપર કપડું મૂકવું. જો ગાંઠ વેરાવાની હશે તો વેરાશે, નહિ તો પાકીને ફૂટી જશે. આ લેપથી પ્લેગની ગાંઠો તથા બદની ગાંઠો પણ સારી થાય છે.

૨–બ્રહ્મચારી આત્મારામ ત્રિવેદી

૧. કાચણાના બરડાની કરોડ ઘસીને ચોપડવાથી કંઠમાળ મટી જાય છે.

૨. આકડાના દૂધમાં કાથો તથા રેવંચીનો શીરો ઘસીને ગાંઠ ઉપર દિવસમાં બે વાર લેપ કરવો. એ પ્રમાણે ત્રણ દિવસ કરવાથી ગમે તે જાતની ગાંઠ નરમ પડી જાય છે.

૩–વૈદ્ય કચરાલાલ જેઠાલાલ ગાંધી–પાટણ

પાનમાં ખાવાનો કળીચૂનો તોલો ૦॥ તથા ખડી તોલો ૦॥ એ બન્ને પાણી સાથે મેળવી લેપ કરવો; જેથી શરૂઆતની ગાંઠ બેસી જશે અને બેસી નહિ જાય તો પાકીને નીકળી જશે. જો દવા ચોપડવાથી અગન બળતી જણાય તો ખડી બરાબર વજને મેળવીને લેપ કરવો. આ લેપથી ખાસ કરીને રસોળી પાકીને નીકળી જાય છે. ફૂટ્યા પછી કાળા મલમની પટ્ટી મારવી કે જેથી રુઝાઇ જશે.

૪–વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ–સુરત

ધોળી ગોકર્ણી જેને આપણે ગરણી અથવા ગાયના ફૂલને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામે ઓળખીએ છીએ તેનાં મૂળ, ઇંદ્રવર્ણાની જડ, મરીકંથારનું મૂળ, વજ, દેવદાર તથા સોકટાનું મૂળ, એ સર્વ ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું અને તે ચૂર્ણને મુલતાની માટી અથવા ગુલેઅરમાની, અને ગુલાબજળ સાથે મેળવી તેનું ચંદન જેવું પ્રવાહી બનાવી, તેમાં ઉપલું તૈયાર ચૂર્ણ નાખી ચોપડવાથી થોડા દિવસમાં કંઠમાળની ગાંઠ ઓગળી જશે અને રસોળીને પણ ફાયદો કરશે.

૫-ડૉક્ટર ભાઇલાલ કપૂરચંદ શાહ-નાર

અત્રેના એક માણસને બરડે પાકું થયેલું. તેને પ્રથમ અળસીનો લોટ અને ઘઉંનો લોટ સરખે ભાગે લઈ, તેમાં જરા મીઠું નાખી પોટીસ ઊની કરી દિવસમાં આઠદશ વાર બાંધી એટલે પાકી ગયું. ત્યાર બાદ ચીપિયાથી વચલો ડૂચો કાઢી નાખી તે પર સાદા મલમની પટ્ટી મારી, ચાર દિવસ સારવાર કર્યા પછી આઇડોફોર્મ ભભરાવીને તે ઉપર જત્યાદિઘૃતનું પહેલ કરીને મૂક્યું. એવી રીતે કરવાથી ઘા પુરાઈ ગયો ને જમીન આવી ગઈ.

૬-સાધુ ગંગાદાસજી સોવાદાસજી-સુરત

૧. કંઠમાળનો ઉપાયઃ-સિંદૂર ટાંક ૫, એલચી ટાંક ૫ તથા સાપની કાંચળી ટાંક ૫ લઈ એ સર્વને વાટી સાટોડીના રસમાં ઘૂંટી ચોપડવાથી કંઠમાળ સારી થાય છે.

૨. ચમત્કારિક મલમઃ-તમાકુનો ખાર તોલો ૧, વેંગણનો ખાર તોલો ૧, લોંયરીંગણનો ખાર તોલો ૧, આકડાનો ખાર તોલો ૧, ધંતૂરાનો ખાર તોલો ૧, થુવેરિયાનો ખાર તોલો ૧, હળદરનો ખાર તોલો ૧, મૂળાનો ખાર તોલો ૧, મોગરીનો ખાર તોલો ૧, ઝંઝેટાનો ખાર તોલો ૧, કેળાંનો ખાર તોલો ૧, અરડૂસાનો ખાર તોલો ૧, ખાખરાનો ખાર તોલો ૧, દિવેલીનો ખાર તોલો ૧, પપૈયાનો ખાર તોલો ૧ અને આમલીનો ખાર તોલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ લઇ એ સર્વને એકસો પાણીએ ધોયેલા ઘીમાં મેળવી મલમ બનાવી પાઠા ઉપર, બદ ઉપર અથવા ગમે તેવા ફોલ્લા કે બાંબ-લાઇ ઉપર ચોપડીને ઉપરથી કપડું ચોટાડવું અને ઉપરથી કાળા પથરાથી શેક કરવો. એથી ગમે તેવી ગાંઠ હશે તો પણ વેરાઇ જશે; જો ફૂટી જાય તો ત્યાર પછી આ મલમ લગાડવો નહિ, પણ સાદો મલમ લગાડવો, તેથી રુઝાઈ જશે.

સૂચના:–ઉપરના જે ક્ષારો લખેલા છે તે તોલો તોલો લઇને તેમાં ૧૭ તોલા અજમો, ૧૭ તોલા મરી, ૧૭ તોલા જીરું, ૧૭ તોલા સૂંઠ, ૧૭ તોલા હીમજીહરડે, ૧૭ તોલા બહેડાં, ૧૭ તોલા હરડાં તથા ૧૭ તોલા કોકમ, બાંડીને બારમાં મેળવીને સાત પુટ બાટાં લીંબુના દેવા અને પહોળા મોઢાની કાચની શીશીમાં ભરી મૂકવું. તે કોલેરામાં છ આનીભાર વજને ઠંડા પાણી સાથે દિવસ-માં ત્રણ વખત આપવું. બરોળને માટે, ગુલ્મને માટે, પેઢાના દુ-ખાવા માટે, અનાહ અને આધમાન વાયુ માટે ગરમ પાણી સાથે આપવું. આથી આ બધા રોગ મટે છે.

૭–ડૉક્ટર દામોદર ગોપાળ રણદીવે–સુરત

બાજી ગૂમડાં તથા બરોળ ઉપર:–તાંબાની થાળીમાં મોરથુથુ શુદ્ધ તોલો ૧ મૂકી તેમાં પારો તોલો ૦।। સાથે ઘૂંટવાથી પારો દેખાશે નહિ. પછી કોપરાનું તેલ શેર ૦ નાખી ઘૂંટવું. બરોબર એકરસ થાય ત્યારે અંદર ઠંડું પાણી નાખી ઘૂંટવું. એ પ્રમાણે એકસો આઠ પાણીએ ધોઇ, તેમાં કપૂર તોલો ૧ નાખી મેળવી દેવું. તેમાં નજર પ્રમાણે ઓદાર, શંખજીરું તથા હીરાદ-ખ્ખણ નાખી લગાવવાથી ત્રણ દિવસમાં ગડગૂમડ મટે છે. આ મલમ બહુ ઉપયોગી છે.

ગૂમડું ફોડવા માટે:–હળદરની રાખ તથા ચૂનો એકત્ર કરી લેપ કરવાથી નસ્તરની માફક ગૂમડાને કોચી નાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧–વ્રણ તથા નાડીવ્રણ

જ્યારે શરીરમાં રહેલો વ્યાનવાયુ અવ્યવસ્થિતપણે રસ, રક્ત, માંસ તથા મેદને વહન થવાની નસોમાં અવ્યવસ્થા ઊભી કરી, ધાતુઓને વહેતી અટકાવી રોકી રાખે છે, ત્યારે તે ધાતુઓમાં ગ્રંથિ (ગોડ) ઉત્પન્ન કરે છે. તે ગોડ રસ અને રક્તગત હોય તો સાધારણ ઉપચારથી મટી જાય છે. પરંતુ તે વિકાર માંસગત અથવા મેદગત હોય, તો તે ગોડની ચિકિત્સા કરતાં જરા ભૂલ થાય તો તેનું નાસૂર બની જાય છે, જેને આયુર્વેદ વ્રણ કહે છે. જ્યારે માંસગત કે મેદગત થયેલી ગ્રંથિ પિત્ત અથવા કફને આશ્રિત થાય છે, ત્યારે ધાતુઓને વહેવાવાળી ધમનિઓ, કંદરાઓ અથવા નસોમાં વિકારને લઈ જઇ, ઊંડાણ સુધી તે તે નસોને પકવે છે. એટલે પગના ઘૂંટણમાં દરદ હોય ત્યાંથી પરુ નીકળતું હોય તથા જાંઘના ભાગ ઉપર દાબીએ તો ઘૂંટણ આગળથી પરુ નીકળતું હોય તેને નાડીવ્રણ કહે છે.તે વ્રણો વાતપ્રધાન, પિત્તપ્રધાન, કફપ્રધાન, ત્રિદોષપ્રધાન, રક્તપ્રધાન અને આગંતુક એમ છ પ્રકારના ગણાય છે. જે વ્રણ વાયુપ્રધાન હોય છે, તે થોડો પાકે છે અને થોડો કાચો રહે છે. જે વ્રણ પિત્તપ્રધાન હોય છે તે જલદી પાકી જાય છે. જે વ્રણ કફપ્રધાન હોય છે તેને પાકતાં ઘણી વાર લાગે છે. જે વ્રણ રક્તપ્રધાન હોય છે અથવા આગંતુક એટલે વાગવા–વીંધાવાથી થયેલો હોય છે તે ઘણો જલદી પાકી જાય છે. વાતપ્રધાન વ્રણમાંથી લોહી અને પરુ થોડું થોડું વહે છે. પિત્તપ્રધાનમાંથી પાતળું પરુ વહે છે અથવા એકલું ચોળાવર્ણું લોહી વહે છે. કફપ્રધાન વ્રણમાંથી ધોળું, ચીકણું પરુ વહે છે, તેમ રક્તપ્રધાન, આગંતુક અને ત્રિદોષ વ્રણોમાં પણ જે જે દોષનો મેળાપ થયો હોય છે, તે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોષોનાં લક્ષણોવાળી વેદના થઈને પરુ નીકળે છે. જો વ્રણ અપકવ હોય છે તો તેના ઉપર હાથ મૂકતાં તે ગરમ લાગે છે, સોજો કઠણ હોય છે, ચામડીનો રંગ બદલાતો નથી અને તેમાં સણકા મારે છે; પણ વ્રણ પાકી ચૂકયો હોય તો તેમાં અગ્નિમાં બફાયા જેવી બળતરા થાય છે અને કીડીઓના ડંખ પ્રમાણે તનખ ઊઠે છે તથા જાણે તેને શસ્ત્રથી ચીર્યું હોય, લાકડીથી માર્યું હોય, હાથથી દાબીને ચગદી નાખ્યું હોય, એવી અસહ્ય તીવ્ર વેદના ક્યારેક થાય છે અને ચામડીનો રંગ બદલાય છે. વ્રણ પાકતાં રોગીને તાવ, તૃષા અને અરુચિના ઉપદ્રવ ભોગવવા પડે છે. પણ વ્રણ સંપૂર્ણ પાકી ચૂકયો હોય તો વેદના શાંત થાય છે, સોજો રાતા રંગનો થઇ થોડો ઊતરે છે, ચામડી ઉપર કરચલી પડે છે, અંદરના ભાગમાં ચળ આવે છે, આસપાસનો સોજો દાબતાં તેમાં ખાડો પડે છે, તો જાણવું કે આ વ્રણ પાકી ચૂકયો છે. વ્રણમાં વાયુ વિના સણકા થતા નથી, પિત્ત વિના બળતરા થતી નથી અને કફ વિના પરુ થતું નથી. મતલબ કે,ત્રણે દોષ એકઠા થઈને દરેક સોજાને પકાવે છે. કેટલાક આચાર્યોનો એવો મત છે કે, વ્રણમાં પરુ તૈયાર થયું છે, તેથી તે વ્રણને ચીરીને પરુ કાઢી નાખવું જોઈએ. જો તેમ કરવામાં નહિ આવે તો તે પરુ માંસ, નસો અને સ્નાયુઓને બગાડશે. આ બાબતમાં અમારો અનુભવ એવો છે કે,રક્તમાં, માંસમાં મેદમાં કે હાડકામાં ગમે ત્યાં વ્રણ થવા લાયક સોજાનું સ્થાન હોય, પરંતુ તેમાં પરુ થયું એટલે અગ્નિતત્ત્વની ઉત્પત્તિ થઈ ચૂકી. અને અગ્નિતત્ત્વની હંમેશાં ઊર્ધ્વગતિ હોવાથી, તે વ્રણના નીચલા ભાગને તથા બાજુ પરના ભાગને બગાડતું નથી; પરંતુ માત્રા ઉપરના ભાગને બગાડીને પરુને બહાર કાઢી નાખે છે. આવો સિદ્ધાંત હોવાથી વ્રણમાં થોડું પણ પરુ થયું હોય તેને ચીરીને કાઢી નાખવાની પ્રથા જે ચાલુ થયેલી છે, તેમાં વ્રણને ચીરીને પરુ કાઢી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખ્યા પછી ઉપરથી શેક જારી રાખવો પડે છે અને પરુ વહેતું રાખવું પડે છે. આથી વખતે ઘણા કેસોમાં નાસૂરો બની જાય છે અને જ્યાં નાસૂરો નથી બનતાં ત્યાં ચામડીની ગાંઠ પડે છે. એટલે ચીરેલી જગ્યાનો સાંધો કુદરતી ચામડી જેવો મળતો નથી; પરંતુ અંદર રહેલું પરુ બહાર નીકળવાની ગતિવાળા ગુણધર્મવાળું હોય છે, તેથી તેનો જોશ ચામડીની ઉપર આવવા માટે જે બળ કરે છે, બળને સહાયક થઇ પરુને ઉપર આવવાને મદદગાર થાય એવા પાલા તથા બફારા અથવા મલમથી ચિકિત્સા કરી હોય, તો વ્રણ એની મેળે પાકી, પોતે જ્યાંથી નીકળવાનો માર્ગ કર્યો હોય, ત્યાંથી નીકળી, અંદર કંઇ પણ વિકાર નહિ રહેતાં, જલદી રુઝાઇ જાય છે. ધારો કે એક ગ્રંથિ એટલે ગોડ જેની આસપાસ સોજો આવ્યો છે અને તે ઠેઠ મેદાનમાંથી આવે છે. હવે આપણે તે ગાંઠને ચીરી પરુને બહાર નીકળવાનો રસ્તો કરી આપીએ છીએ; પરંતુ ઉપરથી જોતાં તેનો અસલ માર્ગ સમજાતો નથી, તેથી પરુની ગતિવાળો માર્ગ બાજુ પર રહી જાય છે અને બીજી જગ્યાએજ આપણે ચીરીએ છીએ. એટલે પરિણામ એવું આવે છે કે, જે માર્ગે પરુ બહાર નીકળવાને પ્રયત્ન કરતું હોય તેની પીડા સાથે ચીર્યા પછી તેમાં પરુ બની જે પીડા થાય છે, તે બેવડી પીડા રોગીને ભોગવવી પડે છે. કારણ કે શારીરિક વ્રણની પીડા સાથે આગંતુક વ્રણની પીડા ભોગવવી પડે છે. એટલા માટે અમારી ભલામણ છે કે, જ્યાં સુધી વ્રણ બરાબર પાકે નહિ ત્યાં સુધી તેને ચીરવાની કોશિશ કરવી નહિ. પરંતુ એટલું કહેવું પડે છે કે, જો વ્રણ બરાબર પાકયો હશે તો તે પોતાની મેળેજ ફૂટી જવાનો, એટલે તેને ચીરવાની જરૂર પડતી નથી. આથી પણ વધીને માધવનિદાન તો એમ કહે છે કે, કાચું, પાકવાને તૈયાર થયેલું અને તદ્દન પાકેલું એવું વ્રણ અવસ્થાવાળું વ્રણ જે વૈદ્ય બારીકીથી ઓળખી શકે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ વૈદ્ય, નહિ તો તે જ્ઞાન વગરના બધા "વૈદ્યના વેષમાં ચોર સમજવા." કાચા વ્રણને પાકું સમજી અજ્ઞાનથી જે વૈદ્ય ફાડે છે, અથવા પાકેલા વ્રણના ઔષધોપચાર કરી તેને ન મટાડતાં, તેની ઉપેક્ષા કરે છે, તે વૈદ્ય "અવિચારી ચાંડાળ જાણવો."

આગંતુક વ્રણના ઘણા ભેદો છે પરંતુ તેને છ ભાગમાં વહેંચવામાં આવ્યા છે. (૧) છિન્ન, (૨) ભિન્ન, (૩) વિદ્ધ, (૪) ક્ષત, (૫) પિચ્ચિત અને (૬) ધૃષ્ટ-નામના વ્રણો છે. તેનાં જુદાં જુદાં લક્ષણો તથા ચિકિત્સા માધવનિદાન અને ભાવપ્રકાશમાંથી જાણી લેવાં. તે કરતાં વિશેષ અનુભવ મેળવવો હોય તો અમારું "ત્વકદોષ નિરૂપણ" નામનું પુસ્તક વાંચવું. જો કોઇ ગ્રંથિ પાકીને ફૂટી ગઇ હોય અને તેમાં ઊંડું ઘારું પડ્યું હોય, છતાં દાહ થતો હોય તો ઘોળો મલમ તેમાં ભરીને તેના ઉપર સાદા મલમની પટ્ટી મારવાથી તે જખમ પુરાઇ આવી રુઝાઇ જાય છે. જો અગન ન બળતી હોય અને ખાડો પડ્યો હોય તો તેમાં કાળિયા સરસનાં પાતરાંની અથવા લીમડાનાં પાતરાંની રાખોડીને તેલમાં કાલવીને ભરીને ઉપર સાદા મલમની પટ્ટી મારવાથી તે રુઝાઈ જાય છે.

લીમડાનું તેલ:-લીમડાનાં પાતરાં દશ તોલા લઈ તેને ઝીણાં ખાંડવાં. પછી તલનું તેલ ચાળીશ તોલા લઈ તેને પેણીમાં ગરમ કરવું. ગરમ થયા પછી લીમડાનાં પાતરાંનો ભૂકો ચપટી ચપટી નાખતા જવો, એટલે તે ભજિયાંની પેઠે તળાઇને બળી જશે. તમામ બળી ગયા પછી તે તેલને કપડાથી ગાળી લઇ એક શીશીમાં ભરી મૂકવું. પછી જે વ્રણનું મુખ નાનું હોય પણ પરુ આસપાસથી આવતું હોય અથવા નાડીવ્રણ થયો હોય, તો હાથેથી ખમાય એટલું દાબી તેમાંનું પરુ નીકળે એટલું કાઢી નાખવું. તેમાં એવી સંભાળ રાખવી કે દબાવતાં કોઈ ભાગ વધુ દુખાય નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલી વાત તો ખૂબ યાદ રાખવી કે વ્રણની તપાસ કરતાં તે વ્રણના છિદ્રમાં સળી દાખલ કરી વ્રણ કેટલો ઊંડો ગયો છે અથવા તે વ્રણ કેટલો આડો ગયો છે, તેની તપાસ કોઇ પણ સંજોગોમાં કરવી નહિ; પણ જેટલો વ્રણ આડોઅવળો ગયો હશે, ત્યાં દાબતાંજ તરતજ પરુ વ્રણના છિદ્ર પર આવશે. એવો વ્રણ હોય તો તે વ્રણમાં લીમડાના તેલની પિચકારી મારવી અને તેના ઉપર બેરજાના મલમની પટ્ટી મારવી. એ આડોઅવળો ગયેલો વ્રણ, જો માંસના સ્થાનમાં ન હોય એટલે હાથની હાથેલીમાં હોય, આંગળીના સાંધામાં હોય, નખના સાંધામાં હોય અને તેમાં અત્યંત પીડા થતી હોય, આસપાસ સોજો પણ આવ્યો હોય તો તેને કોઈ પણ અવસ્થામાં કોઇ પણ જાતના મલમની પટ્ટી મારવી નહિ. પણ તે વ્રણ ઉપર ધંતૂરાનાં લીલાં પાતરાં વાટીને તેની લૂગદી મૂકી પાટો બાંધવો. એ પાતરાંથી જે દરદ મલમપટ્ટી કે શસ્ત્રક્રિયાથી એક મહિને મટે છે, તે આઠ દહાડામાં સારું થાય છે! કેટલીક વાર એવું બને છે કે, નાડીવ્રણ છેક અંદરથી નહિ રુઝાતાં વચમાંથી રુઝાવા માંડે છે. જો તેમ જણાય તો તે વ્રણની ઉપરની ચામડી ઉપર કાચા હિંગળોકનો ગાંગડો લઇ તેને પાણીમાં ઘસી, જ્યાંથી પરુ આવતું હોય ત્યાંથી માંડીને છેક વ્રણના છિદ્ર સુધી ચોપડવો. તે ચોપડ્યા પછી લીમડાના તેલની પિચકારી મારી તેના છિદ્ર ઉપર એક પૈસા જેવડી પટ્ટી મારી દેવી અને પછી બેરજાના મલમની પટ્ટી બનાવી જેટલી જગ્યામાં હિંગળોક ચોપડ્યો હોય તેટલી જગ્યા પર મારવી. બેરજાના મલમનો એક એવો કાયદો છે કે, પટ્ટી માર્યા પછી તે મલમ, પટ્ટી ઉપર ફૂટી નીકળે છે. તે પછી તેના ઉપર જેટલાં કપડાં વળગાડો તે બધામાં પસરી રોગીની પથારીમાં પણ ચોટી જાય છે. તેટલા માટે પટ્ટીની ઉપર મલમ ફૂટી નીકળે કે તરત તેના ઉપર કોરો અથવા છાપેલો કોઇ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતનો સફેદ કાગળ લપેટી પાટો બાંધવો, એટલે કાગળની બહાર મલમ ફૂટી નીકળશે નહિ. એ પ્રમાણે કરવાથી ઊંડામાં ઊંડો અને ગમે તેટલો આડો વ્રણ હશે તો પણ પુરાઈ જશે, તેને ચીરવાની જરૂર પડશે નહિ. પણ જ્યાં સુધી વ્રણ પુરાઇને રુઝાઈ જાય ત્યાં સુધી અને તે પછી પણ એક કે બે મહિના સુધી પથ્યાગૂગળની બબ્બે ગોળી દિવસમાં વ્રણ વાર પાણી સાથે ખવડાવવી, જેથી કોઇ પણ જાતની બોડબાંપણ વિના વ્રણ સારા થશે. ઘણી વાર કોઇ માણસને શરીરના કોઇ પણ ભાગમાં લોખંડનો બીલો વાગવાથી તે જગ્યા પાકે છે, અથવા પડી જઈ માથું ફૂટવાથી જખમ પડે છે, અથવા શરીર પર વાગવાથી જખમ પડે છે. તે જખમમાં પાકીને પરુ થયું કે તેમાં બાવળનાં લાકડાંનો અથવા બેરનાં લાકડાંનો બળતો, વગર ધુમાડાના દેવતાનો અંગારો લઇ તેને બોરસિયા પર મૂકી બૂણ ઝીણું વાટવો. તે વાટેલો અને મેશ જેવો થયેલો ભૂકો હોય તેમાં તલનું તેલ મેળવી, તે પાકતા જખમમાં ભરી દઇને ઉપર પાટો બાંધવો, જેથી ઘણી ઝડપથી તે જખમ રુઝાઈ જશે. કેટલીક વાર એવું બને છે કે, પગના તળિયામાં કે તેના મધ્ય ભાગમાં લોખંડનો બીલો કે ચૂંક, બાવળનો કાંટો કે લાકડાની ફાચર વાગવાથી તે જગ્યા પાકે છે અને તેમાં અસહ્ય બળતરા થાય છે. તેનું મોઢું નાનું રહી આસપાસની જગ્યા પાકવા માંડે છે; એટલે ઘણા ચિકિત્સકો, અંદર પરુ રહી જવાના ડરથી તેટલી ચામડી કાપે છે એટલે બે ચાર દિવસમાં બીજી ચામડી બગડે છે. એવી રીતે જેમ જેમ ચામડી કપાતી જાય છે તેમ તેમ આગળ દરદ વધતું જાય છે અને તે વ્રણ ભીતરથી પાકતો જાય છે; અને અસહ્ય વેદના થવાથી આખરે ઘૂંટીમાંથી પગ કાપી નાખી લાકડાનો પગ બેસાડવાની ફરજ પડે છે. એટલા માટે બીલો કે ચૂંક વગેરે વાગ્યું હોય અને તેમાં પાકની શરૂઆત થાય કે તરત દિવેલની નીચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠરેલો કચરો, ગોળ, મીઠું, હળદર અને માથાના વાળ એ સર્વને એકઠા કરી, લોખંડની કડછીમાં દેવતા ઉપર મૂકી, બદબ-દાવવાં. તે પછી તેને કપડા ઉપર લઈ ગરમ ગરમ પેલા જખમ ઉપર ચપકા દેવા. પછી બમાય તેવું થાય એટલે તેનો પાટો બાંધવો. આ પાટો દરરોજ બદલવાથી બે ચાર દિવસમાં ચામડીમાં જેટલી જગ્યામાં સોજો આવ્યો હશે, તેટલી જગ્યાની ચામડી ભીતરથી રુઝાઈ, ઉપરથી મરી ગયેલી સફેદ બની જશે. પણ ભૂલેચૂકે તે ચામડીને કાતરી નાખવામાં આવશે, તો તેની નીચે રહેલી ગુલાબી કોમળ રંગની ચામડી પાકી જશે. એટલા માટે સફેદ ચામડી જ્યાં સુધી પોતાની મેળે નીકળી જાય નહિ ત્યાં સુધી તેને કાઢી નાખવી નહિ. પણ જો એ ચામડીના પડમાં પરુ કે પાણી ભરેલું જણાય તો તેને કાતરથી જરાક છિદ્ર પાડી આ-પવું, પણ ચામડી ઉકેલવી કે કાતરવી નહિ. આ પાટાથી સેંકડો રોગી આવી ભયંકર મુશ્કેલીમાંથી બચી ગયા છે; તેમ એની ઉપેક્ષા કરવાથી ઘણા લોકોને લાકડાનો પગ ઘાલી ઠબક ઠબક ચાલતા જોયા છે. કેટલીક વાર ગામડાંના લોકોને ચોમાસાની મોસમમાં કાદવમાંથી બાવળના કોહેલાં કાંટા વાગે છે, જે નીકળી શકતા નથી. તેથી વખતે પગ પાકે છે તો તે કાંટો એની મેળે નીકળી જાય છે. પણ પગ પાકે નહિ અને કાંટાને લીધે જમીન પર પગ મુકાય નહિ, એવું થયું હોય તો ઝંઝેટા (અઘેડા) નાં પાતરાં નંગ ત્રણ લઈને પાવલીભાર ગોળમાં મેળવીને ત્રણ દિવસ સુધી દિવસમાં એક વાર બાવાં, એટલે પગમાં ભાંગી રહેલો સડેલો કાંટો પીગળી જશે, અથવા અંદર ને અંદર એવો મસાઈ જશે કે જાણે પગમાં કાંટો છેજ નહિ.

કેટલીક વાર એવું બને છે કે, કોઇ ચીજ વાગવાથી સીધો ચીરો એટલે ઘા પડી જાય છે, તે વખતે કાળિયા સરસના ઝાડના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થડમાંથી એક ગજ માટી ખસેડી તેના મૂળ પરની છાલ પોચી રૂ જેવી નીકળશે, તેને ઝીણી વાટી વસ્ત્રગાળ કરી રાખવી. તે ભૂકો જખમમાં તુરત દાબી દેવાથી લોહી બંધ થઈ જાય છે અને તે એકજ પાટે જખમને રુઝવી નાખે છે! કેટલીક વાર એવું બને છે કે પગની છેલ્લી આંગળીમાં કાંઈ વાગવાથી અથવા આંટણ પાકવાથી તેમાં ભયંકર અગ્નિ ઉત્પન્ન થાય છે અને પગની પાટલી ઉપરથી તથા નીચેથી ઝપાટાબંધ પાકી જાય છે. તેવી અવસ્થામાં તકમરિયાંને થોડા પાણીમાં પલાળી દાહવાળી જગ્યા ઉપર તેની લેપડી વળગાડી ઉપર ઝીણા કપડાનો પાટો બાંધી, તે પાટાને પાણીથી ભીનો ને ભીનો રાખવાથી વધારે પાકતું અટકી જાય છે, કાચું પાકેલું તૈયાર થઇ પાકી જાય છે અને પાકેલું રુઝાઇ જાય છે તથા અગ્નિ શાંત થઈ જાય છે. કેટલીક વાર એવું બને છે કે, પગની પાટલી ઉપરની આડી નસમાં વાગવાથી અગ્નિ સાથે થોડો સોજો આવી તે અગ્નિ વધતો જાય છે અને તે સ્થાને જે જખમ પડે છે, તે પણ વધતો જાય છે. જેમ જેમ દિવસ જાય છે તેમ તેમ તે જખમ પહોળાઇમાં અને ઊંડાણમાં ખૂબ વધતો જાય છે, તેને લોકભાષામાં કોહ્યો વ્રણ કહે છે. એવું હોય ત્યારે કોહ્યો વર્ણો નામનું એક મોટું ઝાડ થાય છે, જેનાં પાતરાં ગૂંદી અને વડનાં પાતરાંને મળતાં થાય છે; તે પાતરાંનો સ્વભાવ એવો છે કે, તે પાતરાંને વાટીને શરીરના સારા ભાગ ઉપર લૂગદી મૂકી હોય તો ત્યાં ફોલ્લો આગ સાથે તૈયાર થઈ જાય છે; પણ તે પાતરાંને વાટીને પેલા આગ બળતા અને ઝડપથી પાકી સડતા કોહ્યા વ્રણ ઉપર ભરવાથી તરત ઠંડક વળી જાય છે અને એજ પાલાથી તે વ્રણ રુઝાઇ પણ જાય છે. કોઈ વાર એવું બને છે કે, પગની પાટલીની આડી નસમાં વાગવાથી અગન સાથે સોજો ઘૂંટણ સુધી આવી જાય છે અને એકદમ જેમ માણસ દાઝ્યું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ ચામડી તરતજ સડી જાય છે. તેવી અવસ્થામાં ધોળો મલમ પાતળા કપડા ઉપર ચોપડી દરદ ઉપર વળગાડવો; એટલે પાંચ-દશ મિનિટમાં તે મલમ શોષાઈ જઈ કપડું કોરું પડી જશે. પછી તરત બીજો એજ મલમ ચોપડી ફરી કપડું લઇ મલમ ચોપડી ઉપરાછાપરી પટ્ટી બદલતા જવી. જેમ જેમ પટ્ટી બદલાતી જશે તેમ તેમ ઠંડક વળતી જશે અને દરદ મટતું જશે. આ પ્રમાણેની ચિકિત્સા કરવામાં નહિ આવે, તો આખરે પગને કપાવ્યા સિવાય બીજો કોઇ પણ ઈલાજ નથી.

વ્રણ તથા નાડીવ્રણના કેટલાક ઉપાયો

૧-ડૉક્ટર ભાઇલાલ કપૂરચંદ શાહ-નાર

૧. ગ્રંથિ-વ્રણ-પ્લેગની ગાંઠઃ-ગોળ, ગૂગળ, કબૂતરની બધાર અને કળીચૂનો એ ચારે સમભાગે લઈ ગોળીઓ વાળી એક અથવા બે ગોળી પાણીમાં ઘસી ગાંઠ, વ્રણ તથા પ્લેગની ગાંઠ ઉપર ચોપડવાથી ગમે તેવું સખત દરદ હશે તો પણ વેરાઇ જશે અથવા ફાટી જશે. ફાટી ગયા પછી નીચે લખેલા મલમની પટ્ટી મારવાની રુઝાઇ જશે.

૨. ગૂમડાનો અકસીર મલમઃ-રાળ, મીણ અને તેલ ત્રણે સરખે વજને લઇ પ્રથમ મીણ અને તેલને ગરમ કરી, મીણ ઓગળી જાય ત્યારે રાળ નાખી થોડી વાર અગ્નિ પર રહેવા દઈ નીચે ઉતારી લેવું. પછી પાણી નાખી ફીણવું જેથી સરસ મલમ થશે. તે મલમની પટ્ટી મારવાથી ગાંઠો ફાટીને રુઝાય છે ભરની ગળ વગેરે દરદો મટે છે અને દાઝેલી જગ્યાએ લગાવવાથી તે મટે છે.

૨-શાહ મણિલાલ ભીખાભાઇ-શંખલપુર

વ્રણનાશક મલમઃ-સિંદૂર તોલો ૧, સોનાગેરુ તોલો ૧,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુરદાર શિંગ તોલો ૧, મોરથૂથુ તોલો ૦॥, મીણ તોલો ૦॥ અને તલનું તેલ તોલા ૬ લઈ પ્રથમ તેલમાં મીણ નાખી થોડા અગ્નિ ઉપર ગરમ કરી મીણ ઓગળી જાય ત્યારે તેમાં સિંદૂર નાખવું અને ઘૂંટવું. બહુ ચીકણું થાય ત્યારે તેમાં બીજી વસ્તુઓ બારીક વાટી મેળવવી. આ મલમની પટ્ટી મારવાથી સર્વ પ્રકારના વ્રણ, ઘારાં વગેરે રુઝાઈ જાય છે. એક છોકરાને માથામાં લગભગ ઘણા ભાગમાં દુર્ગંધવાળાં ઘારાં પડ્યાં હતાં અને તેમાંથી પરુ નીકળતું હતું. આ મલમની પટ્ટી એક અઠવાડિયું મારવાથી તેને મટી ગયું હતું. આ મલમ ઘણું સારું કામ આપે છે.

૩–વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

૧. નાસૂર માટેઃ–ગધેડાનાં લીંડાં અર્ધાં તાજાં તથા અર્ધાં વાસી એક હાંડલામાં ભરી બાળવાં. તે હાંડલા ઉપર એક થાળી પાણી ભરીને મૂકવી. એ થાળીને જે મેશ લાગે તે લઈ તેમાં સમભાગે ગાયનું દૂધ મેળવી મર્દન કરી એકરસ થાય ત્યારે નાસૂર ઉપર ચોપડવું જેથી નાસૂર મટે છે.

૨. બકરાના ડાબા પગની નળીને બાળી ભસ્મ કરી, તે ભસ્મ, અડાયાંની ભસ્મ, કળીચૂનો તથા કાથો એ સર્વનું ઘીમાં મિશ્રણ કરી નાસૂર ઉપર ચોપડવાથી મટી જાય છે.

૩. રાયણનાં બીનો તેલમાં મલમ કરી ચોપડવાથી પણ નાસૂર મટે છે.

૪. સાજીખાર તથા સિંદૂર જળમાં મેળવી ચોપડવાથી નાસૂર મટે છે.

૪–વૈદ્ય દેવજી આશુ

સડેલાં ચાંદાં ઉપર ત્રણ વરસનું જૂનું કળીચૂનાના પાણીનું પોતું રાખવાથી મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫-ડૉક્ટર મગનલાલ વ્રજભૂષણદાસ-સુરત

નાસૂર તથા હાડ ગંભીરનો મલમઃ-ચપટી મેથી લઇ તેમાં જરા ઘી મૂકી મેથીને બાળી નાખવી. પછી તેને ઘૂંટીને મલમ બનાવવો. એ મલમ લગાડી ઉપર કાળા મલમની અથવા ગમના મલમની પટી મારવાથી નાસૂર પુરાઇ જશે અને રૂઝ આવશે. તેમજ વારેવારે ઊભળતું હશે તે પણ ફરી ઊભળશે નહિ અને જનમારાનું દુઃખ જશે.

૬-વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઇ-સુરત

સરજાદિ મલમઃ-ભિલામાં ૧ શેર લઇ તેને નવટાંક તલના તેલમાં તળવાં. જ્યારે ભિલામાં ફૂલી જાય અને તેલ કાળું પડી જાય એટલે નીચે ઉતારી તેલ ગાળી લઇ લેવું. એ તેલ નવટાંક, મીણ ચાર પૈસાભાર અને રાળ ચાર પૈસાભાર વાટી વસ્ત્રગાળ કરી દેવતા ઉપર મૂકી, એકરસ કરી ઉતારી ઠંડું થયે પટી બનાવી મારવાથી ભગંદર, વ્રણ વગેરેને મટાડે છે.

૭-વૈદ્ય રવિકાન્ત અને શાંતિકાન્ત ઉદાણી-બાલંભા

વ્રણશોથહર લેપઃ-(પાઠ શારંગધર સંહિતાનો પણ ફેર-ફાર સહિત) બિલ્લેરાનું મૂળ, છડીલો, દેવદાર, સૂંઠ, રાસ્ના, અરણીનું મૂળ, અસોંધ મૂળ તથા નવસાર એ સર્વ સમાન ભાગે પાણીમાં વાટી જાડો લેપ કરી દિવસમાં બે વખત ચોપડવો. આ લેપથી કોઇ પણ જાતનો સોજો મટી જાય છે.

૮-વૈદ્ય કનૈયાલાલ પુરાણી-તાલ (ભાળવા)

રૂઝનો મલમઃ-સદેસરાના ઝાડના પાલાને લાવી વાટી તેમાં શંખજીરું ચપ્પુ વડે કાતરીને મેળવી, જખમ ઉપર મૂકવાથી નાસૂર વગેરે નહિ રુઝાય તેવા જખમોને જલદીથી રૂઝ લાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯–વૈદ્ય પુરુષોત્તમદાસ બહેચરદાસ યાજ્ઞિક–કાલોલ

અનુભવી મલમઃ–પારો, ગંધક, બોદાર શિંગ, સિંદૂર કંપીલો, કુલાવેલું મોરથૂથુ, સફેદ કાથો, પાષાણભેદ, હિંગળોક ને રસકપૂર એ સર્વ સમભાગે લઇ પ્રથમ પારાગંધકની કાજળી કરી, તેમાં એક પછી એક ચીજ નાખતાં જવું અને ઘૂંટતા જવું. બરાબર વટાઈ રહે ત્યારે તે સર્વને વજનથી ચારગણું જૂનું ઘી અને અર્ધે ભાગે મીણ લઈ, એક લોઢાની કડાઈ અંગારા પર મૂકી, તેમાં ઘી તથા મીણ નાખી પીગળાવી એકત્ર કરી, તૈયાર કરેલો ભૂકો થોડો થોડો નાખતા જવું અને હલાવતા જવું. બધો ભૂકો મેળવાઇ રહે ત્યારે નીચે ઉતારી ઠંડો પડવા દઈ પટી બનાવી મારવાથી નાસૂર, સર્વ પ્રકારના વ્રણ, નાડીવ્રણ, ભરનીંગળ, ગૂમડાં, ચાંદી, ખીલ વગેરેને તુરતજ ફરવે છે. અનુભવસિદ્ધ છે.

૧૦–વૈદ્ય મણિશંકર નરભેરામ–ધળાં

પેઢાંપાઠાંનો ઉપાયઃ–નાઇકંદ (જેને મરચી વેલો પણ કહે છે) જંગલમાં થાય છે. તેનો વેલો ઘિલોડીના જેવડો તથા પાતરાં પણ તેના જેવાંજ થાય છે. પરંતુ ઘિલોડીનાં પાતરાં કરતાં સહેજ કરકરાં અને ફૂલ ઘિલોડીનાં જેવાં તથા ફળ મરચાં જેવાં થાય છે. એનાં પાન ચોળી શરીરના કોઇ પણ ભાગ પર લગાડવામાં આવે તો ફોલ્લા થાય છે. એના કંદને પાણીમાં ઘસી ત્રણ પૈસાભાર પાણી કરી તેમાં જરા ગોળ નાખી પીવાથી સખ્તમાં સખ્ત પાકું મટી જાય છે. એક દિવસમાં ત્રણ વખત પાવું. ગુણઃ–ઉષ્ણ, વાતહર, વમન કરાવનાર, દસ્ત સાફ લાવનાર અને શોષઘ્ન છે. એ કંદનો ઘસારો કરી મીઠું નાખી ગરમ કરી પાઠા ઉપર ચોપડવું. પરેજીઃ–તેલ, દૂધ તથા ઘી ત્રણ દિવસ સુધી આપવાં નહિ. ખોરાકમાં ઘઉંની થૂલી ગોળ નાખી બાફી દાળના ઓસામણ સાથે દહીંએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવું. આથી ગમે તેવું ભયંકર પાકું હશે તો પણ મટી જશે. એ અનુભવસિદ્ધ છે.

૧૧-વૈદ્ય કેશવરામ હરિશંકર ભટ્ટ-કાપોદ્રા

ઘાનો મલમઃ-ચંબેલીનાં પાન શેર ૦॥, લીમડાનાં પાન શેર ૦॥, કાચકીનાં પાન શેર ૦॥ અને કોઠીનાં પાન શેર ૦॥ લઈ, આ ચાર જાતનાં પાંદડાંનો રસ કાઢી તૈયાર કરવો. પછી પટોળ, ગરમાળો, દારૂહળદર, હળદર, કડુ, કમળકાકડી, હરડેછાલ, લોધર, તજ, મોરથૂથુ અને જેઠીમધ એ દરેક એકેક તોલો તથા મીણશેર ૦)૨ મહુડાં શેર ૦)૮ તથા મજીઠ શેર ૦)૮ લઇ મીણ સિવાયની બધી વસ્તુઓ છૂંદી નાખી દશ શેર પાણીમાં ઉકાળી પાણી ૧ શેર અવશેષ રાખી ગાળી, પેલા ચાર જાતના રસ કાઢેલા હોય તેમાં નાખી, તલનું તેલ શેર ૧ નાખી ચૂલે ચડાવવું. જ્યારે ફક્ત તેલ બાકી રહે અને પાણી બળી જાય ત્યારે નીચે ઉતારી તેલ નિતારી લઈ તે તેલમાં મીણ નાખવું. તે ઓગળી જાય એટલે શીશીમાં ભરી રાખવું. આ મલમ કપડા ઉપર ચોપડી પટી મારવાથી ગમે તેવો ઘા રુઝાઇ જાય છે.

૧૨-ડૉક્ટર ચંદુલાલ મુકુંદરાય-પાટણ

શરીરના કોઈ પણ ભાગમાં ચાંદી પડી ગઈ હોય અને તે સડી ગયેલી હોય, તો બાવળ તથા બોરડીની છાલના ક્વાથથી ધોઈ, ઉપર ઘી ચોપડી દારૂડીનાં મૂળની છાલ વાટી તેનો લેપ કરવાથી તરતજ આરામ થાય છે.

૧૩-ડૉક્ટર દામોદર ગોપાળ રણદીવે-સુરત

વ્રણ ઉપર રામેહાનું લાકડું ઘસી ચોપડવાથી મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨–ભગંદર, શુકદોષ, શીતપિત્ત, વિસર્પ તથા વિસ્ફોટક

૧. ભગંદરઃ–મળદ્વારની ઉપર અને અંડકોષની નીચે જે જાડી નસ છે, તે નસના મધ્યભાગમાં એક ફોલ્લી મગના દાણા જેવડી થાય છે અને તેની નીચે સોપારી જેવડી ગાંઠ અત્યંત વેદનાવાળી હોય છે. ગાંઠ પાકીને ફૂટે છે છતાં રુઝાતી નથી, બલ્કે તેનું નાસૂર બની જાય છે. તેને ભગંદર રોગ કહે છે. એ ભગંદર જુદી જુદી રીતે પાકવાથી પાંચ પ્રકારના થાય છે. ભગંદર રોગ ઉત્પન્ન થવાનું કારણ માધવનિદાને લખ્યું નથી; પરંતુ અનુભવથી સિદ્ધ થયું છે કે, જે રોગીને પ્રમેહનો રોગ થયો હોય તે પ્રમેહને પિચકારીની દવાથી સારો કરવામાં આવ્યો હોય અથવા તે પ્રમેહની ઉપેક્ષા કરવામાં આવી હોય અથવા કેટલાક લોકોના વિચાર પ્રમાણે પ્રમેહ થયા પછી ભાંગનું પાણી અથવા ઇન્દ્રિય–જુલાબનાં ઓસડો પેટ-પૂરતાં પીધા પછી પેશાબની હાજતને રોકી રાખી જોરથી પેશાબ કરવાથી પરમિયો એકદમ મટી જાય છે. વળી બીજા કેટલાકના વિચાર એવા છે કે, પ્રમેહ થયા પછી પુષ્કળ સ્ત્રીસમાગમ કરવાથી પ્રમેહ મટી જાય છે; અને વળી એવું પણ જોવામાં આવે છે કે, પ્રમેહના રોગીને મૈથુનની ઇચ્છા પ્રબળ હોય છે તેથી એવાં કારણોને લઇને પરુની ગતિને અપાનવાયુ ઉલટાવીને અંડકોષની નીચેની નસમાં રોકે છે. તે નસમાં વહેતા રક્ત સાથે મળીને તેની ગાંઠ બંધાય છે અને તે પાકીને ભગંદરનું રૂપ પકડે છે. પ્રમેહ થયા પછી જે રોગી કુપથ્યનું સેવન કરે છે તેથી જે ગાંઠવાળી ફોલ્લી થાય છે, તેમાંથી લાલ રંગનું ફીણવાળું પરુ તનખા મારતું વહે છે અને ત્યાં આગળ ઘણાં છિદ્રો પડે છે તથા આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છિદ્રમાંથી મૂત્ર, મળ અને વીર્ય પણ વહે છે. આ ભગંદરમાં ઘણાં છિદ્ર પડે છે તેથી એનું નામ **શતપોનક ભગંદર** કહે છે. પ્રમેહ થયા પછી વિરુદ્ધ ખોરાકમાં પિત્તકારક પદાર્થો ભક્ષણ કરે છે અને થયેલો પ્રમેહ પણ પિત્તપ્રધાન હોય છે. તે પિત્તવાળું પરુ ઊલટે માર્ગે જઈ જે ભગંદર ઉત્પન્ન કરે છે, તેમાંથી અત્યંત ઊનું પરુ વહે છે અને તે ભગંદરનો આકાર ઊંટની ડોકના જેવો ઊંચો હોય છે તેથી તેને **ઉષ્ટ્રશિરોધર** કહે છે. જે ભગંદરમાં ચળ ઘણી આવે છે અને તેમાંથી જાડું પરુ આવે છે તથા ભગંદરની ગાંઠ કઠણ હોય છે અને તનખા મારે છે, તેને **પરિસ્રાવી** ભગંદર કહે છે. જે ભગંદરની ગાંઠ ગાયના સ્તન જેવી તથા ઘણી હોય છે અને આ ફોલ્લીનો રંગ, તેમાંથી ઝરતું પરુ અને તેમાં થતી વેદના વિવિધ પ્રકારનાં હોય છે તથા તેનો ઝખમ શંખની આકૃતિ પ્રમાણે અંદરથી ભમરીની પેઠે ગોળ ફરતો અને ઊંડો હોય છે, તેવા ભગંદરને **સંબુકાવર્ત** કહે છે. જે રોગીને પ્રમેહના યોગથી અંડકોષની નીચેની નસોમાં વિકાર ઉત્પન્ન થયેલો હોય અને તેવી અવસ્થામાં તે નસમાં કાંટો અથવા ફાંસ વાગવાથી તે પાક ઉપર ચડે અને તે ફોલ્લો ફેલાતો ફેલાતો મળદ્વારપર્યંત પહોંચી તેમાં કીડા પડીને તે જખમ ગદગદી ફાટી જાય અને તે કીડાઓ તે જગ્યાને કોતરીને ઘણાં છિદ્રો પાડે છે, તેથી તેને **ઉન્માર્ગી** ભગંદર કહે છે. બધી જાતના ભગંદરો કષ્ટસાધ્ય તો છેજ, પણ તેમાં જે ભગંદરમાંથી મૂત્ર, મળ, વીર્ય, જીવડા અને વાયુ વહે છે, તે રોગી જીવી શકતો નથી.

ભગંદરના રોગમાં જો શરૂઆતમાં કોઇ સારો ચિકિત્સક તેને ચીરીને રુઝવવાની હિંમત કરે અને રોગી બ્રહ્મચર્ય બરાબર પાળે તો ભગંદર મટી જાય છે. ભગંદરના રોગીને ચંદ્રપ્રભા ગુટિકા દિવસમાં ત્રણ વાર બબ્બે ગોળી પાણી સાથે છ થી બાર માસ સુધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવડાવવાથી પ્રમેહની અસર અને ભગંદર એ બેઉ સારાં થાય છે. કાંસકીની જાતનું એક ઝાડ છોડના રૂપમાં થાય છે અને તેને અમારા વિચાર પ્રમાણે "અતિબલા" કહે છે. તેના ઉપર કાંસકી જેવાં મોટાં પીળાં ફૂલ થાય છે, પણ કાંસકી જેવાં ફળ થતાં નથી. પરંતુ બંધ મોઢાનાં રુવાંટીવાળાં ગોળ ફળ થાય છે; છતાં તેમાંથી બીજ તો કાંસકી જેવાંજ નીકળે છે. તેનો પાલો લાવી છૂંદી તેમાં થોડો ગોળ મેળવી તેની લેપડી મૂકી પાટો બાંધવાથી થોડા દિવસમાં ભગંદર મટી જાય છે. એ પાલો લીલો ન હોય અને સૂકો હોય તો પણ ચાલી શકે છે. એ પાલાથી તમામ જાતનાં ગંભીર ગૂમડાં રુઝાઇ જાય છે. ભાંગરાનો પાલો વાટીને તેની લૂગદી બાંધવાથી ભગંદર મટી જાય છે. અગર ઊંટનું હાડકું ઘસીને ચોપડવાથી ભગંદર મટી જાય છે. અથવા મરીકંથારનું મૂળ ચોપડવાથી ભગંદરની ગાંઠ પાકીને નીકળી જાય છે. તે પછી મરીકંથારનો પાલો વાટી તે બાડામાં ભરી પાટો બાંધવાથી ભગંદર મટી જાય છે. અથવા લીમડાના તેલની પિચકારી મારી સાદા મલમની પટ્ટી મારવાથી પણ ભગંદર મટે છે. પરંતુ ભગંદરના ગમે તે જાતના ઉપાય ચાલતા હોય પણ જે ઉપાય હાથ ધર્યો હોય તેને ભગંદર રુઝાતાં સુધી બદલવો નહિ અને તેની સાથે ચંદ્રપ્રભા ગુટિકા ખાવી જોઇએ. જો તેમ કરવામાં નથી આવતું તો ભગંદર એક વાર રુઝાઇને પાછું ફરીથી થાય છે, તે ચંદ્રપ્રભા ગુટિકા ખાવાથી ફરીથી થતું નથી. ભગંદરના રોગીએ હિંગવાળા પદાર્થો, ચણાના પદાર્થો આદુ અને ગળપણ બિલકુલ ખાવાં નહિ.

શુક્રદોષઃ—શુક્રદોષ નામ આપવાનું એવું કારણ છે કે, શુક્ર એટલે પોપટ. પોપટની ગરદનમાં જેમ કાંઠલો છે, તેમ પુરુષલિંગના મણિબંધની નીચે જે કાંઠલા જેવો કાપો છે, તેમાં જે ફોલ્લીઓ થાય છે; તેને શુક્રદોષ કહે છે. તે ફોલ્લીઓ જે અલ્પમતિ પુરુષ પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુહ્યેન્દ્રિયને મોટી કરવાની તથા કઠણ કરવાની અથવા જાડી કરવાની ઇચ્છાથી તેના ઉપર કેટલીક જાતનાં જીવડાં અને ઝાડપાલાનો લેપ કરે છે તેથી તેને કાંઇ પણ જાતનો ગુણ નહિ થતાં અઢાર જાતનો શુકદોષ નામનો વ્યાધિ થાય છે. જો કે આયુર્વેદમાં પ્રમેહ અને તેની પિટિકા સુધીનું વર્ણન કરવામાં આવેલું જણાય છે અને તે પિટિકાઓના નામને મળતાં નામવાળાં ઘણાંખરાં શુકદોષનાં નામો છે. આયુર્વેદનું ચિકિત્સાશાસ્ત્ર જોતાં પુરુષને બળવાન થવા માટે વાજીકરણનાં ઔષધો કહેલાં છે. આયુર્વેદના સિદ્ધાંત પ્રમાણે મોહન ઇન્દ્રિયની મૈથુન કરવાની શક્તિનો ઉપયોગ માત્ર સંતતિ ઉત્પન્ન કરવા માટેનોજ હોવાથી, પુરુષની આખી જિંદગીમાં તે પુરુષ આયુર્વેદના નિયમ પ્રમાણે અને ધર્મશાસ્ત્રનાં બંધન પ્રમાણે દશ સંતાન ઉત્પન્ન કરે, તો તેને દશ વખત મૈથુન કરવાની જરૂર પડે છે. પરંતુ જ્યારથી તે કાળ બદલાયો અને મનુષ્યોમાં વિષયવાસનાની ઊર્મિ જાગ્રત થઈ, અનાચાર થવા માંડ્યો, ત્યારથી ષંઢત્વ ઉત્પન્ન થયું. તે ષંઢત્વ માટે વાજીકરણ પ્રયોગો વૈદ્યક શાસ્ત્રને નિર્માણ કરવા પડ્યા. તે પછી જેમ જેમ કાળ જતો ગયો તેમ તેમ ઉપદંશ તથા પ્રમેહ જેવા રોગોથી અને હસ્તમૈથુન જેવાં અકુદરતી સાધનોથી વીર્યપાત કરવાનો શોખ વધવાથી ઇન્દ્રિયમાં શિથિલતા ઉત્પન્ન થઈ. તે મટાડવા માટે યુનાની વૈદ્યકને જાણનારા તથા ઉત્પન્ન કરનારા આચાર્યોએ તે તે પુસ્તકોમાં શિથિલ થયેલી ઇન્દ્રિય ઉપર લેપ અથવા તેલનો ઉપયોગ કરવાની જે દવાઓ શોધી કાઢી તેનું નામ 'તિલા' પાડ્યું. તે તિલાઓમાં અળસિયાં, ખીરબુહટી નામનાં રાતાં જીવડાં, દેડકાંની ચરબી અને એવાંજ બીજી જાતનાં ઝેરી જંતુઓ અને વનસ્પતિઓનો ઉપયોગ થયેલો જણાય છે. બીજી તરફ આર્યાવર્તમાં વસનારા આર્યજાતિમાં ગણાયેલા પરંતુ કામાસક્ત અને વિષયાન્ધ થયેલા પુરુષો વાત્સ્યાયન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિએ રચેલા કામસૂત્રની રીતિ પ્રમાણેની મૈથુનક્રિયાને ભૂલી જવાથી શુક્રદોષ નામના રોગની ઉત્પત્તિ થઇ.

જે માણસ ખરાબ જળજંતુઓનો ઇન્દ્રિય ઉપર લેપ કરે છે એટલે કફ અને વાયુ કુપિત થઈ ત્યાં સરસવના દાણા જેવડી ઘોળી ફોલ્લી ઉત્પન્ન કરે છે, તેને **સર્ષપિકા** કહે છે. અપ્રસસ્થ શુક્રનાં ઝેરી જીવડાં ચોપડવાથી વાયુ કુપિત થઇ લોખંડના રંગ જેવી કઠણ ફોલ્લી ઉત્પન્ન કરે છે તેને **અષ્ટીલિકા** કહે છે. જે માણસને હંમેશાં શુક્રનો એક સરખો ઇન્દ્રિય ઉપર લેપ કરવાથી કફમાંથી એક મોટી ગાંઠ ઉત્પન્ન થાય છે તેને **ગ્રંથિત** કહે છે. જે માણસને રક્તપિત્તમાંથી જાંબુના ઠળિયા જેવડી ફોલ્લી થાય છે તેને **કુંભિકા** કહે છે. જે માણસને પ્રમેહપિટિકામાં વર્ણન કરેલી અલજી નામની ફોલ્લી જેવી રાતી અને કાળી ફોલ્લીઓ થાય છે તેને **અલજી** કહે છે. જે માણસને શુક્ર ચોપડ્યા પછી ઇન્દ્રિયને દાબતાં અથવા ચોળતાં વાયુના કોપથી ઇન્દ્રિય સૂજી જાય છે તેને **મૃદિત** કહે છે. જે માણસને લેપ કરી રહ્યા પછી ઇન્દ્રિયને બંને હથેલીમાં રાખી પુષ્કળ ચોળવાથી વગર મુખની એક પિટિકા ઊપડે છે તેને **સંમૂઢ** કહે છે. જે માણસને કફ રક્તમાંથી અંદર અંદરથી કેટલીક ફૂટેલી અને લાંબી ઘણી પિટિકાઓ ઇન્દ્રિય ઉપર થાય છે, જેમાં અતિ વેદના થાય છે, તેને **અવમંથ** કહે છે. જે માણસને પિત્તરક્તમાંથી ઉત્પન્ન થયેલી પિટિકા વચમાં હોય છે અને તેની આસપાસ નાની ફોલ્લીઓ થાય છે, જેનો દેખાવ કમળના ફૂલની વાટકી જેવો લાગે છે, તેને **પુષ્કરિકા** કહે છે. જે માણસને શુક્રના લેપથી રક્ત દુષ્ટ થઇ તે દુષ્ટ રક્ત ચામડીમાં રહેલા સ્પર્શેન્દ્રિયના ગુણનો નાશ કરે છે, એટલે ચામડી બહેરી થઇ જાય છે, તેને **સ્પર્શહાનિ** કહે છે. જે માણસને વારંવાર શુક્રનો લેપ કરવાથી રક્તપિત્ત કુપિત થઇ અડદના દાણા જેવડી રાતી ફોલ્લીઓ ઇન્દ્રિય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર ઉત્પન્ન કરે છે, તેને **ઉત્તમા** કહે છે. જે પુરુષની ઇન્દ્રિય ઉપર ઘણાં ઝીણાં છિદ્રો પડે છે અને તેમાંથી મૂત્ર કે વીર્ય નીકળે છે તેને **શતપોનક** કહે છે. શુકદોષની અંદર પુરુષને આવાપીવાના અવળા ઉપાયોથી ઇન્દ્રિયની ચામડી વાતપિત્તના કોપને લીધે પાકી જાય છે અને તેથી તાવ આવે છે તેને **ત્વકપાક** કહે છે. જે પુરુષની ઇન્દ્રિય ઉપર કાળી તથા રાતા રંગની ફોલ્લીઓ ઊડી આવે છે અને તે પાકચા પછી તેમાં ઘણા સણકા મારે છે, તેને **શ્રોણિતાર્બુદ** કહે છે. જે ઇન્દ્રિયનું માંસ દુષ્ટ થવાથી ઇન્દ્રિય ગાંઠા ગાંઠાવાળી થઈ જાય છે, તેને **માંસાર્બુદ** કહે છે. જે પુરુષની ઇન્દ્રિયનું માંસ સડીને ખરી પડે છે અને ઘણી જાતની વેદના ભોગવે છે, તેને **માંસપાક** કહે છે. જે પુરુષની ઇન્દ્રિયના ભીતરના ભાગમાંથી વેદનાયુક્ત ગાંઠ બહાર આવે છે, તેને **વિદ્રધિ** કહે છે. જે પુરુષને જુદા જુદા રંગનાં ઝેરી જીવડાંનો લેપ કરતાં તેને લીધે લાગલીજ ઇન્દ્રિય પાકી જાય છે અને ઇન્દ્રિયનું બધું માંસ કાળા રંગનું થઈ, તે માંસ તૂટીને ખરી પડતું જાય છે, તેને **તિલકાલક** કહે છે. ઉપર જણાવેલા શુકદોષમાં માંસાર્બુદ, માંસપાક, વિદ્રધિ અને તિલકાલક એ ચાર અસાધ્ય છે ને બાકીના કષ્ટસાધ્ય છે.

આ શુક્રરોગમાં જો ફોલ્લીઓ દાહ વિનાની કઠણ હોય તો સોજાની ગોળી ચોપડવાથી મટી જાય છે. જો ફોલ્લીઓ દાહયુક્ત હોય તો સો પાણીએ ધોયેલું ઘી લગાડવાથી અથવા ધોળો મલમ ચોપડવાથી મટી જાય છે. જો ફોલ્લીમાંથી વેદના વિનાનું ધોળું પરુ નીકળતું હોય તો તેમાં ધોયેલા ઘીમાં કપૂર મેળવી ચોપડવાથી મટે છે. જે શુકદોષની ફોલ્લીઓ અસાધ્ય ગણેલી છે તેમાં **નીલકંઠ રસની** ગોળી ખાવાથી વખતે ઘણા રોગી બચી જાય છે.

નીલકંઠ રસઃ-મોરથૂથુ તોલો ૧, આમળાં તોલા ૨, કર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણી અજમો તોલા ૩ અને ચીકણી સોપારી તોલા ૪ લઈ સર્વેને વાટી વસ્ત્રગાળ કરી લીંબુના રસના સાત પટ આપી વટાણા જેવડી ગોળી વાળી, સવારસાંજ દિવસમાં બે વાર પાણી સાથે બબ્બે ગોળી ગળાવી, ઉપરથી તેલવાળા પદાર્થો જેમાં પુષ્કળ તેલ આવતું હોય તે ખવડાવવાથી થોડા દિવસમાં ઉપદંશની, ફિરંગરોગની તથા શુક્રદોષની ચાંદીઓ અને આખે શરીરે નીકળેલો વિસ્ફોટક મટી જાય છે. નીલકંઠ રસની ગોળી આવાવાળાએ દૂધ, ઘી અને ગળપણ બિલકુલ ખાવાં નહિ, પણ તેલનાં ભજિયાં, તેલની પૂરી વગેરે ખાવાં. જો ખવાય નહિ તો આખા દિવસમાં ઓછામાં ઓછું તલનું તેલ શેર ૦ા જરૂર પીવું. ૦ા શેરથી વધારે પિવાય તો હરકત નથી, પણ ઓછું ચાલશે નહિ. જો તેલ ઓછું પડશે તો ભૂખ ઓછી થઈ જશે, જીવ કચવાશે અને ઊલટી થશે. તે ઉપદ્રવ તેલ વધુ પીવાથી મટશે.

શીતપિત્તઃ–માણસના શરીરને ઘણો ઠંડો વાયુ લાગવાથી કફ દુષ્ટ થઈ પિત્તમાં મળી જાય છે. તે પિત્ત શરીરની અંદરના ભાગમાં રક્ત સાથે અને બહાર ચામડી ઉપર સંચાર કરે છે, તેને **લોકભાષામાં શીળવા** કહે છે. તે શીળવાના **શીતપિત્ત, ઉદર્દ અને કોઠ** એવા ત્રણ ભેદ છે. જે શીળવામાં મચ્છર કરડે તેવાં ચામડી ઉપર ચાઠાં પડે છે અને જેમાં પુષ્કળ વલૂર છૂટે છે, તેને ઉદર્દ કહે છે. આ રોગમાં બંજવાળ આવે છે તે કફને લીધે, સોયો ખોસ્યા જેવી પીડા થાય છે તે વાયુને લીધે થાય છે અને ઊલટી, સંતાપ અને બળતરા થાય છે, તે પિત્તને લીધે થાય છે. શીળવામાં વાયુ પ્રધાન હોય છે અને ઉદર્દમાં કફ પ્રધાન હોય છે. જે રોગીને ટાઢથી કફ કુપિત થઈ લાલ રંગના ઢીમાં થાય છે અને ચળ ઘણી આવે છે; જે ચાઠાં વચમાંથી ઊંડાં અને કોર જરા ઊંચી હોય છે તેને ઉદર્દ કહે છે. જે માણસ ઊલટીનું ઓસડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાધા પછી અથવા બીજા કારણથી ઊલટી થતી હોય, તેના ઊલટીના વેગને દાબી રાખી ઊલટી કરે નહિ, તેના શરીરમાં વાયુ સાથે મળેલું પિત્ત કોપ પામી ચામડી ઉપર લાલ રંગનાં જેમાં પુષ્કળ ચળ આવે છે તેવાં ચાઠાં ઉત્પન્ન કરે છે, તેને ઉત્કોઠ કહે છે. જે ચાઠાં ઉત્પન્ન થાય છે, વળી મટી જાય છે, વળી પાછાં થાય છે અને વળી મટી જાય છે તેને કોઠ કહે છે.

આ શીળવાના રોગમાં રોગીને સાફ ઝાડો લાવવાને માટે સોનામકઈ, ગુલકંદ અને હરડે જેવા પદાર્થોનો હલકો જુલાબ આપવો. અથવા **લઘુનારાયણ ચૂર્ણ** એટલે પીપર તોલો એક, નસોતર તોલા ચાર, સાકર તોલા ચાર એનું ચૂર્ણ કરીને મધમાં ચાટવાથી પેટનું ફૂલવું, પેટનું શૂળ અને મળાવરોધ દૂર થાય છે. શીળવાના રોગમાં ઘણું કરીને કાળાં મરીનું ચૂર્ણ બે આનીભાર ઘી સાથે દિવસમાં બે વાર ચાટવાથી ઘણો ફાયદો થાય છે. શીળવાના રોગીને આખે શરીરે અડાયાંની રાખોડી ખૂબ ચોળીને ઘેટાંના ઊનની કામળમાં સુવાડી મૂકવાથી ઘણો ફાયદો થાય છે. કોઈ પણ જાતનો શીળવા થયો હોય તેનો ખરેખરો અને અદ્‌ભુત ચમત્કાર બતાવનારો ઉપાય એવો છે કે, જે લોકો હુક્કામાં પીવાની ગડાકુ બનાવે છે અને તે ગડાકુવાળા હાથ જે વાસણમાં ઘોઈ નાખે છે, તે વાસણનું ગડાકુવાળું પાણી લાવી શીળવા ઉપર ચોપડવાથી તાત્કાળિક સારો ફાયદો થાય છે અને ચૂંટ મટી જાય છે તેમજ ચામડી સાફ થાય છે.

વિસર્પ રોગઃ–જે માણસ અતિ ખારા, ખાટા, તીખા અને ઉષ્ણ એવા પદાર્થોનું સેવન કરે છે, તેના વાતાદિ દોષ કુપિત થઇ સાત પ્રકારના વિસર્પ રોગ ઉત્પન્ન કરે છે. જ્યારે વ્યાનવાયુ કુપિત થઇ ચામડીમાં વહેતાં લોહી, રસ, મેદ અને માંસ એ ચારને દૂષિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી રોકી રાખે છે અને તેની સાથે વાયુ, પિત્ત અને કફ પોતાના હીન, મિથ્યા અને અતિયોગથી ચામડી ઉપર દોડતાં અને જલદીથી ફેલાતાં મંડળો બનાવે છે, તેને વિસર્પ રોગ કહે છે. લોકોમાં એ રોગ રતવાના નામથી ઓળખાય છે. જે વિસર્પોમાં વાતજ્વરનાં લક્ષણો હોય છે અને તેના સોજામાં સોયો ઘોંચાય એવી પીડા સાથે રોમાંચ ખડાં થાય છે તથા વિસર્પ લાંબો હોય છે, તેને **વાતવિસર્પ** કહે છે. જે વિસર્પ રંગે લાલ હોય છે અને જેમાં પિત્તજ્વરનાં લક્ષણો માલૂમ પડે છે તથા વિસર્પ થતાંજ ઉતાવળે અંગ પર ફેલાય છે તેને **પિત્તવિસર્પ** કહે છે. જે વિસર્પમાં કફજ્વરનાં લક્ષણો હોય છે, દેખાવમાં ચળકતો હોય છે અને જેમાં ચળ ઘણી આવે છે, તેને **કફવિસર્પ** કહે છે. **સન્નિપાત વિસર્પમાં** ઉપર બતાવેલાં ત્રણે લક્ષણો થાય છે. વિસર્પમાં તાવ, ઊલટી, મૂર્છા, અતિસાર, તૃષા, ચકરી, હાડકામાં દુખાવો, અગ્નિમંદતા, આંખે અંધારાં આવવાં, ભ્રમણા અને દ્વેષ વગેરે ઉપદ્રવો થાય છે. આથી કરીને આખું શરીર અગ્નિમાં બળ્યા જેવું થાય છે. શરીરના જે જે ભાગો ઉપર તે વિસર્પ ફેલાતો જાય છે, તે તે ભાગ કોયલા જેવો કાળો, આસમાની કિંવા રાતા રંગનો થઈ તરત સૂજી જાય છે. દેવતાથી દાઝ્યા પ્રમાણે તે ભાગ પર ફોલ્લા ઊપસી નીકળે છે અને તેમની ગતિ એટલી શીઘ્ર હોય છે કે, તેઓ હૃદય સુધી પહોંચે છે, એટલે તેઓ બળવાન થતાં શરીરને દુઃખદાયક થાય છે. આ વિસર્પથી શુદ્ધિ અને નિદ્રાનો નાશ થાય છે, શ્વાસ વધે છે, હેડકી આવે છે, ભોંય પર કે પથારીમાં બેસતાં સુખ મળતું નથી, હરતાંફરતાં દુઃખ વધે છે, મનને તથા તનને સંતાપ હોવાથી રોગીને મરણરૂપ ગાઢ નિદ્રા આવે છે. આ વિસર્પને **અગ્નિવિસર્પ** કહે છે. જ્યારે માણસના શરીરમાં કફ કુપિત થઈ વાયુનો અટકાવ કરે છે, ત્યારે તે વાયુ કફનો ભેદ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા વધેલા લોહીનો ભેદ કરી, તેનો કટકો પાડે છે. પછી તે કોપેલા કફ તથા લોહીને ત્વચા, રગો, સ્નાયુ અને માંસ સુધી ખેંચી લાવી દુષ્ટ કરી, તેની લાંબી, નાની, ગોળ, મોટી, ખરબચડી તથા લાલ રંગની ગાંઠોની હાર ઉત્પન્ન કરે છે. આ ગાંઠોમાં ઘણા સણકા મારે છે, તતડીને તાવ ભરાય છે, શ્વાસ, ઉધરસ, અતિસાર, મોઢાનું સુકાવું, હેડકી, ઊલટી, ચકરી, ભ્રમ, શરીરનો રંગ બદલાઇ જવો, મૂર્છા, શરીરમાં દુખાવો અને અગ્નિમંદતા વગેરે ઉપદ્રવો થાય છે. આ વિસર્પ કફ અને વાયુના વિકારથી ઉત્પન્ન થાય છે, તેને ગ્રંથિવિસર્પ કહે છે. જે વિસર્પમાં વાયુની પેઠે કફ અને પિત્ત પ્રકોપ પામી વાયુને બગાડે છે, એટલે તે વાયુ કફ અને પિત્તના ભાગ પાડી શરીરમાં ભારેપણું ઉત્પન્ન કરે છે, તેથી રોગીનું અંગ મરડાય છે. તાવ, નિદ્રા, અર્ધનિદ્રા, મસ્તકશૂળ, અંગગ્લાનિ, બેચેનીથી હાથપગ હલાવ્યા કરવા, લવારો, અરુચિ, ફેર મૂર્છા, હાડકામાં દુખાવો, અગ્નિમંદતા અને ઇન્દ્રિય ભારે થવી, ઝાડા વાટે આમનું પડવું અને મૂત્રનો માર્ગ કફથી ખરડાવો વગેરે ઉપદ્રવો થાય છે. આ વિસર્પ પહેલવહેલો આમાશય ઉપર થઇને ચારે તરફ ફેલાય છે. તે ઘણો દુખતો નથી, તેના ઉપર પીળી, લાલ અને સફેદ ફોલ્લીઓ ઊઠે છે. આ વિસર્પનો રંગ ચળકતી શાહી જેવો કાળો, લગાર મલિન, સૂજેલો, જડ, અંદરથી પાકેલો તથા ઘણી બળતરાવાળો હોય છે. આંગળીથી દાબતાં અંદરથી રસીથી ભીનો થાય છે અને તેમાં ચીરા પડે છે, એટલું જ નહિ પણ તે કાદવ પ્રમાણે થઇ પછી તેનું માંસ ગળે છે અને તેથી તેની નસો તથા સ્નાયુ ઉઘાડાં પડે છે અને તેમાંથી મુડદાના જેવી વાસ આવે છે. આ જીવલેણ બિસર્પને કર્દમવિસર્પ કહે છે. જે વિસર્પમાં બહારનાં તથા અંદરનાં કારણોથી અંગ ઉપર જખમ પડી તેમાંથી વાયુ કુપિત થઇ, તે રક્તસહિત પિત્તને જખમમાં લાવી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિસર્પ ઉત્પન્ન કરે છે. તે વિસર્પની જે ફોલ્લીઓ થાય છે તે મઠ, અડદ અથવા મસૂરના દાણા જેવડી કાળા રંગની હોય છે. આ વ્યાધિમાં સોજો આવે છે, સણકા મારે છે, તાવ આવે છે અને બળતરા થાય છે. આ વિસર્પનું રક્ત કાળાશ પડતું હોય છે, તેને **ક્ષતજવિસર્પ** કહે છે.

આ વિસર્પને રતવાનું નામ આપવામાં આવ્યું છે અને તેમાં જુદા જુદા દોષો પ્રમાણે લક્ષણો જોવામાં આવે છે. પરંતુ વિસર્પ-ના નામથી ઓળખાવાની પરિપાટી બદલાઈ જવાથી તેને "રતવા થયો છે" એમ કહેવામાં આવે છે. વાયુ લોહીને બગાડે છે ત્યારે ચેપિયો રતવા થાય છે, પિત્તને બગાડે છે ત્યારે દાઝિયો રતવા થાય છે અને કફને બગાડે છે ત્યારે પહાડિયો રતવા થાય છે. કેટલાક વૈદ્યો કેટલીક વાર પ્લેગના રોગને પણ ગ્રંથિવિસર્પ કહે છે; પરંતુ ગ્રંથિવિસર્પ કે અગ્નિવિસર્પનાં લક્ષણો તેમાં જોવામાં આવતાં નથી. વિસર્પના રોગમાં એટલે રતવામાં રોગીને તેલ અથવા ઘી ખાવાને આપવું નહિ; એટલુંજ નહિ પણ તેનો સ્પર્શ પણ થવા દેવો નહિ. જો જરૂર જણાય તો મંજીષ્ઠાદિ ક્વાથ સાથે શુદ્ધ કરેલો ગંધક આપવાથી જલદી લોહી સુધરી જાય છે. ચેપિયા રતવા ઉપર પીપળાનું છોડું અને રતાંજળી ચોપડવાથી જલદી આરામ થાય છે. દાઝિયા રતવા ઉપર ગુલેઅરમાની તથા ગુલાબજળ ચોપડ્યા કરવાથી ફાયદો થાય છે. અથવા ગુલેઅર-માની અને ચોલાઈની ભાજીનો રસ ચોપડવાથી આરામ થાય છે તથા પહાડિયા રતવા ઉપર મરીકંથારનું મૂળિયું પાણીમાં ઘસી ચોપડવાથી ફાયદો થાય છે. પરંતુ પહાડિયો રતવા જો મર્મસ્થાન ઉપર થયો હોય તો એકદમ નીચે ઊતરી આંતરવિદ્રધિની પેઠે રોગીના પ્રાણ લે છે. એજ પ્રમાણે 'માંકડી' નામનું ઘાસના તણ-ખલા જેવા આકારનું એક જીવડું બે થી છ આંગળ લાંબું, ઘાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા પાતળા છ પગવાળું અને રંગે ઘાસ જેવું થાય છે. તે જીવડું શરીરના જે ભાગ ઉપર ફરે છે, તે ભાગમાં પણ દાહવાળો મોતીના દાણા જેવા જથાબંધ ફોલ્લાવાળો રતવા ઉત્પન્ન કરે છે. તેને લોકો 'માંકડી ઊડી છે' એમ કહે છે. તેમાં પણ ગુલેરઅરમાની અને ગુલાબજળ ઘણું સરસ કામ કરે છે.

વિસ્ફોટકઃ-ઘણા તીખા, ખાટા, તીક્ષ્ણ, ઉષ્ણ, દાહકારક, સૂકા તથા ક્ષારવાળા પદાર્થોના સેવનથી, અજીર્ણથી, જમ્યા ઉપર ફરી જમવાથી, તડકાથી અને ઋતુ બગડવાથી, વાતાદિ દોષ કુપિત થઇ ચામડીમાં રહેલો વ્યાનવાયુ તે દોષોને પોતા તરફ ખેંચી લાવી, ભ્રાજકપિત્તમાં મેળવી, રક્ત, માંસ અને હાડકાંનો બગાડ કરી, ભયંકર વિસ્ફોટકના ફોલ્લા ઉત્પન્ન કરે છે અને ફોલ્લા થયા અગાઉ જોરથી તાવ આવે છે. આ વિસ્ફોટકનાં જુદાં જુદાં લક્ષણો જાણવાની જરૂર નથી; કારણ કે વિસ્તારપૂર્વક ફિરંગરોગમાં એનાં લક્ષણો તથા ઉપાયો લખવામાં આવશે. આ વિસ્ફોટક રોગ એક દોષથી ઉત્પન્ન થયેલો હોય તે સાધ્ય, બે દોષથી ઉત્પન્ન થયેલો હોય તે કષ્ટસાધ્ય, જે વિસ્ફોટક સઘળાં લક્ષણોથી યુક્ત હોય તે ભયંકર અને જેમાં પુષ્કળ ઉપદ્રવો લાગુ પડયા હોય તે અસાધ્ય જાણવો. વિસ્ફોટકના ઉપાયોમાં લઘુમંજીષ્ઠાદિ કવાથ અથવા ગરમીનું ઓસડ અથવા સોનામકાઇ અને સાકરનું ચૂર્ણ ૦ા ૦ા તોલો ફાકવાથી આ વિસ્ફોટકો મટી જાય છે; પરંતુ ફિરંગરોગથી થયેલો વિસ્ફોટક મટતો નથી.

ભગંદર, શુકદોષ, શીતપિત્ત, વિસર્પ અને વિસ્ફોટકના કેટલાક અનુભવસિદ્ધ ઉપાયો

૧-વૈદ્ય ધીરજલાલ દલપતરામ-સુરત

શુકરોગના ઉપાયઃ-આસન, લોંયકોળું, જંગલી મગ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલી અડદ, શતાવરી, ગળોસત્ત્વ, વડની ફૂંપળ, કાકડાશિંગ, ધોળી મૂસળી, કવચાં, ગોખરુ, સૂંઠ, વડગૂંદાં, બળબીજ અને એખરો એ સઘળું સરખે વજને લઇ વસ્ત્રગાળ કરી, તેની બરાબર સાકરનો ભૂકો મેળવી, આ વાજીકર ચૂર્ણ દરરોજ સવારે ૦॥ તોલો લઇ મધમાં ચાટી ઉપર એલચી તથા સાકર નાખીને ગરમ કરેલું દૂધ પીવું, તેથી ધાતુની વૃદ્ધિ થાય છે.

૨. મૂસળી ચૂર્ણઃ–ધોળી મૂસળી તોલા ૨, પંજાણી સાલમ તોલો ૧, તુલસીનાં બીજ તોલો ૧, વડના સૂકા ટેટા તોલો ૧, શતાવરી તોલો ૧, સૂંઠ તોલો ૧, જેઠીમધ તોલો ૧ તથા એલચી તોલો ૧ લઇ, એ સર્વને બાંડી વસ્ત્રગાળ કરી, તોલો ૦॥ સવારસાંજ ઘી અને સાકર સાથે ચાટી, ઉપરથી દૂધ પીએ તો શક્તિ વધે છે.

૩. ધીરજવટીઃ–પીપર તોલો ૧, લવિંગ તોલો ૧, અક્કલગરો તોલો ૧, તમાલપત્ર તોલો ૦॥, ચિનીકબાલા તોલો ૦॥, જાવંત્રી તોલો ૦॥, જાયફળ તોલો ૦॥, કેશર તોલો ૦॥, તજ તોલો ૦॥, કેરબો તોલો ૧, સોનાના વરખ નંગ ૨૦, ચાંદીના વરખ નંગ ૫૦, રુમીમસ્તકી તોલો ૦॥, ધોળાં મરી તોલો ૦॥, હિંગળોક તોલા ૨, વછનાગ તોલો ૦॥, કસ્તૂરી વાલ ૪, અંબર વાલ ૨, બરાસ તોલો ૦ એ સઘળાં વસાણાં બાંડી હિંગળોક અને વરખ મેળવી, પાનના રસના બે અને તુલસીના રસનો એક તથા આદુના રસનો એક પટ આપી, બાદ તેમાં કસ્તૂરી, અંબર અને બરાસ મેળવી, એક દિવસ ફરીથી ઘૂંટી મરી જેવડી ગોળી વાળવી. ત્યાર પછી દિવસમાં બે વાર એકેક ગોળી મધમાં ચટાડવાથી શરીરમાં શક્તિ આપી, વાયુને મટાડી, અશક્તિ, મંદતા અને જ્ઞાનતંતુની નબળાઇને મટાડે છે. આ ગોળી યોગ્ય અનુપાન સાથે આપવાથી સઘળા રોગોને મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. જાયફળ, લવિંગ અને હિંગળોક તોલો તોલો લેવાં; જાવંત્રી, કેશર, અફીણ, ભાંગ; વછનાગ, અક્કલગરો અને પીપર એ અડધો અડધો તોલો લેવાં. હિંગળોક બે તોલા લેવો; આ સઘળાંને વાટી વસ્ત્રગાળ કરી ભાંગના ઉકાળામાં એક દિવસ ખલ કરી ચણોઠીપૂરની ગોળી વાળવી. સવારસાંજ એકેક ગોળી દૂધ સાથે આપવાથી શક્તિ, પુષ્ટિ અને તેજ વધે છે.

૨-યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

૧. ષડકચૂરો, દરૂંદે અકરણી, બંમન સફેદ, બંમન સુરણ, કાળો છડ, એલચી, લવિંગ, તમાલપત્ર, પીપર અને સૂંઠ, એ અડધો અડધો તોલો, કસ્તૂરી વાલ ૨, સોનાના વરખ નંગ ૨૫, ચાંદીના વરખ નંગ ૧૨૫ અને જુજબેદસ્તર તોલો ૧ લઇ, પ્રથમ જુજબેદસ્તરને મધમાં વાટી, પછી વસાણાં મેળવી, ચણીબોર જેવડી ગોળી કરવી. ગોળી ૧ થી ૨ દૂધમાં ખાવાથી શક્તિ આપે છે.

૨. **ટેવટોનિક પાવડરઃ**-અંબર વાલ ૧, લોહભસ્મ તોલો ૦।, પ્રવાલભસ્મ તોલો ૦। અને સાકર તોલો ૧।। એ સર્વને બારીક વાટી ૨૧ પડીકાં બનાવવાં. શરીર બળવાન હોય તો દિવસમાં બે વાર અને અશક્ત હોય તો દિવસમાં ૧ વાર ઘી સાથે ચટાડવાથી લોહીને વધારે, લોહીને ફરતું કરે, છાતી તથા માથે ચઢતું પિત્ત અટકાવે, પિત્તથી ઉત્પન્ન થતા કોઇ પણ જાતના વેગને અટકાવે, દાહને શાંત કરે અને ધાતુને વધારી પુષ્ટિ આપે છે.

૩. **મોઢેથી જતી ધાત બંધ થાયઃ**-વરિયાળી, કૂંવાડિયાનાં બીજ, સૂરોખાર અને હરડેદળ એ એકેક તોલો, બહેડાંદળ ૬ તોલા, લિંબોળી ૬ તોલા અને સર્વના અડધે વજને સાકર લઈ, ખાંડી વસ્ત્રગાળ કરી સવારસાંજ અડધા રૂપિયાભારને વજને વાસી પાણી સાથે મટતાં લગી ફકાવવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩–વૈદ્ય બાળકૃષ્ણ રત્નેશ્વર–સુરત

૧. **ગજાનંદ વટીઃ**–શુદ્ધ ઝેરકચૂરો તોલો ૧, શુદ્ધ વછનાગ તોલો ૧, સૂંઠ તોલો ૧, મરી તોલો ૧, પીપર તોલો ૧, હરડેદળ તોલો ૧, બહેડાંદળ તોલો ૧, આમળાં તોલો ૧, એળિયો તોલા ૩, કડુ શેકેલું તોલા ૬ અને હિંગળોક તોલા ૨, એ સર્વને વાટી વસ્ત્રગાળ કરી પાણીમાં વાટી વટાણા જેવડી ગોળી કરી આપવાથી તાવ પછીની નબળાઈ, પેટમાંનો વાયુ તથા બંધકોષને મટાડે છે. દૂધ સાથે આપવાથી નબળાઇને મટાડે છે.

૨. **કસ્તૂરી વટીઃ**–હિંગળોક, કેશર, જાવંત્રી, જાયફળ, લવિંગ, એલચી, અકલગરો, ધોળાં મરી અને પીપર એ સર્વે એક એક તોલો, કસ્તૂરી વાલ ૪, અંબર વાલ ૪, સોનાના વરખ નંગ ૫૦ અને રૂપાના વરખ નંગ ૫૦ લઈ, સર્વને ખાંડી વસ્ત્રગાળ કરી કસ્તૂરી વગેરે મેળવી, ચેવલી પાનના રસમાં અગિયાર દિવસ ઘૂંટી અડધા મગ જેવડી ગોળી વાળવી. આ ગોળી દિવસમાં ત્રણ વાર દૂધ સાથે આપવાથી શક્તિ આવે છે અને કમર દુખતી તરત નરમ પડે છે. શક્તિ લાવવા માટે તો આ ગોળી વીજળી જેવું કામ બજાવે છે. એ ગોળીથી વાયુ અને શરદીના વ્યાધિઓ દબાય છે. શ્વાસ તથા ખાંસી ઉપર પાનની બીડી સાથે આપવાથી ચમત્કારિક રીતે કામ બજાવે છે.

૩. **કામદેવ રસઃ**–અભ્રકભસ્મ, તામ્રભસ્મ, લોહભસ્મ, નાગભસ્મ, ચંદ્રોદય, કેસર, જાવંત્રી, તમાલપત્ર, અફીણ, લવિંગ, એલચી, કંકોલ, નાગકેશર, જાયફળ, ચિનીકબાલા અને સમુદ્રશોષ, એ સર્વનું વાટી વસ્ત્રગાળ ચૂરણ કરી ઝીણું ઘૂંટી તેમાં મધ, સાકર અને અકલગરાનું ચૂરણ મેળવીને એક એક વાલની ગોળીઓ કરવી. તેમાંથી દૂધ–સાકર સાથે એક ગોળીનું સેવન કરવાથી શરીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષીણ થયું હોય તે બળવાન થાય છે અને સાયંકાલે બે ગોળી દૂધ સાથે ખાવાથી સ્થંભન થાય છે.

૪--ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી--સુરત

૧. ઈશ્વરચૂર્ણ:-કવચાં, ગોખરુ, ધોળી મૂસળી, સામરનું મૂળ, આમળાં અને ગળોસત્ત્વ સમભાગે લઇ ચૂર્ણ કરી તેની બરાબર સાકર મેળવી ૦॥ થી ૧ તોલા સુધી દિવસમાં બે વાર દૂધ સાથે ફાકી મારવાથી શરીરમાં કૌવત વધે છે, તન અને મન પ્રફુલ્લિત થાય છે, મંદ પડી ગયેલું પુરુષત્વ પાછું આવે છે, કમરનો દુખાવો અને શરીરનું કળતર મટે છે. અર્થાત્ આ ચૂર્ણ નબળા મગજના વિદ્યાર્થીઓ અને સ્ત્રીપુરુષોને બહુ માફક આવે છે એવો અમારો અનુભવ છે.

૨. હસ્તક્રિયાથી થતી નબળાઇમાં ગોખરુ અને તલ સમ દૂધ ભાગે લઇ તેનું બારીક ચૂર્ણ કરી મધમાં ચાટી ઉપરથી બકરીનું પીવાથી મેહનતંતુમાં શક્તિ વધે છે.

૫-વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા-વાગડ

૧. અમૃતાર્ણવ રસ:-પારદભસ્મ તોલા ૩, સોનાની ભસ્મ તોલો ૧ અને ગળોસત્ત્વ તોલા ૪ એ સર્વને એકત્ર કરી એક દિવસ ખરલ કરી, માત્રા ૩ થી ૪ રતી મધ-ઘી સાથે આપવી. દવા ખાઈ ઉપરથી આસનનું ચૂર્ણ તોલો ૦॥ થી ૦॥ દૂધ સાથે પીવું. આ દવાથી દૂબળો માણસ પુષ્ટ થાય છે, શરીરમાંથી આળસ દૂર થાય છે તથા લોહીમાં વધારો થાય છે.

૨. કામિની વિદ્રાવણ રસ:-હિંગળોક તોલો ૦॥, ગંધક તોલો ૦॥, અકલગરો, સૂંઠ, લવિંગ, કેશર, પીપર, જાયફળ, જાવંત્રી અને ચંદન એ દરેક તોલો તોલો તથા અફીણ તોલા ૪,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઇ, પ્રથમ હિંગળોક અને ગંધકને બારીક વાટી, બાકીની તમામ ચીજોનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મેળવી, પાણીમાં ત્રણ ભારની ગોળી વાળવી. દરરોજ ૧ થી ૨ ગોળીનો ભૂકો મોંમાં નાખી ઉપર કઢેલું દૂધ પીવું; જેથી વીર્યનું સ્તંભન થાય છે.

૩. **હેમરસાયનઃ**–સોનાના વરખ કે સુવર્ણભસ્મ, આમળાંનું ચૂર્ણ અને ચોખ્ખો ખેરસાલ લઇ ત્રણેને સાથે મેળવી તેમાંથી ત્રણ વાલ મધ સાથે ચાટી, ઉપર ગરમ કરેલું દૂધ પીવું. આ દવાનું બે માસ સુધી સેવન ચાલુ રાખવાથી જે માણસનું શરીર તદ્દન સુકાઇ ગયું હોય અથવા ધાતુની ક્ષીણતાને લીધે મરણતુલ્ય થઇ ગયો હોય તો પણ તે સાજો થઈ જાય છે.

૪. **શિલાજતુ પ્રયોગ રસઃ**–શિલાજિત, વાવડિંગ, લોહભસ્મ, હરડે, પારદભસ્મ ને સુવર્ણમાક્ષિકભસ્મ એ સર્વ સમભાગે લઇ મેળવી ખરલ કરી, મધ તથા ઘી સાથે યોગ્ય માત્રાથી સેવન કરવું. જે માણસનું શરીર દૂબળું થઇ ગયું હોય અને ધાતુ સુકાઈ ગઇ હોય તેનું શરીર પંદર દિવસમાં ભરપૂર તથા પુષ્ટ થાય છે.

૫. **વિલાસિની વલ્લભરસઃ**–શુદ્ધ પારો, ગંધક અને ધંતૂરાનાં બીજ લેવાં. પછી પારો તથા ગંધક એક ભાગ અને ધંતૂતાનાં બી બે ભાગ લઈ એ ત્રણેને ખરલમાં નાખી ધંતૂરાના તેલમાં ખરલ કરી વાલ વાલની ગોળી વાળવી. એક ગોળી સાકર સાથે સાંજે ખાવી જેથી પ્રમેહ મટે છે, વીર્ય બંધાય છે અને શક્તિ આવે છે. આ રસને **કામિનીદર્પઘ્ન રસ** પણ કહે છે.

૬. **સપ્તામૃત લોહઃ**–લોહભસ્મ, હરડેછાલ, બહેડાંછાલ, આમળાં તથા જેઠીમધ એ સર્વ સમભાગે લઈ વાટી બે આનીભાર માત્રા મધ તોલો ૧ અને ઘી તોલા ૦ા માં મેળવી ચાટી ઉપર દૂધ પીવું. આથી ધાતુ પુષ્ટ થાય છે અને આંખના રોગને મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. પુરુષની ધાતુ જતી હોય તે માટેઃ-પીળી કોડીની ભસ્મ તોલો ૦।, કુલાવેલી ફટકડી તોલો ૦।।, એલચી તોલા ૨, મધ તોલા ૪ અને સાકર તોલા ૨, એ સર્વ મેળવી તેના બે ભાગ કરી, સાવારસાંજ ચાટવાથી પુરુષની ધાતુ જતી હોય તો બંધ થાય છે.

૮. ધોળી મૂસળી, એખરો, મુગલાઇ બેદાણા, કૌચાં અને કુંતેલાનાં બીજ એ પાંચે સમભાગે લઈ દૂધમાં ખીર કરી સાકર તોલા ૨ નાખીને પીવું. દૂધ શેર ૦।।। લેવું. આ દવા થોડા દિવસ ચાલુ રાખવાથી ધાતુ જતી બંધ થાય છે.

૯. કૌચાં, એખરો, ગોખરુ, કાળા તલ, અડદ, શતાવરી અને બળબીજ એ સર્વનું ચૂર્ણ કરી દૂધ તથા સાકર સાથે પીવાથી ધાતુ જતી બંધ થાય છે.

૧૦. વડનું દૂધ પતાસામાં ખાવાથી ધાતુ જતી બંધ થાય છે.

૧૧. સીમળાની અંતરછાલ પલાળી તેમાં સાકર નાખી પીવાથી ધાતુ જતી બંધ થાય છે.

૧૨. કપૂરિયા ઝીપટાનાં પાનનો રસ સાકર નાખી પીવાથી ધાતુ જતી બંધ થાય છે.

૧૩. શતાવરી, બળદાણા, કૌચાં, એખરો, ગોખરુ કાળા તલ અને અડદ લઈ એનું ચૂર્ણ કરી દૂધ તથા સાકરમાં પીવાથી ધાતુ પુષ્ટ થાય છે.

૧૪. ગળોસત્ત્વ, ધોળી મૂસળી, કાળી મૂસળી, આમળાં અને ગોખરુ લઈ તેનું ચૂર્ણ ઘી તથા સાકરવાળા દૂધમાં પીવું, જેથી ધાતુ બંધાય છે અને પુરુષાતન પ્રાપ્ત થાય છે.

૧૫. શીતળતા ઉપરઃ-મેથીને દૂધમાં રાંધી સવારે પીવી અને સાંજે દૂધમાં પીપર રાંધીને પીવી જેથી ધાતુક્ષીણતા મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. વાજીકરણઃ–ધોળી કરેણનાં મૂળ શેર ૨ લાવવાં. તેને ખાંડી ૮ શેર પાણીમાં ઉકાળી બશેર પાણી રહે ત્યાં સુધી ઉકાળી ગાળી તેમાં ભેંસનું દૂધ શેર બે નાખી ફરી ઉકાળવું. પાણી બળી જઇ દૂધ બાકી રહે, ત્યારે ઉતારી ગાળી તેમાં શુદ્ધ સોમલ તોલો ૧, જાયફળ, જાવંત્રી, કેશર, લવિંગ, સમુદ્રફળ અને કપૂર એ દરેકનું ચૂર્ણ એકેક તોલો નાખવું તથા તેમાં થોડી છાશ નાખી દહીં કરવું. જ્યારે દહીં થાય ત્યારે તેને ભાંગી તેની છાશ કરવી, તેમાંથી માખણ નીકળે તે તાવી ઘી કરવું. એ ઘી નાગરવેલના પાન ઉપર એક ટીપું ચોપડી ખાઇ જવું. ઉપરથી ત્રયોદશ ગુણ તાંબુલ ખાવું. જેથી નપુંસકપણું મટી જાય છે. ઘી તાવતાં વરાળ આંખે અડે નહિ તે ખાસ ધ્યાનમાં લેવું.

૧૭. ભિલામાં શેર ૧ લઈ ૫ શેર મધમાં નાખી હાંડલામાં ભરી મોઢું મજબૂત બંધ કરી, જુવારની કોઠીમાં છ માસ સુધી રાખી મૂકવાં. ત્યાર બાદ કાઢી તેમાંથી સળી ઉપર ચઢાવી નાગરવેલના પાન ઉપર ત્રણ લીંટી કરી ખવરાવવાથી પુરુષાતન પ્રાપ્ત થાય છે.

૧૮. હિંગળોકનો એક કટકો લઇ ધોળી ડુંગળી કોરી તેમાં નાખી ડાગળી મારી કપડમટ્ટી કરી થોડાં છાણાંની ભઠ્ઠીમાં પકવવો. ડુંગળી પાકી જાય ત્યારે હિંગળોક કાઢી લેવો. એ પ્રમાણે એકસો આઠ વખત પકવવો. પછી હિંગળોક એક તોલો હોય તો આદુનો રસ શેર ૧। પાવો. તે એવી રીતે કે એક ઠીબમાં હિંગળોકનો કટકો મૂકી ફરતાં લવિંગની પાળ કરી તે ઉપર ટીપે ટીપે આદુનો રસ રેડવો. એ પ્રમાણે આદુનો રસ શેર ૧। અને ધોળી ડુંગળીનો રસ શેર ૧। પાવો, જેથી સારો ગુણકારી થાય છે. તેમાંથી વાલ ૦॥ થી ૧ સુધી પાનમાં આપવાથી નપુંસકપણું મટે છે.

૧૯. ઉત્કટાનું મૂળ તથા ખારેક સાથે ખાવી. અથવા તુલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીનાં બીજને બારેક સાથે બાવામાં આવે અને ઉપરથી ઘેાળી ડુંગળી ઘીમાં તળી બવરાવે તેા નપુંસકપણું મટે છે.

૨૦. હિંગળેાક, જાયફળ, એબરેા, કૌચાં, રુમીમસ્તકી, અક્કલગરેા, લવિંગ, મીઠી તૂંબડીનાં બીની મીંજ, તમાલપત્ર અને બુરાસાણી અજમેા, એ દરેક ૧ તેાલેા તથા અફીણ તેાલેા ૦॥ ભાર એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ભાંગના કવાથમાં ગેાળી વાળી સાંજે બાવાથી કામ ઉત્પન્ન થાય છે.

૨૧. સુવર્ણમાક્ષિકભસ્મ, ગજવેલભસ્મ, પારદભસ્મ અથવા રસસિંદૂર અથવા ચંદ્રેાદય, શિલાજિત, હરડેદળ, વાવડિંગ ધંતૂરાનાં બી, ભાંગ અને જાવંત્રી એ સર્વને બારીક વાટી સાત દિવસ સુધી જુદી જુદી આસનની તથા ગેાખરુની ભાવના આપવી અથવા આસનનેા અર્ક તથા ગેાખરુના અર્કની ભાવના આપવી. તેમાંથી વાલ ૧, મધ-ઘીમાં બાવું. ઉપર ગાયના દૂધની બીર બાવી અથવા સાકરનેા શીરેા બાવેા તથા બ્રહ્મચર્ય પાળવું. આથી નપુંસકપણું મટી પુરુષાતન પ્રાપ્ત થાય છે.

૨૨. **વીર્યસ્તંભન પ્રયેાગઃ**-પેાસ્તના ડેાડવા તેાલા ૧૦, ઘેાળી મૂસળી તેાલા ૪, શતાવરી તેાલા ૨, એબરેા તેાલા ૪, મુગલાઇ બેદાણા તેાલા ૩, જાવંત્રી તેાલા ૨, કેશર તેાલેા ૧, મરી તેાલેા ૦॥, એલચી તેાલેા ૧, વિદારી કંદ તેાલા ૨, લીંડીપીપર તેાલા ૨, બસબસ તેાલા ૫, બળદાણા તેાલા ૪ અને ભાંગ તેાલા ૨॥ લઈ, એ સર્વના વજન બરેાબર સાકર મેળવી ચૂર્ણ કરી સંગ કરતાં પહેલાં બે કલાક આગમચ બે તેાલા ચૂર્ણ બાઇ ઉપર ગરમ કરેલું દૂધ પીવું જેથી વીર્યસ્તંભન થાય છે. હંમેશાં સેવન ચાલુ રાખવાથી શરીર બળવાન અને વીર્ય ભરપૂર રહે છે તેમજ શરીર પુષ્ટ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩. પોસ્તનું ડોડવું તોલો ૦ા તથા સૂંઠ તોલો ૦ા સાથે ખાંડી, વીસ તોલા પાણીમાં ઉકાળી પાંચ તોલા પાણી અવશેષ રહે ત્યારે ગાળી, સાકર નાખી પીવાથી વીર્યસ્તંભન થાય છે.

૬–વૈદ્ય ભૂરાભાઈ ઓધવજી ત્રિવેદી–ભાદરોડ

૧. **કામસેવન ગુટિકાઃ**–હિંગળોક, કબૂતરની અઘાર, કેસર, જાયફળ, લવિંગ અને ખુરાસાની અજમો એ દરેક તોલો ૦ા, અકલગરો તોલો ૧ તથા અફીણ તોલો ૦ા લઈ એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી પાણીમાં ચણીબોર જેવડી ગોળી વાળી, બબ્બે ગોળી સવારસાંજ દૂધ સાથે લેવી, જેથી કામ ઉત્પન્ન થાય છે.

૨. **નામર્દાઈ માટેઃ**–વછનાગ તોલો ૧, કાળાં મરી તોલા ૩, લવિંગ તોલા ૨, જાયફળ તોલા ૨ અને જાવંત્રી તોલા ૨ લઈ એ સર્વનું ચૂર્ણ કરી મધમાં ચણાપૂરની ગોળી વાળી, દૂધ સાથે સાતથી ચૌદ દિવસ ખાવી. ઘી, ખીચડી, દૂધ, ચોખા અને ઘઉં ખાવાં, જેથી નામર્દાઈ મટે છે.

૩. **ઇંદ્રિયની વૃદ્ધિઃ**–વજ, આસન, ઉપલેટ અને ગજપીપર વાટી માખણમાં મેળવી ઇંદ્રિય ઉપર લેપ કરવો જેથી ઇંદ્રિયની વૃદ્ધિ થાય છે.

૪. **સ્રાવ ઉપરઃ**–બંગભસ્મ અને પ્રવાલભસ્મ મધમાં લેવી.

૭–વૈદ્ય પ્રાણલાલ દોલતરામ–કપડવણજ

ધાતુપુષ્ટિ માટેઃ–લોહભસ્મ, અભ્રકભસ્મ, પ્રવાલભસ્મ, વગેરે આપવાથી ધાતુપુષ્ટિ થાય છે તથા અશક્તિ દૂર થાય છે. અમૃતસાગરનો હિંગળોકભસ્મનો પ્રયોગ મારો અનુભવેલો છે. તે ધાતુપુષ્ટિ તથા કામોદ્દીપન માટે સારો છે.

૮–વૈદ્ય શ્યામચંદ ગોવર્ધનરામ–ખાખરેચી

ત્રિફળા, તજ, જેઠીમધ, મહુડાનાં ફૂલ, જાયફળ તથા કમલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગટાનેા ગુંદ એ સર્વને ખાંડી વસ્ત્રગાળ કરી, એ સર્વના વજનથી અડધી સાકર મેળવી પેાતાને માફક આવે એવી રીતે એક તેાલા સુધી આ ચૂર્ણ સવારસાંજ મધ-ઘી સાથે ખાવાથી તમામ રેાગ નાશ પામે છે અને શરીરને પુષ્ટ બનાવે છે. તમામ જાતના રસ,ચૂર્ણ, ગુટિકા અને પાક કરતાં આ પ્રયેાગ ઘણેાજ ઉત્તમ નીવડેલ છે.

૯-વૈદ્ય દત્તાત્રેય ભગવાનજી

કામ્યસિંદૂરઃ-ભિલામાં શેર ૦।। ખાંડી, હિંગળેાક તેાલા ૨ નેા કટકેા મૂકી ગેાળેા વાળી કપડમટ્ટી કરી સૂકવવેા. સુકાયા પછી ત્રણચાર અડાયાં-છાણાંમાં બેત્રણ વખત ભિલામાં સાથે પકવવેા. ઉદા જેવેા રંગ થાય ત્યારે બરાબર થયેા સમજવેા. ત્યાર પછી ખૂબ ખરલ કરી એક રતીભાર બદામની મીજ નંગ ૨ સાથે વાટી, મધ મેળવી ચાટવાથી યકૃતનેા દુખાવેા ગમે તેવેા હેાય તેા પણ મટે છે તથા ભૂખ સારી લાગે છે. એના ઉપર ખેારાકમાં ઘઉં, ઘી દૂધ, સાકર અને મધ વગેરે લેવું, એ સિવાય કાંઇ પણ ખાવું નહિ. મીઠું પણ ખાવું નહિ. પડીકાં દિવસમાં બે વખત સાત દિવસ આપવાથી ઘણેા સારેા ફાયદેા થાય છે.

૧૦-વૈદ્ય મણિશંકર ભાનુશંકર-વલસાડ

અરુણેાદય રસઃ-રસસિંદૂર, હીરાબેાળ, ગૂગળ અને પીપર એ સર્વ સરખે વજને લઈ, પ્રથમ ગૂગળ તથા હીરાબેાળને સહેજ ઘીમાં બલવાં જેથી છૂટાં થઈ જશે. પછી તેમાં પીપર તથા રસસિંદૂરને ખૂબ બારીક ખરલ કરી મેળવી, આદુના રસમાં ચણા જેવડી ગેાળી વાળી, ઘી-મધ અથવા ઘી-સાકરના અનુપાન સાથે આપવાથી સ્ત્રીઓ તથા પુરુષેાની ધાતુક્ષીણતાને મટાડે છે તથા શરીરમાં સારા પ્રમાણમાં શક્તિ લાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧–વૈદ્ય રઘુનાથસિંગ ગયાદીન–સુરત

૧. **ધાતુપુષ્ટિનું ચૂર્ણ**:–સાકર તોલા ૧૨, સાલમ તોલા ૧, એલચીદાણા તોલા ૧, બંમનસુરખ તોલા ૧, બંમન સફેદ તોલા ૧, કાળી મૂસળી તોલા ૨, ધોળી મૂસળી તોલા ૨, ખારેક તોલા ૨, ગોખરુ તોલા ૨, કવચાં તોલા ૨, રુમીમસ્તકી તોલા ૨, ગાવજબાન તોલા ૨, શતાવરી તોલા ૧, અકલગરો તોલા ૧, જાવંત્રી તોલા ૧ અને સકાકુલ મિસરી તોલા ૪, વાટી વસ્ત્રગાળ કરી, દરરોજ સવારસાંજ તોલા ૦ા દૂધ શેર ૦ાા થી ૧ સાથે પીવાથી વીર્યદોષ મટી ધાતુ પુષ્ટ થાય છે.

૨. **મૂસલ્યાદિ ચૂર્ણ**:–ધોળી મૂસળી તોલા ૩, ઉટંગણનાં બીજ તોલા ૩, ગોખરુ તોલા ૨, કવચાં તોલા ૨, શતાવરી તોલા ૨, રુમીમસ્તકી તોલા ૨, સાલમ તોલા ૨, ચિનીકબાલ તોલા ૨, એલચીદાણા તોલા ૨, અકલગરો તોલા ૨, જાયફળ તોલા ૨, જાવંત્રી તોલા ૧, પીપર તોલા ૧, કાળી મૂસળી તોલા ૧, તોદરી સફેદ તોલા ૨, તોદરી સુર્ખ તોલા ૨, ભાંગ શેકેલી તોલા ૨ અને હિંગળોક તોલા ૧ા લઇ, એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, દરરોજ સવારમાં ૦ા તોલા ચૂર્ણ મધ સાથે ચાટી, ઉપરથી સાકર તથા એલચી નાખી ગરમ કરેલું દૂધ શેર એક પીવું. આથી વીર્યના તમામ વિકારો દૂર થાય છે તથા વીર્યને વધારે છે.

૧૨–વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઈ–સુરત

ગોક્ષુરાદિ ચૂર્ણ:–ગોખરુ, એખરો, નિર્ગુંડી, સૂંઠ, શતાવરી અને ધોળી મૂસળી એ સર્વ સમભાગે લઈ વસ્ત્રગાળ કરી અડધા પૈસાભાર ચૂર્ણ ગોળ તથા ઘી સાથે સવારસાંજ ખાવાથી શુક્રદોષને મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩-ડૉક્ટર ચંદુલાલ મુકુંદરાય-પાટણ

૧. અંબર કસ્તૂરીની ગોળીઃ-અંબર વાલ ૫, કસ્તૂરી વાલ ૫, કેસર તોલો ૦।।, સોનાના વરખ તોલો ૦।।, હિંગળોક તોલો ૧।।, સૂંઠ તોલો ૦।।, પીપર તોલો ૦।।, મરી તોલો ૦।।, અકલગરો તોલો ૧।।, તજ તોલો ૦।।, જાવંત્રી તોલો ૦।।, લવિંગ તોલો ૧।।, ખુરાસાની અજમો તોલો ૧, મરેઠીનાં ફૂલ તોલો ૧, પીપરીમૂળ તોલો ૦।।, બ્રાહ્મી તોલો ૦।।, પાનની જડ તોલો ૦।।, કાળી તુલસીનાં બીજ તોલો ૦।।, એલચીનાં બીજ તોલો ૧, ખુરાસાની વજ તોલો ૦।।, નાગકેસર તોલો ૧, કમળકાકડીનાં બી તોલો ૦।।, ચિનીકબાલા તોલો ૧, ધંતૂરાનાં બી તોલો ૦।।, ગજપીપર તોલો ૦।।, બસખસ તોલો ૧, અફીણ તોલો ૧ અને ભાંગ તોલો ૧ લઈ, એ સર્વેને ખાંડી કૂટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, પાનનો રસ તથા તુલસીના રસમાં ત્રણ ત્રણ દિવસ બલ કરી, ચણોઠીભાર ગોળી વાળી સવારસાંજ એકેક ગોળી ખાઈ, ઉપરથી સાકરવાળું ગરમ કરેલું દૂધ પીવું. આથી સર્વ પ્રકારના વાયુ, બંધકોશ, શૂળ, અગ્નિમંદતા, સંગ્રહણી, ઊલટી તથા પ્રમેહને મટાડે છે, વીર્યને વૃદ્ધ કરે છે, વધારે છે અને મરદાઈ લાવે છે. બળવર્ધક છે. પરેજીમાં ખાંડ, ખટાશ, મરચાં વગેરે બંધ કરવાં.

૨. વછનાગની ગોળીઃ-વછનાગ તોલો ૧, જાયફળ તોલો ૦।।, જાવંત્રી તોલો ૦।।, કેસર તોલો ૦।, ધોળી મૂસળી તોલો ૦।।, લવિંગ તોલો ૦।।, એલચી તોલો ૦।।, અકલગરો તોલો ૦।।, તજ તોલો ૦।।, હિંગળોક તોલો ૦।।, અફીણ તોલો ૧ અને સાકર શેર ૦।। લઈ, પ્રથમ હિંગળોક વાટી, કેસર અને જાવંત્રી મેળવી, વછનાગ તથા અફીણ મેળવી વાટવું. પછી સર્વે ઔષધ મેળવી, બે દિવસ સુધી ખરલ કરી મધમાં ચણીબોર જેવડી ગોળી વાળી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ગોળી સવારે તથા એક રાતે બાઇ દૂધ શેર ૧ માં સાકર નાખી ગરમ કરી પીવાથી નપુંસકપણું જલદી મટે છે, વીર્ય વધે છે; ઉધરસ, તાવ, શ્વાસ, ક્ષય, દમ અને સંગ્રહણીને મટાડે છે.

૩. **ધાતુપુષ્ટિ માટેઃ**–હિંગળોક તોલો ૦॥, કબૂતરની અઘાર તોલો ૦॥, કેશર તોલો ૦॥, જાયફળ તોલો ૦॥, લવિંગ તોલો ૦॥, બુરાસાની અજમો તોલો ૧, અકલગરો તોલો ૧ અને અફીણ તોલો ૦॥, વાટી વસ્ત્રગાળ કરી પાણીમાં બોર જેવડી ગોળી વાળી એક ગોળી રાત્રે બાઈ ઉપર દૂધ શેર ૦॥ સાકર નાખી ગરમ કરેલું પીવું. આથી વીર્ય વધે છે, ધાતુપુષ્ટિ થાય છે અને કામ વધે છે.

૪. મોચરસ, અકલગરો, કાળી મૂસળી, ધોળી મૂસળી, બહુફળી, ઇંદ્રજવ, મીઠા ગોખરુ, ગળોસત્ત્વ, સૂકાં વડગૂંદાં (મોટાં ગૂંદાં), કવચાં, ઉટંગણ, બળબીજ, એખરો, ચિનીકબાલા, વાંસકપૂર અને બાવચી એ દરેક ચાર ચાર તોલા તથા ગળોસત્ત્વ બે તોલા લઈ વાટી વસ્ત્રગાળ કરી તે સર્વના વજનથી દોઢું બૂરું લેવું. દરરોજ સવારે તોલા ૦॥ થી ૧ સુધી ફાકી ઉપરથી સાકર નાખી ગરમ કરેલું દૂધ પીવું. આથી પેશાબમાં જતી ધાતુ બંધ થાય છે; સ્ત્રીઓએ પોણો તોલો લેવાથી પ્રદરરોગ મટે છે.

૧૪–વૈદ્ય આણંદજી અને પીતાંબર સવજી–ઊના

વિદારી કંદનું ચૂર્ણ કરી એજ કંદના રસની એકવીસ અથવા ચૌદ ભાવના આપી બબ્બે આનીભારની ગોળીઓ કરી સવારસાંજ બબ્બે ગોળી મધ–ઘીમાં બાઇ ઉપર ગાયનું દૂધ શેર ૦॥, સાકર તોલો ૧ અને ગાયનું ઘી તોલો ૧ એ ત્રણેને મિશ્ર કરી પીવું જેથી ધ્વજભંગ મટે છે.

૧૫–વૈદ્ય બાળકૃષ્ણ હરિકૃષ્ણ શાસ્ત્રી–ભુવાલડી

ધાતુપુષ્ટિ માટેઃ કાળી મૂસળીનાં પીળાં બરાબર ચૂર્ણ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોળમાં ચણા જેવડી ગોળી વાળી બે ગોળી ખાઇ ઉપર શેર ૧ દૂધ પીવું જેથી ધાતુ પુષ્ટ થાય છે.

૧૬-વૈદ્ય નારશંકર હરગોવિંદ અધ્વર્યુ-બારડોલી

લવિંગ શેર ૧ લઇ બારીક વાટી ગોળ વાટકો કરી સૂકવી રાખવો. તથા કાંદાનો રસ શેર ૧૦ કાઢી, હિંગળોક શેર ૦॥ લઇ લવિંગના વાટકામાં મૂકી તે વાટકો એક વાસણમાં મૂકી ચૂલે ચડાવવો અને ઉપર કાંદાના રસનું વાસણ ટાંગવું. તે વાસણની નીચે એક છિદ્ર એવું પાડવું કે કાંદાનો રસ હિંગળોકની ઉપર એક એક ટીપું પડે તે તથા આને એવો કરવો કે કાંદાના રસનું ટીપું પડે કે સોસાઇ જાય, એવી રીતે તમામ રસ સોસાઇ જાય, ત્યારે હિંગળોક, લવિંગનો વાટકો તથા કાંદાના રસનો કીટો એ સર્વને વાટી ચૂર્ણ કરી કાંદાના રસમાં વટાણા જેવડી ગોળી કરી બે ગોળી ખાઈ ઉપર દૂધ શેર એક પીવું. આથી શક્તિ સારી આવે છે, તેમજ પેટના દુખાવા ઉપર આ ગોળી ઘણીજ અસરકારક નીવડેલી છે.

૧૭-માસ્તર કેશવરામ હરિશંકર ભટ્ટ-કાપોદ્રા

ધાતુપુષ્ટિ માટેઃ-અક્કલગરો, નગોડનાં બીજ, જાયફળ, જાવંત્રી, તજ, શીમળાનાં ફૂલ, લવિંગ, ધોળી મૂસળી, કેસર, ગોખરુ, રુમીમસ્તકી, આસન, કવચાં, શતાવરી, એખરો, અભ્રકભસ્મ અને શેકેલી ભાંગ, એ સર્વે સમભાગે લઈ વાટી વસ્ત્રગાળ કરી પાણીમાં બબ્બે વાલની ગોળી વાળી સવારસમાંજ એકેક ગોળી ખાઈ ઉપરથી ગરમ કરેલું દૂધ પીવું જેથી ધાતુ પુષ્ટ થાય છે.

૧૮-વૈદ્ય પુરુષોત્તમ બહેચરદાસ યાજ્ઞિક-કાલોલ

મગજપુષ્ટિ માટેઃ-બદામની મીજ શેર ૦। લઈ રાત્રે ગરમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીમાં પલાળી તેનાં ફોતરાં કાઢી નાખવાં. બદામ સુકાઇ જાય ત્યારે ઘીમાં સહેજ શેકી તેમાં ચીનાઇ સાકર શેર ૦।, એલચી દાણા તોલો ૧ તથા કેસર તોલો ૦ મિશ્ર કરી રાખી મૂકવું. ગાયનું દૂધ શેર ૧ લઇ તેમાં આ પાક તોલો ૦।।, ગાયનું ઘી તોલો ૦।। તથા અંજીરના છ કકડા કરીને નાખવા. તેને પકાવતાં દૂધ શેર ૦।। બાકી રહે ત્યારે ઠંડું પડવા દઇ પ્રથમ અંજીરના કકડા ખાઇ ઉપર દૂધ પી જવું. આ પ્રમાણે એક માસ સુધી સવારસાંજ આ પ્રયોગ ચાલુ રાખવાથી મગજની ગરમી મટી જઇ મગજ તર બને છે, આંખનું તેજ વધે છે અને દસ્ત સાફ લાવે છે.

૧૯–વૈદ્ય મણિશંકર જદવજી જોશી–કાનપર

વીર્યપાત માટે:–ગૂંદીનાં પાકાં પાન સાકર સાથે ખાવાં, અથવા કાળા તલ તોલા ૨।।, સાકરની ભૂકી તોલા ૨।।, મળસકે બકળમાં મૂકી સવારમાં ખાવાથી વીર્યસ્રાવ તરત મટે છે.

૨૦–એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. શુક્રસ્રાવ:–એખરાનું ચૂર્ણ તોલા ૫ લઇ તેને વડના દૂધની ત્રણ ભાવના આપી, ચણા જેવડી ગોળી વાળી સવારસાંજ એકેક ગોળી દૂધ સાથે ખાવાથી શુક્રસ્રાવ મટે છે.

૨. લીંડીપીપર નંગ ૧૫ લઈ બારીક વાટી ઘી તોલા ૧ માં શેકી તેમાં સાકર તોલો ૧।। અને મધ તોલો ૧ મેળવી ગાયનું દૂધ તોલા ૨૦ તેમાં દોવરાવી પીવાથી કળતર, માથાનો દુખાવો, ચકરી તથા નબળાઇ મટાડી કામનાશક્તિને જાગૃત કરે છે.

૨૧–ડૉક્ટર પ્રભાકર કૃષ્ણ પંજે–મુંબઈ

વાવડિંગ અને આસનનું ચૂર્ણ કરી દૂધમાં પકાવી સિદ્ધ કરેલું દૂધ જીવનીય ગુણ આપે છે. વૃદ્ધાવસ્થામાં શરીર અને હાડકાંને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટકાવી રાખે છે, શિથિલતા મટાડે છે, વધેલી ચરબીવાળી સ્ત્રીઓની શક્તિ કાયમ રાખી શરીર હલકું ફૂલ જેવું બનાવે છે. ચામડીનાં દરદોમાં આ પ્રયોગ લોહીને સુધારે છે, ભૂખ લગાડે છે અને અજીર્ણને મટાડે છે.

૨૨-વૈદ્ય બાપાલાલ બહેચરદાસ વ્યાસ-ચહેલિયા

૧. **ધાતુસ્થંભનઃ**-અકલગરો, સૂંઠ, મરી, કંકોલ, કેશર, પીપર, જાયફળ અને લવિંગ એ દરેક એકેક તોલો, અફીણ તોલા ૧૬ અને સુખડ તોલા ૪ લઇ એ સર્વને વાટી વસ્ત્રગાળ કરી, એક માસો ચૂર્ણ મધ સાથે લેવાથી ધાતુદોષને મટાડી સ્થંભન કરે છે.

૨. માલકાંકણાં શેર એક લઇ ગરમ પાણીમાં એક પહોર પલાળીને વાટવાં. પછી કપડે નિચોવી થાળીમાં નાખી તડકે મૂકવાં. ઉપર જે તેલ તરી આવે તેને ૩ વડે એક શીશીમાં ભરતા જવું. એ તેલ એક રતીભાર નાગરવેલના પાનમાં આપવાથી ધાતુસ્થંભન કરે છે તથા તમામ જાતના વાતરોગને મટાડે છે.

૨૩-વલ્લભદાસ નરોતમદાસ શાહ-ભરુચ

શીતપિત્તના ઉપાયોઃ-સાજીખાર, ટંકણખાર, જવખાર, સિંધવખાર, સંચળખાર, પાપડિયોખાર, ખડિયોખાર અને વડાગરું મીઠું એ સર્વેનું ઝીણું ચૂર્ણ કરી તેમાં લીંબુનો રસ મેળવી તેમાંથી તોલો ૧ ગાયના દહીંમાં મેળવી શરીરે ચોપડવું. ત્રણ પહોર સુધી આ ખરડ રહેવા દેવો. પછી એક ટોપલો અડાયાં સળગાવી, પ્રથમ ખાટલા પર પથારી કરવી. તે ઉપર લીમડાનાં પાતરાં પથરાવી, તે ઉપર પિછોડી પથરાવી, તેના ઉપર દરદીને સુવાડીને ગોદડું ઓઢાડવું અને ખાટલા નીચે અડાયાં સળગાવેલાં હોય છે તે પાથરવાં. પસીનો વળી રહે એટલે તેને ઊને પાણીએ સ્નાન કરાવવું. એ પ્રમાણે સાત દિવસ કરવાથી ઘણા દિવસનું શીળસ જતું ન હોય તે મટી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪–વૈદ્ય ઉમિયાશંકર મહાસુખરામ–ઉમરેઠ

ગરમાળાપંચકનો ઉકાળો પાવાથી શીળસ મટી જાય છે.

૨૫–વૈદ્ય આનંદજી અને પીતાંબર સવજી–ઉના

શરૂઆતમાં ઇચ્છાભેદી રસનો જુલાબ આપીને પછી સુદર્શન તથા સોડા બાઈ કાર્બ મેળવીને સવારસાંજ ૦।। તોલો આપવાં અને ગરમ પાણીમાં સોડા નાખીને તે પાણીથી સ્નાન કરાવવું. દૂધભાત ઉપરજ દરદીને રાખવો.

૨૬–વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

૧. પાપડિયો ખારો તથા હળદર ભેગાં કરી પાણી કરીને પાવું તથા શરીરે ચોપડવું. આથી શીળસ મટે છે.

૨. કુંગળીનો રસ ચોપડે તો શીળસ મટે છે.

૩. ઘોડાવજ, સોનાગેરુ અને જૂનો ગોળ પાણીમાં વાટી ગરમ કરી શરીરે ચોપડે તો શીળસ મટે છે.

૪. ધઉંની પરસૂદી (મેંદો) કપૂરકાચલી અને વડાગરું મીઠું, પાણીમાં વાટી શરીરે ચોપડવાથી શીળસ મટે છે.

૫. કુંવારનો રસ ૪, સોનાગેરુ ૨, સરસિયું તેલ ૪, સૂરોખાર ૨ અને લીંબુનો રસ ૨ ભાગ લઇ સર્વને ભેગાં વાટી શરીરે ચોપડવાથી શીળસ મટે છે.

૬. બાવળનાં મૂળની છાલ પાણીમાં વાટી પાવી અથવા ગળજીભીનો રસ સાકર નાખી પાવો અથવા ઇંદ્રવરણાંનાં મૂળ ઘસીને પાવાથી શીળસ મટે છે.

૨૭–વૈદ્ય મંગળભાઈ ભૂધરભાઈ–બાવળા

પારો, ગંધક અને મનસીલ સરખે ભાગે લઈ કાજળી કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી સાથે લેપ કરવાથી રતવાની ગાંઠ કે સોજો મટીને લોહી ફરતું થશે. આ લેપ અમારો ખાસ અજમાવેલો છે.

૨૮-વૈદ્ય નૂરમહમદ હમીર-રાજકોટ

કેળનું પાણી પાવાથી રતવા મટે છે. રતવાની ગાંઠ ઉપર રતવેલિયો અને હિમકંદ મેળવી લેપ કરવો.

૨૯-વૈદ્ય બાળાશંકર પ્રભાશંકર-નાંદોદ

એક નાળિયેર પાણીવાળું લાવીને તેની ઉપરનાં છોડાં કાઢીને તેને છિદ્ર પાડી તેમાંનું પાણી કાઢી લઇ જુદું રાખવું. પછી તે નાળિયેરમાં ધોળી મૂસળી, કાળી મૂસળી, સાબૂદાણા, બળબીજ, એખરો તથા સાકર બબ્બે રૂપિયાભાર લઇ ઝીણાં વાટી પેલા નાળિયેરના પાણીમાં બોળીને નાળિયેરમાં ભરવાં; બાકીનું પાણી વધ્યું હોય તે ઉપરથી રેડવું અને તે નાળિયેરને એક દિવસ એમ ને એમ રહેવા દેવું. પછી તે નાળિયેરને ચીંથરાનો દાટો મારી તેના ઉપર કપડમટ્ટી કરી તેના ઉપર રાખોડી ભભરાવી પછી એક ખાડો ખોદી તેમાં મૂકવું. ઉપર થોડું મટોડું નાખવું અને તે ઉપર તાપ કરવો. તેને માત્ર એક છાણાનો અગ્નિ આપવો. એ પ્રમાણે આઠ દિવસ કરી નવમે દિવસે તેને બહાર કાઢી કપડમટ્ટી દૂર કરી નાળિયેરને ફોડી તેમાંનું કોપરું જુદું કાઢવું અને મસાલો જુદો કાઢવો. પછી પેણીમાં ઘી ૧૦ રૂપિયાભાર મૂકીને પેલું કોપરું ઝીણું ખાંડીને ઘીમાં નાખવું અને તે જરા રાતું થાય એટલે નાળિયેરનો મસાલો નાખવો; તે જરા સંતળાય એટલે થાળીમાં કાઢી લેવો. તે પછી ઘઉંનો રવો શેર ૦।।। ઘીમાં શેકવો. પછી કોપરું, મસાલો અને લોટ ભેગાં કરવાં. ત્યાર પછી અડદનો લોટ શેર ૦।। ઘીમાં શેકીને જુદો રાખવો. પછી સાકર શેર ૧।।। ઝીણી વાટીને સર્વેને મેવળવું અને તે પછી એલચી તોલા ૨ ઝીણી વાટીને મેળવવી. તમામને એક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ કરી ઘી શેર ૦।।। ઉપર નાખી સર્વને ઠરવા દેવું. પછી તેમાંથી ૧૦ રૂપિયાભાર પ્રમાણે સવારમાં ખાવું. એથી વંધ્યા સ્ત્રીને ગર્ભ રહે છે, ધાતુ તથા શક્તિ વધે છે. આ દવા મારી અનુભવ-સિદ્ધ છે. જે વરકન્યામાં છોકરો નીચો પડી ગયો હોય, તે છોકરાને આ દવા ખવડાવવાથી પુષ્ટ થઇ કનેડું મટી જાય છે. આ દવા શિયાળામાં ખાવાની છે.

૩૦–સાધુ ગંગાદાસજી સેવાદાસજી–સુરત

૧. સોપારી નંગ ૮ અને તંબાકુ ૨ પૈસાભાર એ બન્નેની બાળીને રાખ કરી, તેમાં કુલાવેલું મોરથૂથુ રતી ૨ મેળવી લીંબુના રસમાં દોઢ દિવસ ખલ કરવો. તે ચોપડવા જેવું થયા પછી જે પુરુષની ઇંદ્રિય સડી ગઇ હોય અને તેમાં કાણાં પડ્યાં હોય, તે ઉપર ચોપડવું અને ઉપર ચેવલીનાં પાન લપેટી પાટો બાંધવો એટલે ટાંકી મટી જશે.

૨. એખરો તોલા ૫, સફેદ મૂસળી તોલા ૫ અને ઇસબગુળ (ઓથમીજીરું) તોલા ૫, એને ઝીણાં બાંડી ચાળણીથી ચાળી લેવાં. પછી તેમાંથી એક તોલો ભૂકો લઇ દોઢ શેર દૂધમાં ઉકાળી તેમાં સાકર તોલા ૨ નાખી ઝીણા કપડાથી ગાળી લઇ તે દૂધ સવારમાં પી જવું. આ ઉપાય સાત દિવસ કરવાથી ધાતુ-પુષ્ટિ થાય છે, રક્તપ્રદર અને શ્વેતપ્રદર પણ મટી જાય છે.

૩. પીપર તોલા ૫, આસન તોલા ૫, સૂંઠ તોલા ૫ અને પીપરીમૂળના ગાંઠોડા તોલા ૫, આ ચાર ચીજના ઝીણા ઝીણા કટકા કરી તેના પંદર ભાગ કરવા. તેમાંથી એક ભાગ લઇ ઝીણા કપડામાં પોટલી બાંધી અશેર દૂધમાં ઉકાળી, તે દૂધ શેર ૦।। રહે ત્યારે પોટલી કાઢી લઇ, તે દૂધમાં રૂપાના બે વરખ નાખી પીવાથી શક્તિ વધે છે. આ પ્રમાણે પંદર દિવસ કરવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩–ઉપદંશ–ફિરંગરોગ અને તેના ઉપદ્રવો

મનુષ્યની ગુહ્યેન્દ્રિય ઉપર હાથનો પ્રહાર થવાથી, નખ લાગવાથી, દાંત લાગવાથી, ઇન્દ્રિયને ન ધોવાથી, અત્યંત સ્ત્રીસંગથી, યોનિદોષથી અથવા બગડેલા પાણીએ ઇન્દ્રિયને ધોવાથી, ઇન્દ્રિયમાં જે ઉપદંશ (ચાંદી) થાય છે, તે પાંચ પ્રકારના છે. આગંતુક રોગમાં રોગનું કારણ બહારથી-ઉપસ્થિત થયા પછી તેના કાર્ય સાથે શરીરમાં પ્રાધાન્ય ભોગવતા જે દોષો તેની સાથે મળે છે, તે દોષોના નામથી તે રોગ ઓળખાય છે. તેવી રીતે જે ઉપદંશમાં કાળી ફોલ્લી થઈ તેમાં સોય ખોસ્યા જેવી પીડા થાય છે, તેને **વાતોપદંશ** કહે છે. જે ઉપદંશમાં ફોલ્લીનો રંગ પીળો હોય, બળતરા હોય અને તેમાંથી ઘણું પાણી ઝરે તથા ફોલ્લીઓ લાલ રંગની હોય તેને **પિત્તોપદંશ** અને રક્તોપદંશ કહે છે. જે ઉપદંશમાં સફેદ રંગની મોટી ફોલ્લી ઊઠે છે, તેમાં વલૂર છૂટે છે, સોજો આવે છે અને ઘટ્ટ પરુ વહે છે તેને **કફોપદંશ** કહે છે. ઉપદંશ થતાંજ જે મૂર્ખ પુરુષ તેના પર ઔષધોપચાર ન કરતાં વિષયાસક્ત બની સ્ત્રીસંગ ચાલુ રાખે છે, તેની ઇન્દ્રિય કેટલાક દિવસ પછી સૂજી આવી તેમાં કીડા પડી બગાઈ જાય છે. તેથી પરિણામે તે માણસ મરણ પામે છે. કોઇ માણસને ઇન્દ્રિયના કાપાની ઉપલી બાજુએ મરઘીની પૂંછડીની પેઠે એક એકના ઉપર ચામડીના અંદરના ભાગમાં ઢંકાયેલા અંકુર કિંવા ફણગા ફૂટે છે તે રોગને **લિંગવર્તી** કહે છે અને કેટલાક તેને **લિંગાર્શ** પણ કહે છે. આ વ્યાધિ ત્રિદોષજનિત હોવાથી વેદનાયુક્ત હોય છે અને દેખાવમાં ચીકણો અથવા ચળકતો હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપદંશના રોગીને રક્તશુદ્ધિ માટે પ્રથમ લઘુમંજીષ્ઠાદિ ક્વાથ, ઉપદંશ મટતાં સુધી ચાલુ રાખવો. જો વાતપ્રધાન હોય તો હરડાં, બહેડાં અને આમળાં સમભાગે લઇ, બાળી તેની રાખોડી કરી મધમાં મેળવી ચોપડવી. જો પિત્તપ્રધાન હોય તો ધોળો મલમ ચોપડવો. જો કફપ્રધાન હોય તો સોનાગેરુ, સફેદ કાથો, કલાઇ-સફેતો અને શંખજીરું એને વાટી વસ્ત્રગાળ કરી ધોયેલા ઘીમાં ચોપડવાથી સારું થાય છે. કેટલીક વાર એવું બને છે કે, મણિ-બંધમાં ચાંદી પડીને તેમાં સોજો આવે છે, જેથી ઇન્દ્રિયનાં પોપ-ચાંની ચામડી ઢંકાઇ જાય છે. એટલે અંદરની ચામડીને દવા ચોપડાતી નથી અને ઉપર ચોપડેલી દવા કામ લાગતી નથી. તેવા વખતમાં કેટલાક ચિકિત્સકો ઇન્દ્રિયના ફૂલને જોર કરી ઉઘાડે છે. તે ઉઘાડવાથી ઇન્દ્રિયના ગળામાં ફાંસો પડી જાય છે અને ત્યાં સોજો વધે છે; એટલે રોગીની અવસ્થા ઘણી ભયંકર વેદનાવાળી બની જાય છે. **જો આવો ફાંસો પડી સોજો** આવ્યો હોય તો, અથવા ઇન્દ્રિયનું ફૂલ ઢંકાઇ ગયું હોય તો, મોરથૂથુ તોલો ૧, ફટકડી તોલા ૨ અને કપૂર તોલા ૨ એને ખૂબ બારીક વાટી તેનું પાણી બનાવી એક બાટલીમાં ભરી રાખવું. પછી કાચના વાસણ-માં ચોખ્ખું પાણી એક શેર લઇ, તેમાં પેલું લીલું પાણી એક તોલાને આશરે નાખીને જો ફાંસી પડી સોજો આવ્યો હોય, તો તેના ઉપર ટીપાં પાડવાં અથવા પોતાં મૂકવાં અને જો ચામડી બંધ હોય તો ચામડીની બાજુ પરથી તે પાણીની પિચકારી મારવી. જો રોગીથી બમાય નહિ તો બીજું સાદું પાણી ઉમેરવું. આ બોસ-ડનું નામ **લીલું પાણી** પાડયું છે.

કાળું પાણી:–અંગ્રેજી દવા નામે કેલોમલ તોલા ૨।, સૂકો ચૂનો તોલા ૫ અને બાવળનો ગુંદર તોલા ૧૦ લઇને એ ત્રણેને જુદા જુદા પાણીમાં પલાળવા. તેમાં બાવળનો ગુંદર અને કળી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૂનો એ બેઉનું પાણી જાડી છાશ જેવું કરી, કપડે ગાળી એકઠું કરવું. પછી કેલોમલને પાણીમાં હલાવતા જવું અને પાણી પેલા બે પાણીમાં મેળવતા જવું. કેલોમલનો એવો સ્વભાવ છે કે, એકદમ પાણીમાં નહિ ઓગળતાં વાસણને તળિયે બેસી જાય છે, તેથી પાણી રેડતા જવું અને હલાવી હલાવીને પેલા પાણીમાં ઉમેરતા જવું, એટલે ત્રણે પાણી મળીને કાળા રંગનું પાણી તૈયાર થશે. તે પાણી પણ ઉપરના લીલા પાણીની પેઠે વાપરવું. આ બેઉ પાણીના કોગળા કરવાથી મોઢામાંની ચાંદી પણ મટે છે. ઉપદંશના રોગીને હિંગ, ચણા, આદુ અને આંડની સખત પરેજી કરાવવી. જો પરેજી કરવામાં નહિ આવે તો ચાંદી મસાઈ જશે. જો કોઇ માણસને ઉપર કહેલો લિંગવર્તી રોગ થયો હોય છે, તેવી અવસ્થામાં શસ્ત્રવૈદ્યો તેને કાપીને કાઢી નાખે છે અને ચાંદી રુઝાવી નાખે છે, પણ એ લિંગવર્તી ફરી ફરીને પાછી થાય છે. માટે જો લિંગવર્તી થઈ હોય તો તેના ઉપર પથ્થાગૂગળની ગોળી ઘસીને દિવસમાં બે વાર ચોપડવાથી થોડા દિવસમાં મટી જાય છે તે પાછી થતી નથી.

ફિરંગરોગઃ-ફિરંગ એ શબ્દ ફારસીભાષાનો છે. એનો અર્થ એવો થાય છે કે, "એકરંગ." જ્યારથી આપણા દેશમાં ફિરંગી લોકો આવ્યા ત્યારથી એ રોગની ઉત્પત્તિ થયેલી જણાય છે. કારણ કે પ્રાચીન ગ્રંથોમાં એ રોગનું નિદાન જણાતું નથી; પરંતુ ભાવપ્રકાશે ઉપદંશની પછી ફિરંગ રોગ લખ્યો છે અને તેમાં લખ્યું છે કે, આ રોગ ગંધથી થાય છે. એ રોગ ફિરંગી મનુષ્યોના સંસર્ગ અને ફિરંગી સ્ત્રીઓના પ્રસંગથી ઉત્પન્ન થાય છે. આ ઉપરથી એવું સમજાય છે કે, ફિરંગીઓની સ્ત્રીથી અથવા આપણા દેશની કોઇ સ્ત્રીઓ સાથે ફિરંગીઓના પ્રસંગથી એ રોગ ઉત્પન્ન થયો છે. ફિરંગરોગ આગંતુક હોવાથી જે જે દોષની અધિકતા હોય તે તે દોષનો તેને આશ્રિત ગણવો. વૈદ્યોએ ધ્યાનમાં રાખવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇએ કે, આગંતુક રોગ પ્રથમ ઉત્પન્ન થઇ પાછળથી તેમાં દોષ મળે છે, એટલા માટે જે જે દોષનું ઉલ્વણ વધારે જણાતું હોય, તે તે દોષનું પ્રધાન લક્ષણ જોઇને તેની ચિકિત્સા કરવી. ફિરંગ રોગ અંદરનો, બહારનો અને અંદર તથા બહાર બેઉ પ્રકારનો એ રીતે ત્રણ પ્રકારનો બનેલો છે. બહારનો ફિરંગ વિસ્ફોટકના જેવો થાય છે, થોડી પીડા થાય છે અને ભીતરનો ફિરંગ સાંધાઓમાં થાય છે; તે આમ વાયુ જેવી પીડા કરે છે અને તેમાં સોજો લાવે છે. ત્રીજા પ્રકારના ફિરંગમાં બેઉ પ્રકારનાં લક્ષણો થાય છે. ફિરંગરોગમાં કૃશતા, બળનો નાશ, નાકનું બેસી જવું, અગ્નિમંદતા, હાડકામાં શોષ અને હાડકાંનું વાંકાચૂંકા થઇ જવું, એટલા ઉપદ્રવો થાય છે. બહારનો ફિરંગ સાધ્ય છે, ભીતરનો કષ્ટસાધ્ય છે અને બહાર તથા ભીતરનો ઉપદ્રવયુક્ત હોય તે અસાધ્ય છે. ફિરંગરોગ એટલે ટાંકી જેને અંગ્રેજીમાં સિફિલિસ કહે છે તે જાણવો.

હાલમાં તો તેનું નામ માત્ર ફિરંગરોગ રહ્યું છે એટલુંજ; બાકી ઘણાં વર્ષના સંસર્ગથી એ રોગનાં બીજ એવાં વવાયાં છે કે, ગૃહસ્થો અને ગૃહસ્થ સ્ત્રીઓ, વેશ્યાઓ અને વેશ્યાગામીઓમાં સર્વત્ર પરસ્પરના સંબંધને લીધે, એકબીજાના ચેપથી આખા દેશમાં તે ફેલાઈ ગયો છે. એટલે આ રોગ આપણા દેશનોજ મૂળ વતની હોય એવો જણાય છે. ફિરંગરોગની ચિકિત્સા કરવામાં જ્યારે નિદાનશાસ્ત્રના કાયદા પ્રમાણે–

कश्चिद्धि रोगो रोगस्य हेतुर्भूत्वा प्रशाम्यति ।
न प्रशाम्यति चाप्यन्यो हेत्वर्थं कुरुतेऽपिच ॥

અર્થાત્ કેટલાક રોગો એવા છે કે, બીજા રોગના હેતુ એટલે કારણ થઇને પોતે છુપાઈ જાય છે અને કેટલાક એવા છે કે, બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગને ઉત્પન્ન કરીને પોતે પણ દેખાતા રહે છે. એ પ્રમાણે ફિરંગ-રોગમાં ઘણેભાગે જોવામાં આવે છે. જેમ એક માણસને પેશાબ ઉપર ચાંદી પડી, તે ચાંદી ઘણું કરીને પ્રથમ ઇંદ્રિયના કાપામાં પડશે અને તેનીજ સાથે પસીનાનું ગંધાવું અને શરીરમાં તાવ એ બે ઉપદ્રવો જણાશે. તે વખતે ચાંદીને રુઝાવવા માટેની ઉતાવળ કરવામાં આવે અને તે ચાંદી ઉપર ધોળો મલમ અથવા કોઈ જાત-ની ઠંડી ભૂકી દબાવવાથી ચાંદી રુઝાઇ જાય છે, પણ તેનું ઝેર શરી-રમાં રહી જાય છે. તે ઝેર શરીરમાં વ્યાપીને પ્રથમ બદ ઉત્પન્ન કરે છે. એ ભયંકર બદનું દરદ પાકીને પરુ નીકળી જાય તો બહેતર છે, પણ કોઇ જાતના શેકથી અથવા લેપથી અથવા મલમપટ્ટાથી બદની ગાંઠ ઓગળી જાય, તો તેનું ઝેર શરીરમાં વ્યાપીને વિસ્ફોટક, સંધિવા, ગાંઠિયોવા, લકવા અને ફાલેજ જેને આપણા શાસ્ત્રમાં અડદિયો વા કહે છે તેવો રોગ થાય છે. તે પછી તે રોગને કાઢવા માટે ઘણા વૈદ્યો તેને વાયુ ધારીને સોમલ અથવા બિલામાંના પ્રયોગો કરે છે, જેથી શરીરમાં ઉષ્ણતા વધીને એનું ઝેર જ્ઞાનેં-દ્રિયમાં પસરી કેટલાકને આંખે મોતિયા, ફૂલાં અને ડૈયાં થાય છે અથવા આંખે આંધળા થાય છે. મોઢામાં તેનું ઝેર આવવાથી મુખમાં અને તેમાં ઘણું કરીને હોઠના બે સાધાંઓમાં તથા જીભ-ની ઉપર અને મૂછના વાળમાં ચાંદી પડે છે, તેથી તે ચાંદી પાકતાં પાકતાં જીભ સડીને વચમાંથી અધીં ખવાઈ જાય છે. કેટલાકનાં નાક ખવાઈ જાય છે અથવા ગૂંગણું બોલાય છે, કેટલાકના કાન ખરી જાય છે એટલુંજ નહિ પણ એક વાર ફિરંગરોગ થયો હોય અને તે માણસ પોતાની સ્ત્રી સાથે સંબંધમાં આવે, તો તે સ્ત્રીને પણ સંસર્ગદોષથી પોતાના જેવી દુઃખી કરે છે. તેવી રીતે ચાંદીનો રોગ થયો હોય તે પછી તેના વીર્યથી સંતતિ ઉત્પન્ન થાય તો તે સંતતિને બદ તથા પ્રમેહ તથા આગરુ, (ગાંઠ પાકે છે તે) લૂલાપણું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંગળાપણું, ફેચાપણું વગેરે દેખાતા વાયુનાં લક્ષણોવાળા પણ ગરમીના રોગો થાય છે. એ પ્રમાણે એવા રોગો વંશપરંપરા ઊતરતાં ઊતરતાં છેવટે સુન્નણહેરી, વાતરક્ત, રક્તપિત્ત, (પતના રોગીને) જન્મ આપી, જ્યારે કુદરત તેના વંશનો અટકાવ કરે ત્યારેજ એ રોગ અટકે છે. ઘણા રોગીઓ કે જેમને પાછલા પ્રકરણમાં ગલગંડ, અપચિથી માંડીને વિદ્રધિ અને પ્રમેહપિટિકાની ગાંઠોના વર્ણન કર્યા પ્રમાણેના રોગોનું મૂળ ઉત્પત્તિસ્થાન પોતે ઉત્પન્ન કરેલા અથવા વારસામાં મેળવેલા ફિરંગરોગનું જ કારણ છે, એવું સમજવામાં આવ્યું છે. એટલા માટે ઉપદંશ-ફિરંગરોગ કે ફિરંગરોગીથી ઉત્પન્ન થયેલા તેના પુત્ર, પૌત્ર કે પ્રપૌત્રને જાણીને શરૂઆતથીજ તેને લઘુમંજીષ્ઠાદિ કવાથ સાથે પથ્યાગૂગળ, કિશોરગૂગળ કે અમૃતાદિ ગૂગળનું સેવન કરાવવું. અને જો ફિરંગરોગ ગાંઠના રૂપમાં આવી ચૂકયો હોય, તો તેને પથ્યાગૂગળ અથવા કંચનાર ગૂગળ, મંજીષ્ઠાદિ કવાથ સાથે દિવસમાં ત્રણ વાર બબ્બે ગોળી બાર માસ સુધી ખવડાવી. મંજીષ્ઠાદિ કવાથ ઉકાળી મૂકેલો બગડી જાય છે, અને આ ચાલુ જમાનામાં ઉકાળવાની કડાકૂટ બની શકતી નથી. છતાં એ કવાથ બાર મહિના સુધી પીવાનો હોવાથી રોગી કંટાળી જાય છે. એટલા માટે લઘુમંજીષ્ઠાદિ કવાથનાં દરેક વસાણાં ચાર ચાર તોલા લઈને તેને એક માટીના અથવા કાચના વાસણમાં દશ શેર પાણી ભરી પલાળી દેવાં. પછી તેના મોં ઉપર ઢાંકણું ઢાંકી, કપડાથી તેનું મોં બંધ કરી તેને છાપરા પર, અગાસીમાં કે તડકે ગોઠવી રાખવું. તેમાંથી કપડે ગાળીને દરરોજ અધો શેર અથવા પંદર તોલાને આશરે પાણી કાઢી લઈ, તેટલું જ બીજું પાણી તે વાસણમાં ઉમેરી તેનું મોઢું બાંધી લેવું અને ગાળી લીધેલા ઉકાળાને એક શીશીમાં ભરી, દરેક વખતે પાંચ પાંચ તોલા પાણી દિવસમાં ત્રણ વાર દવાની ગોળીઓ સાથે પીવું. જો ફિરંગરોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યંત વધી ગયેા હેાય ને ઉપદ્રવ સાથે ચાંદી કે નાસૂર પડી ગયાં હેાય, તેા રસકપૂર તેાલેા એક તથા મુલતાની માટી (ખડી) તેાલા ચાર લઈ, બેઉને ઘણી બારીક વાટી, પાણીમાં મેળવી તેની અડદના દાણા જેવડી ગેાળીએા વાળી મૂકવી. તે ગેાળીમાંથી બબ્બે ગેાળી દરરેાજ સવારમાં પાણી સાથે ગળાવી તે ઉપર પાકી આમલીને પાણીમાં બેાળી, હાથે ચેાળી તેનેા રગડા જેવેા રસ કાઢી, કપડે ગાળ્યા સિવાય તે પાવેા. એ બે ગેાળી બાદ પછી આવી રીતે આમલીનું પાણી આખા દિવસમાં પાંચથી દશ રતલ લગી પેટમાં જાય છે. પણ તેથી રેાગીના દાંત ખટાતા નથી, સાંધા કે હાડકાં દુઃખતાં નથી; રેાગીને કંટાળેા આવતેા નથી; પણ તેને આમલીનું પાણી પીવાનું મન થયા કરે છે. આ ગેાળી વધુમાં વધુ એકવીસ દિવસ ખવડાવી, તે પછી એ ગેાળી બંધ કરવી. જેટલા દિવસ ગેાળી ખડાવેલી હેાય તેટલા દિવસ દરરેાજ દિવસમાં બે વાર, એકવીશ પાતરાં લીમડાનાં લઈ, પાણીમાં વાટી તેનેા રસ કાઢી પાવેા. આ ગેાળી ખવાતી હેાય અથવા ગેાળી બંધ થઇ લીમડેા પિવાતેા હેાય ત્યાં સુધી રેાગીએ દૂધ, ગળપણ અને ઘી બિલકુલ ખાવું નહિ. જો દૂધ ખાશે તેા તેને શરીરમાં કમ્પવાયુ થશે, જો ગળપણ ખાશે તેા તેનું ગળું બેસી જશે; માટે આ ગેાળી જે રેાગી વૈદ્યના કહ્યા પ્રમાણે ચાલનારેા હેાય તેવા રેાગીનેજ આપવી. વાતવાતમાં દરેક રેાગીને આ ગેાળી આપવાથી રેાગી પરેજી તેાડી નાખે છે અને લેાકેામાં એમ કહેવાય છે કે, ફલાણા વૈદ્યે ફલાણાને રસાયન ખવાડયું તે ફૂટી નીકળ્યું ! અથવા તેથી તેનું શરીર બગડી ગયું, એમ અપવાદ આવે છે. પણ કેાઈ રેાગીને ઠપકેા આપતું નથી. આવી જાતના ફિરંગરેાગમાં રેાગીને નીલકંઠ રસ તથા ગર્ભવિલાસ રસ પણ ફાયદેા કરે છે. કેટલીક વાર એવું બને છે કે, ટાંકી થઈ રુઝાઈ જાય, બદ્ધ થઇ ફૂટીને નીકળી જાય અથવા વેરાઈ જાય; તેા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની અસરથી રોગીને જીર્ણજ્વર, હાંફ અથવા સૂકી ખાંસી જેવો રોગ થઈ તે રોગી ક્ષય પર જતો જણાય છે. તેવા રોગીએ પોર્ટુંગીઝ સરકારના દમણ ગામમાં જઈને ત્યાંના ફિરંગી ડૉક્ટર પાસે **પાંત મુકાવવી.** જો કે પાંત મૂકવાની વિધિ પણ ફિરંગરોગની સાથે સાથે નિઘંટુ રત્નાકરમાં પાંતવિધિના નામથી લખેલી છે, તો પણ અનુભવી ડૉક્ટર સિવાય પાંત મૂકવાથી ફાયદો થતો નથી. એક વાત અત્રે જણાવવાની છે કે, આપણામાં એક એવી કહેવત ચાલેછે કે, **'દેખાદેખી સાધે જોગ, પડે પિંડ કે વાધે રોગ,'** તે પ્રમાણે આ દમ્મણની પાંતમાં જોવામાં આવે છે. એટલે જેને ચાંદી થયા પછી ક્ષય, શ્વાસ, ખાંસી અને તાવથી શરીર ગળાઈ જતું હોય તેને એ પાંત મૂકવાથી ઘણોજ ફાયદો થઈ શરીર પુષ્ટ થાય છે; પણ જેને ટાંકીનો રોગ થયો નથી તેવા રોગીઓ, ઉપરના ઉપદ્રવોથી પીડાતા હોય, તેઓ પાંત મુકાવે, તો તેમના શરીરની શક્તિ-લોહી તથા માંસ ગળી જઈ આખરે તે બિચારા મરણ પામે છે. એટલા માટે ફિરંગરોગના રોગીએજ પાંત મુકાવવી એવી અમે ખાસ ભલામણ કરીએ છીએ. **ફિરંગરોગમાં વિસ્ફોટક થયો હોય,** તો ચારોળીને પાણીમાં ખૂબ ઝીણી વાટી શરીરે ચોળવાથી અથવા આખરનાં પાતરાંની નીચેની દાંડી બાળીને રાખોડી કરી, તે રાખોડી તાંબાના વાસણમાં નાખી, તેમાં દહીં નાખી તાંબાના લોટાથી ખૂબ ઘૂંટી, ડીલે ચોળી સુકાયા પછી નાહવાથી વિસ્ફોટક મટી જાય છે.

ફિરંગરોગના કેટલાક અનુભવસિદ્ધ ઉપાયો

૧–વૈદ્ય ધીરજરામ દલપતરામ–સુરત

૧. નીલકંઠ રસઃ–પુલાવેલું મોરથૂથુ તોલો ૧, કુલાવેલી ફટકડી તોલો ૧, હરડાં, બહેડાં, આમળાં, મોટી હરડે, હીમજી-હરડે, સમુદ્રફળ, બોદાર, પારો અને ગંધક, એ સઘળું તોલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોલો લઈ, પારાગંધકની કાજળી કરી, તેમાં બીજી વસ્તુઓનું ચૂર્ણ મેળવી, તેમાં લીંબુનો રસ ૪૦ તોલા પચાવી, વટાણા જેવડી ગોળી વાળવી. ગરમી, વિસ્ફોટક, ઉપદંશ તથા ફિરંગરોગ વગેરે ગરમીનાં દરદોમાં સવારસાંજ જમ્યા પછી થોડા ઘીમાં લપેટીને ૧ થી ૨ ગોળી ગળાવવી. પરેજીમાં તેલવાળા પદાર્થો વધારે ખવડાવવા. હિંગ અને ચણાની પરેજી કરાવવી.

૨. ઇંદ્રિયજુલાબઃ–સૂરોખાર, ચિનીકબાલા, એલચીના દાણા અને રેવંચીની ખટાઈ સમભાગે લઈ બારીક વસ્ત્રગાળ કરી ૦॥ શેર દૂધ અને ૦॥ શેર પાણીમાં ૦ા તોલો ચૂર્ણ નાખી પાવાથી ઘણો ફાયદો થાય છે.

૩. બુકનીઃ–પીળી કોડીની ભસ્મ તોલો ૦॥, જૂની સોપારીનો કોલસો તોલો ૦॥, સફેદ કાથો તોલો ૧, શંબજીરું તોલો ૦॥, કલઇસફેતો તોલો ૦॥, બોદાર તોલો ૦ા અને કપૂર તોલો ૦॥ એ સઘળું વાટી વસ્ત્રગાળ કરી, ઝીણું ઘૂંટી ચાંદી, ટાંકી વગેરે ઉપર આ બુકની કોરી દાબવાથી અથવા ઘોયેલા ઘીમાં મેળવી ચોપડવાથી ચાંદી મટી જાય છે.

૨–યતિશ્રી રવિહંસજી દીપહંસજી–સુરત

ગુલેઅરમાની તોલો ૧, સૂરોખાર બે આનીભાર અને કપૂર બે આનીભાર; એને વાટી વસ્ત્રગાળ કરી, પછી ચાંદી, ટાંકી અને ગરમીની ફોલ્લીઓ કે જે સ્ત્રીઓના ગુપ્ત ભાગમાં થાય છે તે ઉપર, પાણી અગર ગુલાબજળમાં ચોપડવાથી ઘણો ફાયદો થાય છે.

૩–વૈદ્ય બાળકૃષ્ણ રત્નેશ્વર–સુરત

૧. દાડમીનાં મૂળિયાંની છાલ તોલો ૧, એલચી તોલો ૧ તથા કાથો તોલો ૧, એ ત્રણે વસ્તુ વાટી વસ્ત્રગાળ કરી પાણી સાથે ખૂબ ઝીણી વાટી ચણા જેવડી ગોળી કરવી. દિવસમાં ત્રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત બબ્બે ગોળી પાણી સાથે આપવાથી મોઢું ગળીને તમામ બીમારી નીકળી જાય છે અને મોઢું આવતું નથી કે મોઢામાં ગરમી પણ જણાતી નથી. રોગીને દૂધભાત ખવડાવવો.

૨. જો ઉપદંશ અથવા ફિરંગરોગ વિક્રિયા પામી વધી ગયો હોય, તો ચોપચીનીનું ચૂર્ણ તોલો ૧ લઈ તેમાં ઘી-સાકર મેળવી મોદક બનાવી ખાવો. બીજે દિવસે બે તોલા ચોપચીની લેવી. એ પ્રમાણે ૨૧ તોલા સુધી વધારવું એટલે ૨૧ દિવસમાં તમામ વિક્રિયાવાળો ફિરંગરોગ મટી જાય છે. ખોરાકમાં મીઠું કે સિંધવ, તેલ, મરચું કે મસાલો બંધ કરવો.

૩. **નીલકંઠ રસઃ**-મોરથૂથુ તોલો ૧, લવિંગ તોલો ૧, સફેદ કાથો તોલો ૧ અને હીમજી હરડે તોલા ૪ એ સર્વેને લોખંડના વાસણમાં નાખી લોખંડના બત્તાથી ૪૦ ખાટાં લીંબુનો રસ શોષાય ત્યાં સુધી ઘૂંટી ૧ વાલની ગોળીઓ બનાવવી. સવારસાંજ એકેક ગોળી ઘી સાથે આપવી. આ ગોળી ઉપર તલનું તેલ અથવા તેલવાળા પદાર્થો વિશેષ ખાવા. ઘી અથવા ગળપણ ખાવું નહિ. ૧૪ દિવસમાં મટી જાય છે.

૪-વૈદ્ય નૂરમહમદ હમીર-રાજકોટ

૧. **ઈન્દ્રિય પરની ચાંદીઃ**-કાથો, ચિરોડીની ભસ્મ, માણસનાં હાડકાંની ભસ્મ, શંખજીરું, હરણનાં શિંગડાંના ગરભનું ચૂર્ણ અને માયાંફળ એ સર્વને બારીક વાટી ઇન્દ્રિયના જખમ પર જરા થૂંક લગાડી તેની ઉપર આ ચૂર્ણ દાબવું. આમ ત્રણચાર વખત લગાડવથીાજ ભિંગડું લઇ દવા નીકળી જઇ તે જગ્યા સાફ થઇ જશે. ત્યાર પછી રેચક અને શોધક દવાઓ ચાલુ રાખવી.

૨. ચાંદીને લીધે સોજો આવ્યો હોય તો કેસૂડાં (ખાખરાનાં ફૂલ) ને બાફી ઇન્દ્રિય ઉપર બાંધી તેજ બચેલું પાણી થોડે થોડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખ્યા કરવાથી એકબે દિવસમાં સોજો ઊતરી જાય છે. તેમજ મીંઢીઆવળ (સોનામુખી) નો પ્રયોગ ઉપર પ્રમાણે કરવાથી સોજો ઊતરી જાય છે.

૩. ઇન્દ્રિયનો જખમ બહુ કચકચતો જણાય તો (સોજો ઊતર્યા પછી આવાં ચિહ્ન જણાય છે) બોરડીના પાનનું ચૂર્ણ દાબવું જેથી સાફ થઇ જશે. ત્યાર બાદ ઉપર લખેલું ચૂર્ણ લગાડવું.

૫-વલ્લભદાસ નરોત્તમદાસ શાહ-ભરુચ

ગરમીની ચાંદી માટે ધુમાડી:-હિંગળોક તોલો ૧, કાળી તમાકુનાં સૂકાં પાન તોલા ૨ અને નાની એલચી તોલો ૧ એને ખૂબ બારીક વાટી સાત પડીકાં કરી, એક પડીકું સવારે તથા એક પડીકું સાંજે લઇ ધુમાડી દેવી, જેથી સાડાત્રણ દિવસમાં મટે છે. ખોરાકમાં ઘઉંની રોટલી, ઘઉંની થૂલી અને ઘી ખાવું. સાત દિવસ પછી ઘઉં, સાકર અને ઘી, તથા તે સાત દિવસ પછી થોડી થોડી સર્વે જણસ ખાવી. આ દવા અનુભવસિદ્ધ છે.

૬-વૈદ્ય લક્ષ્મીશંકર જાદવજી-ધંધુકા

જીર્ણ, ઉપદંશ અને તેના વિકારો માટે:-લવિંગ તોલો ૧, મરી તોલો ૧, અકલગરો તોલો ૧, વાવડિંગ તોલો ૧, રુમી-મસ્તકી તોલો ૧, અજમો તોલા ૪, દેશી ગોળ તોલા ૫, ભિલામાં નંગ ૩૫ એ સર્વને ભેગાં વાટી ચણીબોર જેવડી ગોળી વાળવી. સવારસાંજ અકેક ગોળી દૂધમાં ખાવી. જેથી લગભગ પંદર દિવસમાં મટે છે. જો જલદી મટે તો પછી ખવરાવવી નહિ. ખોરાકમાં દૂધ-ભાત સિવાય કાંઇ પણ આપવું નહિ. બરાબર પરેજી પળાવવી જેથી જૂનો વ્યાધિ મટે છે, તેમજ જૂનો વાતવ્યાધિ પણ મટે છે. ભિલામાંના ઝેરને માટે કોપરું ખાવું તથા કોપરેલ ચોપડવું. આ દવા અનુભવસિદ્ધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭-વૈદ્ય પ્રાણલાલ દોલતરામ-કપડવણજ

ઉપદંશ સંધિવાઃ-કેશરાદિ વટી (ભાવપ્રકાશ) ની સાથે બૃહદ્ મંજીષ્ઠાદિ ક્વાથ આપવો અને જો સાંધા બહુ રહી ગયા હોય તો ક્વાથ ન આપતાં કેશરાદિવટી સાથે ચોપચીની આદિ ચૂર્ણ (નિઘંટુ રત્નાકર) આપવું. બેત્રણ દિવસે મીંઢીઆવળ ૨ ભાગ, વરિયાળી ૧ ભાગ, જેઠીમધ ૧ ભાગ, સાકર ૧ ભાગ અને મજીઠ ૧ ભાગ લઈ તેનો જુલાબ આપવો. સાંધા ઉપર ચોપડવા માટે નારાયણ તેલ પણ આપી શકાય છે. આથી દરદ મટી ઘણું સારું પરિણામ આવે છે.

ચોપડવા માટેઃ-રસકપૂર, સોપારીની રાખ, હિંગળોક, માયાં અને કાથો, સરખે વજને લઈ બારીક વાટી, માખણ અથવા ધોયેલા ઘી સાથે મેળવી ચોપડવાથી મટે છે.

૮-વૈદ્ય મણિશંકર ભાનુશંકર-વલસાડ

ઉપદંશહર વટીઃ-રસકપૂર તોલો ૦॥, ઇલાયચી તોલો ૦॥, કાળી દ્રાક્ષ તોલો ૦॥, લવિંગનાં ઉપરનાં ફૂલ તોલો ૦॥ લઇ, પ્રથમ રસકપૂરને ખૂબ ખલી બીજી વસ્તુઓ મેળવી કાળી દ્રાક્ષના ઠળિયા કાઢી મેળવી ચણા જેવડી ગોળી કરી, સવારે એક ગોળી દરરોજ ગૉળ-ઘીમાં ચાટવાથી ચાંદી, વિસ્ફોટક, નવીન પ્રમેહ વગેરે મટે છે. ખોરાકમાં ઘી, સાકર, દૂધ તથા રોટલી સિવાય કાંઇ પણ ખાવું નહિ. ગોળી સાત દિવસથી વધારે ખાવી નહિ. જરૂર પડે તો થોડા દિવસ બંધ રાખી પછી શરૂ કરવી.

૯-વૈદ્ય જમિયતરામ કેશવરામ-મુંબઇ

૧. ઉપદંશ માટેઃ-સોનાના વરખ તોલો ૦, સિંધવખાર તોલા ૫, મનસીલ વાલ ૭, રસસિંદૂર વાલ ૭, ઘોડાવજ તોલા ૫, લઈ સિંધવ તથા સોનાના વરખને સાથે મેળવી ઘૂંટી મનસીલ, રસસિં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂર તથા ઘોડાવજ મેળવી, તુલસીનાં પાનના રસની તથા કાચકી-નાં પાનના રસની એકેક ભાવના આપી વટાણા જેવડી ગોળી વાળી, દરદી તથા વ્યાધિની સ્થિતિ પ્રમાણે દિવમાં ત્રણ વખત એકથી બે ગોળી આપવી. ઉપરથી ઉપલસરીનો કવાથ પાવો અથવા ફાંટ બનાવી પાવો. આથી ઉપદંશ તથા રક્તવિકારથી ઉત્પન્ન થયેલાં ઝેરી સડતાં દરદોને મટાડે છે.

૨. વિસ્ફોટક માટેઃ-લિંબોળીની મીજ તથા બાવળનો ગુંદર વાટી વટાણા જેવડી ગોળી બનાવી, દિવસમાં ત્રણ વખત પાણી સાથે બબ્બે ગોળી ગળવાથી વિસ્ફોટકને ઘણી ઝડપથી સૂકવે છે.

બુકની ઉપદંશ માટેઃ-બાવળની પતરી તોલો ૧, માયું-ફળ તોલો ૧, ચોખ્ખો કાથો તોલો ૧, હીરાદખ્ખણ તોલો ૧, બોદાર પથરી તોલો ૧ તથા રસકપૂર વાલ ૧ મેળવી બારીક વાટી ચાંદી ઉપર લગાડવાથી જલદી રૂઝ લાવી ચસકા, શૂળ વગેરેને મટાડી એકદમ આરામ આપે છે. રસકપૂર સિવાય પણ કામ કરે છે.

૧૦-કુમારશ્રી દેવીસિંહજી ભૂપતસિંહજી-કટોસણ

૧. ચાંદી તથા ટાંકી માટેઃ-પારો, ગંધક, મરી, ટંકણ, હીમજ, રાળ, બોદાર પથરી, મનસીલ, હરતાલ અને કપૂર એ સર્વ સમભાગે લઈ પ્રથમ પારાગંધકની કાજળી કરી બાકીનાં વસાણાં મેળવી દવા તૈયાર કરવી. એ દવા લીંબુના રસમાં દરાજ ઉપર ચોપડવી. ખસ માટે આ દવા તોલા ૪, સરસિયું તેલ તોલા ૧૦ માં મેળવી સો પાણીથી કાંસાની થાળીમાં ધોઇ ચોપડવું. ઘી અથવા માખણ સો પાણીએ ધોઈ આ દવા મેળવી ચોપડવી. ચાંદી, ટાંકી, ખસ વગેરે તમામ જાતનાં ચામડીનાં દરદોમાં આ દવા ઘણી અકસીર છે. આ દવા એક સાંઇ (ફકીર)ની બતાવેલી છે.

૨. લોહી સુધારકઃ-ખજૂર ઠળિયા કાઢેલું તોલા ૮, ગોળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોલા ૮ અને અરડૂસીનાં પાન તોલા ૮ એ ત્રણેનો રાતી માટલીમાં કવાથ કરી બે અથવા ત્રણ તોલા કવાથ સવારે પીવો જેથી લોહી સુધરે છે.

૩. ચાક તોલા ૮ અને રસકપૂર તોલો ૦॥ એ બંનેને ખૂબ ઝીણું વાટી ગુલાબજળમાં ખૂબ ઘૂંટી ચણીબોર જેવડી ગોળી વાળી દિવસમાં બે અથવા ત્રણ વખત બબ્બે ગોળી ઠંડા પાણી સાથે આખી ને આખીજ ગળાવવી. પરેજી પળાવવી. ખોરાકમાં ભાત, ઘી ખાંડ સિવાય કાંઇ પણ ખાવા દેવું નહિ. આ દવા ઉપર સખત પરેજી પાળવાની છે. માટે વૈદ્યોએ વિચાર કરી દરદીની લાયકાત જોઇ આ દવા આપવી. આ દવા ખાધા પછી જ્યારે મોઢું આળું લાગે ત્યારે બંધ કરવી અને મોઢું વધારે ન આવે તેવા ઇલાજો કરવા. દવા બંધ કર્યા પછી પણ ત્રણચાર દિવસ પરેજી પાળાવવી, જેથી તમામ જાતનો લોહીવિકાર, વાતરક્ત આદિને મટાડે છે.

૧૧-વૈદ્ય કેશવલાલ બાપુજી-ધંધુકા

ઉપદંશ માટે:-હિંગલોત્થ પારદ તોલા ૬, શુદ્ધ હિંગુલ તોલા ૫, પારસી અજમોદ તોલા ૪, બોડી અજમોદ તોલા ૪, અજમો તોલા ૪ અને અકલગરો તોલા ૪ એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ગોળ તોલા ૧૨॥ મેળવી પાવલીભારની ગોળીઓ વાળી, ઉપદંશના વ્યાધિવાળાને સવારસાંજ એકેક ગોળી બવડાવવાથી વ્યાધિ મટે છે. જે વસ્તુ પથ્ય હોય તેજ બાવી. પ્રયોગ એક માસનો કરવો. એક માસ પૂરો થયા બાદ આઠ દિવસ એરંડતેલ ગાયના દૂધમાં પિવરાવવું. આ દવા અનુભવસિદ્ધ છે.

૧૨-વૈદ્ય વાસુદેવ નાગરદાસ-જસકા

વિસ્ફોટક માટે:-કાથો તોલો ૧, બોદાર તોલો ૧, શુદ્ધ નેપાળો તોલો ૧ અને શુદ્ધ ભિલામાં તોલો ૧ વાટી પાણીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ આનીભારની ગોળી કરવી. દિવસમાં એકજ વખત સવારે એક ગોળી ખાવી. ચણાના દાળિયા સિવાય કાંઈ ખાવું નહિ. એ પ્રમાણે ત્રણ દિવસ ગોળી ખાવી. ચોથે દિવસે સાકરનો શીરો ખાવો, જેથી વિસ્ફોટક મટે છે.

૧૩-વૈદ્ય પ્રભાશંકર વૃંદાવનદાસ-ધંધુકા

સોમલનાં ફૂલઃ-સોમલ તોલો ૧, કપૂર તોલો ૧ અને રસકપૂર તોલો ૧, એ સર્વ વાટી એકત્ર કરી ડમરુયંત્રથી ચાર કલાક ધીમી આંચે પકાવવું. જ્યારે સ્વાંગ શીતળ થાય, ત્યારે યંત્ર ખોલી ઉપરની હાંડલીમાં ચોંટેલાં સોમલનાં ફૂલને કાઢી વાટી ચોખાપૂર સાકરના એક વાલપૂર શીરામાં મેળવી ગળી જઇ, ઉપરથી બાકીનો શીરો ખાઈ જવો. એ પ્રમાણે ચારથી આઠ પડીકાં દરદના પ્રમાણમાં ખાવાં. પરેજી બરાબર પાળવી. ખોરાકમાં ઘઉં, ઘી અને સાકરજ ખાવાં. એ સિવાયની કોઈ પણ ચીજ ખાવી નહિ. હળાહળ રસાયન ફૂટી શરીરે ચાંદાં પડ્યાં હોય તે પણ આ ફૂલના સેવનથી મટી જાય છે. ગરમી થઇ શરીર કાળું પડી ગયું હોય તેને માટે આ ઉપાય ઘણોજ ઉત્તમ છે.

૧૪-વૈદ્ય વિશ્વનાથ અમૃત મંજુરે જુન્નરકર-સુરત

૧. ભિલામાં શેર ૦।, ઘી શેર ૦।।, ભિલામાંની ડીંચો કાઢી નાખી ઘીમાં તળી તે ઘી ગાળી લેવું. તે ઘી બે આનીભાર લઈ એક રૂપિયાભાર દહીંમાં નાખીને પાવું. હિંગ, વાલ, કોળું અથવા કેળું ખવડાવવું નહિ તથા ચોલાઇની ભાજી સૂકવીને તેનો ભૂકો, ઈસબ ગોળ અને સૂકી ગળો એ ત્રણે સરખે ભાગે લઇ ઝીણું ખાંડી, મધ મેળવી ૦। તોલાની ગોળી વાળી દૂધ અગર પાણી સાથે એકેક સવારસાંજ આપવી, જેથી **લોહીવા, પ્રદર અને ઉપદંશ મટે છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ગંધકનું ઘી ચાંદી ઉપર ચોપડી, તેના ઉપર કલઇ સફેદો તથા હીરાદખ્ખણની ભૂકી ભભરાવવી. આ ઉપાયો અમે લાંબા વખતથી ખાસ અજમાવેલા છે.

૧૫-વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઇ-સુરત

શુદ્ધ હિંગળોક ૬, મોરથૂથુ ૬, સૂંઠ ૫, મરી ૫, પીપર ૫, હરડેદળ ૫, બહેડાંદળ ૫, આમળાં ૫, માયાં ૫, નાગકેશર ૫, અજમો ૫, ખોરાસાની અજમો ૫, અજમોદ ૫, લાલ સોપારી ૬ અને લોહભસ્મ ૬ ભાગ લઇ, એ સર્વનું ચૂર્ણ કરી એક મણ લીંબુનો રસ એક મહિના સુધીમાં પાઈને બલ કરવો. પછી ચણોઠાર જેવડી ગોળી બનાવવી. મોટી ઉંમરના માણસને સવારસાંજ એકેક ગોળી ઘીમાં આપવાથી વિસ્ફોટક, ટાંકી, પ્રમેહ, ચાંદાં વગેરે ચામડીનાં દરદો મટી જાય છે. પરેજીમાં હિંગ, મરચાં, તેલ ખટાશ, વાલ, વટાણા, કેળું અને કોળું વગેરે આવું નહિ.

૧૬-બ્રહ્મચારી આત્મારામ ત્રિવેદી

ગળોનો રસ ટાંક ૪, લીમડાનો રસ ટાંક ૪, હરડાં, પીપળીમૂળ, આમળાં, કાળી મૂસળી, ધોળી મૂસળી, ધાણા, સૂંઠ, ગજપીપર એ એકેક ટાંક લઇ ઝીણું વાટી, જૂના ગોળમાં પાવલીભારની ગોળી વાળી દિવસમાં એક વાર સવારે બવડાવવાથી ગરમી મટી જાય છે.

૧૭-વૈદ્ય ધીરજલાલ માણેકલાલ-વડોદરા

ધોળી અથવા લાલ કરેણનું મૂળ પાણીમાં ઘસી લેપ કરવાથી ઉપદંશ ઉપર ઘણીજ અજબ રીતે અસર કરે છે.

૧૮-ગંગાદાસજી સેવાદાસજી-સુરત

સોપારી નંગ ૮ અને સૂકો (તમાકુ) ૨ પૈસાભાર લઇ બન્ને-

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની રાખ કરવી. પછી તેમાં મોરથૂથાની ભસ્મ ૧ રતી નાખી લીંબુના રસમાં બે દિવસ બલ કરવો. મલમ જેવું થાય ત્યારે જેની ઇંદ્રિય ઉપર ટાંકીને લીધે કાણું પડી ગયાં હોય, તે કાણું ઉપર ચોપડી ઉપરથી ચેવલી પાન લપેટી પાટો બાંધવો. આમ કરવાથી કાણું પુરાઇ જાય છે.

૧૯-વૈદ્ય નાસ્શંકર હરગોવિંદ-બારડોલી

હીરાદબ્બણ ૧ નવટાંક લઈ ઝીણી વાટી તેમાં રસકપૂર તોલો ૦॥ મેળવી, ટાંકીના ચાંદા ઉપર દાબવો. જેથી ચાંદી, ઉપદંશ અને ફિરંગરોગ મટી જાય છે. બાવાની દવામાં કેશરાદિ ગુટિકા મંજીષ્ઠાદિ કવાથ સાથે આપવી.

૨૦-મણિશંકર જાદવજી જોશી-કાનપર

ચોપચીની તોલા ૧૬, બાંડ તોલા ૪, લીંડીપીપર, પીપળીમૂળ, મરી, લવિંગ, અકલગરો, બુરાસાની અજમો, સૂંઠ, વાવડિંગ, અને તજ એ એકેક તોલો લઈ ચૂર્ણ કરી, ૦॥ તોલો ચૂર્ણ ગરમ પાણી સાથે આપવાથી ઉપદંશના પરિણામી દોષ (ત્વકદોષ, સંધિવા, અસ્થિશોષ અને શૂળ) પ્રમેહ, ક્ષીણુતા અને ફિરંગોપદંશ મટી જાય છે. ચાંદી ઉપર સફેદ અથવા લાલ કરેણુનાં મૂળ ચોપડવાં.

૨૧-માસ્તર કેશવરામ હરિશંકર ભટ્ટ-કાપોદ્રા

૧. વિસ્ફોટકના ઉપાયઃ-મજીઠ, હરડાં, બહેડાં, આમળાં, લીમડાની છાલ, કડુ, વજ, દારુહળદર અને ગળો બબ્બે તોલા લઇ, બાંડીને ૧૮ પડીકાં કરવાં. તેમાંનું એક પડીકું એક શેર પાણીમાં ઉકાળી નવટાંક પાણી રહે ત્યારે ગાળીને પાવું. તેજ કૂચા ઉકાળીને સાંજે પાવા. એ પ્રમાણે ૯ દિવસ પાવું અને આ પ્રમાણે ઓસડ ચોપડવું. ધંતૂરાનો રસ શેર ૦॥, નાગરવેલનાં પાનનો રસ શેર ૦॥, ચંબેલીનાં પાનનો રસ શેર ૦॥, ધોળી દરોનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાનનો રસ શેર ૦।, મનસીલ તોલા ૨, પારો તોલા ૨ અને ગંધક તોલા ૨ લઇ, પ્રથમ પારાગંધકની કાજળી કરી તેમાં મનસીલ ઘૂંટવો; પછી તેમાં પેલા ચાર જાતના રસ મેળવીને એકરસ કરી દરરોજ ચોપડવું એટલે ટાંકી, વિસ્ફોટક વગેરે મટી જાય છે.

૨. હીરાદક્ખણ, કલઈસિફેતો, ગોદારપથરી, બાળેલા ચામડાની રાખ અને કાથો એ એકેક તોલો લેવાં તથા મોરથૂથુ બે આનીભાર લઇ સો પાણીએ ધોયેલા ઘીમાં મેળવી મલમ કરી ચોપડવો અને ઉપરથી ઉપર લખેલો મંજીષ્ઠાદિ ક્વાથ મધ તથા સાકર મેળવીને પાવાથી ટાંકી, વિસ્ફોટક ઇત્યાદિ મટી જાય છે.

૨૨–વૈદ્ય ભવાનીશંકર ગોવિંદજી

ગોદાર, હિંગળોક, કાથો, સિંદૂર, રાળ, ઈસેસ, માયાં, સોનાગેરુ, હીરાદક્ખણ અને કપૂર એ તોલો તોલો લઈ પાંચ તોલા મીણને તેટલાજ ગાયના ઘીમાં ઓગાળી મલમ બનાવી ચોપડવાથી ઉપદંશ મટી જાય છે.

૨૩–વૈદ્ય નરસિંહભાઈ માધવભાઈ–કઠોર

રસકપૂર તોલા ૮ લઇને તેના ઉપર ચણાનો લોટ પાણીમાં પલાળી સારી રીતે મર્દન કરી રસકપૂર ઉપર એક આંગળ જાડો લેપ કરવો. પછી કાચા સૂતરને દડાની માફક લપેટી એક આંગળ સુધી જાડો બનાવવો. પછી ગાયનું દૂધ મણ ૦।। કડાઇમાં રેડી તેમાં પેલો દડો મૂકવો અને હલકી આંચ આપવી. દૂધ તમામ બળી જાય ને માવો થઇ જાય, ત્યારે તેને ઉતારી અંદરથી રસકપૂર કાઢી લેવું. તે રસકપૂરને ઝીણો બલ કરી ૧ ચોખાપૂર માત્રાથી મધમાં આપવો. તેથી પ્રમેહ, ચાંદાં, વિસ્ફોટક, બરજ અને ધાતુના બગાડનો નાશ થાય છે. રોગીને દૂધ, ભાત, ઘી કે પૂરી સિવાય બીજું કાંઈ ખાવા આપવું નહિ. મોંમાં ગરમી જણાય તો વગળના પાણીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોગળા કરાવવા. ગમે તેવી ચાંદી હશે તે સાત દિવસમાં મટી જશે.

૨૪-વૈદ્ય ધનેશ્વર નાગેશ્વર-ભરુચ

પારો તોલો ૧, હિંગળોક તોલો ૧, ગંધક તોલો ૧, લિલામાં ટોચી કાઢેલાં તોલા ૪, ખોરાસાની અજમો તોલા ૪, જૂનો ગોળ તોલા ૧૨ લઈ પ્રથમ સર્વને વાટી લોખંડની ખાંડણીમાં લિલામાંને એવાં ખાંડવાં કે પતરી બાકી રહે નહિ. જ્યારે એવાં ખંડાઈ રહે ત્યારે પારાગંધકની કાજળી નાખી, બીજાં બોસડ મેળવી, ગોળ મેળવી કાચના એક પ્યાલામાં ભરી લેવું. તેમાંથી રોગીને ચણી-બોર જેવડી ગોળી કરી સવારસાંજ એકેકી ગોળી લેંસની છાશમાં ઘોળીને પાઈ દેવી; એટલે સાતઆઠ દિવસમાં મોઢું આવવાની તૈયારી થશે ત્યારે ગોળી બંધ કરવી ને આઠનવ દિવસ સુધી મોઢું ગળવા દેવું. પણ ધ્યાન રાખીને જોવું કે મોઢે પડતી લાળમાં ચોખ્ખું લોહી પડતું હોય તો તે મોઢાને વાળી લેવું. ખોરાકમાં છાશ, ચોખા અને જુવારની ઘેંસ આપવી, મીઠું આપવું નહિ; દોઢ માસ સુધી ચાલુ છાશ ભરપેટે આપવી. મોઢું ગળે ત્યાં સુધી છાશ પાયા કરવી. દરદી ગભરાય નહિ તેની તપાસ રાખવી. એ સિવાય બીજો ખોરાક ખાનાર દરદી મરી જશે. જો મોં વાળવું હોય તો મીઠા વગરની આમલીનું પાણી, રોગી જેટલું પીએ એટલું પાવું. ત્યાર પછી અઢાર દિવસ વીત્યા પછી ઘેંસમાં ઘી તથા સાકર નાખીને આપવું. દૂધ પણ આપવું. દૂધ આપ્યા પછી દરદીને બંધકોશ થાય છે. તેથી તેને હલકો જુલાબ આપવો. વીસ દિવસ પછી સાકરનો શીરો ખવડાવવો ને તે સાથે અનાજ જે ભાવે તે આપવું, પણ લૂણ (મીઠું) તો દોઢ માસ પછીજ આપવું. મોઢું વાળતી વખતે રોગીને બાવળ, બોરડી અને જાંબુનું વગળ કરી દિવસમાં ચાર વખત કોગળા કરાવવા જેથી મોઢાની ચાંદીઓ મટી જાય છે. જો મોઢામાં ભારે ચાંદી પડી જાય તો સોનાગેરુ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલેઅરમાની, કુલાવેલી ફટકડી, એલચી અને ચિનીકબાલા એનું ચૂર્ણ બનાવી મોઢાની ચાંદી ઉપર દાબવું.

૨૫–વૈદ્ય બાળકૃષ્ણ હરિકૃષ્ણ શાસ્ત્રી–ભુવાલડી

શંખજીરું, સિંદૂર, કપૂર, ચામડાની રાખોડી, માણસનાં હાડકાંની રાખ એને ખૂબ બારીક વાટી રાખી મૂકવું. પછી તલના તેલનું ટીપું ચાંદી પર મૂકી ઉપરની દવા દાબવી તેથી ચાંદી સુકાઈ જાય છે.

૨૬–વૈદ્ય બાળાશંકર પ્રભાશંકર–નાંદોદ

મોરથૂથુ વાટી એક વાલનું પડીકું ત્રણ શેર પાણીમાં નાખી ઝીણું કપડું પલાળી પોતું મૂકવું, જેથી દક્ષણી ચાંદાં (ઉપદંશ) મટે છે, તેમજ બાળકોને આગરુ ઉપર ચોપડવાથી પણ મટે છે. આ દવા અમારી ખાસ અજમાવેલી છે.

૨૪–ક્ષુદ્રરોગ

માણસની ઉપરની ચામડીને અંદરની ચામડીના વાયુ, પિત્ત અને કફના હીન, મિથ્યા અને અતિયોગથી રસ, રક્ત, માંસ અને મેદને બગાડી, ગાંઠના રૂપમાં ફોલ્લીના રૂપમાં અથવા નીચે ગાંઠ અને ઉપર ફોલ્લીના રૂપમાં જે દર્દો ઉત્પન્ન થાય છે, તેના જુદા જુદા ભાગ પાડી, ગલગંડથી માંડી ફિરંગરોગ સુધી વર્ણન કરવામાં આવ્યું છે; તથા આયુર્વેદાચાર્યોએ વિશેષ દર્દોનું વિશેષ રૂપમાં વર્ણન કરવા છતાં જે ભાગ બાકી રહ્યો તેને ક્ષુદ્રરોગમાં ગણી, તેનાં સામાન્ય નામો આપેલાં છે. ગલગંડથી માંડીને ક્ષુદ્રરોગના અંત સુધીમાં જે જે ફોલ્લીઓ આવેલી છે, તેના તરફ જો વૈદ્ય લોકો ધ્યાન આપીને બરાબર તેની ચિકિત્સા કરે, તો પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વૈદ્યને બીજા રોગો સારા કરવા માટે ધ્યાન આપવાની ફુરસદ મળે નહિ. એટલે હાલમાં બીજા રોગોના ઔષધોપચારની સાથે કેટલાક વૈદ્યો મલમપટ્ટાનું કામ પણ કરે છે. પરંતુ અમારું માનવું એવું છે કે, ગલગંડથી ક્ષુદ્રરોગ સુધીની ચિકિત્સા કરવા માટે એક સ્વતંત્ર વૈદ્યનીજ જરૂર છે. કારણ કે જુદી જુદી જાતનાં, જુદા જુદા પ્રકારનાં સંખ્યાબંધ દર્દોને વિચારપૂર્વક તપાસી તેના ઉપર જોઇતા ઝાડપાલા, છાલ, મૂળ, કંદ, રસ, ક્ષાર, રાખોડી અને સંખ્યાબંધ જાતના મલમો રાખવાને માટે એક સ્વતંત્ર દવાખાના સિવાય ચાલી શકે એમ નથી. એ વિદ્યામાં નિપુણતા મેળવીને આયુર્વેદના સિદ્ધાંત પ્રમાણે રોગને પારખી તે રોગમાં આવાની કે ચોપડવાની ક્રિયા કરવામાં નિપુણતા મેળવે, તો તેને શલ્ય સિવાયનાં બીજાં દર્દોમાં શસ્ત્રકર્મ કરવાની જરૂર પડે નહિ. એટલું વિવેચન કરીને ક્ષુદ્રરોગનું વર્ણન કરતાં પહેલાં અમારે કહેવું જોઇએ કે, આપણા લોકોમાં એક સાધારણ રિવાજ પડી ગયો છે કે, બુદ્ધિપૂર્વક વિચાર કરીને મનુષ્યશરીરની જ્ઞાનેન્દ્રિયોના રોગોમાં ચિકિત્સા થવી જોઇએ. પરંતુ જેટલું ધ્યાન શરીરના ભીતરના ભાગમાં તાવ આદિને લીધે બીજા રોગોમાં આપવામાં આવે છે, તેટલું ધ્યાન જ્ઞાનેન્દ્રિયના રોગો માટે આપવામાં આવતું નથી. લોકોનાં મનમાં એવો ખ્યાલ હોય છે કે, ઇંન્દ્રિયનાં દર્દો કાંઈ જીવ લેતાં નથી, તો પછી નકામા વૈદ્ય–ડોકટરોના પૈસા શું કામ અરચવા? તેથી આંખ આવે છે તો બાપરિયું કે ચિમેડ આંજે છે; કાન પાકે છે તો કોઇ જાતનું તેલ મૂકે છે; જીભે ચાંદી પડે છે તો ધમાસો ને ફટકડીના કોગળા કરે છે. ચામડી ઉપર ફોલ્લા કે ગોડ થાય છે, તો છાલો પાલો ચોપડે છે અથવા સાધારણ મલમની પટ્ટી મારી દે છે. નાકમાં ફોલ્લી થાય છે તો ફૂલ સૂંઘી મટાડવાની ઇચ્છા રાખે છે. પણ એવી બેદરકારીથી જ્યારે રોગ પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપમાં બરાબર પ્રગટ થઈ વિક્રિયાને પામે છે, ત્યારે દોડાદોડ કરીને દશગણા પૈસા ખર્ચે છે, તો પણ અંતે તે દરદ મટતાં નથી. પરિણામે કોઇવાર શરીરનો ઉપયોગી ભાગ કાપી નખાવવો પડે છે.

ક્ષુદ્રરોગમાં જેને ચામડીના રંગ જેવી ગાંઠોવાળી, મગના જેવડી ફોલ્લીઓ થાય છે, તે **અજગલ્લિકા** કહેવાય છે. જેને કફ–વાયુમાંથી જવના દાણા જેવી કઠણ ગાંઠોવાળી, માંસના આશ્રયે રહેલી જે ફોલ્લી થાય છે, તે **યવપ્રખ્યા** કહેવાય છે. કફવાયુમાંથી કઠણ, વગર મુખની, લગાર ઊપસેલી ફોલ્લી થાય છે અને તેની આસપાસ ચાઠાં પડે છે તથા તેમાં પરુ ઓછું હોય છે, તેને **અંધાલજી** કહે છે. પિત્તના સંબંધથી મોટા મુખવાળી, બળતરા કરવાવાળી, પાકેલા ગુલ્લરના ફળ જેવી અને આસપાસ ચાઠાં પડેલી જે ફોલ્લી થાય છે, તે **વિદ્રુતા** કહેવાય છે. કફ–વાયુમાંથી ગાંઠો પડેલી સંખ્યામાં પાંચ કે છ, કઠણ અને કાચબાની પીઠ જેવી ઊપસેલી ફોલ્લીઓ થાય છે, તેનું નામ **કચ્છપિકા** છે. ગરદન, બગલ, બગલ, હાથ, પગ, સાંધાઓ તથા ગળું, આ સ્થાનો પર કીડીઓનાં દર પર જેવી ટેકરીઓ હોય છે, તેવડી ત્રિદોષજનિત ગાંઠ થાય છે; તેનો ઉપાય જો વખતસર કરવામાં નથી આવતો, તો તે ગાંઠ ધીમે ધીમે મોટી થઈ, તેને ઘણાં મુખ થાય છે અને તેમાંથી રસીનો સ્રાવ થાય છે. આ ગાંઠનાં મુખ ઊંચાં થયેલાં હોય છે અને તે ગાંઠ કાંડા ઉપર થતી બસની માફક ફેલાય છે. એ ગાંઠ જૂની થયા પછી તેનું ઓસડ કરવું મિથ્યા છે, તેથી એનું નામ **વાલ્મિક** પાડ્યું છે. વાયુ અને પિત્તના યોગથી કમળકૂલની વાટિકા જેવી એક ફોલ્લી વચમાં થઈ, તેની આસપાસ બીજી નાની નાની ફોલ્લીઓ થાય છે, તેનું નામ **ઇન્દ્રવૃદ્ધા** છે. વાતપિત્તમાંથી ગોળ ઊપસી આવેલું લાલ રંગનું ફોલ્લીઓથી ઘેરાયલું એવું જે ગોળાકર ચાઠું પડે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે ઘણું દુઃખે છે, તેને **ગર્દભિકા** કહે છે. વાયુ અને કફથી હડપચીના સાંધા પર કઠણ, મંદ પીડાકારક તથા ચળકતો એવો જે સોજો આવે છે, તે **પાષાણગર્દભ** કહેવાય છે. કાનની અંદર વાયુ અને કફથી ફણસની ગોટલી સરખી જે કઠણ ફોલ્લી થાય છે, તે ઘણા ઠણકા મારે છે, તેને **પનસિકા** કહે છે. આ ફોલ્લી વખતે કાનની બહાર પણ થાય છે. પિત્તમાંથી વિસર્પની પેઠે શરીરમાં અહીંતહીં પસરે એવો પાતળો તથા કિંચિત્ પાકી શકે એવો જે સોજો આવે છે અને તેમાં તાવ તથા બળતરા થાય છે, તેને **જાલગર્દભ** કહે છે. વાતકફાદિ ત્રણે દોષોમાંથી માથા ઉપર ગોળ અત્યંત પીડા સાથે તાવ લાવનારી અને ત્રિદોષનાં લક્ષણોથી યુક્ત જે ફોલ્લી થાય છે, તેને **ઈરિવિલ્લિકા** કહે છે. બાહુ (આખો હાથ) બગલ, બાહા અને પાંસળાં એ સ્થાનો પર પિત્ત કુપિત થવાથી જે ફોલ્લી થાય છે અને તે કાળી ફોલ્લીઓથી ઘેરાયલી વેદનાયુક્ત હોય છે, તેને **કક્ષા** કહે છે. પિત્ત વિકારયુક્ત થવાથી ફોલ્લા સરખી મોટી એક ફોલ્લી ચામડી ઉપર થાય છે તેને **ગંધમાલા** કહે છે. બગલની આસપાસ માંસના ટુકડા કરનારા જે ફોલ્લા થાય છે, તેમનાથી શરીરની અંદર બળતરા થાય છે અને તાવ આવે છે. આ ફોલ્લા અગ્નિ જેવા લાલચોળ હોય છે. જો તેમાં વાયુનું પ્રાધાન્ય હોય તો છ દિવસે, પિત્તનું પ્રાધાન્ય હોય તો બાર દિવસે અને કફનું પ્રાધાન્ય હોય તો રોગી પંદરમે દિવસે મૃત્યુ પામે છે; તેથી તે **અગ્નિરોહિણી** કહેવાય છે. વાયુ અને પિત્ત નખોના માંસમાં રહીને, બળતરા કરીને માંસને પકવે છે, તેથી તેને **ચિપ્પ** કહે છે. પગ ઉપર ચામડીના રંગે થોડી સૂજેલી પણ અંદરથી પાકેલી જે ફોલ્લી થાય છે, તેને **અનુસયી** કહે છે. વિદારીકંદ જેવી ગોળ, બગલમાં અથવા અંડસંધિમાં ત્રિદોષના દોષથી રાતા રંગની જે ગાંઠ થાય છે, તેને **વિદારિકા**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે છે. કફ, મેદ અને વાયુ એ ત્રણે માંસ, નસો અને સ્નાયુમાં પ્રવેશ કરી ગાંઠ ઉત્પન્ન કરે છે, તે ગાંઠ ફૂટ્યા પછી તેમાંથી મધ, ઘી કે ચરબીના જેવી રસી ઝરે છે. તેમાં વાયુ પાછો કુપિત થઈને વિશેષ વૃદ્ધિ પામી માંસને સૂકવી નાખી, ઝીણી ઝીણી સરસવના દાણા જેવી ગોળીઓ બનાવે છે, તેને **શર્કરા** કહે છે. ઉપર વર્ણવેલી શર્કરા થયા પછી જ્યાં તે થઈ હોય ત્યાંની રગોમાંથી દુર્ગંધયુક્ત, કલેદયુક્ત, ઘૃત, મેદ અને વસા જેવું વિવિધ રંગનું લોહી ઝરવા માંડે છે, તેને **શર્કરાર્બુદ** કહે છે. જે માણસને પગે ઘણી મજલ કરવી પડે છે અથવા જે માણસના પગ વાયુના સંબંધથી અત્યંત લૂખા પડી જઈ પગનાં તળિયાંમાં કીડા પડે છે, તેને **પાદદારી** કહે છે. ચાલતાં પગમાં પથ્થરની અણી ખૂંચવાથી કે કાંટો વાગી ભરાઇ રહેવાથી ચણીબોરના ઠળિયા જેવડી જે ગાંઠો બંધાય છે, તેને **કદર** અથવા **ખાણુ** કહે છે. ગંધાતો, સડેલો કાદવ પગના આંગળાંની વચ્ચે ભરાઇ રહેવાથી આંગળાંની વચ્ચેની ચામડી કોહી જાય છે, તેને **અલસ** કહે છે. પિત્ત વાયુ સાથે કુપિત થઈ માથાના વાળનાં છિદ્રોમાં જઇને રહે છે તેથી વાળ ખરી પડે છે. એટલે કફ અને રક્ત વાળનાં છિદ્રોને પૂરી નાખે છે, તેથી ટાલ પડેલા માથાના તેટલા ભાગ પર ફરીથી વાળ ઊગતા નથી, તેને **ઇંદ્રલુપ્ત** કહે છે. કફવાયુના કોપથી વાળવાળો માથાનો ભાગ અતિ કઠણ થઇ પછી તેમાં વલૂર આવે છે, ચામડી ખરબચડી થાય છે અને વલૂરવાથી થોડી રસી ફૂટી આવે છે, તેને **દારુણ** કહે છે. રક્ત, કફ અને કૃમિના સંબંધથી માથા પર જે ચકામાં પડે છે અને તેને ચાળણી જેવાં પુષ્કળ મોઢાં હોય છે તથા તેમાંથી રસી ઝરે છે, તેને **અરુંષિકા** કહે છે. ક્રોધ, શોક અને શ્રમથી ઉત્પન્ન થયેલી શરીરની ગરમી અને પિત્ત, આ બન્ને માથામાં જઈને માથાના વાળને પકવે છે; તે પ્રથમ ભૂરા રંગના અને પરિણામે સફેદ થાય છે, તેને **પલિત** કહે છે. કફ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાયુના કોપથી રૂના છોડના કાંટા જેવી જુવાન માણસના મુખ ઉપર ફોલ્લીઓ થાય છે તેને તારુણ્યપિટિકા કહે છે. કમળના કાંટા જેવા કાંટાથી ભરેલું પાંડુવર્ણું અને કંડુયુક્ત જે મંડળ ઊઠે છે અને જેમાં કફ અને વાયુ પ્રધાન છે, તેને પદ્મિનીકંટક કહે છે. કફ–રક્તથી જન્મની સાથેજ થયેલું એકસરખું, લગાર ઊપસેલું, પીડા વિનાનું જે મંડળ થાય છે, તેને જંતુઘ્ણિ (લાણું) કહે છે. વાયુથી અંગ પર અડદના દાણા જેવડી કાળી, વેદનારહિત, સ્થિર, કઠણ, ઉપરથી લગાર અધ્ધર એવી જે માંસની ગાંઠ બંધાય છે, તે માંસ (મસા) કહેવાય છે. વાત, પિત્ત અને કફના કોપથી તલ જેવડા કાળા રંગના ન દુઃખે એવા, ચામડીની લગોલગ ડાઘા પડે છે, તે તિલકાલક કિંવા તલ કહેવાય છે. શરીર પર મુખ વગરના તેમજ મોટા કિંવા નાના, કાળા અથવા ધોળા રંગના, પીડા વિનાના જે ડાઘા પડે છે, તેને ન્યચ્છ કહે છે. ક્રોધ અને શ્રમથી કુપિત થયેલો વાયુ, પિત્તમાં મળી જઇ, મુખ ઉપર આવી એક મંડળ ઉત્પન્ન કરે છે, તેને વ્યંગ કહે છે. ઉપર કહેલું મંડળ કાળું હોય છે અને તે મુખ તથા શરીર ઉપર ઊઠે છે, તેને તિલિકા કહે છે. ઉપસ્થ ઇન્દ્રિય ચોળવા કે રગડવાથી અથવા તેના ઉપર કાંઇ વાગવાથી, વ્યાનવાયુ કુપિત થઇ, ઇન્દ્રિયની કોથળીમાં ભરાઇ, પછી તે ચામડીને પાછી ખેંચી લાવે છે, એટલે ઉપર ચઢાવે છે. વળી તેનાથી ઇન્દ્રિયકોષ (આખી ઇન્દ્રિય) સૂજી આવી મણિની નીચે એક ઝૂલતી ગાંઠ બાઝે છે. તેમાં બળતરા થઇ ઠણકા મારે છે અને કોઇ વખતે ગાંઠ પાકે છે. એ ગાંઠ વાયુપ્રધાન છે. કફપ્રધાન થતાં તે ગાંઠ કઠણ થાય છે અને પિત્તપ્રધાન હોય તો પાકી જાય છે. એવી ગાંઠને પરિવર્તિકા કહે છે. જે સ્ત્રીની યોનિનું દ્વાર નાનું છે, તે સ્ત્રીની સાથે પરાણે સંભોગ કરવાથી, કિંવા ઇન્દ્રિયની કોથળીની ચામડીને બળથી હાથે ઊલટી કરી, ઉપર ચઢાવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાથી, કિંવા ઇન્દ્રિયને ચોળવાથી કે દાબવાથી અથવા શુક્રની ગતિને પરાણે ખેંચી અટકાવી રાખવાથી જે યોનિ અથવા લિંગ પરની ચામડી ફાટી જાય છે, તેને **અવપાટિકા** કહે છે. વાયુના સંબંધથી ઇન્દ્રિય પીડિત થતાં ઇન્દ્રિય પરની ત્વચા સૂજી જઈ મણિને ઢાંકી દે છે. તે મણિ ચામડીમાં ઢંકાઈ જવાથી પેશાબના માર્ગનો અટકાવ થાય છે, તેથી પેશાબની ધાર ન થતાં તેનાં ટીપાં ગળે છે, તેમ છતાં મૂત્ર ટપકતાં તણખા ઊઠતા નથી, પણ મૂત્ર બહાર આવી ચામડીને કુક્કાની પેઠે ફુલાવે છે અને તે મૂત્ર ટપકી ગયા પછી બેસી જાય છે અને તે ઢંકાયલો મણિ ખુલ્લો થતો નથી, તેને **નિરુદ્ધપ્રકાશ** કહે છે. મળમૂત્રાદિની ગતિને પરાણે દાબી રાખવાથી ગુદાશ્રિત વાયુ ઘેરાઇને ગુદાનો અવરોધ કરી, મળદ્વારનો માર્ગ સૂક્ષ્મ કરે છે. તે મળદ્વારનો માર્ગ એવી રીતે સંકોચાવાથી ઘણા કષ્ટથી મળ ઊતરે છે. આ ભયંકર વ્યાધિ **સન્નિરુદ્ધગુદ**ના નામથી ઓળખાય છે. ઝાડો થયા પછી બાળકની ગુદા ધોવામાં નથી આવતી અથવા તેના ઉપર પરસેવો વળ્યા પછી બાળકને નવડાવવામાં નથી આવતું, તો રક્તકફને લીધે વલૂર છૂટે છે અને ખંજવાળતાં તેના પર ફોલ્લાઓ ફૂટી નીકળે છે; જે ઝરવા લાગતાં અન્યોઅન્યથી જોડાઈ જાય છે, તેવા આ ભયંકર વ્યાધિને **અહિપૂતના** કહે છે. સ્નાન કરતાં જે માણસ પોતાના શરીરનો મેલ ઘસીને કાઢી નાખતા નથી, તે મેલ જામીને પોપડા બાઝે છે. આ મેલ પરસેવાથી ભીંજાતાં તેમાં ઘણી ચળ આવે છે અને વલૂરતાં તરતજ ફોલ્લીઓ ઊઠી આવી, તે પાકી તેમાંથી રસી ઝરવા માંડે છે. ખાસ કરીને આ રોગ કોથળી ઉપર વધારે થાય છે, તેથી તેને **વૃષણકચ્છુ** કહે છે. શરીરે સુકાયલો તથા અશક્ત એવો કોઇ પુરુષ કરાંજીને દસ્ત કરવાને મથતાં અથવા અતિસારથી ગુદાનો થોડોક ભાગ બહાર નીકળી પડે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને ગુદભ્રંશ કહે છે. બળતરાયુક્ત ફોર પર લાલ અને જેના ઉપરની ચામડી પાકી ગયેલી હોય એવી કંડુયુક્ત તથા તીવ્ર વેદનાયુક્ત જે સોજો અથવા વ્રણ થાય છે, તેને સુકરદંષ્ટ્ર કહે છે. એ પ્રમાણે આયુર્વેદાચાર્યોએ પોતાના જમાનામાં થતા તેંતાળીશ રોગોનું વર્ણન કર્યું છે; પરંતુ શારંગધરાચાર્યે ક્ષુદ્રરોગના સાઠ પ્રકાર લખેલા છે. એટલે ઝીણાં ઝીણાં સહજ કારણથી ઉત્પન્ન થતા ક્ષુદ્રરોગનું વર્ણન કરતાં પાર આવે એમ નહિ હોવાથી, મુખ્ય મુખ્ય બાબતોને તપાસી તેનું વર્ણન કરવામાં આવ્યું છે. એ ઉપરથી આપણને સમજાશે કે, હાલમાં ચાલતી શસ્ત્રક્રિયાની વિદ્યા (સર્જરી) તરફ આયુર્વેદના આચાર્યોએ ધ્યાન આપવાનું બાકી રાખેલું નથી. એટલે કહી શકાય કે, આયુર્વેદ શસ્ત્રક્રિયાના કામમાં અપૂર્ણતા બતાવતો નથી, પણ તે પૂર્ણપણે અનુભવ સાથે રચાયેલો છે, એ વાત નિર્વિવાદ છે.

તમામ ક્ષુદ્રરોગોમાં બનફસાનો બે આનીભાર ભૂકો પાણીમાં વાટી જરા સાકર નાખી દિવસમાં બે વાર પાવો. અથવા સુવર્ણમાક્ષિકભસ્મ એક રતીથી એક વાલ જેટલી દિવસમાં બે વાર મધમાં ચટાડવી. સુવર્ણમાક્ષિકભસ્મથી બહારનાં અને ભીતરનાં વહેતાં પરુવાળાં ચાંદાં રુઝાઈ જાય છે. અથવા ગંધક શેર એક લઈ, દૂધ શેર પાંચને એક તપેલીમાં મૂકી તેના પર કપડું બાંધી, તે કપડા પર ગંધક વાટીને પાથરી, તેના ઉપર લોખંડનો તવો તપેલીના મુખ જેવડો ઢાંકીને તેનો સાંધો ઘઉંની કણકથી બંધ કરી લેવો. તે પછી તવા ઉપર કોયલાનો તાપ કરવો જેથી ગંધક ગળીને દૂધમાં પડશે. તેને દૂધમાંથી કાઢી ગરમ પાણીથી ધોઇ લેવો. એવી રીતે ગંધકને સાત વખત દૂધમાં પિગળાવવો. તે દરેક વખતે દૂધ જુદું જુદું લેવું. દૂધને ફેંકી દેવું નહિ, પણ એકઠું કરી રાખવું. સાત વખત પકાવેલા ગંધકને બારીક વાટી તેમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ચોખાપૂર છ મહિનાથી અંદરના બાળકને, એક રતી છ મહિનાથી ઉપરના અને ત્રણ વર્ષની અંદરના બાળકને અને વધુમાં વધુ એક વાલ, મોટા માણસને દૂધ સાથે આપવાથી ચામડીની ઉપરના સૂકા તથા લીલા ક્ષુદ્રરોગો મટી જાય છે. અથવા એક શેર ગંધક લઇ, તેમાં બશેર મીઠું મેળવી દિવસમાં આઠ કલાક બરાબર ખલ કરવો. સાંજે તેને એક તપેલામાં કાઢી નાખી તેમાં ચોવીસ રતલ પાણી નાખી હલાવી રહેવા દેવું. બીજે દિવસે તેની ઉપરથી નીતરતું પાણી કાઢી નાખી, તળિયે જે ગંધક રહે તેમાં બીજું બે રતલ મીઠું મેળવી આઠ કલાક ખલ કરવો ને રાત્રે પાછું ચોવીસ રતલ પાણીમાં પલાળી સવારે નિતારી, પાછું બશેર મીઠું નાખી ખલ કરવો. એ પ્રમાણે એકવીસ વખત એટલે બેતાળીસ રતલ મીઠા સાથે ગંધકને ઘૂંટવો, જેથી ગંધકનો પીળો રંગ નીકળી જઇ તે સફેદ થાય છે. ગંધકમાંથી પાણી નિતારી કાઢતાં જેમ જેમ દિવસ જાય છે, તેમ તેમ ગંધક બારીક વટાયેલો હોવાથી પાણી સાથે ચાલ્યો જાય છે. એટલા માટે નીતરતું પાણી નીતરી જાય કે વધારાનું પાણી અટકાવી દઇ, તે તપેલાને કોડવંકું મૂકી, એક કપડાનો કટકો પાણીથી પલાળી, નિચોવ્યા વિના એવી રીતે મૂકવો કે, તેનો એક છેડો ગંધક પર પહોંચે અને બીજો છેડો ગંધકવાળા તપેલાની કોરની નીચે લટકતો રહે, એટલે સાયફનની રીતે ગંધકમાંનું તમામ પાણી બહાર ટપકી જશે અને ગંધક પાણી સાથે જશે નહિ પણ તપેલામાં કોરો પડી જશે. તેવી રીતે એકવીસ વખત ગંધક વાટ્યા પછી તે ગંધકમાં ચોખ્ખું પાણી ઉમેરી તે બૂકાને ધોઇ લેવો; એટલે તેમાંનું પાણી પણ સાયફનની રીતે બહાર ટપકાવી કાઢવું. એક વાર, બે વાર કે ચાર વાર ચોખ્ખા પાણીએ ધોતાં તે પાણીને ચાખી જોતાં બારાશ લાગે નહિ ત્યારે જાણવું કે, ગંધકમાં મીઠાનો ભાગ રહ્યો નથી. પછી તેને તડકે સૂકવી શીશીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરી મૂકવો. આનું નામ ગંધકરસાયન પાડયું છે. એ ગંધકરસાયન એક રતીથી બે રતી સુધી દૂધ સાથે, ઘી સાથે અથવા મધ સાથે દિવસમાં બે વાર આપવાથી, જૂના પરમિયા, જૂના વિસ્ફોટક, ફિરંગરોગથી બગડીને પાકતી આંખો અથવા ફિરંગરોગથી બગડીને પાકતા અવયવોને રુઝાવી નાખે છે.

ક્ષુદ્રરોગના જુદા જુદા ગમે તેટલા ભાગ પાડવામાં આવેલા છે, પરંતુ તેમાં વાયુ, પિત્ત અને કફપ્રધાન તથા આગંતુકમાં પણ વાયુ પિત્ત ને કફપ્રધાન ગણી શકાય છે. એટલે વાયુપ્રધાન હોય તે પાકતો નથી પણ વેરાઇ જાય છે; અથવા એમ ને એમ રહે છે. પિત્તપ્રધાન હોય તે ઘણી ઝડપથી પાકી જાય છે અને કફપ્રધાન હોય છે તે ઘણી ધીમી ગતિએ પાકે છે અને ઘણે કાળે રુઝાય છે. આપણે આગળ જે આવાની દવા લખી છે, તે પૈકી વાયુપ્રધાન દર્દોમાં તથા કફપ્રધાન દર્દોમાં સુવર્ણમાક્ષિકભસ્મ વધારે કામ કરે છે અને પિત્તપ્રધાન દર્દોમાં બનફ્સા અથવા મંજીષ્ઠાદિ કવાથ અથવા ગંધકરસાયન ઘણી ઝડપથી કામ કરે છે. બોરજાનો મલમ, સાદો મલમ, તડકાનો મલમ અને ધોળો મલમ પણ અસરકારક કામ કરે છે. એટલા માટે એ રોગોના ઉપાય કરનારા વૈદ્યોએ બુદ્ધિપૂર્વક ચિકિત્સા ગોઠવવી કે જેથી કોઇ પણ જાતનો રોગ પોતે પ્રકટ થઈ બીજા રૂપમાં પલટાઇ જાય નહિ, પણ તે દરદને સારુંજ કરે.

ક્ષુદ્રરોગના કેટલાક અનુભવસિદ્ધ ઉપાયો

૧-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

દરાજનો મલમઃ-મનસીલ, રસકપૂર, આવચી, બોદાર, કાથો, ગંધક, કૂંવાડિયાનાં બીજ, શેરી લોણાન, પલાશપાપડો, સિંદૂર અને કપૂર એ સર્વેને વાટી વસ્ત્રગાળ કરી ધોયેલા ઘીમાં મલમ કરવો. આ મલમ ચોપડવાથી કાળી તથા લાલ દરાજ મટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને એ ભૂકાને કરંજિયા તેલમાં ચોપડવાથી ફોલ્લા, ખસ અને માથાની ઉંદરી પણ મટે છે.

૨–યતિશ્રી રવિહંસજી દીપહંસજી–સુરત

૧. ખરજવું વગેરેઃ–પારો તોલો ૧, ગંધક તોલો ૧, સોનાગેરુ તોલો ૧, બોદાર પથરી તોલો ૧ અને કુલાવેલું મોરથૂથુ બે આનીભાર લઇ એ સર્વને ખૂબ બારીક ઘૂંટી ઘોયેલા ઘીમાં મેળવી ઘસવાથી સૂકાં ખરજવાં, ખસ, ચાંદાં તથા ચામડીનાં દર્દો મટે છે. અથવા એની ઉપર કાળી દ્રાક્ષ, સોનામકઈ, ગુલાબનાં ફૂલ, મજીઠ અને ત્રિફળાની ફાકી આપતા જવું. ઉપલેા મલમ લગાડતાં આંખે અથવા મોંએ લાગે નહિ તે સમાલવું.

૨. વાલની દાળના કોલસાનેા ભૂકેા તોલા ૧૦, જૂના જોડાના ચામડાના કોલસાનેા ભૂકેા તોલા ૫, નગોડનાં પાતરાંની રાખ તોલા ૫, કાળાં મરી દાણા ૨૫ અને કપૂર તોલેા ૧ એ સર્વને વાટીને કરંજિયા તેલમાં મેળવી ચોપડે તેા ખસ અને ખૂજલી મટે છે.

૩. માયું, ગંધક, ફટકડી અને સાકરને વાટી પાણીમાં ગેાળી વાળી પાણીમાં ઘસી ચોપડવાથી દરાજ મટે છે.

૪. પપૈયાના ફળનું ડીચકું તોડવાથી જે ચીક નીકળે છે, તે ચીક દરાજ પર વલૂરીને ચોપડવાથી દરાજ પાકીને મટી જાય છે.

૩–વૈદ્ય બાળકૃષ્ણ રત્નેશ્વર–સુરત

૧. ગુલેઅરમાની શેર ૦।, ગંધક શેર ૦)ᖯ, બેરજો શેર ૦।, મોરથૂથુ શેર ૦)– (અધોળ) એ સર્વને વાટી વસ્ત્રગાળ કરી રાખવું. આ ચૂર્ણ ધુપેલ સાથે ચોપડવાથી ગમે તેવાં ચાંદાં મટી જાય છે. ઘારામાં ભૂકેા ભભરાવવાથી તે પુરાઇ જાય છે. લીંબુના રસમાં ચોપડવાથી દરાજ તથા ખરજવું મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ગાવજબાનનાં પાતરાં તોલા ૨, ચિનીકબાલા તોલો ૧, સફેદ કાથો તોલા ૨, એલચીના દાણા તોલો ૦॥, સફેદ તપખીર તોલા ૨ અને ગેરુ તોલો ૧ એ સર્વને વાટી ચૂર્ણ કરી ભભરાવવાથી અથવા ધોયેલા ઘી સાથે ચોપડવાથી ચાંદાં, ચાંદી વગેરે ઘણા રોગો મટે છે.

૪–વૈદ્ય ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી–સુરત

૧. ખૂજલીઃ–કપૂર તોલા ૪, રસકપૂર તોલા ૪, એલચી તોલા ૪, કાથો તોલા ૨ અને સિંદૂર તોલા ૨ લઇ ઝીણાં વાટી ૧૬ તોલા માખણ મેળવી, તાંબાના વાસણમાં નાખી, તાંબાના વાડકાથી ૨૪ કલાક ઘૂંટવું એટલે મલમ જેવું થશે. તે મલમ ચોપડવાથી અથવા માલિસ કરવાથી ખસ તથા ખૂજલી મટે છે.

૨. રાળ, કાથો, આમલસારો ગંધક, કપૂર, કંપીલો અને કલઇસફેતો સમભાગે લઇ, કપડછાણ કરી એકસો વાર ધોયેલા ઘીમાં મેળવી ચોપડવું. અથવા ઘસવાથી ફોંલ્લા, ખૂજલી, ખસ તથા ચામડીનાં તમામ દર્દો મટી જાય છે.

૩. મોરથૂથુ, ગંધક, બોદાર પથરી, હરતાલ, કલઇસફેતો, ફટકડી, મનસીલ, કાળાં મરી, કપૂર તથા કંકુ એ સર્વે સમભાગે લઇ વસ્ત્રગાળ કરી, કરંજિયા તેલમાં મેળવી ચોપડવાથી ખસ, ખૂજલી, ચાંદાં વગેરે ત્વકદોષ મટે છે.

૪. ધંતૂરાનાં પાતરાંનો રસ કાઢી તડકે સૂકવવો. ચોપડવા જેવો જાડો થાય, ત્યારે તેને ખૂજલીવાળી જગ્યા પર ચોપડી બે કલાક બાદ ધોઈ નાખવો. એ પ્રમાણે ૧૫ દિવસ સુધી બરાબર કરવાથી ખૂજલી ને ખસ મટી જાય છે.

૫. ભોંયપાતરીનાં પાન ૦॥ તોલો લાવી પાણીમાં વાટી ૦। શેર પાણી બનાવી, તેમાં સાકરનો ભૂકો તોલો ૦॥ નાખી પાવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરમીના રોગોમાં સારસાપરીલા કરતાં વધારે ફાયદો કરે છે. બસ તો માત્ર ત્રણ દિવસમાં મટે છે. આંખની બળતરા શાંત કરે છે અને તપી ગયેલા લોહીને ઠંડું પાડે છે.

૬. ઠંડી પડીઃ–ઉનાબ, સાથરા, ગાવજબાન, બનફસા, નીલોફર, કાસની, ગુલાબનાં ફૂલ, ગળો, વરિયાળી, ચિનીકબાલા ને સોનામકઇ એ ૧૧ ચીજ તોલો તોલો સમભાગે લઈ, બરાબર સાફ કરી, તેને બાંડી તેમાંથી બે તોલા ભૂકો લઇ અગિયાર તોલા પાણીમાં પલાળી ચોળીને કપડે ગાળી, સાંજની પલાળેલી સવારે અને સવારની પલાળેલી સાંજે ઠંડી ને ઠંડી પાવાથી, ગરમીથી રહી ગયેલા સાંધા છૂટી તેના પર આવેલો સોજો મટાડે છે અને શરીરમાંની તમામ બોટી ગરમીને બારી કાઢે છે.

૭. દરાજના ઉપાયઃ–કાંટાસરિયાનાં પાતરાં દિવસમાં બે વાર ચાર દિવસ સુધી દરાજ ઉપર ચોળવાથી દરાજ મટી જાય છે ને ફરીથી થતી નથી.

૮. ગુલબાસનાં પાતરાં અને મીઠું વાટીને દરાજને ઘસી તે ઉપર ચોપડવાથી દરાજ મટી જાય છે.

૫–વૈદ્ય અંબારામ શંકરજી–વાગડ

૧. ભરનીંગળ માટેઃ–ચોખ્ખું મધનું મીણ તથા ચંબેલીનું તેલ મેળવી આગળી (પટ્ટી) બનાવી લગાડવાથી ગમે તેવું ભરનીંગળ તથા દાઢોડી મટી જાય છે.

૨. દાંતિયો પાણો (ધાપહાણ) જે થાય છે, તેને લાવી બાળવો. પછી ઘીમાં મેળવીને ૧૦૮ પાણીએ ધોવો. એ મલમ લગાડવાથી ભરનીંગળ, ગૂમડાં તથા દાઢોડી મટે છે.

૩. નહિ રુઝાતાં ગૂમડાં તથા ચાંદીઃ–કાથો, મોરથૂથુ, લોબાન અને રાળ એ ચારે સરબે વજને લઈ, તલના તેલમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવી ૧૦૮ પાણીએ ધોઇ લગાડવાથી ભિંગડું વળી ગમે તેવો ચાંદી તથા નહિ રુઝાતાં ગૂમડાં રુઝાઇ જાય છે.

૪. ભરનીંગળ ગૂમડાં માટે પટ્ટી:-સિંદૂર ૩ ભાગ, રાળ ૦॥ ભાગ, મીણ ૧ ભાગ, મજીઠ ૦॥ ભાગ, કપૂર ૦। ભાગ, કાથો ૦। ભાગ, સફેતો ૦॥ ભાગ, કપૂરકાચલી ૦। ભાગ, મોરથૂથુ ૦। ભાગ, તીખાં ૦। ભાગ, કોડિયો લોબાન ૦। ભાગ, બેરજો ૦। ભાગ અને એરંડતેલ ૧૩ ભાગ લઈ, પ્રથમ એરંડતેલ ગરમ કરી તેમાં સિંદૂર નાખવું. જ્યારે તેનો કાળો રંગ થાય ત્યારે રાળ નાખવી, પછી મીણ નાખવું, પછી તેને ઘૂંટી તેમાં કપૂર તથા સફેતો નાખવાં અને ત્યાર પછી બાકીની ચીજો મેળવી તેમાં કાચબાના અસ્થિની ભસ્મ વાલ ૨ નાખવી. (કાચબાનાં ખોખાં હોય તેની ભસ્મ કરવી) પછી તે બધી વસ્તુને ૨૧ પાણીથી ધોવી. તે લગાડવાથી ભરનીંગળ, ગૂમડાં વગેરે મટે છે.

૬-વૈદ્યશાસ્ત્રી એસ. એલ. બર્મન-સુરત

દરાજની સોગઠી:-ગંધક, ગુજ્જર, ફટકડી તથા ખડિયોખાર બારીક વાટી દૂધમાં ખરલ કરી સોગઠી બનાવવી. એ સોગઠી સ્લેટ પર ઘસી પાતળી દરાજ પર ચોપડવાથી સારી થઈ જાય છે.

૭-વૈદ્ય દુર્ગાપ્રસાદ ગંગાધર-પોરબંદર

રતવા માટે:-સોનાગેરુને છાશમાં વાટી ચોપડવાથી રતવા મટી જાય છે.

૮-વૈદ્ય રાઘવજી માધવજી-ગોંડલ

૧. મોરથૂથાનો અર્ક:-મોરથૂથુ ફુલાવેલું તોલો ૦॥, બોદાર તોલો ૧ અને ગાયના દૂધનું દહીં શેર ૧॥ લઈ તેમાં ઉપલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૂર્ણ મેળવી તેને કપડામાં બાંધી લટકાવવું. તેમાંથી અર્ક ટપકાવવા માટે એક કાચનું વાસણ મૂકવું અને જે પાણી ટપકીને પડે તે પાણીથી ધારાં, ચાંદી વગેરે ધોવાથી જલદી ફ્રઝ આવી જાય છે.

૨. મોરથૂથુ તોલા ૨॥ અને જસત તોલા ૨॥ લઈ પહોળા મોઢાની બાટલીમાં ભરી, તેમાં પાણી તોલા ૨૦ નાખી તડકે રાખવું. આમાં મોરથૂથુ અને જસત બંને એકરસ થઈ જશે. ત્રીજે દિવસે તેને હલાવ્યા સિવાય ઉપરથી નીતર્યું પાણી કાઢી લઈ, તે પાણીને તડકે સૂકવી શીશીમાં ભરી રાખવું. આને ઝીંક કહે છે. આ ઝીંકનાં ટીપાં બનાવવાં. એનાથી બીલ અને તાપોલિયાં મટે છે.

૯–વૈદ્ય નંદરામ મોરારજી–કંથારિયા

બરજવા માટેઃ–ફિનાઇલને તપબીર દાણતાં ફ્રઝ આવે છે.

૧૦–માસ્તર નરભેરામ હરજીવન–નવાગામ

૧. બરજવા માટેઃ–કરંજિયું તોલા ૫, મધ તોલા ૫, મીણ તોલા ૫, મોરથૂથુ તોલો ૧ અને કપૂર તોલો ૦॥ લઈ એનો મલમ કરી ચોપડવાથી લીલું, સૂકું અને કચકચતું અથવા કોઈ પણ પ્રકારનું બરજવું હશે તો પણ મટી જશે. તેમજ દાદર, બસ વગેરે ઉપર આ મલમ ચોપડવાથી મટશે.

૨. બસ માટેઃ–આંબાહળદર અને કાળીજીરી બારીક વાટી ઘીમાં મેળવી ચોપડવાથી બસ મટે છે. અથવા એ ચૂર્ણને પાણી સાથે બારીક વાટી શરીરે ચોળવાથી લૂબસ તથા કરદ મટે છે.

૧૧–વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

૧. શીળસ માટે મલમઃ–બોદાર ટાંક ૪, મોરથૂથુ ટાંક ૨, બાપરિયું ટાંક ૧, મનસીલ ટાંક ૪, કંપીલો ટાંક ૨, હીરાદબ્બણ ટાંક ૮ અને મરી ટાંક ૪ લઈ કુલેલ તેલ અથવા સરસિયા તેલમાં વાટી બરડ કરવાથી શીળસ મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. કંઠમાળની આગળીઃ-(પટ્ટી) કંઠમાળ પાકી, ફૂટી ઝરે છે, ત્યારે આ મલમ લાગુ પડે છે. તે નીચે પ્રમાણે છેઃ-

અફીણ તોલો ૧, સિંદૂર તોલો ૧, ચોખ્ખું મીણ તોલો ૧, ચોખ્ખું તલનું તેલ તોલા ૫ અને ચોખ્ખું એરંડિયું તોલા ૫, એ સર્વને મેળવી તેની આગળી બનાવવી. તૈયાર થવા આવે ત્યારે તેમાં લીમડાની કૂંપળો નાખી હલાવવું. ઉકાળો આવે ત્યારે ટીશીઓ હલાવી પછી લીમડાની ટીશીઓ કાઢી લઈ, તે મલમની ઝીણા લૂગડા ઉપર પટી બનાવી લગાડવાથી કંઠમાળ રુઝાઈ જાય છે.

૧૨-વૈદ્ય પ્રભાશંકર વૃંદાવનદાસ-ધંધુકા

દરાજની સોગઠીઃ-લાકડિયો ગંધક તોલા ૪, મોરથથુ તોલો ૧, ખડિયોખાર તોલો ૧, સાકર તોલો ૧, ગૂગળ તોલો ૦॥, કૂંવાડિયાનાં બી તોલો ૧, બાવચી તોલો ૧ અને રાળ તોલો ૧, એ સર્વનું ચૂર્ણ કરી લીંબુના રસમાં ખૂબ ઘૂંટી ગોળી વાળવી. આ ગોળી પાણીમાં ઘસી દાદર ઉપર ઘસી લગાવવાથી કાળી તથા લાલ દરાજ મટે છે.

૧૩-છગનલાલ લલ્લુભાઇ-ડભોઈ

લીંપવાની પીળી માટી લઈ, નહાતી વખતે દાદરના ભાગને પલાળી તેના ઉપર માટી ઘસવી. સારી પેઠે રગડ્યા પછી ઠંડા પાણીથી નાહી લેવું, જેથી દાદર મટે છે.

૧૪-જોષી રામકૃષ્ણ રેવાશંકર-જાદર

૧. ખસ માટેઃ-મેંદીનાં પાન વાટી ખૂબ મસળવાથી ખસ મટે છે. ખસમાં ખૂજલી બહુ થતી હોય, તો કૂંવાડિયાનાં બીજ છાશમાં વાટી ચોપડવાથી મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ખીલ માટેઃ–કચ્ચાનાં બીનું તેલ ચોપડવાથી મટે છે, તેમજ ચંદન ઘસી ચોપડવાથી બીલ તણાઇ પાકી ફૂટે છે,

૩. પિત્તપાપડો લીંબુના રસમાં વાટી ચોપડવાથી બસ, બીલ વગેરે મટે છે.

૪. રતાંજળી મધમાં ઘસી ચોપડવાથી બસ મટે છે.

૫. ગળાનો સોજો જાંબુ બાવાથી મટે છે.

૬. બદામની પોટીસ ગૂમડાં અને ત્વચારોગ પર બાંધવાથી ગૂમડાં મટે છે.

૭. ગાંઠવાળાં ગૂમડાંઃ–આમલીનાં બી (ચિચોડા) ને વાટી પાણી સાથે મેળવી ચોપડવાથી જલદી પાકી ફૂટે છે.

૮. ગૂમડું પકવવા માટેઃ–કુંવારની પોટીસ બાંધવાથી ગૂમડું પાકે છે.

૯. ગળાનો સોજોઃ–સમુદ્રફળ ઘસીને ચોપડવું.

૧૫–વૈદ્ય જમનાદાસ મદનજી વૈષ્ણવ–વેરાવળ

૧. ઝીણાં ઝીણાં તથા ગડ થવાની શરૂઆત હોય, ત્યારે કુંભારના ચાકડાની માટી જરા પાણી સાથે મેળવી ચોપડવી. અથવા મેંગલોરનાં નળિયાંની ભૂકી જરા પાણીમાં મેળવી લગાડવી.

૨. શંખજીરું ૨, કાંસાંજણ ૧, સફેદ ચાક ૧ અને કપૂર ૦।। ભાગ મિશ્ર કરી ઠંડા પાણીમાં વાટી અથવા ગુલાબજળમાં મેળવી ચોપડવાથી પાકચા વગર મટે છે. તેમજ શીતળાનાં ચાંદાંઓને પણ મટાડે છે.

૩. ગૂમડાં પાક ઉપર આવે તો ઘઉંનો લોટ તથા અળસીની પોટીસ મારવી, જેથી ફૂટી જાય છે. ફૂટી ગયા બાદ આંબાનાં પાનની રાબ દબાવવી જેથી જલદી રૂઝ આવી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬-વૈદ્ય શ્યામચંદ ગોવર્ધનરામ-ખાખરેચી

દાદર, પામા માટેઃ-આમલસારો ગંધક, સિંદૂર, બોદાર ફટકડી અને મનસીલ એને વસ્ત્રગાળ કરી, પછી તેને કડવા તેલમાં મેળવી ચોપડવી અને ખૂબ ઘસવાથી દાદર તથા પામા મટે છે.

૧૭-વૈદ્ય પ્રભાશંકર વૃંદાવનદાસ-ધંધુકા

ખસનો મલમઃ-મરી તોલો ૧ અને ચૂલાની પાકી લાલ માટી તોલો ૦ા એને વસ્ત્રગાળ કરી તેમાં પચે તેટલું સરસિયું તેલ નાખી, પિત્તળની થાળીમાં પિત્તળના વાટકાથી બે દિવસ સુધી ઘૂંટી ચોપડવાથી ખસને જલદી મટાડે છે.

૧૮-વૈદ્ય જમિયતરામ કેશવરામ-મુંબઈ

ખરજવું તથા દાદરઃ-કપૂર તોલો ૦ાા, ચોખ્ખો કાથો તોલા ૨, મરી તોલો ૧, મોરથૂથુ ફુલાવીને તોલો ૦ા લઈ કાળાં મરીને બાળી રાખ કરવી. પછી એ સર્વને મેળવીને બારીક વાટવું. ગાયનું ઘી શેર ૦ા, એકસો પાણીએ ઘોઈ તેમાં મેળવી ચોપડવાથી ખરજવું, દાદર, ઝેરી ચાંદાં તથા જૂનાં દરદોને મટાડે છે. આ મલમ બહુજ થોડા પ્રમાણુમાં આંગળી ઉપર લઈને ઘસવો, નહિ તો દરદીને એકદમ અગન બળશે. આ મલમથી સેંકડો નબ્બાણું દરદી સારા થયા છે.

૧૯-વૈદ્ય વાસુદેવ નાગરદાસ-જસકા

ખરજવાનો ઉપાયઃ-અડાયાં શેર ૫ લઈ, તેના કટકા કરી તેની ઉપર એરંડિયું તેલ તોલા ૨ાા છાંટવું, મોરથૂથુ તોલો ૧ છાંટવું, આકડાનાં મૂળ શેર ૦ા અને બકરાંની લીંડી શેર ૧ાા લઈ એ સર્વ એક માટીના વાસણમાં ભરી તળિયે કાણું પાડી, પંદર છાણાંના અગ્નિમાં પકાવી ચુવો પાડવો. ખરજવાને સાબૂથી ધોઈને ચોપડવું, જેથી સાત દિવસમાં મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦–માસ્તર લલ્લુભાઈ નાનાભાઈ–બોરુ

બરજવાનો મલમઃ–સિંદ્વર, સિંધવખાર, સાકર, હળદર, દારુહળદર, મનસીલ અને ઉપલેટ સર્વ સમભાગે લઈ વાટી ઘીમાં મેળવી ચોપડવાથી બરજવું મટે છે.

૨૧–વૈદ્ય દત્તાત્રેય ભગવાનજી

ચાંદી–ટાંકીનો મલમઃ–ગધેડાનાં લીંડાં બાળી રાખ કરી ધુપેલમાં લગાડવાથી ત્રણ દિવસમાં ચાંદી મટે છે. અથવા શંખ-જીરું શેર ૦)૨, કલઈસફેતો તોલા ૨, આરતી કપૂર તોલો ૦ા, મીણ૫ત્તી તોલો ૧ અને ઘી શેર ૦)૨ લઈ, જૂનું ઘી તથા મીણ-૫ત્તીને તાવીને ઉતારીને તેને ખૂણ પાણીએ ઘોઈ, ફીણીને પછી ભૂકો મેળવી મલમ બનાવી ચોપડવાથી પણ ચાંદી મટે છે.

૨૨–વૈદ્ય અંબાશંકર લીલાધર પાંડે–મુંબઈ

બસ અને બૂજલીનો ઉપાયઃ–તાંદળજાની ભાજીમાં થોડોક સૂરોબાર મેળવી વાટી ચોપડવાથી બસ તથા બૂજલી (બાજી) તરત મટે છે.

૨૩–ચહેલિયાના એક વૈદ્યરાજ

૧. ગડ કે પાકુંઃ–શીમળાની છાલ વાટી તેમાં મીઠું મેળવી ગોમૂત્રમાં રાંધી લેપ કરવાથી એકદમ ફૂટી જાય છે.

૨. કંઠમાળ, દાદર, બરજવું અને ચાંદી માટેઃ–સાઠી ચોખા શેર ૦ા, લેંસનું દહીં શેર ૧ અને હળદર તોલા ૨ લઈ, પ્રથમ ચોખામાં હળદર નાખી એક કાચના પ્યાલામાં ભરવા અને દહીંને એક કપડામાં બાંધી અધ્ધર ટિંગાડવું. તેની નીચે ચોખા તથા હળદરવાળું પ્યાલું મૂકી એક રાત્રિ રહેવા દેવું. સવારે પાણી-માંથી ચોખા કાઢી સૂકવી ઊંચો સ્પિરિટ લઈ, તેમાં તે ચોખાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં સુધી તાર ન થાય ત્યાં સુધી ખૂબ વાટવા. મલમ તૈયાર થયે કપડા પર પટ્ટી બનાવી લગાવી દેવાથી છ માસની અંદરની કંઠમાળ, દાદર, ખરજવું, ચાંદી વગેરેને મટાડે છે.

૨૪-વૈદ્ય દેવજી આશુ

ગૂમડાં માટે:-નવસાર ભાગ ૨ અને કપૂર ભાગ ૧ પાણી સાથે વાટી ગૂમડાં ઉપર ચોપડવાથી ઠંડક આવશે.

૨૫-ડૉક્ટર પ્રભાશંકર કૃષ્ણ પંગે-મુંબઇ

રસવંતી ઘસી પાણીમાં લેપ કરવાથી ગ્રંથિ, સોજા, ઘા અને સાંધાના દુખાવાના જખમ ઉપર ચોપડવાથી પાકી, ફૂટી, પરુ નીકળી રુઝાઇ જાય છે.

૨૬-વૈદ્ય કનૈયાલાલજી પુરાણી-તાલ (માલવા)

પાકા મૂળાનો રસ ચોપડવાથી ચામડી ઉપર થતા કરોળિયા તેમજ પગનાં તથા હાથનાં તળિયાંમાં ફાટ પડે છે તે મટે છે.

૨૭-વૈદ્ય નારુશંકર હરગોવિંદ-બારડોલી

કુદરડી નામની વનસ્પતિ થાય છે, જેને હાથે મસળતાં બરાબ ગંધ આવે છે. તેનાં સાડાત્રણ પાતરાં ગોળમાં મેળવી બવાડી દેવાં. આથી શરીરના કોઈ પણ ભાગમાં કાંટો (બાવળનો) ભોંકાયો હોય અને અંદર રહી ગયો હોય, તે કાંટો અંદર ગળી જાય છે અને પીડા મટી જાય છે. એકજ વાર ગળવાથી ફાયદો થાય છે.

૨૮-વૈદ્ય કેશવરામ હરિશંકર ભટ્ટ-કાપોદ્રા

૧. ખરજવું:-ખરજવાવાળી જગ્યાને સાબૂથી સાફ કરી, પછી દાતણ કર્યા વિના વાસી મુખે બાવચીનાં બિયાં ચાવી ચાવીને લૂગદી કરી ખરજવા ઉપર ચોટાડી ઉપર પાટો બાંધવો. તે પાટો એક મહિને છોડવો એટલે ખરજવું મટી જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ઘવડાનો ઉપાયઃ–ઘોડાવજ ૦)ᖯ, દારુહળદર ૦)ᖯ, કડુ ૦)ᖯ, આમળાં ૦)ᖯ, હરડાં ૦)ᖯ, બહેડાં ૦)ᖯ, લીમછાલ ૦ા શેર, ગળો ૦ા શેર, મજીઠ ૦)ᖯ એને છૂંદીને સાત ભાગ કરવા. તેમાંથી એક ભાગ પાણીમાં પલાળી સવારે ઉકાળવો. ૦ા શેર પાણી રહે ત્યારે પાવું. કુચા સાંજે ઉકાળવા, એમ સાત દિવસ પાવાથી ઘવડો, ચાંદાં વગેરે મટે છે.

૨૯–વૈદ્ય આણંદજી અને પીતાંબર સવજી–રાજગોર

પથ્થરફોડીઃ–પથ્થરફોડીનાં પાન પાણીમાં વાટી લૂગદી લગાવવાથી ભરનીંગળ ગૂમડાં વગેરે તત્કાળ મટે છે. શસ્ત્રક્રિયા કરાવવાની જરૂર નથી, તેમજ શસ્ત્રક્રિયાથી નહિ મટેલાં ગૂમડાં આ વનસ્પતિથી મટ્યાં છે.

૩૦–એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. બસ્ત માટેઃ–બાવચી, રાળ, આંબાહળદર, મોરથૂથુ, પારો અને ગંધક લઈ પારા સિવાયની સર્વ ચીજોને બાંડી ઝીણું ચૂર્ણ કરી, પારો મેળવી સરસિયું તેલ તોલા ૧૦ મેળવવું. તેને એકસોઆઠ પાણીથી ઘોઇ લગાડવાથી બસ મટે છે.

૨. ગધેડાંનાં લીંડાંનો અર્ક કાઢી લગાડવાથી બરજવું મટે છે.

૩. ભયંકર વ્રણઃ–ઘી તોલા ૧૦ લઈ એકસો પાણીથી ઘોઈ મીણ તોલા ૨ા ગરમ કરી મેળવી, તેમાં નીચેની ચીજોનું ચૂર્ણ મેળવવું. એલચી તોલો ૦ા, સિંદૂર તોલો ૦ા, મીઠા પાણીના કાચબાની પીઠની ભસ્મ તોલા ૨ અને કાગડાની અઘાર તોલો ૧ લઈ તેનું ચૂર્ણ કરી મેળવી, તૈયાર કરેલ મલમ લગાડવાથી નહિ રુઝાતા ભયંકર વ્રણો તરતજ રુઝાય છે.

૩૧–વૈદ્ય ગોવર્ધનરાવ–પાટણ

તળગરમીનો ઉપાયઃ–એળિયો તોલો ૧ અને દિકામાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોલો ૧ એ બંનેનું જુદું ચૂર્ણ કરી સવારમાં તોલા ૦૫ ભાર દિકામાલી આપવી તથા સાંજે બે આનીભાર એળિયો સૂતી વખતે આપવો. આ ઉપાય સાત દિવસ કરવાથી ખોટી ગરમી, દાદર તથા ખસ વગેરે તમામ દર્દો મટે છે.

૩૨-ગાંધી કચરાલાલ જેઠાલાલ-પાટણ

માંકડી મૂતરે છે તેનો ઉપાયઃ-આ ઉપદ્રવ અડાયાંની રાખ લગાડવાથી જો કે મટે છે, પરંતુ લીંબુનો રસ કાઢી તેમાં ચૂલા ઉપરનો ધુમાડો મેળવીને તે ઉપર ચોપડવું. એથી બળતરા જરા પણ થતી નથી અને જલદી સુકાઇ જાય છે. તેમજ જલદી ચેપ પ્રસરતો નથી એ અનુભવસિદ્ધ છે.

૩૩-વૈદ્ય ભવાનીશંકર ગોવિંદજી-સુરત

દરાજનો ઉપાયઃ-પારો તોલો ૧, ગંધક તોલો ૧, મોરથૂથુ તોલો ૧, શેરી લોબાન તોલો ૧, સરસવ તોલો ૧, ટંકણખાર તોલો ૧, આમળાં તોલો ૧, કૂંવાડિયાનાં બીજ તોલો ૧, બાવચી તોલો ૧, આંબાહળદર તોલો ૧, ધોળાં મરી તોલો ૧, બંદૂકનો દારૂ તોલો ૧, સોનાગેરુ તોલો ૧, બોદાર તોલો ૧ અને શંખજીરું તોલો ૧ લઈ એ સર્વ વાટી કૂંવાડિયાનાં પાનના રસમાં મેળવી ચોપડવાથી દશ વરસની જૂની દરાજ મટે છે, ચાંદી પણ મટે છે.

૩૪-બ્રહ્મચારી આત્મારામ ત્રિવેદી

ખરજવું:-વાંદરાની બાવર, આમલીનાં છોડાં તથા ઉમરા (ગુલ્લર)નાં છોડાં લઈ સર્વેને બાળી રાખ કરવી. તે રાખને દેડિયા તેલમાં મેળવી ચોપડવાથી ખરજવું મટે છે.

૩૫-વૈદ્ય ભોળાનાથ નર્મદાશંકર સ્માર્ત-સુરત

ખસ તથા ચાંદાં માટેઃ-કંકુ, કાથો, કપૂર, કંપીલો, ગં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધક, મોરથૂથુ, હરતાલ, મનસીલ, પારો, ગોદાર, કાળાં મરી, એલચી, ચિનીકબાલા અને ટંકણખાર એ સર્વ સરખે વજને લઇ, બારીક બલ કરી બુપેલમાં, કરંજિયામાં અથવા કોપરેલમાં મેળવી ચોપડવું, જેથી બસ, ચાંદાં વગેરે મટે છે.

૩૬–વૈદ્ય નંદરામ માગજી–નાગેશ્રી

૧. ગલગંડ તથા કંઠમાળના ઉપાયઃ–સરસવ, સેકટાની છાલ (સરગવાનાં મૂળની), અળસી, મૂળાનાં બી, ચિત્રકમૂળ, સાપની કાંચળીની ભસ્મ એ સર્વનું બારીક ચૂર્ણ કરી લીંબુના રસમાં અથવા છાશમાં કે આકડાના દૂધમાં ઘૂંટી ઘાટો લેપ કરી લગાવવાથી ગ્રંથિને ફોડી નાખે છે. આ લેપ ગ્રંથિને ફોડી નાખવામાં ઘણોજ ઉત્તમ છે.

૨. ઉપરની ચીજોનું સમભાગે કરેલું ચૂર્ણ તોલા ૨, મરી તોલો ૦॥, નેપાળાની મીંજ તોલો ૦॥, બાવચી તોલો ૦॥, હિંગુલ તોલો ૦॥, બારીક વાટી સરસિયું તેલ તોલા ૮ ભાર લઇ ગરમ કરી તેમાં મીણ તોલા ૨ નાખી પિગાળી ચૂર્ણ મેળવી મલમ કરવો. આ મલમની પટ્ટી ગલગંડ, કંઠમાળ અને હરેક નહિ ફૂટતાં દર્દો ઉપર લગાવવાથી તે ગ્રંથિને ફોડી નાખે છે.

૩. ઘારાં તથા ચાંદાં રુઝાવવાનો મલમઃ–તલનું તેલ તોલા ૧૦ અને મીણ તોલા ૨ લઇ, પ્રથમ તેલને કડાઇમાં ગરમ કરી તેમાં લીંબડાનાં પાનનો તથા બીજડીનાં પાનનો પાંચ પાંચ તોલા રસ નાખી ક્ષીણ બેસી જઇ તેલ સિદ્ધ થાય એટલે ગાળી લેવું. પછી તે તેલને પાછું કડાઇમાં નાખી તેમાં મીણ મેળવી ઓગળી ગયા પછી રાળ તોલો ૦॥, બેરજાં તોલો ૦, લોબાન તોલો ૦॥, રસકપૂર તોલો ૦॥, મોરથૂથુ વાલ ૧, હીરાદબ્બણ તોલો ૦, ગાયના શિંગડાંની રાખ તોલો ૦॥, બોદાર તોલો ૦॥ અને સિંદૂર તોલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦।। લઇ, સુરમા જેવું ચૂર્ણ કરી, મેળવી હલાવતાં કાળાશ પડતો રંગ પકડે, ત્યારે અગ્નિ ઉપરથી નીચે ઉતારી લેવું. આ મલમની પટ્ટી મારવાથી પાકાં, ચાઠાં, ગૂમડાં આદિ ગમે તેવા વ્રણ જલદી રુઝાય છે. મલમ ઉત્તમ છે અને અનેક વખતઅજમાવ્યો છે.

૪. **શંખજીરાદિ મલમઃ**–પારો તોલો ૧, આમલસારો ગંધક તોલા ૨, મોરથૂથુ તોલો ૦।, શંખજીરું તોલા ૧૦ અને ખોદાર તોલો ૧ લઈ, પ્રથમ પારાગંધકની કાજળી કરી, તેમાં બાકીની ચીજો મેળવવી. (શંખજીરું જુદું ખલવું) પછી બારીક ખલી બાબણુમાં અથવા સાધેલ તેલમાં મેળવી, તાંબાના વાસણુમાં તાંબાના વાસણથી રગડી લૂખસ અથવા ખસ ઉપર ચોપડી સાંજે છાણ લગાવી, ગરમ પાણીથી નાહવું. એ પ્રમાણે ત્રણ દિવસ કરવાથી બળતરા સિવાય ખસ અવશ્ય મટે છે. ખસ માટે આ પેટંટ લાયક અજમાવેલો ઉપાય છે.

તેલમાં કે બાબણુમાં મેળવ્યા સિવાય ચૂર્ણ, ઘારાં તથા ચાંદાં ઉપર દાબવાથી તેને રુઝાવે છે. કર્ણસ્રાવ તથા નસકોરાંમાંથી વહેતા લોહીને તે જગ્યાએ કાગળની ભૂંગળીથી આ ચૂર્ણ ફૂંકવાથી અટકાવે છે.

૫. **રક્તવિકાર, ગંડમાળ, અપચિ, વિદ્રધિ, અરુજવ્રણ અને કંઠમાળ માટેઃ**–વરણાંની છાલ તોલા ૪, મજીઠ તોલા ૪, ઉસબો તોલા ૪, બનેડી (સારીવા) મૂળ તોલા ૪, ચોપચીની તોલા ૪ અને જૂઇનાં પાન તોલા ૪ લઇ બોબરાં કરી તોલા ચારનાં પડીકાં કરી, સવારે તથા સાંજે એકેક પડીકાનો કવાથ બનાવી પીવો. આ કવાથ ચાંદી, વિસ્ફોટક, મંડળ, અજીર્ણ તથા ઉપર બતાવેલા રોગો તેમજ (વાસી વિકારથી શરીર ઉપર થયેલ ફોડા), પ્રમેહપિટિકા અને દરેક રક્તવિકાર હણવામાં અત્યુત્તમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

. Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭–ડૉક્ટર ચંદુલાલ મુકુંદરાય–પાટણ

૧. અરૂચિ ચાંદી માટેઃ–રસકપૂર, સોનાગેરુ, ચીકણી સોપારીના કોલસા, કાથો, બોદાર અને કુલાવેલી ફટકડી એ સર્વે સમભાગે લઈ બારીક વાટી દાબવાથી અરૂચિ ચાંદી રુઝાવા માંડશે. આ દવાથી અગન બળતી નથી, પણ ઠંડી છે.

૨. બસ માટે અકસીરઃ–પારો તોલો ૧, લાકડિયો ગંધક તોલો ૧ અને ગૂગળ તોલો ૧ લઈ, પ્રથમ પારાગંધકની કાજળી કરી ગૂગળને પથ્થર ઉપર નરમ કરી કાજળીમાં મેળવી ઘી નાખી બૂબ બારીક લસોટી હાથ વગેરે જ્યાં બસ થઈ હોય ત્યાં ચોપડવી. આથી બસ, ચાંદી, ફોડા વગેરે મટી જશે. આ દવા ઠંડી છે તેમજ ફરીથી બસ થતી નથી, એ અનુભવસિદ્ધ છે.

૩. દરાજ માટેઃ–ગમે તેવી સખત કાળી અથવા લાલ દરાજ થઈ હોય તો દાડ્ડીનાં મૂળ તોલો ૧ તથા કાળાં મરી પાંચથી સાત વાટી, એક માસ પીવાથી દરાજ મટી શરીર સોના જેવું બને છે.

૪. બરજવું તથા દાદર માટેઃ–લાકડિયો ગંધક, ટંકણખાર અને રાળ લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરી બકરીના દૂધમાં ત્રણ તોલાની સોગઠી બનાવી, સૂકવી પાણીમાં ઘસી, દાદર અથવા બર જવા ઉપર ચોપડવાથી ઠંડક વળે છે અને મટી જાય છે. ચળ આવતી નથી, અનુભવસિદ્ધ છે.

૫. લૂબસ માટેઃ–દાડ્ડીનાં મૂળ શેર એક લઈ કપડે ચાળી તેમાં તલનું તેલ શેર ૧ મેળવી ધીમી આંચે સીજવી, લૂગડાથી ગાળી લૂબસ ઉપર ચોપડવાથી તરત આરામ થાય છે.

૩૮–મહારાજ મગનલાલ રણછોડદાસ–ધંધુકા

કપાસના છોડવામાંથી કપાસ કાઢયા બછી જે ડાલિયાં (કાલાં)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે છે, તે ઠાલિયાંને બાળી ભસ્મ કરી જાડા કપડાથી ચાળી, તે ભસ્મ એક તોલો લઈ કુલાવેલું મોરથૂથુ વાલ ૧ મેળવી સારું ધુપેલ મલમ થાય તેટલું મેળવી ખૂબ ઘૂંટી મલમ તૈયાર કરવો. અથવા બાવળની અંતરછાલ, બોરડીની અંતરછાલ, પીપરની અંતરછાલ, અરડૂસાની અંતરછાલ અને લીમડાની અંતરછાલ લાવી ઉકાળો કરી ઠંડો પાડી તે ઉકાળાથી ખૂબ ઘોઈ ઉપર લખેલો મલમ દિવસમાં બે અથવા ત્રણ વખત લગાડવો. આથી ગમે તેવું અસાધ્ય બરજવું હશે તો પણ એક અઠવાડિયામાં ચોક્કસ આરામ થઈ જશે. આ મલમ લગાવવાથી અગન બળશે, પણ થોડી વાર સહન કરવું. આ દવા બસ, લૂબસ વગેરે ઘણા રોગો ઉપર ચાલે છે અને રૂબ પણ જલદી લાવે છે. શીળસમાં શરીરે ચળ આવતી હોય તો શરીરે આ ભસ્મ ચોળવાથી મટી જાય છે અને આ ઠાલિયાંનો ધુમાડો કરવાથી ચાંચડ દૂર થાય છે.

૩૯-ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી-સુરત

૧. બૂજલી માટેઃ-તલના તેલમાં ધંતૂરાનાં પાતરાં નાખી તળી નાખવાં, પાતરાં બળી જાય ત્યાં સુધી તળવાં. પછી ઠંડું પાડી તેને કપડાથી ગાળી લઇ તે તેલ શીશીમાં ભરી રાખવું અને દરરોજ બૂજલી મટતાં સુધી માલિસ કરાવવું.

૨. બરજવા માટેઃ-મકાઇના દોડાના દાણા કાઢી લીધા પછી તેનું બાલી બોબું જે રહે છે, તે એક લઇ તેને અધકચરું બાળી (કોલસો કરવો) તેમાં પાંચસાત દાણા કાળાં મરી નાખીને બારીક ઘૂંટવું. બાદ તેને કરંજિયા તેલમાં મેળવી બરજવા પર માલિસ કરી ચોપડવું. આ ઉપાયથી ઘણાનાં બરજવાં મટી ગયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫–મુખરોગ, કર્ણરોગ, નાસારોગ, મસ્તકરોગ અને નેત્રરોગ

મુખરોગઃ–મુખરોગના પાંસઠ પ્રકાર માધવનિદાનમાં વર્ણવ્યા છે, પરંતુ શારંગધરે મુખરોગના ચૂંવોતેર પ્રકાર વર્ણવ્યા છે; એટલા માટે અત્રે શારંગધરના મત પ્રમાણેના ચૂંવોતેર પ્રકારનું વર્ણન કરીએ છીએ. એ ચૂંવોતેર પ્રકારના રોગનું, તેનાં લક્ષણો સાથેનું વર્ણન જોવું હોય તો શારંગધરની ટીકા વાંચવી. અત્રે માત્ર ચૂંવોતેર પ્રકારના રોગોનાં નામો તથા સ્થાનો આપવામાં આવે છે.

વાતજ, પિત્તજ, કફજ, ત્રિદોષજ, રક્તજ, ક્ષતજ, માંસાર્બુદ, ખંડોષ્ઠ, જલાર્બુદ, મેદોર્બુદ અને અર્બુદ એ પ્રકારે **અગિયાર રોગ હોઠમાં થાય છે** તથા દાલન, કૃમિદંતક, દંતહર્ષ, કરાળ, દંતચાલ, શર્કરા, અધિદંત, શાવદંત, દંતભેદ અને કપાલિકા એ પ્રમાણે **દશ પ્રકારના રોગ દાંતમાં થાય છે.** તથા શીતાદ, ઉપકુષ, દંતવિદ્રધિ, પુપ્પુટ, અધિમાંસી, વિદર્ભ, મહાશૌષિર, શૌષિર, વાતનાડી, પિત્તનાડી, કફનાડી, સન્નિપાતનાડી ને રક્તનાડી એ પ્રમાણે **તેર પ્રકારના રોગ દાંતના મૂળમાં થાય છે.** તથા વાતજ, પિત્તજ, કફજ, અધિજિહ્વા અને ઉપજિહ્વા એ પ્રમાણે **છ પ્રકારના રોગ જીભમાં થાય છે.** તથા અર્બુદ, તાલુપિટિકા, કચ્છપિ, તાલુસંહતિ, ગલતુંડી, તાલુશોથ, તાલુપાક અને પુપ્પુટ એ પ્રકારે **આઠ પ્રકારના તાલુરોગ થાય છે.** તથા વાતરોહિણી, પિત્તરોહિણી, કફરોહિણી, ત્રિદોષરોહિણી, મેદરોહિણી, વૃંદ, ગલૌઘ, ગલવિદ્રધિ, ખરટ્ટા, ખરહા, તુંડકેરી, ક્ષતઘ્નિ, તાલુક, અર્બુદ, ગિલાયુ, વલય, વાતગંડ, કફગંડ અને મેદગંડ એ પ્રમાણે **અઢાર પ્રકારના કંઠ-**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગ થાય છે. તથા વાતજ, પિત્તજ, કફજ, રક્તજ, સન્નિપાતજ દુર્ગંધાસ્ય, ઊર્ધ્વગુદ અને અધોદ એ પ્રકારે આઠ પ્રકારના મુખપાક થાય છે. એ રીતે ગણતાં મનુષ્યના મુખમાં ચૂંવોતેર પ્રકારના રોગો થાય છે. તેની ચિકિત્સા સમ્યક્ પ્રકારે વાયુ, પિત્ત અને કફ તથા રક્તદોષના નિયમ પ્રમાણે કરવી.

કાળું મંજનઃ-જૂના સડેલા સોપારીના કોયલા શેર ૦।, બદામનાં છોડાંના કોયલા શેર ૦।, સુથાર લોકો વાપરે છે તે ચાક શેર ૧, બોળ તોલા ૪, શેરી લોબાન તોલા ૪, રુમીમસ્તકી તોલા ૨ અને કપૂર તોલા ૮ એ સર્વને ખાંડીને તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. જો દાઢ દુખતી હોય તો આ કાળું મંજન વાલ અધો લઈ રૂમાં લપેટીને દુખતી દાઢ આગળ દાબવું. જો દાંતમાંથી પરુ નીકળતું હોય અથવા લોહી નીકળતું હોય અથવા દાંતમાં કળતર થતું હોય, ઠંડું પાણી પીતાં દાંત અત્યંત કળતા હોય તો દાંતે કાળું મંજન હલકે હાથે દિવસમાં બે વાર ઘસવું. એકંદરે દાંતના તથા દાંતનાં મૂળના તથા દાંતના મસોડાના રોગોમાં આ કાળું મંજન ઘણું સરસ કામ કરે છે.

અવાળુ (રાતું મંજન)ઃ-શેરી લોબાન શેર ૧ તેની છોડી વણી કાઢી, પછી તેમાં સોનાગેરુ શેર ૦। મેળવી ખાંડી વસ્ત્રગાળ કરી ભરી મૂકવું. ગમે તેવું અવાળુ સૂજેલું હોય તેમાં આ "અવાળુ" એક વાલ લઈ રૂમાં લપેટી સૂજેલા અવાળુ ઉપર દાબવું; એટલે એકજ દિવસમાં તે અવાળુ ફૂટીને દરદ નરમ પડી જશે. એક દાંત હાલતો હોય કે દુખતો હોય તો વડનું દૂધ રૂના પૂમડામાં લઈને દુખતા તથા હાલતા દાંત આગળ દાબવું. એથી દાંત પડવાનો હશે તો એની મેળે ઝટ પડી જશે અને જો નહિ પડવાનો હોય તો દુખાવો મટી હાલતો મટી જશે. જો દાંતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળમાં જીવડા પડચા હોય અને દાઢે સોજો આવી અત્યંત દુઃખતી હોય, તો રોગીને તડકે સુવાડી તેના કાનમાં તલનું તેલ મૂકવું. બે મિનિટ પછી તે તેલ કાઢી નાખી તે કાનમાં આબવાનાં પાતરાંનો રસ નિચોવવો. એટલે દાઢમાંના તમામ કીડા જીવતા ને જીવતા કાનને રસ્તે બહાર નીકળી જશે. અથવા લોંયરીંગણીના બીજને દેવતા ઉપર મૂકી તેના ઉપર ઊંધું વાસણ ઢાંકી, તે વાસણમાં છિદ્ર કરી તેમાં ભૂંગળી ભેરવી તે ભૂંગળી વાટે ધુમાડો દાઢને લગાડે તો દાઢમાંના તમામ જીવડા મરીને બહાર નીકળી જશે. આ બેઉ ઉપાય કર્યા પછી દાઢ ઉપર જે સોજો રહે, તેના ઉપર **સોજાની ગોળી** અથવા આંબાહળદર, લોધર અને બોળ ઘસી ઊના કરી ચોપડવાથી સોજો ઊતરી જાય છે. જો ગાલ યા દાંતની નાડી પાકવાથી ગળસૂણું થયાં હોય તો ઝેરકચૂરો, આમળું અને જૂનું કામકું પાણીમાં ઘસી ગરમ કરી ચોપડવાથી ગળસૂણું મટી જાય છે. જો મોઢું અથવા તાળવું પાકયું હોય તો કાળા પાણીના અથવા લીલા પાણીના કોગળા કરવાથી તે મટી જાય છે. પણ એટલું યાદ રાખવું કે, તે પાણીમાં બીજું સાદું પાણી ઉમેરી, તે મોંમાં બમાય તેવું બનાવી કોગળા કરાવવા. જો ગળામાં રોહિણી રોગ થયો હોય તો છ માસ સુધી પથ્યાગૂગળની બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર બવડાવવાથી તે મટી જાય છે.

કર્ણરોગઃ–કાનમાં થતા રોગો ત્રીસ પ્રકારના ગણવામાં આવ્યા છે. તેમાં વાતકર્ણ, પિત્તકર્ણ, રક્તકર્ણ, કફકર્ણ, સન્નિપાતકર્ણ, વિદ્રધિ, કર્ણશોથ, અર્બુદ, પૂતિકર્ણ, કર્ણાર્ષ, કર્ણહલ્લિકા, બાધિર્ય, તંત્રિકા, કંડુ, શષ્કુલી, કૃમિકર્ણ, કર્ણનાલ અને પૂતિનાલ એ પ્રમાણે **અઢાર જાતના રોગો કાનની નળીમાં થાય** છે. તથા ઉત્પાત, પાલિશોષ, વિદારી, દુઃબવર્ધન, પરિપોટ, લેહી અને પિપ્પલી એ રીતે **સાત પ્રકારના કર્ણપાલી રોગ થાય**

આ. ૯૯-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તથા વાત, પિત્ત, કફ, સન્નિપાત અને રક્ત એ પ્રમાણે પાંચ પ્રકારના કર્ણમૂળ રોગ કહેવાય છે. આ રોગનાં એ ત્રીસે પ્રકારનાં જુદાં જુદાં લક્ષણો અભ્યાસીએ માધવનિદાન તથા શારંગધરની ટીકામાંથી જાણી લેવાં.

કાન દુખતો હોય, કાનમાં ચસકા મારતા હોય અને કાનમાં ચળ આવતી હોય, તો તે કાનમાં સરસિયું તેલ મૂકવાથી સારું થાય છે. કાનમાંથી પરુ વહેતું હોય અથવા પાણી વહેતું હોય, તો તે કાનને સળી ઉપર રૂ લપેટી લૂછી લઇ, તેમાં સમુદ્રફીણ, અભિલ, કોડીની ભસ્મ અથવા કુલાવેલી ફટકડીનું બારીક ચૂર્ણ કરી, એ ચાર પૈકી ગમે તે ચૂર્ણ કાગળની ભૂંગળીમાં રાખી ફૂંકવાથી ઘણો ફાયદો થઈ સારું થાય છે. અથવા વડનાં પાકાં પાન, કરંજનાં પાન અને કાળિયા સરસનાં પાન લાવી છૂંદીને તેલમાં તળી કાઢવાં. તે તેલ કાનમાં મૂકવાથી પરુ તથા પાણી વહેતું બંધ થઇ જાય છે. ઘણી વાર કાનમાંથી એક મસો (કર્ણાર્શ) વધતો વધતો કાનની નળીને પૂરી નાખી અસહ્ય વેદના ઉત્પન્ન કરે છે અને તેને જોઇએ છીએ તો ચામડીથી કાન પુરાઇ ગયો હોય એવું દેખાય છે. તેવા દર્દમાં કાનની આસપાસ જેટલી જગ્યામાં દુખાવો હોય તેટલી જગ્યા ઉપર સોજાની ગોળી ચોપડાવવી અને કાનની નળીમાં પણ સોજાની ગોળી ઘસીને ભરી દેવી. આથી એક અથવા બે દિવસમાં તે મસો ફાટી જઈ તેમાંથી લોહી અને પરુ નીકળી જાય છે અને એજ ગોળી ભરવાની ચાલુ રાખવાથી તે રુઝાઇ જાય છે ને ફરીથી થતું નથી. કર્ણપાલી તથા કર્ણમૂળનાં દર્દોને માટે પાછળ લખેલા કોઇ પણ ઇલાજ કરવાથી તે મટે છે; પરંતુ કર્ણમૂળ ઉપર તેલ અથવા ઘીવાળો પદાર્થ લાગવા દેવો નહિ.

નાસારોગઃ-નાકના રોગ અઢાર પ્રકારના કહ્યા છે. વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિશ્યાય, પિત્ત પ્રતિશ્યાય, કફ પ્રતિશ્યાય, રક્ત પ્રતિશ્યાય, સન્નિપાત પ્રતિશ્યાય, આપિનસ, પૂતિનાશ, નાસાર્શ, ભ્રષ્યથુ, ક્ષવ, નાસાનાહ, પૂતિરક્ત, અર્બુદ, દુષ્ટપિનસ, નાસાશોષ, ઘ્રાણુપાક, પુટસ્રાવ અને દીપ્તક આ રીતે **અઢાર પ્રકારના રોગો** જાણી લેવા; પરંતુ એનાં જુદાં જુદાં લક્ષણો જાણવા માટે અમે શારંગધરની ટીકા વાંચવાની ભલામણ કરીએ છીએ.

નાકના રોગમાં **પ્રતિશ્યાય એટલે સળેખમનો રોગ** સાધારણ છે. એમાં માથા ઉપર દિવેલ ઘસાવવું અથવા માથા પર તથા કપાળ ઉપર અફીણનું પાણી કરી ચોપડવું. જો નાક ખૂલે નહિ અને બહુજ અકળામણ થતી હોય, તો કાયફળનું છોડું ઘણું બારીક વાટી મગની દાળ જેટલું સૂંઘાડવાથી પુષ્કળ છીંકો આવીને નાક ખૂલી જશે. વધારે સૂંઘવાથી પુષ્કળ છીંકો આવી વખતે નાકમાંથી લોહી પડે છે, એટલા માટે સાચવીને સૂંઘાડવું.

મસ્તક તથા કપાળરોગઃ—મસ્તકરોગ દશ પ્રકારના થાય છે. અર્ધાવભેદક, વાતજ શિરોભિતાપ, પિત્તજ શિરોભિતાપ, કફજ શિરોભિતાપ, રક્તજ શિરોભિતાપ, સન્નિપાતજ શિરોભિતાપ, સૂર્યાવર્ત, શિરઃપાક, કૃમિજ શિરોભિતાપ અને શંખક એ પ્રમાણે દશ પ્રકારના **મસ્તકરોગ** જાણવા. તથા ઉપશીર્ષક, અરુષિકા, વિદ્રધિ, દારુણ, પિટિકા, ઇંદ્રલુપ્ત, ખાલિત અને પલિત એ પ્રમાણે નવ પ્રકારના **કપાળરોગ** જાણવા.

કેટલાક રોગીના કપાળ ઉપર અને માથાના સાંધામાં ભયંકર દુઃખાવો થાય છે. તેવા રોગીના નાકમાં ફળઘૃત જરા ગરમ કરી તેનાં ટીપાં મૂકવાથી તે મટી જાય છે અથવા નારાયણ તેલનાં ટીપાં મૂકવાથી મટી જાય છે. કેટલાક રોગીના કપાળના અને નાકના સાંધામાં ચાંદી પડે છે, ત્યારે નારાયણ તેલનાં ટીપાં મૂક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાથી અથવા ફળઘૃતનાં ટીપાં મૂકવાથી તે મટી જાય છે. કેટલાકને સવારથી બપોર સુધી અધું માથું દુઃખે છે, તેને નાકછીંકણી (જાળા છીંકણી)નો ભૂકો સૂંઘાડવાથી મટી જાય છે. અથવા કાયફળનું છોડું વાટી તેનો ભૂકો સૂંઘાડવાથી પણ મટે છે. અથવા પલાળેલો ચૂનો અને નવસાર હાથમાં ફીણીને તેની વાસ લેવાથી આદાશીશી તરત બંધ થઇ જાય છે. આડાટેડા બીજા ઉપાય કરવાથી આદાશીશી ન મટે, તો નેપાળાનું પાતરું એક કટકો લઇ, જે બાજુનું કપાળ દુખતું હોય તે બાજુએ આંખની ભમરના વાળ છોડીને કપાળના ભાગ પર બે આની જેટલો ગોળ કટકો ચોંટાડવો. એટલે તેટલી જગ્યામાં ફોલ્લો થશે, તે ફોલ્લો ફૂટી જઇ તેમાંથી પાણી નીકળી જશે; એટલે આદાશીશી દુખતી મટી જશે. કેટલીક વાર એવું બને છે કે, રોગીના નાકમાંથી બરાબ દુર્ગંધ નીકળ્યા કરે છે, જેની પાસે સારાં માણસ બેસી શકતાં નથી, એવી બમાય નહિ તેવી ગંધ મારે છે. તે પછી થોડા વખતમાં નાક અને કપાળ ઉપર પુષ્કળ સોજો ચડી આવી રોગીને અસહ્ય વેદના થાય છે. તેવી અવસ્થામાં સરસિયું તેલ નાકમાં મૂકવું, એટલે નાકમાંથી લાંબી પૂંછડીવાળા મોટા મોટા કીડા પડવા માંડશે. (એટલા બધા કીડા પડતા જોયા છે કે જેની ગણતરી કરી શકાય નહિ!) તેવી અવસ્થામાં પણ સરસિયું તેલ મૂકવાજ કરવું. એટલે તમામ કીડા નીકળી જશે અને તેમાં રહેલા કીડાનાં ઈંડાં પણ મરી જશે. સોજો ઊતરી જશે અને કીડાને લીધે નાકમાંથી લોહી અથવા પરુ નીકળતું હશે તે પણ મટી જશે. તે કીડા નીકળી ગયા પછી તે રોગીને ત્રણ મહિના સુધી કિશોરગૂગળ અથવા પથ્યાગૂગળની બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે બવડાવવાથી ફરીથી એ રોગ ઊભળાતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેત્રરોગઃ–આંખના રોગને માટે આયુર્વેદાચાર્યોએ બહુ લાંબો વિચાર કરી તેના ઘણા પ્રકાર ઠરાવેલા છે. શારંગધરે આંખના ચોરાણું પ્રકારના રોગ લખ્યા છે અને માધવનિદાને આંખના છોતેર પ્રકારના રોગ લખ્યા છે. પરંતુ માધવનિદાનનો ખુલાસો ઉપયોગી લાગવાથી આંખના રોગના સંપૂર્ણ નિદાન, સંપ્રાપ્તિ વગેરે માધવમતાનુસાર લખવામાં આવે છે.

નેત્રરોગના કારણમાં જણાવે છે કે, ગરમીથી અંગ તપ્યા પછી શીતળ જળમાં પેસવાથી (એમ કરવાથી એકદમ ઠંડી શરીરમાં વ્યાપી જવાથી શરીરની અંદરની ગરમી ઉપર ચડી નેત્રના તેજનો પરાભવ કરી, પછી તે ગરમી) નેત્રરોગ ઉત્પન્ન કરે છે. આકાશમાં ધૂળ છેટે ઊંચે કોઇ ચીજ પરાણે ધારીને જોવાથી, દિવસે ઊંઘવાથી, રાત્રે જાગવાથી, આંખમાં વરાળ કિંવા તપ્ત થયેલી હવા પેસી જવાથી, પરસેવો થઇ તે પાછો નેત્રમાં સમાઇ જવાથી, નેત્રમાં ધૂળ ઊડવાથી, ઊલટીના વેગને રોકવાથી અથવા ઘણી ઊલટી થવાથી, પાતળા અન્નપાનનું ઘણું સેવન કરવાથી મળ, મૂત્ર અને અપાનવાયુની ગતિને રોકવાથી, હંમેશાં રડવાથી, ખેદ રાખવાથી, ગુસ્સે થવાથી, મસ્તક પર કોઇ જાતનો પ્રહાર થવાથી, ઘણું મદ્યપાન કરવાથી, ઋતુવિપર્યય (ઉનાળામાં ઠંડી અને શિયાળામાં ગરમી) થવાથી, ક્લેશથી, કાંઇ વાગવાથી, ઘણા મૈથુનથી, આંસુ આવતાં રોકવાથી અને ઘણા સૂક્ષ્મ પદાર્થો જોવાથી, વાતાદિ દોષો નેત્રમાં રોગોત્પત્તિ કરે છે. કુપિત થયેલા વાતાદિ દોષો નેત્રોની રગોમાં પ્રવેશ કરી નેત્રનો ભાગ જ્યારે ઘેરી લે છે, ત્યારે તેમાંથી ભયંકર નેત્રરોગ ઉત્પન્ન થાય છે. વાયુ, પિત્ત, કફ, રક્ત, સન્નિપાત અને આગંતુક આ દોષોથી થનાર બધા મળી છોતેર નેત્રરોગ છે.

નેત્રરોગ થવા અગાઉ તેનું કારણ અભિષ્યંદ થાય છે. વાયુ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિત્ત, કફ અને રક્તમાંથી ચાર પ્રકારના અભિષ્યંદ (આંખો દુખવા આવવી) થાય છે. તેની વેદના સહેવાતી નથી અને આ અભિષ્યંદ વ્યાધિ બધી જાતના નેત્રરોગનું ઉત્પત્તિસ્થાન છે.

વાયુના સંબંધથી આંખો દુખવા આવતાં નેત્રની અંદર સોયો ખોસ્યા જેવી તીવ્ર પીડા ઉત્પન્ન થાય છે, નેત્ર જડ બને છે, રોમાંચિત થઈ શરીર ધ્રૂજે છે, નેત્રમાં રેતી પડી હોય તેમ ખટકા થાય છે, મસ્તક દુખે છે, આંખમાંથી પાણી ગળે છે, પણ તેમાં પીયા કે પાચના થેપડા બાઝતા નથી અને આંખમાંથી જે પાણી ગળે છે તે ટાઢું હોય છે, તેને વાતાભિષ્યંદ કહે છે. પિત્તથી આંખો દુખવા આવતાં નેત્રમાં આગ ઊઠે છે, ઘણી વાર તેની આસપાસ પાકેલા ફોલ્લા ઊઠે છે, આંખ પર શીતળ પદાર્થ બાંધવાની ઇચ્છા થાય છે, નેત્રમાંથી ધુમાડો નીકળતો હોય તેવી વેદના થાય છે, નેત્રમાંથી આંસુનો એકસરખો પ્રવાહ નીકળ્યા કરે છે, તેમાંથી ઉષ્ણ પાણી ટપકે છે અને નેત્રોનો રંગ પીળાશ પડતો થાય છે, તેને પિત્તાભિષ્યંદ કહે છે. કફને લીધે આંખો દુખવા આવી હોય તો નેત્ર પર ઉષ્ણ પદાર્થ બાંધવાની ઇચ્છા રોગી કરે છે, નેત્ર જડ બને છે, તેના પર સોજો આવે છે, વલૂર આવે છે, આંખનાં પોપચાં એની મેળે ઢાંકઉઘાડ થયા કરે છે, આંખે સ્પર્શ કરતાં શીતળ લાગે છે અને તે પરુથી ભરાયલી હોય છે તથા તેમાંથી ઘણું ચીકણું પાણી ઝરે છે, તેને કફાભિષ્યંદ કહે છે. લોહીથી જો આંખો દુખવા આવી હોય તો આંખમાંથી લાલ આંસુ ટપકે છે, નેત્ર લાલચોળ બને છે, નેત્રની આસપાસ લાલ રંગની નસો દૃષ્ટિએ પડે છે અને પિત્તાભિષ્યંદનાં લક્ષણો દેખાય છે, તેને રક્તાભિષ્યંદ કહે છે.

અભિષ્યંદ રોગ પર વખતસર દવા નહિ કરવાથી તે વૃદ્ધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામે છે, એટલે તેમાંથી ચાર પ્રકારના **અધિમન્થ રોગ** નેત્રમાં થાય છે. તેનાથી નેત્રમાં તીવ્ર વેદના થાય છે અને તે વેદના ચારે પ્રકારના અધિમન્થનું સામાન્ય લક્ષણ છે. બધું મસ્તક ઉપરથી કોઇએ ફોડી નાખ્યું હોય એવી વેદના થાય છે. વલોણું વલોવાતું હોય તેવું કળતર થાય છે. વ્યાધિના પ્રભાવથી અર્ધા મસ્તકમાં દુઃખ થાય છે, આ રોગને **અધિમન્થ રોગ** કહે છે. અને તે ચારે અધિમન્થનાં જુદાં જુદાં લક્ષણો, ઉપર કહેલા ચાર પ્રકારના અભિષ્યંદ રોગ જેવાંજ થાય છે. શ્લેષ્મિક અધિમન્થ સાત દિવસમાં દૃષ્ટિનો નાશ કરે છે, રક્તઅધિમન્થ પાંચ દિવસે, વાતિક અધિમન્થ છ દિવસે અને પૈતિક અધિમન્થ ત્રણ દિવસે નાશ કરે છે.

જે નેત્રરોગમાં વેદના ઘણી થાય છે, નેત્રમાં લાલી ઘણી હોય તે ડહોળાયલા જેવી મલિન રહે છે, તેની અંદર રેતી ભરાઈ હોય તેમ ખૂંચે છે, સોયો ખોસ્યા જેવી પીડા થાય છે અને પાચ તથા પીયાના લોચા આવે છે, તેને **આમયુક્ત નેત્રરોગ** જાણવો. એવા રોગીની આંખમાં અંજન ન કરતાં હલકો ખોરાક રોગીને ખવડાવવો અને આમને પચાવવા માટે ત્રિફળાનો ઉકાળો પાવો જેથી નેત્રમાં થતા ઠણકા ઓછા થાય છે, વલૂર આવે છે, સોજો ઊતરી જાય છે, પીયા આવતા ઓછા થાય છે. જ્યારે આવાં લક્ષણો જણાય ત્યારે જાણવું કે હવે આમ પચી ગયો છે.

જે આંખમાં પાકેલા ઊમરાના ફળ જેવો ચળયુક્ત નરમ સોજો થાય છે તેને **નેત્રપાક** કહે છે. નેત્રમાંથી પાણી અત્યંત ગળ્યા કરે છે અને પાચ તથા પીયાના થર બાઝે છે. જે આંખમાં સોજો ચઢ્યા વગર નેત્રપાક થાય છે તેમાં સોજા સિવાય બીજાં બધાં લક્ષણો થાય છે; તે **ત્રિદોષ અભિષ્યંદ** જાણવો. વાતજ અધિમન્થની ઉપેક્ષા કરતાં એટલે વખતસર તેની દવા ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં, તે નેત્રને શોષી નાખે છે અને સોયો ખોસ્યા જેવી પીડા તથા બળતરા વગેરે મોટી પીડા થાય છે, તેને **હતાધિમન્થ** નામનો નેત્રરોગ કહે છે અને તે અસાધ્ય છે. વાયુ ક્રમથી કોઈ કોઇ વખત ભ્રૂકુટિમાં આવે છે અને કોઇ વખતે નેત્રમાં આવે છે અને પછી ઘણી જાતની તીવ્ર પીડા ઉત્પન્ન કરે છે. આ રોગને **વાતવિપર્યય** કહે છે. જે આંખો ઊઘડતી નથી અને પોપચાં કઠણ તથા સૂકાં થાય છે અને તેમાં ઘણી બળતરા થાય છે તથા તે ડહોળાયલી મલિન દેખાય છે અને તે આંખો ઉઘાડતાં અથવા ફાડતાં રોગીને ઘણું મુશ્કેલ લાગે છે, તે રોગને **શુષ્કાક્ષિપાક** કહે છે. ગળું, કાન, મસ્તક, હડપચી અને ગરદનની પાછળની નસોમાં કિંવા બીજી જગ્યાએ રહીને વાયુ જ્યારે ભ્રૂકુટિમાં કિંવા નેત્રમાં તોદભેદાદિ પીડા ઉત્પન્ન કરે છે, ત્યારે તેને **અન્યતોવાત** કહે છે. વચ્ચે જરા આસમાની અને આસપાસ લાલ રંગનાં થયેલાં એવાં આખાં નેત્ર પાકે છે; એટલે તેમના પર પીળા રંગના ફોલ્લા ઊઠે છે. તેમાં થોડી બળતરા થઇ સોજો ચઢે છે અને નેત્રમાંથી પાણી ટપકયા કરે છે. ઘણા ખાટા પદાર્થ ખાવાથી આ વ્યાધિ થાય છે માટે તેને **અમ્લદૂષિત** કહે છે. જે રોગીના નેત્રમાંથી રગો વેદનારહિત અથવા વેદનાયુક્ત થઈ લાલ રંગની થાય છે અને તે ઘડીએ-પળે વિશેષ લાલ થતી જાય છે, તેને **શિરોત્પાત** કહે છે. મૂર્ખતાથી શિરોત્પાત રોગની ઉપેક્ષા કરતાં આંખમાંથી લાલ રંગનાં સ્વચ્છ આંસુ ગળે છે અને રોગીથી નેત્ર ઉઘાડી જોવાતું નથી, તેને **શિરાપ્રહર્ષ** કહે છે. **હવે આંખની કાળી કીકી પર થનારા રોગોનાં લક્ષણો નીચે પ્રમાણે આપ્યાં છેઃ-**

સવ્રણશુક્રનાં લક્ષણઃ-નેત્રના કાળા ભાગ પર એટલે કીકી પર જે ફૂલ પડે છે કિંવા થાય છે, તે આંખની અંદર ઊંડું બેઠેલું અને તેની અંદર સોયથી છિદ્ર પાડયું હોય તેવું દેખાય છે; તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધે આંખમાંથી અતિ ગરમી અને પુષ્કળ પાણી વહે છે. આ રોગને સવ્રણશુક્ર કહે છે અને તેનાથી આંખની અંદર પીડા થાય છે. જે ફૂલ આંખની કીકીની ઉપરજ થયું હોતું નથી જે આંખની અંદર ઊંડું ગયેલું હોતું નથી તથા જેમાં પાણી ઘણું નીકળતું નથી, જેમાં ખટકા આવતા નથી તથા એકની પડોશમાં એક એમ જોડકાં થયાં નથી, તે ફૂલ કદાચ સાધ્ય થાય છે.

અવ્રણશુક્રનાં લક્ષણો:—અભિષ્યંદમાંથી ઉત્પન્ન થઈ કાળા ભાગમાં જે ફૂલ પડે છે અને જેમાં રૂમડી મૂકયા જેવી પીડા થાય છે તથા જે ફૂલ શંખ, ચંદ્ર કે કરેણના ફૂલ જેવું ધોળું હોય છે અથવા આકાશના વાદળા જેવું પાતળું હોય છે અને અવ્રણ એટલે ક્ષતરહિત હોય છે, તે સહેલાઈથી મટી શકે છે. જે અવ્રણશુક્ર આંખની અંદર ઊંડું ગરક થયેલું, જાડું થયેલું અને ઘણા દિવસનું જૂનું થયેલું હોય છે તેને સાધ્ય જાણવું. જે શુક્રની વચમાંનું માંસ તૂટી પડવાથી વચમાં છિદ્ર એટલે ખાડો પડે છે અથવા તેમ નહિ થતાં તેની વિરુદ્ધ થાય છે, એટલે શુક્રની આસપાસનું માંસ વૃદ્ધિ પામી શુક્રને ખાડામાં ઉતારે છે, એટલે તે વૃદ્ધિ પામેલું માંસ તેને ફરતું ઊપસી આવે છે. જે શુક્ર એક જગ્યાએ ટકી ન રહેતાં આંખમાં ફરતું રહે છે અને જે રંગોથી વ્યાપ્ત થવાને લીધે પાતળું થાય છે તથા જે આંખના અંદરના પડદામાં ઊતરી પડયું હોય છે અને જે આસપાસ લાલ તથા વચમાં ધોળું હોય છે અને જે ઘણા દિવસનું જૂનું થયેલું હોય છે, તેવાં લક્ષણોવાળા ફૂલાને મટાડવાની આશા રાખવી નહિ. ફૂલ પડેલી આંખમાંથી અત્યંત ગરમ આંસુ વહી તેમાં ફોલ્લી ઊઠે છે અને આંખમાં પડેલું ફૂલ મગના દાણા જેવડું અને મગના જેવુંજ હોય છે, તે ફૂલ અસાધ્ય જાણવું. જે ફૂલ તેતર પક્ષીના રંગ જેવું કાળું હોય છે તે પણ અસાધ્ય જાણવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અક્ષિપાકાત્યયનાં લક્ષણુઃ–આંખના કાળા ભાગ ઉપર ચારે તરફ દોષના સંબંધને લીધે જે ફૂલું ફેલાય છે, તે **સન્નિપાત-જન્ય અક્ષિપાકાત્યય** જાણવું. આ વ્યાધિ અસાધ્ય છે.

અજકાજાતનાં લક્ષણુઃ–આંખના કાળા ભાગ પર બકરીની સુકાયલી લીંડી જેવો કિંચિત્ રાતો, જેનાથી લાલ તથા ચીકટું પાણી વહે તેવો માંસનો ડચકો થાય છે, તેને અજકાજાત કહે છે,

આંખના પહેલા પટલમાં ગયેલા દોષનાં લક્ષણુઃ– જ્યારે આંખના પહેલા પટલમાં દોષ સંચાર કરી દૃષ્ટિની ઉપર રહે છે ત્યારે ઘટપટાદિક મોટા પદાર્થો ઝાંખા દેખાય છે.

આંખના બીજા પટલમાં ગયેલા દોષનાં લક્ષણુઃ– નેત્રના બીજા પડમાં દોષનો સંચાર થતાં દૃષ્ટિ અત્યંત વિહ્વળ થાય છે, એટલે સામેના પદાર્થો જોવાને અશક્ત બનતી જાય છે અને તેનાં નેત્ર આગળ માખી, ડાંસ, વાળ, જળાં, કુંડાળાં, ધજા, કિરણો, ત્રિકોણ આકૃતિઓ, નાના પ્રકારના પાણીના વરસાદ, વાદળાંથી ઘેરાયેલું આકાશ તથા અંધકાર વગેરે પદાર્થો નહિ હોવા છતાં રોગીના જોવામાં આવે છે, તેમજ આઘેના પદાર્થો પાસે અને પાસેના પદાર્થો આઘે દેખાય છે અને ઘણું ધારીધારીને જોવા છતાં પણ સોયનું છિદ્ર દીઠામાં આવતું નથી.

ત્રીજા પટલમાં ગયેલા દોષનાં લક્ષણુઃ–આંખના ત્રીજા પડદામાં દોષનો સંચાર થવાથી રોગીને ઉપર દેખાય છે, પણ નીચે કશું દેખાતું નથી. મોટી ડોળદાર વસ્તુઓ પણ સ્પષ્ટ ન દેખાતાં, વસ્ત્રના પડદામાંથી દેખાય તેવી દેખાય છે તથા નાક, કાન કે આંખ વગરના પ્રાણીના શરીર તથા વાંકાંચૂંકાં રૂપો દૃષ્ટિ આગળ ફરતાં રહે છે. વાતપિત્તાદિ જે દોષોને રક્ત, માંસ કિંવા મેદાદિની સહાય હોય છે અને જે દુષ્યના સંબંધથી જે દોષ પ્રબળ થયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે, તે તે દોષનો જે રંગ હોય છે, તેવો દૃષ્ટિનો પણ થાય છે. જો દોષ નેત્રના નીચેના ભાગમાં રહેલો હોય છે તો પાસેનું કશું દેખાતું નથી અને દોષ ઉપર હોય છે તો દૂરનું કશું દેખાતું નથી. જો દોષ નેત્રની એક બાજુ પર હોય છે, તો બાજુ પરના પદાર્થ દેખતા નથી, પણ દોષ આંખની ચારે બાજુએ પ્રસરતાં પદાર્થોનાં સ્વરૂપ એકબીજાંથી મળેલાં દૃષ્ટિએ પડે છે. આંખની વચમાં કિંવા મધ્યે દોષનો સંચાર થતાં મોટા પદાર્થ નાના દેખાય છે. આંખનાં બબ્બે સ્થાનમાં એટલે ઉપરનીચે દોષ રહેલો હોય તો એકના બે પદાર્થો જોવામાં આવે છે, પણ જો દોષ અવ્યવસ્થિત હોય તો એક પદાર્થના અનેક પદાર્થો દેખાય છે. જો દૃષ્ટિગત રોગ તેના સ્થાનમાં વાંકો રહ્યો હોય તો એક પદાર્થના બે કટકા કર્યા હોય તેવું દેખાય છે.

ચોથા પટલમાં ગયેલા દોષનાં લક્ષણોઃ—જ્યારે દોષ આંખના ચોથા પડદામાં પ્રવેશ કરે છે, ત્યારે તે દૃષ્ટિનો ચારે બાજુએથી અટકાવ કરે છે; તે વ્યાધિને **લિંગનાશ** કહે છે. આ અંધકારમય રોગ પૂરેપૂરો વ્યાપ્યો નથી હોતો તે સમયે રોગીને આકાશમાંના ચંદ્ર, સૂર્ય, તારા વીજળી અને ચળકતા પ્રકાશ દેખાય છે. આંખના ત્રીજા પડદામાં સંચાર થયેલા કાચની (મોતિયાની) ઉપેક્ષા કરતાં એટલે સમયાનુસાર દવા નહિ કરતાં જો એમનો એમ પડ્યો રહે તો તે દોષ તેમાંથી ખસી, ચોથા પડદામાં આવતાં તેને **લિંગનાશ અને નીલિકાની** સંજ્ઞા આપવામાં આવે છે. આ રોગ અસાધ્ય છે. જો વ્યાધિમાં વાયુનો સંબંધ વિશેષ હોય છે, તો રોગી મલિન, લાલાશ પડતાં, વાંકાં અને લગાર ફરતાં હોય એવાં રૂપો જુએ છે. પિત્તના સંબંધથી રોગી સૂર્ય, આગિયો કીડો, ઇંદ્રધનુષ્ય અને વીજળી, તેમાંનાં રૂપ અને નૃત્ય કરતા મોર તથા સર્વ વસ્તુ આસમાની રંગની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુએ છે. કફથી જેનાં નેત્રો દોષને પામેલાં છે, તેવા પુરુષો સર્વ રૂપને ચીકણું, ધોળાં અને જાડાં દેખે છે. રક્તના સંબંધથી લાલ અને કિંચિત્ ધોળાં, કાળાં અને પીળાં રૂપ દેખાય છે. સન્નિપાતના સંબંધથી વિવિધ જાતનાં વિપરીત એટલે એકનાં બે અથવા અનેક રૂપ ચારે તરફ રોગીની દૃષ્ટિએ પડે છે. વળી તે હીન અંગનાં કિંવા અધિક અંગનાં રૂપ અને ઘણા રંગના પ્રકાશ જુએ છે. રક્તના તેજથી મિશ્ર થયેલા પિત્તમાંથી **પરિમ્લાયી** રોગ થાય છે. આ રોગને લીધે રોગી દિશા, આકાશ અને સૂર્ય પીળા રંગનાં તથા વૃક્ષો આગિયા ક્રીડાઓથી છવાયેલાં દેખે છે. જુદાં જુદાં લક્ષણો ઉપરથી લિંગનાશના છ પ્રકાર ગણેલા છે. વાતપ્રધાનનો લાલ રંગ હોય છે. પિત્તપ્રધાનનો ઝાંખો, લીલો અથવા આસમાની હોય છે. કફલિંગનાશ સફેદ અને રક્તજન્ય લાલ હોય છે અને જે સર્વજન્ય દોષ હોય છે, તે ઘણી જાતના રંગોનો થાય છે. **વાતિક પરિમ્લાયી રોગમાં** દૃષ્ટિમાં જાડા કાચ જેવું રાતું મંડળ થાય છે, જે કોઇ વખત દોષ ઓછો થઈ જાય છે, ત્યારે કરમાઇ ગયેલું અને કાળા રંગનું દેખાય છે.

દૃષ્ટિમંડળગત રોગનાં લક્ષણોઃ–વાયુથી દૃષ્ટિમંડળ લાલ, ચંચળ અને ખરબચડું થાય છે. પિત્તથી દૃષ્ટિમંડળ આસમાની અને કાંસાના રંગ જેટલું પીળું થાય છે. કફથી જાડું, ચીકણું તથા શંખ જેવું ધોળું થાય છે અને આંખો ચોળતાં કમળનાં પાતરાં ઉપર પડેલા પાણીના બિંદુ પેઠે હાલે છે. રક્તથી દૃષ્ટિમંડળ પરવાળા જેવું લાલ થાય છે. ત્રિદોષજ લિંગનાશમાં ઘણી જાતના રંગવાળું દૃષ્ટિમંડળ થાય છે.

દૃષ્ટિરોગની સંખ્યાઃ–આગળ કહી ગયેલા લિંગનાશ છ અને હવે પછી વિદગ્ધ, દૃષ્ટ્યાદિ કહેવાના છ મળી, બાર દૃષ્ટિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગ થાય છે. **પિત્તવિદગ્ધ દૃષ્ટિનાં લક્ષણઃ**–પિત્ત દુષ્ટ થઈ વૃદ્ધિ પામવાથી જે માણસની દૃષ્ટિ પીળી થાય છે, તેને લીધે તે માણસ સઘળા પદાર્થોને પીળા રંગના જુએ છે, તે પિત્તવિદગ્ધ દૃષ્ટિ જાણવી. **દિવાંધનાં લક્ષણઃ**–નેત્રના ત્રીજા પડદામાં પિત્તનો પ્રવેશ થતાં રોગીને દિવસે દેખાતું નથી, પણ રાત્રે ઠંડીને લીધે પિત્ત ઓછું થવાથી સૂઝે છે, તેને દિવાંધ જાણવો. જે રોગી પિત્તવિદગ્ધની પેઠે ધોળાં રૂપ જુએ તેને **કફવિદગ્ધ દૃષ્ટિવાળો** જાણવો. **નક્તાંધનાં લક્ષણઃ**–જો કફ ત્રણે પડદામાં રહીને રોગીને રતાંધળો કરે છે, તો તેથી રાત્રે કશું સૂઝતું નથી, પણ દિવસે સૂર્યના તાપથી કફ ઓછો થવાને લીધે સારી પેઠે દેખાય છે. **ધૂમદર્શીનાં લક્ષણઃ**–શોક, જ્વર, પરિશ્રમ અને તાપથી મસ્તકપિત્ત કુપિત થઇ દૃષ્ટિમાં વિકાર ઉત્પન્ન કરે છે તેથી સર્વ પદાર્થ રોગીને ધૂમ્રમય ધૂંધળા દેખાય છે. આ વ્યાધિને શોકવિદગ્ધ દૃષ્ટિ પણ કહે છે અને તેનાથી ફક્ત દિવસના પદાર્થો ધુમાડા સરખા દેખાય છે, પણ રાત્રે પિત્તનું બળ ઓછું થતાં તે નિર્મળ દેખવામાં આવે છે. જ્યારે પિત્ત દૃષ્ટિની વચ્ચે પ્રવેશ કરી રહેલું હોય છે, ત્યારે તેને મોટા પદાર્થો દિવસે નાના દેખાય છે, તેને **હ્રસ્વદૃષ્ટિ** કહે છે. જે પુરુષની દૃષ્ટિ દોષોથી વ્યાપ્ત થઈ નોળિયાની આંખ પેઠે ચળકે છે, તે માણસ દિવસમાં ઘણા પ્રકારનાં રૂપ કિંવા આકૃતિઓ નીરખે છે. આ રોગને **નકુલાંધ** કહે છે. જે દૃષ્ટિ વાયુથી વિકારયુક્ત થઈ અંદર સંકુચિત થાય છે અને તેમાં ઠણકા મારે છે તેને **ગંભીર દૃષ્ટિ** કહે છે. **આગંતુક લિંગનાશનાં લક્ષણોઃ**–અભિઘાતજ લિંગનાશ બે પ્રકારના થાય છે. એક નિમિત્તજન્ય અને બીજો અનિમિત્તજન્ય. તે બેમાંથી શિરોભિતાપથી એટલે ઝેરી ઝાડનાં ફૂલ પરથી આવતા વાયુનો મસ્તક સાથે સ્પર્શ થવાથી જે થાય છે, તે **નિમિત્તજન્ય** જાણવો. તેમાં રક્તાભિષ્યંદનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષણો થાય છે. દેવ, ઋષિ, ગંધર્વ, મહાસર્પ અને સૂર્ય તરફ તાકીને જે માણસ થોડી વાર ટગરમગર જોઇ રહે છે અને જેથી તેની દૃષ્ટિ નષ્ટ થાય છે, તેને **અનિમિત્ત લિંગનાશ** કહે છે. આ વ્યાધિમાં રોગીની આંખ સ્વચ્છ અને દૃષ્ટિ આસમાની રંગની હોય છે. નેત્રના ધોળા ભાગ ઉપર પાતળું, વિસ્તીર્ણ, શ્યામ રંગનું રતાશ પડતું માંસ વૃદ્ધિ પામે છે, તેને **પ્રસ્તર્યર્મ** કહે છે. નેત્રના ધોળા ભાગ પર ધોળું અને મૃદુ માંસ ઘણા દિવસે વૃદ્ધિ પામે છે, તેને **શુક્લાર્મ** કહે છે. કમળની પેઠે લાલ અને મૃદુ માંસ વૃદ્ધિ પામે છે, તેને **રક્તાર્મ** કહે છે. જે માંસ વિસ્તીર્ણ મૃદુ અને કાળજાના રંગ જેવું દેખાય છે, તેને **અધિમાંસાર્મ** કહે છે. જે માંસ કઠણ ફેલાતું અને સ્રાવરહિત વૃદ્ધિ પામે છે, તેને **સ્નાયવર્મ** કહે છે. નેત્રના ધોળા ભાગ પર શ્યામવર્ણ માંસના જેવું અને છીપના જેવું બિંદુ ઊઠે છે,તેને **સુક્તી** રોગ કહે છે. નેત્રના ધોળા ભાગ પર સસલાના લોહી જેવું એક બિંદુ ઊઠે છે, તેને **અર્જુનરોગ** કહે છે. કફ–વાયુના કોપથી નેત્રના ધોળા ભાગ ઉપર પીઠાના સરખું જે માંસ વૃદ્ધિ પામે છે, તેને **પિષ્ટકરોગ** કહે છે. તે દેખાવમાં મલિન અર્શના જેવું હોય છે. નેત્રના ધોળા ભાગ પર રંગોનું મોટું તથા જાડું ગૂંછળા જેવું જે જાળું બંધાય છે, તેને **જાલરોગ** કહે છે. નેત્રના ધોળા ભાગ પર રંગોથી વ્યાપ્ત એવી ધોળી ફોલ્લીઓ ઊઠે છે, તેને **શિરાજ પિટિકા** કહે છે. તે ફોલ્લીઓ કાળા ભાગની સમીપ થાય છે. નેત્રના ધોળા ભાગ પર કાંસાના જેવી કઠણ, કિંવા પાણીના બિંદુ જેવી લગાર ઊંચી જે ગાંઠ થાય છે, તેને **બલાસ** કહે છે. નેત્રના સાંધા ઉપર સોજો ચઢી, પછી પાકીને તે ફૂટે છે અને તેમાંથી દુર્ગંધયુક્ત પરુ વહે છે અને તેમાં કણુકા મારે છે, તેને **પુયાલસ રોગ** કહે છે. નેત્રના સાંધા પર જે મોટી ગાંઠ ઊઠે છે, તે લગાર પાકે છે અને તેમાં વલૂર ઘણી આવે છે અને તે દુખતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, તેને ઉપનાહ કહે છે. વાતાદિ દોષ અશ્રુમાર્ગે સાંધામાં સંચાર કરી, પછી તેને દોષના ગુણોયુક્ત જે રસી ઝરે છે, તેને **નેત્રનાડી** કહે છે. તેના ચાર પ્રકાર છે. નેત્રનાડીમાં નેત્રના સાંધા પર સોજો આવી તે પાકે છે અને તેમાંથી પરુ વહે છે, તેને **પૂયસ્રાવ** કહે છે. નેત્રનાડીમાં સફેદ, જાડું અને ચીકણું પરુ વહે છે, તેને **શ્લેષ્મસ્રાવ** કહે છે. નેત્રનાડીમાં પુષ્કળ ઊનું રક્ત વહે છે, તેને **રક્તસ્રાવ** કહે છે. નેત્રનાડીમાં સાંધામાંથી હળદરના રંગનું પીળું ઉષ્ણ પાણી વહે છે તેને **પિત્તસ્રાવ** કહે છે. નેત્રના ધોળા અને કાળા ભાગના સાંધા પર લાલ, નાની અને ગોળ જે ફોલ્લી થાય છે, તે ફોલ્લીમાં બળતરા થઇ પાકે છે, તેને **પર્વણી** કહે છે અને તે સ્થાન પર પાંચ લક્ષણોવાળી જે મોટી પિટિકા ઊઠે છે, તેને **અલ્જી** કહે છે. આંખના ડોળા અને પોપચાંના સાંધામાં પડેલા ઘણી જાતના કૃમિ વલૂર અને ગાંઠ ઉત્પન્ન કરે છે અને કાળા તથા ધોળા ભાગનો જ્યાં સાંધો આવેલો છે, ત્યાં જઇ ડોળાના અંદરના ભાગને દુષ્ટ કરી, અંદર ફરે છે; તેને **કૃમિગ્રંથિ** કહે છે. નેત્રના ડોળા પર ઊંચકાઇ આવેલી તથા જેનું મોઢું અંદર આવેલું છે એવી, જે પિટિકા રાતી, મોટી અને ચળયુક્ત હોય છે, તેને **ઉત્સંગ પિટિકા** કહે છે. ડોળાની કોર પર કુંભિના બીજ જેવી પિટિકા થાય છે અને તે પીળી થતાં ફૂલે છે તથા ફાટ્યા પછી જેમાંથી રસી ઝરે છે, તે **કુંભિકા** કહેવાય છે. લાલ સરસવ જેવી, ચળવાળી, જડ, ખૂંચનારી તથા લોહી ઝરનારી એવી જે પિટિકા થાય છે, તેને **પોથકી** કહે છે. આંખના ડોળા પર કઠણ અને મોટી પિટિકા થઇ આવી, તેની આસપાસ ઝીણી ફોલ્લીઓ ફૂટી નીકળે છે, એટલે તે મોટી પિટિકા ફોલ્લીઓથી ગૂંથાય છે, તેને **વર્ત્મશર્કરા** કહે છે. (વર્ત્મ એટલે પાંપણ) કાકડીનાં બિયાં જેવડી, મંદ વેદનાવાળી, સુંવાળી, ચળકતી, લગાર કઠણ એવી જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિટિકા ડોળા પર થાય છે, તેને **અર્શોવર્ત્મ** કહે છે. આંખના ડોળાની અંદર લાંબો, ખરબચડો, કઠણ તથા દુઃખદાયક એવો જે માંસનો અંકુર થાય છે, તેને **શુષ્કાર્ષ** કહે છે. બળતરા કરનારી તથા ખૂંચનારી લાલ રંગની, પોચી, નાની તથા થોડી પીડાકારક એવી જે પિટિકા આંખના ડોળા પર થાય છે,તેને **અંજના** કહે છે. જેના નેત્રનો ડોળો ત્વચાના રંગનો અને કઠણ ફોલ્લીઓથી ચારે તરફ વ્યાપ્ત થાય છે, તેને **બહલવર્ત્મ** કહે છે. જે રોગીના આંખના ડોળા સૂજી આવ્યાથી આંખ બરાબર બંધ થતી નથી અને તે સોજા પર વલૂર આવે છે તથા સોયો ઘોંચ્યા જેવી પીડા થાય છે, તેને **વર્ત્મબંધક** કહે છે. આંખના નીચેઉપરના બંને ડોળા મૃદુ, થોડા વેદના કરનારા, લગાર રાતા રંગના થઇ આવી પછી અકસ્માત્ લાલચોળ બની જાય છે, તે રોગને **ક્લિષ્ટવર્ત્મ** કહે છે. ક્લિષ્ટવર્ત્મજ રોગ જ્યારે ફરીથી પિત્તયુક્ત રક્તથી બળવા માંડે છે, ત્યારે તે દેખાવમાં દહીં, દૂધ કે કાદવના જેવો થાય છે, તેને **વર્ત્મકર્દમ** કહે છે. આંખનો જે ડોળો અંદરથી અને બહારથી કાળો પડી જઇ સૂજે છે તથા બટકે છે, તેને **શ્યામવર્ત્મ** કહે છે. ડોળો થોડી વેદનાકારક, બહારથી સૂજી આવેલો અને કોર પર ચીકાશવાળો હોય છે, તેને **પ્રક્લિન્નવર્ત્મ** કહે છે. જે રોગીનાં નેત્રનાં પોપચાં ધોયા છતાં અથવા ન ધોયા છતાં ચીકણી રસીથી એકબીજાં સાથે ચોટી જાય છે, તેને **અક્લિન્નવર્ત્મ** કહે છે. પોપચાંનો સાંધો છૂટો પડવાથી આંખ મીંચાતી કે ઊઘડતી નથી, તેને **વાતહતવર્ત્મ** કહે છે. આંખના ડોળાની અંદરની બાજુએ ગોળ, મંદ, થોડી પીડાકારક, લગાર રાતા રંગની અને ઉતાવળે વધનારી જે ગાંઠ થાય છે, તેને **અર્બુદ** કહે છે. પોપચાંમાં રહેલો વાયુ, જે રગોથી પોપચાં ઉઘાડમીંચ થાય છે, તે રગોમાં સંચરી પોપચાંને ઉઘાડમીંચ કરાવે છે, તેમાં વિકાર થવાથી પોપચાંની ઉઘાડમીંચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવ્યવસ્થિત થાય છે, તેને નિમેષ કહે છે. રક્તના સંબંધથી આંખના ડોળાની અંદરના ભાગ પર રાતા અને પોચા અંકુર થાય છે, તેને શોણિતાર્ષ કહે છે. આ અંકુરને વારંવાર કાપ્યા છતાં પણ તે પાછા વધે છે. નેત્રના ડોળા પર બોરના જેવડી મોટી, કઠણ, ચળવાળી અને ચીકણી ગાંઠ ઊઠે છે અને તે પાકતી નથી, તેને લગણ કહે છે. વાતપિત્તાદિ ત્રણે દોષ કુપિત થવાથી આંખના ડોળા સૂજી આવે છે અને તેમાં છિદ્ર પડે છે. જેમાંથી કમળતંતુ પ્રમાણે અંદરથી પાણી ઝર્યા કરે છે તેને વિસ્રવર્ત્મ કહે છે. વાતાદિ દોષ જ્યારે પોપચાંનો સંકોચ કરે છે, ત્યારે રોગીથી નેત્ર ઉઘાડી જોવાતું નથી, તેને કુંચન કહે છે. વાયુથી નેત્રનાં પોપચાં ઉપરનાં નીચે થઇ જવાથી તે પરના કેશ ડોળાથી વારંવાર ઘસાય છે, તેથી ડોળાનો કાળો અને ધોળો ભાગ સૂજી આવે છે અને વાળ મૂળમાંથી ખરી પડે છે; આ રોગને પક્ષ્મસાત કહે છે. એ પ્રમાણે ઉત્સંગપિટિકાથી પક્ષ્મસાત સુધીના જે રોગનું વર્ણન કરવામાં આવ્યું છે અને જેનાં લક્ષણમાં ડોળા ઉપર, ડોળા નીચે, ડોળાના સાંધામાં એવું લખવામાં આવ્યું છે તે તમામ, આંખના ઉપરના અને નીચેના પોપચામાં ગણવું. આંખનો ડોળો એટલે કાચ સમજવો નહિ. તેમ વર્ત્મ શબ્દનો અર્થ પાંપણ થાય છે; માટે તે ઉપર ધ્યાન આપવું. ફરીથી સંખ્યારૂપ ચિકિત્સાથી નેત્રરોગને કહું છું. સાંધાઓમાં જેનો આશ્રય છે એવા નવ, પાંપણ વિષે થનારા એકવીશ, ધોળા ભાગમાં અગિયાર, કાળા ભાગમાં થનારા ચાર, આખી આંખમાં સત્તર, દૃષ્ટિથી થનારા બાર અને બહારથી થવાવાળા બે છે. કુલ મળીને છોતેર રોગની ગણતરી માધવમતાનુસાર કરવામાં આવી છે. હવે શારંગધરે આંખના ચોરાણું રોગ ગણ્યા છે. તેમાં પાંપણના ચોવીશ, ડોળાની સંધિના નવ, ડોળાના ધોળા ભાગના તેર, ડોળાના કાળા ભાગના પાંચ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિના મધ્ય ભાગમાં મોતિયા બિંદુ થાય છે તેના છ, ડોળામાં તિમિરરોગ થાય છે તેના છ, લિંગનાશના સાત અને દૃષ્ટિમંડળની અંદર થનારા આઠ, અભિષ્યંદ રોગ ચાર, અધિમન્થ રોગ ચાર અને સર્વાક્ષિ રોગ આઠ પ્રકારના એ પ્રમાણે ચોરાણું પ્રકારના રોગોની ગણના શારંગધરે કરેલી છે.

આ નિબંધમાળામાં જ્યારથી ગલગંડ રોગની શરૂઆત થઇ ત્યારથી તે આંખના રોગની ગણતરી લક્ષણપૂર્વક વાંચતાં જણાય છે કે, એ તમામ રોગોમાં વાયુ, પિત્ત અને કફ અને તેમાં પિત્તના બે ભાગ પાડીએ તો ચોથો રક્તનો, હીન, મિથ્યા અને અતિયોગ થયેલો જોવામાં આવે છે. જો કે તમામ રોગોની ગણના કરતાં તેનો પાર આવતો નથી. તો પણ ત્રિદોષ અને લોહીનો હીન, મિથ્યા અને અતિયોગનો વિચાર કરતાં, જેમ જેમ બુદ્ધિપૂર્વક ઊંડા ઊતરતા જઇએ, તેમ તેમ રોગોના ભેદ વધારે ને વધારે જણાય છે. કારણ કે વાયુના હીન, મિથ્યા અને અતિયોગથી એંશી પ્રકાર ગણેલા છે, તેમ પિત્તના ચાળીસ પ્રકાર ગણેલા છે અને કફના વીસ પ્રકાર ગણેલા છે. તેમ લોહીવિકારના દસ પ્રકાર ગણેલા છે; એટલે ત્રિદોષસિદ્ધાંતના નિયમ પ્રમાણે પાંચ પ્રકારનાં પિત્ત, પાંચ પ્રકારના કફ અને પાંચ પ્રકારના વાયુ મળી પંદર પ્રકારથી શરીરની સામ્યાવસ્થા રહે છે. પરંતુ તે જ્યારે મિથ્યા આહાર અને મિથ્યા વિહાર તથા આગંતુક કારણોથી અથવા અનુલોમ પ્રતિલોમની રીતે વિકિયાને પામે છે, ત્યારે શરીરના જુદા જુદા ભાગમાં અસંખ્ય રોગો ઉત્પન્ન કરે છે. પરંતુ ચિકિત્સાશાસ્ત્રના ઉપદેશ કરનારા આયુર્વેદાચાર્યોએ આવા અસંખ્ય અને ભયંકર દેખાતા રોગોની વિધિપૂર્વક ચિકિત્સા કરતાં વૈદ્યોને એવો ઉપદેશ કર્યો છે કે, ધીરજથી, ખંતથી અને બુદ્ધિપૂર્વક વિચાર કરીને અપાનવાયુ, સમાનવાયુ, પાનવાયુ, પાચકપિત્ત, રંજકપિત્ત અને સાધકપિત્ત તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્લેદન કફ, અવલંબન કફ અને રસનકફની શુદ્ધિ કરવાથી આખી દુનિયાના મનુષ્યમાત્રના અથવા પ્રાણીમાત્રના ભીતરના અથવા સમધાતુમય કે ચામડી ઉપર થતા તમામ રોગો અથવા ચામડીની ઉપર થઈને વીર્ય સુધી પહોંચતા કે વીર્યમાં ઉત્પન્ન થઈને ચામડી સુધી આવતા તમામ રોગોની શાંતિ થાય છે. ભલે કોઇ પણ જાતનો, કોઇ પણ નામથી ઓળખાતો, શરીરના કોઇ પણ ભાગમાં દેખાતો રોગ હોય, તો પણ ત્રિદોષસિદ્ધાંતના નિયમ પ્રમાણે વાયુ, પિત્ત અને કફના હીન, મિથ્યા અને અતિયોગનું કારણ છે એમ જાણવું. અને તે જાણ્યા પછી હીનયોગવાળાને વધારવાની, અતિયોગવાળાને ઘટાડવાની અને મિથ્યાયોગવાળાને સુધારવાની યુક્તિ રચવામાં આવે, તો તમામ રોગો એટલીજ ચિકિત્સાથી મટી શકે છે. પરંતુ વૈદ્યે બુદ્ધિપૂર્વક જે યોજના કરેલી હોય તે યોજનાને ધીરજથી વહન કરીને તેનો ભાર સહન કરવાની શક્તિ રોગીમાં હોવી જોઇએ. એટલા માટે આંખના ચોરાણું પ્રકાર ગણો કે છોતેર પ્રકાર ગણો, અથવા એનાથી વધારે કિંવા ઓછા પ્રકાર ગણો, પરંતુ આંખના ઔષધને માટે લેખન, રોપણ, આશ્રોતન, સ્નેહન અને તર્પણ આદિ ક્રિયાઓ કરવાથી તમામ રોગો સારા થાય છે. આ નિબંધમાળાના પ્રથમ ભાગના દશમા નિબંધમાં આંખના રોગો માટેનાં ઔષધો ઘણા પ્રકારનાં લખવામાં આવ્યાં છે, તો પણ તે સિવાયનાં બીજાં થોડાં ઔષધો જે અમારા અનુભવમાં આવેલાં છે, તે લખીને આ નિબંધ સંપૂર્ણ કરીશું.

ઘાણાનો પાકઃ—ઘાણા એક શેર લાવીને તેને એવા ખાંડવા કે, છોડાં જુદાં પડી જાય. પછી તેને ઝાટકીને છોડાં ફાડી નાખી, તે ઘાણાની જેટલી દાળ નીકળે તેને ખૂબ ઝીણી ખાંડવી. (જેટલી ઝીણી ખંડાય તેટલો ગુણ વધે છે.) તે ખાંડેલા ભૂકામાં બે તોલા ચાંદીના વરખ ચોળી નાખવા. પછી તે ભૂકાને એક શેર ગુલકંદમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોળીને રહેવા દેવો. જેની આંખ વારંવાર દુખવા આવતી હોય, જેની આંખમાં વારંવાર ખીલ બંધાતાં હોય, જેની આંખ વારંવાર લાલ થઈ પાણી ગળતું હોય, તે રોગીને આ ઘાણાનો પાક દરરોજ રાત્રે સૂતી વખતે એકથી બે તોલા સુધી ચાવીને ખવડાવવો, જેથી મગજ પરનું પિત્ત શાંત થઈ આંખમાં ઊતરતી ગરમીને શાંત કરે છે. ઉપરાંત દરદીની આંખમાં દરરોજ દિવસમાં બે વાર બબ્બુલાદિ સ્વરસ આંજવો.

વાસાદિ ક્વાથઃ–અરડૂસો, સૂંઠ, ગળો, દારુહળદર, રતાંજળી, ચિત્રો, કરિયાતું, લીમછાલ, કડુ, પટોળ, હરડાં, બહેડાં, આમળાં, મોથ, જવ, ઇન્દ્રજવ અને કડાછાલ એ સત્તર ઓસડ અધોં અધોં તોલો લઈ, બશેર પાણીમાં ઉકાળી, ૦ા શેર પાણી રહે ત્યારે એ ક્વાથ પાવો. એવી રીતે દિવસમાં બે વાર ઉકાળીને પાવો. તે ઉકાળો એનો એજ સાત ટંક પાયા પછી, બીજો બદલવો. એ ઉકાળો એકલો પાવાથી અથવા એની સાથે પથ્યાગૂગળની બબ્બે ગોળી આપવાથી આંખની છારી, રતાશ, આંખ પાકતી હોય તે, ધૂંધ, આંખ વગેરે રોગોને ઘણોજ ફાયદો કરે છે.

પથ્યાદિ ક્વાથઃ–હરડાં, બહેડાં, આમળાં, કરિયાતું હળદર, લીમછાલ અને ગળો. આ સાત ઓસડનો ઉકાળો કરી તેને ગાળી લઇ, તેમાં એક રૂપિયાભાર ગોળ મેળવી દિવસમાં બે વાર પાવાથી, આંખનાં દરદ સાથે, માથામાં શૂળ મારતું હોય તે અથવા મોઢાથી માંડીને દાંત, લમણું, આંખ અને કાનની આસપાસ અથવા માથામાંનું દારુણ શૂળ શાંત થાય છે.

કાળો સુરમોઃ–કાળો સુરમો તોલા ૨૦ લાવીને તેને ખૂબ બારીક વાટવો. પછી તેમાં બહેડાંની મીંજ તોલા ૨, કોડીની ભસ્મ તોલો ૧ વગર વીંધેલાં ઝીણાં મોતી તોલો ૧ અને મન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીલ તોલો ૧ લઈ, એને બારીક વાટી કાળા સુરમામાં મેળવવાં. પછી મોરથૂથુ તોલો ૧ લઈ, તેનું ૧ શેર પાણી બનાવી, તે પાણી સુરમામાં નાખતા જવું અને બરલ કરતા જવું. તે વાટતાં વાટતાં સુકાઈ જાય એટલે તે પ્રમાણે પાંચ શેર ગુલાબજળ પચાવવું. ગુલાબજળ પચાવતાં પહેલાં તેમાં બે તોલા બરાસ મેળવવો. ગુલાબજળ પચાવતાં પચાવતાં જ્યારે તે સુકાઇ જઇ ઘણો બારીક સુરમો થાય, ત્યારે શીશીમાં ભરી લેવો. આ સુરમો એકલો આંજવાથી અથવા બબ્બુલાદિ સ્વરમાં સળી બોળી, પછી સુરમામાં સળી બોળી, આંખમાં આંજવાથી આંખનાં ફૂલાં, છારી, ઝાંખ, આંખનાં બીલ, આંખમાં પડતી ચાંદીઓ, આંખમાં ફૂલતું માંસ વગેરે આંખના ઘણા રોગને સારા કરે છે.

આંખમાં આંજવાનું કાજળઃ-ફટકડી તોલા ૪ અને એલચી તોલા ૮ લઈ (છોડાં સાથે) એ બેને વાટીને વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી તેમાં ૧૬ તોલા ગાયનું ઘી મેળવવું. ત્યાર પછી જૂના ચોપડાના કાગળ લખેલા હોય તે અથવા તે ન મળે તો અમદાવાદી હાથના બનાવેલા સ્વદેશી કાગળ લઇને, તે કાગળ પર ઘીમાં મેળવેલો ભૂકો ચોપડવો. તે જેટલા કાગળ પર ચોપડાય તેટલા કાગળના જુદા જુદા વીંટા વાળવા. તેમાંથી એક વીંટાને ચીપિયાથી પકડી એક બાજુથી સળગાવી, તેમાંથી જે ઘી ટપકે તેને તાંબાના વાસણમાં ઝીલવું અને જે વીંટો બળી રહે તેની રાખોડી પણ તેજ ઘીમાં નાખવી. એવી રીતે તમામ કાગળના વીંટા બાળવા. પછી તે ટપકેલું ઘી તથા કાગળની રાખને એકઠાં કરી, બરલમાં નાખી બરાબર આઠ કલાક મર્દન કરવું. જો ઘી બળી ગયું હોય અને મેશ લૂખી પડે તો બીજું ગાયનું ઘી ઉમેરવું. પછી તે બારીકમાં બારીક વટાય એટલે હાથેલીમાં મૂકી આંગળી ફેરવી તપાસી જોવું. હાથેલીમાં જરા પણ કાંકરી ખૂંચે નહિ એવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય ત્યારે તે કાજળને દાબડીમાં ભરી લેવું. પછી તેમાંથી સ્ત્રીઓ જેમ આંખમાં કાજળ નાખે છે, તેવી રીતે આંગળી પર લઇ, જેની આંખ દુખવા આવી હોય, જેની આંખમાં મોટા ખીલ થયા હોય, જેની આંખમાંથી પરુ અને પીયા નીકળતા હોય, જેની આંખ વાખર થયેલી હોય, તેની આંખમાં દિવસમાં એક વાર આંજવાથી ઘણીજ ફતેહમંદીથી આંખના રોગ સારા કરે છે. એમાં ખાસ કરીને દુખવા આવેલી આંખ ઉપર આ કાજળ અકસીર ઇલાજ છે.

સૌભાગ્યવંતી સ્ત્રીઓની આંખમાં આંજવાનું કાજળ:–દિવેલનો દીવો કરી તે દીવાની મેશ તોલા ૪ પાડવી, મોરથૂથુ તોલો ૦॥ ફુલાવીને લેવો, ફટકડી તોલો ૦॥ ફુલાવીને લેવી, ઘોડાવજ તોલો ૧ તથા આમળાં તોલો ૧ લઇ એ બેને બાળીને તેની રાખોડી લેવી. પછી એ સર્વને મેશમાં નાખીને તેમાં ૪ તોલા ચોખ્ખું ઘી મેળવીને એક દિવસ ખલ કરવો. બીજે દિવસે તે ખલમાં ૦। શેર પાણી નાખી વાટવા માંડવું, એટલે પાણી મેલું થઇ જશે. તે પાણીને કાઢી નાખી બીજું પાણી નાખવું. એ રીતે જ્યાં સુધી પાણી મેલું નીકળે ત્યાં સુધી પાણી નાખતા જવું અને વાટતા જવું. જ્યારે ચોખ્ખું પાણી નીકળે ત્યારે તેમાં બરાસ તોલો એક મેળવી ખૂબ ઘૂંટવું. પછી તે મેશની દાબડી ભરી મૂકવી. સૌભાગ્યવતી સ્ત્રીઓ કે જેઓ દરરોજ આંખમાં કાજળ આંજે છે, તેમની આંખમાં આ કાજળ આંજ્યા કરવાથી આંખનું તેજ વધે છે, આંખ પર ગરમી આવતી નથી અને આંખમાં ઠંડક વળે છે. આ કાજળ બનાવતાં કોઇના મનમાં એવી શંકા આવે કે મોરથૂથુ, ફટકડી વગેરેથી આંખમાં બળતરા થશે, પણ આ કાજળને પાણી નાખીને વાટતાં વાટતાં જે મેલ નીકળી જાય છે તે મેલની સાથે ફટકડી, મોરથૂથુ વગેરે પદાર્થોનો ભાગ પાણી સાથે નીકળી જાય છે અને માત્ર તેનો પ્રાભાવિક ગુણ કાજળમાં રહી જાય છે, તેથી આંખને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણીજ ઠંડક વળે છે અને આંખનો મેલ કપાઇ, આંખ હંમેશાં તેજસ્વી તથા નિર્મળ રહે છે.

ઉપર પ્રમાણે આંખના વ્યાધિઓ મટાડવાના ઉપાયો આ નિબંધમાળાના પ્રથમ ભાગના દશમા નિબંધમાં અને ઉપર લખ્યા છે. આથી આંખના મોતિયા, પાંપણમાં ઊગતા વાળ (પ્રવાળા) અને આંખમાં થતો ડૈયો એ ત્રણ સિવાયના તમામ આંખના રોગો સારા થાય છે. જેને એ વિદ્યામાં વધારે શોધખોળ કરવી હોય, તેણે શારંગધરસિંહતાના ત્રીજા ખંડમાં નેત્રકર્મનો પ્રકાર તથા રસરત્ન સમુચ્ચયના ૨૩ મા અધ્યાયમાં નેત્રરોગના લખેલા ઉપાયો અજમાવી જોવાની અને અનુભવ મેળવવાની અમે ખાસ ભલામણ કરીએ છીએ. નેત્રરોગને માટે આપણા વૈદ્યરાજો ઘણા પાછળ જણાયા છે; એટલા માટે આ નિબંધમાં નેત્રરોગનું વર્ણન સંપૂર્ણ રીતે કરી, તેના ઉપાયો જે જે અમારા અનુભવમાં હતા તે લખી, બાકીનો અનુભવ કરવાનો પ્રયાસ અમારા વિદ્વાન અને ઉદ્યોગી વૈદ્યરાજોને સોંપી, આ નિબંધ સમાપ્ત કરીએ છીએ.

મુખ, કર્ણ, નાસા, મસ્તક અને નેત્રરોગના ઉપાયો

૧–યતિશ્રી રવિહંસજી દીપહંસજી–સુરત

૧. આગરુ પૂતિગંધાઃ–જાયફળ, જાવંત્રી, ડમરાની માંજર, પાતરાં, કેશર અને ગોળ સમભાગે લઇ બારીક વાટી ચણા જેવડી ગોળી કરી, દિવસમાં ત્રણ વાર એકેક ગોળી મોંમાં રખાવી રસ ગળાવવો, જેથી મોઢાની દુર્ગંધ મટે છે.

૨. મોઢાની દવાઃ–આમળાં શેર ૦ા લાવી પાણી શેર ૫ માં ખૂબ ઉકાળવાં. તે ઠંડું પડે એટલે તેમાં હાથ ઘાલી ખૂબ ચોળવાં અને ગાળીને કાચના શીશામાં ભરી રાખી, તેના કોગળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બબ્બે ત્રણ ત્રણ કલાકે કરાવવા. ગમે તે કારણથી મોં આવ્યું હશે તો પણ તે મટી જશે.

૩. એરસાલ તોલો ૧, બરાસ તોલો ૧, એલચી તોલો ૧, ધોળી તપખીર તોલો ૧, કલાઇ સફેતો તોલો ૧, જીરું તોલો ૧, હીરાદબ્બણ તોલો ૧, જેઠીમધ તોલો ૧, ગુલાબનાં ફૂલ તોલો ૧, ચિનીકબાલા તોલો ૧ અને જેઠીમધનો શીરો તોલો ૧ લઇ ઉપલી તમામ ચીજો જુદી જુદી બારીક ખાંડી, કપડછાણ કરીને જીરી અથવા કોઠીનાં પાતરાંના રસમાં બલ કરવો. બલ કરતાં કરતાં સુકાઈ જાય, ત્યારે તે ભૂકાને કાચના સારા બૂચવાળા શીશામાં ભરી લેવો. ઉપલી દવા મોંમાં તમામ ઠેકાણે ઘસી મોં નીગળતું મૂકે તો મોં આવેલું સારું થાય છે. દિવસમાં બેચાર વખત એ મુજબ કરાવવું અને મોંમાંથી તમામ બોબાર બરાબર નીતરીને મોં સાફ થઇ જાય, ત્યાં સુધી ધીરજ રાખીને દરદી મોં નીગળતું રાખે તે બાસ ધ્યાનમાં રાખવું.

૪. દાઢમાં કે દાંતમાં કળતર થતું હોય, તો લીલાં અથવા લાલ મરચાંના બિયાં કાઢી નાખી તે મરચાંને જરાક પાણીમાં બૂબ બલ કર્યા પછી તેમાં જોઇતું પાણી ઉમેરી તેનો રસ બનાવવો. પછી જે બાજુની દાઢ દુખતી હોય તે બાજુના કાનમાં તેનાં ચાર પાંચ ટીપાં પાડવાં; એટલે દાંત દુખતા મટી જશે. પણ જો કાનમાં બળતરા થાય, તો તેમાં લાલ બાંડ લઇ તે કાનમાં જરાક ભભરાવવી, એટલે દાઢ તરત નરમ પડશે.

૫. હોંયરીંગણીનાં બીજની બીડી બનાવી પાવાથી દાંત હાલતા હોય અથવા અવાળુ ફૂલ્યું હોય તો તે પણ ઊતરી જાય છે અને સોજો પણ નરમ પડે છે.

૨-ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી-સુરત

૧. રતનજોતના દૂધમાં ચોબ્બો કાથો પલાળી પછી તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારીક વાટી દાંતે ઘસવાથી હાલતા દાંત અને ઘણી વેદના થતી હોય તો તે મટે છે.

૨. કોગળાઃ–કાળી દ્રાક્ષ, દારુહળદર, ધમાસો, ત્રિફળા અને જૂઇનાં પાતરાં સમભાગે લઇ, ઉકાળીને તેના કોગળા કરવાથી મોઢાની ગરમી, ચાંદી અને ફૂલેલાં અવાળુ વગેરે મટે છે,

૩. દંતમંજનઃ–ફુલાવેલું મોરથૂથુ ભાગ ૧૦, ફુલાવેલો ટંકણખાર ભાગ ૨૦, ફુલાવેલી ફટકડી ભાગ ૩૦, સુથારી ચાક ભાગ ૪૦, તજ ભાગ ૨ અને લવિંગ ભાગ ૨ લઇ, એ સર્વ વસ્તુ ઘણીજ બારીક કરી વસ્ત્રગાળ ચૂર્ણ બનાનવું. સવારે દાતણ કરતી વખતે તેનું મંજન કરીને ઘણી વાર સુધી મોં નીગળતું રાખી મોઢામાંનું પાણી બરાબર ઝરી જવા દેવું. એટલે દાંત સ્વચ્છ થઇ તેના પરનો મેલ ઊખડી જાય છે, દાંતનાં પેઢાંમાંથી લોહી નીકળતું બંધ થાય છે ને ચઢેલાં અવાળુ પણ મટી જાય છે. આ મંજન ઘસતાં પેટમાં જશે તો ઊલટી થશે, માટે પેટમાં જવા દેવું નહિ.

૪. લોધર, રસવંતી અને મોથ સમભાગે લઇ બારીક વાટી દાંત પર ઘસવાથી દાંતનાં પેઢાં મજબૂત થાય છે અને દાંતમાંથી લોહી નીકળતું હોય તો બંધ થાય છે.

૫. કોગળાઃ–ટંકણખાર વાલ ૪, દસ તોલા પાણીમાં મેળવી તેના કોગળા કરાવવા, જેથી મોઢામાંની ચાંદી તથા જીભ ઉપરની ચાંદી મટી જાય છે.

૬. દંતમંજનઃ–દિવેલીનો બોળ શેર ૦।।, બદામનાં છોડાં શેર ૦।।, જીરું શેર બે આનીભાર, માયાં નંગ ૬ અને મીઠું શેર ૦। લઇ, બોળને ઝીણો બાંડી ચાળણીથી ચાળવો. બદામનાં છોડાંને ઠીકરામાં નાખી બાળતાં અંગારા જેવાં થાય એટલે વાટી નાખવાં. જીરું તથા માયાંને પણ બારીક વાટવાં અને એ સર્વેને મેળવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરીથી વાટી એકરસ કરવું. મીઠાને શેકીને બારીક વાટીને એક બીજી મજબૂત બૂચવાળી બાટલીમાં ભરી લેવું. પછી સવારે દાતણ કરતી વખતે મંજનનો ભૂકો લઈને તેમાં બીજી શીશીમાંનું મીઠું જરા મેળવીને એ મંજન મોઢામાં દાંત ઉપર બધે ચોપડીને, મોંને ગળતું મૂકવું; ઉતાવળ કરીને ઊઠી જવું નહિ, તેમ કોગળા કરી દેવા નહિ; પણ ધીરજથી જ્યાં સુધી મોઢું ગળે ત્યાં સુધી ગળવા દેવું; જેથી દાંત તથા અવાળુના સર્વ રોગ મટી જાય છે.

૩-વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા-વાગડ

૧. માથાની ઉંદરી માટેઃ-સર્પની કાંચળી ઘુપેલમાં નાખી ગરમ કરવાથી તેમાં મળી જશે. તે તેલ ઉંદરી ઉપર લગાડવાથી મટી જાય છે.

૨. દરરોજ ગરમ પાણીથી માથું ધોઇ સાફ કરી ભેંસનાં શિંગડાંને બાળી રાખ કરી, તેલમાં મલમ કરી લગાડવાથી માથાની ઉંદરી મટે છે.

૩. ચંબેલીનાં પાન, કાચકાનાં મૂળ, કરેણનાં મૂળ અને ચિત્રો એ બધાં ઓસડને તેલમાં પકાવી લગાડવાથી માથાની ઉંદરી મટે છે.

૪. મુખપાક માટેઃ-મોઢું આવી જાય ત્યારે ચણોઠીનાં પાન, સોનાગેરુ, ફોતરાંવાળી એલચી અને કુલાવેલ મોરથૂથુ સમભાગે લઇ, વસ્ત્રગાળ કરી ચપટી ભરી મોંમાં ભભરાવી મોં બંધ કરી પુષ્કળ લાળ ભેગી થવા દઇ કાઢી નાખી, બીજી વાર એ પ્રમાણે કરવું તથા ત્રીજી વખત લગાવી મોઢું અણગળ (ગાળ્યા વિનાનું) પાણીથી સાફ કરવું. એ પ્રમાણે ત્રણ દિવસ કરવાથી સારું થાય છે. આ દવા પેટમાં જશે તો તુરતજ ઊલટી થશે, માટે પૂરતી સંભાળ રાખવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. કુલાવેલ ટંકણ મધ સાથે મેળવી મોંમાં ચાંદી પડી હોય ત્યાં ચોપડવાથી રુઝાઇ જાય છે.

૬. દંતમંજનઃ–પતંગનું લાકડું, લોધર, મજીઠ, હીરાકસી, કુલાવેલ ફટકડી અને માયુંફળ એ અકેક તોલો તથા કપૂર તોલો ૦॥ મેળવી ચૂર્ણ કરી દાંતે ઘસવાથી દાંત હાલતા હોય તે મજબૂત થાય છે.

૭. દંતમંજન બીજુંઃ–કુલાવેલ ફટકડી તોલા ૨, ચાક તોલા ૮, કુલાવેલ મોરથૂથુ તોલો ૦॥, સમુદ્રફીણ તોલા ૪, સોનાગેરુ તોલા ૩ અને કપૂર તોલો ૦॥ લઇ બધાં એકત્ર કરી દાંતે ઘસવાથી દાંતના પારામાંથી નીકળતું લોહી બંધ થાય છે.

૮. દંતમંજન ત્રીજુંઃ–કુલાવેલ ફટકડી, હીરાબોળ અને બદામનાં છોડાંના કોલસા એ દરેક ૨॥ તોલા, સમુદ્રફીણ તોલા ૫ સાથે મેળવી દાંતે ઘસવાથી દાંત સફેદ થાય છે.

૯. ખજૂરના ઠળિયા, ભોંયરીંગણનાં બીજ, રાયણનાં બીજ, મૂળાનાં બીજ, કેરડાની કૂંપળો, સાજીખાર અને ઘી લઈ બધાં મિશ્ર કરી દેવતા ઉપર મૂકી તેની ધૂણી લેવાથી દાંત તથા દાઢ દુખતી મટે છે.

૧૦. આકડાનું મૂળ દાંતે ઘસવાથી કળતર મટે છે.

૧૧. પીપળાની વડવાઈનું તાજું દાતણ કરવાથી દાંત મજબૂત થાય છે.

૧૨. દાઢ પોલી હોય તે માટેઃ–તમાકુ, અફીણ અને લીમડાની કૂંપળો સરખે વજને લઇ વાટી નાની ગોળીઓ બનાવી, દાંત અગર દાઢની પોલમાં મૂકવાથી આરામ થાય છે; તેમજ સરગવાનો ગુંદર દાઢમાં રાખવો અથવા ચમારદુધેલીનાં પાન દાઢમાં રાખવાથી કળતર અને પીડા મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪-માસ્તર નરભેરામ હરજીવન-નવાગામ

૧. દંતકૃમિ માટેઃ-લોઢીને ખૂબ ગરમ કરી તેના ઉપર ઇંદ્રવરણીનાં પાકાં ફૂલ મૂકી તેની મોંમાં ધૂણી લેવાથી દાંતમાંના કીડા ખરી પડે છે.

૨. લોંયરીંગણીનાં બી દેવતા ઉપર મૂકી ધૂણી લેવાથી દંત-કૃમિનો નાશ થાય છે.

૫-વૈદ્ય કેશવરામ હરિશંકર ભટ્ટ-કાપોદ્રા

મુખપાક માટેઃ-બોરડીનાં મૂળ તથા બાવળની છાલનો ક્વાથ કરી જરા ફટકડી નાખી કોગળા કરવાથી મુખપાક મટે છે.

૬-વૈદ્ય નારુશંકર હરગોવિન્દ અધ્વર્યુ-બારડોલી

બીલીનાં પાતરાંનો ક્વાથ કરી તેના કોગળા કરવાથી મોં આવી ગયું હોય તે મટે છે. સંગ્રહણીના દરદીનું મોઢું જ્યારે આવી જાય ત્યારે આ કોગળા કરાવવાથી સારું થાય છે.

૭-વૈદ્ય ધીરજલાલ માણેકલાલ-વડોદરા

દંતરક્ષક ચૂર્ણઃ-મોરથૂથુ કુલાવેલ તોલો ૦॥, ટંકણ તોલા ૨, ફટકડી તોલા ૩, ચાક તોલા ૮, કાથો તોલા ૨, માયાં તોલા ૨, કપૂર તોલો ૧ અને સિંધવ તોલો ૧ લઇ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી દાંતે ઘસવું. આ ચૂર્ણ સન્નિપાતમાં કફ સુકાઇ ગયો હોય તેને બહાર ખેંચી કાઢવા માટે દાંતના પેઢા ઉપર તથા જીભે ઘસવું, જેથી આખો દિવસ કફ નીકળ્યા કરે છે.

૮-વૈદ્ય વલ્લભદાસ નરોત્તમદાસ-ભરુચ

નવસાર, કળીચૂનો તથા કંકુ એ ત્રણેને પાણીમાં હાથ ઉપર ઘસી નાકમાં સૂંઘે તો દાઢ દુઃખતી મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯–વૈદ્ય નૂરમહમદ હંમીર–રાજકોટ

મોઢાનાં છાલાં માટે:–આવળનાં પાન તથા પરડા, ફટકડી, આરારોટ, મેંદીનાં પાન અને ચણોઠીનાં પાન એ સર્વનું સમભાગે ચૂર્ણ કરી મોંમાં રાખવાથી મોઢાનાં છાલાં, ગરમી વગેરે મટે છે.

૧૦–બ્રહ્મચારી આત્મારામ ત્રિવેદી

મોઢાનું આગરુ:–ઉપલેટ, દારુહળદર, લોધર, મોથ, મજીઠ, કાળીપહાડ, કડુ, માલકાંકણી, કાંટાસરિયાનાં મૂળ અને હળદર સર્વ સમભાગે લઇ, વાટી ચૂર્ણ કરી દાંતે ઘસવાથી આગરુ પીડવાળું અથવા લોહીવાળું મટે છે.

૧૧–અક્ષર પુરુષોત્તમ ઔષધાલય–સારસા

મુખપાક માટે:–આવળનાં (પીળાં) ફૂલ છાંયડે સૂકવી વસ્ત્રગાળ કરી, મધમાં ચણા જેવડી ગોળી વાળી મોંમાં રાખી થૂંકતા જવું. આથી મોઢામાં ગમે તે જાતના ફોલ્લા થયા હોય, એક પાઇ જેવડી ચાંદી પડી હોય, ખોરાક ખાઇ શકાતો ન હોય અથવા ગમે તેવો દુષ્ટ મુખપાક થયો હોય, તેને પણ આ ગોળીથી મટી જાય છે. આ ગોળી મોંમાં રાખી રસ બહાર થૂંકતા જવું અથવા પેટમાં જવા દેવાથી પણ કાંઇ નુકસાન નથી. ઉપરોક્ત ઉપચારથી બેત્રણ દિવસમાં દુષ્ટ રોગનો સદંતર નાશ થાય છે.

૧૨–વૈદ્ય પ્રભાશંકર વૃંદાવનદાસ–ધંધુકા

દંતમંજન:–જીરું તોલો ૧, મીઠું તોલો ૦।। અને મુલતાની માટી તોલો ૦ વાટી ચૂર્ણ કરી દાતણ સાથે ઘસવાથી દાંત ઉપરનો પીળો થર નીકળી જઇ સાફ થાય છે તથા મોં સ્વાદિષ્ટ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩-ડૉક્ટર ઠાકોરલાલ સૂરજરામ-સુરત

૧. દાઢ ચઢી હોય તોઃ-હીરાબોળ લાવી તેનું મંજન કરવાથી દાઢ ચઢી હોય અથવા અવાળુ ફૂલ્યું હોય, તો તરતજ દરદ નરમ પડી જાય છે.

૨.દાંત થોડા દિવસે હાલશે એવી બીક લાગે તો વડની વડવાઇનું દાતણ કરવાથી હાલતા દાંત મજબૂત થશે; બીજા હાલશે નહિ.

૩. રતનજોતના ઝાડની ડાંખળીનું દાતણ કરવાથી દાંત હાલતા હોય તો મજબૂત થાય છે.

૧૪-વૈદ્ય બાળાશંકર પ્રભાશંકર-નાંદોદ

મોરથૂથુ ફુલાવેલું તોલા ૫, ફટકડી ફુલાવેલી તોલા ૧૦, સોનાગેરુ તોલા ૧૦, એલચી તોલા ૨ વાટી વસ્ત્રગાળ કરી, વાલ ૦॥ મોંમાં રાખી લાળ નીકળી જવા દઇ બંધ થાય ત્યારે પાણીના કોગળા કરી સાફ કરવું. નાના બાળકને હીમજી હરડેના પાણીમાં એક વાલનો ચોથો ભાગ આપવાથી મટે છે. આ દવા મોંમાં ચોપડ્યા પછી લાળ બરાબર નીકળી જાય પછી મોં સાફ કરી ઘી ચોપડવું, જેથી ગમે તેવો મુખપાક હોય તો તેને પણ મટાડે છે.

૧૫-કુમારશ્રી દેવીસિંહજી ભૂપતસિંજી-કટોસણ

દાઢ દુખતી હોય તે માટેઃ-સરસિયું શેર ૧ લઇ તેમાં લાલ મરચાં શેર ૦॥ નાખી અગ્નિ પર મૂકી બૂબ કકડી મરચાં બળી જાય, ત્યારે નીચે ઉતારી ગાળી રાખી મૂકવું. **ઉપયોગઃ**-જો જમણી બાજુની દાઢ દુખતી હોય તો ડાબી બાજુના કાનમાં તેલ નાખવું અને ડાબી દાઢ દુખતી હોય તો જમણા કાનમાં તેલ પાડવું. આ તેલ પાંચ મિનિટ કાનમાં રહેવા દેવું, જેથી તીવ્ર પીડા કરતી દાઢ એકદમ નરમ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬–વૈદ્ય જમનાદાસ મદનજી વૈષ્ણવ–વેરાવળ

દંતમંજનઃ–ચાક ૨, કપૂર ૦૧, તજ ૦૧, અજમો ૧, માયું-ફળ ૧ અને મોરથથુ ફુલાવેલું તોલા ૦)= ભાર વાટી ચૂર્ણ કરી દાંતે ઘસવાથી દાંતના રોગ મટે છે.

૧૭–વૈદ્ય રવિકાંત અને શાન્તિકાંત–બાલંભા

સૌભાગ્યપ્રવાહીઃ–(અમારી બનાવટ) ફુલાવેલી ફટકડી તોલો ૧૧, જેઠીમધનું ચૂર્ણ તોલો ૧૧, ટંકણખાર ફુલાવેલો તોલા ૨૧૧, વીસ તોલા સાકરનું સરબત (ચાસણી) બનાવી ઠર્યા બાદ ઉપરની વસ્તુઓ મેળવી શીશીમાં ભરી રાખવું. તે રૂ વડે અથવા પીંછી વડે મોઢામાં તથા ગળામાં ફેરવવાથી મુખક્ષત, ઘારાં, ફોલ્લા, રતવા, ચોળિયા વગેરે મટે છે. અમે આ દવાનો ઘણા વખતથી ઉપયોગ કરીએ છીએ.

૧૮–વૈદ્ય ધીરાબાવા ગુમાનબાવા–સણિયાતળાવ

દાઢનો દુખાવોઃ–આકડાની કૂંપળનાં ઝીણાં પાન લાવી સહેજ પાણી મૂકીને રસ કાઢી તે રસ કાનમાં મૂકવાથી દાઢ નરમ પડે છે. આ રસ ડાબી દાઢ દુખતી હોય તો જમણી બાજુના કાનમાં મૂકવો અને જમણી દાઢ દુખતી હોય તો ડાબા કાનમાં મૂકવાથી દરદીને આરામ થાય છે, એ અનુભવસિદ્ધ છે.

૧૯–વૈદ્ય આણંદજી અને પીતાંબર સવજી–ઉના

દાંતનાં પેઢાં ચઢવાંઃ–તાવડીની મેશ દિવસમાં બે વખત પોચે હાથે ઘસી ફટકડીના પાણીના કોગળા કરવાથી દાંતનાં પેઢાં ચઢેલાં હોય તે મટે છે.

૨૦–સાધુ ગંગાદાસજી સેવાદાસજી–સુરત

દંતમંજનઃ–ચાક તોલા ૬, દાડમનાં ફૂલ તોલા ૬, આમળાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોલા ૬, હીમજ તોલા ૬, હીરાકસી તોલા ૪, હરડાં તોલા ૪, બહેડાં તોલા ૪, મોચરસ તોલા ૩ અને હીરાદખ્ખણ તોલા ૩, વાટી વસ્ત્રગાળ કરી દાંતે ઘસવાથી સર્વ પ્રકારના મુખરોગ મટે છે અને દાંત મજબૂત થાય છે.

૨૧-એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

રોહીશનાં ફૂલ (રોહીશ નામનું સુગંધી ઘાસ થાય છે.) એક હાંડલીમાં ભરી તેની ઉપર સિંધવનું ચૂર્ણ પાથરવું, તેના ઉપર બીજાં ફૂલ પાથરવાં તથા પાછું સિંધવનું ચૂર્ણ પાથરવું. ત્યાર બાદ મુદ્રા કરી ગજપુટ અગ્નિ આપવો. સ્વાંગ શીત થયે કાઢી વાટી દાંતે ઘસવાથી દાંત સાફ તથા મજબૂત બને છે; તેમજ દાંતના તમામ વ્યાધિઓનો નાશ કરે છે.

૨૨-વૈદ્ય શ્યામચંદ ગોવર્ધનરામ-બાબરેચી

કાંટાળાં માયાં તોલા ૨, હીરાદખ્ખણ તોલા ૨, બરાસ તોલા ૨, ચિનીકબાલા તોલા ૨, કાથો તોલા ૪ અને ચાક તોલા ૮ વાટી વસ્ત્રગાળ કરી શીશીમાં ભરી મજબૂત બૂચ મારવો. આ મંજન દાંતે દાતણ સાથે ઘસવાની દાંત મજબૂત તથા સુગંધીદાર બને છે.

૨૩-વૈદ્ય ગોવર્ધનરાવ-પાટણ

મોરથૂથુ તોલો ૧ લઇ પાકા લીંબુની ચીરીઓમાં ભરી ગરમ કરી દુખતી દાઢ ઉપર દાબવાથી આરામ થાય છે.

૨૪-વૈદ્ય ભૂરાભાઇ ઓધવજી ત્રિવેદી-ભાદરોડ

ટંકણખાર અને કાથો વાટી મધમાં મેળવી ગળામાં તથા મોંમાં પીંછીથી અથવા આંગળીથી ચોપડવાથી તુરત દાહ શાન્ત થાય છે.

૨૫-વૈદ્ય કચરાલાલ જેઠાલાલ ગાંધી-પાટણ

દાઢનું કળતર તથા દુખાવોઃ-દાંતમાં સડો લાગે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરમ પાણીમાં મીઠું નાખી વારંવાર કોગળા કરવા. પોલાણ થઇ ગઇ હોય તથા દુખાવો હોય ત્યાં અક્કલગરો તોલો ૧ અને શુદ્ધ ટંકણ તોલો ૦ા મેળવી ધીમે ધીમે ઘસવું અગર દબાવવું અને લાળ નીકળવા દેવી. આથી કળતર તથા દુખાવો જલદીથી મટી જશે અને નસ્તર મુકાવવાની જરૂર નહિ રહે. પાન ખાવાં નહિ તેમજ અથાણાં વગેરે ગરમ ખોરાક ખાવો નહિ.

તમાકુ ઊંચી સારી ભરુચી તોલો ૧, અકલગરો તોલો ૦ા, ઘોડાવજ તોલો ૦ા, સૂંઠ તોલો ૦ા, મરી તોલો ૦ા, પીપર તોલો ૦ા, સિંધવ તોલો ૦ા અને શેકેલું જીરું તોલો ૦ા બારીક વાટી દાંતે ઘસવાથી દાંતનો દુખાવો તુરત મટે છે.

—વૈદ્યશાસ્ત્રી એસ. એલ. બર્મન-સુરત

મુખપાક માટેઃ-શંખજીરું, સોનાગેરુ, વરિયાળી, હીમજી-હરડે, ફટકડી, ચિનીકબાલા, ગુલાબનાં ફૂલ અને એલચી એ સર્વ સમભાગે લઇ વાટી મોઢામાં ઘસવાથી સર્વ પ્રકારનું આવેલું મોઢું મટે છે; તેમજ કોઇએ મોઢું આપ્યું હોય તો તે પણ મટે છે.

—વૈદ્ય પ્રાણશંકર-સમની

૧. દંતમંજનઃ-દાડમની છાલનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, તે ચૂર્ણ અરુણોદય વેળાએ દાંત ઉપર ઘસવાથી હાલતા દાંત વજ્રસમાન મજબૂત થાય છે.

૨. દાંત હાલતા હોય અને દુખાવો થતો હોય તો તે દાંતમાં અકલગરો મૂકવાથી એકદમ આરામ થઇ જાય છે.

૩. લવિંગના અર્કમાં પૂમડું બોળીને દુખતા દાંત ઉપર મૂકવાથી આરામ થાય છે.

—એક વૈદરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. દાંતનાં અવાળુઃ-જે દાંતનાં અવાળુ ફૂલ્યાં હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરમદીના ઝાડનું સૂકું અથવા લીલું મૂળ ચંદનની માફક ઘસી મંજન કરી મોં નીતરતું મૂકવાથી મટે છે.

૨. લોધરને બારીક પીસી જો કાનમાં ફૂંકે તો દુર્ગંધ તથા પરુ નીકળતું બંધ થાય છે.

૩. આદાનો રસ, મધ, તલનું તેલ ૧ તોલો તથા મીઠું તોલો ૦॥ એ બધું એકઠું કરી, ઊનું કરીને, ઠંડું પડ્યેથી કાનમાં મૂકે તો કાનના ચસકા મટે છે.

૪. બહેરાપણું:–બદામનું તેલ તોલા ૫, નગોડનાં પાતરાંનો રસ તોલા ૨॥, વરણાંનાં પાતરાંનો રસ તોલા ૨॥, અઘેડાનાં બીજનો ભૂકો તોલા ૨॥, બકરીનું મૂત્ર તોલા ૨॥ અને બીલીના ગર્ભને પાણીમાં વાટી કરેલો રસ તોલા ૨॥ લઇ આ સર્વને એકઠું કરી ધીમે તાપે ઉકાળી, સર્વ રસ બળી જાય ને ફક્ત તેલજ બાકી રહે ત્યારે તેને ઠંડું કરી કપડાથી ગાળી શીશીમાં ભરી, પછી એક માસ સુધી કાનમાં નાખવાથી બહેરાપણું જરૂર મટે છે.

—વૈદ્ય ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી–સુરત

૧. કાનના રોગના ઉપાય:–ધંતૂરાનાં પાતરાંનો રસ કાઢીને ચારપાંચ ટીપાં કાનમાં નાખવાં અને ઉપરથી કેરું કંકુ ભભરાવવું એટલે કાનમાંનું પરુ વહેતું બંધ થશે ને ચસકા મટશે.

૨. તલનું તેલ શેર ૦॥, વછનાગ ગ્રા. ૨॥ ભાર ને અફીણ તોલો ૦॥॥ લઈ વછનાગ તથા અફીણને તેલમાં નાખી ચૂલે ચડાવી, વછનાગ બળી જતાં સુધી ઉકાળી, તે તેલને ઠંડું પાડી કપડાથી ગાળી કાચની શીશીમાં ભરી લેવું. કાનમાં ચસકા મારતા હોય, નળીમાં સોજો હોય, કાનમાં ધાક પડી ફડફડ અવાજ થતો હોય, તો આ તેલનાં ચારેક ટીપાં કાનમાં નાખવાં. જો કાન પાકી પરુ નીકળતું હોય તો કાનને પિચકારીથી ધોઈ, પછી આ તેલનાં ટીપાં નાખવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. તલનું તેલ શેર ૦॥, ડમરાનાં પાતરાંનો રસ શેર ૦॥ એ બેને એકઠાં કરી ચૂલે ચડાવવાં. રસ બળી જાય અને તેલ માત્ર બાકી રહે એટલે ઉતારવું. આ તેલ બનાવવા વાસણ મોટું લેવું, કારણ કે પુષ્કળ ઊભરો ચઢે છે અને ઊકળતાં રસનો લોચો અથવા ગોળો બની જાય તો પણ ગભરાવું નહિ, કારણ કે રસ બળી ગયા પછી બધું એકરસ થઇ જાય છે. એ તેલથી પણ કાનનાં તમામ દર્દો મટે છે.

—યતિશ્રી રવિહંસજી દીપહંસજી–સુરત

ભીમસેનાદિ તેલઃ–તલનું તેલ શેર ૦॥, લસણ તોલો ૧, અને અજમો તોલો ૧ લેવાં. પ્રથમ તેલ લઈ ચૂલે ચડાવી કકડી રહે એટલે તેમાં લસણ તથા અજમો નાખી, તે બળીને કોલસા જેવું કાળું પડી જાય ત્યારે નીચે ઉતારી ઠંડું પાડી ગાળી, સવારસાંજ બબ્બે ટીપાં કાનમાં પાડી રૂ દબાવવું તથા બહાર સાબરશિંગુ, ઘોડાવજ, સૂંઠ, હિંગ અને સેકટાનું મૂળ પાણીમાં ઘસી કાનની આજુબાજુ ચોપડવું. આ લેપ બદબદાવી ચોપડવો, જેથી કાનના તમામ રોગોને મટાડે છે.

—વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઈ–સુરત

કાનમાં દુખાવો બહુ થતો હોય તો અફીણના અર્કનું ટીપું પાડવું તથા કાનની નળીની આસપાસ ચોપડવું. કાનમાં ઠળિયો વગેરે કાંઇ ભરાઇ ગયું હોય તો તલનું તેલ મૂકી બીજે દિવસે ગરમ પાણીની પિચકારીથી કાન ધોવો, જેથી અંદર ભરાયેલી વસ્તુ સહેલાઇથી બહાર નીકળી જશે.

—વૈદ્ય જમનાદાસ મદનજી વૈષ્ણવ–વેરાવળ

ભોંયરીંગણીનાં બી કડછીમાં મૂકવાં. પછી તે કડછીને દેવતા પર મૂકી ઉપર ભૂંગળી મૂકી ધુમાડો કાનમાં બરાબર જઈ શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ રાખવો. કાનમાં જંતુ કરડતાં હોય અને કોઈ પણ ઇલાજ કરવા છતાં ફાયદો ન થતો હોય તો આ ઇલાજ કરવાથી કાનમાંથી ઘણાં જંતુ બહાર નીકળી પડશે. આ ઉપાય એક વૃદ્ધ ડોશી કરતાં હતાં અને ઘણા દરદીઓ ઉપર અજમાવેલો છે. દરેકને ફાયદો થયો છે.

—વૈદ્ય નારુશંકર હરગોવિંદ—બારડોલી

આકડાનાં લીલાં ત્રણ લાંબાં લાકડાં લાવી, તેમાંના એક લાકડાને છેડે તલના તેલનું નીતરતું ચોખ્ખું સારું કપડું વીંટાળી બીજે છેડે દોરી બાંધી ઊંધું લટકાવી નીચે ચીનાઈ વાસણ મૂકી કપડું સળગાવવું, જેથી તેલ ટપકી વાસણમાં પડશે. જ્યારે તેલ ટપકી રહે ત્યારે લાકડું છોડી નાખવું અને બીજા લાકડાને એક છેડે દોરી બાંધવી અને બીજે છેડે સ્વચ્છ કપડું ટપકેલા તેલમાં ભીંજવી વીંટાળી સળગાવી તેલ ટપકાવવું. ત્રીજી વખત પણ તેજ પ્રમાણે તેલ ટપકાવી શીશીમાં ભરી લેવું. એ તેલનાં ટીપાં કાનમાં નાખવાથી કર્ણશૂળ, કર્ણનાદ અને કર્ણપાક મટે છે અને બાળકોની છાલીને માટે આ તેલ અકસીર છે.

—એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

મરી ગયેલા મોરના પગને બાળી ભસ્મ કરી બારીક વાટી ભૂંગળી દ્વારા કાનમાં ફૂંકવાથી કર્ણપાક તથા કર્ણશૂળ મટે છે.

—વૈદ્ય ગોવર્ધનરાવ—પાટણ

ગાયનું મૂત્ર જેમ જૂનું થાય છે તેમ જલદી ફાયદો કરે છે. ગાયનું મૂત્ર તોલો ૧, વડાગરું મીઠું આશરે એક વાલ તથા ચોખ્ખી હિંગ બે ઘઉંભાર અને સિંધવખાર ચાર ઘઉંભાર મેળવી, તેમાં લીંબુનો રસ આશરે દશ ટીપાં નાખી દીવા ઉપર અથવા અંગારા ઉપર ખરખદાવવું. ઊભરો આવે ત્યાર બાદ નીચે ઉતા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીને સહેવાય તેવું થાય ત્યારે ૩ વઠે કાનમાં ટીપાં પાડવાથી દુ-ખાવો અને ચસકા મટે છે. હંમેશાં ગરમ કરીને ઉપયોગમાં લેવું. દૂધ-ખાંડ ખાવાં નહિ. બહેરાશ માટે લાંબા દિવસ સેવન કરવું.

—વૈદ્ય કચરાલાલ જેઠાલાલ ગાંધી-પાટણ

કર્ણ-નાડી રોગઃ-જેના કાનમાંથી પરુ નીકળતું હોય, પરુ દુર્ગંધ મારતું હોય, કાનની નળીમાં સોજો હોય અને માથું દુ-ખતું હોય તેવા રોગીના કાનમાં ચોખ્ખા ટરપેન્ટાઇન તેલનાં ત્રણ ટીપાં સાંજસવાર નાખવાથી જલદી આરામ થાય છે. એક કર્ણ-નાડીના દરદીને ઘણું ઓસડ કરવા છતાં નહિ મટેલાને આ ઉપા-યથી તરત ફાયદો થયો હતો.

—વૈદ્ય શ્રીધર ભાઉરાવ દાણે-આકોટ (વરાડ)

૧. નાકના રોગના ઉપાયઃ-ગધેડાનાં સૂકાં લીંડાં ઉપર પાણી છાંટી તેની ગંધનો નાસ લેવાથી નાકમાંથી વહેતું લોહી બંધ થાય છે. તેમજ વાગવાથી ઘા પડ્યો હોય તો ગધેડાનાં લીંડાં પર પાણી છાંટી તે દબાવી દેવાથી ઘાનું લોહી પણ બંધ થઇ જાય છે.

—વૈદ્ય ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી-સુરત

પીનસઃ-આરતીકપૂર અને કળીચૂનો ગાયના ઘીમાં ખૂબ વાટી સૂંઘવું અને મગજમાં બરાબર ઊતરવા દેવું. આ પ્રયોગ દિન ત્રણથી સાત સુધી કરવાથી પીનસ તથા મગજમાં જંતુ હોય તો તે નીકળીને સારું થાય છે.

—વૈદ્ય વલ્લભદાસ નરોત્તમદાસ-ભરુચ

પીનસઃ-એ નાકનું દરદ છે. શરૂઆતમાં નાકમાંથી બરાબ વાસ નીકળે છે, પછી પરુ જેવી રસી નીકળવા માંડે છે, પછી ચીપડા બંધાય છે, પછી લોહી પડે છે, પછી કીડા નીકળે છે અને છેવટે નાક બેસી જાય છે. તેને માટે અમારો અનુભવસિદ્ધ ઉપાય નીચે પ્રમાણે છેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢોરમોરા (ધાવરો) એનાં પાન અજમાનાં પાન જેવાં થાય છે, પણ નરમ હોય છે; ઉપલી બાજુ મખમલના જેવી સુંવાળી થાય છે, તેની દાંડી ચોરસ હોય છે. એ પાનના રસમાં ઘી મેળવી પકાવી ઘી તૈયાર કરવું. એ ઘી સૂંઘવું, મસળવું અને મગજમાં જવા દેવું; પેટમાં જાય તો નુકસાન નથી. જેમ તંબાકુની બીડી પિવાય છે, તેમ ઢોરમોરાનાં સૂકાં પાનની બીડી બનાવી દિવસમાં ત્રણ વખત પીવી અને ધુમાડો નાક વાટે બહાર કાઢવો. પરેજીઃ–તેલ, મરચું, કાંદા અને મચ્છી ખાવી નહિ. આ પ્રયોગ કરવાથી પીનસ જરૂર મટી જાય છે. આ પ્રયોગ ખાસ અજમાવેલો છે.

—મે. ડી. પી. માદન–સુરત

૧. પીનસઃ–દાભડાનાં લીલાં પાન લાવી તેનો રસ કાઢી તે રસમાં એક ચતુર્થાંશ ગંધકનું ઘી નાખી ધીમે તાપે પકાવવું. પકાવતાં ઘી રહે અને રસ બધો બળી જાય, ત્યારે બાટલીમાં ભરી પીનસવાળાને દિવસમાં ત્રણ ચાર વખત સૂંઘાડવું તથા નીચે લખેલી છીંક લાવનારી દવા સૂંઘાડવીઃ—

૨. છીંક લાવનારી દવાઃ–અડાયાંની રાખ લઇ તેમાં આકડાનું દૂધ મેળવી પલાળી છાંયડે સૂકવી બારીક વાટી સૂંઘાડવી, આથી માથાનું દરદ, પીનસ, આદાશીશી, ચકરી અને વીંછીનું ઝેર છીંક આવેથી ઊતરી જાય છે. તાવવાળાને, નસકોરાં બંધ રહેતાં હોય તેને, નાકમાંથી કફ નહિ નીકળતો હોય અને ગળામાં ઊતરી ફેફસામાં જતો હોય તેને, હિસ્ટીરિયા, વાઇ, ઉન્માદ અને સન્નિપાતજ્વરમાં સૂંઘાડવાથી ઘેન–મૂર્છા મટી જઇ શુદ્ધિમાં આવે છે. કોઈ બાળકના નાકમાં કોઇ વસ્તુ પેસી ગઇ હોય તો બાજુના બાકી નસકોરામાં આ દવા સૂંઘાડવી. જ્યારે છીંક આવવા માંડે ત્યારે દવાવાળા નસકોરાને આંગળી વડે દબાવી દેવું; એટલે છીંકના જોર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થી ભરાઇ ગયેલી વસ્તુ નીકળી જશે. પ્રસવ જલદી ન થતો હોય તો આ દવા આપવી નહિ, કારણ કે છીંકના જોરથી ગર્ભ આડો પડી જાય છે. તાવના દરદીને શરીરે ગરમ કપડાં ઓઢાડી દવા સૂંઘાડવાથી પરસેવો થઇ તાવ નરમ પડી જાય છે. ખાસ સૂચના એટલી કરવી કે છીંકો ખાતી વખતે મોઢું બંધ રાખવું; કારણ કે મોઢું ખુલ્લું રાખવાથી દવા ગળામાં જઇ સોજાને ઉત્પન્ન કરે છે તથા અગંન બળે છે. પીનસવાળાને ઘીનું તથા આ દવાનું બંનેનું નસ્ય સાથેજ આપવું.

૩. **નસકોરી ફૂટવીઃ**-નસકોરી ફૂટતી હોય તો ફટકડીનું ચૂર્ણ સૂંઘાડવું તથા તેનું પાણી બનાવી નાકમાં મૂકવું, જેથી તુરત બંધ થઇ જાય છે.

—વૈદ્ય નૂરમહમદ હમીર-રાજકોટ

૧. **માથાના રોગના ઉપાયઃ**-ત્રણ દાણા બદામનો મગજ અને ત્રણ દાણા કાળાં મરી ગાયના ઘીમાં કકડાવી, બદામ અને મરી કાઢી લઈ, બમાય તેવું ગરમ ઘી, નાકમાં સૂંઘવું અને તળેલી બદામ તથા મરી ચાવી જઈ ઉપરથી દૂધ પીવું. એ પ્રમાણે ત્રણ દિવસ સવારસાંજ કરવાથી સખતમાં સખત આદ્ધાશીશી મટી જાય છે.

૨. સુખડનો વહેર તોલા ૨ અને વાળો તોલા ૧ એ બેને બારીક વાટી તેની લૂગદી થાય એટલું તેમાં એરંડિયું તેલ મેળવી, તે લૂગદી તાળવા ઉપરના વાળ સાફ કરાવીને તે ઉપર મૂકવાથી, ગરમીથી, લોહીઉકાળાથી, પિત્તથી, મૂર્છા આવ્યા પછી અને બેશુદ્ધ થયા પછી માથું અત્યંત દુઃખતું હોય તે ત્રણ દિવસમાં મટી જાય છે.

—યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

નબળાઇથી માથું દુખવુંઃ-કવચાં તોલા ૪, ધોળી ચણોઠી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડાં કાઢેલી તોલા ૪, એખરો તોલો ૧, ગોખરુ તોલો ૧, ધોળી મૂસળી તોલો ૧, વાંસકપૂર તોલા ૨, અબરખ ભસ્મ તોલો ૦॥, પીપર તોલો ૦॥, પીપળીમૂળ તોલો ૧, નિર્મળી તોલો ૧, લોહભસ્મ તોલો ૧, નિર્ગુંડી તોલો ૧, સુગલાઇ બેદાણા તોલા ૨, એલચી તોલો ૧, કેશર તોલો ૦॥, જાયફળ તોલો ૦॥, જાવંત્રી તોલો ૦॥, તજ તોલો ૦॥, ઇમીમસ્તકી તોલા ૩, અષ્ઠલગરો તોલો ૧ એ સર્વ વસાણાં પૈકી કોચાનાં બીજને પાણીમાં ઉકાળી છોડાં કાઢી નાખવાં ને સફેદ ચણોઠીને દૂધમાં ઉકાળી છોડાં કાઢી નાખવાં. તેમાં ખાસ ધ્યાન આપવું કે ચણોઠીના મગજ પર જરા પણ છાલ કે અંતરછાલ રહે નહિ. જો રહી જશે તો પુષ્કળ ઝાડા તથા ઊલટી કરાવશે માટે સંભાળ રાખી છોડાં દૂર કરવાં. પછી તે બીજોને છૂંદીને બારીક થાય એટલે બાકીનાં વસાણાં મેળવી ખૂબ ઘૂંટવાં. એ ભૂકામાંથી બે આનીભાર ભૂકો લઇ તેમાં તેટલી સાકર મેળવી ફાકી મારી ઉપરથી દૂધ પીવાથી શક્તિ આપે છે. મગજનાં તમામ દરદોને મટાડે છે અને યાદદાસ્તને વધારે છે.

—વૈદ્ય ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી—સુરત

૧. પીપળા પરનો વાંદો (એક જાતનાં પાતરાં થાય છે) લાવી લેપડી કરી બાંધવાથી માથાનો જે ઝામરવા થાય છે તે મટે છે તથા ઝામરવાને લીધે ઓછું દેખાય છે તે પણ દેખાતું થાય છે.

૨. મગજની શરદીથી થતો દુખાવો તથા પીનસ માટેઃ—પીનસ થતો માલૂમ પડે કે તરતજ બીલીનાં પાનનો રસ કાઢી નાકમાં મૂકવો, અથવા બીલીના પાનનું ચૂર્ણ સૂંઘવું, જેથી શરીદીથી માથામાં થતો દુઃખાવો તથા પીનસ મટે છે.

૩. સળેખમઃ—હંમેશાં સળેખમ રહેવાથી આગળ ઉપર દમનો રોગ લાગુ પડે છે, એવે વખતે જેમ બને તેમ પાણીમાં કાળાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરી નંગ ૭ વાટી એક બે માસ પીવાથી મગજની શરદી મટે છે.

—વૈદ્ય દત્તાત્રેય ભગવાનજી

માથાનો દુખાવો:-થોડા કાચા ચોખા લઇ તેમાં બે લવિંગ નાખી, ખૂબ બારીક વાટી, પાણી મૂકી લસોટી, ચંદનની માફક લેપ કરવાથી માથાનો દુઃખાવો જલદી મટી જાય છે.

—વૈદ્ય પ્રભાશંકર વૃંદાવનદાસ-ધંધુકા

૧. ઝામરવા માટે:-ચણોઠીનું મૂળ પાણીમાં ઘસી થોડા દિવસ સૂંઘવું.

૨. આકડાના દૂધમાં પલાળી સૂકવેલી અડાયાંની રાખ સૂંઘવાથી પીનસ મટે છે, તથા છીંકો આવી શ્લેષ્મ નીકળી જાય છે.

—માસ્તર નરભેરામ હરજીવન-નવાગામ

નાગની માત્રા:-ફુલાવેલું મોરથૂથુ તોલો ૧, વછનાગ તોલા ૨, કાચી ફટકડી તોલા ૨ અને કાળાં મરી તોલા ૮ લઈ પ્રથમ મોરથૂથુ ફુલાવી રાખવું તથા વછનાગને લોઢાની કડાઈમાં રાખોડી રંગનો થાય ત્યાં સુધી બાળવો. પછી બધી વસ્તુ ભેગી કરી બારીક વાટી એકથી બે રતી સુધી પીપર વાલ ૧ તથા મધ સાથે ચાટવું અથવા ઘી-મધમાં ચાટવું અને તરતજ ઉપરથી કશુંક ખાવું; નહિ તો ઊલટી થઈ જશે, દવા નીકળી જશે અને ગભરામણ થશે. આ દવાથી અગ્નિની મંદતા, મગજનું ફરવુ, વાયુ, મૃગી, કૃમિ, જીર્ણજ્વર આદિને મટાડે છે. જાયફળ તોલો ૦ા ઘસી, તેમાં આ દવા વાલ ૧ મેળવી, ચોપડવાથી માથાનો દુખાવો મટી જાય છે.

—વૈદ્ય મણિશંકર ભાનુશંકર-વલસાડ

૧. ઝામરવા માટે:-નગોડનાં પાન વાટી ગાયના દૂધમાં ખદખદાવી માથે બાંધવાથી મટી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. શારંગધર સંહિતામાં કહેલું નારાયણ તેલ લગાડવાથી પણ ઝામરવા મટી જાય છે.

—વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા-વાગડ

૧. માથાનો દુખાવો:-લીમડાનું છોડું પાણીમાં ઘસી ચંદનની માફક લગાડવાથી માથાનો દુખાવો મટી જાય છે.

૨. શરદીથી માથાનો દુખાવો:-કૂતરિયા ઘાસની પાતરી લાવી હથેળીમાં મસળી તેનો રસ સૂંઘવાથી અતિશય છીંક આવી શરદીથી થતો માથાનો દુખાવો મટી જશે. આ ઘાસના મથાળા પર બાજરીનાં ડૂંડાં જેવું થાય છે અને તે કપડાને ચોંટી જાય છે, તેને કૂતરિયું ઘાસ કહેવાય છે.

—ડાકોર ધીરાભાવા ગુમાનભાવા-સણિયાતળાવ

૧. માથાના દુખાવા માટે:-તજનો અર્ક ચોપડવો, પીપરમીટનું તેલ ચોપડવું, ગુલાબજળ, કોલનવોટર, બરફ વગેરેનાં પોતાં મૂકવાં.

૨. ઓથમીજીરું, સાકર અને ઘી અથવા બદામ, સાકર અને ઘીનો આથો કરી ખાવો.

૩. આદાશીશી:-આદુનો રસ તથા તુલસીનો રસ સૂંઘવો અને મૂકવો.

૪. અરીઠાને પાણીમાં ઘસી તેનું ટીપું દુખતા ભાગ તરફના નસકોરામાં મૂકવું.

—વૈદ્ય જમનાદાસ મદનજી વૈષ્ણવ-વેરાવળ

૧. મસ્તકરોગ:-સિંધવ ઘીમાં વાટી સૂંઘાડવો.

૨. પટોળાંનાં લીલાં મૂળ ઘસીને (પાણીમાં) ચોપડવાં.

૩. ભાંગરાનું મૂળ ઘસીને ચોપડવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. ધોળી કરેણનું મૂળ ઘસીને સૂંઘવાથી મસ્તકરોગ મટે છે.

—વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઈ-સુરત

૧. મસ્તકનો દુખાવો:—દુધેલીનું મૂળ, તગર, શતાવરી, મોટી હરડે, દોડીનો રસ, રાસ્ના, સિંધવ, વાવડિંગ, જેઠીમધ, સૂંઠ અને એરંડમૂળ એ દરેક તોલો તોલો અને ભાંગરાનો રસ તોલા ૫, તલનું તેલ તોલા ૧૫ અને બકરીનું દૂધ તોલા ૧૦ એ સર્વને વાટી તેનું તેલ કાઢી, તે તેલનાં છ ટીપાં નાકમાં મૂકવાથી માથાનો દુખાવો મટી જાય છે.

૨. મગજતરી બધી જાતની મળી શેર ૦॥, બદામ શેર ૦॥, સાકર શેર ૨, ખસખસ શેર ૦, ધોળાં મરી તોલો ૦॥, નાગકેશર તોલો ૧ અને એલચી તોલો ૧ લઈ, સાકર સિવાય સર્વ વસ્તુનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, અડધો શેર દૂધ લઈ તેમાં આ ચૂર્ણ એક અધોળ નાખવું. પછી સાકર તોલો ૧ તથા ઘી તોલો ૧ નાખી ઉકાળી માત્ર સવારમાં પીવું અને ભૂખ લાગે ત્યારે જમવું. આ પ્રયોગથી અવશ્ય મસ્તકના તમામ વ્યાધિ મટે છે.

—વૈદ્ય કેશવલાલ હરિશંકર ભટ્ટ-કાપોદ્રા

૧. આદાશીશી માટે:—પીપર, મરી અને લોધર સમભાગે લઈ બારીક વાટી ત્રણ દિવસ નસ્ય આપવાથી આદાશીશીનો વ્યાધિ મટે છે.

૨. કપાળના કીડા:—કડવી કૂકડવેલનાં પાનનો રસ કાઢી ત્રણ વખત નસ્ય આપવાથી કપાળના કીડાની વ્યથા નાશ પામે છે.

—અમદાવાદના એક વૈદ્યરાજ

ઝામરવાની અકસીર દવા:—બદામનો મગજ શેર ૦॥, તજ તોલો ૧, સૂંઠ તોલો ૧॥, સાકર તોલા ૫ અને ખસખસ શેર ૦॥ એ સર્વને વાટી કલાઈવાળા વાસણમાં ભરી બંધ રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ચૂર્ણ તોલો એક તથા ગાયનું દૂધ શેર ૦॥ મેળવી ઉકાળી પીવાથી ઝામરવા, માથાનો કઢાપો, આંખમાંથી ઝરતું પાણી, શરદી, જીર્ણજ્વર તેમજ દરેક જાતના શિરોરોગનો નાશ કરે છે.

—વૈદ્ય પુરુષોત્તમ બહેચરદાસ યાજ્ઞિક-કાલોલ

માથાનો દુખાવો:-(બે મિનિટમાં ફાયદો કરે છે) શુદ્ધ નેપાળો કે જેની વચમાંની પાતરી તથા છાલ કાઢેલી હોય, તે ભાગ ૧૨ અને કપૂર ભાગ ૧ લઈ, એ બેને એકઠાં વાટી પાતાળ-યંત્રથી તેલ કાઢવું અને તે મજબૂત બૂચવાળી શીશીમાં ભરી મૂકવું. જેનું માથું દુખતું હોય તેને ફક્ત બાટલીનો બૂચ ઉઘાડી શીશી નાક આગળ ધરી જોરથી સૂંઘાડવું; એટલે તરત માથું દુખતું મટી જશે. અંગ્રેજી ફીન્યાસીટીન વગેરેના મિશ્રણથી કમી-માં કમી વીસ મિનિટ લાગે છે, પણ આ ઓસડથી બે મિનિટમાં મટી જાય છે. આ ઓસડ ઘણા દિવસ પછી કમજોર થઈ જાય છે, પણ આવી જાતની ચમત્કારિક ગુણ બતાવનારી ઔષધિ આયુર્વેદ-માં છે, તે જોઇને આયુર્વેદનાં જેટલાં વખાણ કરો તેટલાં ઓછાં છે.

—વૈદ્ય શ્રીધર ભાઉરાવ દાણે-આકોટ (વરાડ)

૧. આંખના રોગના ઉપાય:-મનસીલ, શંખની નાભિ, સિંધવ, ધોળાં મરી અને બરાસ એ સરખે ભાગે લઈ પ્રથમ મન-સીલને બકરીના દૂધમાં, શંખની નાભિને ગાયના દૂધમાં, સિંધ-વને વરસાદના પાણીમાં અને મરીને સ્ત્રીના દૂધમાં એકેક દિવસ ખલ કરી, બરાસ મેળવી ભેગાં વાટી પાણી સાથે ગોળીઓ વાળવી. આ **માતંગી અંજનની** ગોળી પાણીમાં ઘસીને આંજવાથી આંખની ઝાંખ, ફૂલાં, ગરમી વગેરે આંખના ઘણા રોગો મટે છે.

૨. ગુરુવટી:-ફુલાવેલો ટંકણખાર, છોડાં કાડેલી ચિમેડ, ધોળી ચણોઠી અને સકેતો એ સર્વે એકેક તોલો લેવાં તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલાવેલું મોરથૂથુ ૦॥ તોલો મેળવીને લીંબુના રસમાં ૧૨ કલાક ઘૂંટવું. સુકાય ત્યારે શીશીમાં ભરી તાંબાની સળીથી આંખમાં આંજવાથી ફૂલાં, છારી, ઝાંખ વગેરે મટે છે.

૩. **અંજનવર્તી**:–નિર્મળી, શંખનાભિ, મરી, સમુદ્રફીણ, સાકર, રસવંતી, મનસીલ અને મરઘીનાં ઈંડાંનાં ફોતરાં સરખે ભાગે લઇ ઝીણું વાટી ત્રિફળાના ઉકાળામાં એક દિવસ ખલી ગોળી કરવી. પાણીમાં ઘસીને આંજવાથી આંખનાં તિમિર, પડળ, કાચબિંદુ, છારી, ઝાંખ તથા ફૂલાંને મટાડે છે.

૪. **ફૂલાંની ગોળી**:–હીમજી હરડે, પલાશપાપડો, સિંધવ અને રતાંજળી એ ચારેને પાણીમાં ખલી ગોળી કરી આંજવાથી ફૂલું મટી જાય છે.

૫. **નયનામૃત અંજન**:–પારો તોલો ૧, સીસું તોલો ૧, કાળો સુરમો તોલા ૨ અને બરાસ તોલો ૧ લઈ, એ સર્વેને સાથે ઘૂંટી સુરમો બનાવી સળીથી આંખમાં આંજવાથી આંખના ઘણા રોગ મટે છે. સારી આંખવાળા આંજે તો આંખમાં કોઈ રોગ થતો નથી.

૬. **ઠંડો સુરમો**:–કાળો સુરમો તોલા ૪, મોતીનો ભૂક્કો તોલો ૧, બરાસ તોલા ૨॥ અને ટંકણખાર કુલાવેલો તોલો ૦॥ લઈ, એ સર્વને ગુલાબજળમાં આઠ દિવસ ખલ કરી, ખલતાં ખલતાં સુકાય ત્યારે શીશીમાં ભરી, સીસાની સળીથી આંજવાથી આંખના ઘણા રોગો મટે છે અને આંખને ઠંડક આપે છે.

૭. **ધોળો સુરમો**:–કુલાવેલી ફટકડી તોલો ૧, બરાસ તોલો ૧, કુલાવેલો ટંકણ તોલો ૦॥ અને ધોળાં મરીના દાણા નંગ ૧૧ લઇ, એ સર્વેને ખલમાં વાટી સારી પેઠે ઘૂંટી આંજવા જેવું થાય એટલે શીશીમાં ભરી, સળીથી આંજવાથી આંખના ઘણા રોગોને મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. **નીલમણિ અર્કઃ**-ગુલાબજળ તોલા ૨૫ માં ફુલાવેલું મોરથૂથું રતી ૧ નાખી આંખમાં ટીપાં મૂકવાથી આવેલી આંખો, છારી અને આંખના ખીલ મટી જાય છે.

—વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

૧. **આંખનું ફૂલુંઃ**-નિર્મળીનાં બીજ મધમાં ઘસીને આંજવાથી ફૂલું મટે છે.

૨. **સુરમોઃ**-સીસાને માટીની ઠીબમાં મૂકી નીચે પુષ્કળ તાપ કરવાથી સીસું ઓગળી જાય ત્યારે તેમાં તલનું તેલ રેડવું; એટલે તે સીસાનો મેલ નીકળી જશે. પછી તેને ઢાળી દેવું. એ પ્રમાણે એકસો વખત તેલ પાવું. પછી તેને આંયણીમાં ઘાલી ફૂટતાં ફૂટતાં તેનાં પાતરાં થઈ જાય તો પણ તેને ફૂટ્યાજ કરવું; એટલે ફૂટતાં ફૂટતાં એ ભૂકો થઇ જશે. તેને કપડછાણ કરવો. એ કપડછાણ કરેલા ભૂકામાંથી એક રૂપિયાભાર ભૂકો લઈ એક ચણોઠીભાર ભીમસેની બરાસ, ૦॥ તોલો ચિનીકબાલા અને ૦॥ તોલો એલચીનાં છોડાં સાથેજ વાટીને આંખમાં આંજવા જેવું થાય ત્યારે શીશી ભરી મૂકવી. એ સુરમો આંજવાથી આંખનાં પડળ, છારી વગેરે મટે છે. ટૂંકી દૃષ્ટિવાળાને દોઢ માસ લગી આંજ્યા કરવાથી સારું થાય છે અને સારી આંખવાળા જો આ સુરમાનો હંમેશાં ઉપયોગ કરે તો કોઇ પણ પ્રકારનો આંખનો રોગ થતો નથી.

—યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

૧. **ફૂલુંઃ**-વડના દૂધમાં કપૂર મેળવીને કેટલાક દિવસ અંજન કરવાથી ૧૨ માસનું જૂનું ફૂલું મટે છે.

૨. અક્કલગરો લઇ બારીક વાટી કપડછાણ કરી તેને ઘેટીના દૂધમાં ત્રણ દિવસ ઘૂંટવો. પછી તેની ચણા જેવડી ગોળી વાળી, છાંયે સૂકવી, પાણીમાં ઘસી સવારસાંજ આંજવાથી એક મહિનામાં ફૂલું મટી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. આંખમાં નાખવાનાં ટીપાંઃ-ધંતૂરાનાં પાન, આમલીનાં પાન, જીરું, કાચી ફટકડી એ સર્વે અધોં અધોં તોલો અને અફીણ બે આનીભાર એ સર્વેને ઝીણું વાટીને તેનું પાણી કરી કપડાથી ગાળી લઇ, એક શીશીમાં ભરી તેમાંથી દિવસમાં બે વખત આંખમાં ટીપાં નાખવાથી આવેલી આંખો મટે છે અને ત્રણ માસની અંદરનું તાજું ફૂલું કપાય છે. ઉપરની વાટેલી ચીજોની પોટલી કરી આંખ ઉપર દાબ્યા કરવાથી આંખનો સોજો અને રતાશ મટી જાય છે.

૪. ત્રિફળાનું ચૂર્ણ તોલો ૧, ઘી તોલો ૧ અને મધ તોલા ૨ એ ત્રણેને મેળવી રાત્રે સૂતી વખતે દરરોજ ચાટે તો આંખનું તેજ વધે છે.

૫. રતધાંળાનો ઉપાયઃ-(૧) પીપરને છાશમાં ઘસીને આંખમાં અંજન કરવું. (૨) વરિયાળીના અર્ક સાથે મધ મેળવી આંખે આંજવું. (૩) મરી અને લવિંગ, ઘોડાના મોંનાં ફીણ સાથે ઘસીને આંખમાં આંજવાથી જલદી આરામ થાય છે. આ ત્રણે ઉપાયો રાત્રે આંજવાના છે.

૬. સમુદ્રફીણ, પીપર અને કાળાં મરી સમભાગે લઈ વાટીને સુરમા જેવું કરવું. આ દવા રાત્રે સૂતી વખતે આંજવાથી ફૂલું, પડદો, રતાંધળાપણું વગેરે આંખના વ્યાધિને ઘણો ફાયદો કરે છે.

૭. મરઘીનાં બહેડાંની સફેદી તથા ચંપેલીનું તેલ એ બેઉને મેળવી આંખ ઉપર ચોપડવાથી આંખની પાંપણના ખરી ગયેલા વાળ પાછા ઊગે છે.

૮. હીમજ ઘીમાં તળેલી તોલા ૧૦, ગાયના દૂધનો માવો તોલા ૫, મોરથૂથુ તોલો ૧, ટંકણખાર તોલો ૧, રસવંતી તોલો ૧, શોધેલી ચિમેડ તોલો ૧ અને જેઠીમધનો શીરો તોલો ૧ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વેને વાટી વસ્ત્રગાળ કરી પછી તેને ધંતૂરાનો રસ કાઢી કપડાથી ગાળી, તે રસ તેમાં મેળવી ખૂબ ખલ કરવો. પછી તેની લૂગદી બનાવી લાંબી વાટો બનાવી છાંયે સૂકવવી. બાદ તે સળીને ઠંડા પાણીમાં ઘસીને સવારસાંજ આંજવાથી આંખ દુખવા આવી હોય, આંખમાં નાસૂર કે ફૂલું પડ્યું હોય, આંખમાં ખીલ થયા હોય અને વારંવાર આંજણી થતી હોય, પાણી ઝરતું હોય, છારી થઇ હોય, પાંપણની કોરો ખવાઈ ગઈ હોય, તાજે મોતિયો હોય અને ઝાંખ હોય તે સર્વ મટી જાય છે.

૯. **સુરમો**:–કાળો સુરમો શેર ૧ લાવી તેને બારીક વાટી લીંબુના રસમાં ખલ કરી એક દિવસ તડકામાં સૂકવવો. પછી ત્રિફળાનું ચૂર્ણ કરી રાતના તેને છગણા પાણીમાં પલાળી સવારે ગાળી લેવું. પેલા સુરમાને અગ્નિ ઉપર તપાવી ત્રિફળાના પાણીમાં ઠંડો પાડવો અને ઘૂંટવું. એવી રીતે સાત દિવસ ત્રિફળાના પાણીની ભાવના આપવી. ત્યાર પછી ધોળાં મરી ૧૦ દાણા, એલચી ૧૫ દાણા તથા ભીમસેની કપૂર ૦।। તોલો નાખી બરલ કરવો. તે પછી ગુલાબજળની ત્રણ ભાવના આપવી. છેલ્લી ભાવનાએ સુકાય ત્યારે ફરી એક વાલ ભીમસેની કપૂર નાખી શીશીમાં ભરી રાખવું. એ સુરમો સીસાની સળીથી દરરોજ આંજવાથી આંખના રોગને ઘણો ફાયદો કરે છે અને બીજા રોગ ઉત્પન્ન થતા નથી.

૧૦. અસાળિયાને દૂધમાં પલાળી તેમાં રૂ બોળી આંખ ઉપર મૂકવાથી આવેલો સોજો ઊતરી જાય છે.

૧૧. **ચશ્માંનો ઉપાય**:–હરડે, બહેડાં, ધોળી દૂર્વાની જડ અને એલચી એને ઝાકળે મૂકેલા વાસી પાણીમાં ઘૂંટીને નયણે કોઠે પાવું અને ઝાકળે મૂકેલા કોરા માટલાના પાણીથી આંખ-મોઢું ધોવાં. ઉપરની વસ્તુઓ વાટીને જરા મીઠું નાખી ૧૭ દિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીવાથી ચશ્માં ઊતરી જાય છે; તેની સાથે દરરોજ રાતના ઉપર જણાવેલો સુરમો આંખમાં આંજવો.

—વૈદ્ય ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી–સુરત

નેત્રાંજનઃ–નરમાના રૂનું સૂતર એક અધેાળ, ગાયનું ઘી શેર ૦।।, સુરમેા તેાલેા ૦।।, ધેાળી ચણેાઠીનાં બીજ તેાલેા ૧, બાપરિયું (જસતનાં ફૂલ) તેાલેા ૧, બરાસ તેાલેા ૦।, કુંવારનેા ગરભ તેાલેા ૧, વાઘણનું દૂધ તેાલેા ૦।, લીંબુ નંગ એકનેા રસ, એલચીદાણા તેાલેા ૦। અને સાચાં મેાતી તેાલેા ૦।,આ સર્વ વસ્તુ પૈકી સૂતરની આંટીને ગાયના ઘી શેર ૦।। માં બેાળી મેશ પાડવી. સૂતરની આંટીની રાખેાડી તથા મેશ જોગી રાખવી અને બાકીની તમામ જણસેાને ખૂબ બારીક વાટી મેશ મેળવી કાંસાની થાળીમાં કાંસાના વાટકાથી સાત દિવસ ઘૂંટવું; રાતે કપડું ઢાંકવું. સાત દિવસ પૂરા થયા પછી સીસાની દાબડીમાં ભરી રાખવું. આ નેત્રાંજન આંજવાથી આંખ ગળતી હેાય તેા બંધ થાય છે, મેાતિયેા કપાય, પીયેા મટે, છાંયા મટે, આંખનું તેજ વધે, આંખ દુખવા આવી હેાય તે મટે તથા એ સિવાયના આંખના ઘણા વ્યાધિઓને મટાડે છે, એ અનુભસિદ્ધ છે. એ પ્રમાણે મેં જેની પાસેથી આ નેત્રાંજન ઉતારી લીધું હતું, તેણે કહ્યું હતું. આ અંજન આંજવાથી આંખ લાલચેાળ થઇ જાય છે અને ઊપડી આવે છે. માટે પ્રથમ એક આંખમાં આંજવું, એવું કહ્યું હતું. એક જણની આંખે બિલકુલ દેખાતું નહેાતું તેને આ અંજન સાત દિવસ આંજવાથી દેખાતું થયું હતું, પણ પ્રથમ આંખેા લાલચેાળ થઈ ઊઠી આવી હતી.

—વૈદ્ય વલ્લભદાસ નરેાત્તમદાસ શાહ–ભરૂચ

સૂર્યાદિ મિશ્રણઃ–સૂરેાખાર એક ચણેાઠીભાર, ફટકડી બે ચણેાઠીભાર અને જસતની ભસ્મ આઠ ચણેાઠીભાર લઇ એક તેાલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલાબજળમાં નાખી, હલાવી એક દિવસ ઠરવા દઇ બ્લોટિંગ પેપરની વગર કાણાની ગરણી બનાવી દવા ગાળી સવારસાંજ બબ્બે ટીપાં આંખમાં નાખવાથી દુઃખવા આવેલી આંખ, ફૂલાં, છારી વગેરેને મટાડે છે.

—વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઇ–સુરત

૧. **નેત્રરોગના ઉપાયઃ**–આંખ દુખવા આવી હોય તો બકરીના દૂધનાં પોતાં મૂકવાં, આંખમાં જરા મધ આંજવું, ગુલાબજળના પોતાં મૂકવાં તથા ટીપાં પાડવાં.

૨. ટંકણખાર પુલાવેલો તથા ફટકડી ફુલાવેલી એ બન્ને એકેક પોખાભાર તથા પાણી તોલા ૨૦ મેળવી તેનાં ટીપાં આંખમાં મૂકવાં. ફુલાવેલ ટંકણખારનાં બનાવેલ ટીપાં આંખમાં મૂકવાથી ઠંડક વળે છે અને ઘણો ફાયદો થાય છે. ફુલાવેલ ટંકણખારનું બોરિક એસિડ બને છે, જે આંખનાં તમામ દરદ, ચાંદાં તથા જખમ ધોવાને તેના લોશન બને છે, તેના જેવોજ ગુણ ફુલાવેલ ટંકણખારમાં કરે છે.

૩. આવળનાં ફૂલ લાવી વાટી આંખે બાંધવાં. આંખની પાંપણ ઉપર રસવંતી તથા અફીણ પોપડવાં, બસબસના દોડવાનો શોક કરવો, ફૂલાં ઉપર સાબરશિંગ ઘસીને પોપડવું, પાંપણના ખીલ ઉપર તથા તાપેલિયાં ઉપર ફુલાવેલ ટંકણખારની ભૂકી દાબવી, પાણી અથવા ગુલાબજળમાં મેળવી ટીપાં મૂકવાં.

—વૈદ્ય જમનાદાસ મદનજી વૈષ્ણવ–વેરાવળ

૧. **આંખોની ગરમીઃ**–જીરું શેર ૦।। બારીક વાટવું, સાકર શેર ૦।।।, બારીક વાટવી તેને ઘી શેર ૧ માં મેળવી કાચના વાસણમાં ભરી મોઢું બંધ કરી, પંદર દિવસ સુધી અનાજના ઢગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લામાં દાટી, પંદર દિવસ રહેવા દઇ કાઢી સવારસાંજ બબ્બે રૂપિયાભાર ચાટવાથી આંખોની ગરમી મટે છે.

૨. આંખની ઉપર એલચીનું તેલ ચોપડવું. વધારે પ્રમાણમાં ચોપડવું નહિ, તેમજ આંખમાં ઊતરે નહિ તેની પણ ખાસ સંભાળ રાખવાની છે. આંખની અંદર ફટકડીના પાણીનાં ટીપાં મૂકવાથી ગરમી ઝરી જઈ આંખો દુખવા આવી હોય તો મટી જાય છે.

૩. વેવનાં પાનનો રસ કાઢી કાચના વાસણમાં ઠરવા દેવો અને તેના ઉપર જે પડ બંધાય તે માથે તથા કપાળે ભરવું, તથા આંખો ઉપર બાંધવું, જેથી ઠંડક વળે છે અને આરામ થાય છે.

—માસ્તર નરભેરામ હરજીવન–નવાગામ

નેત્રાનંદ ગુટિકાઃ–સુરમો તોલા ૨, સાકર તોલો ૧, હીમજ તોલો ૧, ચિમડની મીંજ તોલા ૨, મરી તોલો ૦॥, લીમડાની ટીશીઓ તોલો ૧, મનસીલ તોલો ૧, એલચી તોલો ૧, કપૂર તોલો ૧ અને સોનાગેરુ તોલો ૧, ઉપરની ચીજો વાટી વસ્ત્રગાળ કરી કાંસાની થાળીમાં સાબરશિંગાના કટકાથી ઘૂંટવું અને લીંબુનો રસ શેર ૧ પાવો અને ઘૂંટતા જવું. સુકાય એટલે સોગઠી વાળી સૂકવી પાણીમાં ઘસી આંજવાથી ઝાંખ, થતું ફૂલું, તાપેલિયાં, આંખમાંથી પાણીનું ગળવું તથા એ સિવાયનાં આંખનાં ઘણાંખરાં દરદોને મટાડે છે.

—વૈદ્ય પ્રભાશંકર વૃંદાવનદાસ–ધંધુકા

૧. નેત્રરોગઃ–આંખમાં સાવા પડ્યા હોય, ત્યારે ગળોનો રસ ટાંક ૪, જૂનું મધ ટાંક ૪ અને સિંધવ ટાંક ૪ એ ત્રણે વસ્તુઓ ભેગી કરીને શીશીમાં ભરી રાખવી. પંદર દિવસ બાદ એ દવાનાં ટીપાં મૂકવાથી આંખના સાવા નાબુદ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. **નેત્રમાં ફૂલું પડે તે માટેઃ**-બરાસ માસો ૧, કનકબીજ માસો ૧, સૂંઠ માસો ૧, મરી માસો ૧, પીપરીમૂળ માસો ૧ અને સમુદ્રફીણ માસો ૧ લઈ, એ સર્વને બારીક વાટી જાઈનાં ફૂલના રસમાં ગોળી બનાવી પાણીમાં ઘસી એક માસ સુધી અંજન કરવાથી ફૂલું મટી જાય છે.

૩. ઊજળું વસ્ત્ર (મલમલ) લઇને આકડાના દૂધના સાત પટ દઇ કોરી ઠીબમાં બાળી ભસ્મ કરીને ગાય તથા બકરીના માખણમાં કાલવી અંજન બનાવી આંજવાથી આઠ દિવસમાં મનુષ્ય તથા ઢોરના ફૂલાનો નાશ કરે છે.

૪. **શીતળાનાં ફૂલાં ઉપરઃ**-મોરથૂથુ ટાંક ૧ અને સાઠી ચોખા ટાંક ૧ એ બંનેને ગધેડીનાં દૂધમાં એક પહોર પીસીને ચણા જેવડી ગોળી વાળી સૂકવી ગધેડીના દૂધમાં ઘસી આંજવાથી દિવસ અગિયારમાં શીતળાનાં ફૂલાંને મટાડે છે.

—ચહેલિયાના એક વૈદ્યરાજ

કુલાવેલી ફટકડી, લોધર, અફીણ અને સોનાગેરુ બારીક વાટી લીંબુના રસમાં જરા ગરમ કરી આંખો ઉપર લેપ કરવો, જેથી દુખવા આવેલી આંખોને મટાડે છે.

—વૈદ્યશાસ્ત્રી એસ. એલ. બર્મન-સુરત

રસકેશ્વર વટીઃ-કલખાપરી, સિંધવ, મોરથૂથુ, ટંકણ, સૂંઠ મરી અને પીપર સર્વ સમભાગે લઇ બારીક બલી લીંબુના રસના સાત પટ આપી ગોળી વાળી આંખમાં આંજવાથી આંખના તમામ વ્યાધિને મટાડે છે, ભયંકર આંખનાં દરદોનો આ અકસીર ઉપાય છે.

—વૈદ્ય ધીરજલાલ માણેકલાલ-વડોદરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખની દવાઃ–એરંડતેલ શેર ૧ લઇ એક વાસણમાં નાખી ખૂબ ઉકાળવું. ઊકળ્યા પછી તેમાં મોરથૂથુ તોલા ૨ બારીક વાટી નાખી ઉકાળવું અને ઉતારી લઈ ગાળીને ભરી રાખવું. એ દિવેલ દિવસમાં એકથી ત્રણ વખત આંજવાથી બરી ગયેલી પાંપણો પાછી ઊગે છે. વાખર, ચળ, લાલાશ વગેરે આંખના રોગોને મટાડે છે. આબાલવૃદ્ધ સહુ કોઇને આ દવાથી સારો ફાયદો થાય છે. આ દવા અમારી બનાવેલી છે અને અનુભવસિદ્ધ છે.

—કુમારશ્રી દેવીસિંહજી ભૂપતસિંહજી–કટોસણ

રત્નાકરફેનાદિ ચૂર્ણઃ–(અમારી બનાવટ) સમુદ્રફીણ તોલા ૨, ફટકડી તોલો ૧, ભીમસેની વાલ ૧ અને સાકર વાલ ૮, બારીક વાટી કોરું ને કોરું જ દિવસમાં બે વખત એકેક રતી આંજવું. આંજવાની વિધિઃ–પ્રથમ ત્રિફળાના પાણીથી આંખ ધોઇ રત્નાકરફેનાદિ ચૂર્ણ આંજવું અને પાણી ઝરી જાય ત્યારે નીચે લખેલી દવા આંજવીઃ–મીઠા સરગવાનો રસ તોલા ૨ા, મધ તોલો ૧ અને ભીમસેની વાલ ૧, મિશ્ર કરી ત્રણથી ચાર ટીપાં આંખમાં નાખવાં. એ પ્રમાણે દિવસમાં બે વખત કરવાથી ડોળઆંખ, પડળ, ગરમી પડદા, આંખનું લાલ રહેવું વગેરે મટે છે.

—વૈદ્ય રવિકાંત અને શાંતિકાંત ઉદાણી–આલંભા

નેત્રરોગ ઉપર ગોળીઃ–કડાછાલ, હળદર, દારુહળદર, પીપર અને ઉપલેટ એ સર્વે સમાનભાગે લઇ વાટી કુંવારના રસમાં તેની ગોળી વાળી સૂકવી, પાણીમાં ઘસી આંજવાથી આંખમાં છાયા પડી હોય તે મટે છે તથા આંખના તમામ વ્યાધિને મટાડે છે.

—અમદાવાદના એક વૈદ્યરાજ

આંખની ઝાંખઃ–શંખની ડૂંટી, બહેડાંની મીંજ, હરડાંની મીંજ, મનસીલ, પીપર, વજ્રકાવળી અને ઘોડાવજ એ સર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમભાગે લઈ વાટી વસ્ત્રગાળ કરી બકરીના દૂધમાં ગોળી વાળી સૂકવવી. એ ગોળી બકરીના દૂધમાં ઘસી અંજન કરવાથી આંખની ઝાંખ મટે છે.

—માસ્તર કેશવરામ હરિશંકર ભટ્ટ-કાપોદ્રા

૧. શરૂઆતનો મોતિયો તથા ઝાંખઃ-સરપંખાનાં બીનું સુરમા જેવું બારીક ચૂર્ણ કરી દિવસમાં બે વખત આંજવાથી શરૂ-આતનો મોતિયો તથા ઝાંખ મટે છે.

૨. આંખનાં સાધારણ દર્દો માટેઃ-ત્રિફળાનો ક્વાથ કરી તેનાં ટીપાં મૂકવાં, તે પાણીથી ધોવું તથા તે પાણીનાં પોતાં મૂકવાં. આથી બીલ, તાપોલિયાં, ખૂજલી, આંખોની ગરમી, લાલાશ વગેરે મટે છે.

—વૈદ્ય નૂરમહમદ હમીર-રાજકોટ

આંખનું ફૂલુંઃ-ચંદ્રોદયાવર્તી કાંસાના વાસણમાં ઘસી બે વખત અંજન કરવાથી આંખનું ફૂલું મટે છે.

—વૈદ્ય આણંદજી અને પીતાંબર સવજી-ઉના

૧. આંખનું ફૂલુંઃ-એક માણસને આંખમાં મોટું કેર જેવું ફૂલું પડયું હતું, તેણે ઘણા ઉપાય કર્યા છતાં મટયું નહિ. પછી એક ગામડાનો માણસ આવ્યો તેને કહેતાં રાયણનાં બી આપ્યાં, એ બી વડના દૂધમાં ઘસી ત્રણ વખત આંજવાથી ફૂલું મટી ગયું. આ નજરે જોયેલું છે તેમજ મેં આ પ્રયોગને અજમાવી જોયો છે.

૨. રાયણનાં બી બારીક વાટી સરસડા (કાળિયા સરસ) ના પાનના રસમાં ચારપાંચ દિવસ ખૂબ ખરલ કરી વડના દૂધમાં પાંચ-છ દિવસ ખરલ કરી આંજવાથી ફૂલું મટે છે.

—ડોકટર ચંદ્રલાલ મકનરાય-પાટણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. નેત્રરોગ માટેઃ–ભીમસેની કપૂર ભાગ ૧, એલચી ભાગ ૧, સિંદૂર ભાગ ૧, સારો મમીરો ભાગ ૧, શુદ્ધ પારદ ભાગ ૧ અને સીસું ભાગ ૧ લઈ, પ્રથમ સીસું ગાળી પારો રેડી ખૂબ ખલ કરી બાકીની વસ્તુઓ મેળવી ઘેટીના દૂધમાં બત્રીશ પહોર સુધી ખલ કરવો. દૂધ તાજું વાપરવું. એ અંજન આંજવાથી મોતિયો, કાચપડળ, નીલપડલ, ફૂલું, રતાંધળાપણું વગેરે દરદો મટે છે. અમારી અનુભવસિદ્ધ છે.

૨. સિંદૂર ભાગ ૧ અને નવસાર ભાગ ૧ લઈ, બારીક વાટી જેની આંખો આવી હોય તેને આંજવાથી મટી જાય છે.

—સાધુ ગંગાદાસજી સેવાદાસજી–સુરત

પુષ્પાનષ્ટ ગુટિકાઃ–સફેદ અથવા લીલો કાચ, ધંતૂરાનાં બી, મોરથૂથુ, શંખ, મનસીલ, ગોચંદન, સુવર્ણમાક્ષિક, માણસની ખોપરી, મોર તથા મરઘીનાં ઈંડાનાં છીલટાં સર્વ સમભાગે લઈ બારીક સુરમા જેવું વાટી સરગવાનાં પાનના રસની ભાવના આપી, ગોળીઓ વાળી એ રસમાંજ ઘસી આંજવાથી જન્મભરનું ફૂલું, તાપોલિયાં અને ત્રિદોષથી દુખતી આંખો મટે છે.

—વૈદ્ય નંદરામ પ્રાગજી–નાગેશ્રી

નેત્રાંજનઃ–પીપર તોલો ૦।, અરડૂસાનો રસ તોલો ૧ અને મધ તોલો ૧ લઈ પ્રથમ પીપરને બારીક વાટી વસ્ત્રગાળ કરી ચોવીસ કલાક સુધી કોરી વાટવી. ત્યાર બાદ તે પીપરને એક કાંસાની થાળીમાં નાખી મધ તથા અરડૂસીનો રસ રેડી એક દિવસ કાંસાની વાટકીથી ઘૂંટી સીસાની અથવા ચાંદીની સળીથી અંજન કરવાથી રતાંધળાપણું, આંખની છારી, પડળ, ઝાંખ, ફૂલું વગેરે નાબૂદ થાય છે. આ અંજન આંજવાથી પ્રથમ જરા ઝાટકો લાગશે, પણ પછીથી ઠંડક વળી જશે.

—વૈદ્ય મણિશંકર નરભેરામ–ધળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેત્રાંજનઃ–સાફ રસવંતીનું સત્ત્વ માસા ૬, ભીમસેની કપૂર માસો ૧, સૂરોખાર માસા ૩, કુલાવેલ મોરથૂથુ માસો ૧, સાકર માસા ૩, ફટકડી કાચી માસા ૩ અને અફીણ માસો ૧ એ સર્વે એક શેર પાણીમાં પકાવવું. જ્યારે બે તોલા શેષ રહે ત્યારે ઠંડું પડવા દઈ સળીથી આંજવું. આ નેત્રાંજન નવાં ફૂલાં આદિ ઘણા નેત્રરોગને મટાડે છે. ઘણુંજ ઉત્તમ છે.

—વૈદ્ય ચંચળલાલ જાદવજી–કચ્છભુજ

ફટકડી, લોઢાનો કાટોડો અને રસવંતી લઈ, તેનો આંખ ઉપર લેપ કરવાથી દુખવા આવેલી આંખો મટે છે.

—એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. નેત્રરોગઃ–આમળાં શેર ૦।, શુદ્ધ મોરથૂથુ વાલ ૨ અને કડવા લીમડાનાં પાન એક મૂઠી એકત્ર કરી કાળાં થાય ત્યાં સુધી (કોલસા કરવા) બાળી અંદર દિવેલ નાખી રાબડી જેવું કરી લેપડી બનાવી, રાત્રે આંખ ઉપર મૂકવાથી ગમે તેવી આંખ બગડેલી એટલે હંમેશ લાલ રહેતી હોય, ચીપડા વળતા હોય અથવા સોજો હોય તેને મટાડી આંખને ચોખ્ખી કરે છે.

૨. આવેલી આંખો ઉપર લીંબુનો રસ, મધ અને ફટકડી વાટી લગાડવાથી બહુ સારો ગુણ આપે છે.

—ડોક્ટર દામોદર ગોપાળ રણદીવે–સુરત

૧. જૂના લોખંડનો કાટ તથા કુલાવેલી ફટકડી સમભાગે બારીક વાટી એકત્ર કરી તેને લોખંડની તવી પર લોખંડના દસ્તાથી ઘૂંટી, તેમાં લીંબુનો રસ જોઇએ તેટલો નાખી, ચંદન જેવું બનાવી દિવસમાં ચારપાંચ વાર આંખની આસપાસ લેપ કરવો. આંખમાં ફટકડીના પાણીનાં ટીપાં નાખવાં.

૨. આંખ પરના સોજા માટેઃ–ઉપલી દવામાં લોધર મેળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વવો અને લોહીથી આંખ રાતી હોય તો આંબાહળદર ઉમેરવી.

૩. **સર્વ નેત્રરોગ માટે:**–મધ સાથે સરગવાનાં પાનનો રસ નેત્રમાં નાખવામાં આવે, તો તેથી સર્વ નેત્રરોગ મટે છે.

૪. ગેરુ, સુરમો, હરડે, સિંધવ અને દારુહળદર પાણીમાં વાટી નેત્ર બહારથી તેનો લેપ કરવામાં આવે તો સર્વ નેત્રરોગ મટે છે.

—વૈદ્ય ઈશ્વરલાલ રતનલાલ-સુરત

૨૬–સ્ત્રીરોગના ઉપાય

૧. **અટકાવ લાવવા માટે:**–સરસિયું તેલ જરા ઊનું કરી તેમાં થોડું પાણી નાખી, ગરમ કરતાં પાણી બળી જાય ત્યારે તેમાં ગોળ નાખી ખૂબ હલાવવું. એકરસ થાય એટલે ઉતારી લઇ ત્રણ દિવસ પાવાથી અટકાવ આવે છે.

૨. **લોહીવા:**–રાતી ખાંડ, ગોખરુ, કરિયાતું, અડાયાંની રાખ, ધાવડીનાં ફૂલ, પડવાસ, સાકર, માયાં, મરીકંથારની છાલ, કાચકીનાં બીજ, દાડમનાં છોડાં, રસવંતી અને પપેટાનાં બીજ, આ સર્વ ચીજો સમભાગે લઈ વાટી વસ્ત્રગાળ કરી, તેને ચોખાના ધોવણમાં ખૂબ વાટી ચણીબોર જેવડી ગોળી વાળવી. લોહીવા, ધૂપણી, ધાતુનું પડવું વગેરે રોગોમાં ૧ થી ૩ ગોળી પાણી સાથે ગળાવવી.

૩. **અટકાવ લાવવા માટે:**–હીરાબોળ અને એળિયો સમભાગે લઇ બારીક વાટી બોર જેવડી ગોળી વાળવી. એ ગોળી વાપરવાથી ૨૪ કલાકમાં અટકાવ લાવે છે. જો અટકાવ નહિ આવે તો ૨૪ કલાકે બીજી ગોળી વાપરવી. (અર્થાત્ યોનિમાં રાખવી.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. તજ અને ટંકણખાર સમભાગે લઇ એક વાલને આશરે પાણી સાથે ફકાવવાથી અટકાવ આવે છે.

૫. **રક્તપ્રદરઃ**-માયાં તોલા ૪, પડવાસ, ધાવડીનાં ફૂલ, લોધર, રસવંતી અને વાંસકપૂર બબ્બે તોલા લેવાં. તમામ ચીજ ખાંડી વસ્ત્રગાળ કરી, બબ્બે આનીભારને આશરે દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવું. જો પ્રદરનું જોર અતિશય હોય તો બબ્બે કલાકે અક્કેકું પડીકું ચોખાનું ધોવણ તથા રસવંતી સાથે આપવું અને જેમ નરમ પડતું જાય તેમ પડીકાં ઓછાં કરતા જવું.

૬. કાળીજીરી, એળિયો અને દિકામાલી સમભાગે લઇ બારીક ખાંડી પાણીમાં ગરમ કરી સ્ત્રીના સ્તન ઉપર લેપ કરવાથી જે સ્ત્રીનું બાળક મરી ગયા પછી સ્તનમાં દૂધ ભરાઇ પીડા કરે છે, તે પીડાને મટાડે છે અને દૂધને સૂકવી નાખે છે.

—યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

૧. **નારીકેલાદિ ચૂર્ણઃ**-પાણીવાળું નાળિયેર નંગ ૧ મોટું લેવું, સૂંઠ, તજ, બળબીજ, કેશર, મરી, તમાલપત્ર, મરેઠી, અતિવિષ, પીપર, અકલગરો, ભસ્મી, પીપરીમૂળ, શતાવરી, કાલોછડ, દેવદાર, અગર, તગર, લવિંગ, ચાંદીના વરખ અને ઝેરી કોપરું એ દરેક ૦॥ તોલો લઇ, વાટી વસ્ત્રગાળ કરી નાળિયેરને કાણું કરી તેનું પાણી કાઢી લઈ, તે પાણીમાં કેશર ઘૂંટી તે પાણીનો સર્વ વસાણાંને પટ દેવો અને તે ભૂકો નાળિયેરમાં ભરી દેવો. પછી તેનું મુખ બંધ કરી બે કપડમટ્ટી કરી તેને છાણાંના અંગારામાં બાફવું, પણ કાચલી બળે નહિ તે ધ્યાનમાં રાખવું. ટાઢું પડ્યા પછી અંદરથી ભૂકો કાઢી લેવો. તેને છાંયે સૂકવીને તેમાંથી સવારસાંજ બે આનીભાર મધમાં ચાટવો અને નાળિયેરના કોપરાને દીમાં તળી સકવું. પછી બેસણ ચાટ્યા ઉપર ૦॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોલો કોપરું ચાવી ખાવું. આ ચૂર્ણ સ્ત્રીની સુવાવડની અશક્તિને મટાડી ધાવણને વધારી દૂધ ઉતારે છે. ખટાશ ખાવી નહિ.

૨. કુલાવેલી ફટકડીનાં એક વાલનાં પડીકાં પતાસાંના પાણી સાથે દિવસમાં ત્રણ વખત આપવાથી સાત દિવસમાં રક્ત-પ્રદર મટે છે.

૩. સોમલનાં છોડાં ચોખાના ધોવણમાં ઘસીને મધ મેળવી દિવસમાં ત્રણ વાર પીવાથી લોહીવા મટે છે.

૪. બીલીપત્રનો રસ તોલો ૧ તથા ઘી તોલો ૧ એકત્ર કરી, દિવસમાં બે વખત પાવાથી ત્રણ દિવસમાં લોહીવા બંધ થાય છે અને અતિ આર્તવમાં ઘણો સારો ફાયદો કરે છે.

૫. કબૂતરની અઘાર ૦ા થી ૦ા તોલો સફેદ ખાંડમાં મેળવી ફાકી મરાવી, ઉપરથી ચોખાના ધોવણમાં સાકર નાખીને પાવાથી ત્રણ દિવસમાં લોહીવા બંધ થાય છે.

૬. ઊંદરની લીંડી ભાગ ૫, કબૂતરની અઘાર ભાગ ૫, મોચરસ ભાગ ૫, સુખડનો વહેર ભાગ ૫, ધાવડીનાં ફૂલ ભાગ ૫ અને સાકર ૩૭ ભાગ મેળવી વસ્ત્રગાળ ચૂર્ણ કરી સવારસાંજ ૦ા તોલો બકરીના દૂધ સાથે ફાકવાથી રક્તપ્રદર અને લોહીવા મટી જાય છે.

૭. કબૂતરની અઘાર, ઊંદરની લીંડી અને સાકર સરખે ભાગે લઇ ચૂર્ણ કરી બબ્બે આનીભાર, દિવસમાં ત્રણ વખત પાણી સાથે આપવાથી શ્વેતપ્રદર મટે છે.

૮. કેસૂડાંનાં ફૂલ તોલા ૪ તથા દર્ભનાં મૂળ તોલા ૪ વાટી વસ્ત્રગાળ કરી તેના ૧૪ ભાગ કરી, સવારે ૧ ભાગ પાણી સાથે ફકાડવો. ચૌદ દિવસમાં ગમે તેવો પ્રદર શાંત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. ગાયનું ઘી તોલા ૨ માં ભિલામાંનું તેલ સાતઆઠ ટીપાં સુધી નાખીને પાવાથી એકજ દિવસમાં લોહીવા બંધ થાય છે. આ દવા દિવસમાં ત્રણ વાર આપવી.

—વૈદ્ય બાળકૃષ્ણ રત્નેશ્વર–સુરત

૧. **પ્રતાપલંકેશ્વર રસઃ**–પારદ તોલો ૧, ગંધક તોલો ૧, અભ્રકભસ્મ તોલો ૧, ચિત્રક તોલા ૨, લોહભસ્મ તોલા ૪, શંખભસ્મ તોલા ૮, અડાયાંની રાખ તોલા ૧૬ અને વછનાગ તોલો ૧ લઇ, એ સર્વે એકત્ર કરી ભાંગરાના રસમાં ઘૂંટી વાલ વાલની ગોળીઓ વાળી, આદુના રસમાં અથવા બીજા કોઇ પણ અનુપાન સાથે આપવાથી દાંતખીલી, પ્રસૂતિ, વાતરોગ, સુવા-રોગ વગેરે મટે છે. બીજા કોઇ પણ રોગ ઉપર યોગ્ય અનુપાન-ની યોજના કરી આપવાથી સારું કામ કરે છે.

૨. **પ્રદરરિપુ રસઃ**–પારદ તોલો ૧, ગંધક તોલો ૧, નાગ-ભસ્મ તોલો ૧, રસાંજન તોલા ૩ તથા પઠાણી લોધર તોલા ૬ લઈ, પ્રથમ પારદગંધકની કાજળી કરી, બાકીની સર્વ વસ્તુઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મેળવી અરડૂસાના રસની એક ભાવના આપી વાલ પ્રમાણેની ગોળી વાળી આપવાથી જીર્ણપ્રદર મટી જાય છે.

૩. **બોળબદ્ધ રસઃ**–પારદ તોલો ૧, ગંધક તોલો ૧, ગળો-સત્ત્વ તોલો ૧ અને રક્તબોળ તોલા ૩ લઈ એ સર્વને એકત્ર કરી વાટી શીમળાની છાલના કવાથની એક ભાવના આપી, બબ્બે વાલની ગોળી વાળી મધ સાથે આપવાથી પ્રદર, પ્રમેહ તથા મૂત્રકૃચ્છ્ર મટે છે.

૪. **ચતુર્મુખ રસઃ**–પારદ, ગંધક, લોહભસ્મ તથા અભ્ર-કભસ્મ એ દરેક એકેક તોલો તથા સુવર્ણભસ્મ તોલો ૦॥ લઇ, એ સર્વને એકત્ર કરી વાટી કુંવારના રસમાં ઘૂંટી ગોટી બાંધી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની ઉપર એરંડાનાં પાન વીંટી ધાન્યના ઢગલામાં દાટી રાખવું. અનુપાનમાં ત્રિફળા અને મધ સાથે સર્વે રોગ ઉપર આપવું. આ રસથી ખાસ કરીને થતો ક્ષય, પાંડુ, પ્રમેહ, શૂળ, શ્વાસ, મેદરોગ, મંદાગ્નિ, હિક્કા, અમ્લપિત્ત વગેરે મટે છે.

૫. ધાતુ જતી હોય તેનો ઉપાયઃ–કેળું નંગ ૧, એખરો તોલો ૦।, મુગલાઇ બેદાણા તોલો ૦।, નાગકેશર વાલ ૧ અને કાકડીનાં બીની મીંજ વાલ ૪ લઇ, એ સર્વનું ચૂર્ણ કરી કેળામાં ભરી સાકર તોલો ૧ નાખી દૂધ શેર ૦। મેળવી, તેમાં ઘી ૦।। તોલો નાખી પીવાથી સ્ત્રીઓને ધાતુ જતી હોય તે મટે છે.

—વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

ગર્ભાશયશોધની વટીઃ–હીરાબોળ તોલા ૧૦, બેલિયો તોલા ૧૦, હીરાકસી તોલા ૭।, ઇલાયચી તોલા ૫, સૂંઠ તોલા ૫ અને સંચળ તોલા ૧૦ એ સર્વનું બારીક ચૂર્ણ કરી ગુલાબનાં ફૂલની પાંખડીમાં વાટી ચણીબોર જેવડી ગોળી વાળી, એક સવારે અને એક સાંજે દૂધ શેર ૦। સાથે અથવા પાણી સાથે ગળવાથી ગર્ભાશયનાં તમામ દરદો, અનિયમિત ઋતુસ્રાવ, પ્રદર આદિ રોગોને મટાડે છે. આ ગોળીથી દસ્ત વધારે થાય તો એક ગોળી લેવી.

—વૈદ્ય મણિશંકર ભાતુશંકર–વલસાડ

રક્તપ્રદરઃ–માયાં નંગ ૪, સફેદ કાથો, મેથી, ફટકડી અને સોનાગેરુ એ દરેક માયાં જેટલે વજને લઈ એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું; અથવા ચાળણીથી ચાળી પોટલી બનાવી વાપરવાથી રક્તપ્રદર મટે છે.

—ડૉકટર મગનલાલ વ્રજભૂષણદાસ–સુરત

અત્યાર્તવઃ–ટંકણખાર તથા ફટકડી એ બંને ફુલાવીને મેથી ત્રણ ચોખાભાર ખાવું તથા તેનાજ પાણીથી ધોવું જોઇએ. માયાંફળની લૂગડે ચાળેલ ભૂકીની પોટલી કરી સારા ફૂમાં વીંટાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરવી જોઇએ તથા એજ ચૂર્ણ પાણીમાં પીવું. મંડૂરભસ્મ, લોહભસ્મ અને ગળોસત્ત્વ, યોગ્ય માત્રા તથા અનુપાનમાં આપવાથી અત્યાર્તવ મટે છે.

—વૈદ્ય જમનાદાસ મદનજી વૈષ્ણવ-વેરાવળ

૧. રક્તપ્રદરઃ-(ગર્ભિણીનો) કેટલીક વખત ગર્ભિણી સ્ત્રીઓને રક્તપ્રદર થાય છે. તેમાં રસવંતી મોટા પ્રમાણમાં પાવાથી અને પેડુ ઉપર દશાંગ તથા શંખજીરું ગુલાબજળમાં વાટી તેનાં પોતાં મૂકયા કરવાથી અને દરદીને બિછાનામાં સૂતો રાખવાથી ઘણાખરા કેસો થોડાજ કલાકમાં સુધરી જાય છે.

૨. આવા પ્રદરના કેસોમાં શંખજીરું ૦।. તોલા થી વધારેમાં વધારે ૧ તોલા સુધી પાણીમાં પીવાથી મટે છે.

—વૈદ્ય દુર્ગાપ્રસાદ ગંગાધર-પોરબંદર

૧. યોનિનું ક્ષતઃ-એક સ્ત્રી પોતાના પતિથી સંતોષ ન પામતાં પોતાના હાથની મધ્યમા અંગુલિથી યોનિમાં મૈથુન કરવાથી તેની યોનિમાં નખ વાગવાથી પ્રદર જેવો ચીકણો અને સફેદ રસી જેવો પદાર્થ નીકળતો હતો, તેને મીંઢળ ખાંડી તેની ગોળમાં બે ગોળી વાળી (બોર જેવડી) વાપરવા આપી, જેથી યોનિનું ક્ષત સોજો, પરુ અને પ્રદર બંધ થયું. આ ઉપાય અનુભવસિદ્ધ છે.

૨. નષ્ટાર્તવઃ-એક સ્ત્રીને માસિક ઋતુ નહિ જેવું આવતું હતું, જેથી માથાનો દુખાવો રહેતો હતો. તેને અરીઠાની મીંજની ભૂકીની ગોળમાં ગોળી વાળી વાપરવા આપી, જેથી પીળાં તથા રાતાં પાણી પડી ઋતુ સારુ આવ્યું.

૩. સોમરોગઃ-એક સ્ત્રીને સુવાવડમાંથી ઘણા દિવસ થયાં સોમરોગ થયો હતો, તેને સોમનાથ રસ આપ્યો, જેથી આરામ થયો છે. **સોમનાથ રસઃ**-લોહભસ્મ તોલો ૧, પારદ તોલા ૦।।,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંધક તોલો ૦॥, તમાલપત્ર, દારુહળદર, જાંબુનાં બીજ, વાળો, ગોખરુ, વાવડિંગ, જીરું, ઓથમી જીરું, કાળીપહાડ, દાડમનાં છોડાં, ટંકણ, લોધર, ગૂગળ, શિલાજિત અને આસોદરાની છાલ એ દરેક અડધો અડધો તોલો લઈ વાટી, બકરીના દૂધમાં પાવલીભારની ગોળી વાળી દૂધ સાથે આપવાથી સોમરોગ, અતિમૂત્ર, પ્રદર, યોનિશૂળ તથા મેદશૂળ મટે છે.

—વૈદ્ય રાઘવજી માધવજી–ગોંડલ

રક્તપ્રદરઃ–માયાં, મોચરસ અને ફટકડી એ દરેક એકેક રતી ગળજીભી (ભોંયપાથરી)નો રસ તથા સાકર સાથે લેવાથી રક્તપ્રદર મટે છે. ઉપર પ્રમાણેનાં માપનાં ત્રણ પડીકાં દિવસમાં ત્રણ વખત લેવાં. એવી રીતે અગિયાર દિવસ લેવાથી સારું થાય છે.

—વૈદ્ય ઉમિયાશંકર મહાસુખરામ–ઉમેરઠ

૧. રક્તપ્રદરના ઉપચારઃ–ગાયનું ઘી રાત્રે સૂતી વખતે ગરમ કરી ચાલતાં ચાલતાં પીવું, ઉપરથી પાણી પીવું નહિ, જેથી તુરતનો રક્તપ્રદર મટે છે.

૨. બાવળનો કોલસો તોલો ૦।, લોધર તોલો ૦। અને સાકર તોલો ૦॥ એ સર્વને વાટી ૧ તોલા માખણમાં મેળવી સવારેજ ચાટવું તથા શીતોલપલાદિ ચૂર્ણ તોલો ૦॥ અને ગળોસત્ત્વ વાલ ૧ ઘી તોલા ૦॥ માં મેળવી સાંજે ચાટવું; જેથી જૂનો તથા નવો રક્તપ્રદર હોય તે પણ મટી જાય છે. લાંબા વખતનો હોય તો વધારે દિવસ આ દવાનું સેવન રાખવું.

૩. શ્વેતપ્રદર માટેઃ–ભોંયકોળું તોલા ૪, ચોરઆમલીનાં છોડાં તોલા ૪, શતાવરી તોલા ૪ અને પત્રીની સાકર તોલા ૪ લઇ એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી સવારસાંજ ૦॥ તોલો પાણી સાથે ખાવાથી સાત દિવસમાં શ્વેતપ્રદર મટે છે.

—વૈદ્ય મહાભાઈ મણિશંકર–બારડોલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમેહપ્રદરહર ચૂર્ણ:-ચિનીકબાલા તોલા ૫, ઊંચો કાથો તોલો ૦॥ અને કુલાવેલી ફટકડી તોલો ૦॥ એ સર્વને વસ્ત્રગાળ કરી બેથી ચાર આનીભાર સવારસાંજ ઠંડા પાણી સાથે પીવું તથા બે શેર નવશેકા પાણીમાં ફટકડી તોલો ૦॥ નાખી યોનિ ધોવી, જેથી શ્વેતપ્રદર મટે છે.

—વૈદ્યશાસ્ત્રી એસ. એલ. બર્મન-સુરત

સુવારોગ માટે:-નિર્ગુંડીનાં પાન છાંયે સૂકવી ચૂર્ણ કરી પાવલીભાર ચૂર્ણનો ઉકાળો કરી, તેમાં પ્રકૃતિ પ્રમાણે ગોળ કે સાકર પાવલીભાર નાખી સવારસાંજ સાત, પંદર અથવા એકવીસ દિવસ સુધી પીવાથી સુવારોગ મટે છે.

—વૈદ્ય ત્રિકમલાલ કાળીદાસ-બાનપુર

ગર્ભપ્રદર:-(ફલઘૃત) જેને ઘરવૈદામાં ત્રિફળાઘૃતના નામથી લખ્યું છે, એ ઘૃતનો મેં સેંકડો સ્ત્રીઓ ઉપર ઉપયોગ કર્યો છે. પાંચ પાંચ વખત ગર્ભપાત થયેલી સ્ત્રીઓનાં ગર્ભાશય સુધરી બાળકો ઊછર્યાં છે. આ ઘૃત બાલી કોઠે (ગર્ભ નહિ હોય તે વખતે) એક માસ પાઇ ગર્ભ રહ્યા પછી દર માસે આઠ આઠ દિવસ સવારસાંજ એક રૂપિયાભાર ઘી-દૂધમાં નાખી પીવું, જેથી ગર્ભાશય સુધરી ગર્ભ ધારણ કરી શકે છે તથા આ ઘૃતથી પ્રદર પણ મટે છે.

—વૈદ્ય કૃષ્ણારામ ભવાનીશંકર-કણબીવાડ

ગર્ભિણીનો ગર્ભ અધૂરે માસે પડી જતો હોય, તો શતાવરી તથા જેઠીમધ સમભાગે લઇ વાટી સવારસાંજ ૦॥ તોલો સાકરવાળા દૂધ સાથે પીવું. પ્રસવ પૂરે માસે થાય ત્યાં સુધી ખવરાવવું. આ દવા ગર્ભ રહ્યા પછી શરૂ કરવી. ધાવણ પણ ઘણું વધે છે.

—વૈદ્ય કૃષ્ણ આશુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્ભિણીની ઊલટીઃ–લવિંગના તેલનાં છ–સાત ટીપાં સાકર સાથે લેવાથી ગર્ભિણીની ઊલટી બંધ થાય છે.

કસુવાવડનો ઉપાયઃ–કસુવાવડ થતી હોય તો કચ્ચાંનાં બીજને રેશમી દોરામાં પરોવી માળા બનાવી પહેરવાથી કસુવાવડ થતી અટકે છે.

—જોષી રામકૃષ્ણ રેવાશંકર–જાદર

સુવારોગ માટેઃ–દેવદાર્વ્યાદિ કવાથ પીવાથી સુવારોગ મટે છે.

સુવારોગ, પિત્તરોગ, વિષમજ્વર માટેઃ–સવારે સુદર્શન ચૂર્ણ આપવું અને સાંજે હરડે, કડુ અને કરિયાતાની પાંદડીનું ચૂર્ણ કરી બેત્રણ વાલની ફાકી મારવી, જેથી સુવારોગ, પિત્તરોગ અને વિષમજ્વર મટે છે.

પેશાબમાં ગરમી જણાય તે માટેઃ–ગળો, ગોખરુ અને ધાણાનો ફાંટ બનાવી પીવાથી ગરમી મટે છે.

શ્વેતપ્રદરઃ–ધાવડીનાં ફૂલના કવાથમાં શિવલિંગી અને નાગકેસરનું સમભાગે કરેલું ચૂર્ણ તોલો ૦ા નાખી સવારસાંજ પીવાથી શ્વેતપ્રદર ગમે તેવો હશે, તો પણ નાબૂદ થશે.

પ્રદરઃ–દારુહળદર, રસવંતી, મોથ, ભિલામાં, બીલીનો ગર્ભ, અરડૂસો અને કરિયાતું એનો કવાથ કરી ઠંડો પડ્યા પછી મધ નાખી પીવાથી યોનિશૂળ, શ્વેતપ્રદર, પીળો, કાળો તથા રક્તપ્રદર મટે છે.

ગર્ભ પડતો હોય તોઃ–ધાવડીનાં ફૂલ અને સાકર પાણીમાં પીવાથી ગર્ભ પડતો અટકે છે.

છોડનું વધવુંઃ–શતાવરી, સૂંઠ, આસંધ, જેઠીમધ અને ભાંગરો એ બકરીના દૂધમાં પાવું, જેથી છોડ પલળે છે.

—વૈદ્ય ભરાભાઈ બોધવજ ત્રિવેદી–ભાદરોડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. પ્રદર અને પ્રમેહઃ-અંગભસ્મ વાલ ૧ અને સાકર તોલો ૧ એ બેને શીમળાનાં મૂળના ઘસારા સાથે પીવાથી પ્રદર તથા તનખિયો પ્રમેહ મટે છે.

૨. ઉમરડાનાં મૂળને ઘસીને તેમાં ઉપર પ્રમાણે સાકર તથા અંગભસ્મ મેળવી પીવાથી પ્રદર તથા તનખિયો પ્રમેહ મટે છે.

૩. પ્રદર માટેઃ-કેવડાની મૂળીના રસમાં સાકર મેળવી પીવાથી પ્રદર મટે છે.

—વૈદ્ય નરભેરામ હરજીવન-નવાગામ

૧. પ્રદર માટેઃ-બોરસલીની અંતરછાલનું ચૂર્ણ કરી ૦॥ તોલો ચૂર્ણ સાકર મેળવી ઠંડા પાણી સાથે પીવાથી પ્રદર મટે છે.

૨. આસોપાલવની અંતરછાલનું ચૂર્ણ ચોખાના ધોવણ સાથે મધ મેળવી દિવસમાં બે વખત પીવાથી રક્તપ્રદર તથા રક્તાતિસાર મટે છે. અથવા શંખજીરાનું ચૂર્ણ સમાન ભાગે સાકર મેળવી ઠંડા પાણી સાથે પીવાથી રક્તપ્રદર મટે છે.

—એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. શ્વેતપ્રદરઃ-ગાયનું દૂધ તોલા ૧૪, પાણી તોલા ૨૧ અને સૂંઠનું ચૂર્ણ માસા ૪ મેળવી પાણી બળી જતાં સુધી ધીમા તાપે પકાવી કપડાથી ગાળી તેમાં ચારપાંચ માસા સાકર મેળવી એકવીસ દિવસ સુધી દિવસમાં બે વખત પીવાથી શ્વેતપ્રદર ગમે તેવો હોય તેને ઘણીજ ઝડપથી મટાડે છે.

૨. આસોપાલવની છાલ, નરમાનાં મૂળ, દારુહળદર, દાભનાં મૂળ એ દરેક એકેક તોલો લઇ, કલક કરી બાર તોલા ચોખાના ધોવણમાં રાત્રે પલાળી સવારે ખૂબ ચોળી, કપડે ગાળી એક શીશીમાં ભરી રાખવું. દિવસમાં ત્રણ વખત દર ટંકે ચાર તોલા પીવું, જેથી ત્રણ દિવસમાંજ દરેક જાતના પ્રદરને મટાડે છે.

—વૈદ્ય પુરુષોત્તમ બહેચરદાસ યાજ્ઞિક-કાલોલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. **રક્તપ્રદર માટેઃ**–લાખ તોલો ૧, આસોપાલવની છાલ માસા ૩ અને મોચરસ માસા ૬ એ સર્વને એકત્ર ખાંડી અડધો શેર પાણીમાં ઉકાળી, ૦ા શેર પાણી અવશેષ રાખી ગાળી ઠંડું પડ્યા પછી તેમાં નવટાંક દૂધ તથા બે તોલા સાકર નાખીને દિવસમાં બે વખત પીવું જેથી રક્તપ્રદર મટે છે.

૨. દાડમની કળી નંગ ૪ અને કાચાં ગુલ્લર નંગ ૨ દૂધની સાથે વાટી,થોડી સાકર મેળવી સવારસાંજ પીવાથી રક્તપ્રદર મટે છે.

૩. અરડૂસાનો રસ અને આમળાંનો રસ મધ–સાકર મેળવી દિવસમાં બે અથવા ત્રણ વખત પીવાથી રક્તપ્રદર મટે છે.

૪. **શ્વેતપ્રદર માટેઃ**–વડના અંકુર, ધાવડીનાં ફૂલ, નાગકેશર, આંબાની છાલ, જમરૂખની છાલ અને આમળાં એ સર્વ સરખે વજને લઇ તેનો કવાથ કરી ચતુર્થાંશ પાણી રહે ત્યારે ગાળી, મધ નાખી દિવસમાં બે વખત બબ્બે તોલા કવાથ પીવાથી શ્વેતપ્રદર મટે છે.

૫. ૦ા શેર આમલીનાં બીજ (કચૂકા) દેવતા ઉપર શેકવાં. તેની બરાબર ચણા લઇ શેકી ફોતરાં કાઢી સાફ કરી, બંનેને એકત્ર વાટી વસ્ત્રગાળ કરી તેના પ્રમાણમાં ઘી અને સાકર મેળવી, એકેક તોલાની લાડુડી કરી સવારસાંજ ગાયના દૂધની સાથે ચોળીને એકેક લાડુડી ખાવી અને ઉપરથી ગાયનું દૂધ પીવું, જેથી શ્વેતપ્રદર મટે છે.

—ડૉક્ટર ચંદુલાલ મુકુંદરાય–પાટણ

૧. **ચાટણઃ**–બિલ્લેરાં નંગ ૨, મોસંબી નંગ ૬, મીઠાં લીંબુ નંગ ૬, ખાટાં લીંબુ નંગ ૧૨, જમરૂખ નંગ ૬, કેળાં નંગ ૬, પપનસ નંગ ૨, મકાઇ નંગ ૬, દાડમ ખાટાં નંગ ૬, સંતરાં નંગ ૬, ચીકુ નંગ ૬ અને લાલ છાલનાં કેળાં નંગ ૬ એ સર્વનો રસ કાઢી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવો. એ રસમાં ગુલાબજળ શેર ૪ તથા પતરીની સાકર શેર ૩ નાખી કલઈવાળા વાસણમાં ભરી ચૂલે ચડાવવું. રેશમને ગુલાબજળમાં બારીક વાટી મેળવી રસ, સાકર તથા ગુલાબજળની ચાસણી થવા આવે, ત્યારે તેમાં કેસર તોલા ૨, બરાસ તોલો ૧, અંબર તોલો ૦।, દરુંદે અકરબી તોલા ૨, બેરુપીતાં તોલો ૧, કાચું રેશમ તોલો ૧, એલચી નાની તોલા ૨, કાગદી એલચી જાડી તોલા ૨, પીપર તોલો ૧, તજ તોલો ૧, લવિંગ તોલો ૧, સોનાના વરખ નંગ ૧૫, ચાંદીના વરખ નંગ ૧૦૦ અને મધ શેર ૨ લઇ, સર્વ વસાણાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, બરાસ, અંબર, ચાંદીના તથા સોનાના વરખ મધમાં ઘૂંટી થોડું થોડું મધ તથા ચૂર્ણ નાખી એકત્ર કરી ચાસણીમાં મેળવી દેવું અને અવલેહ જેવું બનાવવું. આ ચાટણ વધુ અટકાવ (આર્તવ) ને રોકે છે, પિત્તશામક છે, ગર્ભપાત થતો અટકાવે છે, શક્તિ આપે છે, ભૂખ લગાડે છે તથા લોહી વધારે છે.

૨. આમલીના કચૂકા, આંબાહળદર, ગોખરુ અને ગળોનું ચૂર્ણ કરી પાણી સાથે વાલપૂર આપવાથી શ્વેતપ્રદર મટે છે.

૩. **પ્રવાળપિષ્ટી:**-પરવાળાંને વસ્ત્રગાળ કરી એકવીસ દિવસ સુધી ગુલાબજળમાં ખલ કરી તૈયાર કરવાં. માત્રા વાલ ૦।થી ૧ સુધી ઘીમાં આપવાથી પિત્તને બેસાડે છે, લોહી વધારે છે તથા રક્તપ્રદરને મટાડે છે.

૪. **પ્રદર માટે:**-લાલ ગુલબાસનાં પાતરાં ત્રણથી પાંચ લઈ, બારીક વાટી રસ કાઢી જરા સાકર નાખી એક વાલ કુલાવેલી ફટકડી નાખી દિવસમાં ત્રણ વખત પીવાથી શ્વેતપ્રદર તથા રક્તપ્રદરને મટાડે છે. આ પ્રયોગમાં લાલ ગુલબાસજ (લાલ ફૂલનો) લેવો જોઇએ; પીળાં ફૂલના ગુલબાસથી ફાયદો થતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. લાલ જસવનનાં ફૂલની બરાબર સાકર નાખી બરલમાં ઘૂંટી અંદર લીંબુનો રસ નાખી ચાટણ તૈયાર કરવું. આ ચાટણ તોલો ૦।થી ૦।। દિવસસાં ત્રણ વખત આપવાથી શ્વેતપ્રદર તથા રક્તપ્રદર મટે છે. આ દવા ઘણો વખત રહે તો પણ બગડતી નથી.

—વૈદ્ય નારશંકર હરગોવિંદ–બારડોલી

૧. સગર્ભાની ઊલટીઃ–મયૂરપિચ્છભસ્મ વાલ ૦।। સુખડના પાણીમાં મેળવી દિવસમાં બે વખત પાવાથી સગર્ભાની ઊલટી બંધ થાય છે.

૨. ગર્ભવિનોદ રસઃ–સુવર્ણમાક્ષિકભસ્મ તોલા ૪, હિંગળોક તોલા ૪, સૂંઠ તોલા ૩, લવિંગ તોલા ૩, મરી તોલા ૩ અને જાવંત્રી તોલા ૩ એ સર્વેને આદુના રસમાં બલી બબ્બે રતીની ગોળીઓ વાળી દૂધ સાથે અથવા પાણી સાથે દિવસમાં ત્રણ વખત એકેક ગોળી આપવાથી ઉપદંશાદિક દોષોને લઈને અથવા અન્ય કારણોથી ગર્ભ વખતોવખત સ્ખલિત થતો હોય, તો તેને સ્થિર કરવા માટે આ ગર્ભવિનોદ રસ અતિ ઉત્તમ છે. પૌષ્ટિક તરીકે એના ગુણ લોહને મળતા છે. મૂત્રરોગ, પાંડુરોગ, જળોદર, સોજા અને નેત્રરોગમાં આ રસ અતિ ઉપયોગી છે. જીર્ણપ્રમેહ, અર્શ, ઉપદંશ વગેરે રોગોમાં બહુ સારો છે. જીર્ણપ્રમેહ માટે આ રસ બનાવતી વખતે ગળોસત્ત્વ તોલા ૩, વધારામાં ઉમેરવું. પ્રદરને મટાડવા માટે ગાયના દૂધમાં શતાવરીનું ચૂર્ણ તોલો ૦।। નાખી ઉકાળી સાકર નાખી, તે દૂધ સાથે આ ગોળી બવડાવવી. વળી આ રસમાં હિંગળોક છે, જેમાં મુખ્ય પારો હોવાથી ઉપદંશ આદિ વ્યાધિને મટાડે એ નિઃસંશય છે.

—વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ–સુરત

૧. કમરનો દુખાવોઃ–ટિંબરું નામના વૃક્ષનાં પાકાં ફળ લાવી તેમાંથી બી કાઢી નાખી તેનો પાકો ગર કેટલાક દિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવાથી કમરનો ગમે તેવો દુખાવો મટી જાય છે. પાકાં ફળ ન મળે તો તેનાં કાચાં ફળ લાવી તેમાંથી બિયાં કાઢી નાખી તે ફળને સૂકવવાં. બરાબર સુકાયા બાદ વસ્ત્રગાળ કરી ટિંબરુંનાં ફળના રસની સાત ભાવના આપી બારીક વાટી શીશીમાં ભરી રાખવું. એ ચૂર્ણ એક પાવલીભાર દિવસમાં ત્રણ વખત આવાથી આરામ થઈ જાય છે.

૨. પાકાં ટિંબરુંનો ગર રહી ગયેલા સાંધા પર તથા ફૂલી ગયેલી હાડકી પર કેટલાક દિવસ ચોપડવાથી મટી જાય છે.

૩. ટિંબરુંના વૃક્ષ પરનો ગુંદર દેવતા પર નાખી તેનો દરદીને ધૂપ દેવાથી પિશાચપીડા પણ અવશ્ય દૂર થાય છે.

૪. **નાકની નસકોરીઃ**-જો નાકની નસકોરી ફૂટતી હોય તો બાવળના લીલા પરડા લાવી તેને ભાંગી તેમાંનો ચીક માથા પર (તાળવે) ચોપડ્યા કરવાથી તે વ્યાધિ દૂર થાય છે.

—વૈદ્ય વાસુદેવજી રાજારામજી-સાજાપુર (માળવા)

ગર્ભપાત માટેઃ-સ્ત્રીઓને ગરમીથી ચાર, પાંચ અગર છ માસે ગર્ભ પડી જાય છે અને તાવ રહે છે; તે માટે સગર્ભા સ્ત્રીઓએ તે રોગ મટાડવા સારુ રોઝ (વગડામાં ગાય જેવું જનાવર થાય છે તે)નાં લીંડાં નંગ બે રાત્રે પાણીમાં પલાળી, આશરે બેત્રણ કપિયાભાર પાણી કરી ગાળી જરા સાકર નાખી પીવું. એ પ્રમાણે ચાર દિવસ કરવાથી મટી જશે અને પૂરે માસે પ્રસવ થશે. ખારા, તીખા તથા ગરમ પદાર્થોનો સદંતર ત્યાગ કરવો અને સહેલાઇથી પચે તેવો સાદો ખોરાક તથા દૂધનો ઉપયોગ કરવો, જેથી ગર્ભપાત થતો અટકે છે.

—વૈદ્ય કચરાલાલ જેઠાલાલ ગાંધી-પાટણ

૧. **સુવારોગ માટેઃ**-દેવદાર, વજ, ઉપલેટ, પીપર, સૂંઠ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરિયાતું, કાયફળ, કડુ, ધાણા, હરડે, ગજપીપર, ભોંયરીંગણી, ગોખરુ, ધમાસો, મોટી રીંગણી, અતિવિષ, ગળો, કાકડાશિંગ અને કાળીજીરી એ સર્વ સમભાગે લઇ અષ્ટાવશેષ કવાથ કરી તેમાં સૂંઠ તથા હિંગ નાખી પ્રસૂતા સ્ત્રીને પાવું. આથી શૂળ, મૂર્છા, જ્વર, શ્વાસ, ધ્રુજારી, માથાની પીડા, લવારો, તૃષા, દાહ, ઘેન, અતિસાર, ઊલટી, વાયુ તથા કફ એ સર્વ મટે છે; ગમે તેવા સુવારોગ ઉપર આબાદ કામ કરે છે.

૨. પ્રદર માટેઃ–પઠાણી લોધર તોલો ૦ા, ઘાપહાણ તોલો ૦ા અને દેશી રાતી ખાંડ તોલો ૦ાા લઈ, એ સર્વને વસ્ત્રગાળ કરી સવારસાંજ ૧ તોલા પાણીમાં લેવાથી પાંચ દિવસમાં પ્રદરને મટાડે છે. પરેજીમાં તેલ તથા આમલી ખાવી નહિ.

—વૈદ્ય મંગળભાઇ ભૂધરભાઇ–બાવળા

પ્રદર માટેઃ–અરડૂસો, હળદર, દારુહળદર, કરિયાતું, ભિલામાં, જાંબુડાંની છાલ, બીલીનો ગર્ભ અને લીમડાનાં પાન એ સર્વ સમભાગે લઈ વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, સાથે સાકર મેળવી ૦ાા તોલો ચૂર્ણ ફાકવાથી પ્રદર મટે છે.

—વૈદ્ય ભવાનીશંકર ગોવિંદજી–સુરત

સ્ત્રીનું ધાવણ વધારવાનો ઉપાયઃ–શતાવરી તોલા ૭, જીરું તોલા ૩, પીપર તોલો ૦ાા અને સાકર શેર ૦ા લઇ, પ્રથમ પીપરને એક દિવસ છાશમાં પલાળી કકડાથી લૂછી જરા ઘીમાં તળી નાખવી. બરાબર શેકાયા પછી બારીક વાટી બાકીનાં ત્રણ વસાણાંને પણ બારીક વાટી એકત્ર કરવાં. પછી એ ચૂર્ણના સાત ભાગ કરી દરરોજ સવારમાં એક ભાગ ઠંડું દૂધ શેર ૦ાા લઇ, તેમાં મેળવી પાવાથી સ્ત્રીનું ધાવણ વધે છે એટલે દૂધ વિશેષ ઊતરે છે.

—વૈદ્ય કનૈયાલાલ પુરાણી–તાલ (માળવા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. પ્રદરરોગ માટે પલાશાદિ કવાથઃ-બાબરાનું મૂળ, રોહિડાનું મૂળ, કાળી પહાડનું મૂળ, કાસમૂળ, ધોળી ધ્રો, અધેડાનાં પાન અને કડાછાલ એનો કવાથ કરી આપવાથી રક્તપ્રદર મટે છે. આ કવાથ એક આશીર્વાદરૂપ છે.

૨. તાંદળજાનાં મૂળ, કડાછાલ, રસવંતી, આસોપાલની છાલ અને ધાતકી પુષ્પ સમભાગે લઈ ચાર તોલાનો સોળગણા પાણીમાં અષ્ટાવશેષ કવાથ કરી ઠંડું પડ્યા પછી મધ તોલા ૨ નાખી પીવું અને ઉપરથી ચોખાનું ધોવણ પીવું, જેથી રક્તપ્રદર મટે છે. આ કવાથ પીતી વખતે તેમાં ઘસી ઉતારેલ ચંદન તોલો ૦॥ મેળવવાથી જાદૂઇ ગુણ જણાય છે.

૩. બુઝબુલાદિ ગુટિકા, પ્રદર અને ઉષ્ણવાત માટેઃ-બાવળની પાલી, કડાછાલ, લોધર, પડવાસ, પેપડી, માયાં, કટકડી, કેશર, અફીણ, કબૂતરની ચરક, ખેરસાલ, સુખડ, વાળો ને ધાવડીનાં ફૂલ એ સર્વ સમભાગે લઇ બારીક વાટી ચણીબોર જેવડી ગોળીઓ વાળી કાચા ઉંબરાના રસ સાથે અથવા બોડી કલ્હારના રસ સાથે અથવા ધ્રોના રસ સાથે અથવા આસોપાલવની છાલના રસ સાથે અથવા વૃણના મૂળની છાલના રસ સાથે સવારસાંજ લેવાથી પ્રદર, અત્યાર્તવ, પીડિતાર્તવ અને ઉષ્ણવાત વગેરે અવશ્ય મટે છે.

૪. કબૂતરની બધાર બારીક ચૂર્ણ વાલ એક લઇ તેને ૦॥ તોલા મધ સાથે આપવું, જેથી કસુવાવડ, અત્યાર્તવ અને પીડિતાર્તવ મટે છે.

૫. અત્યાર્તવ, પીડિતાર્તવ, કસુવાવડ તથા ઋતુદોષઃ-કપાસનાં મૂળની છાલ વાટી તોલો ૧ મધ સાથે ચાટવી અથવા આસોપાલવની છાલ તોલા ૪, બકરીનું દૂધ તોલા ૩૨ અને પાણી તોલા ૩૨ પકાવી દૂધ માત્ર રહે ત્યારે પીવું અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબૂતરની અઘારનું ચૂર્ણ વાલ ૩, ૦॥ તોલા મધમાં ચટાડી ઉપર મેટ માટીનું પાણી પાવું અથવા "સનિપાત" નામની વનસ્પતિ તોલો ૦।, સાકર તોલો ૦॥ વાટી પાણી સાથે પીવી; કસુવાવડ ટાળવાનો આ સિદ્ધોપચાર છે. અથવા "પુત્રજીવા" નામની વનસ્પતિનું મૂળ ઉપર પ્રમાણે પાવું. ઊલટ કંબલ અથવા કમળનું નાળ અથવા તેનાં ફૂલની પાંખડી ઉપર મુજબ પાવાથી અતિઆર્તવ, પીડિતાર્તવ, કસુવાવડ તથા ઋતુદોષ મટે છે.

૬. **સુવારોગ માટે દશમૂળાદિ** ક્વાથઃ—બે જાતની ભોંયરીંગણીનું મૂળ, અરણીમૂળ, રાતી તથા પીળી ઢાકમૂડીનું મૂળ, સેવનનું મૂળ, ગોખરુનું મૂળ, અરડૂસાનું મૂળ, કાળીપહાડનું મૂળ અને બીલીમૂળ એ દશ મૂળ દરેક ચાર ચાર તોલા લઇ, બોખરાં કરી ચાર ચાર તોલાનું એકેક પડીકું કરી, એક પડીકું એક શેર પાણીમાં નાખી ધીમે તાપે ઉકાળી આઠ તોલા પાણી રહે ત્યારે ગાળીને પીવો. એક પડીકું બે વખત ઉકાળી સવારસાંજ પીને કૂચો ફેંકી દેવો અને બીજે દિવસે નવું પડીકું લઈ, ક્વાથ કરી બે વખત પીવો. એ પ્રમાણે દશ દિવસ સુધી પીવાથી સુવારોગ મટી જાય છે.

૭. ઉપર જણાવેલાં દશ મૂળ તથા નાગદમની (ગાડરિયા ઝીપટી)ના પંચાંગનો ક્વાથ ઉપર મુજબ બનાવી આપવાથી પણ સુવારોગ મટી જાય છે.

૮. **પ્રસૂતિકષ્ટ માટેઃ**—ઝીલનાં મૂળની છાલ તોલો ૧ પાણીમાં વાટી પાવાથી તુરત પ્રસવ થાય છે.

૯. સૂળિયાના મૂળનું ચૂર્ણ તોલો ૦॥ પાણીમાં પાવું, જેથી તુરત પ્રસવ થાય છે.

૧૦. ગૂગળ; એરુની કાંચળી અને પુટરડીની ધૂણી ફક્ત જનનેંદ્રિયને આપવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. ભેંસ અથવા ગાયના છાણને કપડામાં દાબી, જે રસ નીકળે તે રસ તોલા બે પાવો, જેથી મૃતક ગર્ભને પણ હડસેલી બહાર કાઢે છે.

—વદ્ય નંદરામ પ્રાગજી-નાગેશ્રી

સૂતિકારોગઃ-દેવદાર્વ્યાદિ કવાથ સાથે અકેક વાલ સુવર્ણ-માક્ષિકભસ્મ સવારસાંજ આપવાથી સૂતિકારોગ મટે છે.

—વૈદ્ય આણંદજી અને પીતાંબર સવજી-ઊના

૧. પ્રદર માટેઃ-ઊંદરની લીંડીઓ ચોખાના ધોવણમાં વાટી પાવી તથા પ્રમેહવાળાને ત્રણ લીંડીઓ દૂધમાં વાટીને પાવી, જેથી પ્રદરને તથા પ્રમેહને મટાડે છે.

૨. દાભનાં મૂળ ચોખાના ધોવણમાં વાટી તે પાણીમાં જીરાનું ચૂર્ણ તથા સાકર નાખી પાવાથી પ્રદર મટે છે.

—વૈદ્ય મણિશંકર જાદવજી જોષી-કાનપર

ગર્ભપાતઃ-જેઠીમધ તોલો ૧, નાગકેશર તોલો ૧ અને કાંટાળા મઠનું પંચાંગ તોલા ૪ લઈ, એનો ચતુર્થાંશ કવાથ કરી દિવસમાં ત્રણ વખત બબ્બે ચમચી પાવાથી સ્ત્રીઓના ગર્ભાશયને મજબૂતી આપે છે. એ ઉપરાંત જ્ઞાનતંતુને પોષણ આપનાર તથા ગર્ભ ઉપર ચરબીના દબાણને લીધે ગલિતગર્ભની ટેવ તથા અનિયમિત ઋતુપ્રાપ્તિ, મૃતવત્સલની ટેવ, પહેલી સુવાવડ પછી સ્ત્રીઓને ધાતુક્ષયનાં લક્ષણોમાં, ગર્ભધારણાની પહેલાંથી શરૂ કરવાની અને ચાલુ રાખવાની જરૂર છે. જ્યારે પોષણની જરૂર જણાય ત્યારે દૂધમાં ખૂબ ઉકાળી સાકર નાખી ગાળીને પીવાથી વધારે ફાયદો થાય છે. મોટા શહેરની શ્રીમંત સ્ત્રીઓને આ દવાના પ્રયોગની ઘણીજ જરૂર છે.

—ડૉક્ટર પ્રભાકર કૃષ્ણ પંગે-મુંબઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. ઋતુ સાફ લાવનારઃ–કુમાર્યાસવ ઉપરાછાપરી મોટા ડોઝમાં આપવાથી અજીર્ણ જેવું રહેશે, પણ ઋતુ સાફ આવી જશે. તેના પેઢુ ઉપર ભૂખરા પહાણાને આંડી દૂધમાં ઘદ્દણદ્દાવી લેપ મારવો અને તેની ઉપર આકડાનાં પાન મૂકી પાટો બાંધવો. આ બંને ઉપાય ઉતાવળે કરવાથી ઋતુ ન આવતું હોય તેને તથા કમી આવતું હોય તેને સાફ આવશે. કુમાર્યાસવ ગર્ભવતીને, રજસ્વલાને, મરડો, અતિસાર તથા સંગ્રહણીવાળાને આપવો નહિ.

૨. સ્ત્રીનો પેશાબ બંધ થયો હોય તે માટેઃ–૦ા શેર કેળના પાણીમાં વિગાળેલ ઘી મેળવી પાવું, જેથી પેશાબ ઊતરે છે અથવા સૂરોબારવાળી દવાનો ઉપયોગ કરવો.

૩. ઉષ્ણવાતઃ–(ઊનવા) લાલ માટી પલાળી તેમાં લૂગડું ભીંજવી, તે લૂગડું પેનિ ઉપર રાખવું તથા કેળનું પાણી ૦ા શેર પાઇ દેવું.

૪. શ્વેતપ્રદરઃ–કાળીપહાડ, બાબરાનું મૂળ તથા રક્તરોહિડાની છાલ એ ત્રણેનો કવાથ કરી ઠંડો થયા પછી મધ મેળવી પાવો તથા આવળનાં ફૂલને વાટી સોગઠી બનાવી વાપરવી, જેથી પ્રદર મટે છે.

૫. મેંદીનાં બીજનું ચૂર્ણ સાકર મેળવી પાવાથી રક્તપ્રદર મટે છે. જો પાંડુ થયેલ જણાય તો લોહાસવનો ઉપયોગ કરવો.

૬. યોનિશૂળઃ–સ્ત્રીઓની ડૂંટી નીચે દરદ, શૂળ અથવા સ્ત્રીની વધરાવળ પર પેઢા ઉપર ક્રીડામારી બાફી લગાડવી અને અરણીનાં પાન વાટી તેની ગોળી છ આંગળની બનાવી સૂકવી વાપરવાથી યોનિશૂળ મટી જશે. તેવીજ રીતે સાટોડીનાં મૂળનું ચૂર્ણ કરી દિવેલમાં મેળવી ઉપર મુજબ ઉપયોગમાં લેવું.

પ્રસૂતા માટે પડીઃ–નગોડ, ધમાસો, ભોંયરીંગણી, અરણી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમેરવો, સેંદરંડી, ગળો, ભરમાઠી, લીમડાની છાલ, ભાંગરો, ચિત્રક, ધાણા, પીલુડી, કાંટાસરિયો, એરંડો, ગોખરુ, ખડસલિયો તથા સાટોડીનો કવાથ કરી પાવાથી પેશાબ સાફ આવે છે, દાહ, બળતરા બંધ થઇ ઊબકો, ઊલટી તથા સોજા ઊતરી ભૂખ લાગી ટૂંક સમયમાં રોગ દૂર થશે અને તેથી મકલરોગ પણ મટે છે.

—વૈદ્ય નૂરમહમદ હમીર-રાજકોટ

પ્રસવ માટે:—પમાડિયાનું મૂળ (ઉર્દૂ કાંસુંદરી) અંબોડામાં રાખવાથી જલદી પ્રસવ થાય છે; એજ પ્રમાણે કરવાથી ગર્ભપાત પણ થાય છે.

—ડૉક્ટર દામોદર ગોપાળ રણદીવે-સુરત

મહારક્તપ્રદર:—કરમદીનું મૂળ ઘસી દિવસમાં એક થી ત્રણ વાર દૂધમાં પાવાથી ભયંકર લોહીવા મટી આબાદ ચમત્કાર માલૂમ પડે છે. કદાચ બેત્રણ દિવસમાં પૂરેપૂરું ન મટે, તો બીજા ત્રણચાર દિવસ દવા આપ્યા વિનાના કાઢી પાછું ત્રણ દિવસ ઉપર પ્રમાણે પાવું એટલે અવશ્ય મટી જશે.

—વૈદ્ય ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી-સુરત

૧. ઇન્દ્રજવને ખાંડીને વસ્ત્રગાળ કરવો. પછી દાણા ભરવાની ગુણનો ટાટ બાળીને રાખોડી કરવી. તે રાખોડીમાંથી તોલો ૦॥ તથા ઇન્દ્રજવનું ચૂર્ણ તોલો ૦॥ વાટીને પાણી સાથે પાય તો સ્ત્રીને લોહીવા (રક્તપ્રદર) મટે છે. એના ઉપર વાલ, કોળું અને કેળું ખાવું નહિ. આ દવા દિવસમાં બે વાર પાવી.

૨. ઇન્દ્રજવ અને મરડાશિંગ એ બન્નેને સરખે ભાગે ખાંડી પાંચ રૂપિયાભાર પાણીમાં ૦॥ રૂપિયાભાર ભૂકો વાટી તેમાં ઠીકરી છમકારી સાથે અગ્નિકુમારનું પડીકું મેળવીને પાવાથી સુવાવડના ઝાડા બંધ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. જે સ્ત્રીને પેશાબના માર્ગે પેઢામાં નાળિયેર જેવી ગાંઠ થઇ હોય, ગાંડો થતો ન હોય અને દુખાવો તથા શૂળ મારતું હોય, તો તે બાઇને ખુરસી ઉપર બેસાડી પાણી ગરમ કરી ઉપર ઢાંકીને ખુરસી તળે મૂકી બાફ લેવડાવવો. પછી લીમડાનાં પાન શેર ૪, હરડાં, બહેડાં, આમળાં શેર ૧ અને મોરથૂથુ ૦ા રૂપિયા ભાર નાખી તેને પોણો મણ પાણીમાં ઉકાળી બશેર પાણી રહે ત્યારે ગાળીને કાચની શીશીમાં ભરી લેવું અને તે પાણીની યોનિમાર્ગમાં પિચકારી મારવાથી તે ગાંઠ પીગળી જાય છે.

—વૈદ્ય બાળાશંકર પ્રભાશંકર–નાંદોદ

સંકોચનવિધિ:–માયાંફળ ૧ ભાગ, ભાંગનાં બી ૧ ભાગ, હીરાકસી ૧ ભાગ અને કડાયેા ગુંદર ૧ ભાગ એ સર્વેને વાટી કપડછાણ કરી શીળારસમાં મેળવી તુવેરના દાણા જેવડી ગોળી વાળવી. એ ગોળી યોનિમાં રાખવાથી યોનિસંકોચન થાય છે અને પ્રદર બંધ થાય છે.

—સાધુ ગંગાદાસજી સેવાદાસજી–સુરત

૨૭–બાળકના રોગોના ઉપાય

૧. બોદાર વિરેચન:–બોદાર પથરી ભાગ ૩, વરિયાળી ભાગ ૩, ગંધક ભાગ ૨ અને એલચી ભાગ ૧ લઇ, પ્રથમ બોદારને ખૂબ ઝીણી વાટી બીજાં વસાણાં વસ્ત્રગાળ કરી બાટલીમાં ભરી રાખવાં. ત્રણ વર્ષ ઉપરનું બાળક હોય તેને માટી ખાવાની ટેવ પડ્યા પછી તેનું પેટ કઠણ અને મોટું થઇ ગયું હોય, તો તેને વાલ ૧ થી ૨, ગાયના દૂધમાં આપવાથી જુલાબ થઇ પેટ સાફ થઇ જાય છે અને આરામ થાય છે.

—વૈદ્ય ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી–સુરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. **હેડકી:**-કડુ મધમાં આપવાથી બાળકની હેડકી મટે છે.

૨. **મૂત્રકૃચ્છ્ર:**-સૂરોખાર તથા સૂંઠ સમભાગે લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી વાસી પાણીમાં આપવાથી બાળકનો મૂત્રકૃચ્છ્ર મટે છે.

૩. **સંગ્રહણી:**-ચવક, દેવદાર, હરડે, ભોંયરીંગણી, ગજ-પીપર, વરિયાળી તથા ચોખાનાં મૂળ લઈ એ સર્વનું ચૂર્ણ કરી ૧ માસો મધમાં આપવાથી બાળકની સંગ્રહણી મટે છે.

૪. પડવાસ, આંબાગોટલી તથા સૂંઠનું ચૂર્ણ કરી બે માસા છાશ સાથે આપવાથી બાળકની સંગ્રહણી મટે છે.

૫. **રક્તાતિસાર:**-મોચરસ, ધાવડીનાં ફૂલ, મજીઠ અને મળફૂલ એ સર્વનું ચૂર્ણ કરી ચોખાના ધોવણ સાથે આપવાથી બાળકને રક્તાતિસાર મટે છે.

૬. **આમણ માટે:**-ચણોઠીનાં પાનનો રસ આમણ ઉપર ચોપડવો તથા બાવા માટે હિંગ તોલો ૧॥, અતિવિષ તોલો ૦॥ અને અજમોદ તોલો ૧॥ વાટી ચૂર્ણ કરી દહીંમાં અકેક વાલ ત્રણ દિવસ આપવાથી આમણ મટે છે.

૭. ઝેરકોચલાં શુદ્ધ કરી ધંતૂરાના રસમાં આપવાથી ત્રણ દિવસમાં આમણ મટી જાય છે.

૮. **નાભિના સોજા માટે:**-પીળી કોડી બાળી પાણીમાં વાટી ચોપડવાથી નાભિનો સોજો ઊતરે છે.

૯. **નાભિનો પાક:**-ઘઉંલા, હળદર અને લોબાન મધમાં વાટી ડૂંટીએ ચોપડવાથી નાભિનો પાક મટે છે.

૧૦ **ઊલટી માટે:**-પીપરીમૂળ, લીંડીપીપર, ચિત્રકમૂળ તથા ચવક એનું ચૂર્ણ કરી ભોંયરીંગણીના ડોડવાના રસમાં એક માસો આપવાથી બાળક ભળતું મટે છે તથા ધાવણ ઓકતું મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. આંચકી:–ટંકણખાર મધમાં અથવા ઘાપહાણ સાથે આપવાથી બાળકની આંચકી મટે છે.

૧૨. ખાંસી:–ભોંયરીંગણીનાં મૂળ, નાગકેશર અને લવિંગનું ચૂર્ણ કરી મધમાં આપવાથી બાળકની પાંચ પ્રકારની ખાંસી દૂર થાય છે.

૧૩. રક્તપિત્ત:–ખાખરાનાં ફૂલ તોલા ૪ અને અરડૂસીનો રસ તોલા ૪ લઇ તેમાં ઘી સિદ્ધ કરી આપવાથી બાળકનું રક્તપિત્ત મટે છે.

૧૪. હેડકી:–એલચી તોલો ૧, કેશર તોલો ૦॥ અને હિંગળોક તોલો ૦॥ લઇ એ સર્વને એકત્ર કરી બારીક વાટી એક રતી આપવાથી બાળકની હેડકી મટે છે.

૧૫. બાળકના પેટમાં ભાર થયો હોય તો:–એક રીંગણું શેકી તેમાં સાજીખાર નાખી પેટે બાંધવું અને ખાવા માટે કબૂતરની અઘાર મધમાં આપવાથી બાળકના પેટમાંનો ભાર મટી જાય છે.

—વૈદ્ય રાઘવજી માધવજી–ગોંડલ

ઓછાનાં ચાંદાં માટે:–હીરાદખ્ખણ, માયાં, કપૂરકાચલી, કપૂર, ગંધક, પારો, બોદારપથરી, કંપીલો, મોરથૂથુ અને આંબાહળદર એ સર્વ સમભાગે લઇ વાટી વસ્ત્રગાળ કરી ધુપેલમાં મેળવી ચોપડવાથી ચારપાંચ દિવસમાં ઓછાનાં ચાંદાં મટી જાય છે.

—વૈદ્ય ડાહ્યાભાઇ મણિશંકર–બારડોલી

૧. બાળકનો ઝાડો બંધ કરવા માટે:–લીંબુના ઝાડની છાલનો તાજો રસ કાઢી બકરીના દૂધની સાથે મેળવીને આપવાથી બાળકના ઝાડા બંધ થાય છે.

૨. ખાંસીનો ઉપાય:–હરડે, પીપર તથા દ્રાક્ષ એના ચૂર્ણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ અને માખણ મેળવી આપવાથી બાળકની ઉધરસ મટે છે.

૩. અતિવિષ, નાગરમોથ અને જવખાર એ ત્રણે સમભાગે લઈ મધ સાથે આપવાથી બાળકની ઉધરસ મટે છે.

—જોષી રામકૃષ્ણ રેવાશંકર-જાદર

૧. ભરાઈ ગયા ઉપરઃ-કરિયાતું તથા વાવડિંગનો કવાથ કરી પાવો, નેવળીનું બંધાણ બાંધવું તથા તેનુંજ પાણી જરા પાવું અથવા ચકલાંની અઘાર પાવી અથવા કેશર પાવું તથા બંને પાંસળીઓ ઉપર કેશરનો ખરડ કરવો અને હલકો રેચ આપવો, જેથી ઉપદ્રવ મટે છે.

૨. ખાંસી માટેઃ-કાયફળ અને વાવડિંગનો કવાથ પાવો. અથવા કાકડાશિંગી, અતિવિષ અને પીપર એ સર્વ સમભાગે લઈ ચૂર્ણ કરી વાટી મધમાં આપવું અથવા ટંકણખાર ફુલાવેલો દૂધમાં આપવાથી આંચકી મટે છે.

૩. તાવ તથા ઉધરસ માટેઃ-કાકડાશિંગી, પીપર અને અતિવિષની કળી એ ત્રણેનું ચૂર્ણ કરી, જો બહુ ઉધરસ હોય તો પાણીમાં અને તાવ હોય તો મધમાં તથા શ્વાસમાં અરડૂસાના રસ સાથે આપવાથી મટે છે.

૪. ગળું પડયું હોય તોઃ-ઉમરડાનું દૂધ બાળકના તાળવાના ખાડા ઉપર ચોપડવું અથવા રાળની થેપલી મારવાથી પણ મટે છે.

—વૈદ્ય ભૂરાભાઈ ઓધવજી-ભાદરોડ

૧. આંચકી તથા વરાધ માટેઃ-ગેંગડાની મીંજ (કાઠિયાવાડમાં એને ઈંગોરિયા કહે છે) તથા વીસનગરી હળદર એ બન્નેને સમભાગે લઈ છ કલાક સુધી બરાબર ઘૂંટી, બાળકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંચકી ઉપર અડધી રતીભાર ઉંમરની યોગ્યતા મુજબ પાણીમાં મેળવીને આપવી.

૨. કુલાવેલો ટંકણખાર, મધ અને ગરમ પાણી સાથે અડધી રતીભાર આપવો. રોગની ત્વરા વિશેષ હોય તો કલાક કે તેથી કંઈક ઓછા વખતે આપવો, જેથી આંચકી તથા વરાધ મટે છે.

—ચૂનીલાલ હરગોવિંદ શુકલ–પાટડી

આગરુઃ–ઉપલેટ, દારુહળદર, લોધર, મોથ, મજીઠ, કડુ, માલકાંકણાં, અજમો, વજ, સિંધવ અને હરડેદળ એ દરેક એકેક તોલો તથા નાગરવેલનાં પાન નંગ ૨૧ લઈ, એ સર્વેને વસ્ત્રગાળ કરી સવારે દાતણ સાથે ઘસવાથી આગરુ તથા મુખરોગ મટે છે.

—વૈદ્ય પોપટલાલ ખેચરદાસ વ્યાસ–ચહેલિયા

૧. ખોંખલી ઉધરસઃ–સફેદ ફૂલનો ઊંટકંટો થાય છે, તેને શનિવારે નોતરી, (એટલે ચોખા મૂકી આવવો) રવિવારે સવારમાં વગરબોલ્યે જઈ તેનાં મૂળ કાઢી લાવી, જે છોકરાને ખોંખલી (હડબી ઉધરસ) થઈ હોય, તેને તે સૂતરે બાંધી લોબાનનો ધૂપ દઈ ગળે બાંધવાથી ખોંખલી બહુ જલદી મટી જાય છે.

૨. સસણી નહિ થવા માટેઃ–બચ્ચું એક માસનું થાય ત્યાંથી પાંચ વરસનું થાય ત્યાં સુધી પહેલે માસે વાવડિંગનો એક દાણો, બીજે માસે બે, ત્રીજે માસે ત્રણ એ પ્રમાણે પાંચ વરસના સાઠ દાણા થાય છે. એ પ્રમાણે દર માસે એકેક દાણો વધારતા જઈ આપવાથી સસણી બિલકુલ થતી નથી; પરંતુ એક પણ દિવસ પાડ્યા વગર દિવસમાં ગમે તે વખતે દૂધમાં અથવા પાણીમાં પાવાથી બાળકને સસણી થતીજ નથી.

—વૈદ્ય દત્તાત્રેય ભગવાનજી

૧. શીતળા અટકાવવા માટેઃ–શુદ્ધ કાળા સુરમાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારીક ચૂર્ણ કરી ઉંમરના પ્રમાણમાં યોગ્ય માત્રાએ પાણી સાથે આપવાથી, શીતળા નીકળતાં નથી. જો શીતળા નીકળવાની શરૂઆતમાં આપવામાં આવે, તો ઘણુંજ આછાં અને સુખરૂપ નીકળે છે. આ પ્રયોગ માતા (શીતળા) નીકળવાની મોસમમાં તંદુરસ્ત છોકરાંઓને પણ ત્રણ દિવસ આપવાથી શીતળાને નીકળતાં અટકાવે છે અને એજ પ્રયોગ જાનવરો માટે કરવામાં આવે, તો તેને પણ ફાયદો થાય છે.

૨. રતવા:-કાંસોદરી અથવા કાંસુંદરીનાં પાન વાટી ચોપડવાં તથા પીવાથી રતવા મટે છે.

૩. ખસ માટે:-જૂની કેારડ બાળી ધુપેલ સાથે ઘૂંટી લગાડવાથી બાળકોને શરીરમાં નીકળતી ઝીણી ઝીણી લૂખસની ફોલ્લીઓ, જે આખા શરીરને બરાબ કરે છે તે મટે છે.

—એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

સસણીવરાધ માટે:-તળાવની અંદર જે શંખલાં થાય છે, તેને લાવી સરાવસંપુટમાં ભરી, બાળી ભસ્મ કરી શંખલાંના વજન જેટલો શેકેલો અજમો લઈ મેળવી બારીક વાટી નાગરવેલનાં પાનના રસમાં મેળવી આપવાથી પાંસળીઓનું ઊછળવું, વરાધ, સસણી, ભરાણી વગેરે મટી જાય છે. આ દવા એકજ વખત આપવાથી પાંસળીઓનું ઊછળવું બંધ પડે છે.

—વૈદ્ય પુરુષોત્તમ બહેચરદાસ યાજ્ઞિક-કાલોલ

બાંસી માટે:-ટંકણખાર કુલાવેલો, કેશર, લવિંગ અને કાળાં મરી, એ સર્વ સમભાગે લઈ વાટી વસ્ત્રગાળ કરી, પાનમાં સવારસાંજ એકેક ગોળી ધાવણમાં ઘસી પાવાથી ઝાડો તથા ઉધરસ તરત નરમ પડે છે.

—ડોકટર ચંદુલાલ મુકુંદરાય-પાટણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળાગોળીઃ–લવિંગ, પીપર, એલચી, લિંબોળી અને મયૂરપિચ્છભસ્મ એ સર્વ સમભાગે લઈ, વસ્ત્રગાળ ચૂર્ણ કરી મધમાં મગ જેવડી ગોળી વાળી પાણીમાં અથવા દૂધમાં આપવાથી કૃમિ, તાવ, ઝાડો તથા ઊલટી મટે છે.

—વૈદ્ય નારશંકર હરગોવિંદ અધ્વર્યુ–બારડોલી

આમણ માટેઃ–રુમીમસ્તકી તોલો ૦।, કલાઈ સફેતો તોલો ૦।। તથા માયુંફળ તોલો ૦।।। લઈ, બાંડી બારીક ચૂર્ણ કરી આમણ ઉપર ભભરાવી આમણ અંદર બેસાડવી. એ પ્રમાણે થોડા વખત કરવાથી પછી આમણ બહાર નીકળતી નથી.

—વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ–સુરત

તાવ ઉતારવા માટેઃ–પાકાં આકડાનાં પાન લાવી જરા શેકી રસ કાઢી, પવન ન આવે તેવા સ્થાનમાં દર્દીને રાખી આખા શરીરે રસ ચોપડી સુવાડી ગરમ કપડાં ઓઢાડવાં, જેથી એક કલાકમાં તાવ ઊતરી જશે. કોઇ પણ દવા પેટમાં ન જઈ શકે ત્યારે તાવ ઉતારવા માટે વપરાય છે. તેથી તાવ ફરી આવશે ખરો, પરંતુ અણઉતાર રહેશે નહિ.

—વૈદ્ય મંગળભાઈ ભૂધરભાઈ–આવળા

ભરાણી સસણીઃ–પાતાળતૂંબડીના ઘસારા સાથે કુલાવેલ ટંકણખાર તથા થોડું લોંયરીંગણીનું ચૂર્ણ મેળવી દિવસમાં ત્રણ વખત પાવું. છાતી ઉપર અને વાંસા ઉપર કુંગળીનો રસ લગાડવો તથા નાકે સૂંઘાડવો. આકડાનાં પાન પર એરંડતેલ ચોપડી ગરમ કરી ફેફસાં ઉપર મૂકવાં તેમજ જો કાળજામાં દરદ જણાય તો તે પર એજ પાન મૂકવાં, જેથી બેત્રણ દિવસમાં મટે છે.

—વૈદ્ય નૂરમહમદ હમીર–રાજકોટ

પંચલવણઃ–પંચલવણ એટલે પાંચ જાતના ક્ષાર–દરેક તોલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોલેા વાટી એક શેર પાણી બનાવી રાખવું. એ પાણીમાંથી નાનાં બચ્ચાંને નાની અડધી ચમચી અથવા ત્રીસ ટીપાં આપવું. મેાટા માણસને બે ચમચા આપવું. એક વરસની અંદરના બાળકને પેટમાં દરદ થાય, ઝાડાની કબજિયાત, શરદી, ખાંસી, શૂળ, આમ વગેરેમાં દર કલાકે પાણીમાં આપવાથી એકજ દિવસમાં આરામ થાય છે. ગમે ત્યારે ગમે તેવા બાળકના દરદમાં આપી શકાય છે તેમજ બહારના ઉપચારેામાં પણ સારેા ફાયદેા કરે છે. આંબ આવે, સેાજો હેાય કે રસી વહેતી હેાય તેને માટે નવશેકા પાણીમાં શેક કરવેા. બચ્ચાંઓનાં શરીર પર ફેાલ્લા, બસ, માથામાં ખેાડા વગેરેમાં લગાડવાથી તેને મટાડે છે.

—ડેાકટર પ્રભાશંકર કૃષ્ણ પંગે-મુંબઇ.

શ્વેત ખર્પરઃ-ધાપહાણ ભસ્મને અમે શ્વેતખર્પર નામ આપ્યું છે અને તે ઘણા પ્રમાણમાં વાપરીએ છીએ. એનાથી ઝાડાની તથા અપાનવાયુની છૂટ રહે છે તથા બાળકના વ્યાધિમાં અમેાને બહુ ઉપયેાગી જણાયું છે. સામાન્ય તબિયતમાં એકલુંજ વાપરીએ છીએ અને ખાસ જરૂર જણાય તેા બાળચાતુર્ભદ્ર ચૂર્ણ સાથે યેાજના કરીએ છીએ.

ચાતુર્ભદ્ર ચૂર્ણઃ-અતિવિષ, પીપર, મેાથ અને કાકડાશિંગીનું સમભાગે વસ્ત્રગાળ ચૂર્ણ કરી રાખી મૂકવું. અતિવિષ-બાળકેાને માટે બહુ ઉત્તમ છે. દસ્તની જરૂર જણાય તેા હરડે સાથે આપવું અને દસ્તની જરૂર ન હેાય તેા એકલુંજ આપવું.

—વૈદ્ય ઉમિયાશંકર બાપુભાઇ મહેતા-વીરમગામ

મબારખી માટેઃ-ફટકડી કુલાવેલી ગેામૂત્રમાં એક આનીભાર આપવાથી મબારખી મટે છે.

આમણ માટેઃ-કલાઇસફેતેા અને શંબળીરું ગુલાબ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જળમાં મેળવી લગાડવાથી આમણ બેસી જાય છે.

—વૈદ્ય નરસિંહભાઇ માધવભાઇ–કડોર

૧. અશ્વચોળી ગુટિકાઃ–

રસવિષ, ગંધક અને હરતાલ, ત્રિકટુ, ત્રિફળા, ટંકણખાર;
અજેપાળ ભૂંગરસે બાંધે ગોળી, ચોસઠ રોગહણે અશ્વચોળી.

આ ગોળી ઘટિત અનુપાન સાથે એક ટંક આપવી અને બીજી ટંકે માણેકરસ, પાન અને કેશરમાં વાટી પાવાથી પણ ઘણાં બાળકો સારાં થયેલાં છે. જો ખાંસી બહુ હોય તો નિબંધ-માળાના પહેલા ભાગમાં બતાવ્યા પ્રમાણે બોંખલીની દવા બનાવી એ દવાનું વાલ એકનું પડીકું, અજમો તથા પાનના રસમાં પાવું.

૨. માણેકરસઃ–હરતાલ વરખી તોલો ૧ અને હિંગળોક તોલો ૧ બરલમાં વાટી અબરખના પતરા ઉપર આછું પાથરી ઉપર ઘઉંની કણેકની પાળ બાંધી ઉપર બીજું પતરું ઢાંકી નિર્ધૂમ અગ્નિ ઉપર રસ પરિપક્વ કરવો. જ્યારે ઠંડો પડી જાય ત્યારે બરલમાં બારીક વાટી રાખી મૂકવો.

૩. વાવળી માટેઃ–કૂતરિયા વાઘ (એક જાતના વાઘ) ની જીભ એક ચોખાપૂર બાળકની માતાના ધાવણમાં ઘૂંટી એક દિવસમાં ત્રણ વખત પાવાથી વાવળી તુરત મટે છે.

૪. કૃમિ માટેઃ–સીતાફળીનો રસ તોલો ૧૫ માં અશ્વ-ચોળી ગુટિકા ઓછા પ્રમાણમાં આપવાથી કૃમિ મટે છે.

૫. કૃમિ માટેઃ–કંપીલો, ભૈરવશિંગ (અથવા કૌવચ) ની બજૂરી અને સાકર એ ત્રણે સમભાગે લઈ બરલ કરી સુખડ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંગના ઘસારા સાથે ત્રણ ટંક પાઇ બીજે દિવસે ઘેર કાઢેલું દિવેલ જરા ચા સાથે પાવાથી આંતરામાં કૃમિ નીકળી જાય છે.

—વૈદ્ય મણિશંકર નરભેરામ-ધળાં

સાકર તોલો ૧ તથા ધાણા તોલો ૧ લઇ પાણી નાખી કુલડીમાં ઉકાળી પાવાથી નાનાં બાળકોની આંચકી મટે છે.

—અમદાવાદના એક વૈદ્યરાજ

બાળકની આંકડી:—માલવી ગોખરુ નંગ ૫ અને આમલી (સૂકા કાતરા) નો રસ એકત્ર વાટી કપડાથી ગાળી બે તોલા પાવાથી બાળકની આંકડી મટે છે.

—બ્રહ્મચારી આત્મારામ ત્રિવેદી

બાળકોની દવા:—મોટી હરડે તોલો ૧, કોલમ કરિયાતાની પાંદડી, પીપરીમૂળ, કંપીલો, કાયફળનું છોડું અને સફેદ મરી એ દરેક ૦॥ તોલો લઇ બાંડી વસ્ત્રગાળ કરી, વાલ ૨ થી ૪ પાણી અથવા ગોળના પાણી સાથે આપવાથી તાવ, કૃમિ, ઉધરસ વગેરે મટે છે. જરૂર પડે તો અંદર સૂરોખાર મેળવી આપવો. તાવ તથા પેટમાં દુખાવો હોય તો સેાડા મૂકી આપવો.

—વૈદ્ય ભોળાનાથ નર્મદાશંકર સ્માર્ત—સુરત

૧. વરાધ માટે:—એળિયો તોલા ૨, વાવડિંગ તોલો ૦॥, રેવંચીનો શીરો તોલો ૦, સોનામુખી તોલો ૦॥, કરમાણી અજમો તોલો ૦॥, ઇંદ્રજવ તોલો ૦॥, મરી તોલો ૦॥ અને કાચકાની મીંજ તોલો ૦ લઇ, એ સર્વેને વાટી પાણીમાં મગ જેવડી ગોળી વાળી મધ અથવા પાણી સાથે દિવસમાં ત્રણ વખત એકએક ગોળી આપવાથી વરાધ, તાવ, સુસ્તી વગેરે મટે છે.

૨. બાળકને ઊંઘમાં મૂત્ર પડે તો:—બાજરી, બસબસ અને સુવા સમભાગે લઈ ચટાડવાથી મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. બંગભસ્મ, લોહભસ્મ અને અભ્રકભસ્મ એ ત્રણે બબ્બે આનીભાર લઈ મધમાં એક દિવસ બરલ કરી, એક ચણોઠીભાર ચટાડી ઉપરથી એક પાકું ગુલ્લર બવડાવવું. આ પ્રમાણે સાત દિવસ કરવાથી બાળકને ઊંઘમાં પેશાબ થતો હોય તો બંધ થાય.

—માસ્તર કેશવરામ હરિશંકર ભટ્ટ–કાપોદ્રા

સર્વોત્તમ બાળાગોળી:–ત્રાવડિંગ તોલો ૦।, કરમાણી અજમો વાલ ૧, એલચી વાલ ૪, અફીણ એક ચણાભાર, છુવારી બારેક તોલો ૦।, વંશલોચન વાલ ૪, અંબર એક મગભાર, કુલીજન વાલ ૪, કેશર વાલ ૪, અતિવિષની કળી તોલો ૦।, જાયફળ તોલો ૦।, પીપરીમૂળ વાલ ૪, લવિંગ વાલ ૨, ઘોળાં મરી વાલ ૪, મોટી હરડે વાલ ૪,સોનાના વરખ નંગ ૨, આદુનો રસ તોલો ૦। અને નાગરવેલનાં પાનનો રસ તોલો ૦। એ સર્વેને બારીક વાટી મધમાં મગ જેવડી ગોળી કરવી.

—વૈદ્ય ચંચળલાલ જાદવજી–મુંદ્રા (કચ્છ)

તવાઈ ગયેલા બાળક અગર મોટા માણસને ઉંબરાના (ગુલ્લર) ના દૂધની ગોળી બનાવીને પાણી સાથે ગળાવવાથી સારું થઈ જાય છે.

—વૈદ્ય ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી–સુરત

છોકરાની વરાધ વાવળી:–(ભરાઈ આવવું)–વગરશોધેલું મોરથૂથુ તોલો ૦।, શોધેલો નેપાળો તોલો ૧, જવખાર તોલો ૧।। અને સૂંઠ તોલા ૩ એ સર્વને વાટી તુલસીના રસમાં અગર નાગરવેલનાં પાનના રસમાં બલ કરી બાજરીના દાણા જેવડી ગોળી વાળવી. બાળકની છાતીમાં કફ બોલતો હોય, પેટ જોરથી ઊછળતું હોય કે પેટ ચઢયું હોય ત્યારે એક ગોળી મધમાં મેળવી દૂધ સાથે પાવી. ગોળી આપ્યા પછી બેત્રણ ચમચા દૂધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાવું. એ ગોળી બાળકના વયના પ્રમાણે આપવી. એક રોગીને બે વખત કરતાં વધારે વાર આ ગોળી આપવી નહિ. આ ગોળીથી ઊલટી અગર જુલાબ થઇને બાળક સારું થઇ જશે.

—વૈદ્ય લક્ષ્મણ માર્તંડ સાસનાકર–પૂના.

૨૮–ધાતુ, ઉપધાતુ, શોધન ને મારણ

૧. **ચાંદીમારણઃ**–ગોટીની ચાંદી ૧ તોલો લઇ તેને બારીક કાતરી ૧૦ તોલા કમરખના રસમાં ખલ કરવો. ખલ કરતાં કરતાં જ્યારે કહણ ગોળી વળાય તેવું થાય, ત્યારે તેને બે ચીનાઇ પ્યાલીના સંપુટમાં મૂકી તેના ઉપર ત્રણ કપડમટ્ટી કરવી. પછી બે મોટા ટોપલા અડાયાં લઇ તેની વચમાં પેલો સંપુટ મૂકી આંચ આપવી એટલે સફેદ ભસ્મ થઇ જશે. જો કાંઇ કચાશ માલૂમ પડે તો ફરીથી કમરખના રસમાં વાટી એ પ્રમાણે આંચ આપવી.

૨. ૪ તોલા અકલગરાને ૬૪ તોલા પાણીમાં ઉકાળી જ્યારે ૮ તોલા પાણી રહે ત્યારે તેમાં ૧ તોલા ચાંદીનું પતરું ગરમ કરી છમકારવું. એમ કરતાં કરતાં જ્યારે તે પતરું તેજરહિત ઝાંખું થઇ જાય, ત્યારે તેને અકલગરાનો ભૂકો તથા ઝંઝેટાનાં પાતરાંને ઝીણાં વાટી એકત્ર કરી તેની વચમાં ચાંદીનું પતરું મૂકી, ચીનાઈ પ્યાલીનો સંપુટ કરી ઉપર પ્રમાણે આંચ આપવી એટલે સફેદ ભસ્મ થશે. પણ યાદ રાખવું કે, આ કામમાં ગજપુટ અગ્નિ આપવાનો નથી. સાધારણ બાડામાંજ ગોઠવીને ફૂંકવાનું છે. વધારે અગ્નિ લાગવાથી ભસ્મનો ગુણ ઓછો થઇ જાય છે.

૩. **સોમલમારણઃ**–જેટલા તોલા સોમલ મારવો હોય તેટલો મોટો સોમલનો એક કકડો લેવો. પછી લગભગ ૧ શેરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વજન કરતાં ઓછો નહિ હોય એવો જેટલા તોલા સોમલ હોય, તેટલાં નંગ બિજોરાં લઈ તેના રસમાં સોમલનો કટકો ૪૦ દિવસ સુધી પલાળી રાખવો એટલે મોમિયો થશે. પછી ચીનાઇ પ્યાલીનો સંપુટ કરી તેમાં સોમલ મૂકી બાકીની જગ્યામાં લીંબુનો રસ ભરવો ને ત્રણ કપડમટ્ટી કરી, થોડાં અડાયાંમાં ફૂંકી દેવું એટલે સફેદ નિર્ધૂમ ખાખ થશે.

૪. હિંગળોકમારણઃ-હિંગળોકને વાટીને સાટોડીના રસના ટુવા દઇ સાટોડીના રસમાંજ બલ કરવો, અને જો ટુવા દેતાંજ ભસ્મ થઈ જાય તો અગ્નિ દેવાની જરૂર નથી. જો ભસ્મ થાય નહિ, તો થોડાં અડાયાંનો અગ્નિ આપવો એટલે ભસ્મ થઇ જશે.

૫. તાંબાનો ઢબુમારણઃ-એક ઢબુને ૧૦૮ વાર બકરીના દૂધના પટ દેવા. એટલે તેને ગરમ કરી દૂધમાં બોળવો. પછી ૦।। શેર ઉંદરકાનીને વાટી તેની વચમાં ઢબુને મૂકી, ત્રણ કપડમટ્ટી કરી, ૧૩ શેર અડાયાં છાણાંમાં ફૂંકવું, એટલે સફેદ ભસ્મ થશે.

૬. નેપાળો શેર ૦। અને ભિલામાં શેર ૦। એ બન્નેને આંયણીમાં બાંડી બારીક કરી, પછી કલાઇ શેર ૦। ની એક ડબી એવી બનાવવી કે, જેમાં ૦।। શેર ભૂકો માય. પછી તેમાં ૦।। ભૂકો નાખી દબાવી ઉપર પેલો ઢબુ મૂકી, તેના ઉપર બીજો ભૂકો દાબી, ડબી બંધ કરવી. પછી તેના ઉપર ચીંથરાં શેર ૧૦ થી ૧૫ લગી લઇ લપેટવાં અને એક ઠીબમાં મૂકી સળગાવી દેવું. ત્રીજે દહાડે બરાબર ઠંડું પડ્યા પછી તપાસવું. રાખને યુક્તિથી બસેડવી એટલે કલાઇના ગઠ્ઠા જુદા પડી જઇ સફેદ ભસ્મ નીકળશે. પણ યાદ રાખવું કે નેપાળો અને ભિલામાં બાંડતાં હાથને કે શરીરના કોઇ ભાગને લાગે નહિ તેની સંભાળ રાખવી.

૭. જેટલા તોલા તાંબું મારવું હોય તેટલા તોલા તાંબાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતરાં લઈ તેના પાઇ પાઇ જેવડા કકડા કરી, તેના વજનથી ચાર-ગણી સુવર્ણમાક્ષિક (સોનામુખીના ગાંગડા) લઈ, તેને ખાંડી ભૂકો કરી બે કોડિયાં મોટાં પહોળાં લઇ, તેમાં સોનામુખીનો ભૂકો પાથરી તેના ઉપર પેલા તાંબાના કકડા મૂકવા. વળી તે કકડા પર સોનામુખીનો ભૂકો નાખી તેના ઉપર પાછા તાંબાના કકડા ગોઠ-વવા, એમ કર્યા કરવું. એમ કરી તેના ઉપર કુંવારનો ગલ નાખવો. બાદ એક રાત પલળવા દેવું ને ઉપર કોડિયું ઢાંકવું. બીજે દિવસે તેને ત્રણ કપડમટ્ટી કરી ગજપુટ અગ્નિ દેવો, એટલે કાળા રંગની ભસ્મ થશે. સોનમુખીની પણ કાળી ભસ્મ થશે. તે ભસ્મ પણ કાઢી લઇ જુદી રાખવી. આ બન્ને ભસ્મો રસોના કામમાં વાપરવા માટે ઘણી જ સારી માલૂમ પડી છે.

૮. તાંબાનાં પતરાંના કકડાના વજનથી ગંધક વજનમાં બમણો લઇ વાટી, ઉપર જણાવેલી સોનમુખીની માફક થર કરી, તેજ પ્રમાણે કોડિયામાં મૂકી, ત્રણ કપડમટ્ટી કરી ઉપર પ્રમાણે-જ ગજપુટમાં ફૂંકી મૂકવું એટલે ભસ્મ થશે. ભઠ્ઠી મૂક્યા પછી ત્યાંથી ખસી જવું. ઠંડું થયેથીજ ત્યાં જવું.

૯. તમાકુનાં મૂળ વાટીને દડો કરવો. તે મધ્યે તાંબાનાં પતરાં ઘાલવાં, ઉપર ત્રણ કપડમટ્ટી કરવી ને ગજપુટમાં બાળી દેવું. મરદાઇ તથા પેટનાં દરદ પર પાનમાં આપવું.

૧૦. મોતી અને મોતીની છીપની ભસ્મઃ-સાચાં મોતી વીંધેલાં અગર વગર વીંધેલાં લઈ, તેને ખાંડી ખાટા લીંબુના રસમાં ૨૪ કલાક પલાળવાં. પછી તેને ખલમાં ઘૂંટી નાખવાં. બાદ તેને એક ચીનાઈ પ્યાલીમાં ભરી, તેના પર ચીનાઈ બીજી પ્યાલી ઢાંકી સંપુટ બનાવી એક-બે કપડમટ્ટી કરી, બે ટોપલા અડાયાંથી તેને ફૂંકી, તદ્દન ઠંડું પડે એટલે તેને કાઢી સાચ-વીને ઉકેલી તેમાંથી ભસ્મ કાઢી લેવી. સફેદ ભસ્મ નીકળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચના:–મોતી જો વીંધેલાં હોય તો તેના વેહમાંથી વીંધારા ની સોય ભાંગી ગયેલી કોઈ કોઇ વાર નીકળે છે. અને તે જો હોય તો નુકસાન કરે છે. માટે અધખોખરાં ખાંડ્યા પછી તે તપાસી જોવું અને જો તેમાં સોયની ભાંગી ગયેલી કકડી માલૂમ પડે તો તેમાંથી કાઢી લેવી. બનતાં લગી વીંધ્યા વગરનાંજ મોતી લેવાં. મોતીની છીપની ભસ્મ પણ ઉપર મુજબની રીતિથી થશે.

૧૧. શંખભસ્મ:–આખા શંખના કકડા કરવા. પછી તેને તાપમાં મૂકી ખૂબ ગરમ કરી બકરીના દૂધમાં છમકારવા. એવું આઠદસ વાર કરવું એટલે તેમાં ફાટ પડી ચિરાડા પડશે. પછી તે કટકાઓનું તોલ કરવું. તેના વજનથી ચોથે ભાગે કાળીજીરીનો ખાંડેલો ભૂકો લઇ, તેને માટીના સરાવળામાં પાથરી તેના પર પેલા શંખના કકડા ગોઠવવા. પછી તેના પર બીજો ભૂકો નાખી પાછા તેના પર બાકી રહેલા કકડા ગોઠવવા. તે ગોઠવાઇ રહ્યા પછી તેના પર બીજું સરાવળું ઢાંકી, તેના પર એક કપડમટ્ટી કરી, તેને બે ટોપલા છાણાંથી ફૂંકી મૂકવું,એટલે સફેદ ભસ્મ તૈયાર થશે.

૧૨. કલાઈમારણ:–શોધેલી અગર વગર શોધેલી કલાઇ-ના ઝીણા ઝીણા કકડા કરી, એક ગુણપાટના કકડા પર મેંદીનો વાટેલો પ્યાલો પાથરી, તેના ઉપર કલાઇના કકડા આંગળ દોઢ આંગળને છેટે ગોઠવવા. કલાઈ પર મેંદીનો પાલો ને પાલા પર કલાઇ એમ ગોઠવ્યા કરવું. પહેલા અને છેલ્લા પડમાં પાલો વધારે રાખવો. એમ ગોઠવીને તેનું યુક્તિથી પોટલું બાંધવું ને ઉપર દોરડીથી ખૂબ લપેટવું. બાદ તે પોટલું એક મોટા કલેડા-માં ગોઠવી, તેને ગજપુટ અગ્નિ કાંઇક આછો આછો દેવો એટલે સફેદ ભસ્મ થશે. એને કપડમટ્ટી કરવાની નથી, માટે પોટલું એમ ને એમ કલેડામાં ગોઠવી દેવું. એજ રીત પ્રમાણે **અજ-મામાં, ભાંગમાં અને સેકટાના પાલામાં** પણ ભસ્મ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચના:-મેંદીનાં પાતરાંથી બનાવેલી ભસ્મ મેંદીનાં બીજ સાથે બનાવવાથી ધાતુ વધારે, મગજની ગરમી ઓછી કરી શરીરમાં બળ સારું આપે ને લોહીની વૃદ્ધિ કરી ધાતુને પુષ્ટ કરે છે.

૧૩. સીસું અને જસતમારણઃ-સીસાને લોખંડની કઢાઈમાં તાપ દઇ ગાળવું, ગાળ્યા પછી વડના વૃક્ષની જાડી મૂળીથી તે હલાવવું. હલાવતાં હલાવતાં ભસ્મ થતી જશે. છેક ભસ્મ થઈ જાય ત્યારે હલાવવું બંધ કરવું. એ ભસ્મ લીલા રંગની થશે. ભસ્મની અંદર સીસાની કાંકરી જરા પણ રહેવી જોઇએ નહિ. જો રહી ગઇ હોય તો તેને વસ્ત્રગાળ કરી તે કાંકરી ફરીથી કઢાઇમાં નાખી ચૂલે ચડાવી પેલી મૂળીથી હલાવવું એટલે સાવ ગળી જશે. એ સીસાની જો સફેદ ભસ્મ કરવી હોય, તો ગાળેલા સીસામાં એલચીનાં છોડાંનો ભૂકો નાખતા જવો અને વડની મૂળીને બદલે બાવળનું પાતળું લાકડું લઇ તેનાથી હલાવવું એટલે સફેદ થશે. જો પીળી ભસ્મ કરવી હોય તો લોંયપાંતરીનો રસ થોડો થોડો રેડતા જઇ બાવળના પાતળા લાકડાથી હલાવવું એટલે પીળી ભસ્મ થશે. જો લીલી ભસ્મ કરવી હોય તો આકડાનાં મૂળિયાં વડે હલાવવાથી લીલી થશે.

૧૪. પ્રવાલભસ્મઃ-પ્રવાલને માટીના વાસણમાં કુંવારના રસમાં ડૂબતાં રાખી મૂકવાં. ત્રણ દિવસ પછી તેને કપડમટ્ટી કરી ગજપુટની આંચ આપવી, એટલે ભસ્મ થશે. એજ પ્રમાણે આકડાના દૂધમાં, વડના દૂધમાં અને ન મળે તો તેનાં પાતરાંના રસમાં અને પાતરાંમાંથી જો રસ નીકળે નહિ તો તેના ઉકાળામાં બોળી મૂકવાથી પણ તેવીજ ભસ્મ થશે.

બીજી વિધિઃ-સારા કાચની સ્ટોપર બૂચની બાટલીમાં પરવાળાંને ભરી તેને બાટા લીંબુના રસમાં ડુબાવી તડકે મૂકી રાખવાથી સૂર્યપુટી ભસ્મ થશે. જો લીંબુનો રસ સુકાઈ જાય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવા લીંબુનો રસ નાખતા જવું એટલે લગભગ એકાદ માસમાં ભસ્મ તૈયાર થશે.

૧૫. સાબરશિંગાની ભસ્મઃ–સાબરશિંગાને કૂંવારના રસમાં તથા ધંતૂરાના રસમાં બોળી મૂકી ગજપુટ અગ્નિ આપવાથી સફેદ ભસ્મ થશે.

૧૬. હરતાલભસ્મઃ–વરખી હરતાલ તોલો ૧ લઇને કુંવારના એક શેર રસમાં વાટતાં વાટતાં ગોળો વળી જાય, ત્યારે તેને ચીનાઇ પ્યાલીના સંપુટમાં ગોઠવી, ત્રણ કપડમટ્ટી કરી, એક વેંત (કુડકુટપુટ) ખાડામાં મૂકી આંચ આપવાથી સફેદ ભસ્મ થશે.

—યતિશ્રી રવિહંસજી દીપહંસજી–સુરત

૧. સુવર્ણભસ્મઃ–ઢીંગણા (કાંટાવાળો તાંદળજો)ના રસમાં સોનાનો રેતરડીથી ભૂકો કરાવી, (અથવા સોનાના વરખ લેવા) રસની સાથે ખૂબ ખરલ કરી ગોળી બનાવી સરાવસંપુટમાં મૂકી ગજપુટનો અગ્નિ આપવાથી ભસ્મ થાય છે.

૨. બીજી વિધિઃ–પ્રથમ સોનાનાં પતરાંને જળજાંબુના રસમાં સાઠ (૬૦) વખત છમકારવું. પછી જળજાંબુના રસમાં સાત વખત ગજપુટ આપવાથી સોનાની ઉત્તમ ભસ્મ થાય છે.

૩. સુવર્ણશોધનઃ–સોનાનાં પતરાંને તેલ, છાશ, ગોમૂત્ર, કુલથી, કાંજી તથા આકડાના દૂધમાં સાત સાત વખત છમકારી શુદ્ધ કર્યા પછીજ સોનાની ભસ્મ કરવાથી ઉત્તમ ભસ્મ થાય છે.

૪. રૌપ્યભસ્મઃ–ચાંદીનાં પાતળાં પતરાં કરાવી (ગોટીની ચાંદી પણ ચાલશે) ગોમૂત્ર, તેલ, છાશ, કાંજી, કુલથી અને આકડાનું દૂધ એ દરેકમાં સાત સાત વખત છમકારવું જેથી શુદ્ધ થાય છે. પાણકંદાને વાટી લૂગદી કરી ઉપર મુજબ શુદ્ધ કરેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાંદીનાં પતરાં લૂગદીમાં મૂકી છાણાં શેર બેનો અગ્નિ આપવો. એ પ્રમાણે બાર વખત અગ્નિ આપવાથી ભસ્મ થાય છે.

૫. **બીજી વિધિઃ**-ચાંદીનાં પતરાંને શુદ્ધ કરી મેંદીનો રસ, બાવળનાં પાનનો રસ અને કેરડાનાં મૂળની છાલનો રસ કાઢી તેમાં તારનો ભૂકો બે મહોર સુધી વાટી ગોળો કરી સરાવ-સંપુટમાં મૂકી ગજપુટ અગ્નિ આપવાથી શુદ્ધ ભસ્મ થાય છે. તોલમાં પૂરેપૂરી ઊતરે છે.

૬. **ત્રીજી વિધિઃ**-તારની શુદ્ધ કરેલી ભૂકીને અઘાડાના રસમાં ખૂબ ઘૂંટી તેની (અઘાડાનાં પાનની) લૂગદીમાં મૂકી સંપુટમાં મૂકી ગજપુટનો અગ્નિ આપવો. એવા ત્રણ ગજપુટ આપવાથી સફેદ ભસ્મ થાય છે.

૭. **ચોથી વિધિઃ**-અમરવેલનો રસ શેર ૦॥ તથા લીંબુ-નો રસ શેર ૦॥ એકત્ર કરી, પછી બે છાણાં મોટાં પાંચ પાંચ શેરનાં કરી, વચ્ચેથી કોતરી તેમાં રસ ભરી વચ્ચે પતરું મૂકી સળગાવવાં જેથી ચાંદીની ભસ્મ થાય છે.

૮. **પાંચમી વિધિઃ**-કેતકીની ગાંઠ ૧। શેર લઇ તેની અંદર રૂપાનું પતરું તોલા ભારનું મૂકી કપડમટ્ટી કરી ગજપુટ-નો અગ્નિ આપવો જેથી ભસ્મ થાય છે.

૯. **તામ્રભસ્મઃ**-પ્રથમ તાંબાનાં ઝીણાં કંટકવેધી પતરાં કરાવવાં. (અથવા ઓટા કસબને બાળી તેમાંથી ભૂકો કાઢવો) પછી તેને એક દિવસ આંબલીના કોરના પાણીમાં ઉકાળવાં. પછી તેલ, ગોમૂત્ર, કુલથીનો કવાથ, કાંજી, ત્રિફળા, થોરનું દૂધ, આક-ડાનું દૂધ, ગાયનું દૂધ, આંબલી, લીંબુ, કુંવાર, કેળનું પાણી, નાળિ-યેરનું પાણી, ગાયનું ઘી, સૂરણનો રસ તથા દહીંનું પાણી એ દરેકમાં સાત સાત વાર છમકારવાથી અમૃત જેવું શુદ્ધ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભસ્મવિધિઃ–ધોળી ચણોઠી શેર એક લાવી ખાંડી બારીક ચૂર્ણ કરી એક વાસણમાં ભરી, તેની અંદર વચ્ચોવચ્ચ શુદ્ધ કરેલ તાંબાનું પતરું મૂકી વાસણના મોઢા ઉપર સંધિલેપ કરી ચૂલા પર ચડાવી એક દિવસ તીવ્ર અગ્નિ આપવો. જ્યારે ચણોઠી બળી ધોળી ખાખ થઈ જાય ત્યારે ઠંડું પડવા દઈ તૈયાર થયેલી ભસ્મ કાઢી લેવી.

બીજી વિધિઃ–કેરડાંની કૂંપળો લાવી વાટી લૂગદી કરી, તેની અંદર તાંબાનું પતરું મૂકી કપડમટ્ટી કરી ગજપુટ આપવો. એ પ્રમાણે ત્રણ ગજપુટ આપવાથી ભસ્મ થાય છે.

ત્રીજી વિધિઃ–રિસામણીના રસમાં તાંબાને ખૂબ ખરલ કરી તેની ગોળી વાળી તેની લૂગદીમાં મૂકી ગજપુટ આપવાથી ત્રણ ગજપુટમાં ભસ્મ થાય છે.

ચોથી વિધિઃ–શુદ્ધ કરેલ તાંબાનું પતરું ૧ તોલાભાર અને નેપાળાની મીંજ તોલા ૫ લઈ, પ્રથમ નેપાળો તથા ભિલામાં વાટી લૂગદી કરી તાંબાનું પતરું મૂકી, તે લૂગદીની ઉપર ચીંથરાં શેર ૨૦ વીંટી, એકાંત સ્થાનમાં (પવન બિલકુલ આવે નહિ તેવી જગ્યાએ) તે ગોટાને ફૂંકી દેવો. સ્વાંગશીત થયે તૈયાર થયેલી ભસ્મ કાઢી લેવી.

પાંચમી વિધિઃ–પૈસાને લાલચોળ તપાવી વડના દૂધમાં ૨૧ વાર અને ગોમૂત્રમાં ૧૦૮ વાર છમકારવો. પછી શિવલિંગીનાં પાન શેર ૦॥ લઈ વાટી લૂગદી કરી તેમાં પૈસો મૂકી કપડમટ્ટી કરી ગજપુટ આપવાથી ભસ્મ થાય છે.

અંગભસ્મઃ–લોઢાના કડછામાં કલાઈનો રસ કરી એક ઠામમાં તેલ ભરી તેમાં કલાઈનો રસ રેડવો. એ પ્રમાણે સાત વખત રેડવો. પ્રથમ જે ઠામમાં તેલ ભર્યું હોય તે ઠામની ઉપર એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘંટીનું નાનું પડ ઢાંકવું અને તે પડની વચમાં જે છિદ્ર હોય તેની ઉપર બીજે નાનો પથ્થર ઢાંકવો. પછી રેડતી વખતે નાનો પથ્થર જરા બસેડી રેડવું ને તરત ઉપર નાનો પથ્થર ઢાંકી દેવો, જેથી કલાઇ ઊડી પાછી ઠામમાં પડશે. નહિ ઢાંકવાથી કલાઇ ઊડી જાય છે અને શુદ્ધ કરનારને વગાડી બેસે છે. માટે ઘંટીના પડ વગર કલાઈ, સીસું તથા જસત એ ત્રણે ધાતુને શુદ્ધ કરવી નહિ. એ ત્રણે ધાતુની શુદ્ધિ તેલ, છાશ, ગોમૂત્ર, કાંજી, કુલથીનો કવાથ, આકડાનું દૂધ તથા ત્રિફળાનો કવાથ એ દરેકમાં સાત સાત વખત રેડવાથી ઉત્તમ પ્રકારથી શુદ્ધ થાય છે. એટલું ધ્યાનમાં રાખવું કે, પ્રથમ શુદ્ધ કરી પછી મારણ કરવું.

ભસ્મવિધિઃ-કલાઈનાં કંટકવેધી પતરાં તોલો ૧ લઇ તેની ઝીણી કાતરી કરી, રાઇ શેર ૦।, લસણ શેર ૦। અને ગોળ શેર ૦। એ ત્રણેને એકત્ર કરી વાટી છાણાં ઉપર અરધું પાથરવું; તેની ઉપર કલાઇ મૂકી ઉપર બાકીનું ચૂર્ણ દાબવું તથા તેની ઉપર છાણું મૂકી બે ટોપલા છાણાંનો અગ્નિ આપવો જેથી ભસ્મ થાય છે. આ ભસ્મ કામદેવને જાગૃત કરવામાં પહેલા નંબરનું કામ કરે છે.

બીજી વિધિઃ-લીમડાનાં પાન લાવી બારીક બાંડી, એક છાણા ઉપર પાથરી ઉપર કલાઇનાં પતરાં મૂકી, ઉપર લીમડાનાં પાનનો અડધો ભૂકો દાબી છાણું ઢાંકી સળગાવવાથી શ્વેતભસ્મ થાય છે.

ત્રીજી વિધિઃ-અરડૂસાનાં પાન લાવી બાંડી તેના બે ભાગ કરી, એક ભાગ છાણાં ઉપર પાથરી ઉપર કલાઈનાં પતરાં ગોઠવી બીજો ભાગ પાથરી છાણું ઢાંકી સળગાવવાથી ભસ્મ થાય છે. આ ભસ્મ ઉધરસ તથા ક્ષય ઉપર સારું કામ કરે છે.

ચોથી વિધિઃ-બાવળનાં પાન, બીજડાનાં પાન અથવા મેંદીનાં પાન એ ત્રણમાંથી ગમે તેનાં પાન લાવી વાટી એક છાણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર અરધાં પાથરી ઉપર કલાઈનાં પતરાં ગોઠવી અડધી લૂગદી (બાકી વધેલી) ઢાંકી ઉપર છાણું મૂકી સળગાવવાથી ભસ્મ થાય છે.

પાંચમી વિધિઃ–અજમો શેર ૧ લાવી છાણા ઉપર અરધો પાથરી ઉપર કલાઇનાં પતરાં મૂકી વધેલો અજમો પાથરી છાણું ઢાંકી સળગાવવાથી ભસ્મ થાય છે. આ ભસ્મ વાયુ ઉપર સારું કામ કરે છે.

છઠ્ઠી વિધિઃ–આમલીનાં છોડાં અથવા પીપળાનાં છોડાં અથવા બંને ભેગાં વાટી છાણા ઉપર પાથરી ઉપર કલાઇનાં પતરાં મૂકી બીજે ભૂકો પાથરી છાણું ઢાંકી સળગાવવાથી ભસ્મ થાય છે.

સાતમી વિધિઃ–પારેવાંની અઘાર વાટી છાણા ઉપર પાથરી વચ્ચે કલાઇનાં પતરાં મૂકી છાણું ઢાંકી સળગાવવાથી ભસ્મ થાય છે.

આઠમી વિધિઃ–હળદર શેર ૧, પીપળાનાં છોડાં શેર ૧ અને પીપરીમૂળ શેર ૦।। વાટી છાણાં ઉપર પાથરી વચ્ચે કલાઇનાં પતરાં મૂકી છાણું ઢાંકી સળગાવવાથી ભસ્મ થાય છે. આ ભસ્મ ગુણમાં સારી છે.

નાગભસ્મઃ–સીસાને કલાઈની માફક શુદ્ધ કરવાથી શુદ્ધ થાય છે. **ભસ્મવિધિઃ**–સીસાને એક ઠીબમાં ગરમ કરી રસ કરવો. પછી તેને જાંબુડાના સોટાથી, કિંવા કેવડાના સોટાથી, કિંવા લીમડાના સોટાથી, કિંવા આકડાના મૂળના સોટાથી, કિંવા કેરડાના મૂળના સોટાથી, કિંવા કેતકીના મૂળના સોટાથી ચાર પહોર સુધી ઘૂંટ્યા કરવું જેથી ભસ્મ થાય છે. પરંતુ જે વનસ્પતિથી ભસ્મ કરવામાં આવે તેના જેવો ગુણ ભસ્મમાં ઊતરે છે, એટલે વનસ્પતિ પ્રમાણે ગુણમાં ફેર પડે છે. ખાખરાના મૂળથી ચાર પહોર સુધી ઘૂંટવાથી પણ ભસ્મ થાય છે.

ખર્પર (જસત) ભસ્મઃ–(કલાઈ પ્રમાણે શુદ્ધ કરવું) જસતને ઠીબમાં ગરમ કરી તેમાં ભોંયપાતરીનો રસ થોડો થોડો

આ. ૩૨-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખતા જવું તથા લીમડાના સોટાથી હલાવતા જવું. એ પ્રમાણે ૬ શેર રસ નાખવાથી ભસ્મ થાય છે.

બીજી વિધિ:-જસતમાં કાંટાળા થોરનું દૂધ જસતના વજન પ્રમાણે નાખી થોરના મૂળના સોટાથી બે પહોર સુધી ઘૂંટવાથી ભસ્મ તૈયાર થાય છે.

લોહભસ્મ:-(ગજવેલ) ગજવેલ સારી ઊંચી (સ્ટીલ) ઘોડા છાપ અથવા તલવાર જે વટની સારી ગણાય છે તેના કટકા મળે તો વધારે સારું અથવા ઘડિયાળની કમાનો લાવી, પછી તેનાં પાતળાં પતરાં કરાવવાં અને જો કમાનો હોય તો વાળથી બાંધવી. પછી તેને ગરમ કરી-તેલ, છાશ, ગોમૂત્ર, કાંજી, કુલથીનો ક્વાથ અને આકડાનું દૂધ એ દરેકમાં સાત સાત વાર છમકારવું અને છેવટે ત્રિફળાના ક્વાથમાં ૨૧ વાર છમકારવું જેથી શુદ્ધ થાય છે. શુદ્ધ કર્યા પછી રેતરડી વડે તેનો બારીક ભૂકો કરાવી લેવો. **ભસ્મવિધિ:**-શુદ્ધ કરેલ ગજવેલના ભૂકાથી બમણું પાકાં દળદાર જાંબુ લાવી તેની લૂગદી કરી તેમાં ગજવેલનો ભૂકો નાખી તેને સંપુટમાં ભરી કપડમટ્ટી કરી ગજપુટ આપવો. એ પ્રમાણે એકવીસ ગજપુટ આપવાથી ભસ્મ થાય છે.

બીજી વિધિ:-ગજવેલના ભૂકાને આકડાના દૂધમાં પલાળવો. દર અઠવાડિયે દૂધ બદલવું. એ પ્રમાણે ચાળીસ દિવસ કરવું. દર અઠવાડિયે ગજપુટ આપવો. એ ભસ્મને થોરના દૂધના સાત, ધોળા ફૂલવાળા અગથિયાના ત્રણ તથા ગળજીભીના સાત પુટ દઈ ગજપુટ આપવાથી ઉત્તમ ભસ્મ થાય છે.

ત્રીજી વિધિ:-ગજવેલના ભૂકાને આખરાનાં પાનમાં ખરલ કરી ગજપુટ આપવો. પછી કુંવારના રસમાં સાત ગજપુટ આપવા, પછી આકડાના દૂધના ત્રણ પટ દઈ ગજપુટ આપવો, પછી થોરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂધના સાત પટ દઈ ગજપુટ આપવો, પછી ત્રિફળાના ક્વાથમાં સાત સાત ગજપુટ આપવા, પછી દોડીના રસના સાત ગજપુટ દેવાથી અતિ ઉત્તમ ભસ્મ થાય છે.

ચોથી વિધિઃ–ગજવેલના ભૂકાને ગળજીભીના રસમાં એકવીસ દિવસ પલાળી ગજપુટ આપવો; પછી સરગવાનાં મૂળની છાલના રસમાં એકવીસ દિવસ પલાળી મૂકવો. દરરોજ રસ તાજો રેડવો તથા તડકે મૂકવું. પછી ગજપુટ આપવો. પછી બાવળના પરડાના ગર્ભમાં વાટી ત્રણ ગજપુટ આપવાથી ભસ્મ થાય છે.

પાંચમી વિધિઃ–દાડમડીનાં પાનનો રસ કાઢવો. એ રસ કાઢતી વખતે તેમાં પાણી ત્રણચારગણું નાખવું. તે રસમાં ગજવેલના ભૂકાને પલાળી તડકે મૂકવો. હંમેશાં રસ તાજો નાખવો. એ પ્રમાણે સાત દિવસ કરી ગજપુટ આપવો. એ પ્રમાણે ત્રણ વખત (સાત દિવસ રસમાં પલાળી તડકે મૂકવું તથા દરરોજ તાજો રસ નાખવો. પછી આઠમે દિવસે ગજપુટ આપવો.) કરવાથી સારી ભસ્મ થાય છે. જો પછીથી દાડમના ફળનાં બીજના ત્રણ ગજપુટ આપવામાં આવે તો અતિ ઉત્તમ ભસ્મ થાય છે.

છઠ્ઠી વિધિઃ–ગજવેલના ભૂકાને મૂળાનાં પાકાં પાનનો રસ તથા દાડમના દાણાનો રસ,એ દરેકમાં ચાર ચાર દિવસ એકસરખો (ખરલ કરતી વખતે વિસામો ખાવો નહિ) ખરલ કરી, રામપાત્રમાં સંપુટ કરી કપડમટ્ટી કરી ગજપુટ આપવો. એ પ્રમાણે ત્રણ ગજપુટ આપવાથી ઉત્તમ ભસ્મ થાય છે. એ ભસ્મ સર્વ પ્રકારના કૃમિરોગમાં તથા પાંડુરોગમાં સારું કામ કરે છે.

મંડૂરભસ્મઃ–(લોખંડના કાટની ભસ્મ) જૂનો કાટોડો એટલે લગભગ એકસો વર્ષનો ઉત્તમ ગણાય છે તેને લાવી, બહેડાંના લાકડાંના અગ્નિમાં અથવા કોલસાના અગ્નિમાં લાલચોળ તપાવી ગોમૂ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રમાં એકવીસ વખત ખુઆવવો જેથી ભૂકો થઇ જાય છે. એ ભૂકાને ત્રિફળાના કવાથમાં એકવીશ ગજપુટ આપવાથી ભસ્મ થાય છે. જો ઉત્તમ બનાવવો હોય તો ત્રિફળાના, ગોમૂત્રના, કુંવારના અને પંચામૃતના એ દરેકના એકવીશ એટલે બધા મળી કુલ ચોરાશી પુટ આપવાથી ઉત્તમ ભસ્મ થાય છે.

હિંગુલભસ્મઃ–હિંગળોકને લીંબુના રસની અને ઘેટીના દૂધની સાત સાત ભાવના આપવાથી શુદ્ધ થાય છે.

ભસ્મવિધિઃ–હિંગળોકને આકડાના દૂધમાં બારીક વાટી થેપલી કરી સૂકવવી. એ પ્રમાણે ત્રણ વખત કરી પછી પીપળાનાં છોડાં, લીમડાનાં છોડાં અને વડનાં છોડાં, એ ત્રણેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, છાણું એક લઇ વચ્ચે સારી રીતે ખોદી ખાડો કરવો. તેમાં ઉપલું ચૂર્ણ અરધું પાથરી હિંગળોકની થેપલી મૂકી બાકીનું ચૂર્ણ ઉપર પાથરી છાણું ઢાંકી છિદ્ર ન દેખાય તેમ છાણથી બંધ કરી, બેત્રણ છાણાંમાં ફૂંકી દેવાથી ભસ્મ થાય છે. એ ભસ્મ પાનમાં આવાથી તમામ જાતના શ્વાસરોગ મટે છે.

ત્રિઅંગભસ્મઃ–કલાઈ, સીસું તથા જસત એ ત્રણેને જુદાં જુદાં શુદ્ધ કરી એકરસ કરવાં. (એટલે એ ત્રણેને ઠીબમાં નાખી ચૂલે ચડાવી રસ કરવો.) તેમાં કુંવારના મૂળથી ઘૂંટતાં જવું. જ્યારે તમામ બળી કાળું પડેલું જણાય ત્યારે કાઢી ચાળી નાખવું. જો કાચું નીકળે તો તેનો રસ કરી ઉપર પ્રમાણે ભસ્મ કરી ચાળી કુંવારના રસમાં ખૂબ ખરલ કરી ટીકડી કરી સૂકવી સંપુટમાં ભરી ગજપુટ આપવો. જો તેમાં પારદ મેળવવામાં આવે તોઃએ **ચતુર્અંગભસ્મ** કહેવાય છે. પારદ મેળવ્યો હોય તો તે ઊડી જાય છે પરંતુ ગુણમાં ઉત્તમ બને છે.

અભ્રકભસ્મઃ–વજ્રાભ્રક લાવી તેને લાલચોળ તપાવી સાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત દૂધમાં છમકારવો. પછી તાંદળજાનો રસ તથા લીંબુનો રસ એકત્ર કરી તેમાં ચોવીસ કલાક બોળી રાખવો. પછી ગરમ પાણીથી ધોઇ ત્રિફળાના કવાથમાં તથા ગોમૂત્રમાં સાત સાત વખત છમકારવાથી શુદ્ધ થાય છે.

ધાન્યાભ્રકની વિધિઃ–એક શેર અભ્રકમાં કમોદ શેર ૦ા નાખી ધાબળીમાં બાંધી ત્રણ અહોરાત્ર સુધી ખાટી છાશમાં બુડાડી રાખવું. પછી કાઢી બે હાથે ચોળી ધાબળીમાંથી રેતી જેવી અભ્રક નીકળે ત્યાં સુધી ચોળવું. પછી છાશમાંથી કાઢી લેવું.

ધાન્યાભ્રકની બીજી વિધિઃ–વજ્રાભ્રકને તપાવી બોરડીના પંચાંગના કવાથમાં બુઝાવી, બે હાથે ખૂબ ચોળવાથી ધાન્યાભ્રક કરતાં સારું થાય છે.

ભસ્મવિધિઃ–ધાન્યાભ્રકને આકડાના દૂધમાં આખો દિવસ ઘૂંટી ગોળો કરી ઉપર આકડાનાં પાન વીંટી સંપુટમાં મૂકી ગજપુટ આપવો. એ પ્રમાણે સાત ગજપુટ સાટોડીના દેવા, સાત ગજપુટ મોથના દેવા, સાત ગજપુટ નાગરવેલના રસના, સાત ગજપુટ વડવાઈના કવાથના, સાત કુંવારના અને સાત ગજપુટ મજીઠના દેવા જેથી ભસ્મ ઉત્તમ બને છે.

બીજી વિધિઃ–(સહસ્રપુટી) વડની કૂણી વડવાઈ, આકડાનું દૂધ, વડનું દૂધ, ખરસાણી થોરનું દૂધ, કુંવારનો રસ, ગરમાળાનાં મૂળ, પીલુડી, મોથ, બોકડાનું મૂત્ર, બીલીનાં મૂળ તથા પાન, અરણી, અરડૂસી, કાંકચ, સીવણ, ઊભો સમેરવો, બેઠો સમેરવો, ઊભી રીંગણી, બેઠી રીંગણી, કદંબની છાલ, ગોખરુ, તલવણી, રાન તુલસી, ગોળ, ઘોડાસરસવ, ટાંકો, ચંબેલી, ગોમૂત્ર, મોટી હરડે, આમળાં, બહેડાં, તાલીસપત્ર, ચિત્રાનાં મૂળ તથા પાન, જલજાંબવો, મૂસળી, અરડૂસો, ઘોડાઆહોઠ, અગથિયાનાં પાન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાંગરો, કેળનો કંદ, સાતવીણ, દેવદાર, ગળો, ધંતૂરો, કાસોંદરી, દંતમૂળ, લોધર, તુલસી, દરો, હરમો, ઉંદરકાની, દાડમનાં પાન, ઉપલસરી, શંખાવલિ, નાગરવેલ, તગર, સાટોડી, મચ્છવેલ, બ્રાહ્મી, કડુ અને મીંઢળ એ ઔષધોમાં જેનો રસ નીકળે તેનો રસ કાઢી વાપરવો તથા જે ઔષધો સૂકાં મળે તેનો કવાથ કરી તેમાં અભ્રક ઘૂંટી ગજપુટ આપવો. એ દરેક ઔષધના સત્તર પુટ આપવાથી સહસ્રપુટી અભ્રકભસ્મ થાય છે.

ત્રીજી વિધિ (શતપુટી) અભ્રકને વડના દૂધના ૧૩ પુટ, બરસાણી થોરના દૂધના ૧૩ પુટ, આકડાના ૧૩ પુટ, કુંવારના ગર્ભના ૧૩ પુટ, મોથના કવાથના ૧૩ પુટ, ગોમૂત્રના ૧૩ પુટ, વડની વડવાઇના ૧૨ પુટ અને બકરીના મૂત્રના ૧૨ પુટ આપવાથી શતપુટી અભ્રક થાય છે.

ચોથી વિધિ:-એરંડાનાં પાનનો રસ કાઢી અભ્રક જેટલા વજને ગોળ નાખી, ગોળ ગળી જાય એટલે તેમાં ધાન્યાભ્રક નાખી મસળી ગોળા વાળી ઉપરનીચે વડનાં પાન લપેટી ગજપુટ આપવો. એ પ્રમાણે સાત પુટ આપવાથી ભસ્મ થાય છે. જો ચંદ્રિકા જણાય તો વધુ ભઠ્ઠી આપવી.

પાંચમી વિધિ:-કાળા ધંતૂરાનાં લીલાં ડોડવાં ખાંડી અભ્રકનાં પતરાં ઉપર ચોપડવાં. પ્રથમ ડોડવાંનો ભૂકો નાખી અભ્રક પાથરી ઉપર ડોડવાંનો ભૂકો નાખી સંપુટમાં ભરી કપડમટ્ટી કરી, ઇંગોરિયાં શેર ૧૦ લઇ તેને ભઠ્ઠીમાં નાખી વચમાં સંપુટ મૂકી સળગાવી દેવી. એ પ્રમાણે ત્રણ ભઠ્ઠી આપવાથી ભસ્મ થાય છે.

છઠ્ઠી વિધિ:-વજ્રાભ્રકને ગરમ કરી સાત વખત દૂધમાં બુઝાવવાં. પછી ભાંગના પાણીમાં અભ્રકને બે પહોર સુધી વાટી લૂગદી કરી, કાળી દરાખ વાટી તેનાં કુલડાં કરી તેમાં અભ્રક મૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપડમટ્ટી કરી ગજપુટ આપવો. પછી આકડાના દૂધમાં ખરલ કરી ગજપુટ આપવો, જેથી ગુલાબી રંગની ઉત્તમ ભસ્મ થાય છે.

સાતમી વિધિઃ–આમળાં તોલા ૧૦ અને અજમો તોલા ૫ એ બન્નેને જુદાં જુદાં બારીક વાટી, એક છાણા ઉપર પ્રથમ આમળાંનો ભૂકો પાથરી ઉપર અભ્રક મૂકી ઉપર આમળાંનો ભૂકો પાથરી અજમાનો ભૂકો પાથરવો. એ પ્રમાણે પતરાં અને ચૂર્ણનો થર કરી પછી ઉપર છાણું ઢાંકી બે ટોપલા છાણાંનો અગ્નિ આપવાથી ભસ્મ તૈયાર થાય છે.

હરતાલ શોધન-મારણઃ–હરતાલની એક કપડામાં પોટલી બાંધી એક વાસણમાં કાંજી ભરી દોલાયંત્રથી એક પહોર પકાવવી. તે પ્રમાણે કોળાના રસમાં, તલના તેલમાં તથા કળીચૂનાના પાણીમાં પકવવું. એ દરેકમાં હરતાલને બાફી ગરમ પાણીએ ધોઇ લેવી, જેથી શુદ્ધ થાય છે.

ભસ્મવિધિઃ–હરતાલને કુંવારના રસમાં ત્રણ દિવસ ખૂબ ખરલ કરી ટીકડી વાળી સૂકવવી. પછી પીપળાનાં છોડાંની ભસ્મ કરી એક માટલું લઈ અરધું માટલું રાખ ખૂબ દાબીને ભરી કેળનાં પાનમાં ટીકડીઓને લપેટી મૂકી ઉપર બીજી રાખ આસ્તે આસ્તે દાબી દેવી. પછી ચૂલે ચડાવી પાંચ અહોરાત્ર સુધી અગ્નિ આપવાથી ચંદ્રિકા જેવી ભસ્મ થાય છે.

બીજી વિધિઃ–હરતાલને ગળજીભીના રસમાં પલાળવી અને બીજે દિવસે વાસી રસ કાઢી નાખી બીજો નવો તાજો રસ નાખવો. એ પ્રમાણે દશ દિવસ કરી પછી એક ઠીબમાં ચૂલે ચડાવી તેમાં ગળજીભીનો રસ થોડે થોડે નાખ્યા કરવો. રસ રેડતાં હરતાલને ઉઘાડી થવા દેવી નહિ. પછી હરતાલ કાઢી સૂકવી આકરાની રાખમાં ઉપર પ્રમાણે ચાર પહોર સુધી અગ્નિ આપવાથી ભસ્મ તૈયાર થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજી વિધિઃ–હરતાલ તોલો ૧ લઇ તેને આકડાનાં પાન શેર ૫ ના રસ કાઢી તેમાં દોલાયંત્રે શુદ્ધ કરવી. પછી ચૂનાના પાણીમાં એવીજ રીતે શુદ્ધ કરી તે હરતાલના ચોખા ચોખા જેટલા કટકા કરી, એક પિત્તળની થાળીમાં પાથરવા. તેની ફરતી ઝીણી બોરડીનાં પાનની લૂગદી કરી (કુલડી) મૂકવી તથા તે થાળી ઉપર બેસતી આવે તેવી એક ઠીબ ઢાંકી લેાટ તથા માટીથી મુખમુદ્રા કરી ચાર કલાક સારી રીતે અગ્નિ આપવાથી ભસ્મ થાય છે.

ચોથી વિધિઃ–શુદ્ધ હરતાલ ૧૦ તોલા ભાર લઇ ખરલમાં વાટી રાતી કુંગળીનેા રસ શેર ૧૦ પાવેા. તે દોઢથી બે માસે પી રહેશે. હમેશાં રસ નાખી ઘૂંટચા કરવું. પછી તેની ગેાળી કરી બાબરાનાં લાકડાંની રાખ શેર ૫ લઇ, એક માટીના વાસણમાં અરધી ભરી ગેાળી ગેાઠવી બીજી રાખ ઉપરથી ચૂબ દાબીને ભરી, ત્રણ અહેારાત્ર અગ્નિ આપવેા. જ્યારે સ્વાંગશીત થાય ત્યારે વાસણ ફેાડી હરતાલ કાઢી લઇ એક શીશીમાં ભરી દેવી. એ ભસ્મનેા કુષ્ઠરેાગ માટે નીચે પ્રમાણે ઉપયેાગ કરવેાઃ–

હરતાલભસ્મ રતી ૦, ધમાસેા તેાલા ૦)ᖯ, લીમડાની અંતરછાલ તેાલેા ૦)ᖯ, મજીઠ તેાલેા ૦)ᖯ, ગળેા તેાલેા ૦)ᖯ તથા સાકર તેાલેા ૦ માં દરરેાજ આપવું. પથ્યમાં ચણાનેા રેાટલેા મીઠા વગરનેા તથા દૂધ આપવું. આથી કુષ્ઠરેાગનેા નાશ થાય છે.

પાંચમી વિધિઃ–હરતાલને શુદ્ધ કરી તેનેા માણેક રસ બનાવી એક ચેાખાપૂર માત્રા તુલસીનાં પાનના રસ સાથે આપવાથી વાતજ્વર, છાતીમાં કફ, કળતર વગેરેને મટાડે છે. તેવીજ રીતે મનસીલનેા માણેકરસ બનાવી તુલસીમાં આપવાથી તાવ મટે છે.

મનસીલભસ્મઃ–મનસીલને શુદ્ધ કરી વિલાયતી બેારનાં પાનમાં લાટી ટીકડી કરી રૂપેરી એક રાંબાની શીશીમાં ઘીમાં બૂડેા ભરી

CC-0. In Public Domain. Panini Kanya Maha Vidyalaya Collection. Digitized by eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે ટીકંડી મૂકી ઉપર ચૂનો દાબી સંપુટ બંધ કરી ઉપર કપડ-મટ્ટી કરી ગજપુટ આપવો. જ્યારે સ્વાંગશીત થાય ત્યારે કાઢી સંપુટ ખોલી જોશો તો ચૂનાનો રંગ પીળો થઈ ગયેલો તથા મન-સીલ સફેદ થઇ ગયેલો જણાશે. તે મનસીલભસ્મને કાઢી એક ચોખાપૂર માત્રા સાકર સાથે આપવાથી તમામ જાતના તાવ જાય છે.

મનસીલશુદ્ધિઃ–મનસીલને બકરીના મૂત્રમાં ત્રણ અહોરાત્ર સુધી દોલાયંત્રથી બાફી આદુના રસની (બરલમાં) સાત ભાવના આપવાથી શુદ્ધ થાય છે.

સાબરશૃંગ ભસ્મઃ–સાબરશૃંગને આકડાના દૂધમાં કટકા કરી સાત દિવસ સુધી પલાળી પછી સંપુટમાં ભરી કપડમટ્ટી કરી ગજપુટ આપવો. એ પ્રમાણે સાત ગજપુટ આપવાથી ઉત્તમ ભસ્મ થાય છે. એ પ્રમાણે કુંવારના રસના સાત ગજપુટ આપ-વાથી પણ ઉત્તમ ભસ્મ થાય છે.

બીજી વિધિઃ–સાબરશિંગાના કટકા કરી તેના ઉપર અડદના લોટને પાણીમાં મેળવી જાડો કરી ચોપડી આંબલીની છાલ વાટી તેના ઉપર ભભરાવવી. પછી આમલીનાં લીલાં છોડાં નીચે પાથરી ઉપર ઔષધ મૂકી છાણાં સિંચી સળગાવવાથી ભસ્મ થાય છે.

ત્રીજી વિધિઃ–હાડસાંકળના રસમાં સાબરશિંગાના કટકાને પલાળી સંપુટમાં ભરી બીજો રસ નાખી સંપુટ બંધ કરી કપડ-મટ્ટી કરી ગજપુટ આપવાથી ભસ્મ થાય છે.

ચોથી વિધિઃ–સાબરશિંગું તોલા ૫ લઇ ગોમૂત્રમાં સાત દિવસ પલાળી એક કુલડીમાં ગોમૂત્ર ભરી તેમાં સાબરશિંગું મૂકી કુલડીનું મોઢું બંધ કરી સંધિલેપ કરી ગજપુટ આપવાથી ભસ્મ થાય છે. તે ભસ્મમાં અકલગરો, જાયફળ, પીપર અને સાબરશૃંગભસ્મ એ સર્વ સમભાગે લઇ, બારીક વાટી કીડામારીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસમાં ખૂબ ઘૂંટી ચણા જેવડી ગોળીઓ વાળી આપવાથી તમામ પ્રકારના શ્વાસરોગ મટે છે. તેમજ એ ભસ્મ ભોંયરીંગણીના રસમાં વાલ બે આપવાથી ઉધરસ તથા શ્વાસરોગ મટે છે.

ધાવડીપુષ્પભસ્મ:–ધોળી કુંગળીને ચીરી વચ્ચે ધાવડીપુષ્પની કટકી મૂકી કપડમટ્ટી કરી થોડાં છાણાંમાં ફૂંકી દેવાથી સારી ભસ્મ થાય છે.

બીજી વિધિ:–એક માટીના વાસણમાં કુંવારનો રસ ભરી તેમાં ધાવડીપુષ્પ નાખી મુખમુદ્રા કરી ગજપુટ આપવાથી ભસ્મ થાય છે. આ ભસ્મના ગુણ ઘણા છે. વિશેષમાં આ ભસ્મ બાળકના રોગમાં બહુ ફાયદો કરે છે.

પ્રવાલભસ્મ:–પરવાળાંને એક અહોરાત્ર લીંબુના રસમાં પલાળી મૂકવાં. પછી તેને કુંવારના લાબામાં ગજપુટ આપવાથી ભસ્મ થાય છે.

બીજી વિધિ:–પ્રવાલને આકડાના દૂધમાં ત્રણ અહોરાત્ર પલાળી એક સંપુટમાં આકડાનું દૂધ ભરી તેમાં પરવાળાં ભરી ઉપર કુંવારનો ગર્ભ નાખી કપડમટ્ટી કરી ગજપુટ આપવાથી ભસ્મ થાય છે.

ત્રીજી વિધિ:–નાગલા દુધેલીના રસમાં ઉપર પ્રમાણે કરવાથી ભસ્મ તૈયાર થાય છે.

ચોથી વિધિ:–કાળી દ્રાક્ષ શેર ૧ લઇ ઠળિયા કાઢી નાખી દ્રાક્ષને વાટી લૂગદી કરી, તેમાં પરવાળાં ભરી સંપુટમાં ભરી ગજપુટ આપવાથી ભસ્મ થાય છે.

પાંચમી વિધિ:–ગુલાબજળમાં ત્રણ અહોરાત્ર પ્રવાલને ઘૂંટવાથી ભસ્મ થાય છે.

શંખભસ્મ:–શંખના કટકા લઇ લીંબુના રસમાં પલાળી રાખવાથી શુદ્ધ થાય છે. પછી કુંવારના રસમાં નાખી એક વાસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણમાં ભરી ગજપુટ આપવાથી ભસ્મ થાય છે. તેવીજ રીતે લોંય-રીંગણીના રસમાં અથવા થોરના દૂધમાં ઉપર પ્રમાણે કરવાથી ભસ્મ તૈયાર થાય છે.

કપર્દભસ્મઃ-(કોડી) કોડીને લીંબુના રસમાં પલાળી ગજ-પુટ કરવાથી ભસ્મ થાય છે.

ગંધકની શુદ્ધિઃ-ગંધકના બરાબર વજને ઘી લઇ એક લોખંડની પેણીમાં ઘી ઓગાળી, તેમાં ગંધક નાખી એકરસ થાય ત્યારે એક તપેલીમાં દૂધ ભરી ઉપર એક કપડું ઢીલું બાંધી તેમાં રસ રેડી દેવો, જેથી કપડામાંથી ગળીને ગંધક દૂધમાં પડી ઠરી જશે. તે ગંધકને કાઢી વાટી ઉપર પ્રમાણે ત્રણ વખત કરવા-થી ગંધક શુદ્ધ થાય છે.

ગંધકભસ્મઃ-દાડમને વચમાંથી કોરી અંદર ગંધક ભરી ઉપર કપડું લપેટી થોડાં છાણાંના અગ્નિમાં પકાવવો. એ પ્રમાણે સાત દાડમમાં ગંધકને પકાવવાથી ગંધકની ભસ્મ થાય છે.

ગંધક તેલઃ-એક પાકું રીંગણું લઈ તેની નીચેથી ગંધક અંદર ભરવો. પછી એક વાસણમાં રીંગણું એવી રીતે લટકાવવું કે નીચે અડકે નહિ. તે વાસણની નીચે બાકું કરી એક કાચનો પ્યાલો મૂકી પાતાળયંત્રથી તેલ કાઢવાથી તેલ નીકળે છે.

બીજી વિધિઃ-લોઢાની પેણીમાં ગંધકને ઓગાળી, તેમાં એરંડ તેલના ૧૦ થી ૧૫ ટીપાં નાખી લોઢાની સળીથી હલાવવું જેથી ગંધક ફૂલે છે. પછી તેમાં ચંબેલીનું તેલ અથવા સુખડનું તેલ નાખવાથી તેલ બને છે.

ત્રીજી વિધિઃ-ધંતૂરાનાં બીજને સાત પુટ ગાડરના દૂધના આપવા તથા માલકાંકણાં તોલા ૧૦ તથા ગંધક એ ત્રણેને મિશ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી, તેમાં બાખરાનાં ફૂલ નાખી પાતાળયંત્રથી તેલ કાઢવું, જેથી તેલ નીકળે છે. આ તેલ ચોપડવાના કામમાં વપરાય છે.

સોમલ તેલઃ-સોમલ તોલો ૧, કાળા તલ તોલા ૫ અને ગાયનું માખણ તોલા ૫ લઈ, એ ત્રણેને ખૂબ વાટી એક શીશીમાં ભરી, તે શીશીને લીમડાની સળીનો બૂચ મારવો. (એટલે લીમડાની સળીઓ લેગી કરી શીશીના મોઢા પર ઘોંચવી) પછી પાતાળયંત્રથી તેલ કાઢવાથી તેલ નીકળે છે. આ તેલમાં ચારગણું તાજું તલનું તેલ મેળવી વાયુના દરદવાળાને ચોળવા આપવાથી વાયુરોગ પર સારું કામ કરે છે.

બીજી વિધિઃ-અઘેડાની રાખ શેર ૨ લઈ, એક તાંબાના વાસણમાં પાણી શેર ૫ ભરી તેમાં રાખ નાખી ચોળી ચાર દિવસ રહેવા દેવી. પછી ઉપરથી પાણી નિતારી લઈ લોઢાની કડાઈમાં સોમલ તોલો ૧ નાખી નીચે અગ્નિ કરી તેમાં સોમલ ગળી જાય ત્યાં સુધી થોડું થોડું એ પાણી નાખવું. તે મીણ જેવું થઈ જાય ત્યારે એક દાબડીમાં ભરી લેવું. તેમાંથી લઈ ગરમ કરવાથી તેલ જેવું થાય છે; એ તેલ ચોપડવાથી સંધિવાયુ મટે છે. પટ્ટી મારવાથી નામરદાઈ મટે છે. તે તેલમાં લવિંગ પકવી એક દિવસમાં એક લવિંગ બવરાવવું. એ પ્રમાણે સાત દિવસ સુધી બવરાવવાથી નામરદાઈ મટી જઈ પુરુષાતન પ્રાપ્ત થાય છે. પરંતુ પરેજી બહુ સખત પળાવવી તથા ઘી ખૂબ બવરાવવું.

સોમલનું શોધન-મારણઃ-તાંદળજાના રસમાં સોમલને દોલાયંત્રથી બે પહોર સુધી ધીમે તાપે પકાવવો. પછી તેમાં દૂધ ભરી બે પહોર ધીમે તાપે પકાવવો જેથી શુદ્ધ થાય છે. પછી બરસાણી થોરની કૂંપળોની રાખ કરી એક તોલો સોમલ હોય તો પંદર તોલા રાખ લેવી. એક કુલડીમાં અરધી રાખ ભરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોમલનો કટકો મૂકી ઉપર બીજી રાખ ખૂબ દાબીને ભરી દઈ છાણાં શેર ૩ લઇ કુલડીની આજુબાજુ ગોઠવી સળગાવવાં. જ્યારે સ્વાંગશીત થાય ત્યારે પાકી ગયેલો સોમલ પતાસાં જેવો થઇ જાય છે. આ ભસ્મ નિર્ધૂમ થાય છે.

સુવર્ણમાક્ષિકભસ્મઃ–સુવર્ણમાક્ષિક ત્રણ ભાગ, તથા સિંધવ એક ભાગ લઇ એ બંનેને વાટી લોઢાની કડાઈમાં નાખી અગ્નિ ઉપર મૂકવું તથા લીંબુનો રસ નાખવો અને હલાવવું. જ્યારે કડાયું લાલચોળ થઈ જાય, ત્યારે નીચે ઉતારી તેમાંથી સોનામુખી કાઢી લેવી. એ પ્રમાણે કરવાથી સોનામુખી શુદ્ધ થાય છે.

ભસ્મવિધિઃ–સોનામુખીને ઉપર મુજબ શુદ્ધ કરી કુલથીના ક્વાથમાં ઘૂંટી ગજપુટ આપવો. એ પ્રમાણે સાત ગજપુટ આપવાથી ઉત્તમ ભસ્મ થાય છે. તેમજ કુલથીના ક્વાથને બદલે તેલમાં અથવા છાશમાં ગજપુટ આપવાથી પણ ભસ્મ થાય છે.

ઉપર પ્રમાણેની તમામ ભસ્મો વનસ્પતિના યોગથીજ થાય છે. તે મારા હાથથી બનાવેલી જણાવેલી છે. તેનો ઉપયોગ અનુપાનની યોજના કરીને જૂજ વજને કરવાથી ઘણા રોગોમાં ફાયદો કરે છે. અનુપાન તમામ વૈદ્યો જાણતા હોવાથી જણાવ્યાં નથી. તેમજ યંત્રો વિશે પણ વૈદ્યોને માહિતી હોવાથી લંબાણથી લખ્યું નથી, માટે વૈદ્યોએ બુદ્ધિ પહોંચાડી ઉપયોગ કરવો. વળી વનસ્પતિના ગુણ પ્રમાણે ધાતુ વગેરેની ભસ્મોના ગુણમાં તફાવત પડે છે. તો જે વનસ્પતિથી ભસ્મ તૈયાર કરવામાં આવી હોય, તે વનસ્પતિના જેવોજ ગુણ તે ભસ્મમાં હોય છે તે યાદ રાખવું. અનુપાન, વજન તથા કયા કયા રોગ ઉપર આપવામાં આવે છે, તે વૈદ્યરાજો જાણતા હોવાથી લંબાણથી લખ્યું નથી.

અભ્રકભસ્મઃ–અભ્રકનાં (કાળી) બે આની જેવડાં ૧ તોલા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાં પતરાં લઇ, એક તોલા આકડાના દૂધમાં ૦ા તોલો સૂરોખાર મેળવી અભ્રક પર ચોપડી સરાવસંપુટમાં ભરી ગજપુટ આપવો. કાચા રહેલા પતરા પર એ પ્રમાણેજ બીજી એકબે આંચ આપવી. પછી બારીક વાટી ફક્ત દૂધમાં વાટી ગજપુટ આપવો. એ પ્રમાણે ૫ થી ૭ ગજપુટ આપવાથી ચમક વગરની (નિશ્ચંદ્ર) ઉભદા ભસ્મ થાય છે, ખાસ ગુણઃ-દમ, બાંસી વગેરેને મટાડે છે.

બીજી વિધિઃ-સફેદ અભ્રકના બે આની જેવડા કકડા કરી, તેટલાજ વજને સૂરોખાર અને ચાર આંગળ ડૂબતું રહે તેટલો મૂળાના કંદ તથા પાનનો રસ રેડી, ઘાડવો બંધૂરો રાખી મોઢું બંધ કરી કપડમટ્ટી કરી ગજપુટ આપવો. સ્વાંગશીત થયે કાઢી, સફેદ ચૂના જેવા કટકા જુદા કાઢી લઈ કાચા રહેલાને તેવીજ બીજી એક આંચ આપવાથી ભસ્મ થઇ જાય છે. ખાસ ગુણઃ-સૂકી બાંસી, દમ, ગરમી વાળાને તથા પ્રમેહવાળાને યોગ્ય અનુપાનમાં આપવાથી સારું કામ કરે છે.

સુવર્ણરસાયનઃ-સોનાના વરખ તોલો ૦ા, ચાંદીના વરખ તોલો ૦ા અને પીપરનાં બીજ તોલા ૮, એ સર્વને સાત દિવસ ખરલ કરી મજબૂત બૂચવાળી શીશીમાં ભરી રાખવું. આ દવાની સાધારણ માત્રા એક વાલની છે. ખાસ ગુણઃ-આ દવા મધમાં આપવાથી શરદીથી ઉત્પન્ન થતા તમામ વ્યાધિને મટાડે છે, દમ તથા બાંસીને મટાડે છે તથા શુદ્ધિ લાવવા માટે યોગ્ય અનુપાન સાથે ઉપયોગ કરવાથી બેશુદ્ધિને મટાડે છે.

રૌપ્યરસાયનઃ-ચાંદીના વરખ, વંશલોચન, ગળોસત્ત્વ નાની એલચીના દાણા અને પાઉઝર (પથ્થર) એ સર્વ સમભાગે લઈ બમણા ગુલાબજળમાં ચાર પહોર સુધી ખલમાં ખરલ કરી, મરી જેવડી ગોળી વાળી સવારસાંજ એકેક ગોળી યોગ્ય અનુપાન સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવાથી ગરમ બુખારો, શરીરની નબળાઇ તથા ધાતુક્ષયને મટાડે છે. ક્ષયના તાવ માટે દૂધીનો પુટપાકથી સ્વરસ કાઢી, તે રસના અનુપાન સાથે આ દવા આપવાથી ક્ષયના તાવને મટાડે છે.

પોલાદઃ–પોલાદના ભૂકાને ત્રિફળાના કવાથમાં દિવસે ઘૂંટી રાત્રે ગજપુટ આપવો. એ પ્રમાણે સાત ગજપુટ આપ્યા પછી પોલાદથી અષ્ટમાંશ હિંગળોક મેળવી કુંવારના ગર્ભમાં ઘૂંટી રાત્રે ગજપુટ આપવો. દિવસે ઘૂંટવું તથા રાત્રે ગજપુટ આપવો. એ પ્રમાણે સાત ગજપુટ આપવા જેથી શુદ્ધ અને અકસીર ભસ્મ થાય છે. તે સઘળા રોગો પર આપવાથી સારું કામ કરે છે.

બંગભસ્મઃ–કલાઇ તોલા ૧૦ લઇ તેના વાલ વાલ જેવડા કટકા કરી મેંદીનાં લીલાં પાન લાવી, એકેક રતલની બે રોટલી બનાવી ટાટ પર એક રોટલી મૂકી ઉપર કલાઇના કટકા પાથરી મેંદીની રોટલી મૂકી, યુક્તિથી બાંધી, એક બાડામાં અડાયાં શેર ૩ થી ૪ ગોઠવી, તે ઉપર આમલીની છાલ શેર ૨ પાથરી મેંદીવાળી પોટલી મૂકી, બીજી છાલ તથા અડાયાં ગોઠવી ઉપરથી આંચ કરવી. જ્યારે સ્વાંગશીત થાય ત્યારે સંભાળીને સફેદ ચૂના જેવી ભસ્મ કાઢી લેવી. તે સઘળા રોગો ઉપર બુદ્ધિપૂર્વક સમજીને વાપરવાથી સારું કામ કરે છે.

પારદને ષડ્‌ગુણ ગંધક જારણ કરવાની સરળ ક્રિયાઃ– જ્યારે પારદને ષડ્‌ગુણ ગંધક જારણ કરવું હોય, ત્યારે એક લોઢાની કડાઇ તથા ડંડો ખૂબ માંજીને સાફ કરવાં. પછી કડાઇને મધ્યમ અગ્નિ ઉપર મૂકી, તેમાં પારો રેડી તેમાં તેટલોજ (પારા જેટલો) ગંધક નાખી ડંડાથી રગડવું. ધુમાડો નીકળે અથવા બળતું થાય તો પણ ઘૂંટ્યા કરવું. જ્યારે ધુમાડો નીકળતો બંધ થાય ત્યારે તરતજ બીજો તેટલોજ ગંધક નાખી ઘૂંટવું. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે જેટલા ગુણગંધક જારણ કરવું હોય તેટલો ગંધક આ પ્રમાણે પચાવી શકાય છે. ગંધક જારણ કર્યા પછી ખરલમાં પારા બરાબર ગંધક નાખી કાજળી કરવી. આ કાજળી સાધારણ કાજળી કરતાં બહુજ ઉત્તમ છે, એ કાજળીની સઘળા રોગો પર યોજના કરવી. આ પ્રમાણે ગંધક જારણ કરતાં પારો ઊડી જવાની ધાસ્તી રહેતી નથી, તેમજ ધીરજથી અને સહેલાઈથી કરી શકાય છે.

રસકપૂરઃ–રસકપૂરને કડવી કુંવારના રસમાં ત્રણ દિવસ ખલ કરી સૂકવીને જાણીતી રીતિએ એનાં ફૂલ ઉડાવવાં. એ ફૂલ એક ચોખાપૂર લઇ કાળી દ્રાક્ષનો ઠળિયો કાઢી તેમાં મૂકી બંધ કરી ગળાવવી. એ પ્રમાણે સવારસાંજ આપવી. આ દવા વિસ્ફોટક વગેરે ટાંકીના વ્યાધિ પર બહુજ અકસીર છે. શુદ્ધ છે માટે કોઇ પણ પ્રકારના નુકસાનનો ભય નથી.

હિંગળોકઃ–હિંગળોક તોલો ૧ લઈ તેના નાના કટકા કરી લિલામાં તોલા ૧૦ લાવી વાટી એક કડાઈમાં અરધાં પાથરી હિંગળોક મૂકી ઉપર બીજાં લિલામાં પાથરી હલકી આંચ આપવી. જ્યારે લિલામાંનું તેલ ઝરપવા માંડે ત્યારે દિવાસળીથી સળગાવી દેવું. તે બળીને ઠંડું પડી જાય ત્યારે જાંબુડા રંગનો હિંગળોક કાઢી ખૂબ બારીક વાટી એક રતીની માત્રા આદુના રસ સાથે આપવી. એ સન્નિપાત, તાવ તથા મગજ પર થયેલી અસર ઉપર બહુજ અકસીર છે. બીજા રોગો ઉપર પણ યોગ્ય અનુપાન સાથે આપવાથી સારું કામ કરે છે.

સોમલઃ–સોમલનો ૧ તોલાનો કટકો લઇ તેને દૂધમાં દોલાયંત્રથી એક પહોર મંદાગ્નિથી પકાવવો. ત્યાર બાદ ખરલમાં નાખી વાટી તેમાં બેહદી લોંયરીંગણીનો રસ તોલા ૨૦ ખરલ કરી પચાવવો; એટલે શુદ્ધ થાય છે. ખાસ ગુણઃ–દમ, ખાંસી, શક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે માટે વૈદ્યરાજોએ તર્ક પહોંચાડી યોગ્ય માત્રાથી સઘળાં કામમાં વાપરવાથી ઘણું સારું કામ કરે છે.

હરતાલ:–વરખી હરતાલ લઈ તેનો માણેકરસ બનાવવો અને તે માણેકરસમાંથી આ પ્રમાણે ગોળીઓ બનાવવી. માણેકરસ, અક્કલગરો, લવિંગ, સૂંઠ, પીપર, પીપરીમૂળ અને નાની એલચીના દાણા એ સર્વ સમભાગે લઈ માણેકરસ સિવાયની સર્વ વસ્તુઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, માણેકરસને બે પહોર સુધી બરલમાં વાટી ચૂર્ણ મેળવી ત્રણ દિવસ સુધી કુંવારના રસમાં ઘૂંટી ચણા જેવડી ગોળી વાળી આપવાથી ખાસ કરીને વાતકફના વ્યાધિઓ, શરદી, ખાંસી તથા દમ માટે ઘણીજ ઉત્તમ છે. દમનો હુમલો નરમ પડ્યા પછી દરરોજ રાત્રે એક ગોળી સેવે તો જૂનો દમ મટી જાય છે અને શરીરમાં શક્તિ પણ સારી આવે છે. આ માણેકરસ હરતાલની જગ્યાએ દરેક કામમાં વપરાય છે.

પ્રવાલભસ્મ:–ચોધારા ડાંડલિયા થોરના ડાંડામાંથી વચમાંનો ગર કાઢી નાખી વેંતભરના ડાંડામાં આશરે એક તોલો પરવાળાં અને ગર દાબીને ભરી કપડમટ્ટી કરવી. એવા પાંચ–પંદર ડાંડા બનાવી ગજપુટમાં ફૂંકી દેવાથી ભસ્મ થાય છે. આ પ્રમાણે તૈયાર કરેલી ભસ્મ શરદી, બીમારી, દમ તથા ખાંસી માટે અકસીર છે. ઉપરાંત ગરમીની બીમારી પર વાપરવા માટે પ્રવાલ તોલા ૧૦, ગુલાબનાં ફૂલની પાંતરીમાં વાટી ગજપુટમાં ભસ્મ કરવી. આ પ્રમાણે તૈયાર કરેલી ભસ્મ ગરમીની બીમારી માટે ઘણીજ અકસીર માલૂમ પડી છે.

સાબરશિંગું:–સાબરશિંગાનો રેતરડીથી બારીક ભૂકો કરી એક વાસણમાં ભરી તેમાં આકડાનું દૂધ સાબરશિંગું ડૂબતાં બે આંગળ રહે તેટલું નાખી એક દિવસ તર રાખવું. પછી બીજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસે ગજપુટ આપવો. આ ભસ્મ ચાર રતી દિવસમાં ત્રણથી ચાર વખત મધમાં આપવાથી ત્રિદોષ, ફેફસાંનો વરમ, ખાંસી, દમ, લોહી પડવું વગેરે માટે અકસીર છે. ઇન્ફ્લ્યુએન્ઝાના હુમલા વખતે અમે બહુ ફતેહમંદીથી વાપર્યું છે.

બીજી વિધિઃ-કડવી કુંવારના ગર્ભમાં સાબરશિંગાના કટકા એક દિવસ ભીંજવી રાખી બીજે દિવસે ગજપુટ આપવો. આ ભસ્મ પણ અકસીર છે. યોગ્ય અનુપાન સાથે આપવાથી સારું કામ કરે છે.

ઝેરકચૂરાઃ-ઝેરકચૂરાને માટે ઘણી તદબીર છે, પરંતુ તે તમામ પૈકી આને હું શ્રેષ્ઠ માનું છું. ઝેરકચૂરાની બરાબર વજને ગાયનું ઘી લઈ સાંકડા વાસણમાં ધીમે તાપે પકાવતાં જ્યારે ફૂલીને કાળાશ પડતા લાલ રંગના થાય, ત્યારે અગ્નિ પરથી નીચે ઉતારી છાલ કાઢી નાખી વાટી વસ્ત્રગાળ કરી સઘળાં કામમાં વાપરવા. ઘી બરાબર વજને લેવું એ એની ચાવી છે.

—વૈદ્ય ધનજીશાહ હાથીખાનાવાળા-સુરત

ઉત્તમ પ્રકારની સોમલભસ્મની વિધિઃ-શંખિયો સોમલ તોલા ૫ થી ૧૦ લાવીને આકડાના એક શેર દૂધમાં ડૂબે તેવી રીતે દશબાર દિવસ પલાળી રાખવો. ત્યાર બાદ સોમલ કાઢી બીજા આકડાના દૂધમાં બરલ કરી તેનો ગોળો બનાવી છાંયડામાં સૂકવવો. પછી બરસાણીની ડીરીઓ લાવી તેની પાંચ શેર રાબોડી બનાવી, એક હાંડલીમાં અરધી રાબોડી ખૂબ દાબી દાબીને ભરી, ગોળો મૂકી બીજી રાબોડી ખૂબ દાબી દાબીને ભરવી. પછી તે હાંડલીને ચૂલે ચડાવી મધુરો મધુરો તાપ આપ્યા કરવો. આશરે શેરબશેર ખીચડી ચડે તેવો તાપ આપવો. પછીથી ધીમે ધીમે તાપ વધારવો. એ પ્રમાણે આઠ અહોરાત્ર સુધી આંચ આપ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવી. ત્યાર બાદ સ્વાંગશીત કરી સોમલ કાઢી લેવો. (આજુ-બાજુનો રાબોડો પણ કામમાં આવશે) આશરે એક ચોખાપૂર ભસ્મ મોટા માણસને ઘી સાથે આપવી. પરેજીમાં "કચ્ચા" ઉપર જે નામ આવે તે ખાવું નહિ. જેમકે કરમદાં, કારેલાં, કેરી, કોકમ, કઢી વગેરે ખાવું નહિ. પથ્યમાં દૂધ, દહી, ઘી, મોળી છાશ, શિખંડ, સાકર, ખાંડ વગેરે ખવાય છે. બુદ્ધિપૂર્વક ઘણાખરા રોગોમાં આપી શકાય છે.

—વૈદ્ય પ્રાણશંકર–સમની

પ્રવાલભસ્મ:–પરવાળાંને આકડાના દૂધમાં સાત દિવસ પલાળી સરાવસંપુટમાં ભરી ગજપુટ આપવો. પછી વાટી રામ-પાત્રમાં ભરી તેમાં લીંબુનો રસ નાખી સૂર્યના તડકામાં રાખી સુકાય ત્યારે ખરલમાં બારીક વાટી ૨ તોલા ભસ્મમાં કેશર તોલો ૦॥ મેળવી ૨ વાલ માત્રા મધ સાથે આપવાથી શ્વાસ, દમ તથા અશક્તિ મટે છે, લોહી સુધરે છે. દવા ખાઈ ઉપરથી દૂધ શેર એક અથવા પચે તેટલું પીવું.

—વૈદ્ય બાળકૃષ્ણ હરિકૃષ્ણ શાસ્ત્રી–ભુવાલડી

તામ્રભસ્મ:–એક અધોળ તાંબાને શુદ્ધ કરી વનગોભીની લૂગદીમાં મૂકી સંપુટમાં ભરી કેરડાના લાકડામાં ફૂંકી દેવું. પછી કેરડાની ફૂણી ફૂંપળોની લૂગદીમાં મૂકી સંપુટમાં મૂકી કપડ-મટ્ટી કરી સૂકવી ગજપુટ આપવાથી ભસ્મ થાય છે. એ ભસ્મ એક ચોખાપૂર અનેક રોગ પર જુદા જુદા અનુપાનમાં આપવાથી ઘણુંજ સારું કામ કરે છે.

પારદભસ્મ:–પારદ એક અધોળ લઇ કુંવારના રસમાં, થોરના રસમાં તથા લીંબુના રસમાં એકેક દિવસ ઘૂંટવો. પછી તે શુદ્ધ પારાને દુધેલીના રસમાં મર્દન કરી એક કુલડીમાં ભરી, મોઢા સુધી દુધેલીનો રસ ભરી ત્રણ દિવસ સુધી દેવાની ભરસાડમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખી મૂકવું. (ભરસાડ પર હંમેશ અંગારા નાખવા) પછી તે પારદ લઇ ગુલ્લરના દૂધમાં ગોળી કરી હિંગની એક મુસ બનાવી તેમાં પારદની ગોળી મૂકી કપડમટ્ટી કરી સૂકવી એક ખાડો ખોદી, તેમાં વચ્ચે નાનો ખાડો કરી મૂસ મૂકી ઉપર વાલુકા પાથરી નાનો ખાડો પૂરી, મોટા ખાડામાં ડાંગરનાં ફોતરાં નાખી સળગાવવો. જ્યારે સ્વાંગશીત થાય ત્યારે ભસ્મ કાઢી અડધી રતી ચોગ્ય અનુપાન સાથે આપવાથી તમામ રોગોનો નાશ કરે છે.

સોમલપ્રયોગઃ-સોમલને ત્રણ દિવસ આકડાના દૂધમાં, એક દિવસ દુધેલીના રસમાં, એક દિવસ કેળના રસમાં, એક દિવસ તાંદળજાના રસમાં અને એક દિવસ લીંબુના રસમાં ખરલ કરી ચોગ્ય અનુપાન સાથે એક એક ચોખાપૂર આપવો. ઉપરથી સાકરનો શીરો ખાવો.

હિંગુલપ્રયોગઃ-રુમી હિંગળોકનો અધોળનો ગાંગડો લઈ ૨ વીંટી એક લોઢાની કડાઇમાં મૂકી સરસિયું તેલ શેર ૦॥ નાખી નીચે ધીમો તાપ કરવો. જ્યારે અધોળને આશરે તેલ બાકી રહે ત્યારે ગાંગડો કાઢી ૨ કાઢી નાખી ત્રણ દિવસ ગાયના દૂધમાં ખરલ કરવો. પછી સાત દિવસ સુધી દરરોજ અડધો શેર ડુંગળીનો રસ નાખી ઘૂંટ્યા કરવું. ત્રણ દિવસ સુધી દરરોજ અડધો શેર લસણના રસમાં ઘૂંટવું. પછી ત્રણ દિવસ લીંબુના રસમાં વાટી એક ચોખાપૂરથી એક રતી સુધી તમામ રોગો પર અનુપાનની યોજના કરી આપવો.

લોહભસ્મઃ-પોલાદનાં પતરાંને ગરમ કરી તેલ વગેરેમાં શુદ્ધ કરી રેતરડીથી બારીક ભૂકો કરી ચણોઠીનાં પાનના રસમાં ડૂબતો રાખી ખલ કરવો. પછી જાંબુનો રસ નાખી ખલ કરવો. એ પ્રમાણે પાંચ પાંચ સાત સાત દિવસ કરવાથી અત્યુત્તમ ભસ્મ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તામ્રભસ્મઃ–તાંબાને નગોડના રસમાં છમકારવાથી શુદ્ધ થાય છે. પછી તેનો ભૂકો કરાવી ગળજીભીના રસની ભાવના આપી ગજપુટ આપવો. પછી કેરડાની કૂંપળોના રસની સાત ભાવના આપી, એજ કૂંપળોની લૂગદી કરી તેમાં ભસ્મ નાખી ભાખરી બનાવવી. ત્યાર બાદ કેરાંને વાટી કલ્ક કરી એક રામપાત્રમાં અડધો કલ્ક પાથરી કૂંપળોની લૂગદી કરી મૂકી, તેની ઉપર ભસ્મવાળી ભાખરી મૂકી કૂંપળોની લૂગદી મૂકી, તેની ઉપર કેરાંનો કલ્ક મૂકી બીજું રામપાત્ર ઢાંકી કપડમટ્ટી કરી ગજપુટ આપવો, જેથી સફેદ અત્યુત્તમ ભસ્મ થાય છે. એ ભસ્મ પિત્ત પર સાકર તથા માખણ સાથે, વાતરોગ પર ગૂગળ સાથે, કફવાત પર મધ–પીપર સાથે, ગુલ્મ પર હિંગ સાથે, અર્શરોગ પર સૂરણના રસ સાથે, સંગ્રહણી તથા પ્રમેહ પર ગળોસત્ત્વ સાથે, અજમો, સાકર, મધ સાથે અથવા મધ, સાકર અને ઘી સાથે આપવાથી પુષ્ટિ આપે છે.

હરતાલભસ્મઃ–વરખી હરતાલનો ગાંગડો લઈ કળીચૂનાના પાણીમાં ત્રણ દિવસ બૂડતો રાખી ચોથે દિવસે બહાર કાઢી ધોઈ ઇન્દ્રવરણાંનાં ફળમાં મૂકી ચારપાંચ કપડમટ્ટી કરી સૂકવી સવાશેર અડાયાંમાં ફૂંકી દેવું. એ પ્રમાણે એકવીસ ઇન્દ્રવરણાંમાં ફૂંકવાથી શુદ્ધ ભસ્મ થાય છે.

અભ્રકભસ્મઃ–વજ્રાભ્રક લઈ તેને શુદ્ધ કરી ધાન્યાભ્રક કરવી. પછી મહુડાના શીરામાં ગજપુટ આપવો. ગોમૂત્રમાં ત્રણ ગજપુટ તથા ડુંગળીમાં, હડસાંકળમાં, થોરના દૂધમાં, પંચામૃતમાં, મૂળાના રસમાં, આકડાના દૂધમાં અને આવળના રસમાં એ દરેકમાં ઘૂંટી અકેક ગજપુટ આપવાથી ઉત્તમ ભસ્મ થાય છે.

રૌપ્યભસ્મઃ–ઝીણી દુધેલીનાં પાન લાવી છાંયડે સૂકવી ચૂર્ણ કરી, એક છાણા પર પાથરી શુદ્ધ ચાંદીનાં કંટકવેધી પતરાં ગોઠવી ઉપર બીજું ચૂર્ણ પાથરી છાણાં મૂકી ફૂંકી દેવાથી ભસ્મ થાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંગભસ્મઃ-કલાઇને શુદ્ધ કરી તેના પતરાં કરી મેંદી અને કેસૂડાનાં પાન શેર એક લઇ ચૂર્ણ કરી, એક મોટા છાણા પર પાથરી ઉપર કલાઇનાં પતરાં ગોઠવી બીજું ચૂર્ણ પાથરી, તેની ઉપર એક છાણું ઢાંકી ફૂંકી દેવાથી ભસ્મ થાય છે.

—વૈદ્ય દયાશંકર મોરારજી-કળિયાળા

બગીચાભસ્મઃ-બગીચામાં શોભાને માટે જે ચીપા વપરાય છે તે લાવીને ખાંડીને તેનો એક શેર ભૂકો થયો હોય, તેમાં ત્રણ શેર કુંવારનો રસ નાખી એક માટલીની અંદર ભરી કપડમટ્ટી કરી સુકાવા દેવું. સુકાયા પછી ગજપુટની આંચ આપવી. એ ગજપુટના ખાડામાં પ્રથમ એક મણ લાકડાં ગોઠવવાં. તે ઉપર પેલી માટલી મૂકી પછી છાણાં ભરી અગ્નિ સળગાવવો. એમાંથી જે ભસ્મ નીકળે તે વાયુના દરદીને આદુના રસમાં આપવી, ખાંસીવાળાને પાનના રસમાં આપવી અને પેટમાં દુખતું હોય તેને લીંબુના રસમાં આપવી. કોલેરાવાળાને લીંબુનો રસ અને મૂળાના પાનના રસ સાથે આપવાથી ઘણો સારો ફાયદો કરે છે.

—સાધુ ગંગાદાસજી સેવાદાસજી-સુરત

૨૧-રસવિદ્યા-વિજ્ઞાન

हरिवीर्यं हरितालं लक्ष्मीवीर्यं मनःशीला ।
गंधकं तव वीर्यं च मम वीर्यं च पारदः ॥

રસ, પારદ, રસેન્દ્રઃ-સૃષ્ટિની ઉત્પત્તિથી સૂર્ય પિતારૂપે અને ચંદ્ર માતારૂપે પ્રાણીમાત્રને પોષે છે. જો એક ઘડી સૂર્ય પૃથ્વી ઉપર પોતાનાં કિરણો ફેંકે નહિ, તો પૃથ્વીના અનંત જીવોનો નાશ થાય. એવી ગણતરી કરવામાં આવી છે કે, ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે સૂર્યના પ્રકાશિત કિરણ વિના ઘણી જાતનાં પક્ષીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા ભૂચરજીવો મરણ પામે છે. જો કે તેમાં સૂર્ય કંકણાકારે ઘેરાય છે, કારણ કે સૂર્યના કરતાં પૃથ્વી ઘણી નાની હોવાથી પૃથ્વીની છાયા સૂર્યને સંપૂર્ણ આચ્છાદિત કરી શકતી નથી. આથી ખગ્રાસ એટલે આખો સૂર્ય ઘેરાયો હોય તો પણ તેની ફરતી કોર ઉઘાડી રહે છે અને તેથીજ બળવાન પ્રાણીઓ બચી જાય છે. એટલે સૂર્ય જેમ વીર્યપોષક છે તેમ ચન્દ્ર રજપોષક છે. એટલે મનુષ્યને અમાવાસ્યાની રાત્રી ચંદ્ર વિના પસાર કરવાથી નુકસાન થતું નથી, પણ જો એક દિવસ સૂર્ય વિના ચલાવવું પડે, તો આખી સૃષ્ટિનાં પ્રાણીઓનો નાશ થાય. એ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે જગતની ઉત્પત્તિથી તે અંત સુધી સૂર્ય અને ચન્દ્ર પ્રાણીમાત્રના જીવન માટે નિર્માણ થયેલા છે. પરંતુ સૂર્ય અને ચન્દ્રના સામાન્ય પોષણમાં ઋતુઓના હીન અને મિથ્યા-યોગથી મનુષ્યપ્રકૃતિમાં જે ફેરફારો થાય છે, તેનું નિવારણ સામાન્ય સૂર્ય અને ચંદ્રનો પ્રકાશ કરી શકતો નથી. એટલા માટે સૂર્યનું વીર્ય (તેજ) અને ચંદ્રના રજ (શીતળતા) ને યોગે ઈશ્વરી સૃષ્ટિમાં તેના સંગ્રહરૂપે પારો અને ગંધક એવા બે પદાર્થો ઉત્પન્ન થયેલા છે. જેમ શિવ (પુરુષ) પાર્વતી (શક્તિ) વિના રહી શકતો નથી તેમ પુરુષ (શિવ) વિના શક્તિને રહેવાનું સ્થળ નથી. એજ રીતે પારો ગંધક વિના કાર્ય કરી શકતો નથી અને ગંધક પારા વિના નકામો છે. એટલે મનુષ્યપ્રાણીના ત્રિગુણાત્મક શરીરમાં ષડ્રસાત્મક આહારથી અને સપ્ત રશ્મિરૂપ પ્રકાશથી જે ફેરફાર થાય છે, તેને સમાનભાવે વર્તાવવાને પારો અને ગંધક સિવાય બીજા કોઇ બળવાન પદાર્થ જણાતા નથી. રસાયનશાસ્ત્ર પારા તથા ગંધકને નૈસર્ગિક ગુણવાળા ગણે છે. એટલે જેમ લાકડું બળીને કોલસો થયા પછી, પથ્થર બળીને ચૂનો થયા પછી અને બીજી ધાતુઓ બળીને ભસ્મ થયા પછી પાછી પોતાના સ્વરૂપમાં એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાકડું, પથ્થર કે ધાતુ બની શકતી નથી. તેમ પારા અને ગંધકને માટે નથી; પણ પારા અને ગંધકને બાળીને ધુમાડાના રૂપમાં ફેરવી નાખ્યો હોય તો પણ તે ધુમાડાને જો એકઠો કર્યો હોય, તો પારો અને ગંધક પોતાના અસલ રૂપમાં પ્રગટ થાય છે. એટલા માટે અમારા આયુર્વેદે પારાને મૂર્છિત-અવસ્થામાં લાવીને તેને વાપરવાનો ક્રમ સિદ્ધ કર્યો છે. પારાને ગમે તે વસ્તુ સાથે વાટવામાં આવે તો પણ તે વસ્તુ સાથે પારો લીન થતો નથી, પરંતુ જો ગંધક સાથે વાટવામાં આવે તો પારો અને ગંધક પોતાના સ્વરૂપને બદલી બેઉ જણ પોતાનાં રૂપ, રંગ છોડી કાળા રંગમાં એટલે આકાશતત્ત્વમાં (પોતાના સ્વભાવને કાયમ રાખી) લીન થઇ જાય છે અને પાછો કોઇ પણ યુક્તિથી તે માંહેલો ગંધક છૂટો પાડવામાં આવે તો પારો પોતાના મૂળ રૂપમાં પ્રકાશિત થાય છે. એટલા માટે પારા અને ગંધકને નૈસર્ગિક એટલે કોઇ પણ અવસ્થામાં પોતાના સ્વરૂપનો ત્યાગ ન કરે તેવા પદાર્થો માનેલા છે. અને તેથીજ રસશાસ્ત્રના જ્ઞાતાઓએ પારાને શંકરનું વીર્ય અને ગંધકને પાર્વતીનું વીર્ય (રજ) માનેલું છે. અને તે વીર્ય તથા રજને અત્યંત શ્રેષ્ઠપણું આપી, જેટલી મર્યાદા શંકર અને પાર્વતીની રાખવામાં આવે છે, તેટલીજ મર્યાદા પારા અને ગંધકને માટે પણ મનેલી છે. અને તેથી રસશાસ્ત્રના ગ્રંથોમાં પારાના દર્શનનું, સ્પર્શનનું, મૂર્છનનું અને ઉત્થાપનનું (હાલના જમાનાની આંખે) અતિષયોક્તિ ભરેલું વર્ણન કરવામાં આવ્યું છે. અને રસવિદ્યા મૂર્ખોના હાથમાં ન જાય તથા વિદ્વાનો અને ધનવાનોજ માત્ર જગતના ઉપકારને માટે રસવિદ્યામાં પ્રવેશ કરી શકે, એટલા માટે રસશાળામાં જોઇતા પદાર્થો, રસશાળાને ચલાવનાર ઉત્તમ ગુણવાળા વૈદ્યો, રસશાળાને નિભાવનારા ઉદરચરિત ધનવાનો તથા શુદ્ધ, સરળ, શાંત, દક્ષ અને ઉદ્યોગી પરિચારકોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યેાજના ઘડી રસશાળાનું વર્ણન કરવામાં આવ્યું છે, કે જેથી પારાનેા ગેરઉપયેાગ થાય નહિ. પરંતુ જે કાળમાં એ વર્ણન લખાયું તે કાળને માટે ભલે તે બંધબેસતું હેાય, કેમકે તે સમયમાં પારેા અને ગંધક એ બેઉ બહુ દુર્લભ, અપ્રાપ્ય અને અપરિચિત વસ્તુએા ગણાતી હતી; પણ હાલના જમાનામાં જ્યારે જ્યારે જેટલા પ્રમાણમાં જોઇએ ત્યારે તેટલા તેટલા પ્રમાણમાં તે મળી શકે છે. આમ હેાવા છતાં હાલના વૈદ્યરાજો તેનેા ખરેા લાભ મેળવી શકતા નથી એ ઘણુંજ દિલગીરી ભરેલું છે.

આયુર્વેદના ઉપલબ્ધ ગ્રંથેા તપાસતાં અમને એમ સમજાયું છે કે, આયુર્વેદમાં ઋષિપ્રણીત અને સિદ્ધ (યેાગી) પ્રણીત એમ બે જાતની ચિકિત્સાએા છે. **ઋષિપ્રણીત** ચિકિત્સામાં રેાગ, રેાગનું પૂર્વરૂપ, તેની સંપ્રાપ્તિ, લક્ષણ, ઉપશય, દેશ, કાળ, વય અને વહનિનેા વિચાર કરી, રેાગીને આરેાગ્ય આપવા માટે પાંચ કર્મનેા નિશ્ચય કરી, ચિકિત્સા નિર્માણ કરેલી છે. જ્યારે **સિદ્ધપ્રણીત** ચિકિત્સામાં ઉપરની તમામ ખટપટને દૂર કરી, સિદ્ધોએ ઉપદેશેલા રસેા વાપરવાથી ઋષિવિદ્યાથી નહિ મટતા અને અસાધ્ય ગણાતા રેાગેાને દૂર કરી, અજરામર પદ પ્રાપ્ત કરવા સુધીનેા વિધિ લખવામાં આવ્યેા છે. ભૈષજ્યરત્નાવલિના કર્તા લખે છે કેઃ–

न दोषाणां न रोगाणां न पुंसां च परीक्षणम् ।
न देशस्य न कालस्य कार्य्यं रस चिकित्सिते ॥

ઉપરનાં વચનથી રસ (પારા) માં કેટલું બળ રહેલું છે તે આપણને સમજાય છે. પરંતુ શ્રીશંકર જેમ ભક્તોને જેવા રૂપમાં અને જેટલા પ્રમાણમાં ભક્તિ કરનાર હેાય છે, તેને તેવા રૂપમાં અને તેટલા પ્રમાણમાં ફળ આપે છે; તેમ પારદ પણ જેટલા પ્રમાણમાં અને જેવા રૂપમાં મનુષ્ય તેની ભક્તિ એટલે સેવા ઉઠાવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તેટલા પ્રમાણમાં તેને તે ફળ આપે છે. ભક્તરાજ તુલસી-દાસજીએ કહ્યું છે કેઃ-

રામ ઝરૂખે બેઠ કે, સબ કા મુજરા લેત,
જૈસી જિનકી ચાકરી, વૈસા ઉનકુ દેત.

આ ભક્તરાજનું માર્મિક વચન આપણા વિષયને સંપૂર્ણ બંધબેસતું છે. પરંતુ જેમ કેટલાક લોકો પોતાને મોઢે 'ભક્તિ' 'ભક્તિ' ની બૂમ પાડે, પણ અંતઃકરણમાં જ્ઞાનશુદ્ધિનો લેશ પણ સ્પર્શ થવા દે નહિ, તેને માત્ર વેશ કાઢ્યા બદલ ખાવા જેટલું અન્ન મળે છે, પણ મોક્ષનું નૈસર્ગિક સુખ મળતું નથી. તેમ પારદને વાપરવાના પ્રયોગો વાંચીને બજારમાંથી દશ દોષ અને સમ-કંચુકીયુક્ત પારદને લાવીને ગંધક સાથે વાટીને તેને મૂર્છિત કરીને ખવાડનારા વૈદ્યરાજો, ઉપર કહ્યા પ્રમાણે માત્ર મોઢાની ભક્તિ કરવાવાળા જેવાજ છે. પણ જે રસવૈદ્યો રસને લાવીને તેને આઠ સંસ્કાર આપી, તેમાંથી મિશ્રિત વસ્તુનો ત્યાગ કરીને માત્ર રસનેજ રહેવા દઈને તેનું મૂર્છન કરી વાપરે છે, તેઓ જેમ યોગીઓ શારીરિક અને માનસિક વિકારોને દૂર કરી, આત્માને શુદ્ધ બનાવી મુક્તિનો લાભ મેળવે છે, તેમ પારદને વિકારરહિત કરવાથી તે પારદ અસાધ્ય રોગના આવરણમાંથી શુદ્ધ કરી મનુષ્યને નિરામય બનાવી, અજરામર-પદને આપે છે.

આયુર્વેદના સિદ્ધસિદ્ધાંત પ્રમાણે જો પારદને શુદ્ધ કરવામાં આવે, તો પારદ અસંભવિત વાતને સંભવિત કરી બતાવે એવું અમારા ધ્યાનમાં અને વાંચવામાં આવ્યા પછી, અમે બીજાઓની પેઠે અનુભવ મેળવ્યા સિવાય શાસ્ત્રમાં લખેલી ગમે તેવી પ્રક્રિયાને અસંભવિત છે, ખોટી છે, ગપ મારેલી છે, વિજ્ઞાનથી વિરુદ્ધ છે, એમ માનનાર નહિ હોવાથી, જ્યાં સુધી શાસ્ત્રમાં લખેલી પ્રક્રિયા પ્રમાણે તેના ઉપર પરિશ્રમ કરી વસ્તુને તૈયાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી અનુભવ લીધા પછી, તેમાં લખેલા ફળ પ્રમાણે ફળ ન થાય પણ તેથી ઓછે ભાગે ફળ જણાય, તો તે ગ્રંથકર્તાનો દોષ નહિ કાઢતાં, અમારી ક્રિયામાં કોઇ જાતની ખામી છે એમ માનનારા હોવાથી, અમને દેશ ને કાળ અનુસાર જે સાહિત્ય મળી આવ્યું, તે સાહિત્ય પ્રમાણે અમે પ્રથમ રસશાસ્ત્રના–રસરત્ન સમુચ્ચય, રસરત્નાકર, રસેન્દ્ર ચિન્તામણિ, રસચિન્તામણિ, રસરાજસુંદર, રસસારસંગ્રહ, રસસંકેતકલિકા, રસહૃદયતંત્ર, આયુર્વેદ સુધાકર, શારંગધર, ભાવપ્રકાશ, આદિ રસવિદ્યાના ગ્રંથોનું અવલોકન કર્યું અને તેની સાથે શ્રીમાન નૃસિંહાચાર્ય તરફથી પ્રકટ થયેલી યોગિની કુમારીની વાર્તામાં ગૂંથાયલું રસસિદ્ધિશાસ્ત્ર વાંચ્યું. એ વાંચવાથી એકંદરે એવા નિશ્ચય પર આવવું પડ્યું કે તમામ રસશાસ્ત્રોના ગ્રંથોમાં પારદને સમકંચુકી અને દશ દોષમુક્ત કરી, આઠ સંસ્કાર આપી બુભુક્ષિત કરવા સુધીની વૈદ્યોને આજ્ઞા છે અને તે પછીના દશ સંસ્કાર કરવાનો અધિકાર સિદ્ધો તથા યોગીઓને છે. એટલું જ નહિ પણ રસસિદ્ધિશાસ્ત્રમાંથી એક ઉપદેશ એવો લેવામાં આવ્યો કે, આ વિદ્યા સિદ્ધ લોકોની શોધેલી છે અને તે માત્ર જગતના ઉપકારને માટે પ્રકટ કરવામાં આવેલી છે; માટે વૈદ્યોએ પારદની ઉપાસના કરવાનું આરંભ કરતાં પહેલાં પોતાના અંતઃકરણમાં સંકલ્પ કરવો કે, 'આ પારદને હું જે સંસ્કારિત કરું છું, તે મારે માટે ધન એકઠું કરવાને કરતો નથી, પણ માત્ર જગતના ઉપકારને માટે આ કાર્યમાં પ્રવૃત્ત થાઉં છું.' એવો નિશ્ચય કરીને પારદના કામમાં પ્રવેશ કરશો, તો સિદ્ધ–મહાત્માઓ તરફથી વખતોવખત ગુપ્ત સૂચનાઓ મળશે, જેથી ગુરુપરંપરાની જરૂર રહેશે નહિ. એવું જાણ્યા પછી પારદને સંસ્કારિત કરવા માટેનાં શાસ્ત્રોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી, એકબીજાના પાઠો મેળવી જોતાં જણાયું કે, પુસ્તકો જુદાં જુદાં છે પણ ક્રિયાઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ ફેર દેખાતો નથી. તેથી પ્રથમ અમે રસરત્ન સમુચ્ચયમાં કહ્યા પ્રમાણે બુભુક્ષિત પારદ બનાવવા માટે તેને આઠ સંસ્કાર આપવાનો આરંભ કર્યો. તેની સંપૂર્ણ વિધિ અને તેમાં પ્રકટ થયેલું ફળ આ નિબંધમાળાના ક્ષયના નિબંધમાં લખવામાં આવ્યું છે. જો કે બુભુક્ષિત પારદને ષડ્‌ગુણગંધક સાથે જારણ કરી **ચંદ્રોદય** બનાવવામાં આવ્યો હતો, તો પણ તેમાં કેટલીક ખામી રહી જવાથી ચંદ્રોદય **વળી અને પળી** નાશ કરશે એવી સિદ્ધિવાળો છે એમ જાણવામાં હતું, છતાં તેણે શરીરની ઘડપણની કરચલી (વળી) ને દૂર કરી, પણ પળી (સફેદ બાલ) ઉપર જોઈતી અસર કરી નહિ, તેથી બીજી વાર ચંદ્રોદય બનાવવા માટે શારંગધરસંહિતામાં લખેલી ક્રિયાઓ પ્રમાણે પારદને વિષરહિત ક્રિયાથી બુભુક્ષિત બનાવ્યો અને તેને સુવર્ણનો ગ્રાસ આપ્યો. તે પછી હાલ તેના ઉપર શત (૧૦૦) ગુણ ગંધક જારણ કરવાનું કામ ચાલે છે. તેને માટે અમારી તો ખાતરી છે કે, ચંદ્રોદય વળી અને પળીને દૂર કરી જગતને આશીર્વાદરૂપ થશે. દરમ્યાન બનારસનિવાસી લાલા શ્યામસુંદરાચાર્યના બનાવેલા **રસાયનસાર** નામના ગ્રંથમાંથી **મલ્લસિંદૂર, તાલસિંદૂર, શિલાસિંદૂર, રસસિંદૂર** વગેરે બનાવવાનું મન થવાથી પારદને શુદ્ધ કરવા માટે શ્યામસુંદરાચાર્યની રીતિ નહિ પકડતાં અમે **રસરત્નાકર**માં લખેલી તપ્ત ખરલની વિધિ કે જેનાથી સ્વેદન, મર્દન અને મુખકરણ (દીપન) સંસ્કાર થઈ પારો બુભુક્ષિત થાય છે, તે ક્રિયા પ્રમાણે પારાને શુદ્ધ કરી તેને ષડ્‌ગુણ ગંધક જારણ કરી, ઉપર લખેલાં સિંદૂરો બનાવ્યાં છે અને તે રોગીઓ ઉપર અસરકારક ગુણ બતાવનારાં નીવડ્યાં છે. આનો લાભ અમારા વૈદ્યબંધુઓ જાતે બનાવી જગતના ઉપકાર માટે લોભરહિત થઈ યશ અને કીર્તિ મેળવે એવા હેતુથી તે શુદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની વિધિ અને સિંદૂરો બનાવવાની વિધિ તથા તે બવડાવવાની રીત સાથે પ્રકટ કરીએ છીએ. આથી વૈદ્યો **પોતાને હાથે બનાવી ઉપયોગમાં લે.** કારણ કે અમારો બનાવેલો ચંદ્રોદય અથવા સિંદૂરો અમે કોઇને પણ કોઇ પણ ભાવે વેચતા નથી. માત્ર વૈદ્યોએ પોતાને હાથે બનાવીને વાપરવાં એવી સિદ્ધ આજ્ઞા કરીને તેને બનાવવાની વિધિ નીચે લખીએ છીએ:—

૧. રસરત્નાકરમાં લખ્યા પ્રમાણે તપ્ત બરલની વિધિમાં ઊતરતાં પહેલાં ૨૪ ઇંચ લાંબો, ૯ ઇંચ પહોળો અને ૮ ઇંચ ઊંડો એક લાકડાનો બલનો માપ અને ઘાટ કરાવ્યો અને તે ઘાટ પ્રમાણે ખીર લોખંડનો બલ ભરાવ્યો. તેવી રીતે એક બત્તો ૧૪ ઇંચ લાંબો અને ૨ ઇંચ જાડો બનાવ્યો. તે બેઉનું વજન સુરતી ટા મણ થયું. તે બલને તાપ ઉપર મૂકવા માટે ફાયર-પ્રૂફ ઇંટની, એક ભઠ્ઠી ફાયરપ્રૂફ સિમેન્ટથી એવી ચણાવી કે, તેમાં બલની નીચે અગ્નિ રહે અને તે અગ્નિ એક લોખંડની જાળી ઉપર રહે. હવે તે જાળીની સાથે એક એવું છિદ્ર રાખ્યું કે, જે દ્વારા પંખાની ધમણથી પવન ફૂંકી દેવતા સચેત રખાય અને રાખોડી નીચે પડતી જાય. એવી ભઠ્ઠીના બાડામાં લાકડાં સળગાવી, દેવતા બનાવી તે ઉપર તપ્ત બરલ ગોઠવી, હિંગળોકમાંથી કાઢેલો પારો તોલા ૨૦૦ નાખી, પ્રથમ ઇંટનો ભૂકો, હળદર અને લીંબુનો રસ મેળવી એક દિવસ બલ કર્યો અને બીજે દિવસે ઘોઇ લીધો. પણ લોખંડનો બત્તો જેનું વજન ૧૪ રતલનું થવાથી તે ખેંચી શકાયો નહિ, તેથી તે બત્તાના છેડા ઉપર કાણું પડાવી તેમાં કડી ઘાલી, તે કડીમાં સાંકળ જોડી તે સાંકળને ઊંચી બાંધી. આથી બત્તાને માત્ર હાથનો ઇશારો લાગવાથી ઘૂંટવાની સગવડ થઇ. આ પારદશુદ્ધિના તપ્ત બરલના વિધિમાં એટલું યાદ રાખવાનું છે, કે જે જે વનસ્પતિમાં પારદને ઘૂંટવાનો પ્રયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેલો છે, પણ તપ્ત ખરલમાં તાપના યોગથી તે તે વનસ્પતિનો રસ સુકાઇ જાય, તે પછી તેની સાથે કુંવારપાઠાનો રસ કાઢી પારદને ડૂબતો રાખી ખરલને તપ્ત રાખી ઘૂંટ્યા કરવું અને જેટલો રસ બળી જાય તેટલો કુંવારપાઠાનો બીજો રસ ઉમેરતા જવું. (૨) બીજે દિવસે ૨૦૦ તોલા પારદ ખરલમાં નાખી તેને ૧૬ મે ભાગે એટલે આશરે ૧૩ તોલા અંકોલનાં બીજ અને ઇંદ્રવરણાંનાં ફળના છૂંદામાં કુંવારનો રસ મેળવી સવારના ૮ વાગતાંથી સાંજના ૬ વાગતાં સુધી એવી રીતે સાત દિવસ મર્દન કર્યું. આઠમે દિવસે ખરલને ઠંડો પાડી પારદને ગરમ પાણીથી ધોઈ લઈ, લીંબુનો રસ શેર ૧ તથા સિંધવક્ષાર શેર ૧ મેળવીને ઠંડા ખરલમાં એક દિવસ મર્દન કરાવ્યું. (૩) પછી ગરમાળાની શિંગો શેર પાંચ લાવી તેને ખાંડી બા મણ પાણીમાં ઉકાળી, પાંચ શેર પાણી બાકી રહ્યું ત્યારે તેને ચોળીને ગાળી લઇ ચેલા તપ્ત ખલમાં નાખ્યું. અને સાત દિવસ સુધી કુંવારપાઠાનો રસ તેમાં નાખતાં નાખતાં પારાનું મર્દન કરાવ્યું અને આઠમે દિવસે તે પારાને ગરમ પાણીથી ધોઈ, પાછો સિંધવ અને કાંજીમાં એક દિવસ ખરલ કર્યો. (૪) પછી ચિત્રાનું ચૂર્ણ શેર ૧ નાખી, કુંવારનો રસ મેળવી સાત દિવસ તપ્ત ખરલમાં મર્દન કરાવ્યું. તે પછી આઠમે દિવસે તેને ગરમ પાણીથી ધોઈ, પાછો કાંજી અને સિંધવમાં એક દિવસ ખરલ કરાવ્યો. (૫) તે પછી ધંતૂરાનાં પાતરાંના ૨ શેર રસમાં સાત દિવસ સુધી મર્દન કરતા ગયા અને કુંવારપાઠાનો રસ ઉમેરતા ગયા. આઠમે દિવસે તેને ગરમ પાણીથી ધોઇ કાંજી અને સિંધવમાં એક દિવસ ખરલ કર્યો. (૬) તે પછી ત્રિફળાનું ચૂર્ણ શેર ૩ મેળવી કુંવારનો રસ નાખી તપ્ત ખરલમાં સાત દિવસ મર્દન કરાવ્યું. આઠમે દિવસે પારદને ગરમ પાણીથી ધોઇને કાંજી તથા સિંધવમાં એક દિવસ મર્દન કરાવ્યું. (૭) બીજે દિવસે સૂંઠ મરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પીપરના ૩ શેર ચૂર્ણમાં કુંવારના રસ સાથે તપ્ત ખરલમાં સાત દિવસ મર્દન કરાવ્યું. આઠમે દિવસે તેને ગરમ પાણીથી ધોઈ, સિંધવ અને કાંજીમાં મર્દન કરાવી. (૮) ગોખરુના ૨ શેર ચૂર્ણમાં કુંવારનો રસ નાખી સાત દિવસ મર્દન કરાવી, આઠમે દિવસે ગરમ પાણીથી ધોઇને તેને લીંબુનો રસ શેર ૪ અને સિંધવ શેર ૨ તથા કુંવારનો રસ શેર ૫ મેળવીને સાત દિવસ સુધી **ઠંડા ખરલમાં** મર્દન કરાવી, આઠમે દિવસે ગરમ પાણીથી ધોઈ તે પારદને શુદ્ધ થયેલો જાણી, સાદા બૂચવાળી શીશીમાં ભરી લીધો. આ પ્રયોગમાં વસાણાં રીતસર નંખાયાં, પણ કુંવાર ૩૦ મણ ખપી અને પારદ ૧૮૫ તોલા શુદ્ધ રહ્યો; તે કુંવારપાઠાંની સગવડ ઉપર ધ્યાન રાખી વૈદ્યોએ આ કાર્યમાં પ્રવેશ કરવો.

રસરત્નાકરના નિયમ પ્રમાણે તપ્ત ખરલમાં પારદને ઘૂંટવામાં અમે એટલો સુધારો કર્યો કે, દર અઠવાડિયે એક વાર એક દિવસ કાંજી અને સિંધવમાં ઘૂંટાવ્યો. કારણ કે રસશાસ્ત્રના ગ્રંથો વાંચતાં અમને સમજાયું કે, ખાટો રસ પારાનું મુખ કરે છે અને ખારો રસ પારાને પ્રબોધે છે. આથી રસરત્નાકર **ગરમ કાંજીમાં** ધોવાનો પ્રયોગ બતાવે છે, તેને બદલે અમે **ગરમ પાણીથી** ધોયો અને કાંજી તથા ખારના યોગથી એક દિવસ ઘૂંટ્યો એટલે એકંદરે પારદને પંદર દિવસનો મુખ કરવા માટેનો **દીપનસંસ્કાર** મળ્યો અથવા થયો.

રસસિંદૂરઃ–તે પારદમાંથી ૪૦ તોલા પારદ લઈ ૨૪૦ તોલા ગંધકમાં કાજળી કરી અને તેને અગનશીશીમાં ભરી વાલુકાયંત્રમાં બત્રીશ પ્રહર અહોરાત્ર આંચ આપી. તે સ્વાંગશીતળ થયા પછી તેમાંથી રસસિંદૂર કાઢી લીધો, તો ૧ શેરમાં ૪ તોલા ઓછો એટલે ૩૬ તોલા રસસિંદૂર અમારા હાથમાં આવ્યો. તે ૩૬ તોલા રસસિંદૂરમાંથી ૧૬ તોલા રસસિંદૂરને ત્રણ દિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી કોરો વટાવી એક શીશીમાં ભરી લીધો. તેમાંથી ૧ ચોખા-પૂર માત્રા દૂધની મલાઇ તોલો ૧ સાથે દિવસમાં બે વાર રોગીને ચટાડવાથી શ્વાસ અને જૂની ખાંસી તથા જીર્ણજ્વર ઉપર ઘણોજ ફાયદો કરનારો નીવડ્યો છે.

સ્વલ્પચંદ્રોદયઃ-બાકી રહેલા ૨૦ તોલા રસસિંદૂરમાં જાયફળ તોલા ૫, લવિંગ તોલા ૫, બરાસકપૂર તોલા ૫ અને કસ્તૂરી તોલો ૧। તથા સોનાના વરખ તોલો ૧। મેળવીને, પાનના રસમાં સાત દિવસ સુધી મર્દન કરીને, તેનો **સ્વલ્પચંદ્રોદય ૧** તોલાની ૧૦૦ ગોળી થાય એટલા માપથી બનાવ્યો. એ ગોળીમાંથી ક્ષયના, ધાતુક્ષીણતાના તથા સંગ્રહણીના રોગીને દિવસમાં એકજ વાર ૧ ગોળી મધમાં ચટાડી, ઉપરથી ઘીવાળો ખોરાક આપવાથી ઘણી સરસ અસર નિપજાવી છે. આ ગોળીમાં એક એવો ચમત્કાર જોવામાં આવ્યો છે કે, સંગ્રહણીના દર્દીઓ ત્રીજે દરજ્જે પહોંચેલા હોય અને તે બે રૂપિયાભાર અન્ન પચાવી શકતા ન હોય અને આપણે જેને માત્ર છાશ ઉપર રાખી અન્નનો ત્યાગ કરાવ્યો હોય, તેવા દર્દીને ૧ ગોળી સવારે મધમાં ચટાડી, ઉપર ૨ તોલા ઘી ગરમ કરીને પાઇએ. એ પ્રમાણે ત્રણ દિવસ કર્યા પછી ૨ તોલા ઘી ઉપરાંત ઘઉંની પાતળી રોટલી જેના ઉપર પુષ્કળ ઘી ચોપડેલું હોય તેવી, એકએકથી ક્રમેક્રમે દરરોજ વધતા જઇએ, તો સાત દિવસમાં ચાર રોટલી સુધી પચાવી શકાય છે. તેની સાથે ઝાડો કઠણ થતો જાય છે, ઝાડા ઓછા થતા જાય છે અને રોગીની શક્તિ વધતી જાય છે. એટલે પૂર્ણચંદ્રોદય સિદ્ધ મકરધ્વજના કરતાં ઘણે ઓછે અંશે પણ બીજી અન્ય દવાઓ કરતાં ઘણો સારો ફાયદો કરે છે.

સિંદૂરો બનાવવા માટેની અનુભવી સૂચનાઃ-રસ-સિંદૂર વગેરે તમામ સિંદૂરો બનાવતાં પારાગંધકની કાજળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવામાં આવે છે; તેમ કાજળી કરીને અગનશીશીમાં ભરીને વાલુકાયંત્રમાં ચઢાવીએ છીએ, તો તેમાં ઊભરો આવીને દવા ઊભરાઈ જાય છે. પરંતુ આપણે એવું કરવાનું છે કે, એક પતરા પર ચઢાવેલાં કાચવાળાં વાસણો કે જે અગ્નિ પર ચઢી શકે છે, તેવું એક વાસણ જેમાં ૦॥ મણ પાણી માય એવડું લઈને, તે વાસણમાં ૨૦૦ તોલા ગંધકને ધીમે તાપે પિગળાવવો, એટલે તેનું પાણી બની જશે. પછી ૪૦ તોલા ગંધકમાં ૪૦ તોલા પારો મૂર્છિત કરી, (વાટી) પેલા ગંધકના રસમાં થોડો થોડો નાખી હલાવતા જવું અને એ રીતે તેમાં બધો પારો મેળવી દેવો. પછી તેને બીજા વાસણમાં લઇ લેવો, જેથી એક કઠણ ગઠ્ઠો બંધાઇ જશે. તે ગઠ્ઠાને આયણીમાં ખાંડી હવાલે ચાળી, અગનશીશીમાં ભરશો, તો ઊભરો આવશે નહિ. ૪૦ તોલા પારો અને ૨૪૦ તોલા ગંધકની કાજળી એકીવખતે ચડે એવડી વિલાયતી અગનશીશી આવતી નથી, તેથી કપડવંજ ગામમાં બનતી શીશીઓ અમારે ત્યાં રસકપૂર તથા હિંગળોક બનાવનારા વાપરે છે. આ શીશીમાં ૩ મણ હિંગળોક અને ૨ મણ રસકપૂર એકીવખતે પાકે છે. તે શીશી ૦॥॥ મણ પાણી સમાય એવડી લેવી અને તેની ઉપર સાત કપડમટ્ટી કરવી. કપડમટ્ટી કરવાની રીત એવી છે કે, પ્રથમ માટીને પલાળી તેને રગડા જેવી કરી, કપડેથી છણી લેવી. પછી તે છણેલી માટીમાં જો તે માટી ૧ મણ હોય, તો ૧૦ શેર કાળી રેતી, ૫ શેર રાખોડી અને ૨॥ શેર મીઠું નાખીને તેનો કાદવ બનાવવો. પછી તે કાદવને બારીક કપડા ઉપર ચોપડી શીશી ઉપર પ્રથમ પડ ચઢાવવું. **ખાસ ચેતવણી આપવામાં આવે** છે કે, કપડવંજની શીશી ઘણીજ પાતળી આવે છે, તેના ઉપર જાડું માટીનું પડ પ્રથમથી ચડાવવા જઇએ તો તે માટીના ભારથી શીશી તરતજ ફૂટી જાય છે. એટલા માટે પ્રથમનું પડ પાતળું

આ. CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચડાવવું અને તે સંપૂર્ણ સુકાઈ રહે, ત્યારે બીજું પડ તે કરતાં જરા વધારે જાડું ચડાવવું.તે સુકાઇ રહે ત્યાર પછી ત્રીજું પડ તેથી વધારે જાડું ચડાવવું. એ પ્રમાણે સાત પડ ચડાવતાં શીશીની ઉપર ૦।। ઇંચથી ૧ ઇંચ સુધી કપડમટ્ટીનું જાડું પડ થવું જોઇએ. તે પછી તે શીશી સમાય અને આસપાસ ત્રણ ત્રણ ઇંચ જગ્યા ખાલી રહે, એવડું માટીનું કૂંડું લાવવું. પણ તે કૂંડું એવું મજબૂત હોવું જોઇએ કે, ચાર ને બદલે આઠ દિવસ સુધી અહોરાત્ર અગ્નિ ઉપર રહે તો પણ ફાટી કે બદબદી જાય નહિ. તેવા કૂંડાને તળિયે મધ્યભાગમાં ૦।। ઇંચ પહોળો એક છેદ કરવો. તે છેદ ઉપર એક પાતળી ઠીકરી મૂકી તેના ઉપર પેલી શીશી ગોઠવવી અને પછી શીશીની આસપાસ ઘણી મોટી નહિ તેમ ઘણી ઝીણી નહિ એવી રેતી એકસરખી ચાળીને ભરવી. જો કૂંડા કરતાં શીશી ઊંચી રહે, તો તે કૂંડા ઉપર બીજો કાંઠો ગોઠવી તેને પેલા મંટોડાથી સાંધો પૂરી તે કાંઠામાં રેતી પૂરવી. તે એટલે સુધી કે શીશીની ઉપર બે આંગળ થર આવે. પછી શીશીના મોઢા ઉપર એક માટીનું પાત્ર છાછરા ઘાટનું લઈ, શીશીના મોઢામાં બેસતું આવે તેવી રીતનું તેમાં કાણું પાડી, શીશીના મોઢા ઉપર બેસતું કરવું. કારણ કે વખતે ઊભરો આવી શીશીની અંદરની વસ્તુ બહાર નીકળે તો આ પાત્રમાં ઝિલાઈ રહે. જો એ પાત્ર મૂકવામાં નહિ આવે તો ઊભરાયલી વસ્તુ રેતીમાં મળી જાય તે પાછી હાથમાં આવે નહિ. એટલું કર્યા પૅછી વાલુકાયંત્રની નીચે ધીમો અગ્નિ શરૂ કરવો અને બીજે દિવસે તે અગ્નિને વધારવો. એટલે પારો અને ગંધક ઓગળીને શીશીમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા માંડશે. તે પછી થોડી વારમાં શીશીમાં ભડકો થશે તેથી વૈદ્યે જરા પણ અકળાવું નહિ. એ ભડકો કોઈ વાર ચાર કલાક કોઇ વાર આઠ કલાક અને કોઈ વાર બાર કલાક પણ ચાલુ રહે છે. તે ભડકો નરમ પડી જાય કે શીશીના મોઢાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધબેસતો જૂની ઈંટને ઘસીને એક બૂચ તૈયાર કરી રાખવો. તે બૂચ શીશીના મોઢા પર ઢાંકી દેવો, પણ તેને મુદ્રા કરવી નહિ. કલાક બે કલાક થાય કે પેલો બૂચ ઉઘાડી નાખવો, એટલે ગંધકનો રોકાયલો ધુમાડો બહાર નીકળી જશે. એમ કરતાં જ્યારે શીશીના મુખ પર મારેલા બૂચની અણી પર હિંગળોક જેવો રંગ વળગતો દેખાય, ત્યારે તે બૂચને ગોળ અને ચૂનામાં બરડીને શીશીના મોઢામાં બેસાડી દેવો અને તે પછી બત્રીસ પહોર પૂરા થાય ત્યાં સુધી આંચ આપ્યા કરવી. એટલે શીશીને તળિયેથી તમામ પારો ઊડી રાતા હિંગળોક જેવું રસસિંદૂર શીશીના ગળાની આસપાસ વળગી જશે. જો કે રસસિંદૂર ત્રણ દિવસમાં પણ તૈયાર થઈ જાય છે. પરંતુ તે શીશી સાથે એવું ચોંટી જાય છે કે, તેને અને કાચને છૂટાં પાડતાં ઘણી મુશ્કેલી પડે છે અને વખતે કાચ સાથે રસસિંદૂર ચાલ્યું જાય છે અથવા રસસિંદૂરમાં કાચ આવી જાય છે. એટલા માટે બરાબર ચાર દિવસ એટલે બત્રીસ પ્રહરની આંચ આપવી કે જેથી શીશી ફોડ્યા પછી તેમાં કાચનો ભેગ આવે નહિ. રસસિંદૂરની ભઠ્ઠી ચડાવતી વખતે એક મોટી સાણસી અને એક લોખંડની બે દોરા જાડી અને દોઢ ગજ લાંબી શીખ કે જેનું એક પાસું અણીદાર બનાવેલું હોય અને એક બાજુ પકડાય એવો આંકડો વળાવ્યો હોય, તેવી શીખ તૈયાર રાખવી. કારણ કે શીશીમાંથી કોઈ વખતે ઊભરો ચઢી શીશીનું મોં બંધ થઈ જાય છે. હવે જો તેવી સ્થિતિમાં પંદર મિનિટ રહે તો શીશી અગર તો કૂંડાને ભાંગી, સર્વ પારો ગંધક સાથે ચૂલામાં પડે છે. અથવા શીશી કૂંડામાંથી ઊંચે ઊડી વૈદ્યનું માથું ફોડી, પોતે ફૂટી, પારા અને ગંધકને આકાશમાં ઊડાવી દે છે. તેમાં જો યંત્રની ઉપર છાપરું હોય તો બળતા ગંધકથી તે છાપરું બળીને ભસ્મ થઈ જાય છે. તેટલા માટે શીશીનું મુખ બનતી ત્વરાએ ખુલ્લું કરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવું. જ્યારે બત્રીશ પહોર આંચ આપવાવાળું અથવા ચોસઠ પહોર આંચ આપવાળું વાલુકાયંત્ર ચઢયું હોય, ત્યારે વૈદ્યે રાત અને દિવસ ઊંઘને તજીને તેના ઉપર પોતે જાતે દેખરેખ રાખવાની છે. કારણ કે કયે વખતે અકસ્માત થઈને પારો ઊડી જશે તે કહી શકાતું નથી. બત્રીશ પ્રહરની આંચ આપ્યા પછી શીશીને ફોડતાં તેની નીચે ૮ થી ૧૦ તોલા રાખોડી હાથ લાગશે. પણ તે રાખોડીમાં કોઈ જાતનું તત્ત્વ હોય એમ અમને લાગ્યું નથી, તેથી તે રાખોડી ફેંકી દઈએ છીએ. એ પ્રમાણે રસસિંદૂર બનાવીને વાપરવાની સર્વ વૈદ્યરાજોને ભલામણ કરીએ છીએ. જો બરાબર ઉપર લખ્યા પ્રમાણે પારાને શુદ્ધ કરી રસસિંદૂર અથવા બીજાં સિંદૂર બનાવશો, તો કોઇ પણ દર્દીને સારો કરતાં મૂંઝાવાનો વખત આવશે નહિ.

૨. મલ્લસિંદૂરઃ-તપ્ત ખરલમાં શુદ્ધ કરેલો પારો, તોલા ૪૦, ગંધક તોલા ૪૦ અને સોમલ તોલા ૨૦ લઈ વાટીને તેની કાજળી બનાવી, તેમાં ૨૦૦ તોલા ગંધકને દૂધમાં શુદ્ધ કરી મેળવ્યો. ઉપર પ્રમાણેની અગનશીશીમાં ભરી વાલુકાયંત્રમાં બત્રીશ પ્રહર એટલે ચાર અહોરાત્ર અગ્નિ આપ્યો. આ મલ્લસિંદૂર બનાવતાં લાલા શ્યામસુંદરાચાર્યે સૂચના કરેલી છે કે, એના ધુમાડાથી બચવું. પણ અનુભવ કરતાં એવું જણાયું કે ધુમાડાથી બચવાનો ડર રાખે તો મલ્લસિંદૂર બની શકેજ નહિ. કારણ કે થોડી થોડી વારે લોહસલાકા (શીખ) શીશીના મોંમાં મારવાની ખાસ જરૂર પડે છે. જો શીશીનું મોં બંધ થઈ જાય તો શીશી ફાટી જાય અને ધુમાડો લાગે તો આંખે આંધળો થાય. પરંતુ અમે એવો અનુભવ મેળવ્યો છે કે, જ્યાં સુધી ગંધક બળે છે ત્યાં સુધી પારદ ઊડી શકતો નથી. તેવીજ રીતે સોમલના કરતાં ગંધક વધારે જ્વાળાગ્રાહી પદાર્થ હોવાથી ગંધકના ધુમાડા સાથે સોમલ ઊડશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ અને ગંધક બળી રહેશે. એટલે શીશીને મોઢે દાટો મારી મુદ્રા કરવાની છે; આથી સોમલનો ધુમાડો બહાર આવી શકશે નહિ. એ પ્રમાણે વીસ પ્રહર સુધી ગંધકનો ધુમાડો નીકળ્યો અને તે પછી શીશી ઉપર ઈંટનો બૂચ બનાવી ગોળ અને ચૂનામાં રગદોળી શીશીનું મુખ બંધ કર્યું; એટલે બાકીના બાર પ્રહરમાં તમામ મલ્લસિંદૂર શીશીના મુખ આગળ આવીને એકઠું થયું. તે પછી સ્વાંગશીતળ થયે શીશીને ફોડતાં તેમાંથી મલ્લસિંદૂર નામનો પદાર્થ પર તોલા નીકળ્યો. તેમાંથી અમે મલ્લસિંદૂર ગુટિકા નીચે પ્રમાણે બનાવી છેઃ–

મલ્લસિંદૂર ગુટિકાઃ–ઉપર પ્રમાણે બનાવેલું મલ્લસિંદૂર તોલો ૧, સૂંઠ, મરી, પીપર, પીપળીમૂળ, અકલગરો, જાયફળ, એલચી, લવિંગ અને કેશર એ સર્વે એકેક તોલો લઇ, વાટી વસ્ત્રગાળ કરી, પછી મલ્લસિંદૂરને એક દિવસ સુધી જુદું વાટી, બાકીનાં વસાણાંનું ચૂર્ણ થોડું થોડું મેળવતા ગયા અને ઘૂંટતા ગયા. તમામ ચૂર્ણ એકરસ થયા પછી પાકાં ચેવલી પાન નંગ ૧૦૦ ના રસમાં તેને ઘૂંટી મઠના દાણા જેવડી ગોળી બનાવી. આ ગોળી દિવસમાં બે વખત એકેકી અથવા બબ્બે મધ સાથે આપવાથી વાયુનાં તમામ દર્દો મટાડી શકાય છે. એ ગોળી પાણી સાથે આપવાથી અમે મન્યાસ્તંભ અને આર્દિતવાયુ સારા કર્યા છે. એ ગોળી દિવસમાં બે વાર, બબ્બે તોલા અરણીના (અગ્નિમંથ) રસ સાથે આપવાથી ઉન્માદ (ગાંડપણ) ના રોગી સારા થયા છે. એ પ્રમાણે બુદ્ધિ પહોંચાડી કોઇ પણ જાતના વાયુના રોગમાં, કફના રોગમાં અને ત્રિદોષમાં આપવાથી ઘણું જ સારું કામ કરશે. આ ગોળી ખાતાં કોઇ પણ દર્દીને કોઈ પણ જાતની પરેજી પાળવાની જરૂર પડતી નથી. માત્ર જે રોગ ઉપર એ ગોળી આપીએ તે રોગને વધારનારી વસ્તુ ખાવાની પરેજી કરાવીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. જેમકે ઉન્માદરોગમાં રાઈ, કોળું અને ખાંડ ખાવાથી ઉન્માદ વધે છે, તેથી તેનો નિષેધ કરવો અથવા વાયુના રોગમાં વાયુને વધારનારી વસ્તુનો ત્યાગ કરાવવો. વૈદ્યે પરેજી પાળવાની કહી હોય છતાં રોગી પરેજી તોડે તો તેના રોગને ફાયદો થાય નહિ; પણ મલ્લસિંદૂર પોતે કોઇ પણ જાતના કુપથ્યથી વિક્રિયા કે નુકસાન કરતું નથી.

તાલસિંદૂરઃ-તપ્ત ખરલમાં શુદ્ધ કરેલો પારો તોલા ૪૦ અને વરખી હરતાલ તોલા ૨૦ તથા ગંધક તોલા ૪૦ ને વાટી કાજળી કરી, તેમાં બીજો ૨૦૦ તોલા ગંધક ઉમેરી, ઉપર પ્રમાણે અગનશીશીમાં ભરી વાલુકાયંત્રમાં બત્રીસ પ્રહર એટલે ચાર અહોરાત્રનો અગ્નિ આપ્યો. એ વાલુકાયંત્રમાં ચોવીસ પ્રહર ગયા પછી દાટો મારવાનો વખત આવ્યો હતો. તે પછી બીજા આઠ પ્રહર તીવ્ર અગ્નિ આપ્યો. એટલે જ્યારે સ્વાંગ શીતળ થયે શીશીને ફોડી, ત્યારે તેમાંથી ૫૬ તોલા તાલસિંદૂર મળી આવ્યું. તે તાલસિંદૂરના બે પ્રયોગ અમે બનાવ્યા છે.

લવિંગાદિ તાલસિંદૂરઃ-તાલસિંદૂર તોલા ૨૦, લવિંગ, બરાસકપૂર, એલચી, તજ, નાગકેશર, જાયફળ, વાળો, સૂંઠ, શાહજીરું, અગર, વાંસકપૂર, જટામાંસી, નીલકમળ, પીપર, સુખડ, ત્રાયમાણ, કાળો વાળો અને ચિનીકબાલા એ પ્રમાણે શારંગધર-સંહિતામાં લવિંગાદિ ચૂર્ણનાં ઉપર લખ્યા પ્રમાણેનાં વસાણાં એકેક તોલો લઇ, તેને વસ્ત્રગાળ કરી ૨૦ તોલા તાલસિંદૂરને ત્રણ દિવસ સુધી ખરલમાં કોરું વાટ્યું. પછી તેમાં ઉપર લખેલું વસ્ત્રગાળ ચૂર્ણ થોડું થોડું નાખતા જઇ, ખરલ કર્યો. તે પછી ઉપર લખેલા લવિંગાદિ ચૂર્ણને તોલો તોલો લઇ, એ ૧૮ તોલા વસાણામાં પાણી શેર ૪ મૂકી તેનો ઉકાળો કરી, તે ઉકાળામાં ૦૧ શેર પાણી રહ્યું, ત્યારે તેને ગાળીને તાલસિંદૂરમાં નાખી ખરલ કર્યો. એ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લવિંગાદિ ચૂર્ણના ક્વાથના ત્રણ પટ એવી રીતે પાયા, કે એક વાર નાખેલો ક્વાથ વાટતાં વાટતાં સુકાઇ જાય, એટલે બીજો ક્વાથ નવાં વસાણાં લાવીને ઉકાળીને નખાય. તે પ્રમાણે ત્રીજી વારનો ક્વાથ નાખી ગોળી વાળવા જેવું થયું ત્યાં સુધી ઘૂંટી તેની મગ મગ જેવડી ગોળીઓ વાળી. આ ગોળીમાંથી કેટલાકને દરરોજ એકજ ગોળી અને કેટલાકને સાંજસવાર અકેક ગોળી અને કેટલાકને સવાર, બપોર અને સાંજે એકેક ગોળી મધ અથવા પાનના રસમાં અથવા આદુના રસમાં, રોગીની પ્રકૃતિ જોઇને આપવાથી ખાંસી, શ્વાસ, (દમ) અને ક્ષયની ખાંસી ઉપર તેણે ઘણી સારી અસર ઉપજાવી છે. જો કે એ ગોળી ઉપર કોઇ પણ પથ્ય કરવાની જરૂર નથી, તો પણ ગળામાં ધુમાડો કે ધૂંસ પેસતી હોય તેવા સ્થાનથી બચવું, શ્રમ લાગે એટલું કાંઇ પણ કાર્ય કરવું નહિ ને તેનાથી બચવું. ઉરઃક્ષત અને શ્વાસ (દમ) વાળાએ મૈથુનથી બચવું અને સામાન્ય રીતે વિદાહી પદાર્થો (તેલમાં તળેલા) ખાવાથી બચવું અને જેમ જેમ પાચન થતું જાય, તેમ તેમ ઘી વધારે ખવાય એવી ગોઠવણ કરવી. એ ગોળી કફ, કફનાં દર્દો તથા ફેફસાં અને હૃદયના રોગોમાં ઘણી સારી અસર નિપજાવે છે.

મંજીષ્ઠાદિ તાલસિંદૂરઃ—ઉપર પ્રમાણે તૈયાર કરેલું તાલસિંદૂર તોલા ૨૦ અને નિઘંટુ રત્નાકરના ત્વકદોષમાં લખેલા મંજીષ્ઠાદિ ચોસષ્ટી ક્વાથ એટલે મજીઠ, હરડાં, બહેડાં, આમળાં, ધઉંલાં, ગરૂડવેલ, બ્રાહ્મી, ઘોડાવજ, પુષ્કરમૂળ, ભાંગરો, સૂંઠ, મરી, પીપર, કરિયાતું, અતિવિષ, નગોડ, ગરમાળો, ત્રાયમાણ, ખેરસાલ, આલુ, પહાડમૂળ, કડુ, પિત્તપાપડો, બાવળની છાલ, ઇંદ્રજવ, તાનવેલો, ઇંદ્રવરણાંની જડ, લતાકસ્તૂરી (મુશ્કદાના), એરંડમૂળ, નીમછાલ, ચિત્રો, શતાવરી, ભારંગમૂળ, આંબાહળદર, ષડ્કચૂરો, બીલીનો ગર, ધાવડીનાં ફૂલ, માલકાંકણી, વાળો, દંતી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ, પલાશપાપડો, રતાંજળી, પતંગનું લાકડું, ગોરખમુંડી, વાયવ-ડિંગ, આકડાનું મૂળ, અરણીનું મૂળ, કરંજનાં છોડાં, કડાછાલ, ભોંય-રીંગણી, દેવદાર, નાગરમોથ, રાતાં કમળ, કેવડો અને પટોળ એ પ્ર-માણે ૬૪ વસાણાં પૈકી બાકીનાં ઉપલબ્ધ નહિ થવાથી આ ૫૬ વસાણાં તોલો તોલો લઈ તેનું ચૂર્ણ કરી, તાલસિંદૂર તોલા ૨૦ને ત્રણ દિવસ સુધી કેરું વાટી તેમાં ૨૦ તોલા મંજીષ્ઠાદિ ચૂર્ણ મેળવ્યું. તે પછી બાકીના ચૂર્ણને ૪ શેર પાણીમાં ઉકાળી ૧ શેર પાણી રહ્યું ત્યારે કપડે ગાળી, તેમાં તાલસિંદૂરનો ખલ કર્યો. એવી રીતના ત્રણ પટ પાયા પછી તેની મગ જેવડી ગોળીઓ વાળી. આ ગોળી એકેક અથવા બબ્બે, દિવસમાં ત્રણ વાર માત્ર પાણી સાથે આપ-વાથી ખસ, વિસ્ફોટક વગેરે ચામડીનાં તમામ દરદોને મટાડવામાં ઘણી અસરકાર નીવડી છે. એ પ્રમાણેક તાલસિંદૂરના બે પ્રયોગ કોઇ પણ જાતના ઉપદ્રવ કર્યા સિવાય કામ કરી રહ્યા છે. માટે શ્રમ લઇને આ પ્રયોગો જાતે બનાવી વાપરવાની વૈદ્યરાજોને અમે ખાસ ભલામણ કરીએ છીએ. આ પ્રયોગથી નીલકંઠ ગુટિકા અથવા રસકપૂરની ગોળી વાપરતી વખતે વૈદ્ય તથા રોગીને ભયમાં રહેવું પડે છે, તેવો ભય આ ગોળી ઉપયોગમાં લેતાં રહેતો નથી.

શિલાસિંદૂરઃ--ઉપર પ્રમાણે તપ્ત ખરલમાં શુદ્ધ કરેલો પારદ તોલા ૪૦ અને મનસીલ તોલા ૨૦ તથા ગંધક તોલા ૪૦ ને વાટી કાજળી બનાવી, તે પછી તેમાં ૨૦૦ તોલા ગંધક તાપે ઓગાળીને તેમાં કાજળી મેળવીને ઠંડો પડ્યા પછી વાટીને અગ-નશીશીમાં ભરીને વાલુકાયંત્રમાં ચાર દિવસ એટલે બત્રીશ પ્રહર અગ્નિ આપ્યો. એ અગનશીશીને વીસ પ્રહર વીત્યા પછી દાટો મારવાનો સમય આવ્યો. ચાર પ્રહર સુધી કલાક કલાકે દાટાને કાઢી લઇ ધુમાડાને નીકળી જવા દીધો. તે પછી ગોળ અને ચૂનાથી દાટાને મુદ્રા કરી બીજા આઠ પ્રહર તીવ્ર અગ્નિ આપ્યો. જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાંગશીતળ થયું, ત્યારે શીશી ફોડી તેના મુખ ઉપર વળગેલું શિલાસિંદૂર કાઢી તોલ કરતાં ૬૦ તોલા નીકળ્યું.

શિલાસિંદૂર ગુટિકાઃ–શિલાસિંદૂર તોલા ૨૦, આમળાં તોલા ૧૦ અને બાવચી (અવલગુંજા) તોલા ૧૦ એ બેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, શિલાસિંદૂરને ત્રણ દિવસ ભાંગરાના રસમાં ઘૂંટી, તે પછી થોડું થોડું ઘૂંટતાં ૨૦ તોલા ચૂર્ણ મેળવી દીધું. તે પછી આમળાં શેર ૧ અને બાવચી શેર ૧ ને ખાંડી, ૧૨ શેર પાણીમાં ઉકાળી ૩।। શેર પાણી બાકી રહ્યું, તેના વડે શિલાસિંદૂરને એક પટ આપ્યો. એવી રીતે આમળાં અને બાવચીના જુદે જુદે વખતે નવા નવા ઉકાળા કરી પાંચ પટ આપ્યા. પછી તેની વટાણા જેવડી ગોળી બનાવી. શિલાસિંદૂર કુષ્ઠરોગ માટે ઘણું સારું કામ બજાવે છે તથા મેદરોગને માટે પ્રખ્યાત છે, એવું લાલા શ્યામસુંદરાચાર્યે લખેલું છે; પણ અમને કુષ્ઠરોગ પર વાપરવાનો વખત મળ્યો નથી. પરંતુ મેદરોગ એટલે ચરબીથી ફૂલી ગયેલા દર્દીઓ કે જેમને છાતીમાં બહુ ગભરામણ થાય, શરીર પાણી પાણી થઈ જાય અને કોઇ વાતે ચેન પડે નહિ, એવા રોગીને આપવાથી ઘણો ફાયદો થયો છે. અમે ધારીએ છીએ કે, કુષ્ઠરોગ અથવા ચામડીનાં તમામ દર્દો માટે તથા કંઠમાળ, અપચિ, અર્બુદ અને ગલગંડ જેવા રોગોને પિગળાવી નાખવાના ગુણ એનામાં છે. મેદરોગવાળાને મેદને વધારનારી એટલે ઘી, ખાંડ, દહીં અને બીજી અભિષ્યંદી વસ્તુઓની પરેજી કરાવવી. આ સિંદૂર ઉપર તેલ, ખટાશ અને મરચું ખાવાથી કાંઇ નુકસાન થતું નથી. શિલાસિંદૂરની ગોળી એકેક વખતે અકેક કરતાં વધારે આપવી નહિ. આખા દિવસમાં ત્રણ ગોળી કરતાં વધારે આપવામાં આવે છે, તો રોગીની ભૂખ ઓછી કરી નાખે છે. પણ આખા દિવસમાં ૩ અથવા ૨ ગોળી આપવાથી ભૂખ લગાડે છે, ખાધું પચાવે છે, દસ્ત સાફ લાવે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેદને પિગળાવે છે તથા શરીર તેજસ્વી અને સુંવાળું બનાવે છે. વળી બસનાં ચાંદાં તથા વિસ્ફોટક કે રતવા ઉપર આબાદ નીવડી છે.

સંધાતસિંદૂરઃ-અમારે ત્યાં રસસિંદૂર, તાલસિંદૂર, મલ્લસિંદૂર અને શિલાસિંદૂર બનાવતાં શીશીને તળિયે જે મેલ પડી રહેલો હતો તથા સિંદૂરનો કેટલોક ભાગ કાચ સાથે વળગી રહ્યો હતો, જેમાં કાચ પણ રહેલો હતો. તેથી કેટલાંક સિંદૂરોને એકઠાં કરી તેમાં શીશીની નીચેનો રહેલો કચરો મેળવી, ૮૦ તોલા ગંધકની સાથે તેને વાટી, તેને એક પટ કુંવારના રસનો આપી સૂકવીને અગનશીશીમાં ભરી, વાલુકાયંત્રમાં ચોવીસ પ્રહરનો અગ્નિ આપ્યો. અઢાર પ્રહર થયા પછી ચૂના અને ગોળથી મુદ્રા કરી, છ પ્રહર તીવ્ર અગ્નિ આપ્યો. સ્વાંગ શીતળ થયે શીશી ફોડી તેને ગળે વળગેલું સિંદૂર કાઢી લેતાં ૩૦ તોલા સંધાતસિંદૂર હાથ લાગ્યું. એટલે કાચ અને રાખોડીમાંથી ઉપર લખેલાં ચારે સિંદૂરના ભેગવાળું સંધાતસિંદૂર મળ્યું અને કાચ વગેરે નીચે રહી ગયાં. તે સંધાતસિંદૂરનો ભૈષજ્યરત્નાવલિના પાઠ પ્રમાણે **સ્વલ્પચંદ્રોદય** બનાવ્યો. તે એવી રીતે કે, જાયફળ તોલા ૭, લવિંગ તોલા ૭, મરી તોલા ૭, બરાસકપૂર તોલા ૭, સોનાના વરખ માસા ૭, (દશ આનીભાર) કસ્તૂરી માસા ૭, (દશ આનીભાર) તથા સંધાતસિંદૂર તોલા ૩૦ ને એકત્ર વાટી, તેને પાનના રસના ચાર પટ આપ્યા. જો કે ભૈષજ્યરત્નાવલિમાં પાનનો રસ લખ્યો નથી, પણ ૪ ગુંજા પ્રમાણે ગોળી વાળવાનું લખ્યું છે. એટલે ગોળી વાળવા માટે ચંદ્રોદયને પાનનું અનુપાન હોવાથી પાનના રસમાં ઘૂંટીને ૧ ગુંજા (ચણોઠી) ભારની ગોળી બનાવી. આ ગોળી અમે પોતે તેલ, મરચું, હિંગ, આમલી, ખટાશ, વાલ, વટાણા, કેળું, કોળું વગેરે સાથે ખાઇએ છીએ, પણ કોઈ જાતની વિક્રિયા કરી હોય એમ જણાતું નથી. માત્ર એક ગોળી પ્રાતઃકાળમાં મધ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાટી તેના ઉપર ૪ થી ૬ તોલા ઘી ગરમ કરીને પીએ છીએ; જેથી કામ કરતાં થાક લાગતો નથી. ચંદ્રોદય ખાવામાં રોગી ઘી નહિ ખાય તો તેની અગ્નિમંદ પડી જાય છે; પણ જો ક્રમે ક્રમે ઘીવાળા પદાર્થનું કાયમ સેવન કરતો જાય, તો તેનો અગ્નિ પ્રદીપ્ત થઈ શરીરમાં નવું લોહી ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે તપ્ત ખરલમાં ઘૂંટેલા અને શુદ્ધ કરેલા પારદમાંથી ચાર પ્રકારનાં સિંદૂર અને પાંચમું સંઘાતસિંદૂર બનાવ્યા પછી, બાકીનો પારદ રસો બનાવવાના કામમાં વાપરવા માંડ્યો છે. તે પહેલાં અમે પ્રથમ તો બજારમાંના પારાગંધકની કાજળી બનાવી રસો બનાવતા હતા. તે પછી પારદને ઇંટનો ભૂક્કો તથા રાઇમાં ખરલ કરી રસો બનાવતા હતા. તે પછી સૂકી હળદર કાળી થઈ જાય ત્યાં સુધી ઘૂંટી તે પારદના રસો બનાવતા હતા. તે પછી હિંગળોકમાંથી પારદ કાઢીને તેનો રસો બનાવતા હતા. હાલમાં તો તપ્ત ખરલમાં શુદ્ધ કરેલા પારદના યોગથી રસો બનાવીએ છીએ. તે ઉપરથી એવો અનુભવ થયો છે કે, જેમ જેમ પારદની શુદ્ધિ (ઉપાસના) વધારે કરતા ગયા, તેમ તેમ તેમાંથી બનાવેલા રસો ઉત્તરોત્તર વધુ બળવાન અને વધુ કામ કરનારા જણાયા. કહેવાની મતલબ એ છે કે, જો વૈદ્યો પારદને બરાબર સંસ્કાર આપે અને તેના વડે કોઇ પણ જાતનો રસ બનાવે, તો આ વિષયને મથાળે લખેલા ભૈષજ્યરત્નાવલિના શ્લોક પ્રમાણે કોઇ પણ રોગમાં ફતેહમંદ રીતે કામ કરીને, વૈદ્યરાજોને ધન, યશ, કીર્તિ અને પુણ્ય અપાવે છે. માટે સિદ્ધ ભગવાન તથા યોગીરાજોના નિર્માણ કરેલા રસશાસ્ત્રનો અભ્યાસ કરી, ધનનો લોભ નહિ રાખતાં, જગત પર ઉપકાર કરવાની ઇચ્છા રાખી, રસશાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે પારદને આઠ સંસ્કાર આપી વાપરવાની અમે સર્વ વૈદ્યરાજોને ફરીથી ભલામણ કરી છીએ.

રસશાસ્ત્રના ગ્રંથોમાં પારદના અઢાર સંસ્કાર કરવાનું કહેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને તે પછી વૈદ્યોને માટે આઠ સંસ્કારની રજા આપેલી છે. પરંતુ હાલના કેટલાક વૈદ્યરાજો પારદના અઢાર સંસ્કાર થયા પછી પારદમાં જે જાતની અદ્‌ભુત શક્તિ ઉત્પન્ન થાય છે, તેવી શક્તિ સંસ્કાર આપ્યા વિના મેળવવા માટે મથન કરે છે અને તેમાં નિષ્ફળ થવાથી શાસ્ત્રો ઉપર અપવાદ મૂકે છે. પણ પારદનો નવમો સંસ્કાર જે ગધન્-ભક્ષણ એટલે અભ્રકના સત્ત્વનો ગ્રાસ આપવો એમ લખ્યું છે. હવે તેનો ગ્રાસ આપવા માટે અભ્રકના સત્ત્વનું એટલે પાર્વતીના વીર્યનું પાતન કરવું જોઈએ. તે સત્ત્વ-પાતનાવિદ્યાનો સ્વપ્ને પણ વિચાર કર્યા સિવાય, માત્ર અભ્રકમાં વાટીને નવમો સંસ્કાર પૂરો કરનાર વૈદ્યરાજને સિદ્ધિ શી રીતે પ્રાપ્ત થાય? સિદ્ધિ મેળવવા માટે જે લોકો પ્રયત્નમાન થાય છે, તે લોકોએ યાદ રાખવું જોઈએ કે, **જે વસ્તુનો જેને ખપ નથી, તે વસ્તુજ તેની પાસે આવે છે.** એટલે યોગીઓ તથા સિદ્ધોને ધનનો ખપ નથી, તો તેમનેજ સુવર્ણસિદ્ધિ મળે છે. અર્થાત્ તેમને હાથેજ પારદ સહસ્રવેધી, લક્ષવેધી કે કોટિવેધી થઈ, તે પ્રમાણે ધાતુનો વેધ કરી, તેનું સુવર્ણ બનાવે છે. અને તેવાજ સિદ્ધોને હાથે જળોકાગંધ, ઉડિયાનગંધ, ખેચરી, ભૂચરી કે અગોચરી સિદ્ધિને આપનાર પારદ તૈયાર થાય છે. એટલા માટે આપણે વૈદ્ય લોકોએ આઠ સંસ્કારની ઉપર બીજા સંસ્કાર કરવાને પ્રવૃત્ત થવું એ આપણી ભૂલજ છે. આપણે તો રસશાસ્ત્રમાં આપેલા અધિકાર પ્રમાણે વિધિપૂર્વક લોભરહિત રહી આઠ સંસ્કાર કરી પારદને બુભુક્ષિત બનાવી, તેના પ્રયોગો એટલે રસો તૈયાર કરી, રોગીના રોગને હઠાવી તેને આરોગ્ય આપી, સહજમાં જે મળે તે ઉપર સંતોષ રાખી કામ કરવાનું છે. હવે જેઓ એ પ્રમાણે પારદની ઉપાસના કરી વિધિપૂર્વક રસો બનાવી તેનો ઉપયોગ કરશે, તેઓના હાથમાં અમૃતસિદ્ધિ પ્રાપ્ત થશે એવો **અમારો નિશ્ચય છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણચંદ્રોદય સિદ્ધમકરધ્વજઃ–શાર્ંગધરસંહિતાના નિયમ પ્રમાણે પારદની શુદ્ધિ કરી તેને બુભુક્ષિત બનાવી, સુવર્ણ-ગ્રાસ આપી, જેનો **પૂર્ણચંદ્રોદય સિદ્ધમકરધ્વજ** બનાવવાનો પ્રયોગ હાલ ચાલુ છે, તેનો વિધિ નીચે પ્રમાણે લખીએ છીએઃ–

બજારમાં વેચાતો પારો ૪૦૦ તોલા લાવી, પ્રથમ ૧ શેર રાઈને ખરલમાં ખૂબ ઝીણી વાટી, તેમાં ૧।। શેર લસણની કળી નાખી તે બેઉને ખૂબ ઝીણું વાટી, તેની મૂસ બનાવી. પછી તે મૂસમાં ૪૦૦ તોલા પારો ભરી, તેનું મુખ બંધ કરી જાડા ડોટીના (બાદી) કપડાની ચાર બેવડ કરી તેમાં તેની પોટલી બાંધી, એક માટીના વાસણમાં તે પોટલી લટકાવી, પોટલી ડૂબે એટલી કાંજી ભરી ચૂલે ચડાવી સ્વેદન કરવા માંડ્યું. જેમ જેમ બળતી ગઈ તેમ તેમ બીજી કાંજી તેમાં ઉમેરતા ગયા; પણ ચાર પ્રહર સ્વેદન થયા પછી માટીનું વાસણ નીચેથી ફાટ્યું, જેથી કાંજી ચૂલામાં પડવાથી ચૂલો ઓલવાઇ ગયો. એટલે બીજે દિવસે તાંબાનું વાસણ ચડાવી તેમાં કાંજી ભરી બીજા ત્રણ દિવસ અહોરાત્ર સ્વેદન કર્યું અને ચોથે દિવસે તે દોલાયંત્રમાંથી પોટલી કાઢી તેને ગરમ પાણીથી ધોઇ પારાને જોખી જોયો, તો વજનમાં પૂરો ઊતર્યો અને તાંબાના વાસણને કાંઇ નુકસાન થયું નહિ. આ ઉપરથી ચેતવણી આપવાની કે ત્રણ અહોરાત્ર સુધી માટીનું વાસણ તાપ ખમી શકે એવું મળવું અસંભવિત હોય, તો તાંબાના વાસણમાં પારાનું દોલાયંત્ર ગોઠવવું. તે પછી તે પારાને ખરલમાં નાખી બશેર કુંવારપાઠાના રસમાં ખરલ કર્યો. પછી ચિત્રાનો ઉકાળો બશેર લઇ તેમાં ખલ કર્યો. પછી કાકમાચી એટલે પીલુડીના બશેર રસમાં ખલ કર્યો. પછી ત્રિફળાના બશેર ઉકાળામાં એક દિવસ ખલ કર્યો. એ ખલ એવી રીતે કરવામાં આવ્યો હતો કે, રસ કે ઉકાળો નાખ્યા પછી તે સુકાઇ જાય એટલે તે વનસ્પતિનો ભૂકો તેમાં હોય તે ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો રસ નાખીને ઘૂંટતા હતા. એ પ્રમાણે ઘૂંટતાં અમને સોળ દિવસ લાગ્યા. તે પછી તે પારાને ગરમ પાણીથી ધોઇ સાફ કરીને એક દિવસ કાંજી અને સિંધવમાં ખરલ કર્યો. તે પછી પારાના વજનથી અર્ધો સિંધવ મેળવીને લીંબુના રસમાં ચાર દિવસ ખલ કર્યો. ત્યાર પછી રાઇ, લસણ અને નવસાર એ ત્રણે મળીને પારાના વજન પ્રમાણે લઇને કાંજીમાં ખરલ કરવાનું શરૂ કર્યું. એ ખરલમાં છ દિવસ વટાયા એટલે તે ઔષધિમાં પારો મૂર્છિત થઈ ગયો. તે પછી વાટતાં વાટતાં જ્યારે ગોળી વળે તેવો પારો મૂર્છિત થયો, ત્યારે તેની એક રૂપિયા જેટલી પહોળી અને બે રૂપિયા જેટલી જાડી ટીકડીઓ બનાવી તેને તડકે સૂકવી. સુકાયા બાદ ચોખ્ખી રસની હિંગ શેર એક લઈ, તેને પાણીમાં એવી રીતે વાટી કે દૂધ-પાક જેવો નરમ રસ થયો. તેમાં પેલી મૂર્છિત પારાવાળી ટીકડીઓ બોળીને તડકે સૂકવી. તે પછી જે ટીકડીઓના ૫ ભાગ કરી તે-માંનો ૧ ભાગ માટીના પહોળા મોઢાના (વાસણ) પાટિયામાં તળિયે ગોઠવી તેના ઉપર મીઠું શેર ૫ ઢાંકી, બીજું પાટિયું ઊંધું વાળી તેના સાંધાને બડી, મીઠું અને નવસાર મેળવીને સંધિલેપ કરી, ત્રણ કપડમટ્ટી કરી તડકે સૂકવી, એ ડમરુયંત્રને ત્રણ પ્રહર સુધી ચૂલે ચડાવી નીચે અગ્નિ આપ્યો અને ડમરુ-યંત્રની ઉપર પાણીમાં પલાળેલા કપડાનાં પોતાં મૂકતા ગયા. બીજે દિવસે ડમરુ છોડી જોતાં જણાયું કે, ૩ ભાગ ટીકડીમાંનો પારો ઉપર ઊડ્યો છે અને ૧ ભાગની ટીકડી બળ્યા વિનાની કાચી રહેલી છે. તેથી બીજે દિવસે આગલા દિવસની વધેલી કાચી ટીક-ડીઓ અને ૧ ભાગની બીજી ટીકડીઓ મૂકી, આગલા દિવસવાળું મીઠું અને તેમાં ઘટતું બીજું ઉમેરી ૫ શેર વજન કરી, તે ટીકડી ઉપર દાબીને આગળની માફક ડમરુયંત્ર બનાવી ચૂલે ચઢાવી અગ્નિ આપ્યો, એવી રીતે પાંચ વખત પાંચ ડમરુયંત્રમાં ૫ શેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારાને ઉડાવ્યેા. એ પ્રમાણે પારાને ડમરુયંત્રમાં ઉડાવ્યેા અને છેલ્લે તમામ પારાને જોખી જોતાં તે પારેા ૮૪ તેાલા થયેા. આ ક્રિયામાં અમારી કાંઈ ભૂલ થયેલી જણાય છે, કારણ કે પારેા ઘણેા ઓછેા ઊતર્યેા. પણ એટલું અનુમાન થાય છે કે, હિંગ અને મીઠું એ પારદની ભસ્મ કરવાવાળા પદાર્થો છે, તેથી કેટલેાક પારેા ભસ્મરૂપ બનવાથી ઘટ પડી હેાય. છતાં જો બીજા વૈદ્યરાજો પારાના ડમરુયંત્રને ચાર પ્રહર કરતાં વધારે વાર આંચ આપે અને ડમરુયંત્રની ગેાઠવણ કરતાં સાવધાની રાખે, તેા અમારા કરતાં વધારે પારેા મેળવી શકે એમ અમારું માનવું છે. એ પ્રમાણે તૈયાર થયેલેા પારેા લઇ તેને સૂંઠ, કાળાં મરી, પીપર, જવખાર, સાજીખાર, સિંધવખાર, સંચળખાર, બંગડીખાર, મીઠું, તલની કરાંડીની રાખેાડી, લસણ, નવસારખાર અને સેકટા (સરગવા) ની છાલ એ ૧૩ ઔષધિ સાથે પારાને સરખે ભાગે લઇ, લીંબુના રસમાં ખરલ કરવેા એમ લખેલું છે; તેને બદલે અમે ૫ શેર લીંબુનેા રસ લઈ ઉપરની ૧૩ ઔષધિ સાથે પારાને ઘૂંટયેા. તે એવી રીતે કે, તે પારાને તપ્ત ખરલમાં નાખી ખરલની નીચે અગ્નિ સળગાવ્યેા. જેમ જેમ રસ બળતેા ગયેા, તેમ તેમ કાંજી ઉમેરતા ગયા. એ પ્રમાણે ત્રણ દિવસને બદલે ચાર દિવસ એટલે ૯૬ કલાક, એક મિનિટ પણ અટકયા સિવાય તપ્ત ખરલમાં પારાને ઘૂંટયેા, જેથી પારેા દીપન-સંસ્કારવાળેા એટલે બુભુક્ષિત થયેા.તે બુભુક્ષિત થયેલા પારામાંથી ૪૦ તેાલા પારદ લઈ, તેમાં ૧૦ તેાલા સેાનાના વરખ મેળવી, ખરલ કર્યો અને તે પછી ગંધક શેર ૧ ને દૂધમાં શેાધી તેમાં તેની કાજળી બનાવી, તેને વડની મૂળીના ઉકાળામાં ઘૂંટી. તે ઘૂંટતાં ઘૂંટતાં સુકાઇ ગયેા, ત્યારે તેમાં બીજો ૫ શેર ગંધક મેળવી, વાટીને અગનશીશીમાં ભરીને, બત્રીશ પ્રહર વાલુકાયંત્રમાં આંચ આપી. સ્વાંગશીત થયે શીશી ફેાડી તેમાં તૈયાર થયે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેા રાતા રંગનેા હિંગળેાક જેવેા પદાર્થ અને નીચે રહેલી ગંધકની રાખેાડીને લેગાં વાટી, વડની મૂળીના કવાથમાં ઘૂંટી, ઉપર પ્રમાણે બીજો ગંધક મેળવી, વાલુકાયંત્રમાં ચાર અહેારાત્ર એટલે દશ પ્રહરની આંચ આપી. એ પ્રમાણે દર વખતે ગંધક શેર ૬ સાથે પારાને શીશીમાં ભરી વાલુકાયંત્રમાં પકાવી, શતગુણ (૧૦૦) ગંધકનું જારણ કરવાનું કામ હાલ ચાલે છે. તેમાં ૭૨ રતલ ગંધક વપરાયેા છે અને બાકીનેા ૩૦ રતલ ગંધક બાકી રહ્યો છે, તે હવે પછી બીજી પાંચ ભઠ્ઠીમાં પૂરેા થશે.

એ પ્રમાણે ૧૦૨ રતલ ગંધકનું જારણ કર્યા પછી ૧૮ મી ભઠ્ઠી ચંદ્રોદય બનાવવા માટેની ચઢવાની છે. તેને માટે ગંધકની શુદ્ધિનું કામ આ પ્રમાણે ચાલે છે. ગંધક શેર ૬ લઈ તેમાં ઘી શેર ૧॥ નાખી ગંધકને પિગળાવી ૨૦ શેર દૂધમાં ઠંડેા પાડ્યેા. એ પ્રમાણે તલનું તેલ, એરંડિયું, કેાપરેલ, સરસિયું, ડેાળિયું, અળસીનું તેલ, લીમડાની લિંબેાળીનું તેલ, કરંજિયું તેલ, અશાળિયાનું તેલ અને કપાસિયાનું તેલ દેાઢ દેાઢ શેર લીધું. તેમા પેલેા ગંધક ઉકાળી ઉકાળીને દરેક વખતે ૨૦ શેર દૂધમાં ઠંડેા પાડતા ગયા. તે પછી બિલામાંના, જાયફળના, દારૂડીના, બદામના, ખસખસના, બાવચીના, દૂધીના, કાજૂના અને ચિનીકબાલાના તેલને બદલે તે તે વસ્તુઓ એકેક શેર લઈ, તેને બાંડી ૧ શેર તલના તેલમાં પિગળાવી ગાળીને તેમાં ગંધકને ગળાવી બાંધ મણ દૂધમાં ઠંડેા પાડવાનું કામ ચાલુ છે. તે પછી મધુરસના એટલે ભીંડાનાં મૂળ, કાંસકીનાં મૂળ, શેરડીનાં મૂળ, દાભડા (દર્ભ) નાં મૂળ, શતાવરી, ધેાળી મૂસળી, એખરેા, ગેાખરુ, નિર્ગુંડી, સાલમ, ધાણા અને વડની છાલ ચાર ચાર શેર લાવી, તેને ૧ મણ પાણીમાં ઉકાળી, ૧૦ શેર પાણી રહે ત્યારે પેલા ગંધકને ગરમ કરી, આ ઉકાળેા ઠંડેા પાડીશું. તે પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાટો રસ એટલે આમલી, કરમદાં, લીંબુ, કાચી કેરી, અંબાડા, કોકમ, ચૂકાની ભાજી, બોર, બિલ્લેરાં, કમરખ, લીલી દ્રાક્ષ અને ચણાનો ક્ષાર એ બાર વસાણાંનો ઉપર પ્રમાણે ઉકાળો કરી, તેમાં ગંધકને ઠંડો પાડીશું. તે પછી બારો રસ એટલે લૂણી, મોરસ, મછીઓ, મોટી લૂણી, ઝંઝેટાની રાખ, કેળની રાખ, બરસાણીની રાખ, આકડાની રાખ, અરણીની રાખ, થોરની રાખ, જવખાર અને સિંધવખારના ઉપર પ્રમાણે જુદા જુદા ઉકાળામાં ગંધકને ઠંડો પાડીશું. તે પછી તીખો રસ એટલે સૂંઠ, મરી, પીપર, અજમો, તજ, લવિંગ, તેજબળ, અકલગરો, મૂળા, જાવંત્રી, પીપરીમૂળ અને ચવ્વક શેર શેર લઇ, તેનો ઉપર પ્રમાણે જુદો જુદો ઉકાળો કરી, તેમાં ગંધકને પિગળાવી ઠંડો કરીશું. તે પછી કડવો રસ એટલે કુંવાર, લીમડો, કાચકી, કેલમ, કરિયાતું, કાળીજીરી, કડુ, ઈન્દ્રજવ, સાથરા, ઉનાબ, કરમાણી અજમો અને અજમોદ બબ્બે શેર લઇ પાણી મણ ૧ માં જુદો જુદો ઉકાળી, ૧૦ શેર પાણી રહે ત્યારે તેમાં ઉપરના ગંધકને પિગળાવી ઠંડો પાડીશું. તે પછી કષાયરસ એટલે હરડાં, બહેડાં, આમળાં, હીમજી હરડે, ભાંગરો, મોથ, અતિવિષ, સુવા, વરિયાળી, દગડફૂલ, હળદર, દારુહળદર, ચિત્રો, ચવ્વક, ધંતૂરો, કાંટાસરિયો, પિત્તપાપડો અને કાકડાશિંગ એ સર્વ જુદાં જુદાં બબ્બે શેર લઇ, તેને પાણી મણ ૧ માં જુદાં જુદાં ઉકાળી, ૧૦ શેર પાણી બાકી રહે ત્યારે તેમાં ઉપલા ગંધકને પિગળાવી ઠંડો પાડીશું. એટલે જેમ પારદ શતગુણ ગંધકથી જારણ થશે, તેમ ગંધકનું ૧૦૦ વખત શોધન થશે. પછી તે પારા–ગંધકનું મિશ્રણ કરી છેલ્લે વાલુકાયંત્રમાં તેનો પૂર્ણચંદ્રોદય સિદ્ધમકરધ્વજ થશે. આનું કારણ એવું છે કે, લાલા શ્યામસુંદરાચાર્યે લખેલું છે કે, પારદને તથા ગંધકને જેમ જેમ જુદી જુદી વનસ્પતિમાં ઘૂંટવામાં અથવા પકાવવામાં આવે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ તેમ તે વનસ્પતિનો ગુણ તેમાં આવે; એટલુંજ નહિ, પણ પારદને ઘણો ઉત્તેજક બનાવે છે એમ લખેલું છે. તે ઉપરથી આ પૂર્ણચંદ્રોદયને ષડ્રસાત્મક વનસ્પતિઓની ભાવના આપી બનાવવામાં આવે, તો તેમાં અપૂર્વ ગુણ ઉત્પન્ન થાય એમ જાણી, આ ક્રિયામાં પ્રવૃત થયા છીએ. બીજી તરફ જુદી જુદી જાતનાં તેલોમાં અને તૈલી પદાર્થોમાં પ્રથમ ગંધક પિગળાવી દૂધમાં ઠંડો કરવામાં આવે છે. તે દૂધવાળા તેલને ઉકાળી તેલ માત્ર આવી રહે અને દૂધ બળી જાય એવી રીતે ક્રિયા ચાલે છે. તે પછી તે બાકી રહેલા ગંધકવાળા તેલને ઉપર લખેલા છયે રસોનાં જુદાં જુદાં વસાણાંના કવાથોમાં સિદ્ધ કરવામાં એટલે બાળવામાં આવશે, જેથી સુશ્રુતાચાર્યે લખેલું **શતપાક** નામનું એક તેલ તૈયાર થશે. જો કોઇ વૈદ્યરાજ પુરુષાર્થ કરી, સુશ્રુતાચાર્યે લખેલા શતપાક અથવા સહસ્રપાક તેલો બનાવે, તો તેમાં લખ્યા પ્રમાણે વૃદ્ધોને યુવાન બનાવી શકાય. પણ આજકાલના જમાનામાં જેઓ મહેનત વગર આઇતું મેળવવાના લોભમાં ફસાયેલા, પૂર્વાચાર્યોએ નિર્માણ કરેલાં ઔષધોનાં નામ ધારણ કરી, મહેનત કર્યા વિના માત્ર ધન કમાવાની આશા અને લાલસા રાખે છે, તેઓ વૈદ્યો નથી પરંતુ આયુર્વેદના ગૌરવને નષ્ટ કરનાર છે એમ સમજવું.

૩૦-પરચૂરણ રોગોના ઉપાયો

૧. **વાળો (નારું)**:-જ્યાં ડાંગર પાકે છે, તે કયારડામાં ડાંગરના છોડવા ઉપર લટકતો કોશેટો થાય છે. તે એક લાવી સૂકવી વાટીને ગોળમાં મેળવી તેની છ ગોળીઓ બનાવવી. છ દિવસ સુધી દરરોજ સવારમાં એકેક ગોળી પાણી સાથે ખાવાથી છ દિવસમાં વાળાનું દરદ મટી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. વાળાના મોં ઉપર કવચાની શિંગની ફૂંવાંટી ચિપિયા વડે ઉપાડીને મૂકવી, એટલે વાળો તરત બહાર નીકળી પડે છે.

૩. એળિયો, હિંગ, અફીણ અને કબૂતરની અધાર એ ચારે વસ્તુઓ સરખે ભાગે લઈ, અરીઠાનાં ફીણમાં વાટી, આખા વાળા પર ચોપડી, તે ઉપર આકડાનું પાન બાંધવાથી ચોવીશથી છત્રીશ કલાકમાં વાળો નીકળી પડે છે. આ દવાથી ઘણા માણસોના વાળા મટ્યા છે.

૪. સેકટાના ઝાડનાં મૂળ છાશમાં ઘસી જાડો લેપ કરવાથી વાળો બળી જાય છે.

૫. નમૂળી અથવા અમરવેલ જેને આકાશવેલ પણ કહે છે, તેને વાટી વાળા પર બાંધવાથી વાળો મરીને નીકળી જાય છે.

૬. બાદીઆન તોલો ૦ા થોડા દહીં સાથે ત્રણ દિવસ સુધી દિવસમાં ત્રણ વાર ખાય, તો વાળો ગળી જઇ આરામ થાય છે.

—યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

૧. વાળો અથવા નારુંનો ઉપાયઃ-કાચકીનાં પાન તોલો ૧, લીમડાનાં પાન તોલો ૧, વડાગરું મીઠું વાલ ૦ા, હિંગ વાલ ૦ા અને ચૂલા ઉપરની મેશ વાલ ૦ા એકત્ર કરી વાટી છાશમાં મેળવી લેપડી બનાવી વાળાની જગ્યાએ મૂકવી તથા આજુબાજુ સોજા ઉપર પણ એજ દવા પાતળી કરી ચોપડવી અને પાટો બાંધવો, જેથી વાળો બહાર આવી જશે. તેને એક કપડાની નાની વાટ બનાવી, તેની સાથે વાળાનો બહાર આવેલો તાર બાંધી વીંટાળવો. જેમ જેમ વાળો, બહાર આવતો જાય, તેમ તેમ તેને વીંટાળતા જવું, જેથી વાળો તદ્દન બહાર નીકળી જઈ દર્દ મટી જશે. પછી વાળાનો રોગ ફરી નહિ થવા માટે નીચેનો ઉપાય કરવોઃ—

૨. વાળાનો રોગ ફરી નહિ થવા માટેઃ-મોટી હરડેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દળ, બહેડાંની છાલ, આમળાં, સૂંઠ, ગરમાળો, જેઠીમધ અને પીપરીમૂળ એ સર્વ સમભાગે લઇ, અધકચરાં ખાંડી, તેમાંથી દરરોજ ૧ા તોલો લઈ ૧ા શેર પાણીમાં ઉકાળી, તેમાં મધ નાખી પીવાથી વીસ દિવસમાં વાળાનું ઝેર નાબૂદ થઇ જંતુઓનો નાશ થાય છે. ઉપલા ચૂર્ણને વસ્ત્રગાળ કરી મધ સાથે પણ ચાટી શકાય છે.

—વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ-સુરત

વામવરણાંનાં પાનને વાટી તેનો લેપ કરવાથી એકજ દિવસમાં વાળો મટે છે.

—એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

કબૂતરની અઘાર, કળીચૂનો, મૂળાનાં બીજ અને સાબૂ એ સર્વને એકત્ર વાટી પાણીમાં મેળવી વાળા, ઉપર થેપલી મૂકવાથી વાળો મટે છે.

—વૈદ્ય વાસુદેવ નાગરદાસ-જસકા

સસલાની લીંડી વાટી ગોળમાં ગોળી કરી સાત દિવસ આપવું. ઊંદરની લીંડી તથા સાબૂ તેલમાં બદબદાવી બાંધવું.

—વૈદ્ય મણિલાલ જાદવજી જોષી-કાનપર

ઇંગોરિયાનાં મૂળની છાલ વાટી તેની થેપલી વાળા ઉપર મૂકી પાટો બાંધવો અને નીચે જણાવેલું તેલ સહેવાતું ગરમ સિંચવું.

તેલઃ-ઝેરી પરબોળિયો કે જે થોર ઉપર થાય છે, તેનાં પાનનો રસ શેર ૦॥, ઇંગોરિયાના મૂળની છાલ તોલા ૫, (બોબરી કરેલી) બજરનાં પાનનો રસ તોલા ૫ અને રસકપૂર તોલો ૧, બારીક વાટીને તલનું તેલ શેર ૧ લઈ કડાઇમાં નાખી ચૂલે ચડાવી ધીમે તાપે ગરમ કરી, તેમાં ઉપરના રસ તથા છાલનું ચૂર્ણ ધીમે ધીમે નાખતા જવું અને પ્રીણ બેસી જઇ માત્ર તેલ રહે, ત્યારે ગાળી લેવું. વાળા ઉપર આ તેલ સિંચ્યા કરવાથી વાળાનાં ગૂંચળાં નીકળી પડશે.

—વૈદ્ય નંદરામ પ્રાગજી-નાગેશ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળાં નંગ બેમાં ભિલામું નંગ એક વાટી ત્રણ દિવસ બાવાથી વાળો મટે છે.

—ડોક્ટર દામોદર ગોપાળ રણદીવે–સુરત

૧. અગ્નિદગ્ધઃ–(અગ્નિથી દાઝે તે ઉપર) કોઇ દાઝે કે તરત કુંવારનો રસ અથવા લોહી અથવા તલનું તાજું તેલ ચોપડવું. પછી બળતરા થાય અને બહુ દાઝેલ હોય, તો વાંદરાની વિષ્ટા પાણીમાં વાટી ચોપડવાથી દાહ શાંત થાય છે તથા મટે છે.

૨. આંબાનાં પાન લાવી સૂકવી બાળી તેની રાખોડીનો તેલમાં મલમ કરી ચોપડવાથી મટે છે.

૩. બાવળની છાલનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી કોપરાનું તેલ (કોપરેલ) નાખી મલમ કરી ચોપડવાથી સાતઆઠ દિવસમાં આરામ થઈ જાય છે.

—વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

તાત્કાળિક શાંતિને માટે ચૂનાનું નીતર્યું પાણી અને તેલ ફીણવું. પછી રાળ નાખી ફીણીને ચોપડવું અથવા તેલ શેર ૦॥, રાળ બે આનીભાર અને મીણ તોલા ૨ લઈ, પ્રથમ તેલમાં મીણ મેળવવું. પછી રાળ વાટીને નાખવી એટલે ઘોળું ફીણ આવશે. જ્યારે લાલ થાય ત્યારે ઉતારી લેવું. ઠંડું પડ્યા પછી ચોપડવાથી દાઝ્યા પછી બે પાડ્યું હોય, તો પણ તે મટી જાય છે.

—માસ્તર કેશવરામ હરિશંકર ભટ્ટ–કાપોદ્રા

ગમે તેવી રીતે અગ્નિદાહ થઈ મનુષ્યનું કોઈ પણ અંગ દાઝી ગયું હોય અને ફોલ્લા ઊઠ્યા હોય તથા તેમાં અત્યંત પીડા થતી હોય, તો ફોલ્લા ફોડી સિદ્ધ કરેલું તેલ (ઘઉંની પૂરી વગેરે તળવાથી પાકું થયેલું તેલ) દાહ ઉપર ચોપડી બાવળની છાલ (અંતરછાલ નહિ, પણ ઉપરનીજ છાલ લેવી.) તેનું ચૂર્ણ કરી ઉપર ભભરાવવું. આથી ગમે તેવો દાહ હશે અને કોઈ પણ ઉપચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાથી નરમ પડતું નહિ હોય તથા બીજા કોઈ ઉપચારથી પાકવાની દહેશત રહેતી હોય, ત્યાં આ દવાનો દિવસમાં ત્રણચાર વખત ઉપયોગ કરવાથી મટે છે.

—અક્ષરપુરુષોત્તમ ઔષધાલય-સારસા

હીરાદખ્ખણ તોલો ૧, સફેદ કાથો તોલો ૧ અને કપૂર તોલો બે આનીભાર લઈ, વાટી વસ્ત્રગાળ કરી સો પાણીએ ધોયેલા ઘીમાં મેળવી ચોપડવાથી ઠંડક આપે છે તથા અંદરની ફોડને મારે છે. દાઝેલા ઉપર તથા ચાંદી ઉપર અકસીર છે.

—વૈદ્ય પુરુષોત્તમ બહેચરદાસ યાજ્ઞિક-કાલોલ

દાઝેલાનો મલમઃ-રાળ તોલા ૨॥, મીણ તોલો ૧॥ અને તલનું તેલ તોલા ૧૦ લઈ, પ્રથમ રાળને વાટી વસ્ત્રગાળ કરી, પછી તેલ અને મીણ ગરમ કરી અંદર રાળ નાખી હલાવતા જવું. જ્યારે બે ઊભરા આવી જાય ત્યારે અગ્નિ પરથી ઉતારી એક તપેલામાં પાણી શેર ૧૦ લઈ, તેમાં એ મલમ રેડી દેવો અને તેમાં ફીણવો, એટલે ઘી જેવો મલમ તૈયાર થશે. દાઝેલા ફોલ્લા વગેરે ઉપર તથા ચાંદાં ઉપર આ મલમની પટી કરીને મૂકવી અથવા આછો આછો ચોપડવાથી રૂઝ લાવી અગનને નરમ પાડી શાન્તિ આપે છે.

—વૈદ્ય છગનલાલ આત્મારામ-સુરત

ચોટ કે વાગ્યું હોય તે માટે બિલાડા સ્વરસઃ-બિલાડાનો પાતાળયંત્રથી સ્વરસ કાઢી, તે રસ તોલો ૧, લવિંગ તોલા ૨, અને જાયફળ તોલો ૦॥ આનીભાર નાખી ખરલમાં ચાર પહોર એકસરખો ઘૂંટવો. માત્રા વાલ ૧ ઘી સાથે અથવા સાકરના શીરા સાથે ખાવી. ઘી તથા દૂધ ખૂબ ખાવાં જેથી ગરમ પડે નહિ. ગુણઃ-મૂંઢમાર, ઊંચેથી પડી જવાથી હાથપગ છાતી અથવા આખા શરીરે ધક્કો લાગ્યો હોય, તો આ દવાથી તરત આરામ થઈ જાય છે. વાયુથી શરીર જકડાઇ ગયું હોય તો પણ કામ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દવા એકાંતરે વાપરવી. ઓછામાં ઓછી ત્રણ વખત અને વધારેમાં વધારે આઠ વખત વાપરવી, દરરોજ વાપરવી નહિ. આ દવા ખાનારે શરીર શેકવું નહિ, તડકામાં ફરવું નહિ. કદાચ તેમ કરવાથી શરીરે ફૂટી નીકળે તો કોપરું ખવડાવવું તથા શરીરે છાણનો લેપ કરવાથી મટી જશે. ઘી, સાકર અને દૂધ પુષ્કળ ખાવા આપવાં. દવા શ્રેષ્ઠ છે. હજારો રૂપિયા ખરચવાથી ન મટે તેવું દરદ આ દવાથી મટી જાય છે.

—વૈદ્ય દેવજી આશુ

આગંતુક (હથિયારનો) ઘા વાગ્યો હોય તે માટેઃ- અરણીનાં પાન વાટી ઘીમાં તળી બાંધવાથી રૂઝ આવે છે. અથવા ઘાની અંદર ઘાબાજરિયાનું ફૂ ભરી પાટો બાંધવાથી રૂઝ આવે છે. અથવા ઘાબાજરિયું બાળી તેની રાખ તેલમાં મેળવી ઘામાં ભરી પાટો બાંધવાથી રૂઝ આવે છે. અથવા વડના દૂધમાં રૂનું પૂમડું બોળી ઘામાં મૂકી પાટો બાંધવાથી રૂઝ આવે છે.

—માસ્તર નરભેરામ હરજીવન-નવાગામ

કોઢ અને આમવાયુ માટે હરિદ્રાદિ ગુટિકાઃ- લીલી હળદર એક અધોળ તથા બરસાણીની પાલી બેઆનીભાર લઇ બન્નેને વાટી પાવલીભારની ગોળીઓ બનાવવી. પહેલા દશ દિવસ એકેક ગોળી પાણી સાથે આપવી. બીજા દશ દિવસ બબ્બે ગોળી, ત્રીજા દશ દિવસ ત્રણ ત્રણ ગોળી, ચોથા અગિયાર દિવસ ચાર ચાર ગોળી પાણી સાથે લેવી અને ઉપરથી એક ગોળીએ અધોળ માખણ ખાવું. એ પ્રમાણે જેટલી ગોળીઓ જેમ લેવાય તેમ તેટલા અધોળ માખણ પણ સાથે લેતા જવું. ગોળી લીધા પછી એક કલાકે ઘીસાકરનો મારો રાખવો. આ ઔષધથી ઊલટી તથા ઝાડો થશે, તેથી ખવાશે નહિ પણ ધીમે ધીમે થોડું થોડું ઘી પાયા કરવું એટલે ફિકર નહિ, પણ રાત્રે તો ખવાશે. (ઘી, સાકર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘઉં, મગની દાળ, મીઠું, ગરમ મસાલો વગેરે) પરેજીમાં તેલ, મરચાં, હિંગ, આમલી, કેળું, કોળું, વાલ, વટાણા બિલકુલ ખાવાં નહિ. વાલને વાલનાં છોડાંને તથા કેળાં વગેરેને ત્રણ માસ સુધી અડકવું પણ નહિ, તેમજ ગોળને તો ત્રણ વરસ સુધી અડકવું જ નહિ. આ ઉપાયથી ઊલટી તથા ઝાડા થતા અમળાશે તેની બહુ ફિકર કરવી નહિ.

—વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઇ જાની-સુરત

કુષ્ઠરોગનો ઉપાયઃ-બાવચી શેર ૨ અને લીમડાનાં પાન શેર ૩ લઇ, બારીક વાટી સવારસાંજ એકેક તોલો ચૂર્ણ પાણી સાથે ખાવું. પથ્યમાં ખાટું, ખારું, લવણ, ઘી, તેલ વગેરેનો ત્યાગ કરવો તથા ચણાની લૂખી રોટલી ખાવી અથવા ચણા બાફીને ખાવા. જો ચણા ખાતાં કંટાળો આવે તો મગભાત ખાવા, રોગ મટે છે.

એક માણસને આશરે બારેક વર્ષથી કુષ્ઠ રોગ થયેલો હતો. તેણે રસકપૂર, મોરથૂથુ વગેરે અનેક દવાઓ કરેલી પણ કોઇ દવાથી મટયું નહિ. પછી અમે આ દવાનો અગિયાર માસ સુધી પ્રયોગ ચાલુ રાખ્યો તથા ઉપર પ્રમાણે પથ્ય પળાવ્યું, જેથી જડમૂળથી કુષ્ઠરોગનો નાશ થયો છે.

—વૈદ્ય નારણભાઇ બળંતરામ-નડિયાદ

૧. ગલતકુષ્ઠઃ-છાલમોગરાનું તેલ બાહ્યાભ્યંતર વાપરવું જેથી ગલતકુષ્ઠ મટે છે, સિદ્ધોપચાર છે.

૨. ધમાસો તોલા ૪, ખેરસાલ તોલા ૨, કૂકડવેલનું ફળ તોલો ૦॥, લીમડાનું પંચાંગ તોલા ૪ અને બિલાડાંનો મગજ તોલા ૪ લઇ, બારીક ચૂર્ણ કરી ૩ તોલાનો કવાથ કરી આપવાથી ગલતકુષ્ઠનો રોગ મટી જાય છે.

—વૈદ્ય નંદરામ પ્રાગજી-નાગેશ્રી

લીમજ શેર ૦॥, બહેડાં શેર ૦॥, આમળાં શેર ૦॥ અને મીંઢી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવળ શેર ૦ા એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, સૂતી વખતે તોલો ૦ા પાણી સાથે એકત્રીશ દિવસ ફાકવાથી મટી જાય છે.

—બ્રહ્મચારી આત્મારામ ત્રિવેદી

વડની વડવાઇનો રસ કાઢીને પાણી બાળી ઘનસત્ત્વ બનાવી, તેની સાથે શંખજીરું વાલ ૨, ઘી–સાકર મેળવી બાવાથી વાતરક્ત (પત) ને મટાડે છે. તથા આમણ બહાર નીકળતી હોય તો તેને પણ મટાડે છે.

—વૈદ્ય નરસિંહભાઈ માધવભાઈ–કઠોર

અપસ્માર (ફેફરું–મૃગી):–બાળવામાં ન આવી હોય એવી માણસના માથાની સૂકી ખોપરી લાવી, તેને બારીક વાટી ફેફરુંના દરદીને ફેફરું આવતી વખતે સૂંઘાડવી. એક વખત અથવા બીજી વખત સૂંઘાડવાથી ફેફરું ફરીથી આવતું નથી.

—યતિશ્રી રવિહંસજી દીપહંસજી–સુરત

૧. કૂતરાની સૂકી વિષ્ટાનું ચૂર્ણ બે આનીભાર વજને લઈ, જે વખતે ફેફરું આવ્યું હોય તે વખતે ૨ તોલા પાણીમાં મેળવીને એકજ વખત પાવાથી હંમેશને માટે એ રોગ જાય છે. ભાગ્યેજ બીજી વાર પાવું પડે છે.

૨. બોડિયા કલારનો રસ નાકમાં મૂકી નાસ લેવાથી અપસ્માર અથવા ફેફરું મટી જાય છે.

—વૈદ્ય ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદી–સુરત

અપસ્માર માટે:–જે રોગમાં માણસના દાંત બંધાઈ બોલાતું ન હોય, ત્યારે નિર્ધૂમ દેવતા ઉપર કપૂર મૂકી તેની ધૂણી આપવાથી (નાસ લેવાથી) થોડી વારમાં દાંત છૂટશે તથા શુદ્ધિમાં આવશે.

—માસ્તર નરભેરામ હરજીવન–નવાગામ

અપસ્મારની ગોળી:–કડવા તુરિયાનો ગર તથા કડવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૂંબડીનો ગર સમભાગે લઇ, કારેલીના રસમાં ગોળી વાળી આપવી તથા રસ નાકમાં મૂકવાથી મટે છે.

—વૈદ્ય પ્રભાશંકર રવિશંકર ત્રવાડી-અષ્ટગામ

ભવરમાલ (ભમરીનું ઘર) તથા વડનું પાંદડું લઇ, મૃગી આવે ત્યારે ધુમાડો દેવાથી મટે છે તથા ફરીથી આવતી નથી. આ ઉપાય અનુભવસિદ્ધ છે.

—વૈદ્ય વલ્લભદાસ નરોત્તમદાસ-ભરુચ

ઝેરી જનાવરના ડંખઃ-કનઇશાલનો ડંખ-કાનખજૂરાથી નાનું કનઇશાલ નામનું જંતુ થાય છે. તે કોઈ વખત કાનમાં ભરાઈ જાય છે અને અંદર સખત કરડે છે. તે કોઇ પણ ઉગ્ર દવાથી અંદરથી બહાર નીકળતું નથી તેમ મરતું પણ નથી અને દરદી ઘણોજ પીડાય છે. તો તેને માત્ર ખાંડનું પાણી બનાવી કાનમાં નાખવામાં આવે, તો તે અંદર ને અંદરજ મરી જાય છે; બાકી બીજા બધા ઉપાય નિષ્ફળ નીવડયા છે.

—વૈદ્ય નારુશંકર હરગોવિંદ અધ્વર્યુ-બારડોલી

૧. વીંછીનો ડંખઃ-અઘેડાનું મૂળ ઘસીને ચોપડવું અથવા ફટકડી લીંબુના રસમાં ખરલ કરી ચોપડવી અને શેક કરવો. અથવા નવસાર અને કળીચૂનો એકત્ર કરી ચોપડવાથી તથા સૂંઘાડવાથી વીંછીનું ઝેર ઊતરી જાય છે.

૨. સર્પનો ડંખઃ-પ્રથમ ડંખવાળી જગ્યાની ઉપર તથા નીચે બેત્રણ મજબૂત પાટાઓ ઉપરાછાપરી બાંધવા, કરડેલ જગ્યાએ કોઈ ધારવાળા ઓજારથી જખમ કરી લોહી કાઢી નાખવું અને લોખંડની કોઇ પણ વસ્તુ ગરમ કરી ડંખ ઉપર ડામ દેવો. કુલાવેલ મોરથુ સહેજ ગરમ પાણી સાથે આપી ઊલટી કરાવવી. અથવા અરીઠાનું પાણી કરી ઊલટી કરાવવી. અઘેડાનું પંચાંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાટી ડંખ ઉપર જાડો લેપ કરવો તથા કેળનો રસ પાવો. આથી સર્પનું ઝેર શરીરમાંથી નીકળી જઈ આરામ થાય છે.

—વૈદ્ય જમનાદાસ મદનજી વૈષ્ણવ–વેરાવળ

૧. વીછીનો ડંખઃ–આમલીનો કચૂકો ઘસી ચોપડી શેક કરવાથી મટે છે. અથવા ધોળા આકડાનું મૂળ ઘસી ચોપડી શેક કરવાથી મટે છે. અથવા સાગડાનું બીજ ઘસી ચોપડી શેક કરવાથી મટે છે.

૨. ગરોળી (પલવડી) ના વિષ ઉપરઃ–ખાંડ અધોળ તથા હળદર અધોળ મિશ્રિત કરી ફાકવાથી મટે છે.

—વૈદ્ય ઉમિયાશંકર મહાસુખરામ–ઉમરેઠ

વીંછીનો ડંખ (ધૂમ્રપાન)ઃ–અરીઠા નંગ ૫ લઈ તેના છોઠાં કાઢી તે છોડાં ચલમમાં મૂકી અથવા તેની બીડી બનાવી પીવાથી ઝેર ઊતરે છે. એક વખત પીવાથી ન ઊતરે તો બેત્રણ વખત પાવાથી ઝેર ઊતરી જાય છે.

—માસ્તર નરભેરામ હરજીવન–નવાગામ

૧. સર્વ પ્રકારનાં વિષઃ–કોઇ પણ જાતની ઝેરી ચીજ ખાધામાં આવી હોય, તો એક ચમચી બારીક વાટેલી રાઇ તથા દળેલું મીઠું એક ચમચી પાણીમાં મેળવી પાવાથી તુરત ઊલટી થઈ ખાધેલું વિષ તદ્દન ઊતરી જાય છે. આ ઉપાય એક વખત કરવાથી ફાયદો ન જણાય તો બેત્રણ વખત કરવાથી ફાયદો થાય છે.

૨. ગરમ પાણી પાવાથી પણ ઊલટી થઇ ઝેર ઊતરી જાય છે.

૩. વારંવાર ઘી પાવાથી પણ ઊલટી થઇ સ્થાવર વિષ ઊતરે છે, આ ઉપાય અમૂલ્ય છે.

૪. વીંછીનો ડંખઃ–વીંછીના ડંખ ઉપર મધ ચોપડવાથી તુરત આરામ થાય છે. અથવા પાકાં કેળાંને છૂંદી ડંખ ઉપર બાંધવાથી તુરત આરામ થાય છે. અથવા નવસાર તથા હરતાલ સમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગે લઇ પાણીમાં વાટી ડંખ ઉપર ચોપડવાથી ડંખની મહા-પીડા શાંત થાય છે; અથવા ડંખ ઉપર બરફ મૂકવાથી ફક્ત પાંચ-સાત મિનિટમાંજ ઝેર ઉતરી જાય છે.

૫. ભિલામાંઃ-ભિલામાંના વિકાર ઉપર લીંબુનો રસ પીવાથી તથા આમલીનાં પાંદડાંનો રસ ચોપડવાથી ભિલામાંની મહાપીડા શાંત થાય છે.

૬. વીંછીનો ડંખઃ-નાગરવેલનાં પાન બે લઇ તેના ઉપર ચપટી ભરી બારીક મીઠું મૂકી ચવરાવી ઉપરથી પાણી પાવું અને મોઢું ધોઇ નખાવવું. આ ઉપાયથી ફક્ત પાંચ મિનિટમાંજ વીંછીની વેદના મટે છે. કદાચ એક વખત કરવાથી આરામ ન થાય તો બેત્રણ વખત કરવાથી આરામ થઇ જાય છે. ડંખને ઠંડા પાણીથી ધોઈ દળેલું મીઠું ઘસવું, જેથી ઝેર ઉતરી જાય છે.

—અમદાવાદના એક વૈદ્યરાજ

વિષહર યાજ્ઞિકચૂર્ણઃ-ખાખરાના મૂળની અંતરછાલ, આકડાના મૂળની છાલ, અરીઠાની છાલ, ઇંદ્રવારુણીનાં મૂળ, મીઢળની છાલ, મોરથૂથુ અને સાકર એ સર્વ સમભાગે લઇ વસ્ત્ર-ગાળ કરી, તોલો ૦॥ થી ૧ સુધી ૦॥ શેર દૂધમાં મેળવી પાવાથી સર્વ પ્રકારનું ઝેર ઊલટી થઈ નીકળી જાય છે. તમામ ઝેર પેટ-માંથી ઊલટીમાં નીકળી ગયેલું માલૂમ પડે, ત્યારે ઊલટી બંધ કરવા માટે ૦॥ શેર ઘી પાઇ દેવું. આ પ્રયોગ તમામ જાતના ઝેર માટે ઉત્તમ અને અકસીર છે.

—વૈદ્ય પુરુષોત્તમ બહેચરદાસ યાજ્ઞિક-કાલોલ

કલમરી, મધમાખી વગેરેનો ડંખઃ-ખેતરમાંની અથવા રાફડામાંની માટી પાણીમાં ચોપડવાથી તુરત આરામ થાય છે.

—વૈદ્ય આણંદજી અને પીતાંબર સવજી-ઊના

વીંછીના ઝેરની દવાઃ-દળેલી હળદર શેર ૦॥ માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અફીણ ૧ રૂા. ભાર વાટીને શીશીમાં ભરી મૂકવું. પછી જેને વીંછી કરડ્યો હોય તેને દેવતા ઉપર ભૂકો નાખી ધુમાડો આપવો, એટલે વીંછીનું ઝેર ડંખમાંથી નીકળી જશે. આ દવા અમારી ખાસ અજમાવેલી છે. —વૈદ્ય બાળાશંકર પ્રભાશંકર–નાંદોદ

જેને વીંછી કરડ્યો હોય તેને સાડાત્રણ પાન બોરડીનાં અને સાડાત્રણ પાન લીમડાનાં વગરબોલ્યે તોડી લાવી હાથમાં મસળી હાથ ખુલ્લો કરી બતાવીને પૂછવું કે, આ શું છે? એટલે તે કહેશે કે, બોસડ. પાછો હાથ બંધ કરી પેલાં પાન મસળી દરદીને બતાવી–આ શું છે? એમ પૂછી હાથ બંધ કરવો. એ પ્રમાણે તેનાં તે પાન મસળવાં અને બતાવવાં. અગિયાર વખત એ પ્રમાણે કરવાથી વીંછી ઊતરી જશે. પછી એજ પાલો ડંખ ઉપર બાંધી દેવો.

—સાધુ ગંગાદાસ સેવાદાસ–સુરત

૧. દાહરોગ માટે ચંદનાદિ ચૂર્ણ:–સારી સુખડ, અગર, તગર, વાંસકપૂર, વાળો અને સાકર એ સર્વ સમભાગે લઇ ચૂર્ણ કરી આપવાથી દાહરોગ મટે છે.

૨. ઘીને એકસો પાણીથી ધોઇ ચોપડવાથી દાહ મટે છે.

૩. ધાણા અને દ્રાક્ષ પલાળી પીવાથી દાહ તથા તૃષા મટે છે.

૪. ગળજીભીનો રસ એકથી બે તોલા સાકર સાથે પીવાથી દાહ મટે છે.

૫. શંખને પાણીમાં ઘસી વારંવાર પાવાથી દાહ તથા તૃષા મટે છે.

૬. લીમડાની અંતરછાલ અથવા કૂંપળો પાણીમાં વાટી હાથે ફીણ ફીણ ચોપડવાથી દાહ મટે છે.

૭. બોરડીનાં લીલાં પાન લીંબુના રસમાં વાટી ચોપડવાથી દાહ શાન્ત થાય છે.

૮. ઉન્માદ માટે:–બ્રાહ્મી, કોળું, વજ અને શંખાવળી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો અંગરસ જુદો જુદો કાઢી, તેમાં મધ તથા ઉપલેટનું ચૂર્ણ મેળવી પાવાથી તમામ જાતના ઉન્માદ મટે છે.

૯. સૂંઠ, મરી, પીપર, હિંગ, સિંધવ, વજ, કડુ, સરસડાનાં બીજ, કરંજનાં બીજ અને સરસવ, એ સર્વ ગોમૂત્રમાં વાટી, વાટ કરી આંખમાં આંજવાથી ઉન્માદ મટે છે.

૧૦. બ્રાહ્મી, વજ, સિંધવ, શંખાવળી, છીણી, માલકાંકણાં, ઇંદ્રવરણાં અને લીંડીપીપર એ દરેક ત્રણ ત્રણ જવભાર તથા તેમાં સોનાનો વરખ બે જવભાર મેળવી, ઘી સાથે ચાટવું. તે પચ્યા બાદ સાઠી ચોખાનો ભાર મધ તથા ઘી સાથે ખાવો. એ પ્રમાણે કરવાથી ઉન્માદ તથા વાઇ (અપસ્માર)નું દરદ મટે છે. બરાબર મટતાં સુધી દવા ખવડાવવી.

૧૧. સુખડનો ભૂકો, ગાવજબાન, ધાણા, વાળો અને આમળાં એ સર્વ સરખે વજને લઇ ફાંટ બનાવી પીવાથી ચિત્તભ્રમ વાયુ મટે છે.

૧૨. ગુલાબનાં ફૂલ, કમળનાં ફૂલ, સુખડનો વહેર, બનફસા, આમળાં અને ગાવજબાન એનો પાણીમાં કવાથ બનાવી કેશર નાખી શીશીમાં ભરી રાખવું. આ કવાથ બે તોલાભાર હંમેશ પાવાથી ઉન્માદ મટે છે. —વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા-વાગડ

માલકાંકણાં, અજમો અને સૂંઠ સમભાગે લઇ બારીક વાટી, દરરોજ સવારસાંજ અડધાભાર ફાકવું, જેથી ઉન્માદ મટે છે.

—માસ્તર નરભેરામ હરજીવન-નવાગામ

૧. સ્મરણશક્તિ:-એકેક અથવા બબ્બે માલકાંકણાં અધકચરાં વાટી દરરોજ ગળવાનું જારી રાખવાથી સ્મરણશક્તિ વધે છે. અથવા પાંચ ટીપાં માલકાંકણાંનું તેલ દૂધમાં પંદરવીસ દિવસ પીવાથી સ્મરણશક્તિ વધે છે.

૨. જટામાંસીનું ચૂર્ણ બે આનીભાર મધમાં ચાટવાથી સ્મરણશક્તિ વધી બુદ્ધિની મંદતા દૂર થાય છે.

—વૈદ્ય બાળકૃષ્ણ હરિકૃષ્ણ શાસ્ત્રી-ભુવાલડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परिशिष्ट

આ ગ્રંથના ભાગ ૧ લા માં દશ નિબંધો આપ્યા છે. તેમાં આપેલી દવાઓની બનાવટ પૈકી તામ્રભસ્મ અને માણેક-રસની બનાવટ, તે તે સ્થળમાં લખવાનો યોગ નહિ હોવાથી અને પાછળથી એટલી અપૂર્ણતા જણાવાથી, આ નિબંધમાળાને છેડે પરિશિષ્ટના રૂપમાં લખીએ છીએ.

તામ્રભસ્મ બનાવવાની રીતઃ–તાંબના પતરાને ઠેકાણે હાલમાં ખોટા કસબમાંથી તાંબાની ગોટી નીકળે છે, તે તાંબું ઘણા ઊંચા પ્રકારનું હોય છે; તેવી ગોટી ૪૦ તોલા લઇ, તેને સાતવાર ત્રિફળાના ઉકાળામાં છમકારી તથા સાત વાર તપાવીને તલના તેલમાં ટાઢી પાડવા પછી સાત વાર ગોમૂત્રમાં છમકારી પારો શેર ૦।। તથા ગંધક શેર ૦।। એ બેને સાથે વાટી, કાજળી કરી, તે કાજળીને લીંબુના રસમાં ઘૂંટવી. તેમાં તાંબાની ગોટીને મેળવીને એક ગોળો બનાવી સરાવસંપુટમાં મુકી, કપડમટ્ટી કરી ગજપુટનો અગ્નિ આપવો. એવા બે પુટ આપાવથી જે તામ્રભસ્મ બને તે શીત-ભંજી રસમાં નાખવી અથવા બીજા રસોમાં પણ વાપરવી. અમા-રો અનુભવ એવો છે કે, કોઇ પણ ઉપધાતુની ભસ્મ એકલી ખાવી નહિ અને કોઇને ખવડાવવી પણ નહિ; પરંતુ તેને કોઇ પણ રસો-માં નાખી તે રસોની વિધિપૂર્વક બનાવટ કરીને ખવડાવવાથી રોગો ઉપર ઘણીજ સારી અસર કરે છે.

માણેકરસ બનાવવાની રીતઃ–વરખી હરતાલને લાવીને તેને અધકોખરી ખાંડીને, સફેદ અબરખનાં બે મોટાં પાનાં લઇ-ને, એક પાના ઉપર હરતાલ પાથરીને તેના ઉપર બીજું અબર-ખનું પતરું ઢાંકીને, તેના સાંધાને ઘઉંની કણકથી બંધ કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તે પતરા જેવડાં બે છાણાં સળગાવીને, તેનો પાકો દેવતા બનાવીને એટલે છાણાંનો ધુમાડો બંધ થાય તે પછી, એક છાણાના પાકા દેવતા ઉપર પેલા અબરખના પતરાવાળો હરતાલનો ભૂકો મૂકવો અને તેના ઉપર બીજા છાણાનો પાકો દેવતા ઢાંકી દેવો. એટલે દશ મિનિટમાં અબરખનાં પતરાંની વચમાં મૂકેલી હરતાલ, પોતાનો પીળો રંગ તજીને લાલ માણેકના રંગના જેવી ચળકતી બની જશે. એનું નામ માણેકરસ છે. આ ક્રિયા કોઈ શાસ્ત્રમાં જોવામાં આવી નથી, પણ ગુરુપરંપરાથી અમારા જિલ્લાના વૈદ્યોમાં પ્રચલિત છે. એ માણેકરસ કફજ્વરમાં, ત્રિદોષજ્વરમાં, સન્નિપાતમાં અને ખાંસીની હાંકણુમાં, યોગ્ય અનુપાન સાથે એક રતી સુધી આપવાથી વાયુ અને કફના પ્રાધાન્યવાળા રોગોને ઘણી ઝડપથી ફાયદો કરે છે.

આ ગ્રંથના ભાગ ૨ જા માં જે જે રોગના પ્રકરણમાં જે જે ઉપાયો લખવામાં આવ્યા છે, તે અમારા અનુભવસિદ્ધ છે; તો પણ તે તે રોગોના પ્રકરણમાં અમારા અનુભવેલા કેટલાક ઉપાયો લખવાના રહી ગયેલા છે. તેનું શોધન કરીને, યાદ કરીને, વિચાર કરીને, અમારો અનુભવ બાકી ન રહી જાય એટલા માટે, જે જે અનુભવેલા ઉપાયો **અમે જાતે બનાવેલા અને દવાખાનામાં ચાલુ વપરાશમાં લીધેલા છે તે, તેની બનાવટ તથા વાપરવાની રીત સાથે આ પરિશિષ્ટમાં આપ્યાં છે.** તે વાંચીને તે તે ઉપાયો જે જે રોગને અનુકૂળ જણાય તે, રોગીની પ્રકૃતિ, દેશ, કાળ, વય અને વહ્નિનો વિચાર કરી જે વૈદ્યરાજો ઉપયોગમાં લેશે, તેમને યશ, કીર્તિ, ધન અને આખરે પુણ્યની પ્રાપ્તિ થશે.

૧. સુવાવડની પડીઃ–રાસ્ના, દેવદાર, ઇંદ્રવરણું, દારુહળદર, અતિવિષ, પીપળીમૂળ, ચિત્રો, ભારંગમૂળ, હળદર, કડુ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોકરમૂળ (દિવેલો), નગોડ, ખોરાસાની અજમો, ઉપલેટ, સુવા, ગોખરુ, હરડે, ભરમી, અરડૂસો, કાંટાસરિયો, ગળો, મોથ, જવાસો, અરણી, સાટોડી, પહાડમૂળ, બળદાણુ, રેણુકબીજ, વરધારો, કલાર, નસોતર, સૂંઠ, અરણીમૂળ, સૌરાષ્ટી, ઉપલસરી, શતાવરી, કરિયાતું, પીપર, વાળો, ત્રાયમાણ, ભોંયરીંગણી, હિંગેતરી, ગરમાળો, વાયવડિંગ, લીમછાલ, પટોળ, ઇંદ્રજવ, લસણ, ગૂગળ અને પ્રસારણી–એ સર્વ અધો અધો તોલો લઇ, તેના ચાર ભાગ કરી ચાર પડીઓ કરવી. પછી દોઢશેર પાણીમાં એક પડી ઉકાળી, ૦ા શેર પાણી બાકી રહે ત્યારે કપડાથી ગાળી લઇ, એક પૈસાભાર મધ નાખી પાવી. એવી રીતે એની એ પડી સવારસાંજ ઉકાળીને સાત ટંક પાવી. પછી બીજું પડીકું ઉકાળવું, તે એવી રીતે કે, આગલી પડીનું વસાણું ઉકાળાની હાંડલીમાં કાયમ રાખી, તેમાંજ બીજું પડીકું નાખવું અને બીજી વાર ઉકાળતાં બશેર પાણી મૂકવું. ૦ા શેર રહે ત્યારે મધ નાખીને સાત ટંક પાવું. એવી રીતે ત્રીજી, ચોથી પડી ઉમેરતાં અધો અધો શેર પાણી વધારતા જવું, પણ પીવાના કામમાં ૦ા શેર કરતાં વધુ પાણી લેવું નહિ. એ રીતે ચાર પડીકાં ચૌદ દિવસમાં પૂરાં કરવાં. જો ઉપદ્રવવાળી સુવાવડ હોય તો આ ઉકાળો દશ ઊઠણ નાહ્યા પછી સુવાવડીને શરૂ કરવો; અને સુવાવડ ગયા પછી પણ તાવ, છાતીની ગભરામણ, ઊલટી, ઝાડા, સોજા, કેડ પાકેલી વગેરે ઉપદ્રવ થતા હોય તો આ ઉકાળાથી મટી જાય છે.

૨. **ભિલામાંની ગોળીઃ**–ભિલામાં તોલા ૮, ગોળ તોલા ૫, પીપળીમૂળ તોલો ૧, પીપર તોલો ૧, અકલગરો તોલો ૧, સૂંઠ તોલો ૧ અને માલકાંકણી તોલો ૧, એ સર્વેને વાટી, ગોળમાં મેળવી, બોર જેવડી ગોળી કરવી. પછી રોગનું બળ જોઇને એક અથવા બબ્બે ગોળી સવારસાંજ ખવડાવવી. એ ગોળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનારને તેલ તથા તેલનાં ભજિયાં વધારે આવાની રજા આપવી. પણ ઘી, દૂધ તથા ગળપણની સખત પરેજી કરાવવી. જેટલું તેલ આશે તેટલો વધારે ફાયદો થશે અને ગળપણ, દૂધ, ઘી તથા ખટાશ આશે તો સારું થશે નહિ. આ ગોળી સંધિવા, લકવા વગેરે વાયુનાં દર્દો ઉપર રામબાણ દલિાજ છે.

૩. **દારૂડીઃ**—આ છોડને સુવર્ણક્ષીરી, દારુડિયો, ઉત્કંટો, બ્રહ્મદંડી, કાંટાસરિયો, જંગલી ધંતૂરો અને સત્યાનાશી એટલાં નામોથી ઓળખીએ છીએ. એનાં બીજમાં તેલ રહેલું છે; તેથી તેને વાટી મૂકીએ તો તે ઉપર ફૂગ ચડી બગડી જાય છે; પણ એનાં આખાં બીજ પાંચ વર્ષે પણ સડતાં કે બગડતાં નથી. આ છોડ અદ્‌ભુત ચમત્કારી છે.

જેને **એકાંતરિયો કે ચોથિયો તાવ** આવતો હોય, તેના ઉપર ૧ વાલથી ૨ વાલ બીજ લઇ, તેને પાણીમાં ઝીણું વાટી, તેમાં અર્ધામાં આટાં લીંબુનો રસ નાખી, તાવ આવતાં પહેલાં એક અથવા બે વાર પાવાથી તાવ અટકી જાય છે. અંગ્રેજી દવામાં ક્વિનાઇન જેટલું કામ કરે છે, તેટલું કામ દારૂડિયાનાં બીજ કરે છે. ક્વિનાઇન વધારે આપવાથી કાનમાં બહેરાશ લાવે છે અને જો શરીરમાં ૯૯ કે ૧૦૦ ડિગ્રી તાવ હોય અને તે અરસામાં ક્વિનાઇન આપ્યું હોય, તો તે તેટલો તાવ કાયમ રાખે છે અને તેનો આખરે જીર્ણજ્વર થઇ જાય છે; તેવો ગુણ એ બિયામાં નથી. એ બિયાંનું પ્રમાણ વધારે પીવાથી કોઇ પણ જાતનું નુકસાન થતું નથી. જો કોઈને **પેટમાં દુખવાનો** રોગ હોય તો બે આનીભારને આશરે આ બિયાં વાટી, તેમાં એક વાલ શ્રીફળક્ષાર મેળવી પાણી સાથે પકાવીએ, તો ઝાડો થઈને પેટમાં દુખવાનું બંધ કરે છે. અંગ્રેજીમાં **સોડાબાઇકાર્બ** જેમ પેટનો દુખાવો મટાડે છે, તેમ આ બીજ પેટનો દુખાવો મટાડી પેટને ચોચું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવે છે. જો કોઇની આંખ દુખવા આવી હોય, તો દારૂડીના ઝાડ પાસે જઇ તે ઝાડને ચપ્પુથી કાપે એટલે પીળું દૂધ નીકળશે, તે દૂધ આંખમાં આંજવાથી આંખ સારી થાય છે. જો પેશાબમાં ચાંદી પડી હોય, તો એ પીળું દૂધ અને તલનું તેલ ફીણીને ચોપડવામાં આવે, તો ચાંદી મટે છે. જો વિસ્ફોટક થયો હોય તો દારૂડીનાં પાતરાંનો રસ તોલા ૨ અને ઘી તોલા ૨ મેળવીને દિવસમાં એક વાર ચૌદ દિવસ સુધી પાવામાં આવે તો વિસ્ફોટક મટી જાય છે. જો કોઈને વાગ્યાનો અથવા કરડ્યાનો સોજો આવ્યો હોય તો દારૂડીનાં પાતરાંનો રસ, જરા મીઠું અને હળદર નાખી ગરમ કરી ચોપડીએ તો સોજો ઊતરી જાય છે. જો કોઇને હાથેપગે રસ આવ્યો હોય તો દારૂડીનું મૂળ પાણીમાં ઘસી ગરમ કરી ચોપડવાથી રસ મટે છે. દારૂડીનો છોડ થાય છે, કાંટાવાળાં પાતરાં થાય છે, તેને પીળાં ફૂલ આવે છે, ડીંડવાં કાંટાવાળાં ઊભાં થાય છે, તેમાં દારૂ જેવાં બીજ થાય છે. આ છોડ આસો મહિનામાં ઊગવા માંડે છે અને ફાગણમાં ફૂલ-ફળ આવી ઉનાળામાં મરી જાય છે.

૪. **અતિવિષની કળી:**–અતિવિષની કળીને ઝીણી વાટી વસ્ત્રગાળ કરી રાખી મૂકવી. જો રોગીને સખત તાવ ભરાયો હોય, તો તે વખતે આ ભૂકો વાલ ૨, એક કાચના પ્યાલામાં નાખવો અને તેના ઉપર ખખળતું ગરમ પાણી તોલા ૪ રેડીને તેને ઢાંકી દેવું. તે ઠંડું પડ્યા પછી કપડાથી ગાળી રોગીને પાવું, જેથી પસીનો વળી તાવ ઊતરી જશે. આ ક્રિયાને ફાંટ કહેવામાં આવે છે. આ ફાંટ બનાવતાં એટલી વાત ધ્યાનમાં રાખવાની છે કે, તેને ગાળતી વખતે બિલકુલ નિચોવ્યા વગર ગાળી લેવું. જો નિચોવીને ગાળવામાં આવે તો પસીનો થતો નથી. અંગ્રેજીમાં એન્ટિફેબ્રિનમ વગેરે પસીનો લાવવાની દવાઓ ઘણી ઝડપથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પસીનો લાવે છે, પણ તેથી હૃદય નબળું પડી જાય છે. તેવી રીતે આ અતિવિષની કળીના ફાંટથી હૃદયના ધબકારા ઓછા થતા નથી. **અતિવિષની કળીનું** ચૂર્ણ મધ સાથે મેળવી તેની વટાણા જેવડી ગોળીઓ વાળી તે ગોળી ૧ થી ૩ સુધી પાણી સાથે આપવાથી **કોઈ પણ જાતના તાવને** મટાડે છે. અતિવિષની કળીનો ભૂકો એકલો પાણી સાથે આપવાથી અંગ્રેજી "સિન્કોના ફેબ્રિફ્યુજ" જેટલું કામ કરે છે. અમે એક વાર નીચે પ્રમાણેની ગોળી બનાવી હતીઃ–

અતિવિષની કળીનો ભૂકો તોલા ૧૦, સિન્કોના બાર્ક તોલા ૨॥ અને સિન્કોના ફેબ્રિફ્યુજ તોલો ૧। એ સઘળાંને એકઠાં કરી મધમાં મેળવી, વટાણા જેવડી ગોળી વાળી, દરેક તાવના રોગીને આપવાથી તાવના રોગીને બરાબર ફાયદો દેખાતો હતો. અતિવિષની કળીના ગુણ જાણતાં પહેલાં અમે ક્વિનાઈન એક ઔંસ, સિન્કોના ફેબ્રિફ્યુજ ૧ ઔંસ, સિન્કોના બાર્ક એક ઔંસ અને એકસટ્રેકટ જન્સિયન ૧ ઔંસ મેળવીને તેની ગોળીઓ આપતા હતા. આથી એકાંતરિયા, ચોથિયા અને ટાઢિયા તાવ જતા હતા. પણ જ્યારથી અતિવિષની કળીને પ્રયોગમાં લેવા માંડી ત્યારથી ક્વિનાઇન વગેરેની જરૂર રહી નહિ. એક રોગીને એવો તાવ આવ્યો કે, થરમામિટરથી માપતાં ૧૦૪ ડિગ્રી તાવ જણાતો હતો; પણ બહારથી સ્પર્શ કરતાં તેનું શરીર ઠંડું લાગતું હતું. ૧૦૪ ડિગ્રી ભીરતમાં ગરમી હોવા છતાં તે રોગીને તાવના કોઇ પણ જાતના ઉપદ્રવ દેખાતા નહોતા; માત્ર માથું જરા દુખતું હતું અને તે રોગીને હરતાંફરતાં, ખાતાંપીતાં અડચણ પડતી ન હતી. પરંતુ જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ તે રોગી અશક્ત થતો ગયો. એવી જાતના તાવને માટે અમે ઘણાંયે ફાંફાં માર્યાં પણ તાવ ૧૦૪ ડિગ્રીથી ઓછો થયો નહિ. આખરે અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્પના કરીને અતિવિષની કળી તોલા ૮, કડુ તોલા ૪, ક્વિનાઇન તોલા ૨, સિન્કોના ફેબ્રિફ્યુજ તોલા ૨, એન્ટીફેબ્રિન તોલા ૨, સિન્કોના બાર્ક તોલા ૨, અનેએકસટ્રેકટ જન્શિયન તોલો ૧–એ સર્વને મેળવીને તેની મધમાં વટાણા જેવડી ગોળીઓ વાળી, તેને સિન્કોના બાર્કમાં રગદોળી તેનું **પીળી ગોળી** એવું નામ પાડયું. અને તે બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપી, જેથી તે રોગીનો તાવ ગયો અને શક્તિ પણ એનાથીજ આવી. એ ગોળી અમારા દવાખાનામાં ઘણા વખત સુધી વપરાતી હતી અને તેનાથી ઘણી જાતના તાવ જતા હતા. અતિવિષની કળીનું ચૂર્ણ **નાના બાળકને તાવ સાથે ઝાડા** થતા હોય તેને માટે ઘણોજ અકસીર ઇલાજ છે. નાના બાળકના કૃમિને માટે પણ આ ઉપાય અકસીર છે. અતિવિષની કળીનું ચૂર્ણ વધુમાં વધુ ત્રણ મહિના સુધી સારું રહે છે; તે પછી એમાં જાળાં બંધાઈ લોચો થઇ જાય છે એટલે નકામું થઇ જાય છે. તેમ આખી અતિવિષની કળી સડી જાય છે, એટલા માટે તેને ચૂનાની ફાકમાં મૂકે છે. પણ ઉપર મુજબ બનાવેલી ગોળીઓ લાંબા દિવસ સુધી બગડતી નથી.

૫. **સૌરાષ્ટ્રીઃ**–ફટકડીને લાવી સારી રીતે ફુલાવી, વાટીને તેની શીશી ભરી મૂકવી. **એકાંતરિયો તાવ** આવતો હોય તો એક વાલ ફટકડી, એક પતાસામાં કાણું પાડી, તેમાં ભરી, તાવ આવતી વખતે તે પતાસું ખવાડી, ઉપર પાણી પાવું, એટલે તાવ આવતાંજ અટકી જશે. જો **ચોથિયો** તાવ આવતો હોય તો જે દિવસે તાવ ન હોય તે દિવસે રાત્રે એક પડીકું પતાસામાં આપવું. બીજે દિવસે પણ રાત્રે એક પડીકું પતાસામાં આપવું અને ત્રીજે દિવસે એટલે તાવની પાળી હોય તે દિવસે સૂર્ય ઊગતાં પહેલાં એક પડીકું પતાસા સાથે આપવું અને બીજું પતાસું તાવની શરૂઆત વખતે આપવું; એટલે ચોથિયો તાવ અટકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જશે. ચોથિયા કે એકાંતરિયા તાવમાં ગોળ ખાવામાં આવશે તો તાવ ફરીથી આવશે; પણ જો પતાસું ન મળતું હોય તો તેને ઠેકાણે ગોળમાં મેળવીને આ દવા આપી શકાય છે અને તેમાં ગોળ નડતો નથી. પણ તે સિવાયના વખતમાં ગોળ ખાવાથી તાવ પાછો આવે છે. જો કોઈને **પ્રમેહ** થયો હોય અને પેશાબે તનખ મારતી હોય અથવા **સ્ત્રીને લોહીવા** (રક્તપ્રદર) થયો હોય, તો ફટકડીનું એક પડીકું સાકરના પાણી સાથે દિવસમાં બે વાર ફકાવવું. જો **નાળકોટ** અથવા **પાંડુરોગ** થયો હોય અને આખે શરીરે સોજા આવ્યા હોય, તો ૧૦ તોલા ગોમૂત્રને એકવીશ વખત ગાળીને ૨ વાલ જેટલું ફટકડીનું પડીકું તેમાં નાખીને પાવું. તે રોગીને મોળું દૂધ અને ભાત ખવડાવવો તથા ચીકટ અને ગળપણની પરેજી કરાવવી; આથી થોડા દિવસમાં સોજા ઊતરી જશે. જો **કોઇની આંખ દુખવા આવી હોય,** આંખમાં ખીલ થઇ લાલચોળ આંખ બની ગઇ હોય તથા તેમાં કાંકરા ખૂંચી પાણી ગળતું હોય, તો ૩ તોલા પાણીમાં ૧ વાલ ફુલાવેલી ફટકડી નાખી તેને હલાવી તેનાં ટીપાં આંખમાં મૂકવાથી અંગ્રેજી કૉસ્ટિક લોશનનાં ટીપાં મૂકવા કરતાં વધારે કામ કરે છે. જો નાના છોકરાનું મોં આવ્યું હોય તો હીમજી હરડે નંગ ૧ પાણીમાં ઘસવી, તેમાં ૦॥ તોલો મધ મેળવવું, પછી તેમાં ૧ વાલ ફટકડીનું પડીકું મેળવી, દિવસમાં બેત્રણ વાર આંગળીથી મોંમાં ચોપડી, મોં ગળતું રાખ્યું હોય, તો **થૂલિયું, ગરમી, મધુરા અને મધપાક** હોય તો પણ તે સારાં કરે છે.

૬. **ઝેરકચૂરો:**–ઝેરકચૂરા શેર ૨ લઇને લોઢાંડની પેણીમાં નાખી તેમાં બે તોલા દિવેલ નાખી, તવેથાથી હલાવતાં હલાવતાં શેકવા; એટલે ફૂલીને દડા જેવા થશે. તેમાં વખતે કોઇ દાણો અવાજ સાથે ફૂટીને ઊડે પણ છે. જ્યારે એ ફૂલીને દડા જેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય ત્યારે તેમાંથી એક ઝેરકચૂરો લઈ જમીન પર મૂકી, ઉપર હાથની મુક્કી મારવી. મુક્કી મારવાથી તે જો ભાંગી જાય તો તે શેકાઇ રહ્યા છે એમ જાણીને નીચે ઉતારી, ઠંડા પડ્યા પછી ખૂબ ઝીણા વાટી રાખી મૂકવા. એ ઝેરકચૂરામાંથી વાલ ૦॥ જરા ફટકડી મેળવી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવાથી ઘણી જાતના તાવ જાય છે. એ ઝેરકચૂરા ૦॥ વાલ લઈ આંક સાથે મેળવી ફકાવવાથી કૃમિ મટી જાય છે. જો કોઇના સાંધા રહી ગયા હોય અથવા કમર રહી ગઇ હોય, તો ઝેરકચૂરાનો ભૂકો વાલ ૧ અને અંગ્રેજી એન્ટિફેબ્રિનમ વાલ ૦॥ મેળવીને દિવસમાં ત્રણ પડીકાં પાણી સાથે ફકાવ્યાં હોય, તો બીજે દિવસેજ દુખાવો નરમ પડેલો દેખાય છે. ઝેરકચૂરા કાચા લઈ તેને દેવતા પર મૂકી તેના કોયલા બનાવવા. તે કોયલાની ભારોભાર અજમો અને સિંધવ મેળવી બારીક વાટી તેમાંથી એક વાલ દિવસમાં ત્રણ વાર પાણી સાથે ફકાવવાથી નઠારા ઓડકાર આવતા હોય અને પેટ ચડતું હોય તેને મટાડે છે. કાચા ઝેરકચૂરા તોલો ૧ લઈ તેને પથ્થર ઉપર પાણી મૂકીને ઘસી નાખવા. પછી તે ઘસારામાં ૨ તોલા કાળાં મરી અને ૦ તોલો અફીણ મેળવી ખલમાં વાટી મઠના જેવડી ગોળીઓ વાળવી. તેમાંથી એક ગોળી પાણી સાથે આપવાથી પેટમાંનો વાયુ મટી જાય છે. આ ગોળી વધારે પ્રમાણમાં આપવાથી પેટમાં આંકડી આવી શરીરની નસો ખેંચાય છે; તેથી એક ગોળીથી વધારે આપવી નહિ. ઝેરકચૂરાથી ભૂખ લાગે છે, શક્તિ વધે છે, કૃમિ નાશ પામે છે, પેટમાં અજીર્ણનો દુખાવો હોય તો મટે છે અને તાવ જાય છે. દિવેલમાં શેકચા પછી તે કશી ઉપાધિ કરતાં નથી, પણ શેકતાં કાચો રહી જાય તો વખતે તોફાન મચાવે છે. જો ઝેરકચૂરાનું વિષ ચડ્યું હોય, તો આમળાં પાણીમાં વાટીને પીવાથી તેની ઉપાધિ શાંત થઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. **શેરી લોબાન:**–શેરી લોબાન ખાંડીને તેમાં જરા ગેરુ મેળવી રંગ આપીને તૈયાર રાખવો. જો દાંતનાં **અવાળુ ફૂલ્યાં** હોય, તો રૂમાં લપેટીને ફૂલેલાં અવાળુ ઉપર દાબવો એટલે દાઢમાં રાખવો, તેથી ઘણીજ ઝડપથી અવાળુ સારાં થાય છે. શેરી લોબાનનો ભૂકો ૨ વાલ, ૮ વાલ સાકર સાથે મેળવી ફાકી મરાવવાથી **પરમિયા** સારા થાય છે. શેરી લોબાન લીલી હળદરના રસમાં વાટીને ગરમ કરીને ચોપડવાથી **કોથળી** પર ઊતરેલો તાજો રસ વેરાઈ જાય છે.

૮ **બૂચ:**–અંગ્રેજી દવાની બાટલી ઉપર પોચા લાકડાના બૂચ આવે છે, તે નકામા અને જૂના થઇ ગયેલા બૂચ લાવી, તેને બાળી કોયલા કરવા. તે કોયલાના ભૂકામાંથી ૨ વાલને આશરે દહીંના પાણીમાં મેળવીને પાવાથી **લોહી અને પરુ પડતો ભયંકર મરડો** સારો થાય છે.

૯. **મકાઇ:**–મકાઇના દોડામાંથી મકાઈના દાણા કાઢી લીધા પછી, જે મકાઈનો દોડો નકામો પડે છે તેને બાળી કોલસા કરી વાટી નાખવો. તેમાંથી વાલ ૧ અથવા ૨, પાણી અગર છાશ સાથે પાવામાં આવે, તો **બાળકના દાંત ઊગતી** વખતના કૂચા, પાણી જેવા ઝાડાને તથા મોટા માણસને થતા મરડા ને અથવા **અતિસારને** બંધ કરે છે.

૧૦. **એળિયો:**–ચોખ્ખો સીકોતર એળિયો લઇ, તેને વાટીને ગેરુ મેળવી વસ્ત્રગાળ કરી રાખી મૂકવો. તેમાંથી થોડા ભૂકામાં ગોળ મેળવી વટાણા જેવડી ગોળી કરી દાંતને અડકાડ્યા સિવાય પાણી સાથે ગાળી, ઉપરથી એક ચમચો ઘી પાવું. એક અથવા બે ગોળી આપવાથી મોટા માણસને **હાંફ તથા દમ** તરત નરમ પાડશે. આ ગોળી જે દર્દીને આપતા હોઇએ તેને સાકરનો શીરો ખવડાવવો. એળિયો ૧ રતી, ગોળ ૧ વાલ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંગ ૧ રતી, એનું પાણી બનાવી રાતના ચાર વાગતાને સુમારે પાત્રાથી બાળકના પેટમાંથી તમામ કૃમિ નીકળી જાય છે. કોઇ સ્ત્રી હિસ્ટીરિયા અથવા વાઇનો ઢોંગ કરતી હોય ને પ્રયત્ન કરવા છતાં દાંત ન ઉઘાડતી હોય ને અમારી ખાતરી થાય કે બરાબર ફેલ કરે છે, ત્યારે અમે એળિયાના ભૂકાની એક ચપટી ભરી તેની દાઢમાં ઘસી દઇએ અને જરાક પાણી દાંત પર મૂકીએ. પછી પાણી પાઇએ નહિ. એટલે એળિયો પલળીને જીભને અડકયો કે તુરત દાંત ખૂલી જાય અને બધા ફેલ ભૂલી જાય.

૧૧. સરસિયું તેલઃ–સરસિયું તેલ કાનમાં મૂકવાથી કાનના ચસકા, કાનનું શૂળ અને કાન પાકતો હોય તે મટે છે. એક દર્દીના નાકમાંથી છોડ પડી પછી પરુ પડવા માંડયું. પછી નાકમાં દુખાવો વધી નાક બંધ થવા માંડયું. તેણે ઘણીય દવા કરી, આખરે અમે નાકમાં સરસિયું તેલ મૂકવાને આપ્યું, તેથી થોડા દિવસમાં શરૂઆતનું થતું પીનસનું દરદ મટી ગયું. સરસિયું તેલ ચોળવાથી બૂજલ્લી મટે છે, ચાંદાં સારાં થાય છે, ચામડીને સ્વચ્છ કરે છે અને કાનમાં મૂકવાથી કાનીની બહેરાશ નરમ પાડે છે.

૧૨. હરડેપાકઃ–હરડેદળ તોલા ૧૦, સોનામુખી તોલા ૧૦, મજીઠ તોલા ૧૦, હીમજી હરડે તોલા ૧૦, સાકર તોલા ૧૦, ઘી તોલા ૧૦ અને કાળી દ્રાક્ષ તોલા ૨૦ લઈ, પ્રથમ કાળી દ્રાક્ષનાં બિયાં કાઢી નાખી બાકીનાં વાસણાંને બારીક ખાંડી, ઘી અને કાળી દ્રાક્ષ મેળવી, ફરીથી ખાંડી, લોચા જેવો એકરસ થાય, ત્યારે ૦ા તોલાને આશરે દિવસમાં બે વાર ખાવાથી વિસ્ફોટકની ગરમી અને તેને લીધે માથામાં મારતાં શૂળ અને ગરમીને લીધે ચામડી પર થતા ફોલ્લા વગેરે સારા થાય છે, દસ્ત સાફ આવે છે તથા મગજની ગરમી મટે છે.

૧૩. મરીકંથાર (કંથાર)ઃ–મરીકંથાર એક ઝાડ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વૃક્ષના રૂપમાં થતું નથી, પણ જાળના રૂપમાં થાય છે. તેનાં પાતરાં લંબોગોળ, જાડાં અને બરડ થાય છે. તેની ડાળી સાથે ઝીણા ઝીણા પણ કઠણ અને અવળા તથા ચપટા કાંટા થાય છે. તેનાં ફળ મરી જેવડાં પાંચદશના ઝૂમખાના રૂપમાં આવે છે. તે ફળ રંગે લીલાં અને સુંવાળાં થાય છે. જેઠ માસની આખરે તે પાકે છે ત્યારે કાળાં જાંબલી રંગનાં દેખાય છે. એક કંથારનું મૂળિયું ઘસીને ચોપડવાથી બદ, ગાંઠ અથવા ગોડને અંદરથી પકાવી ફોડી નાખે છે અથવા તેને વેરી નાખે છે. રસ ઉપર ચોપડયું હોય તો રસને પિગળાવે છે. પાસાનું શૂળ તથા સાંધાના શૂળને મટાડે છે. બાળકને પહાડિયો રતવા થયો હોય ત્યારે તેને આ મૂળ ઘસીને પાવાથી તે મટે છે. જો કે મરીકંથાર ઘણી ગરમ છે, પણ દાહક નથી. એનાં પાંતરાં વાટીને લેપવી કરી વળગાડી હોય તો નાસૂરને સારાં કરે છે.

૧૪. કાળિયો સરેસઃ–આ સરેસના ઝાડને કોઈ 'કાંટી' ના નામથી ઓળખે છે. એનું મોટું વૃક્ષ થાય છે. એનું થડ કાળું અને ખરબચડું થાય છે. એનાં પાતરાં લંબચોરસ આમલીનાં પાતરાંના આકારનાં પણ એક ઇંચ લાંબાં અને અડધો ઇંચ પહોળાં થાય છે. એની શિંગો એક ઇંચ પહોળી, પાતળી અને છ થી બાર ઇંચ લાંબી થાય છે અને તે પાકીને સુકાય ત્યારે સફેદ થાય છે. આ ઝાડ માણસને માટે અતિ ઉપયોગી છે. એ ઝાડના થડમાં એક ગજનો ખાડો ખોદીએ એટલે પોચી રૂ જેવી છાલ આવે છે; તે પોચી છાલને લઇ, વાટી, વસ્ત્રગાળ ચૂર્ણ કરી રાખવી. કોઈને વાગ્યું હોય, માથું ફૂટયું હોય, કપાઇ ગયું હોય અને લોહી નીકળતું હોય, તો આ ચૂર્ણ દાબી દેવાથી લોહી નીકળતું બંધ થાય છે અને તે એકજ પાટે રુઝાઇ જાય છે. જો એનાં બીજનો હાર કરી નાનાં છોકરાંના ગળામાં પહેરાવીએ, તો નાનાં છોકરાંને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાંત આવતાં જે પીડા થાય છે તે થતી નથી. કોઇને ગમે તે જાતની ગાંઠ થઈ હોય અથવા ગાંઠ થવાનો સંભવ હોય અને દરદ ભીતર દેખાતું હોય તો એ પાતરાંને છૂંદીને ગરમ કરી બાંધવાં અને ટાઢાં પડી ગયા પછી બદલવાં. એવી રીતે સવારસાંજ બબ્બે કલાક એ પાતરાંનો શેક ચાલુ રખાય તો તે ગાંઠને ભીતરથી પકાવી, ઉપર ખેંચી લાવી, ફાડી નાખે છે; કોઇ પણ ગાંઠને એ પેટમાં ઊતરી જવા દેતી નથી. એનાં પાતરાંને બાળી રાખ કરી, ઘી અગર તેલમાં મેળવી ચોપડવાથી ટાંકી (સિફિલિસ) જેવાં ઝેરી ચાંદાંને તાકીદથી રુઝાવે છે. એનાં પાતરાંનો પાણી મૂકીને કાઢેલો રસ, જરા સાકર મેળવીને પાવાથી બગલ, મુખ અને પેશાબને માર્ગે જતી ઘાત બંધ થાય છે.

૧૫. દરદમઃ–કાચો હિંગળોક વાટીને ઘણુંજ બારીક ચૂર્ણ કરવું. જો કોઇને હાંફ ચડી હોય અથવા સન્નિપાતમાં તથા ઘણા વાયુવાળા રોગીને આહુ તોલો ૧ કુદીનો તોલો ૧, વાટીને રસ કાઢી તેમાં જરા મધ મેળવી તેને ગરમ કરી, પછી આ હિંગળોકનું એક રતીથી એક વાલ સુધીનું પડીકું મધમાં ચટાડી, ઉપરથી આ રસ પાવાથી હાંફને તરત બેસાડે છે. પીપરને ઝીણી વાટી તેની સાથે મધમાં આપવાથી હાંફને ઘણો ફાયદો કરે છે.

૧૬. વાસાદિ ચૂર્ણઃ–અરડૂસાનાં પાતરાં શેર પાંચ લાવી, તેની વચલી નસો કાઢી નાખી, તે પાતરાંને અધો મણ પાણી મૂકી ચૂલે ચડાવવાં. પછી તેમાં સંચળ તોલા ૨૦, સિંધવ તોલા ૨૦, જવખાર તોલા ૧૦ તથા સંચોરો તોલા ૧૦ બાંડીને નાખવો. જ્યારે પાતરાં રંધાઇ જાય અને બધું પાણી બળી જાય, ત્યારે તેને સૂકવી બાંડીને વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. એ ચૂર્ણમાંથી નાના અથવા મોટા માણસને ૦।।થી ૦।।। વાલ સુધીનું પડીકાં દિવસમાં ત્રણ વાર મધમાં અથવા પાનમાં અથવા ઘીમાં અને છેવટે કંઇ ન મળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પાણીમાં આપવાથી ખાંસી, જૂની ખાંસી, લૂખી ખાંસી અને બળખા પડતી ખાંસી વગેરે ખાંસીનાં તમામ દરદોમાં ઘણો ફાયદો કરે છે. આ દવા સાધારણ પડીકાં બાંધવાને ઘણી સગવડ ભરેલી છે અને વૈદ્યને ઓછા ખર્ચમાં યશ અપાવનાર છે.

૧૭. જાયફળને લીંબુના રસમાં ઘસીને પાઇએ તો **અનાહવાયુ, આફરો અને પેટ ચડેલું હોય** તેને તરત મટાડે છે.

૧૮. **લઘુનારાયણ ચૂર્ણ**:-નસોતર ૪ તોલા, પીપર ૨ તોલા અને સાકર ૧ તોલો લઇ, એને વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી તે ચૂર્ણમાંથી તોલો ૦॥ ફાકવાથી જુલાબ થઇ પેટની પીડાને મટાડે છે. ગરમીવાળાને માટે ઘણો સારો છે.

૧૯. **ભૂતભૈરવ રસ**:-સોમલ, મનસીલ, હરતાલ અને હિંગળોક, સમભાગે લઈ વાટીને, પાનના રસમાં ત્રણ દિવસ ઘૂંટીને રાઇના દાણા જેવડી ગોળી વાળવી. તેમાંની એક અથવા બે ગોળી સાકરના પાણી સાથે આપવાથી **એકાંતરિયો, ચોથિયો** તથા **ટાઢિયો તાવ** જાય છે.

બીજો ઉપાય:-સોમલ, કાથો, લવિંગ અને હિંગળોક સમભાગે વાટી પાનના રસમાં ત્રણ દિવસ ઘૂંટી રાઇ જેવડી ગોળી વાળવી. તાવના દર્દીને કાળી દ્રાક્ષનો એક દાણો લઇ તેમાંથી ઠળિયો કાઢી, જો એક ઠળિયો નીકળે તો તે ઠળિયાને ઠેકાણે એક ગોળી અને બે નીકળે તો બે ગોળી મૂકી લપેટીને દર્દીને આપવી. ગોળી ચવડાવ્યા પછી તેના પર પાણી પાવાથી તાવ અટકી જાય છે.

૨૦. **વારાહી ચૂર્ણ**:-સૂરણની ગાંઠ લાવી છોલીને છીણીને તડકે સૂકવી, ખાંડીને ચૂર્ણ કરવું. તેની ૦। તોલાની ફાકી મારી, ઉપર ૦। શેર દૂધ પીએ તો ઘણીજ શક્તિ આપે છે અને પાણી સાથે ફકાવીએ તો હરસના દર્દીને ફાયદો કરે છે.

૨૧. **બાળાગોળી**:-કેશર, અફીણ, એળિયો, દિકામાલી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇન્દ્રજવ, કરમાણી અજમો, ફણુસફાફડો, જાયફળ, જાવંત્રી, એલચી, કરિયાતું, હરડેદળ, વાયવડિંગ, વાકુંભા, કાચકો, સવા, હિંગડો, સંચળ, બોળ એ સર્વે સમભાગે લઇ ઝીણું વાટી, પાકાં ચેવલી પાનના રસમાં મોટા સરસવ જેવડી ગોળી વાળવી. એક અથવા બે વાર, એક અથવા બે ગોળી ધાવણ સાથે આપવાથી બાળકના ઝાડા, ઊલટી, કૃમિ, તાવ, ખાંસી વગેરે મટે છે. એક મહિનાનું બાળક જો રાત્રે ઊંઘતુ ન હોય તો દરરોજ રાત્રે અકેક ગોળી આપવાથી બાળક ઊંઘે છે અને તંદુરસ્ત બને છે. તે બાળક ચાર મહિનાનું થયા પછી આપવામાં આવે છે તો બાળક ખુશમિજાજમાં રાત્રી પસાર કરે છે અને નિરાંતે ઊંઘે છે, તથા તે બાળક ઘણી શક્તિવાળું થાય છે. ઘણા લોકો બાળકને અફીણની ગોળી આપે છે. કારણ કે બાળક રાત્રે ઊંઘતું નથી અને ઊંઘવા દેતું પણ નથી, તેથી ઘણી માતાઓ અફીણ આપવાનું ચાલુ રાખે છે. પણ અફીણ આપવું એ ઘણું ભયંકર છે ને જો માતા ભૂલ કરે તો બાળકના પ્રાણ જવાનો વિશેષ સંભવ છે. આ ગોળીથી કોઇ પણ જાતનો વિકાર નહિ થતાં, બાળક પુષ્ટ અને સશક્ત બને છે.

૨૨. આરસપહાણ:—આરસપહાણના પથ્થરના કકડા લાવી તેને બાંડી, બારીક વાટી, તેને જરા ગેરુનો રંગ આપી, બબ્બે વાલનું પડીકું ઘી સાથે અથવા ઘીને સાકર સાથે દિવસમાં ત્રણ વાર આપવાથી સ્ત્રીઓના **રાતાપ્રદર** (લોહીવા) ને મટાડે છે.

૨૩. કાળો સુરમો:—બહેડાંની મીંજ તોલા ચાર, ધોળાં મારી તોલા બે, કુલાવેલી ફટકડી તોલા બે, શંખની નાભિ તોલા બે, સૂરાખાર તોલા બે, મનસીલ તોલા બે અને કાળો સુરમો તોલા સાઠ એ સર્વેને ઝીણાં બાંડી કપડે ચાળી પછી મોરથૂથુ તોલા આઠ લઇ તેનું ચાર શેર પાણી બનાવવું. તે પાણીમાંથી સુરમાના ચૂર્ણમાં નાખતા જવું અને ખલ કરતા જવું. એવી રીતે બધું પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પચી જાય અને સુરમો સુકાઈ જાય, ત્યારે પછી એવીજ રીતે ચાર શેર ગુલાબજળ પચાવવું એટલે સુરમો તૈયાર થશે. એ સુરમાથી આંખનાં ફૂલાં, છારી, ઝાંખ વગેરે દરદો મટે છે. માત્ર મોતિયા અને પરવાળાં મટતાં નથી.

૨૪. મુખનું મંજનઃ-હીરાદખ્ખણ, ચિનીકબાલા, એલચી, હીમજી હરડે, કુલાવેલી ફટકડી, સફેદ કાથો, શંખજીરું, કલઇસફેતો અને કપૂર સમભાગે લઇ, એ સર્વની બરાબર સોનાગેરુ લેવો. પછી બારીક વાટી ચૂર્ણ કરવું. જે મોંમા તથા જીભ ઉપર ચાંદી પડી હોય અથવા મોં આવ્યું હોય તો આ મંજન બે આનીભારને આશરે જીભ ઉપર મૂકી, જીભ વડે આખા મોઢામાં ફેરવવું અને પછી મોઢું ગળતું મૂકી સારે પાણીએ કોગળા કરી નાખવા, એટલે મોઢાનું દરદ મટી જશે.

૨૫. તબાસીરઃ-વાંસકપૂર બારીક વાટીને તેનું ચૂર્ણ કરવું. તેમાંથી એક એક વાલનું પડીકું દિવસમાં ત્રણ વાર સાકર સાથે, મધ સાથે અથવા પાણી સાથે આપવાથી **સ્ત્રીઓના પેશાબ** ગર્ભાશય કે ગર્ભિણીના રોગો અને સુવાવડના રોગોને ઘણી ઝડપથી મટાડે છે. જે સ્ત્રીને **સુવાવડ ગયા પછી પેઢું ફૂલી** ગયું હોય, તેને સૂકો કુદીનો તોલા બે તથા સાકર તોલા બેને બશેર પાણીમાં ઉકાળી, ૦॥ શેર પાણી રહે તેમાં તબાસીરનું બે આનીભારનું પડીકું નાખી દિવસમાં બે વાર પાવામાં આવે, તો થોડાક દિવસમાં તે તમામ પાણી ઝરી જઇ પેઢાની નસો અસલ સ્થિતિમાં આવે છે.

૨૬. ટાંકીનો મલમઃ-રસકપૂર ૧, કલઇસફેતો ૮, રાળ ૪ કપૂર ૨, કુલાવેલ ધાપહાણ ૪, સફેદ કાથો ૪ અને સિંદૂર ૮ ભાગે લઇને એકઠું વાટી સો પાણીએ ધોયેલા ઘીમાં મેળવી, **ટાંકી** અગર **ઝેરી** ચાંદાં પર ચોપડવાથી અથવા ચાંદીના જખમમાં ભરી ઉપર સાદા મલમની પટ્ટી બાંધવાથી તમામ જાતની ચાંદીઓ મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭. દરાજની ગોળીઃ–માયુંફળ, ગંધક, એળિયેા, ખડિયેાખાર, બાવળનેા ગુંદર, સાકર અને બાવચી એ સર્વે સમભાગે લઈ બાંડી, પાણીમાં મેળવી તેની આશરે અઢેક તેાલાની સેાગઠી બનાવી સૂકવી રાખવી. તે સેાગઠી પાણીમાં ઘસીને ચેાપડવાથી કાળી તથા લાલ દરાજ (દાદર) સારી થાય છે. દરાજની કેાઈ પણ દવા હેાય પણ દરાજની ચામડીનેા રંગ અને દરાજ વિનાની ચામડીનેા રંગ એકસરખેા થતાં સુધી ચેાપડ્યા કરે, તેાજ દરાજ જડમૂળથી જાય છે અને તેમ નહિ કરે તેા દરાજ પાછી થાય છે.

૨૮. મરડાની ગોળીઃ–અફીણ તેાલેા એક, કેશર તેાલેા એક, જાયફળ તેાલેા એક, જાવંત્રી તેાલેા એક એ સર્વેને વાટીને ઉમરડાના દૂધમાં મરી જેવડી ગેાળી વાળવી. જેને લેાહી, પરુ કે આમ પડતેા હેાય, તેને એકજ ગેાળી પાણી સાથે આપવાથી આરામ જણાય છે. ત્રણ દિવસ આપવાથી મરડેા બરાબર મટી જાય છે.

૨૯. લેાંયરીંગણીનેા અર્કઃ–લેાંયરીંગણીનું પંચાંગ લીલું લાવીને તેને છૂંદી એક માટલીમાં ભરવું. તે માટલીને તળિયે કાણું પાડવું ને ઉપરથી માેઢું બંધ કરી લેવું. પછી જમીનમાં ખાડેા ખેાદી તેમાં એક તપેલી મૂકી તે તપેલી પર લેાંયરીંગણી ભરેલું વાસણ મૂકી તેના ઉપર છાણાં સિંચી તાપ આપવેા; એટલે તાપથી તપીને લેાંયરીંગણીનેા અર્ક તપેલીમાં પડશે. આ અર્કને કપડાથી ગાળી શીશીમાં ભરી રાખવેા. એ અર્ક એકેક તેાલેા દિવસમાં બે વાર પાવાથી પેટના દુખવા ઉપર અને સંધિવામાં ઝડપથી ફાયદેા કરે છે.

૩૦. મરદાઈની ગોળીઃ–ષડ્કચૂરેા તેાલેા ૦॥, દરૂંદે અકરબી તેાલેા ૧, બમન સુરણ તેાલેા ૦॥, બમન સફેદ તેાલેા ૦॥, કાળેા છડ તેાલેા ૦॥, એલચી તેાલેા ૧, લવિંગ તેાલેા ૦॥, તમાલપત્ર તેાલેા ૦॥, જુજબેદસ્તર તેાલેા ૧, પીપર તેાલેા ૦, સૂંઠ તેાલેા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૦૧, કસ્તૂરી વાલ ૪, સોનાના વરખ વાલ ૪, ચાંદીના વરખ તોલો ૧ એ સર્વેને વાટી વસ્ત્રગાળ કરવાં. તેમાં જુજબેદસ્તર વટાશે કે ખંડાશે નહિ, માટે તેને જુદું રાખી એ જુજબેદસ્તરને મધ સાથે વાટવું એટલે વટાઈ જશે. તે મધમાં એકરસ થઈ મળી જાય તે પછી તેમાં બીજાં વસાણાં મેળવવાં અને ઘટતું મધ નાખી, વાટી ખલ કરી એક તોલાની આઠ ગોળ બનાવવી અથવા પાવલીભારની ગોળીઓ બનાવવી. માત્ર સવારે એક ગોળી મધમાં ચટાડવી, અથવા પાણી સાથે ખવડાવવી. ઉપરથી જરૂર જણાય તો થોડું દૂધ પાવું. એના પર કોઇ જાતની પરેજી નથી. એનાથી શક્તિ વધે છે ને મર્દાઇ આવે છે.

૩૧. ધાતુપૌષ્ટિક ચૂર્ણઃ-(ઈશ્વરલાલે ખાસ અનુભવેલું) એખરો, ગોખરુ, શતાવરી, કૌચાં, કાળી મૂસળી, ધોળી મૂસળી એ સર્વે ચાર ચાર તોલા, મોચરસ, નાગકેશર, જેઠીમધ એ સર્વે બબ્બે તોલા, જાવંત્રી, સૂંઠ અને લવિંગ એકેક તોલો એ સર્વેના વજન બરાબર સાકર લેવી. પછી ઉપર લખેલાં વસાણાંને ખાંડી વસ્ત્રગાળ કરી, તેમાં સાકર મેળવી તેમાંથી એકેક તોલાને આશરે સવારસાંજ ગાયના દૂધ સાથે એક માસ નિયમિત ફાકી મારવી અગર ગાયના દૂધમાં નાખી ઉકાળીને તે સર્વ પીવું. એ ચૂર્ણથી શરીરની કમતાકાત દૂર થઇ કામ કરવાનું મન થાય છે તથા મન વધારે પ્રફુલ્લિત બને છે, શરીરનું તેજ વધે છે, સ્ફૂર્તિ વધે છે, મંદ પડી ગયેલું પુરુષત્વ સતેજ થાય છે અને કમરનો દુખાવો મટે છે. ખાસ કરીને કેટલાક પુરુષોને ઝાડો જોરથી કરાંઝી કરવો પડે છે, તે વખતે બળ કરવાથી પેશાબમાર્ગે બેચાર ટીપાં અગર વધારે ધાત નીકળી પડે છે, તેવા રોગીને માટે પણ આ ખાસ ઉપાય છે અને સાધારણ માટે પણ ઘણોજ ગુણ બતાવે છે.

૩૨. બાળકોને માટે સોગઠીઃ-ફુલાવેલો હિંગળો, અજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોદ, તજ, સુવા, વાયવડિંગ, વાકુંભા, ઇંદ્રજવ, કરમાણી અજમો, પીપર, પીપળીમૂળ, વચકાવળી, જાયફળ, જાવંત્રી, અડલગરો, કડુ, કરિયાતું, કેલમ, પાનની જડ, સંચળ, સિંધવ, દિકામાલી, શેકેલો કાચકો, ફણસ ફાફડો, મરડાશિંગ, એલચી, અજમો, અન્નીસુ, સૂંઠ, સોનામકઇ, ગુલાબનાં ફૂલ, હીમજી હરડે, કેશર, ગયણીનાં બીજ, અતિવિષની કળી, વરિયાળી, જેઠીમધ, હરડેદળ, કુલાવેલો ટંકણખાર, જંવખાર, સરોખાર અને કાકડાશિંગ એ રીતે ૪૧ વસાણું સમભાગે લઇ, તેને બાંડી કપડછાણ કરી, કુંદ-નાના રસમાં દૂધપાક જેવું થાય એટલો રસ નાખી તેને ઘૂંટવું. ઘૂંટતાં ઘૂંટતાં ગોળી વાળવી અથવા અડધા અડધા તોલાની સોગઠી બનાવી તેને તડકે ખૂબ સૂકવવી. જો સૂકવવામાં કસર રહેશે તો ફૂગ વળી સડી જશે. જરૂર પડે ત્યારે તેમાંની એક ગોળી પાણીમાં વાટીને પાવી અથવા છોકરાંઓને જે ઘસારો પાવો પડે છે તેની ખટપટ કાઢી નાખી આ સોગટીમાંથી એક રતી અથવા રતીપૂર પાણીમાં ઘસીને દરરોજ અથવા બીજે ચોથે રોજ પાવામાં આવે તો ઝાડા વધારે થતા હશે અથવા બંધકોષ હશે તે નિયમ-સર થશે. કૃમિ, સસણી, વરાધ, વાવળી તથા તાવને મડાડી ભૂખ લગાડશે એટલે બાળકને ધાવવાની રુચિ થશે. તેમ બાળકના શરીરમાં કોઇ પણ જાતની ઉપાધિ થતી અટકશે.

૩૩. **હરસનો મલમઃ**–વરખી હરતાલ તોલા બે, પાનમાં ખાવાનો ઊંચી જાતનો કાથો તોલા બે, બારીક વાટી સો પાણીએ ધોયેલા ઘીમાં મેળવી રાખી મૂકવો. એ મલમ ચોપડવાથી આગ બળતી નથી, પાકેલા મસા રુઝાઇ જાય છે અને લોહી પડતું નહિ હોય એવા મસા કરમાઈ જાય છે.

૩૪. ષડ્કચૂરાનો ઘસારો અથવા ઉકાળો કલાકે કલાકે અ-ર્ધાથી બે તોલા સુધી પાવાથી ઝાડા તથા ઊલટીને બંધ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫. કસિલાદિ ગુટિકાઃ–હરડેદળ, બહેડાંદળ, આમળાં, માયુંફળ, કટકડી, મજીઠ, બાવળની છાલ, કાથો, કસીસો, ધોળી તપખીર, ચીકણી સોપારી, લોધર, તજ, તમાલપત્ર, એલચી, જાયફળ, જાવંત્રી, નાગકેશર, દાડમનાં છોડાં, તાંબાનો વહેર, લોખંડનો વહેર એ સર્વને ખાંડીને વેગણનાં પાતરાંના રસમાં ખલ કરવો. ખલ કરતાં સુકાઈ જાય ત્યારે મધ મેળવી ચણીબોર જેવડી ગોળી કરવી. તે ગોળી સ્ત્રીના ગુપ્ત ભાગમાં વાપરવાથી યોનિસંકોચ થાય છે, ઘસેલું અંગ ઠેકાણે ગોઠવાઈ જાય છે અને સફેદ પ્રદરના વ્યાધિને શાંત કરે છે.

૩૬. ખરજવાનું ઓસડઃ–ગંધક, મરી, સિંદૂર, હળદર, આંબાહળદર, જીરું, શંખજીરું, કેશર, મનસીલ, એલચી ને કાથો એ સર્વે સમભાગે લઇ વસ્ત્રગાળ કરી, ગાયના ૨૧ વાર ધોયેલા ઘીમાં ચોપડવાથી ઘણું જૂનું, લીલું તથા સૂકું ખરજવું મટે છે.

૩૭. લોહી સુધારવાની પડીઃ–ઉસબો તોલા ૪, સાથરાનાં ફૂલ તોલા ૩, સીરબેજ તોલા ૪, વરિયાળી તોલા ૩, ચોપચીની તોલા ૩॥, ઉનાબદાણા નંગ ૫૦, ગુલાબનાં ફૂલ તોલા ૪, ઉસ્તેખુદુસ તોલા ૪, ગુલેબેદમુસ્ક તોલા ૪, ગળો તોલા ૪, ગુલકંદ શેર ૧ એટલે તોલા ૪૦; ઉપર પ્રમાણે લઇને, ગુલકંદને જુદો રાખી, બાકીનાં વસાણાંના સરખા સાત ભાગ કરવા. પછી એક ભાગ એક શેર ઠંડા પાણીમાં રાત્રે પલાળી રાખવો. સવારના પહોરમાં તે પાણી ચોળી નાખવું. પછી તે ચોળેલા કૂચાને તેજ પાણીમાં ઉકળવા દઇ, પાણી શેર ૦॥ થાય એટલે ઉતારી ઠંડા પડ્યા પછી તેને ગાળી, પેલા ગુલકંદમાંથી આઠમે ભાગે ગુલકંદ ચોળી પી જવું. ઉપર મુજબ સાત દિન પીતાં કાંઇ ફેર માલૂમ પડે છે કે કેમ તે તપાસવું અને પછી વધારાના દિન ૧૪ પીને ૨૧ દિવસ પૂરા કરવા. પછી વધુ પીવો નહિ, કારણ કે એટલા દિવસમાં આરામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે. જો લોહીના બગાડની કાંઇ કસર રહે તો લાંબા દિવસ ચાલુ રાખવું. બાવાની પરેજીમાં દારૂ, આમલી, તેલ ને લીલું મરચું એની સખત પરેજી કરાવવી; પણ સૂકી હળદર તથા આદુ વધારે બવાય તેમ વધુ ફાયદો થાય છે. ઉપલા ઉકાળાથી કદાચ જુલાબ થાય તો ગભરાવું નહિ પણ તે ચાલુ રાખવો. એ ઉકાળાથી વિસ્ફોટક મટી જાય છે, એટલુંજ નહિ પણ કોઈ માણસના આખા શરીરે સેંકડોની સંખ્યામાં મસા થયા હોય તો પણ આ ઉકાળાથી મટી જાય છે અને મસાને માટેજ આ દવા બાસ છે. આ ઉકાળો મહેરબાન ડી. પી. માદન સાહેબે બાસ અજમાવેલો છે અને તેમની પાસેથી લઇને અમે પણ બાસ અજમાવેલો છે, એટલે તે વાપરતાં જરા પણ હરકત નથી.

૩૮. **ઉપદંશ તથા વિસ્ફોટકનો ઉપાયઃ**–ઉસબો તોલો બા, ચોપચીની તોલો ૧, ગુલેબનફસા તોલો બા, સોનામકઈ તોલો બા, ઉનાબદાણા નંગ ૧૦, કાળી દ્રાક્ષ તોલો ૧, ગુલેગાવજબાન તોલો બા, આકાશવેલ તોલો બા, વરિયાળીની જડ તોલો બા, દિવેલાનું મૂળ તોલો બા, કાસની જડ તોલો બા, મોટી હરડે તોલો બા, બહેડાંદળ તોલો બા, આમળાં તોલો બા, સીસમનાં છોડાં તોલો બા, સુબડનો વહેર તોલો બા, ગોરખમુંડી તોલો બા, ગુલાબનાં ફૂલ, તોલો બા, ઇન્દ્રવરણાંની જડ તોલો બા, નસોતર તોલો બા, સાકર તોલા ૨ ને મધ તોલો ૧ એ સર્વે વસાણાંને ૧॥ શેર પાણીમાં રાત્રે પલાળી સવારે ઉકાળી બા શેર પાણી રહે ત્યારે તેને કપડે ગાળી લઈ, તેમાં ૨ તોલા સાકર અને ૧ તોલો મધ મેળવી પાવું અને એ વસાણામાં પાછું પાણી નાબી મૂકવું. ધ્યાન પહોંચે તો બે વાર અને નહિ તો એક વાર સવારે તો પાવું જ. આ ઉકાળો પીનારને મગની દાળની બીચડી ને ઘી સિવાય બીજું બવડાવવું નહિ. આ ઉકાળો ચૌદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ પાવાથી સારું થાય છે. ચૌદ દિવસમાં બે ઉકાળા બદલવા. મતલબ કે એક વાર આણેલો ઉકાળો સાત દિવસ ચલાવવો.

૩૯. **આનંદભૈરવ રસઃ**-હિંગળોક, વછનાગ, મરી, ટંકણખાર કુલાવેલો અને પીપર એ સર્વેને સરખે ભાગે લઇ બારીક વાટી આદુના રસમાં ત્રણ દિવસ બલ કરી મરી જેવડી ગોળી વાળવી. એ ગોળી બબ્બે અથવા ત્રણ ત્રણ પાણી સાથે આપવાથી સંગ્રહણીના ઝાડાને બંધ કરે છે તથા તાવને કાઢે છે; પણ બાસ કરીને ચૌદ કે એકવીસ દિવસનો તાવ આવી ગયા પછી અશક્ત થયેલા રોગીને સવારમાં એક તોલો મધ ને બા તોલા ઘીમાં ત્રણ ગોળી આનંદભૈરવની દિવસમાં એક વાર આપવાથી તે રોગીને થોડા દિવસમાં તાવની અસર નીકળી જઇ શક્તિ વધારે છે.

૪૦. **શક્તિની ગોળીઃ**-વછનાગ તોલો બા, કાળાં મરી તોલો ૧, સૂંઠ તોલો ૧, પીપર તોલો ૧, જાયફળ તોલો ૧, જાવંત્રી તોલો ૧, કેશર તોલો ૧, અકલગરો તોલો ૧, તજ તોલો ૧, બસ્બંધ તોલો ૧, ગોખરુ તોલો ૧, કૌચાં તોલો ૧, તમાલપત્ર તોલો ૧, લવિંગ તોલો ૧, એલચી તોલો ૧, કુલાવેલો ટંકણખર તોલો ૧, ધોળી મૂસળી તોલો ૧, કાળી મૂસળી તોલો ૧, સાકર તોલા ૩, સાલમ તોલા ૩ એ સર્વેને વાટી વસ્ત્રગાળ કરી, તેમાં કસ્તૂરી વાલ ૪ મેળવી મધમાં ચણા જેવડી ગોળી વાળવી. સવારમાં એક ગોળી બવડાવી ઉપરથી બા શેર દૂધ પાવું. બટાશ બાવી નહિ. ગળપણમાં માત્ર સાકર બાવી. એ પ્રમાણે સવારસાંજ દિવસમાં બે વાર બાવાથી સ્ત્રી તથા પુરુષને સંપૂર્ણ પ્રમાણમાં તાજગી તથા શક્તિ આપે છે.

૪૧. **માણસનાં હાડકાંઃ**-સ્મશાનમાં જ્યાં મુડદાં બળતાં હોય ત્યાંથી વગર પલળેલાં હાડકાં વીણી લાવી, તેને બારીક વાટી ધોયેલા ઘીમાં મેળવી, જે ચાંદું સારું ન થતું હોય તે પર ચોપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડવાથી તે રુઝાઇ જાય છે. અથવા હાડકાંનો બળેલો ભૂકો વાલ, પાણી સાથે ખવડાવવાથી કોલેરાના રોગ ઉપર અજબ અસર નિપજાવે છે. પરંતુ એ બળેલાં હાડકાં લાવી, વાટી શીશીમાં ભરી દઈ, હવા ન લાગે તેવો મજબૂત બૂચ મારવો, તોજ કોલેરા પર સારી અસર કરે છે. હવા લાગવાથી એની અસર ઊડી જાય છે.

૪૨. આર્કણ્ડયાદિ ચૂર્ણઃ–સોનામકઈ ભાગ ૨, વરિયાળી ભાગ ૧, ગંધક ભાગ ૧, જેઠીમધ ભાગ ૨ ને સાકર ભાગ ૬ એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, રાત્રે સૂતી વખતે ૦ા તોલાની એક ફાકી મારવાથી પચીને સારૂ ઝાડો ઊતરે છે, પેટમાં અમળાતું નથી અને ભૂખ લાગે છે, પણ એ ફાકી રાત્રે બાધા પહેલાં મારવી અથવા બાધા પછી બે કલાક બાદ મારવી. આ બુલાબથી પાણી જેવો ઝાડો આવતો નથી, પણ માત્ર મળનેજ બહાર કાઢે છે.

૪૩. કર્ચૂરાદિ ગુટિકાઃ–ઝેરકચૂરો શેર બે લાવી, ગોમૂત્રમાં ડુબતો કરવો. દરરોજ ગોમૂત્ર બદલતા જવું. એવી રીતે એકવીસ દિવસ પલાળી રાખવો. બાવીસમે દિવસે પાણીથી ધોઈ ને ઉપરની છાલ કાઢી નાખવી. પછી તેની ઝીણી કાતરી કરી, ઘણા પાણીથી ધોવી અને તેને ખાંડીને ઝીણો ભૂકો બનાવવો. ખાંડતાં સુકાઈ જશે તો પછી ખંડાશે નહિ. જો ખાંડતાં આપદા પડે તો થોડું પાણી નાખી બલમાં વાટવાથી વટાઇ જશે. એવી રીતે બલમાં વાટી બૂબ બારીક ચૂર્ણ બનાવવું. પછી તેમાં જાયફળ તોલા ૪, જાવંત્રી તોલા ૪, લવિંગ તોલા ૮, અકલગરો તોલા ૧૬, કાળાં મરી તોલા ૮ ને કેશર તોલા ૪ લઈ એનું બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરી કર્ચૂરાના ચૂર્ણમાં મેળવી પછી લવિંગ શેર ૦ા તથા મરી શેર ૦ા ને ૮ શેર પાણીમાં ઉકાળી, બશેર પાણી રહે ત્યારે તે પાણીથી ઉપરના ભૂકાને બરલ કરી સુકાતાં સુધી વાટવો. તે પછી બીજીવાર બીજો ઉકાળો નાખી, વાટીને મરીના દાણા જેવડી ગોળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવી. એ ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે બબ્બે ગોળી આપવાથી ઝાડો સાફ લાવે છે તથા ઝાડાને બાંધે છે; ભૂખ લગાડે છે, બાધું પચાવે છે તથા શક્તિ આપે છે. જો માત્ર શક્તિને માટે આ દવા આપવી હોય, તો સવારમાં બે અથવા ત્રણ ગોળી બાઈ, ઉપર સાકર નાખેલું ગરમ દૂધ પાવું.

૪૪. **શક્તિનો પાકઃ**-ગાંજો તોલા ૪ લાવી તેની ડાંખળી, બિયાં કાઢી નાખી, માત્ર પાતરી રહે તેને પાણીમાં ધોવી. જ્યાં સુધી લીલું પાણી નીકળે ત્યાં સુધી ગાંજાને ધોઈને પછી ગુલાબજળમાં ધોવો. પછી તેને સૂકવી તેનું વજન જો એક તોલો થાય તો અને તેથી પાંચમા ભાગનાં જાયફળ, જાવંત્રી, લવિંગ, તજ, એલચી કેશરનું ચૂર્ણ મેળવવું. તે પછી કસ્તૂરી વાલ ૧, અંબર વાલ ૧, બદામ મગજ તોલા ૨, નાખી બારીક વાટી સાકરની ચાસણીમાં મેળવી અવલેહ જેવું કરવું. તેમાંથી મરજી માફક એટલે વધુમાં વધુ ૦ા તોલા કરતાં વધારે નહિ એવી માત્રાથી સવારે અથવા રાત્રે, દિવસમાં એકજ વાર બાઇ ઉપર દૂધ-સાકર પીવાથી શક્તિ વધે છે ને બંધેજ થાય છે.

૪૫. **નાનુભાઈ વટીઃ**-કેશર તોલો ૧, કસ્તૂરી વાલ ૪, બરાસ તોલો ૦ા, અફીણ તોલો ૦ા, જાયફળ તોલો ૧, જાવંત્રી તોલો ૧, તજ તોલો ૧, લવિંગ તોલો ૧, એલચી તોલો ૧ અને અક્કલગરો તોલો ૧, એ સર્વને વાટી પાનના રસમાં મઠના દાણા જેવડી ગોળી કરવી. એ ગોળી મોંમાં રાખી રસ ગળવાથી મોંમાંથી પાણી છૂટતું હોય અથવા ઊંઘમાં મુખ ગળતું હોય તે, માત્ર ચારપાંચ ગોળીમાંજ બંધ થઈ જાય છે. આ ગોળી ઘી, દૂધ, અને સાકર ગરમ કરીને તેની સાથે બેથી ત્રણ સવારમાં લેવાથી શક્તિ આપે છે.

૪૬. **ગહદ કર્પૂરાદિ ગુટિકાઃ**-શેરકચરા શેર બે લાવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેતાળીશ દિવસ સુધી ગોમૂત્રમાં બોળી તડકે મૂકી રાખવા. તેમાં દરરોજ ગોમૂત્ર બદલવું. પછી તેને છોલીને તેમાંથી અંકુર તથા ઉપરનાં છોડાં કાઢી નાખવાં. પછી તેને પાણીમાં જ્યાં સુધી લીલું પાણી નીકળે ત્યાં સુધી ધોવાં. ધોવાની એવી રીત છે કે, આજે ધોયાં કે ચોખ્ખા પાણીમાં પાછાં પલાળવાં ને બીજે દિવસે ખૂબ ચોળીને ધોવાં. એવી રીતે લીલું પાણી નીકળતું બંધ થાય એટલે ૦॥ મણ દૂધમાં, દૂધનો માવો જાડો થાય ત્યાં સુધી બાફવા. પછી તેને ધોઇને ખરલમાં વાટવા. વાટતાં મહેનત પડશે તેથી જરા પાણી નાખવાથી જલદી વટાઇ જશે; પણ સુકાઇ જશે તો બિલકુલ વટાશે નહિ. એ વાટેલા કચૂરામાં તજ તોલા ૨, લવિંગ તોલા ૪, જાયફળ તોલા ૪, મરી તોલા ૪, કેશર તોલા ૨, અકલગરો તોલા ૮, જાવંત્રી તોલા ૪, પીપર તોલા ૨, બરાસ તોલો ૧, કસ્તૂરી વાલ ૮, સોનાના વરખ વાલ ૮ અને ચાંદીના વરખ તોલા ૪ એને વાટીને કચૂરાના ભૂકામાં મેળવવાં. તે પછી જાયફળ શેર ૦॥, મરી શેર ૦॥, લવિંગ શેર ૦॥ નો ૮ શેર પાણી મૂકી ઉકાળો કરી, એક શેર પાણી રહે ત્યારે કપડે ગાળી, તેવા ઉકાળાના ત્રણ પટ આપી, વટાણા જેવડી ગોળી વાળવી. આ ગોળી દિવસમાં ત્રણ વખત અકેકી પાણી સાથે આવી અને ઉપર દૂધ–ઘીવાળો ખોરાક ચાલુ રાખવાથી શક્તિ વધે છે અને ક્ષયના રોગીને તાવ તથા ખાંસીને અટકાવી ભૂખ લગાડી, શક્તિ આપે છે.

૪૭. પ્લેગના તાવની ગોળીઃ–કુલાવેલી ફટકડી તોલા ૧૦, કુલાવેલો નવસાર તોલા ૫, કાળાં મરી તોલા ૫, સોનાગેરુ તોલા ૫, એમાં સમાય એટલો ગોળ નાખી વટાણા જેવડી ગોળી વાળવી. ગોળ મેળવવાની રીત એવી છે કે, પ્રથમ ૦॥ શેર ગોળ લઇ ખરલમાં નાખી તેને ઘૂંટવો એટલે તે નરમ થશે. પછી તેમાં થોડો થોડો દવાનો ભૂકો મેળવતા જવું અને વાટતા જવું. ગોળી વાળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વા જેવું થાય તે પછી તેની ગોળી વાળવી. જો ગોળ વધારે પડશે તો ગોળી ઓગળી જશે. તે ગોળી વાળ્યા પછી સોનાગેરુના ભૂકામાં રગદોળીને શીશીમાં ભરી મૂકવી. ઉપલા ભૂકામાં લખેલા સોનાગેરુથી ગોળીને રગદોળવાનો સોનાગેરુ જુદો લેવો. પ્લેગના રોગીને અકેકી અથવા બબ્બે ગોળી, બબ્બે અથવા ત્રણત્રણ કલાકને અંતરે પાણી સાથે આપવી, એટલે તુરત તાવ કબજામાં આવી જશે. તાવ ઊતરી ગયા પછી પણ એ ગોળી આપવામાં હરકત નથી. તાવ ઊતર્યા બાદ એ ગોળી આપવાથી તાવને ફરીથી આવતો અટકાવે છે. જો કે પ્લેગના રોગીને કોઇ જાતની પરેજી પાળવાની નથી તો પણ પ્લેગના રોગીને જ્યાં સુધી ખરેખરી ભૂખ લાગે નહિ ત્યાં સુધી દૂધ અથવા કોઈ પણ જાતનો ખોરાક બિલકુલ આપવો નહિ. જ્યારે કકડીને ભૂખ લાગે ત્યારે વધારે દૂધવાળી ચા કરીને પાવી, પણ એકલું દૂધ તો કદી પાવું નહિ. ખોરાક આપવો હોય તો આઠ દિવસ પછી અથવા રોગીના તાવ સાથેના ઉપદ્રવો શાંત થયા હોય તે પછીજ આપવો. આ ગોળીથી સેંકડો દર્દી સારા થયા છે; પણ જેમણે અમારું કહ્યું નહિ માની અનાજ ખાવાની ઉતાવળ કરી છે, તે બધાજ મરી ગયા છે. આ ગોળીથી ક્વચિત્ કોઇક દર્દીને આડા થાય છે, પણ તેથી ગભરાવું નહિ.

૪૮. મલ્લસિંદૂર ગુટિકાઃ-મલ્લસિંદૂર તોલો ૧, સૂંઠ તોલો ૧, મરી તોલો ૧, પીપળીમૂળ તોલો ૧, અકલગરો તોલો ૧, જાયફળ તોલો ૧, એલચી તોલો ૧, લવિંગ તોલો ૧ અને કેશર તોલો ૧ લાવી, મલ્લસિંદૂરને જુદું રાખી, બાકીનાં વસાણાં વાટી વસ્ત્રગાળ કરી, પછી મલ્લસિંદૂરને ખલમાં નાખી, ત્રણ દિવસ લગી ઘૂંટવો. તે પછી તેમાં ઉપલો ભૂકો થોડો થોડો લેળવી પાનના રસમાં ઘૂંટી મગ જેવડી ગોળી કરવી. તે ગોળી સવારે એક અને સાંજે એક મધમાં ચટાડવી. ખટાશ બિલકુલ ખાવા દેવી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી તે પક્ષાઘાત, શિરોગૃહ, અર્દિત વગેરે મહાન વાયુને મટાડે છે. એ ગોળી ૨૧ દિવસ બવડાવ્યા પછી બંધ કરવી. ઘી-દૂધવાળો ખોરાક ચાલુ રાખવો. જો જરૂર જણાય તો બીજા પંદર દિવસ ગયા પછી મલ્લસિંદૂર ગુટિકા બવડાવવી.

૪૯. લાહીચૂર્ણ-કસ્તૂરી ગુટિકાઃ-તજ, તમાલપત્ર, બીલીનો ગર, સૂંઠ, મરી, પીપર, હરડાં, બહેડાં, આમળાં, અજમોદ, વરિયાળી, વાયવડિંગ, હળદર, ચિત્રામૂળ, જીરું, લવિંગ, ધાણા, ગજપીપર, જેઠીમધ, પાંચે પાંચ ક્ષાર, શેકેલી હિંગ, કાચકાંની મીંજ, મોચરસ, સાજીખાર અને જવખાર એ સર્વે સમભાગે લઇને તેથી ચારગણી ભાંગ મેળવીને ચૂર્ણ કરવાનું લાહીચૂર્ણના પાઠમાં નિઘંટુ-રત્નાકરના સંગ્રહણીના અધિકારમાં લખેલું છે. પણ તેમાંથી પારો, ગંધક અને ભાંગ અમે કાઢી નાખી, વાંસકપૂર તોલા ૪, એલચી તોલા ૨, કસ્તૂરી વાલ ૪, સોનાના વરખ વાલ ૪, ચાંદીના વરખ તોલો ૧ અને કેશર તોલો ૧ મેળવીને પાનના રસમાં એની વટાણા જેવડી ગોળી વાળી દિવસમાં ત્રણ વાર બબ્બે ગોળી પાણી સાથે આપી, છાશનું સેવન કરવાથી એ ગોળી સંગ્રહણી, અતિસાર તથા સુવાવડના રોગોને મટાડે છે.

૫૦. મેધાવી ગુટિકાઃ-ઘોડાવજનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં મધ મેળવી, વટાણા જેવડી ગોળી વાળી દિવસમાં બે વખત, ત્રણ ત્રણ ગોળી પાણી સાથે ગળાવી, ઉપરથી અરણીનો રસ તોલા ચાર પાવાથી જે માણસને **ઉન્માદ રોગ** થયો હોય તેને ઘણો ફાયદો કરે છે. તરતના ગાંડા માણસ સારા થાય છે.

૫૧. આમલીનો સ્વરસઃ-પાકી આમલી મીઠા વગરની શેર બે લઇ, તેને બે મણ પાણીમાં ઉકાળવી. ઉકાળતાં જ્યારે ત્રણ શેર એટલે બે બાટલી પાણી બાકી રહે ત્યારે કપડે ગાળી, બાટલી ભરી તેમાંથી બબ્બે તોલા દિવસમાં ત્રણ વાર પીવાથી ઉન્માદનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગી કે જે દારુ પીવાથી ભાંગ પીવાથી કે અત્યંત ગાંજો પીવાથી ગાંડો થઇ ગયો હોય તે સારો થઈ જાય છે.

૫૨. **ધર્મપત્તનઃ**-કાળાં મરીને જેટલાં વટાય તેટલાં ઝીણાં વાટી ગોળ મેળવીને વટાણા જેવડી ગોળી કરવી. તેમાંથી બબ્બે અથવા ત્રણ ત્રણ ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવાથી **મગજના** એટલે ઉદાનવાયુ બગડવાથી થયેલા વ્યાધિઓ જેવા કે હેડકી, ગળાનો શોષ, મુખનું વિરસપણું, માથાનો દુખાવો અને આક્ષેપક વાયુ એટલે **આંકડી** અથવા **ખેંચને** મટાડે છે.

૫૩. **નાગરાદિ ગુટિકાઃ**-સૂંઠ, મરી, પીપર અને પીપળીમૂળ સમભાગે લઈ, ખાંડી વસ્ત્રગાળ કરી ગોળમાં ચણા જેવડી ગોળી વાળવી. તેમાંથી બબ્બે અથવા ત્રણ ત્રણ ગોળી, સવારસાંજ ખાવાથી **હાથપગની નસો ખેંચાઈ વંઠે** આવતા મટે છે.

૫૪. **રાતો મલમઃ**-વિલાયતી ગમના મલમની લાકડી આવે છે તે લાવી, તેના પરનો કાગળ ઘોઇ સાફ કરી, ઊંચી જાતનું સિંદૂર (તે મલમ અર્ધો રતલ હોય તો) ૦ા રતલ લેવું. પછી આપણે હાથે તેલ ચોપડી ગમના મલમને ફીણવો. ફીણતા જવું અને જરા જરા તેલ લેતા જવું તથા તે મલમને સિંદૂરમાં ભેળતા જવું. એ રીતે ફીણતાં ફીણતાં તમામ સિંદૂર તેમાં સમાવી દેવું. પછી તે મલમની પટ્ટી મારવાથી **છાતીના** દુખાવા, **પાંસળાનાં** શૂળ અને ખાસ કરીને **કમરનાં શૂળ** અથવા **કમર રહી ગઇ હોય** તેને મટાડે છે. એ મલમની પટ્ટી મારવાથી ગાંઠોને બેસાડી દે છે અથવા પકવી ફોડીને રુઝાવી નાખે છે.

ઉપલા મલમની બીજી રીતઃ-કાચો હિંગળોક તોલા ૪ બારીક વાટી, ઉપરની રીત પ્રમાણે ગમના મલમમાં મેળવી તે મલમની પટ્ટી મારવાથી, **વાયુથી દુઃખતા** સાંધા મટાડે છે અને કોઈ પણ ગાંઠને પકવી ફોડી તથા રુઝવી નાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૫. લીલો મલમઃ–ઉપર પ્રમાણે ગમના મલમની લાકડીને સાફ કરી, તે ૦॥ શેર મલમ હોય તો તેમાં ૪ તોલા કાળી ગળી જે અસલ હિંદુસ્તાનમાંજ પાકેલી હોય તે લાવી, ઝીણી વાટી ઉપર પ્રમાણેની રીતે મલમ બનાવવો, એટલે લીલો મલમ થશે. આ મલમથી પાકેલા જખમો અને સડતાં ચાંદાં રુઝાઇ જાય છે.

બીજા વૈદ્યરાજો તરફથી આવેલા અનુભવી ઇલાજો

૧. નશાવલ્લભ ગુટિકાઃ–ભાંગ, જાયફળ, વછનાગ, લવિંગ, ગાંજો, મરી, અફીણ, જાવંત્રી, શેકેલા ઝેરકચૂરા, તજ, એલચી અને પીપર એ પૈકીની નશાવાળી વસ્તુઓને શુદ્ધ કરી, બીજાં વસાણાંને વાટી વસ્ત્રગાળ કરી એક દિવસ કોરાં બલી, પછી ભાંગ, પોસડોડા અને બસબસ, બબ્બે તોલા લઇ, બશેર પાણીમાં ઉકાળી ૦॥ શેર રહે ત્યારે ઉપરનાં વસાણાંને તેનો એક પટ આપી વટાણા જેવડી ગોળી વાળવી. ૧ ગોળી રાતના પાણી સાથે આપવાથી ઊંઘ આવે છે; સવારસાંજ એકેક ગોળી ઘી સાકર સાથે આપી ઉપર દૂધ પાવાથી શક્તિ આવે છે. એ ગોળીમાં સ્થંભનનો બાસ ગુણ છે નાનાં બચ્ચાંને આપવી નહિ.

૨. જુલાબની ગોળીઃ–નસોતર, મોટી હરડે, મરી, પીપર ને ચીતરો એ એકેક તોલો પારો, ગંધક ને નેપાળાનાં બીજ એ બબ્બે તોલા લઇ, પારાગંધકની કાજળી કરી બાકીનાં વસાણાંનું ચૂર્ણ કરી, કાજળીમાં મેળવી, ૬ કલાક કોરું ઘૂંટવું. પછી આદુના રસમાં એક દિવસ ઘૂંટી મરી જેવડી ગોળી વાળવી. જેને જુલાબ આપવાની જરૂર જણાય, તેને રાત્રે બે ગોળી ટાઢા પાણી સાથે આખી ગળાવવી, એટલે સવારમાં બેત્રણ ઝાડા થશે. સવારમાં આપવી હોય તો ઊના પાણી સાથે આપવાથી બે કલાકમાં ઝાડા થાય છે. વધારે ઝાડા થાય તો જીરું અને સાકરનું પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાવાથી બંધ થાય છે. આ ગોળી નાનાં બાળક, ગર્ભિણી સ્ત્રી અને ઘરડાં માણસને આપવી નહિ. —વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

૧. બે આનીભાર ચિનીકબાલા ઝીણી વાટી સૂતી વખતે ઘીમાં ચાટવાથી ઊડી ગયેલી ઊંઘ પાછી આવે છે. આ ચિનીકબાલા અંગ્રેજી સલ્ફોનલ જેટલું કામ કરે છે.

૨. શેકેલી ભાંગનું ચૂર્ણ દરદીને માફક આવે તેટલું મધ અથવા ઘી સાથે ચટાડવાથી ઊંઘ આવે છે.

—યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

૧. હંમેશાં પીવાની ચા:-તુળશીનાં પાતરાં, કલારનાં પાતરાં, બીલીનાં પાતરાં, લજ્જામણી ને આંબાનાં કુમળાં પાતરાં સરખે વજને લઇ શીળે સૂકવી તેનો ભૂકો કરવો. ચા પીનારા લોકોએ એ ભૂકાને પરદેશી ચાને ઠેકાણે વાપરવાથી ભૂખ લગાડે છે, વાયુ હઠાવે છે, લોહીને સુધારે છે ને એકંદરે ત્રણે પ્રકૃતિનાં માણસોને આસાનીથી માફક આવે છે.

૨. દેશી પેઈનકિલર:-લીંબુનો રસ શેર ૧, આદુનો રસ શેર ૦॥, સિંધવ તોલો ૧, હિંગ તોલો ૦, સંચળ તોલો ૧, સાકર શેર ૧, એ બધી વસ્તુ એકત્ર કરી તેને ઉકાળતાં ત્રણ બ્રેશ આપી, તેને ગાળી લઈ સારા બૂચની બાટલીમાં ભરી રાખવું. એ ભરેલો મસાલો ઠરી જાય એટલે યુક્તિથી ઉપરનું પાતળું પાણી નિતારી લઇ, બીજી સ્ટોપર બાટલીમાં ભરી લેવું. આ ઓસડ ઝાડા બંધ કરવા માટે વાપરવું હોય ત્યારે તેમાં થોડું કપૂર મેળવી વાપરવું. પેટમાં દુખાવો મટાડવા સારુ વાપરવું હોય તો કપૂર વિના પાવું. એનાથી અજીર્ણ તથા મરડો મટે છે, વાયુની તથા પિત્તની શાંતિ થાય છે ને ઝાડા બંધ થાય છે. ભૂખ લગાડે છે ને રુચિ ઉત્પન્ન કરે છે.

—વૈદ્ય ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી-સુરત

બંધાણીને અફીણ છોડાવવા માટે:-રાતી કરેણનાં મૂળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની છાલ શોધેલી ટાંક ૯, ધોળી કરેણનાં મૂળની છાલ શોધેલી ટાંક ૯, કનકમૂળની છાલ ટાંક ૯, વિજયા ટાંક ૯, ઉપલેટ ટાંક ૯, કપૂર મીણિયું ટાંક ૯, ખુરાસાની અજમો ટાંક ૯, ઈસબગંધ ટાંક ૯, એ સર્વનું ચૂર્ણ કરી ભાંગરાના રસમાં ચણીબોર જેવડી ગોળી કરવી. જે મનુષ્યને અફીણનું બંધાણ હોય અને તે જેટલું અફીણ લેતો હોય તેટલી અથવા તેથી વધારે આ દવા આપવી. સાત દિવસ પછી દવા થોડી થોડી કમતી કરવી, જેથી એકવીસ દિવસમાં ગમે તેવું અફીણનું બંધાણ હશે તો પણ છૂટી જશે, અનુભવસિદ્ધ છે. —વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

જુલાબની ગોળીઃ–શુદ્ધ નેપાળો તોલા ૮, સૂંઠ તોલા ૩, ગંધક તોલા ૨, મરી તોલા ૨, ટંકણ પુલાવેલો તોલો ૧ ને પારો તોલો ૧ લઈ, પ્રથમ પારાગંધકની કાજળી કરી બાકીનાં વસાણાં મેળવી, લીંબુના રસની ભાવના આપી ચણોઠીપૂરની ગોળી વાળવી. એક ગોળી ગોળના પાણી સાથે આપવાથી બેત્રણ ઝાડા થાય છે. મળજ્વરને મટાડે છે. —ડૉક્ટર મગનલાલ વ્રજભૂષણદાસ–સુરત

૧. નાગકન્યાદિ કષાય સર્વજ્વર માટેઃ–ગળો, કરિયાતું, કોલંબો, કાળીપહાડ, અનંત મૂળ, કડુ, મોથ, બડસલિયો, લીમડાની છાલ, કડાછાલ, દેવદાર, ભોંયરીંગણી, રતાંજળી, વાળો, અરડૂસી અને હીમજ એ સર્વ અઢી અઢી તોલા લઈ સોળગણા પાણીમાં કવાથ કરી અષ્ટમાંશ અવશેષ રાખી, તોલા અડધાથી બે સુધી દિવસમાં ત્રણથી ચાર વખત પાવું. આ કવાથ જ્વરઘ્ન, કટુ, પૌષ્ટિક, કૃમિઘ્ન, મૃદુ વિરેચક, પાચક, ભેદક, શોધક, શોફઘ્ન, મૂત્રલ અને સ્વેદલ છે.

૨. નાગકન્યાદિ કષાયનું પ્રવાહી સત્ત્વઃ–ગળો, કરિયાતું વગેરેનું ચૂર્ણ શેર એક, પાણી શેર સોળ નાખી બેથી ચાર દિવસ પલાળી રાખવું. ત્યાર બાદ ઉકાળી પાણી શેર બે (અષ્ટાવશેષ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાળી પુનઃ પકાવવું. પકાવતાં જ્યારે એક શેર પાણી શેષ રહે, ત્યારે ઠંડું પડવા દઇ તેમાં મધ શેર એક મેળવવું. માત્રા તોલા ૩, દિવસમાં ત્રણ વખત પાણી સાથે આપવી. ગુણ ઉપર પ્રમાણે છે.

ઘનસત્ત્વ બનાવવાની કૃતિઃ-નાગકન્યાદિ કષાયનો ભૂકો (ઉકાળ્યા વિનાનો) શેર ૧, પાણી શેર ૧૬ નાખી ચાર દિવસ રાખી પાંચમે દિવસે ઉકાળવું. ઊકાળતાં પાણી શેર બે રહે ત્યારે ગાળી બીજા વાસણમાં ગાળેલ પ્રવાહી નાખી પુનઃ ઉકાળવું. તે જ્યારે ૧૦ થી ૧૨ તોલા રહે, ત્યારે ઉતારી ચીનાઈ અથવા કેડીના વાસણમાં તેલ ચોપડી ઉપરનું પ્રવાહી નાખી સૂર્યના તાપમાં રાખવું. દ્રવ ભાગ સુકાતાં ચારથી પાંચ દિવસ લાગશે. સુકાયેલ ઘનસત્ત્વ સહેજ નરમ તોલા ૫ ઊતરશે. માત્રા આખા દિવસમાં મળી તોલો ૦ા દિવસમાં ત્રણથી ચાર વખત પાણી તોલા ૩ ઉમેરી આપવું. ઘનસત્ત્વમાં વરાળનું પાણી મેળવી પ્રવાહી કરી, ચોથા ભાગનું મધ મેળવી ફિલ્ટર પેપરથી ગાળી રાખવાથી બગડતું નથી. અમે ઉપર મુજબ ઘણો વખત વાપરી વિશેષ અનુભવ માટે બહાર પાડેલ છે. કોઇ પણ જાતના કબજિયાતવાળા તાવમાં ગરમાળો, મીંઢીઆવળ તથા ગોમૂત્રનું ઘનસત્ત્વ ચોગ્ય માત્રા મેળવી આપવાથી સારો ફાયદો થાય છે. યકૃત તથા બરોળની વિકૃતિથી આવેલ તાવમાં નવસાર અથવા શંખદ્રાવ સાથે આપવાથી સારું પરિણામ આવે છે. ત્રિદોષજ્વરમાં સુવર્ણ-કવાથ સાથે આપવાથી ઘણું સારું કામ કરે છે. સર્વ પ્રકારના જ્વરમાં અપાય છે. —વૈદ્ય રવિકાન્ત અને શાન્તિકાન્ત ઉદાણી-અલંભા

જુલાબની ગોળીઃ-નેપાળાનાં બીજનાં ફોતરાં કાઢી નાખી કપડામાં પોટલી બાંધી, એક પહોર સુધી દૂધમાં દોલાયંત્રની વિધિ પ્રમાણે મંદાગ્નિથી પકાવી- સાફ કરીને તેમાં ગુલાબનાં ફૂલ, કાળી દ્રાક્ષ અને ગુલે અરમાની, એ ચારે સમભાગે લઈ, પ્રથમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપળાનાં બી ખરલમાં ખૂબ વાટી તેમાં ગુલેઅરમાની મેળવવી. પછી ફૂલ અને છેવટે દરાખ મેળવી ગોળીઓ મગ જેવડી વાળવી. પાંચથી નવ ગોળી સુધી મધ્ય રાત્રિ પછી દૂધ સાથે ગળાવવાથી જુલાબ થાય છે. નેપાળાની બીજી ગોળીઓની બનાવટ કરતાં આ ગોળીમાં નુકસાનનો ભય ઓછો છે.

—વૈદ્ય ધનજીશાહ મે૦ હાથીખાનાવાળા–સુરત

જુલાબની ગોળીઃ–શુદ્ધ નેપાળો તોલો ૧ અને કાથો તોલા ૨, એ બંનેને એકત્ર કરી વાટી પાણીમાં એકેક રતીની ગોળીઓ વાળી, એથી ત્રણ ગોળી પાણી સાથે ગળવાથી જુલાબ થાય છે અને પેટનો કચરો બહાર નીકળી જાય છે. દાહ થતો નથી; જુલાબ માટે આ ગોળી ઘણીજ સારી છે.—વૈદ્ય પ્રભાશંકર વૃંદાવન–ધંધુકા

નિદ્રાનાશ માટેઃ–શુદ્ધ હિંગળોક તોલો ૧, ગંધક તોલો ૧, અફીણ તોલા ૪, અકલગરો તોલો ૦।, સૂંઠ તોલો ૦।, લવિંગ તોલો ૦।, કેશર તોલો ૦।, પીપર તોલો ૦।, જાયફળ તોલો ૦। અને જાઇનાં ફૂલ તોલો ૦।, એ સર્વને એકત્ર વાટી અડધા વાલની ગોળીઓ વાળી, અડધાથી એક ગોળી તારતમ્ય જોઇને આપવાથી ચારથી આઠ કલાક ચોખ્ખી ઊંઘ આવે છે. અનુપાનઃ–દૂધ અથવા પાણી સાથે આપવી. આ ગોળી ભૈષજ્યરત્નાવલિમાં કહેલી છે અને તેનો મુખ્ય ઉપયોગ શુક્રસ્તંભક જણાવ્યો છે. અમે વિચાર કરીને તેમાં જાવંત્રી હતી તેને બદલે જાઇનાં ફૂલ મેળવી તૈયાર કરી. ઈન્ફલ્યુએન્ઝામાં જ્યારે દરદીને નિદ્રાનાશ, જેમાં બધા ઉપાયો નિષ્ફળ જતા ત્યાં આ ગોળી આશીર્વાદરૂપ થઇ પડી છે. —એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. શક્તિનો પાકઃ–ગાંજો શેર ૨, પીપર શેર ૦।।, લવિંગ શેર ૦)ᖯ, જાયફળ ૦)ᖯ, જાવંત્રી ૦)ᖯ, કસ્તૂરી વાલ ૨, ચાંદીના વરખ નંગ ૧૦૦, બરાસ વાલ ૫, કેશર તોલો ૧, સાકર શેર ૪,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલકંદ શેર ૦।, તમાલપત્ર શેર ૦)૬ અને ચિત્રો શેર ૦)૬ લઈ, પ્રથમ ગાંજાને સાફ કરી એક રાત પાણીમાં ભીંજવી રાખવો. અને બીજે દિવસે જ્યાં સુધી નીતર્યું પાણી નીકળે નહિ ત્યાં સુધી ઘોઇ સૂકવી બારીક ચૂર્ણ કરી, બીજાં વસાણાંનું પણ ચૂર્ણ તૈયાર કરવું. ત્યાર બાદ સાકરની ચાસણી કરી, ગુલાબજળમાં કેશર વાટી નાખવું તેથી ગાંજાનું ચૂર્ણ તથા બીજાં વસાણાંઓનું ચૂર્ણ તથા બાકીની સર્વ ચીજો મેળવી, તેમાં મધ શેર ૦।। મેળવી બરણીમાં ભરી રાખવું. માત્રા ૪ થી ૬ વાલ સુધી આપવાથી શક્તિ વધે છે.

૨. **ચાટણ**:-બદામનો મગજ શેર ૦।।, ચારોળી શેર ૦)૬ ચિરતાં શેર ૦)૬, દૂધીનો મગજ તોલા ૨, તડબૂચનો મગજ તોલા ૨, કાકડીનો મગજ તોલા ૨, ચીભડાનો મગજ તોલા ૨, જાયફળ શેર ૦)૬, જાવંત્રી શેર ૦)૬, કેશર તોલો ૧।।, કસ્તૂરી વાલ ૨, અંબર વાલ ૪, બરાસ વાલ ૨, સમુદ્ર શોષનાં બી તોલા ૨, મોતીની ભસ્મ વાલ ૪, પ્રવાલભસ્મ વાલ ૪, ખુરાસાની અજમો તોલો ૧, ચાંદીના વરખ નંગ ૧૦૦, સોનાના વરખ નંગ ૨૦, એલચી શેર ૦)૬, કમળકાકડીનો મગજ તોલા ૨, સાકર શેર ૩, મધ શેર ૨, ભાંગનું ઘી શેર ૧ અને શેરબસ્ત તોલા ૫ લઈ પ્રથમ સાકરની ચાસણી ગુલાબજળમાં કરવી. પછી બધા મગજને એકઠો કરી ભાંગના ઘીમાં શેકવો. ત્યાર બાદ કેસર વગેરે સર્વ વસાણાંઓ મગજ, મધ વગેરે સઘળું બરાબર મેળવી માત્રા ૦। થી ૦।। તોલો આપવાથી શક્તિ આવે છે.

૩. **બ્રાહ્મીઘૃત**:-ભરમીના પંચાંગનો રસ તોલા ૨૫૬, ત્રિફળા, કડુ, પહાડમૂળ, કાગદી એલચી, ગરમાળાનો ગોળ, બળબીજ, નસોતર, વાવડિંગ, કોઠાનો રસ, જેઠીમધ, મોથ, લીલી હળદરનો રસ અને મજીઠ એ દરેક એકેક તોલો લઈ શુદ્ધ નેપાળો તોલા ૬૪, ઘી તોલા ૬૪ અને દૂધ શેર એક લઈ પ્રથમ વસાણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાટી વસ્ત્રગાળ કરી, ઘી ગરમ કરી ભરમીનો રસ નાખવો. પછી કોઠાનો રસ, હળદરનો રસ તથા નેપાળો એ સર્વે એક પછી એક મેળવી તેમાં વસાણાંનું ચૂર્ણ તથા દૂધ રેડી દેવું. બધું બળી જાય અને ઘી બાકી રહે ત્યારે ઉતારી લેવું. એ ઘી ખાવાથી ગયેલી યાદદાસ્ત પાછી આવે છે અને ઉન્માદને મટાડે છે. આ ઘૃત અતિ ઉત્તમ છે. —વૈદ્ય નારુશંકર હરગોવિંદ અધ્વર્યુ–બારેજી

પિત્તાંતકઃ–કુલાવેલી ફટકડી તોલા ૩ અને સોનાગેરુ તોલો ૧ બન્નેને એકત્ર કરી ખૂબ ખરલ કરી, સવારે ગાયના દૂધમાં ૧ માસો આપવાથી પિત્તને એકદમ બેસાડે છે અને પિત્તથી થતા તમામ વ્યાધિ મટાડે છે. —વૈદ્ય ધીરજલાલ માણેકલાલ–વડોદરા

લેપઃ–આંબાહળદર, ગુજ્જર, એળિયો, ફટકડી અને મેંદાલકડી એ દરેક ૦॥ શેર તથા રેવંચીનો શીરો શેર ૦ વાટી ચૂર્ણ કરી જરા ગરમ પાણી નાખી હલાવી ચીકાશ પકડે એટલે ચોપડી, ઉપર રૂના પોળ મૂકી પાટો બાંધવો. આ લેપ હાડકું ભાંગ્યું હોય, મરોડ આવી હોય વગેરે હાડકાંના રોગોમાં સારું કામ કરે છે.

—વૈદ્ય અંબાશંકર લીલાધર પાંડે–મુંબઇ

વહેતું લોહી બંધ કરવા માટેઃ–બાવળના પરડાના રસના સત્ત્વનું ચૂર્ણ કરી દાબવાથી કપાયેલી નસોમાંથી વહેતું લોહી બંધ થાય છે. —વૈદ્ય રામકૃષ્ણ રેવાશંકર–જાદર

૧. ટંકણ ચૂર્ણઃ–પાટિયો ટંકણખાર તોલા ૧૦ લઈ કુલાવી ખૂબ વાટી શીશીમાં ભરી રાખવો. આ ટંકણખારને માટીની તાવડી ઉપર કુલાવવો.

૨. વચા ચૂર્ણઃ–દૂધિયા વજના નાના ટુકડા કરી બાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી શીશીમાં ભરી રાખવું.

૩. કહુભર્જિત ચૂર્ણઃ–કહુ તોલા ૫ લઈ તેના ટુકડા કરી ચૂલા ઉપર અથવા સગડી ઉપર લોખંડની તાવીમાં કહુના ટુકડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાથરી મધ્યમ અગ્નિ કરવો અને ફેરવતા જવું. જ્યારે મધ્યમ શેકાઇ રહે ત્યારે નીચે ઉતારી બીજા વાસણમાં કાઢી વાટી વસ્ત્રગાળ કરી ભરી રાખવું. કડુને શેકતાં તેના બળીને કોલસા ન થઈ જાય તે ખાસ ધ્યાનમાં રાખવું.

૪. **મંડૂરભસ્મઃ**-મંડૂરના કટકા લઇ તેને અગ્નિમાં લાલચોળ તપાવી સાત વખત ગોમૂત્રથી ભરેલા પાત્રમાં ઠંડા કરવા. ત્યાર બાદ તેને બાંડી બારીક કરી ખરલમાં નાખી તેમાં જોઇએ તેટલું ગોમૂત્ર નાખી, પિસ્તાળીસ દિવસ સુધી ગોમૂત્રમાંજ ખરલ કરી ગોળો વાળવો. પછી સરાવસંપુટમાં મૂકી કપડમટ્ટી કરી ગજપુટનો અગ્નિ આપવો. સ્વાંગશીત થયે ખૂબ વાટી ભરી રાખવું.

૫. **મંડૂરવાળું નવાયસ ચૂર્ણઃ**-હરડે, નાગરમોથ, બહેડાં, આમળાં, સૂંઠ, મરી, પીપર, વાવડિંગ, ચિત્રકમૂળ, મંડૂરભસ્મ તોલા નવ લેવી તથા બાકીનાં વસાણાં એકેક તોલો લઈ, વાટી વસ્ત્રગાળ કરી છ કલાક ખરલ કરી રાખવું.

૬. **શૃંગ્યાદિ ચૂર્ણઃ**-લીંડીપીપર તોલા ૫, કાકડાશિંગ તોલા ૫ અને અતિવિષની કળી તોલા ૫, એ ત્રણેને બાંડી વસ્ત્રગાળ કરી ભરી રાખવું.

૭. **નાગરાદિ ક્વાથઃ**-સૂંઠ, દેવદાર, ધાણા અને ભોંયરીંગણી બે જાતની એને અધકચરાં બાંડી બગડે નહિ તેમ મૂકવું.

૮. **ગુડુચ્યાદિ ક્વાથઃ**-લીમડાની ગળો, ધાણા, પદમક, કરિયાતું, લીંબછાલ, નાગરમોથ, સુખડ અને બડસલિયો એને અધકચરાં બાંડી બગડે નહિ તેમ ભરી રાખવું.

૯. **કુટકી ચૂર્ણઃ**-કડુમાંથી કચરો સાફ કરી વસ્ત્રગાળ ચૂર્ણ કરી રાખી મૂકવું.

૧૦. **વિકળાનું ઘીઃ**-શુભ દિવસે વિકળાનાં પાન તોલા ૧૦ ને આશરે લાવી પથ્થર પર વાટી કલ્ક બનાવી, એક પાત્રમાં ગાય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નું ઘી તોલા ૪૦ લઇ તેમાં વિકળાનો કલ્ક નાખી મધ્યમ અગ્નિથી પકાવવું. જ્યારે કલ્ક માંહેનો રસ બળી જઈ ફક્ત ઘી બાકી રહે, ત્યારે નીચે ઉતારી ઘી ગાળી કાચના કુપ્પામાં ભરી રાખવું.

૧૧. શિવાક્ષાર પાચનઃ–હિંગાષ્ટક ચૂર્ણ તોલા ૧૦, સાજીખારનું ચૂર્ણ તોલા ૧૦ અને હીમજનું ચૂર્ણ તોલા ૧૦ લઇ એક દિવસ ખરલ કરી ભરી રાખવું.

૧૨. રાજવટીઃ–સૂંઠનું ચૂર્ણ તોલા ૮, સિંધવનું ચૂર્ણ તોલા ૪, આમલસારો શુદ્ધ ગંધક તોલા ૨ અને હરડેનું ચૂર્ણ તોલા ૨ એ સર્વને વાટી વસ્ત્રગાળ કરી લીંબુના રસમાં સારી પેઠે ઘૂંટી બબ્બે વાલની ગોળીઓ વાળવી. આ ગોળી તૈયાર કરવામાં ધાતુપાત્રનો ઉપયોગ ન કરતાં કાચના અથવા ચીનાઇ માટીના વાસણનો ઉપયોગ કરવો. જેમ વધારે વખત ખરલ કરવામાં આવે તેમ વધારે ગુણકારી થાય છે.

૧૩. લાંપડી (લ્હેમડી)નાં બીજઃ–ચોમાસું ઊતરી ગયા પછી જે ખેતરોમાં જુવાર–બાજરી વાવવામાં આવે છે, તેમાં વગર વાવ્યે આ છોડ ઊગી આવે છે. તેને લાંપડી અથવા લાંબડીના નામથી ઓળખવામાં આવે છે. આ છોડ કમરપૂર અથવા તેથી વધારે ઊંચા થાય છે. એકેક છોડમાં લગભગ પાંચથી વીસ સુધી શાખાઓ હોય છે. તે દરેક શાખાને મથાળે એક અથવા બે ડૂંડી સાથે નીકળેલી હોય છે, જેમાં નીચેથી સફેદ રંગ અને ઉપરથી ઘેરો ગુલાબી રંગ હોય છે. તે ડૂંડીમાં બારીક નાનાં કાળાં ચળકતાં બીજ હોય છે. કારતક માસમાં શુભ દિવસે જંગલમાં જઇ તેની ડૂંડીઓ ઉતારી લાવવી. આ ડૂંડીઓ એક કોથળો હોય તો તેમાંથી બશેર બીજ નીકળે છે. આડૂંડીઓ લાવી એક ગુણપાટ પર પાથરી સૂર્યના તાપમાં તથા ઝાકળમાં તડકે શિયાળાનો પવન ખાતી રાખી મૂકવી. ત્યાર બાદ તેને લાકડાની ડુથોડી વતી છૂંદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડાં સાફ કરી જે બીજ નીકળે તેને એક થાળીમાં ભરી બે દિવસ સૂરજના તાપમાં રાખવાં જેથી તેમાં હવા હશે તો ઊડી જશે. ત્યાર બાદ તે બીજને એક મજબૂત બૂચવાળી શીશીમાં ભરી રાખવાં.

૧૪. જાયફળનું તેલ:-જાયફળનું ચૂર્ણ તોલા ૫ અને તલનું તેલ તોલા ૪૦ એ બેઉને એક લોખંડના વાસણમાં નાખી સારી પેઠે ગરમ કરી ઉકાળવું. બરોબર ગરમ થાય ત્યારે નીચે ઉતારી ગાળી બાટલીમાં ભરી રાખવું.

૧૫. પ્રદરારિ ચૂર્ણ:-એરંડના સૂકા લાકડાની વાની (રાખ) તથા આમળાંનું ચૂર્ણ એ બન્ને સમભાગે લઇ એક કલાક સુધી બરલ કરી રાખી મૂકવું.

૧૬. બાળકોને થતી આંચકી:-નાના બાળકથી માંડી દશેક વર્ષનું બાળક થાય ત્યાં સુધીમાં અવારનવાર સસણીમાંથી આ દરદ ઓચિંતું હુમલો કરે છે. તેમાં બાળકનું શરીર બેંચાય અગર તણાઈ જાય છે, આંખો ઊંચી ચડી જાય છે, મોઢે ફીણ આવે છે તથા વખતે દાંત બંધાઇ જાય છે. આ દેશમાં આંચકીની આ સંજ્ઞા છે. મોટે ભાગે જેમાં બચ્ચાંને અવારનવાર સસણી થઈ તાવ ભરાઇ આવે છે, તેનો વખતસર પૂર્ણ રીતે ઈલાજ કરવામાં ન આવે, તો તેનાં ફેફસાં મજબૂત નહિ બને ત્યાં સુધી આ દરદનો હુમલો થાય છે અને તે વખતે પેશાબ બંધ થાય છે. છ માસના બચ્ચાને કુલાવેલો ટંકણખાર વાલ ૧ માતાના ધાવણ સાથે તાણ, બેંચ નરમ પડે ત્યાં સુધી દર કલાકે આપવાથી ચમત્કારિક રીતે એક થી બે કલાકની અંદર બચ્ચું સાવધ થાય છે.

જ્યારે આંચકી આવે તેજ વખતે બે ભમરોની બરોબર વચ્ચે મજીઠના કકડાને ગરમ કરી, હાથને સ્થિર રાખી મધ્ય ભાગે ડામ દેવો. મજીઠના અભાવે કેટલાક માણસો કપડાની કસથી પણ ડામ દે છે જેથી સારી અસર થાય છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રુલાવેલેા ટંકણખાર વાલ ૧ અને ખુરાસાની વજનું ચૂર્ણ વાલ ૧, મેળવી આપવું. દર કલાકે ધાવણ સાથે એકેક પડીકું આપવાથી તાણ–ખેંચ બંધ પડી સુખરૂપ નિદ્રા આવે છે અને દોષ ઊલટી દ્વારા યા પેશાબ દ્વારા નીકળી જાય છે. પેશાબ ખુલાસાથી થયા બાદ ઘણે ભાગે આંચકી આવતી નથી, તેમજ હુમલેા નરમ પડી ગયા પડી ગયા પછી જે કારણ માલૂમ પડે, તે કારણના યેાગ્ય ઉપચાર કરવા. તાવ અને સસણી મટી ગયા પછી જે કારણથી ફેફસાંમાં નબળાઇ હેાય તે કારણના ઉપાયેા કરવા. આ પડીકાં આપવાથી સસણીને તથા તાવને સારેા ફાયદેા થાય છે. તેમજ આંચકી આવતી નથી.

૧૭. બાળકેાને યકૃતનું દરદઃ–બચ્ચાંને ઠંડીના કારણે તથા ભારે ખેારાક તેમજ માતાના ખાવાપીવામાં અનિયમિતપણાથી તથા ભારે ચીકટ દૂધ પેટમાં જવાથી યકૃત વૃદ્ધિ પામી તાવ આવે છે. આ દરદમાં બચ્ચાંનું પેટ જરા ભરેલું લાગે છે, યકૃતની નિશાનીએા જણાય છે, ચહેરેા ફેાફરેલ થઇ આવે છે, દસ્તની કબજિયાત જણાય છે, બચ્ચું સુસ્ત થઇ પડી રહે છે, તાવ સખત આવે છે તથા પેટ ઠેાકી જોતાં બેાદેા અવાજ આવે છે.

૧. આ દરદમાં કડુભર્જિત નામની બનાવટ (નં. ૩ જો) બાળકને બહુ માફક આવે છે. એ ચૂર્ણ એકથી બે વાલ સુધી દર ટંકે દિવસમાં ત્રણ વખત ગરમ પાણીમાં આપવું, જેથી એક બે દિવસમાં તાવ નરમ પડી જઈ પેટ સાફ થઇ યકૃતમાં ફેરફાર જણાશે. ૬ થી ૮ દિવસ દવા આપવાથી પૂર્ણ આરામ થાય છે.

૨. કડુભર્જિત ચૂર્ણ વાલ ૨, મંડૂરવાળુંનવાયસ ચૂર્ણ રતી ૨, એ બન્ને સાથે મેળવી ગેાળ અથવા સાકર સાથે આપવાથી પણ તેવીજ રીતે આરામ થઇ લેાહી શુદ્ધ થાય છે.

૧. કમળેાઃ–કડુનું ચૂર્ણ ૨ થી ૪ વાલનાં ત્રણ પડીકાં દિવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાં ત્રણ વખત સાકરના ભૂકા સાથે આપવાથી યકૃતમાં શોધન થઇ પીળાશ ઓછી થાય છે.

૨. વિકળાનું ઘી (નંબર ૧૦) દરદીને રોટલી પર તેમ જેને ખોરાક આપવામાં આવે, તેની સાથે પણ આપી શકાય છે. એ ઘીમાં ઘઉંના લોટની પૂરી તળાવી ખાવા આપવી અથવા દરદીને મિષ્ટાન્ન જમવાની ઉમેદ હોય તો ઘઉંનો લોટ તોલા ૧૦, વિકળાનું ઘી તોલા ૫, સાકરનો ભૂકો તોલા ૫, ઘીમાં ચૂરમું બનાવી લાડુ વાળી રાખવા. તેમાંથી એકથી બે લાડુ ઇચ્છા હોય ત્યારે આપવા. વિકળાના ઘીનો ચમત્કાર ઘણો સારો છે. ત્યાર બાદ શક્તિ લાવવા માટે ગોમૂત્રમાં તૈયાર કરેલા મંડૂરવાળું નવાયસ ચૂર્ણ વાલ ૨ થી ૪ સવારે આઠ વાગે તથા સાજે ચાર વાગે ગોળ અથવા સાકર સાથે આપવું. આ પડીકાં સાતથી ચૌદ દિવસ સુધી આપવાથી શરીરમાં સંપૂર્ણ શોધન થઇ શક્તિ આવે છે અને શરીર પૂર્વ બાંધા પર આવી જાય છે.

૧. કોલેરાઃ-"શિવાક્ષાર પાચન" વાલ ૪ થી ૮ ગરમ પાણી સાથે ઝાડોઊલટી બંધ થતાં સુધી દર અડધાથી એક કલાકે આપવું. તેનાથી પેટ નહિ ચડતાં તેવી ચાર પડીકી પેટમાં જવાથી ઝાડો-ઊલટી બંધ થાય છે અને દરદીનું શરીર ગરમ રહે છે.

૨. રાજવટી લીંબુના રસમાં બબ્બે વાલની ગોળી દરેક ઝાડા ઊલટીએ એક એક ગોળીને મોંમાં રાખી રસ ગળવો. એ પ્રમાણે ૮ થી ૧૦ ગોળી પેટમાં જવાથી ઝાડો-ઊલટી બંધ થાય છે અને દરદીનું શરીર ગરમ રહે છે. ઝાડો-ઊલટી બંધ થયા પછી કૃમિનો ઉપદ્રવ જણાય તો કૃમિઘ્ન દવાઓ આપીને દૂર કરવો. આ દરદનો હુમલો શાંત થયા પછી શરીરમાં પૂરતી શક્તિ આવે ત્યાં સુધી બીજાં દીપનપાચન ઔષધો થોડા દિવસ શરૂ રાખવાં જરૂરનાં છે. જો પાછળની સારવાર બરોબર નહિ થાય તો પરિણામે આ દરદ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની બાકી રહેલી ઝીણી કસરથી જીવલેણ સંગ્રહણીનો રોગ થાય છે. માટે એ બાબત પર ખાસ લક્ષ આપવું. કોલેરાના દરદીને ઝાડા-ઊલટી બંધ થયા બાદ શરીર ગરમ થઈ કેટલીક વખતે પેશાબ તદ્દન બંધ થઈ જાય છે તેને માટેઃ-

લાંપડીનાં બીજ તોલો ૦ા લઈ પથ્થર પર પાણી સાથે ભાંગની માફક વાટી પાંચ રૂપિયાભાર પાણી કરી પાવાથી અરધા કલાકની અંદર પેશાબ છૂટે છે. જો અરધા કલાકમાં અસર નહિ જણાય છે તેજ પ્રમાણે બીજી વાર આપવું, જેથી પેશાબનો ખુલાસો થઈ દરદીને આરામ થાય છે.

હાથપગ ઠંડા થઈ ગોટલા ચઢે તો તે રોગીને નં. ૧૭ માં લખ્યા પ્રમાણે લોઢાની ઝીણી સળી દેવતામાં બરોબર ગરમ કરી બંને પગનાં તળિયામાં વચ્ચોવચ્ચ આડો ડામ દેવો જેથી ગોટલા ચઢતા મટી જાય છે.

૩. જાયફળનું તેલ (નંબર ૧૪) પ્રમાણે બનાવી ગોટલા ચઢતા હોય ત્યાં માલિસ કરવું. એ પ્રમાણે કરવાથી ગોટલા ચડતા બંધથાય છે. ડામની ક્રિયાથી ઠંડા થયેલા પગમાં ગરમી આવી ગોટલાની વ્યાધિ જેમ વખત જાય તેમ ઓછી થતી જાય છે. કોલેરાના દરદીને તૃષા બહુ લાગે છે. માટે તેને નંબર ૧૮ પ્રમાણે પાણી બનાવી આપવું. પાણી તોલા ૮૦ (કફકોપથી થયેલાં દરદમાં સૂંઠ તોલા રાા નાખવી) અજમો તોલા રાા અધકચરો બાંડી કપડામાં પોટલી બાંધી ઘી પાણીમાં નાખી પાણીનું આધણની પેઠે સારી રીતે ગરમ કરવું. જ્યારે બરોબર બળબળતું પાણી થાય ત્યારે ઉતારી તેને ઠંડું પડવા દેવું. તેમાંથી જ્યારે તરસ લાગે ત્યારે પીવા આપવું. દિવસનું ઉકાળેલું દિવસે અને રાતનું ઉકાળેલું રાત્રે પીવા આપવું. આવી રીતે તૈયાર કરેલું પાણી કોલેરાના દરદીને આપવાથી ઘણોજ સારો ફાયદો થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂત્રકૃચ્છ્રઃ–આ દરદમાં અનેક ઉપાયો કરવા છતાં પેશાબ ઊતરતો નથી અને છેવટે મૂત્રશલાકા નાખી પેશાબ બહાર કાઢવાનો વારો આવે છે. ત્યારે નીચેની દવા આપવાથી ચમત્કારિક રીતે પેશાબનો ખુલાસો થાય છે અને ઘણે ભાગે શલાકા નાખવાની જરૂર પડતી નથી. લાંપડીનાં બીજ તોલો ૦।। લઈ પાણીમાં કલ્ક કરી પાંચ રૂપિયાભાર પાણી કરી પીવાથી ૦। થી ૦।। કલાકમાં પેશાબનો ખુલાસો થાય છે. કદાચ અડધાથી એક કલાક સુધીમાં તેની અસર કાંઇ નહિ જણાય તો બીજી વાર એજ પ્રમાણે આપવાથી પેશાબ આવે છે. આ બીજમાં આવા મહાન ગુણો રહેલા છે.

૧. સ્ત્રીઓનો રક્તપ્રદર (લોહીવા):–"પ્રદરારિ ચૂર્ણ" (નં. ૧૫) સવારસાંજ ઠંડા પાણી સાથે આપવું.

૨. વજનું ચૂર્ણ વાલ બે દિવસમાં ત્રણ વખત ગાયના દૂધ સાથે આપવાથી ત્રણચાર દિવસમાં રક્તપ્રદર બંધ થઈ જાય છે. રક્તપ્રદરની શરૂઆતમાં ઉપરની બંને દવામાંથી કોઇ પણ આપવામાં આવે તો ત્રણચાર દિવસમાં તદ્દન આરામ થાય છે.

સૂતિકારોગઃ–દેવદાર્વાદિ કવાથ તોલો ૧, પાણી તોલા ૪૦ માં અષ્ટાવશેષ કવાથ કરી સિંધવ તથા હિંગનો પ્રતિવાસ દઈ પીવા આપવો. સાંજના તે કૂચાનો ૨૦ તોલા પાણીમાં ઉકાળો કરી ૫ તોલા પાણી અવશેષ રાખી પીવા આપવો જેથી સૂતિકારોગ મટે છે. આ કવાથ સર્વ વૈદ્યક ગ્રંથોમાં સુપ્રસિદ્ધ છે. પ્રસવ થયા બાદ યોગ્ય સારવારના અભાવે અથવા અણઘડ દાયણ અથવા બિનઅનુભવી સ્ત્રીઓની ભૂલથી પ્રસૂતાના તે અંગને ઇજા થવાના કારણે તથા પથ્યાપથ્યની બરોબર સંભાળ નહિ રહેવાથી સૂતિકારોગ થવા સંભવ છે. આ બાબત સૂતિકારોગની નિશાની દેખાય તો તુરત દેવદાર્વાદિ કવાથનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યેાગ શરૂ કરવેા. અનુપાનની જરૂર હેાય તેા અનુપાન પણ આપવું. ખરેખરી રીતે સૂતિકાનું જીવન દેવદાવ્યાદિ કવાથ છે, એમાં કાંઈ સંશય નથી. આ બાબતમાં અમારેા અનુભવ એવેા છે કે, સૂતિકા-રેાગનેા ઉપદ્રવ તેા આ કવાથ પીવાથી શાંત થાય છે, એટલું જ નહિ પણ સુખરૂપ પ્રસવ થયા પછી પ્રસૂતાની એ કવાથનેા પ્રયેાગ ઓછામાં ઓછેા વીસ દિવસ અને વધારેમાં વધારે ચાળીસ દિવસ સુધી ચાલુ રાખ્યેા હેાય, તેા તે પ્રસૂતાને અને તેના બાળકની કાંતિ કાંઇ ઓર જોવામાં આવે છે. ગમે તેવી પડીઓ ગમે તે રીતે બનાવી કેટલાકેા પીએ છે, તેઓને આ કવાથ વાપવાની બાસ ભલામણ કરવામાં આવે છે. —વૈદ્ય જમનાદાસ પ્રાગજી–દ્વારકા

અશ્વચેાળી:–પારેા, ગંધક, વછનાગ, હરતાલ, સૂંઠ, મરી, પીપર, હરડાં, બહેડાં, આમળાં, કુલાવેલેા ટંકણ અને શુદ્ધ નેપાળેા લઇ, પ્રથમ પારાગંધકની કાજળી કરી બાકીનાં વસ્તુઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મેળવી ચાળીસ દિવસ સુધી ખલ કરી ભાંગરાના રસની બે અને આદુના રસની એક ભાવના આપી રતી પ્રમાણેની ગેાળીઓ વાળી દરદીનું બળ જોઇ બે થી ચાર ગેાળી આપવાથી જુલાબ થાય છે. શરદી, વાયુ, બાંસી, મળ, અગ્નિ, બૂજલી તથા મસ્તકપીડા વગેરે દૂર થાય છે.—વૈદ્ય નરસિંહભાઇ માધવભાઈ–કઠેાર

૧. સેાનામુખીના પ્રયેાગેા:–અજમેા તેાલેા ૦॥ અને સેાનામુખી તેાલેા ૦॥ એની ફાકી ગરમ પાણી સાથે પીવાથી સર્વ પ્રકારના વાયુ તથા કબજિયાતને મટાડે છે.

૨. ગાયના ઘી સાથે સેાનામુખી ૦॥ ભાર ચાટવાથી ત્વચા-ગરમી મટે છે.

૩. સાકર તેાલેા ૦॥ અને સેાનામુખી તેાલેા ૦॥ એકત્ર કરી દરરેાજ સવારે તથા સાંજે સૂતી વખતે ફાકી મારવાથી શક્તિ વધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. સોનામુખી તોલો ૦॥ મધ સાથે ચાટવાથી ધાતુપુષ્ટિ થાય છે અને પુરુષાર્થ આવે છે.

૫. મીંઢીઆવળ તોલો ૦॥ આદુના રસ સાથે લેવાથી તાવ, વાયુ, પિત્ત એને કફથી ઉત્પન્ન થતા જ્વર પણ શાંત થાય છે. આ દવા પંદર દિવસ ચાલુ રાખવાથી તાવ જઈ શક્તિ આવે છે.

૬. સોનામુખી બકરીના દૂધ સાથે પીવાથી કમળો મટે છે.

૭. સોનામુખી તોલો ૧ અને સંચળ વાલ ૧ મેળવી ગરમ પાણી સાથે પીવાથી દસ્ત સાફ આવે છે, જીર્ણજ્વર મટે છે.

૮. સોનામુખી તોલો ૦॥ ગાયની છાશ સાથે પીવાથી ધાતુ બંધ થાય છે.

૯. મીંઢીઆવળ તોલો ૦॥, ભૂરું કોળું તોલો ૦॥ બંને ઠંડા પાણીમાં પીવાથી સર્વ પ્રકારનો પ્રમેહ મટે છે.

૧૦. સોનામુખી તોલો ૦॥ મરી સાથે ખાવાથી પેટમાં દુખતું મટે છે અને ઠંડા પાણીમાં પીવાથી ચૂંક વગેરે મટે છે.

૧૧. ગોખરુ અને સોનામુખી બંને સરખે ભાગે લઇ વસ્ત્રગાળ કરી મધ તોલો ૧ સાથે ચાટવાથી જેને કોઠે રતવા હોય તે સ્ત્રીએ સેવન કરવાથી ગરમી શાંત થાય છે તથા રતવા મટે છે. આ ઉપર લખેલા સોનામુખીના પ્રયોગો શરૂ કરતાં તેલ, ખટાશ, મરચું વગેરે બંધ કરવું.

૧૨. **પતાસામાં વડનું દૂધ:**–સવારમાં પતાસામાં કાણું પાડી વડનું દૂધ ભરી ચૌદ દિવસ ખાય તો ધાતુપુષ્ટિ થાય છે.

૧૩. ખાખરાનો ગુંદર વાટી વસ્ત્રગાળ કરી ગોળમાં ચણા-પૂરની ગોળી વાળી સવારસાંજ બબ્બે ગોળી ખાઈ, ઉપરથી ગાયનું દૂધ ગરમ કરેલું શેર ૧ સાકર નાખી પીવાથી ધાતુ બંધ થાય છે, પુરુષાર્થ આવે છે અને શરીરમાં શક્તિ આવે છે. પથ્ય પાળવું.

—વૈદ્ય રામકૃષ્ણ હરિકૃષ્ણ શાસ્ત્રી–ભુવાલડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. સારસાપરીલાઃ-(લોહી સુધારવા માટે) ઉસબો તોલા ૮, મજીઠ તોલા ૪, વરિયાળિ તોલા ૨, ઉનાબદાણા નંગ ૨૫, સીપસ્તાન દાણા નંગ ૨૫, હંસરાજ તોલો ૧ અને ગળજીભી તોલો ૧ સર્વને એકત્ર કરી અધકચરાં ખાંડી, તેના ૧૬ ભાગ કરી તેમાંથી એક ભાગ લઇ ૦।।। શેર પાણીમાં ઉકાળી નવટાંક પાણી અવશેષ રાખી ગાળી સાકર નાખી પી જવું. જો શરબત કરવું હોય તો પ્રથમ સર્વને અધકચરાં ખાંડી સોળગણું પાણી મૂકી ઉકાળો કરવો. જ્યારે એક અષ્ટમાંશ પાણી બાકી રહે, ત્યારે તેને કપડે ગાળી ૨૦ તોલા સાકર નાખી શરબત જેવી ચાસણી કરી એક ચમચો સવારે અને એક ચમચો સાંજે થોડા પાણીમાં મેળવી પીવું, જેથી લોહી સાફ થઈ લોહીવિકારથી થતા વ્યાધિઓ મટે છે.

૨. ગળજીભીનો રસ તોલો ૦ા અને બ્રાહ્મીનો રસ તોલો ૦ા મધ મેળવી પીવાથી લોહી સુધરે છે.

—વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ-સુરત

૧. પ્લેગઃ-પ્લેગમાં તાવ વધુ હોવાથી દરદી પ્રથમથીજ બેભાન થાય છે, કેટલીક વખત માત્ર તાવજ જોવામાં આવે છે, ગાંઠ બહાર દેખાતી નથી. કેટલાક કેસોમાં પ્રથમ તાવ આવ્યો કે આંખ લાલ થઈ જાય છે, કેટલાકમાં ત્રિદોષનાં ચિહ્નો જણાય છે. દરેકમાં સન્નિપાતનાં જુદાં જુદાં ઓછાંવધતાં ચિહ્નો જણાય છે. આ રોગને પાશ્ચિમાત્ય વૈદ્યક ઝેરી જંતુથી ઉત્પન્ન થયેલ ગણે છે. દરદી બેભાન હોય અને ગાંઠ બહાર માલૂમ પડતી ન હોય, તાવ ૧૦૪-૧૦૫ ડિગ્રી હોય, તો માણેકરસ ચણોઠીભાર પ્રવાલભસ્મ વાલ ૦।, લઘુવસંતમાલતિ ગોળી નં. ૨ તથા કડવી નાઈનું ચૂર્ણ વાલ ૦। થી ૦।। મેળવી દરદ તથા દરદીનું બળાબળ જોઇ વિચાર કરી, તુલસી, લીલી હળદર, કુદીનાના અનુપાનમાં અથવા તુલસી, હળદર સાથે આપવાથી તાવ ઊતરે છે, લવારો બંધ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, ગાંઠ બહાર નીકળી આવે છે અને શુદ્ધિ આવે છે; એટલું જ નહિ, પરંતુ આજ દવાથી તે દરદી પ્રભુકૃપાથી સારો થાય છે. કોઇ દરદીને પરસેવો સાધારણ થાય છે, કોઇને એકાદ ઝાડો થાય છે, કોઇને પેશાબ થાય છે અને ત્રણથી ચાર કલાકમાં તાવ એકાદ ડિગ્રી બસી દરદી શુદ્ધિમાં આવે છે. જે પ્લેગના દરદીને ઝાડો–ઊલટી વિશેષ હોય અથવા જેને બલગમમાં લોહી પડતું હોય અથવા જેને ગળામાં સોજો આવ્યો હોય, એ પ્રમાણેના આ ત્રણ પ્રકારના પ્લેગમાં ફાયદો થયો નથી. બાકીના ફોલ્લાવાળા પ્લેગના કેસમાં પણ આ દવા મારા અનુભમાં સારી નીવડેલી છે. માણેકરસ તથા નાઇથી ઝાડા થવા સંભવ છે, માટે કોઇને વધુ ઝાડા થાય તો માણેકરસનું વજન કમી કરી નાઇને બદલે જરા ઝેરકચૂરો મેળવી આપવો. પણ જ્યાં સુધી એકથી વધુ ઝાડો થાય નહિ ત્યાં સુધી લાંબો સમય આ દવા ચાલુ રાખવાથી ઘણા દરદી સારા થયા છે. દરદીને અનાજ આપવું નહિ. પ્લેગમાં ગાંઠ શરીરની અંદર ન રહેતાં આ દવાથી જલદી બહાર નીકળે છે. આ દવાથી જો સન્નિપાત નહિ બેસે તો કવતરીનું પાતરું અડધું લઇ ઝીણા ટુકડા કરી ૧॥ શેર પાણીમાં ઉકાળી નવટાંક પાણી અવશેષ રાખી ગાળી પાઇ દેવું, જેથી બે કલાકના અંતર સુધીમાં પેશાબ થઇ લવારો બંધ થાય છે. પ્લેગમાં તુલસી એ જંતુનાશક છે. તુલસી માટે અકાલ મૃત્યુ હરણં સર્વ વ્યાધિ વિનાશનમ્ એવું શાસ્ત્રમાં કહેલ છે. હળદર લોહીને શુદ્ધ કરે છે એમ સમજી આપું છું.

૨. **ઉપદંશ પ્રમેહઃ**–ઉમરડો જૂનો હોય અને પાણી નજીકની જગ્યાનો હોય, એવા ઉમરડાની બાજુએ ઊંડો આડો ખોદી ઉમરડાનું સીધું મૂળ જમીનમાં ઊતરેલું હોય તે શોધી કાઢવું. આજુબાજુનાં આડકતરાં મૂળિયાં લેવાં નહિ. એક મથોડાપૂર સીધો આડો ખોદવો જોઇએ ને સીધું મૂળ શોધી કાઢી મરોડું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાફ કરી કાપી નાખવું અને તેની નીચે માટીનું વાસણ મૂકી (વાસણમાં મૂળ રાખવું) વાસણનું મોં બરાબર બંધ કરી બાડાને પણ સાધારણ પૂરી દેવો. આ પ્રમાણે આઠ દિવસ રહેશે એટલે વાસણ પાણીથી ભરાઇ જશે. આ પાણી ૦।। થી ૧ તોલા સુધી પાવું. ગરમીનાં દરદો, ટાંકી, પ્રમેહ વગેરેને કોઈ પણ દવા અસર નહિ કરતી હોય, ત્યાં આ દવા આપવાથી તમામ વ્યાધિને મટાડે છે. ગરમી પછીના કોઈ પણ દરદને આ દવા મટાડે છે અને શરીરને નિરોગી બનાવે છે. સૂચનાઃ–માટલું મૂકી મોઢું બરોબર બંધ કરવામાં નહિ આવે તો અંદર આવેલું પાણી સાપ પી જાય છે, માટે બાડો બરોબર બંધ કરવો. આ પાણી ગમે તેટલો વખત રાખવાથી પણ બગડતું નથી.

૩. હિક્કાઃ–ગાંજાને ગરમ પાણીથી ખૂબ ધોવો. જ્યાં સુધી લીલું પાણી માલૂમ પડે ત્યાં સુધી ધોઈ બરલમાં બારીક વાટી ગોળમાં વટાણા જેવડી ગોળી વાળી એક અશ્વવા બે ગોળી બરાબર જોઇ આપવાથી હેડકી તુરત બેસી જાય છે. આ ગોળી બાધા પછી દરદીના મગજમાં સહેજ ખુમારી રહેશે, પરંતુ હેડકી બેસી જશે. હેડકી બેઠા પછી ગોળી આપવી નહિ.

૪. કાંટાંસરિયાનું મૂળઃ–કાંટાસરિયાનું મૂળ લઈ તેલનો ધૂપ દઇ બાંધવાથી ઢોરને કોઇ પણ ભાગમાં જંતુ પડ્યાં હોય તે બરી જાય છે, પણ તે દિવસે એક જુવારનો રોટલો તેલ ચોપડી કૂતરાને નાખવો. દાંતમાં જંતુ કરડતાં હોય તો કાંટાસરિયાનાં પાતરાં ઘૂંટી દાંતમાં દાબવાથી જંતુ નીકળી જઇ કરડ મટે છે.

૫. એકાંતરિયા તાવવાળાનેઃ–કાંટાસરિયાનું મૂળ બાંધવાથી તાવ અટકે છે. ચોમાસામાં જેનાં આંગળાં કોહી જતાં હોય, તેણે કાંટાસરિયાનાં પાનનો રસ કાઢી, ચોપડવાથી તે મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. ભગંદરઃ-ભગંદરવાળાને બાવચી, કાળા તલ અને દિવેલાનાં પાન એ ત્રણેને ઝીણાં વાટવાં અને બકરીનું દૂધ નાખી ઘૂંટવું. બારીક મલમ જેવું થાય એટલે ભગંદર ઉપર મૂકવું. અને દરરોજ કેસરાદિ ગુટિકા લઘુમંજીષ્ઠાદિ કવાથ સાથે દિવસમાં બે વખત ખાવાથી સારું થાય છે.

૭. ઉમરડોઃ-ઉમરડાનું દૂધ બોચીએ લગાવી ઉપર રૂનું પોલ મૂકવું. જેથી લવારો બંધ થાય છે અને સન્નિપાતમાં ફાયદો થાય છે. ઉમરડાનું દૂધ તોલો ૦॥ તથા મધ તોલો ૦॥ મેળવી સવારે ચાટવાથી શક્તિ વધે છે અને ખાંસીને બેસાડે છે.

—વૈદ્ય નારુશંકર હરગોવિંદ અધ્વર્યુ-બારડોલી

ગરમી કાઢવાનો જુલાબઃ-મજીઠ, ઉનાબ, ગુલેગાવજબાન, સાથરા, કાળી દ્રાક્ષ, સોનામુખી, હીંમજ અને ગુલાબનાં ફૂલ, એ સર્વ સમભાગે લઇ ચૂર્ણ કરી રાત્રે તોલો ૦॥ ફાકવાથી ગમે તેવી ગરમીનો નાશ થાય છે.

—મારતર કેશવલાલ હરિશંકર ભટ્ટ-કાપોદ્રા

બેશુદ્ધિ માટેઃ-જો કોઇ માણસ ઘૂમ મારી ગયો હોય યાને બેશુદ્ધ થઇ ગયો હોય તો અરીઠાંનું પાણી કરી તે પાણીના નાકમાં ટીપાં મૂકવાથી શુદ્ધિ આવે છે.

—સાધુ ગંગાદાસજી સેવાદાસજી-સુરત

સરળ જુલાબઃ-ગરણીનાં બીજ ૧ થી ૭ સુધી ફોડીને ગાળવાથી ઝાડો સાફ આવે છે. એટલુંજ નહિ પણ બીજા જુલાબથી જેમ ઝાડા જોડે પાણી એટલે પિત્ત નીકળી જઇને કફનો ઉપદ્રવ થઇ જાય છે, તેમ આ જુલાબમાં ઝાડા સાથે પાણી પિત્ત નીકળી જતું નથી એ મોટો લાભ છે.

—વૈદ્ય ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી-સુરત

૧. ઘી ઘસોઃ-આ વિષયનું મથાળું વાંચીનેજ કેટલાક તેને વાંચવાનું છોડી દે એવો સંભવ છે. આથી આ વિષય વિષે લખતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં વાંચનારને હું ખાસ ભલામણ કરું છું કે, તેમણે આ વિષયને નજીવો ગણવો નહિ. બીજા કોઇ પણ ઉપાય જ્યાં કામ કરી શકે એવું ન હોય, ત્યાં આ સાદા પ્રયોગથી માણસનો જીવ બચાવી શકાય છે. બીજા સેંકડો ઉપાયોથી નહિ મટેલાં દરદો આ પ્રયોગથી મટાડી શકાય છે. અને બીજા કોઇ પણ ઔષધથી નહિ મટતી પીડા આ પ્રયોગ વડે તત્કાળ મટાડી શકાય છે. માટે આ પ્રયોગને નજીવો ગણીને તેના તરફ દુર્લક્ષ કરવું નહિ.

૨. ઝેરઃ–ધંતૂરો, ઝેર કોચલું અને બીજાં જે જે વિષ જ્ઞાનતંતુઓને ઉશ્કેરીને ખેંચતાણ અને મૂર્છા ઉત્પન્ન કરે છે, તેવાં ઝેર માથે ઘી ઘસવાથી તત્કાળ શમી જાય છે. તાળવે, કપાળે અને લમણે ભાર દઇને ઘી ઘસવાની સાથે તરતજ જ્ઞાનતંતુઓ શાંત થાય છે અને ઝેર ઉતારતાં દવા લોહીમાં મળે અને જ્ઞાનતંતુઓ ઉપર અસર કરે એને માટે ઘણો વખત જોઇએ. ઝેરની અસર તીવ્ર હોય તો એવી રીતે લીધેલો વખત દર્દીને પ્રાણઘાતક થાય. પરંતુ ઘી ઘસવાથી તરતજ અસર થાય છે. ધંતૂરાના ઝેર ઉપર અને ઝેરકોચલાના ઝેર ઉપર મેં પોતે આ પ્રયોગ અજમાવેલો છે.

૩. માથાનો દુખાવોઃ–માથું દુખવાનું કારણ ગમે તે હોય, પણ એવાં સર્વ કારણોનું કાર્ય મગજની નસોની નબળાઈ એ કારણ જરૂર હોવું જોઇએ. ઘી ઘસવાથી આ કારણ તરત દૂર થાય છે. બદામ વગેરે મગજને પુષ્ટિ આપનાર પદાર્થો ગમે તેટલા ખાઓ પણ તે ખાવાથી કાંઈ તરત મગજને પુષ્ટિ મળતી નથી; લાંબો વખત સેવન કરવામાં આવે તોજ તેની પૌષ્ટિક અસરો થાય. ઘી ઘસવાથી અસર થવાને એક પળનો પણ વિલંબ લાગશે નહિ. જરા ભાર દઇને લમણે, તાળવે, કપાળે ઘસ્યું કે તરત માથાની પીડા નરમ પડશે. ચાર આનીભાર ઘી ઘસવાથી જે અસર થશે તે કદાચ ચાર શેર ઘી ખાવાથી પણ થશે કે કેમ તે કહી શકાતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. ઘી ઘસતાંની સાથે તરતજ નસો બળવાન થાય છે ને દુખાવો નરમ પડે છે. જેને માથાનો વ્યાધિ હોય અથવા જેનું મગજ બાલી પડી ગયું હોય, જે જાગતાં, ઊંઘતાં વારંવાર વિચારો પર ચડી જતા હોય અને શાંત નિદ્રા આવતી ન હોય, જેને આદા-શીશી, તમ્મર, આંખનું બળવું, આંખની લાલાશ, ઝાંખ અને ઝામર વગેરે વ્યાધિ દુઃખ દેતા હોય તેઓ જો સવારસાંજ માથે ઘી ઘસવાનો મહાવરો રાખે તો તેમની પીડા અવશ્ય દૂર થશે. મેં મારી જાત ઉપર અને અનેક દર્દી ઉપર આ પ્રયોગ અનુભવ્યો છે. આ પ્રયોગથી રતાંધળાપણું દૂર થાય અને આંખનું તેજ વધે છે.

૪. બળતરાઃ-થોરિયા, બરસાણીનું દૂધ કે મરચાં વગેરે દાહક પદાર્થો આંખમાં પડવાથી જે બળતરા થાય છે તે તેમજ નાક તથા ગુહ્ય અવયવો પર કૌવચ કે બીજે કોઇ પણ દાહક પદાર્થ અડવાથી જે વેદના થાય છે તે ઘી ઘસવાથી તરત શાંત થાય છે. આંખની બળતરામાં આંખમાં ઘીનાં ટીપાં મૂકવાં અને નાક કે મગજની બળતરામાં ઘીનાં ટીપાં મૂકવાથી તત્કાળ વેદના શાંત થાય છે. કેટલાક અવયવો પર ઘીને બદલે તેલ ઘસવું વધારે ફાયદાકારક થાય છે. કેમકે ગ્રંથકારોએ घृतादूरा गुणं तैलं अभ्यंगे नतु भोजने। તેલ ચોળવાના ઘણા ફાયદા વર્ણવ્યા છે. જેથી વિષથી શ્વાસનલિકા મૂર્છિત થઈ જાય અને ગળાના કાકડા બેસી જાય તેવા વિષના નિવારણ માટે ઘી પાવું જોઈએ. એકસામટું નહિ, પણ થોડી થોડી વારે વારંવાર પાયા કરવાથી શ્વાસનલિકા સુંવાળી રહે છે. વારંવાર પાવું એ ઘસવા કે ચોપડવા જેવુંજ છે.

—વૈદ્ય મણિલાલ બકોરભાઇ વ્યાસ-હરિપુરા

સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાર્મિક સંસ્થાના વૈદ્ય-ડૉક્ટરોને

તમે પોતે ધર્માદા દવાખાના (ઔષધાલય)માં મુખ્ય ડૉક્ટર કે વૈદ્ય હો, તો સમાજની દૃષ્ટિએ તમારા જેવો કોઈ બીજો ભાગ્યશાળી નથી, કે જ્યાં તમારી પાસે હજારો ગરીબ રોગીઓ આવીને આરોગ્ય મેળવે છે, રોગથી મુક્ત બને છે, હજારો આશીર્વાદ આપતા જાય છે અને હમેશાં આપતા રહે છે.

તમને તમારી મહેનતનો બદલો મ્યુનિસિપાલિટી તરફથી મળતી ગ્રાંટમાંથી કે દવાખાનાંઓનાં ફંડમાંથી કે માલિકો તરફથી મળે છે; એટલે તમે રોગીઓ તરફથી લાભ મેળવવાની આશા ન રાખો એ જ સ્વાભાવિક છે.

પૂરતો બદલો મળવા છતાં પણ વધારામાં દુઃખીઓ પાસેથી દ્રવ્ય પડાવવાની તજવીજ કોઇ પણ ઉપચારક કરે, તો તે ઉપચારક માટે, સંસ્થા માટે કે સંસ્થાના લાભ લેનારાઓ માટે ધારવા કરતાં પણ વધુ ભયંકર છે. આ બાબત કોઇ પણ સંસ્થાના ઉપચારકે એકથી વધુ વખત વિચારવા જેવી છે.

ઉપચારક ધાર્મિક દવાખાનાનો મુખ્ય હેતુ જાળવવા બંધાયેલ છે, જવાબદાર છે, છતાં જો તે પોતાની જવાબદારીનું ભાન ભૂલે તો તેની પાસેથી ગરીબ રોગીઓ શું વધારે આશા રાખી શકે?

આનંદી સ્વભાવના ઉપચારકે મધુર શબ્દોવડે આશ્વાસન આપવાથી, હિંમત આપવાથી અને ગરીબ-શ્રીમંતનો ભેદ ભૂલીને સારવાર કરવાથી, રોગી રોગમુક્ત બને છે. એ જ નિયમને અનુસરી તમે ધારો તો આજથી જ મહાન સેવાભાવી ઉપચારક તરીકે જાહેર થઇ શકો છો. નોંધી રાખો કે, ગરીબોની સેવામાં તમારો વિજય છે.

("વૈદક સંબંધી વિચારો" ભાગ-૧લામાંથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar